# શ્રીભગવતી સૂત્ર

## વ્યાખ્યાન સંગ્રહ

[ભાગ-૩: અંશ-૨]



વ્યાખ્યાનકાર:

પૂ. આચાર્ય શ્રીવિજયલબ્ધિસૂરીશ્વરજી

મહારાજ

॥ जयउ सव्वण्णु सासणं ॥

॥ ॐ ह्रीँ श्रीँ धरणेन्द्र-पद्मावती-पूजिताय

शंखेश्वर-पार्श्वनाथाय-नमः ॥

॥ आत्म-कमल-लब्धिसूरीश्वर सद्गुरुभ्यो नमः ॥

# ભગવતી સૂત્રના વ્યાખ્યાનો

## [ ભાગ-૩ : અંશ-૨ ]

## ( સિદ્ધપદ-વિવેચન )

**મૂલગ્રંથ :-**

પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્ર,

**ગ્રંથકર્તા :-**

ગણધર સુધર્માસ્વામીજી.

**ટીકાકાર :-**

નવાંગી ટીકાકાર પૂ. આ. દેવ અભયદેવસૂરીશ્વરજી મ.

**વ્યાખ્યાતા :-**

પૂ. આ. દેવ લબ્ધિસૂરીશ્વરજી મ.

**અવતરણકાર :-**

પૂ. પં. વિક્રમવિજયજી મ.

(તીર્થપ્રભાવક પૂ. આ. દેવ વિક્રમસૂરીશ્વરજી મ.)

**સંપાદક :-**

તીર્થપ્રભાવક પૂ. આ. દેવ વિક્રમસૂરીશ્વરજી મ.ના શિષ્ય

મુનિ રાજયશવિજયજી મ.

# ભગવતી સૂત્રના વ્યાખ્યાનો

[ ભાગ-૩ : અંશ ૨ ]

( સિધ્ધપદ વિવેચન )

**સંપૂર્ણ પ્રકાશન વ્યયકર્તા :-**
કેનિંગ સ્ટ્રીટ જૈન સંઘ
જ્ઞાનખાતું,
હ: વૃજલાલભાઈ,

卐

**પ્રાપ્ત રકમ :**
રૂા. ૧૦,૦૦૦
(દશ હજાર)

卐

**પ્રકાશક :-**
લબ્ધિસૂરીશ્વરજી સ્મારક-
સંસ્કૃતિ કેન્દ્ર,
બીરલા મેન્શન,
પ્રાર્થના સમાજ,
મુંબઈ-૨

卐

**મુદ્રણ સ્થાન :-**
શ્રી લબ્ધિ પ્રિન્ટર્સ,
ધજાગરાવાળી શેરી,
ફાનસવાળો ડેલો,
કણબીવાડ,
ભાવનગર ( ગુજરાત )

**પ્રાપ્તિસ્થાન :-**

૧. રાજેન્દ્ર એ. દલાલ
૪૦/૩, રામ ગોપાલ પેઠ,
સીકંદરાબાદ ( એ. પી. )

૨. મફતલાલ મોહનલાલ
૧૬, નેપીયન રોડ,
ગાઈડ-૬, મુંબઈ-૬.

૩. રમેશ સી. શાહ
૧૭-૯૯, વિજયનગર
કોલોની, ગુજરાત હાઉસીંગ
બોર્ડ, નવા વાડજ,
અમદાવાદ-૧૩.

૪. શ્રી ભુરાલાલભાઈ,
સરસ્વતી પુસ્તક ભંડાર,
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૧

卐

**મૂલ્ય :-**
વિનામૂલ્યે
ભેટ તરીકે.

# પ્રકાશકીય

'લબ્ધિસૂરીશ્વરજી સ્મારક સંસ્કૃતિ કેન્દ્ર' દિન-પ્રતિદિન પોતાના પથ પર આગેકૂચ કરે છે. પૂજ્યવર્ગની અસીમ કૃપા આ સંસ્થાના કાર્યને અનેરું પ્રોત્સાહન આપી રહેલ છે.

છેલ્લા વર્ષમાંનું આ છઠ્ઠું પુસ્તક છે. તાજેતરમાં જ જૈનધર્મની રૂપરેખા, યાત્રાસંઘ, લબ્ધિ-વિક્રમ-પુંજ, સાધ્વી શ્રી સંઘયશા-જીવન-કવન, વિક્રમ-ભક્તિ-સરિતા, પ્રસિદ્ધ થયેલ છે અને તેથી આ પુસ્તક પ્રસ્તુત સંસ્થા તરફથી ૩૮માં પુસ્તક તરીકે પ્રસિદ્ધ થશે.

'૫૩૨' પાનાનો આ વિશાળ ગ્રંથ છપાવવાનો અને તે માટેનો તમામ ખર્ચ થાય તેનો લાભ વયોવૃદ્ધ પૂ. આચાર્યદેવ જયંતસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી કેનિંગ સ્ટ્રીટના જ્ઞાન ખાતા તરફથી લેવાયેલો છે. તીર્થપ્રભાવક પૂ. આચાર્યદેવે ૯૬, કેનિંગ સ્ટ્રીટના ચાતુર્માસ દરમ્યાન શ્રી ભગવતીજી સૂત્રનું વાંચન કર્યું હતું. આ વાંચનથી પ્રભાવિત થયેલ અને સુંદર રીતે શ્રી ભગવતીજી સૂત્રનું વાંચન કરાવનાર શ્રી વજુભાઇને પણ ભગવતીજી જેવા મહાસૂત્રને આશ્રયીને થયેલા વ્યાખ્યાનો પ્રસિદ્ધ થાય તેવી ઈચ્છા થાય તે સ્વાભાવિક

છે, તેથી તેમની વિશેષ પ્રેરણાથી કેનિંગ સ્ટ્રીટના વહીવટદારોએ જ્ઞાનખાતાની રૂા. ૧૦,૦૦૦ની સુંદર રકમથી લાભ લીધો છે. એ માટે તેઓનો હું આભાર માનું છું

'અરિહંત પદ વિવેચનન'ના વ્યાખ્યાનોની પૂજ્ય સાધુભગવંતો તરફથી અવારનવાર માંગ હજી પણ આવ્યા કરે છે તેથી સમજાય છે કે તત્ત્વરસિયા લોકોમાં વિશાળ વિવેચનવાળો ગ્રંથ પણ અવશ્ય પ્રિય થઇ પડશે.

હજી પણ ભગવતીજી સૂત્રના બાકીના વ્યાખ્યાનો જલ્દી પ્રસિદ્ધ થાય તેવી તીર્થપ્રભાવક પૂ. ગુરૂદેવ વિજય-વિક્રમસૂરીશ્વરજી મહારાજીને પ્રાર્થના છે. તેમના વિદ્વાન્ પૂ. સાધુ-સાધ્વીજી મહારાજાઓ આવા કાર્યમાં રત રહી અવશ્ય શીઘ્રતાથી કાર્ય પૂર્ણ કરે.

—કસ્તુરચંદ ઝવેરી

卐

# પ્રાસ્તાવિકમ્

ભગવતી સૂત્રના 'નમો અરિહંતાણું'ના વિવેચનરૂપ ભાગ–૩ અંશ–૧ મુદ્રિત થઈ ગયો છે જેનું અનેક ભાવિકોએ તેનું વાંચન મનન કરી આત્માને પરમાત્મા બનાવવા માટે પ્રયત્નશીલ બન્યા છે. હવે આ પ્રસ્તુત 'નમો સિદ્ધાણું'નો વિવેચનાત્મક ગ્રંથ મુદ્રિંત થઇ ચૂક્યો છે.

આ વિવેચનમાં વ્યાખ્યાતા પૂ. ગુરુદેવે ટીકાકાર શ્રી **અભયદેવસૂરીશ્વરજી મહારાજ**ની વૃત્તિના આધારે 'નમો સિદ્ધાણું'ના જેટલા અર્થ થાય છે તેટલા અર્થોની સુવાચ્ય વિશદ વિવેચના કરવામાં આવી છે. આની સાથે સાથે અનેક મતવાદિઓના મતોનું યુક્તિપુરસ્સર નિરસન કરવામાં આવ્યું છે. બીજા અનેક પદાર્થોનું રહસ્ય ખોલવામાં આવ્યું છે. આ બધું વાંચનથી આપણુને સ્પષ્ટ દેખાઇ આવશે. વ્યાખ્યાતા સૂરીશ્વરજી મ.નું શાસ્ત્રદોહન કેટલું વિશાળ અને તલસ્પર્શી હતું તે માટે વિદ્વાન્ વાંચકોને કશું જ કહેવાનું રહેતું નથી! નાસ્તિકવાદ, મોક્ષવાદ, કર્મવાદ આદિ અનેક વાદોનું નિરૂપમ વર્ણન કરવામાં આવ્યું છે. તેમજ લોકામાનસથી સ્વભાવિક ઉઠતો પ્રશ્ન "મોક્ષમાં સુખ શું" તેનો જવાબ એટલા બધા વિવિધ પાસાનો ખ્યાલ કરીને આપવામાં આવ્યો છે કે સામાન્ય વાંચકને મોક્ષનું સુખ સાક્ષાત્ થતું લાગે!

અને વિદ્વાન વ્યાખ્યાતાઓને આ શાસ્ત્રીય પદાર્થ મહિનાઓ સુધી વ્યાખ્યાનમાં છણી શકે તેવી સામગ્રી પ્રાપ્ત થાય તેમ છે. કેવલિસમુદ્‌ઘાત તથા અસ્પૃશદ્‌ગતિ વગેરે આગમિક વિષયોનો સુંદર વિચાર કરવામાં આવ્યો છે. જેમ રસમય દૃષ્ટાંતો સ્થાને સ્થાને છે તેમ ગોશાલકના ત્રિરાશિકમતનું મોક્ષમાર્ગ માટેના વિવિધ રસ્તાનું તેમજ ભાસર્વજ્ઞી અને દયાનંદજી જેવાના મતનું જે વર્ણન અહીં કરવામાં આવ્યું છે. તે મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે અન્યત્ર દુર્લભ છે. જ્યારે આ બધા વિવેચનો શ્રોતાઓ સાંભળતા હતા ત્યારે તેમાં તલ્લીન બની જતાં તેમાંનો હું પણ એક છું.

પૂજ્ય ગુરુદેવની એ એક અજબ શકિત હતી કે અઘરામાં અઘરા વિષયને પણ સરળ બનાવી દેતા, આથી જ એમના વ્યાખ્યાનોના ગ્રંથો સર્વગ્રાહ્ય બન્યા છે.

આનું સંપાદન વિદ્વાન પ્રસિદ્ધવક્તા મુનિરાજ શ્રી રાજયશવિજયજીએ પોતાને સમય ન મળતો હોવા છતાં સમય આપીને પૂ. ગુરુદેવના હૃદયંગમ ભાવોને તેવા ને તેવા જ રાખી કર્યું છે.

હજી આગળ પૂ. ગુરુદેવના વ્યાખ્યાનોનો સંગ્રહ છપાવવા માટે હું આશા રાખું છું તે આશા પૂ. ગુરુદેવની પરમકૃપાથી સફળ થાય તેવી ઇચ્છા રાખીને વિરમું છું.

દઃ વિક્રમસૂરિ.

૨૧-૧-૭૬ સાબરમતી-અમદાવાદ.

# સંપાદકીય

વયોવૃદ્ધ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયજયંતસૂરીશ્વરજી મ. સા.ની શીળી છાંય અને પ્રતિદિન પ્રવૃદ્ધપ્રભાવી, નિત્ય ભક્તામર સ્તોત્રપાઠી, વાત્સલ્યગંગા સમા તીર્થપ્રભાવક પૂ. ગુરૂદેવ શ્રીમદ્ વિજયવિક્રમસૂરીશ્વરજી મ. સા.ની પાવન ગોદમાં યથાશકય સંયમઆરાધના કરવાનો આનંદ કોઈ અનેરો જ છે.

શાસનસંનિષ્ઠ પૂજ્યો એ જ ઇચ્છી રહ્યા છે કે પરમ-તારક જૈનરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ, કવિકુલકિરીટ પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાએ આપેલ અમર વારસો પોતે સફળ કરે....શિષ્ય–શિષ્યાગણમાં આકંઠ તેનું સિંચન થાય અને વર્તમાન જગતને આ અલખના અવધૂતનો પરિચય તેમના સાહિત્ય દ્વારા પણ સતત મળ્યા કરે !

મારા પૂજ્ય ગુરૂદેવનું એક પણ વ્યાખ્યાન એવું ભાગ્યે જ હશે કે જેમાં તેઓએ દેશના આપતા....'આ તો મેં મારા ગુરૂના મુખેથી સાંભળ્યું છે. પછી શાસ્ત્રમાં વાંચ્યું, પણ....સંસ્કાર વાંચવાથી નથી પડ્યો મને તો મારા ગુરુના મુખે સાંભળવાથી જ યાદ છે.." આ વાકય ન કહ્યું હોય અને આ વાકય બોલતા પૂ. ગુરૂદેવનો આત્મા જે નમ્રતા

અનુભવે છે....જે સરલતાના ભાનમાં મસ્ત થાય છે તે દ્રશ્ય દર્શનીય હોય છે. અને પ્રત્યેક આત્મા માટે આ ભાવ અનુમોદનીય અને અનુકરણીય પણ હોય છે.

આવા વાત્સલ્યમય સરલ અને "જૈનં જયતિ શાસનમ્"નો જયનાદ ગુંજવતા પૂજ્ય ગુરૂદેવની નિશ્રામાં પુણ્યયોગે શાસનની સેવામાં સહાયક થવાનું યત્કિંચિત્ ભાગ્ય મળે જ તેથી અને કાર્યવ્યગ્રતાને કારણે આજે 'સિદ્ધપદ વિવેચન'નું સંપાદનકાર્ય પાંચ વર્ષ બાદ પૂર્ણ થાય છે. કાર્યવ્યગ્રતાની વાત સાચી હોય તો પણ આ વિશાળ કાર્ય માટે હવે પ્રમાદ ખંખેરીને બાકી રહેલ શ્રી ભગવતીજી સૂત્રના વ્યાખ્યાનના સંપાદનકાર્યને શીઘ્રતાથી પરિપૂર્ણ કરવું છે. ગુરૂકૃપા અનુકૂળ સંયોગો પ્રદાન કરશે જ એ વાત નિઃશંક છે.

સંપાદનકાર્ય અંગે 'અરિહંતપદ વિવેચન'માં પણ ખુલાસો કરેલ છે કે આ આખા ય પુસ્તકમાં જે શ્રેષ્ઠ છે.... મનનીય છે....આચરણીય છે તે પૂજ્ય જૈનરત્ન વ્યાખ્યાન-વાચસ્પતિ સ્વ. પૂ. આચાર્યદેવનું છે અને કંઈક સ્ખલના હોય તો મારી મંદ બુદ્ધિના કારણે છે.

સંપાદનકાર્ય બાદ બનેલી પ્રેસ કોપી તીર્થપ્રભાવક પૂ. ગુરૂદેવે અતીવ વ્યગ્રતાના કાલમાં પણ વારંવાર જોયેલ છે. ફેરફાર કરવા માટે યોગ્ય સૂચનો પણ કરેલ છે અને અંતે તેમની જ મહનીય કૃપાથી આ કાર્ય આજે પૂર્ણ થયું છે.

ભવિષ્યમાં શીઘ્રતાથી આગળ વધાય એવા જ આશીર્વાદની અભ્યર્થના....

—રાજયશવિજય.
શેરીસા.

૫–૧–૭૬

# વિષયાનુક્રમણિકા


| | પૃષ્ઠ નં. |
|---|---|
| **નમો સિદ્ધાણું'નો પ્રથમ અર્થ** | ૫ |
| આત્મા | ૮ |
| નાસ્તિક આત્માને કેમ નથી માનતો ? | ૧૧ |
| * બૃહસ્પતિનું દૃષ્ટાંત | ૧૨ |
| આત્મસિદ્ધિ | ૨૧ |
| દેખાય તે માનવું કે હોય તે માનવું ! | ૨૨ |
| શું પ્રત્યક્ષ પ્રમાણ સાચું જ હોય છે ? | ૨૯ |
| ઘીના કુલ્લા કેવી રીતે પાછા મળ્યા ? | ,, |
| 'આત્મા'ની સિદ્ધિ માટે અનુમાન | ૪૧ |
| જાતિસ્મરણના દાખલા શું સિદ્ધ કરે છે ? | ૪૬ |
| યાદ કોને આવે ? સ્મરણ કોને થાય ? | ૪૭ |
| જાતિસ્મરણ જ્ઞાન એટલે શું ? | ૪૯ |
| થયેલું જાતિસ્મરણ ચાલી જાય તેનું દૃષ્ટાંત | ૫૪ |
| તરત જન્મેલ બાળકનું હાસ્ય અને રૂદન | ૫૯ |
| ગર્ભમાં રહેલા બાળકને પણ જ્ઞાન છે. | ૬૨ |
| ભૂતપ્રેતના નામે ઢોંગ | ૬૫ |
| આત્મા છે; છતાંય દેખાતો કેમ નથી ? | ૬૯ |
| જૈન દર્શનની દૃષ્ટિએ આત્મા યાને આત્માનું વાસ્તવિક સ્વરૂપ | ૭૩ |
| કર્મોની સિદ્ધિ | ૭૬ |
| * સીતાનું હરણ | ૭૭ |
| જગતની વિચિત્રતા અને વિવિધતા કોના કારણે ? | ૭૮ |
| શું આહાર વિહાર વિવિધતાનું કારણ છે ? | ૮૦ |

| | પૃષ્ઠ નં. |
|---|---|
| "શું બુધ્ધિ અને પરિશ્રમ ભાગ્યનું કારણ છે ?" | ૮૧ |
| નિષ્ફલ પ્રયત્ન | ૮૪ |
| વારસો કોને મલે ? | ૮૫ |
| "કર્મ કારણ છે જ" | ૮૫ |
| કર્મો વિષે જુદી જુદી માન્યતા | ૮૧ |
| જૈન શાસનમાં કર્મનો વિચાર | ૯૪ |
| કાર્મણ વર્ગણાના પરમાણુઓ કેટલા ? | ૯૬ |
| * સમજ વિનાની દલીલ માટે ઘાંચી અને વકીલ | ૧૦૦ |
| આઠ કરણો | ૧૦૨ |
| સંક્રમણ કરણ | ૧૦૪ |
| શું જૈનદર્શન કર્મવાદી છે ? | ૧૧૨ |
| * "ગગનદાસના હપ્તા જેવું નિકાચિત કર્મ" | ૧૨૦ |
| કર્મ અને આત્માનો સંબંધ | ૧૨૪ |
| આત્માને કર્મ લાગવાનું કારણ શું ? | ૧૨૪ |
| શું કર્મો ઈશ્વરે બનાવ્યા છે ? | |
| આત્મા અને કર્મ અનાદિના પણ તે બેનો સંબંધ ક્યારનો ? | ૧૩૪ |
| શું આત્માની જોડે ઈશ્વર ઇચ્છાથી કર્મો જોડાય છે ? | ૧૩૬ |
| * સ્યાદ્વાદની વિકલ્પ જાળ અને મહાવાદી મલ્લવાદીસૂરિજી | ૧૩૮ |
| આઠ પ્રકારના કર્મ એ શબ્દ શા માટે ? | ૧૪૩ |
| જાજ્વલ્યમાન શુકલધ્યાન | ૧૪૫ |
| ધ્યાન એટલે શું ? | ૧૪૭ |
| * "ધ્યાન અને મૌલવી સાહેબ" | ૧૪૮ |
| રૌદ્ર ધ્યાન | ૧૫૨ |
| ધર્મધ્યાન | ૧૫૫ |
| સંસ્થાન વિચય | ૧૫૭ |

| | પૃષ્ઠ નં. |
|---|---|
| "શુકલ ધ્યાન" | ૧૫૯ |
| * "મિયાંજીને નિમાઝ કયોં છોડ દી?" | ૧૬૧ |
| કર્મોથી ભિન્ન થયેલ આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ | ૧૬૮ |
| બૌધ્ધમતનું ખંડન | ૧૬૮ |
| બ્રહ્મવિલયવાદ અને તેનું ખંડન | ૧૭૨ |
| બ્રહ્મઅદ્વૈતવાદી | ૧૭૭ |
| પ્રથમ અર્થનો ઉપસંહાર | ૧૮૧ |
| એકમીંડાના ફેરફારથી ! | ૧૮૨ |
| **'નમો સિધ્ધાણં'નો દ્વિતીય અર્થ** | **૧૮૮** |
| પાછા કોણે ફરવું ન પડે? | ૧૮૮ |
| પાછું ફરવું એટલે શું ? | ૧૮૯ |
| પાછા જવાની ક્રિયા | ૧૯૧ |
| પાછા શામાટે ફરવું પડે ? | ૧૯૧ |
| શું આ મનુષ્યદેહરૂપી ઘર તમારૂં પોતાનું છે ? | ૧૯૨ |
| * મરેલાને જીવાડનારી રાખ | ૧૯૫ |
| પાછા ફરવું ન પડે તેવું સ્થાન એટલે મોક્ષ | ૧૯૯ |
| મોક્ષના સુખની સિદ્ધિ | ૨૦૩ |
| વિષયોમાં સુખ શબ્દનો પ્રયોગ | ૨૦૯ |
| * સુખ કયાંથી ? સુખી માણસનું પહેરણ | ૨૧૯ |
| વિષયનું સુખ એ દુઃખનો પ્રતિકારમાત્ર છે | ૨૨૩ |
| * ટાપીનું બ્રશ અને વિષયની ખણુજ | ૨૨૬ |
| * વિષયોની વિપરિણામિતા અને સુબુદ્ધિ મંત્રી | ૨૩૦ |
| હંમેશા ભૂખી ઇન્દ્રિયો | ૨૩૫ |
| ઇન્દ્રિયોની ભોગ શક્તિની મર્યાદા અને કટુફલો | ૨૩૮ |
| દુઃખના અભાવમાં સુખ શબ્દનો પ્રયોગ | ૨૪૯ |
| દુઃખનો અભાવ સુખ હોય તો તમે દુઃખી શાથી ? | ૨૫૨ |

| | પૃષ્ઠ નં. |
|---|---|
| "શિયાળનો સંતોષ એ છૂપો સંતાપ છે" | ૨૫૪ |
| નૈયાયિકની મૂર્ખતા | ૨૫૭ |
| પુણ્યોદયમાં સુખ શબ્દનો પ્રયોગ | ૨૫૯ |
| પુણ્યોદય પણ પરાધીન ! | ૨૬૧ |
| પુણ્યોદયની શાસ્ત્રીય વિચારણા | ૨૬૮ |
| સુખનો સ્વાદ તો પાપથી જ લેવાય ! | ૨૭૧ |
| "સંસારના સુખના ઉદ્યમો ઊંઘમાં પણ હેરાન કરે છે" | ૨૭૪ |
| સાચો મોક્ષાભિલાષી સંસારના સુખને દુઃખજ માને ! | ૨૭૭ |
| ભ્રાંતિ છોડો ક્રાંતિ કરો–શાંતિ મેળવો | ૨૭૮ |
| * મોક્ષમાં શું મળે ? હોકો મળે ? | ૨૭૯ |
| મોક્ષના સુખનું વર્ણન | ૨૮૦ |
| મોક્ષમાં જ્ઞાન હોવાથી અનંત સુખનો પ્રવાહ વહ્યાજ કરે છે | ૨૮૧ |
| * ભામતી ટીકાકાર ભટ્ટજીનો જ્ઞાનાનંદ | ૨૮૪ |
| મોક્ષમાં સ્વતંત્રતાનું પરમ સુખ છે | ૨૮૬ |
| ક્ષમા–દયા પરોપકારનું પરમ સુખ | ૨૯૦ |
| ઉપસર્ગો અને પરિષહો આંતરિક સુખના બળેજ જીતાય છે. | ૨૯૪ |
| વૈરાગ્યના સુખથી જ સંસારિક સુખો જીતાય છે. | ૨૯૭ |
| મહામુનિઓને અહીંજ મોક્ષ છે | ૩૦૦ |
| મોક્ષના સુખની તુલના હોય જ નહીં | ૩૦૨ |
| ક્ષયોપશમભાવના સરવાળા જેવું મોક્ષનું સુખ નથી | ૩૦૩ |
| ક્ષયોપશમભાવ રોજની કમાઈ–ક્ષાયિકભાવ અખૂટનિધિ | ૩૦૭ |
| પ્રશમના સુખ અને મોક્ષના સુખની સરખામણી | ૩૦૯ |
| પ્રશમનું સુખ | ૩૦૯ |
| મોક્ષનું સુખ | ૩૦૯ |
| મોક્ષનું સુખ અનુભવી શકાય, વર્ણવી ન શકાય. | ૩૧૧ |
| મોક્ષના સુખની સિદ્ધિ શાસ્ત્ર વચનથી | ૩૧૫ |

| | પૃષ્ઠ નં. |
|---|---|
| મોક્ષમાંથી આત્માઓ પાછા આવે છે | ૩૨૪ |
| દયાનંદજીના મતનું વિસ્તારથી ખંડન | ? |
| કલ્પના પણ મોહની જલ્પના છે | ૩૩૨ |
| સ્વશાસ્ત્રમાંજ પૂર્વાપર વિરોધ | ૩૩૫ |
| પ્રધ્વંસાભાવની સિધ્ધિ | ૩૪૩ |
| દયાનંદજી જવાબ ન આપી શકયા માટે માન્યતામાં ફેર કર્યો | ૩૪૭ |
| પહેલાં મોક્ષમાં ન ગયા હોઈએ તો મોક્ષમાં જવાની ઈચ્છા ન થાય | ૩૫૦ |
| 'દયાનંદ કુતર્કતિમિર તરણી'ની રચના | ૩૫૩ |
| આર્ય સમાજની ઉત્પત્તિ' | ૩૫૪ |
| મૂર્તિપૂજાની સિધ્ધિ | ૩૫૭ |
| 'નમો સિધ્ધાણું' પદના બીજા અર્થનો ઉપસંહાર | ૩૫૯ |
| **'નમો સિધ્ધાણું'નો તૃતીય અર્થ** | **૩૬૨** |
| * મિયાં મુલુકના મુલૂક શબ્દની વ્યુત્પત્તિ | ૩૬૩ |
| અજ્ઞાની અને સ્વાર્થીઓ ગપ્પાવડેજ જીવે | ૩૬૪ |
| કર્મસિધ્ધથી માંડીને આગમસિધ્ધ | ૩૭૦ |
| અભિપ્રાયસિધ્ધના ચાર પ્રકારો | ૩૭૪ |
| * વૈનયિકી બુધ્ધિની સિધ્ધિપર એક ગુરુના બે શિષ્યોનું દૃષ્ટાંત | ૩૭૬ |
| કાર્મિકી બુધ્ધિ | ૩૭૭ |
| પારિણામિકી બુધ્ધિ | ૩૭૯ |
| * પરિણામિકી બુધ્ધિપર નંદનું દૃષ્ટાંત | ૩૮૦ |
| તપસી દઢપ્રહારી | ૩૮૩ |
| મોક્ષમાં જવા છતાં કૃતાર્થતા નહીં | ૩૮૫ |
| * ગોશાલકની દુર્દશા અને પશ્ચાત્તાપ | ૩૯૨ |

| | પૃષ્ઠ નં. |
|---|---|
| શિષ્યોનો દુરાગ્રહ | ૩૯૫ |
| અપૂર્ણ અને અશુધ્ધ વિવિધ મોક્ષમાર્ગો | ૩૯૭ |
| પાંચ અભક્ષ્યના ત્યાગ માત્રથી મોક્ષ | ૩૯૭ |
| 'ભાગવત સંપ્રદાયવાળાનો મોક્ષ' | ૪૦૫ |
| હોમ હવનથી મોક્ષ | ૪૧૨ |
| મોક્ષમાં પણ અપૂર્ણતા માનનાર ભાગવતો અને રામાનુજાચાર્ય | ૪૨૧ |
| સર્વ સંસારના છેલ્લે સમયે પણ વ્યાખ્યા ઘટમાન થાય છે | ૪૨૨ |
| **નમો સિધ્ધાણં પદનો ચતુર્થ અર્થ** | **૪૨૫** |
| **નમો સિધ્ધાણં પદનો પંચમ અર્થ** | **૪૩૪** |
| પદાર્થના ચાર પ્રકારના પર્યાયો | ૪૩૬ |
| સિધ્ધત્વપર્યાયનું નિમિત્ત કારણ શું ? | ૪૩૮ |
| સિધ્ધજ સિધ્ધ થાય કે અસિધ્ધજ સિધ્ધ થાય | ૪૪૦ |
| અભવ્યનો આત્મા સિધ્ધત્વ પર્યાયવાળા ખરો કે નહિ ? | ૪૪૫ |
| અભવ્ય મોક્ષે જાયજ નહીં | ૪૪૮ |
| આત્મા કદી ખૂટે નહીં | ૪૫૧ |
| ખુટાડનાર કાલ પોતેજ ખૂટે એટલે જીવો ખૂટે નહીં. | ૪૫૨ |
| **નમો સિધ્ધાણં પદનો છઠ્ઠો અર્થ** | **૪૫૫** |
| પંચમાંગમાં પરમેષ્ઠિ નમસ્કારની મંગલમયતા | ૪૫૫ |
| સિધ્ધિ વિનાની પ્રસિધ્ધિ | ૪૬૧ |
| * રાજા વસુની ખોટી પ્રસિધ્ધિ | ૪૬૧ |
| ભવ્યોજ સિધ્ધના ગુણ સંદોહને પામી શકે અભવ્યો નહીં | ૪૬૪ |
| સકામ અને અકામ નિર્જરા છે તો સકામ અને અકામ મોક્ષ કેમ નહીં ? | ? |

પૃષ્ઠ નં.

મોક્ષની ઈચ્છાવાળો ગમે તેટલું પાપ કરે તોય
તેને મોક્ષ મળે ? ૪૬૬
ટીકાકારના નવાંગી વિશેષણની સાર્થકતા. ૪૭૧
સિધ્ધ કોણ થાય ભવ્ય કે અભવ્ય ?
આત્મા અભવ્ય શાથી ? ૪૭૭
સ્વભાવનું કોઈ કારણ નથી ૪૭૫
* પોથી પંડિતનો નાશ ૪૭૮
તીર્થંકરના કરતાં પણ વધુ આત્માને
મોક્ષે પહોંચાડનાર અભવ્યનો આત્મા ૪૮૦
ભવ્ય સિધ્ધના ગુણોના સંદોહને પ્રાપ્ત કરે છે. ૪૮૩
નૈયાયિકનો મોક્ષ અને ભાસર્વજ્ઞ ૪૮૪
સાક્ષીભૂત શ્લોક અને વિવરણની સરખામણી ૪૮૬
* લાભ વિના લાલીયો લોટે નહીં ૪૮૯
સિધ્ધના સ્વરૂપનું જ્ઞાન ઉપકારી ખરૂં,
પણ...સિધ્ધો કેવી રીતે ઉપકારી ? ૪૯૫
નિગોદમાંથી કાઢનારા ૫૦૧
કેવલી સમુદ્દ્ઘાત ૫૦૬
આયુષ્યકર્મની વિશેષતા ૫૧૨
આવર્જીકરણ ૫૧૪
યોગોની સંચલતા ૫૧૫
યોગ નિરોધ ૫૧૬
સર્વજઘન્ય મનોયોગથી
પણ ઓછાં મનોયોગ ૫૧૭
સિધ્ધો સાકાર કે નિરાકાર ૫૧૮
આત્મની નિરાકાર સ્તુતિનું કારણ ૫૨૧

પૃષ્ઠ નં.

અસ્પૃશદ્ ગતિની સિદ્ધિ ૫૨૪
અસ્પૃશદ્ ગતિના દૃષ્ટાંતો ૫૨૮
ઉપસંહાર ૫૩૨

# પ્રસ્તુત ગ્રંથમાં આવતા અવતરણો


| આદિપંક્તિ | ગ્રંથનું નામ | પૃષ્ઠ નં. |
|---|---|---|
| સિતં બુદ્ધં અષ્ટપ્રકારં | ભગવતીની ટીકા | ૫ |
| સંમતિ વિંમતિવાપિ | વીતરાગસ્તોત્ર | ૧૧ |
| જે ગિદ્ધાકામભોગેસુ | ઉત્તરાધ્યયનસૂત્ર | ૧૭ |
| હત્થેગયા ઈમે કામા | ,, | ,, |
| જણેણુ સદ્ધિં હોક્ખામિ | ,, | ,, |
| યસ્યાં સર્વનયા વિશન્તિ | | |
| 'એકાગ્ર–ચિંતા નિરોધો ધ્યાનમ્' | 'તત્ત્વાર્થ' | ૧૪૭ |
| પાયચ્છિત્તં વિણુઓ | આવશ્યક | ૧૬૩ |
| દીપો યથા નિવૃતિમભ્યુપેતો | | ૧૬૮ |
| જીવસ્તથા નિર્વૃતિ મભ્યુપેતો | | ૧૬૮ |
| પૂર્ણતા યા પરોપાધેઃ | જ્ઞાનસાર | ૧૯૮ |
| લોકે ચતુર્ષ્વિહાર્થેષુ | પ્રશમરતિ | ૨૦૯ |
| જે સુબ્ભિગંધા તે દુબ્ભિગંધા | જ્ઞાતાધર્મ | ૨૩૨ |
| ન જાતુકામઃ કામસ્ય | ગીતા | ૨૩૮ |
| જો સેવઈ કિં લહઈ | ઉપદેશમાલા | ૨૪૧ |
| નર વિબુહેસર સુખ | | ૨૭૭ |
| દૈત્યાંગના તિલક નિષ્ઠુર વજ્રદીપ્તૌ | દ્વાત્રિંશિકા | ૨૭૭ |
| નિર્જિતમદમદનાનાં | પ્રશમરતિ | ૩૦૦ |
| ન ઉ તહ ભિન્નાણુ ચિય | સિદ્ધસુઅવિંશિકા | ૩૦૩ |
| ઉવમા ઈત્થ ન વિજ્જઈ | પંચસૂત્ર | ૩૦૫ |
| બહુવિસલવસંવિદ્ધં | સિધ્ધસુખવિંશિકા | ૩૦૫ |
| જત્તિવા સંસારે ચ્ચિય હોજ્જ | વિ. આવશ્યક | ૩૧૪ |

| | | પૃષ્ઠ |
|---|---|---|
| રૂપિષ્વવધેઃ | તત્ત્વાર્થ સૂત્ર | ૩૧૬ |
| તદન્તભાગે મનઃ પર્યાયસ્ય | ” | ” |
| ણુવિ અત્થિ માણુસાણું | વિશેષ આવશ્યક | ૩૨૦ |
| સુર ગુણ સહુસમત્તં | ” | ” |
| સિદ્ધસ્સ સુહો રાસી | આ. નિ, | ૩૨૧ |
| 'પિત્તરં ચ દૃશેયં માતરંચ' | (ઋગ્વેદ) | ૩૨૪ |
| | સત્યાર્થ પ્રકાશ | |
| અભ્યર્ચ્ય નાદર્હતાં | તત્ત્વાર્થ સંબંધ કારિકા | ૩૫૮ |
| સિધ્ધો જો નિપ્ફન્નો | વિશેષ આ. ભા. | ૩૬૯ |
| કમ્મેસિપ્પે ય વિજ્જાએ | વિશેષ આ. ભા. | ૩૬૯ |
| સ એષઃ ષડ્જીવનિકાયવિસ્તઃ | દ્વાત્રિંશિકા | ૪૦૭ |
| " યજ્ઞાર્થં પશવો સૃષ્ટાઃ " | મનુસ્મૃતિ | ૪૧૩ |
| "અગ્નિ હોત્રં જુહુયાત્ સ્વર્ગ કામો" | (વેદ) | ૪૧૪ |
| "શાસનાત્ ત્રાણુશક્તેશ્ચ, બુધૈઃ શાસ્ત્રં નિરુચ્યતે" | આ ઉપનિષદ્ | ૪૨૬ |
| 'સિદ્ધસ્સ સિદ્ધત્તં ઉવજ્જયઈ' | ( વિ. આવ. ) | ૪૪૦ |
| "જઈ આઈ હોઈ પુચ્છા" | ( વિ. આવ. ) | |
| " અજૈર્યષ્ટવ્યમ્ " | (મહાભારત) | ૪૬૨ |
| " સઈ સંજ્જાઓ ભાવો પાયો" | (અષ્ટક પ્રકરણ) | |
| " સ્વભાવો પ્રશ્નં નાર્હતિ " | (સંસ્કૃત સુભાષિત) | ૪૭૬ |
| " ભવ્વા વિ કેડવિ ન સિજ્ઝતિ | (વિ. આવશ્યક.ભા.) | ૪૭૭ |
| 'હસ્તિહન્તીતિ વચનેઽપિ પ્રાપ્ય વિકલ્પવત્' | (અધ્યાત્મ કલ્પદ્રુમ) | ૪૭૮ |
| ' વરં વૃન્દાવને રમ્યે ' | (વેદાંત દર્શનીય ગ્રંથે) | ૪૮૪ |
| ' કિગલ મુશ્કીલ' | ફારસી શેર' | ૫૦૪ |

## શ્રી ભગવતીજી સૂત્ર
## વ્યાખ્યાન ગ્રંથનો આધાર

'૫૩૨' પાનાના આટલા વિશાળ વિવેચન માત્ર ગણધર ભગવંત કરેલ એક માત્ર નમસ્કાર અને તેની સંક્ષિપ્ત ગંભીર ટીકા.

### 'નમો સિદ્ધાણં'

(ગણધર સુધર્માસ્વામીજી મહારાજ)

---

નવાંગી ટીકાકાર પૂ. અભયદેવસૂરીશ્વરજી મ.નું 'નમો સિદ્ધાણં' પદનું વિવેચન.

"णमो सिद्धाणं' ति, सितं बद्धमष्टप्रकारं कर्मेन्धनं ध्मातं–दग्धं जाज्वल्यमानशुक्लध्यानानलेन यैस्ते निरुक्तविधिना सिद्धाः, अथवा 'षिधु गतौ' इति वचनात् सेधन्ति स्म–अपुनरावृत्त्या निर्वृतिपुरीमगच्छन्, अथवा 'षिधु संराद्धौ' इति वचनात् सिद्ध्यन्ति स्म–निष्ठितार्था भवन्ति स्म, अथवा 'षिधूञ् शास्त्रे माङ्गल्ये च' इति वचनात् सेधन्ति स्म–शासितारोऽभूवन् माङ्गल्यरूपतां चानुभवन्ति स्मेति सिद्धाः, अथवा सिद्धाः–नित्याः, अपर्यवसानस्थितिकत्वात्, प्रख्याता वा भव्यैरुपलब्धगुणसन्दोहत्वात्, आह च–" ध्मातं सितं येन पुराणकर्म यो वा गतो निर्वृति सौधमूर्ध्नि। ख्यातोऽनुशास्ता परिनिष्ठितार्थो, यः सोऽस्तु सिद्धः कृतमङ्गलो मे ॥१॥" अतस्तेभ्यो नमः, नमस्करणीयता चैषामविप्रणाशिज्ञानदर्शनसुखवीर्यादिगुणयुक्ततया स्वविषयप्रमोदप्रकर्षोत्पादनेन भव्यानामतीवोपकारहेतुत्वादिति।

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી ગૌતમસ્વામિને નમઃ

આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વર

સદ્‌ગુરુભ્યો નમઃ

# શ્રી સિદ્ધપદ વિવેચન

આગળના વ્યાખ્યાનોમાં આપણે ગણધર ભગવંતે કરેલા મંગલાચરણના પ્રથમ પદ **"નમો અરિહંતાણં"** એ પદનો વિચાર કર્યો.

જેમ "નમો અરિહંતાણં" એ પદ પણ સ્વતંત્ર અધ્યયન છે તેમ **"નમો સિદ્ધાણં"** આ પદ પણ સ્વતંત્ર અધ્યયન છે

જૈનશાસનના પ્રાણભૂત અનાદિ અનંત નમસ્કાર મહામંત્રનું બીજુ અધ્યયન "નમો સિદ્ધાણં" એ સૌથી નાનામાં નાનું અને સૌથી મહાન અધ્યયન છે.

જૈનશાસનમાં "નમો સિદ્ધાણં" થી શાબ્દિક મર્યાદામાં નાનું બીજુ કોઈ અધ્યયન નથી.

છતાંય બધાં શ્રુત અને શાસ્ત્રનું એક માત્ર લક્ષ્ય આ અધ્યયન જ છે.

કારણકે બધાં જ શ્રુતસ્કંધોના જ્ઞાન દ્વારા જે મેળવવાનુ છે. તે આ અધ્યયન રૂપ છે માટે **અપેક્ષાએ સૌથી અગત્યનું આ અધ્યયન છે.**

ગણધર ભગવંતે "નમો અરિહંતાણં" દ્વારા મંગલાચરણ કર્યું તે પછી પણ "નમો સિદ્ધાણં" થી પુનઃ મંગલાચરણ કરે છે. અહીં પ્રશ્ન થઈ શકે કે જો અરિહંતને કરેલો નમસ્કાર પણ મંગળ કરનારો છે તો પછી અરિહંતને નમસ્કાર કર્યા પછી સિદ્ધને શા માટે નમસ્કાર કરવો ? આ પ્રશ્ન ખૂબ વિચાર માંગે છે.

એ વાત તો આપણે સિદ્ધ કરી ચુકયા છીએ કે અરિહંતને ભાવથી કરેલો નમસ્કાર અનંત દુઃખમાંથી દૂર કરીને મોક્ષને અપાવનાર છે સર્વ આધિ–વ્યાધિને દૂર કરનાર છે

તો પછી,

અરિહંત ભગવાનને નમસ્કાર કરવા દ્વારા જ સર્વ કાર્ય સિદ્ધ થઈ જાય છે તો સિધ્ધ ભગવંતોને નમસ્કાર કરવાની શી જરૂર છે ?

દરેક પ્રશ્નને ગંભીરતાથી વિચારવાની જરૂર હોય છે. ઉપરથી જોઇએ તો વિરોધ દેખાય પણ જરા ઊંડા ઉતરીએ તો સમજ પડે કે તે વિરોધ કેવળ આપણી દષ્ટિનો છે. પણ વસ્તુતત્ત્વનો નથી.

**દષ્ટિના વિરોધના કારણે જ આપણને સૃષ્ટિના વસ્તુતત્ત્વમાં પણ વિરોધ ભાસે છે,**

અહીં પણ અરિહંતને કરેલો નમસ્કાર સર્વ વસ્તુની

પ્રાપ્તિ માટે સમર્થ હોવા છતાં પુનઃ સિધ્ધને નમસ્કાર કરવો પરસ્પર વિરૂધ્ધ લાગે છે.

કારણકે અરિહંતના નમસ્કારથી બધું મેળવવા યોગ્ય મળી જાય છે તો સિધ્ધને નમસ્કાર કરવાનું કોઈ પ્રયોજન રહેતું જ નથી. અને પ્રયોજન વિનાની પ્રવૃત્તિ મહાપુરુષો કરે નહીં. તેથી અરિહંત પછી સિધ્ધને નમસ્કાર કરવામાં કંઈક વિરોધ જેવું લાગે છે.

**પણ વિરોધનો નિરોધ ન કરે તો જૈન–દર્શન શાનું ? સ્યાદ્વાદમાં ભલભલા વિરોધનો નિરોધ કરવાની તાકાત છે.**

પ્રથમ એ વિચારો કે નમસ્કાર કોને કરાય ? જેને નમસ્કાર કરવાનો હોય તે વ્યકિત અથવા તેના ગુણો સાધ્ય હોય–મેળવવાના હોય તેને જ નમસ્કાર કરવાનો હોય.

જ્યાં સુધી કોઈ પણ વસ્તુ મેળવવાની બુદ્ધિ પેદા ન થાય ત્યાં સુધી તે વસ્તુને મેળવવાનો પ્રયત્ન કરી શકાય નહીં.

નમસ્કારનો અર્થ તો અરિહંતપદની વિવેચનામાં વિચારી ગયા છીએ.

નમસ્કારથી ભાવસંકોચ–કષાય–રાગદ્વેષ–અજ્ઞાન આદિ આંતરશત્રુનો નાશ કરવા દ્વારા કેવળજ્ઞાન મેળવવાનું છે.

ભલે આવું કેવળજ્ઞાન માત્ર અરિહંતના નમસ્કારથી મળે. પણ સિદ્ધને નમસ્કાર કરે તો મોક્ષ મળે કે ન મળે ?

કહેવું જ પડશે કે જેમ અરિહંતને નમસ્કાર કરે તો મોક્ષ મલે તેમ સિધ્ધને નમસ્કાર કરે તો પણ મોક્ષ તો મળે જ.

તો સિધ્ધને નમસ્કાર કરવાથી મોક્ષ મળે તેવું જ્ઞાન કોના આધારે કરવું ?

અરિહંત અને સિધ્ધ બંને મોક્ષદાયક છે. તો પછી ગમે તે એકને કરીએ તો ન ચાલે? બંનેને જુદો નમસ્કાર કરવાની શી જરૂર ?

જો ગણુધર ભગવંતોએ સિધ્ધને જુદો નમસ્કાર ન કર્યો હોત તો મૂઢમતિઓ સમજત કે નમસ્કારને યોગ્ય માત્ર અરિહંત છે. સિધ્ધ નથી.

આવી કોઈ પણ ભ્રમણા રહેવા ન પામે તેથી ગણુધર ભગવંતે જ ખુદ 'સિધ્ધોને' જુદો નમસ્કાર કર્યો.

ભલે અરિહંતના નમસ્કારથી બધું પ્રાપ્ત થઈ શકે છતાં સિધ્ધના નમસ્કારની જરૂર નથી કે સિધ્ધના નમસ્કારથી પણ સકળ ઈષ્ટની પ્રાપ્તિ થતી નથી એમ કેમ કહેવાય?

કોઈ એક વ્યક્તિ એક જ મોટરમાં બેસીને પોતાના ઈષ્ટ સ્થળે પહોંચે છે. તેથી બીજી મોટર દ્વારા ત્યાં પહોંચી ન શકે તેમ કેવી રીતે કહેવાય?

જેમ અરિહંતને કરેલો નમસ્કાર સકળ ઈષ્ટથી માંડીને મોક્ષપ્રાપ્તિ કરાવવામાં સમર્થ છે. તેમ સિધ્ધને કરેલો નમસ્કાર પણ મોક્ષ પ્રાપ્તિ કરાવવામાં સમર્થ છે.

આ વાતને સ્પષ્ટ કરવા માટે ગણુધર ભગવંતે પુનઃ સિધ્ધોને પૃથક્ નમસ્કાર કરેલ છે.

જેમ અરિહંત નમસ્કાર્ય છે. તેમજ સિધ્ધ પણ નમસ્કાર્ય છે. બંનેને કરેલો નમસ્કાર સમાન બળવાળો છે.

આમ શિષ્યોને સમ્યગ્ જ્ઞાનપ્રદાન કરવા માટે કરેલો નમસ્કાર નિષ્પ્રયોજન નથી. પણ સપ્રયોજન છે.

ગુરુ માટે શિષ્યને જ્ઞાન પ્રદાન કરવાથી અધિક મહાન પ્રયોજન શું હોઇ શકે?

ગુરુનો અર્થ જ અંધકારમાંથી પ્રકાશમાં લાવનાર છે.

તેથી શિષ્યને સમ્યગ્‌ જ્ઞાન દેનારી પ્રત્યેક પ્રવૃત્તિ ગુરુ માટે સફળ જ છે. ગુરુનું ગુરુપણું પણ તેમાં જ સફળ છે.

ગણધર ભગવંતે સિદ્ધોને કરેલો નમસ્કાર નિષ્પ્રયોજન નહિ પણ સપ્રયોજન છે તેથી જ કોઈ પણ પ્રકારના વિરોધ વિનાનો છે.

અહીં પણ એક પ્રશ્ન વિચારવાનો કે બંને નમસ્કાર સમાન બળવાન હોવા છતાં પ્રથમ અરિહંતને નમસ્કાર કર્યો તેમ 'સિદ્ધ' ને નમસ્કાર કેમ ન કર્યો ?

અરિહંત પછી સિદ્ધ એવો ક્રમ રાખ્યો તેમા કરતાં સિદ્ધ પછી અરિહંત એવો ક્રમ રાખ્યો હોય તો શું વાંધો?

આ પ્રશ્નનો જવાબ આપણે આગળ ચર્ચીશું.

આ જ રીતે આપણે પાંચે ય પદનો ક્રમ તાર્કિક દૃષ્ટિએ વિચારવો જરૂરી છે તેથી પાંચેય પદના વર્ણન પછી તેનો વિચાર કરવો યોગ્ય છે.

## પ્રથમ અર્થ

"નમો સિદ્ધાણં" એ પદની ટીકા કરતાં પૂ. અભયદેવ સૂ. મ. સૌથી પ્રથમ અર્થમાં જણાવે છે કેઃ–

"सितं बद्धं अष्टप्रकारं, कर्मेन्धनं ध्मातं दग्धं जाज्वल्यमान शुक्लध्यानानलेन यैस्ते निरुक्तविधिना सिद्धाः."

જેઓ વડે પૂર્વે બંધાયેલું આઠ પ્રકારનું કર્મરૂપ ઈન્ધન (બળતણ) જ્વાજ્વલ્યમાન શુક્લધ્યાનરૂપી અગ્નિ વડે બાળી નંખાયું છે તે સિદ્ધો.

તેઓએ કરેલા આ અર્થના અંત સુધી પહોંચવા માટે **ઘણા ઘણા પદાર્થોનો વિચાર કરવો જરૂરી છે.**

જ્યાં સુધી તે વાક્યમાં આવેલા અવાંતર શબ્દોનાં અર્થોને ન સમજીએ ત્યાં સુધી **સિદ્ધ** શબ્દનો વાસ્તવિક અર્થ ખ્યાલમાં ન આવે.

**સિદ્ધ** શબ્દના વાસ્તવિક અર્થને વિચારવા નીચેના મુદ્દાઓ ઉપર વિચાર કરવાની જરૂર છે

**૧ આત્મા**

**૨ કર્મ**

**૩ આત્મા અને કર્મનો સંબંધ**

**૪ કર્મના આઠ પ્રકારો**

**૫ ધ્યાન (શુક્લ ધ્યાન)**

**૬ કર્મથી ભિન્ન થયેલા આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ**

કારણકે તેઓએ જણાવ્યું છે કે જેઓ વડે બાળી નંખાયુ છે.

તો જેના વડે એટલે-કોના વડે?

આત્માવડે જ ને!

તે આત્મા કોણ?

તેના વડે જે બાળી નંખાયેલા તે કર્મો કયા?

આ બે પ્રશ્નો પ્રથમ દષ્ટિએ થાય.

વળી આઠ પ્રકારના કર્મ એવો શબ્દ પ્રયોગ કર્યો હોવાથી કર્મના કેટલા પ્રકારો છે ? તે પણ પ્રશ્ન થાય.

શુકલધ્યાનરૂપી અગ્નિવડે બાળી નાંખ્યા છે

તો ધ્યાન કોને કહેવાય ?

અને શુકલધ્યાન કોને કહેવાય ?

ધ્યાનથી કર્મનો નાશ કેવી રીતે થાય ?

વળી કર્મોનો નાશ થયા પછી પણ આત્મા કેવી રીતે રહે છે. તેવો પ્રશ્ન પણ થાય.

જ્યાં સુધી આ બધાનું જ્ઞાન ન થાય ત્યાં સુધી સિદ્ધનું સ્વરૂપ સારી રીતે ન સમજી શકાય.

જેમ કોઈ માણસ એક વાકય બોલ્યો કે 'એક મજુર લાખ રૂપિયા મેળવીને સુખી થયો.'

આ વાકયનો પૂરેપૂરો અર્થ તે જ સમજી શકે કે જે મજુરને જાણતો હોય, લાખ રૂપિયાને જાણતો હોય, મેળવવાની અને સુખી થવાની ક્રિયાને પણ જાણતો હોય.

પણ, જે આ બધામાંથી એકને પણ જાણતો ન હોય તે સારા ય વાકયનો સંપૂર્ણ ભાવ ન સમજી શકે.

તેથી આપણે પ્રત્યેક મુદ્દાનો ક્રમે ક્રમે વિચાર કરીશું જો કે,

પ્રત્યેક મુદ્દા એવા છે કે સુક્ષ્મબુદ્ધિથી તેની તલસ્પર્શી વિચારણા કરવા બેસી જઈએ તો તમારૂં અને અમારૂં બંનેનું આયુષ્ય પૂર્ણ થઈ જાય અને ચર્ચા અધુરી જ રહી જાય. તેથી આપણે ચર્ચાના બહુ ઉંડાણમાં જવાનું નથી પણ

વિષયનું જ્ઞાન સારી રીતે થઈ જાય તે રીતે જ દરેક વિષયને ચર્ચવાના છે.

## ૧—આત્મા

સૌથી પ્રથમ વિષય છે ' **આત્મા** '

વિશ્વના તમામ દર્શનકારોએ ' આત્મા ' નામના તત્ત્વનો સ્વીકાર કર્યો છે લગભગ બધા જ દર્શનકારોએ તે તત્ત્વને સ્વતંત્ર સ્વીકાર્યું છે.

નાસ્તિક દર્શનકાર બૃહસ્પતિએ 'આત્મા' ને જડમાંથી પેદા થતી શકિતરૂપ માન્યો છે તેથી તે આત્માને માને તો પણ નહિ માનનારા જેવોજ છે. કારણકે જે ચીજ કોઈ વસ્તુમાંથી પેદા થાય છે કે કોઇ વસ્તુદ્વારા જેનો નાશ થઇ જાય છે. તેની સ્વતંત્ર ચિંતા કોઇ કરતું નથી.

જેમ શેરડીને પેદા કરવા કોઇ પ્રયત્ન કરે કે તેને નાશ કરવા કોઈ પ્રયત્ન કરે પણ

તેમાં રહેલી ચીકાશ ગળપણને સ્વતંત્ર પેદા કરવા માટે કે નાશ કરવા માટે કોઇ પ્રયત્ન કરતું નથી. કોઇ પ્રયત્ન કરી શકે પણ નહીં અને જો તેવો પ્રયત્ન કોઈ કરતું હોય તો પણ તેનાથી શેરડી જ પેદા થાય કે શેરડીનો જ પ્રાયઃ નાશ થાય.

એટલે નાસ્તિકને આત્મા માટે કશો પ્રયત્ન કરવાનો નથી. તેનો જે પણ પ્રયત્ન હોય છે તે શરીર માટેનો જ હોયછે કારણકે, તેના મતે 'શરીર' સ્વતંત્ર છે જ્યારે આત્મા સ્વતંત્ર નથી. તેથી આવી રીતે આત્માને માનવો તે ન માનવા જેવું જ છે.

ખરી વાત પણ એ જ છે કે, નાસ્તિક પૃથ્વી, જલ, તેજ, વાયુ કે આકાશ એમ ચાર કે પાંચ મૂળતત્ત્વોને સ્વીકારે છે આત્મા નામના કોઇ તત્ત્વનું નામ સુદ્ધાં તેના દર્શનમાં જડતું નથી.

પણ જ્યારે બીજા વાદિઓ-દર્શનકારો તેની સામે પ્રશ્ન કરે છે કે "જો તું આત્મા માનતો નથી તો સારી દુનિયાનું જ્ઞાન કરનાર, દુઃખથી દૂર જઇને સુખ મેળવવાની પ્રવૃતિઓ કરનાર કોણ છે ?"

"જો તું આ શરીરને જ આત્મા કહે છે તો મડદામાં આ બધી ક્રિયા કેમ માનતો નથી ? ત્યાં કેમ આ બધી ક્રિયાઓ દેખાતી નથી ?"

આવા પ્રશ્નો કરીને બીજા વાદિઓ તેને કહે છે કે, "તારે આત્મા નામનું તત્ત્વ માનવું જ પડશે"

ત્યારે નાસ્તિક કહે છે "બિલકુલ નહીં" હું આત્માને માનતો જ નથી. પણ તમે એમ જ પૂછતા હો કે મડદામાં કેમ સુખ-દુઃખ ગ્રહણ કરવાની અને છોડવાની ક્રિયા દેખાતી નથી અને જીવતા માણસના શરીરમાં જ કેમ દેખાય છે?

તો મારો જવાબ છે, જેમ મડદામાંથી દારૂ બને છે અને તે દારૂમાં ચિત્તને વિહ્વલ બનાવી દેવાની શક્તિ પેદા થાય છે તેમ પૃથ્વી, જલ, તેજ, વાયુ, વિગેરેના પરમાણુઓથી એવી વિશેષ શક્તિ પેદા થાય છે. જે હાલવા ચાલવાની સુખ-દુઃખ ગ્રહણ કરવાની છોડી દેવાની ક્રિયાઓ કરે છે.

મડદામાં પૃથ્વી, જલ, તેજ, વાયુ કે આકાશ એ પાંચમાંથી કોઇપણ એક તત્ત્વ ચાલી જાય છે. માટે તેની હાલવા-ચાલવા વિગેરેની ક્રિયાઓ પણ નાશ પામે છે.

આવી દલીલ કરીને નાસ્તિક કહે છે કે મારે તમારી માફક કોઈ આત્માને માનવાની જરૂર નથી પણ તમે હાલવા-ચાલવાની ક્રિયા થતી હોય તેને આત્મા કહેતા હોય તો કહો, મને વાંધો નથી.

પણ મારા મતે તો, તે હાલવા-ચાલવાની ક્રિયા કરનાર માત્ર એક શકિત જ છે.

જેમ મહુડામાંથી બનેલા દારૂમાં ચિત્તભ્રમ કરવાની-ગાંડા બનાવવાની શકિત છે. આવી રીતે તે નાસ્તિક આત્માને માને છે પણ સ્વતંત્ર દ્રવ્ય રૂપે માનતો જ નથી.

કારણ કે, તેના મનમાં હલન-ચલન આદિ ક્રિયા કરનાર તે ભૌત્રિક શકિત જ છે. અને તેનો નાશ તો અહીં જ થઇ જાય છે. માટે તેને પરલોકની ચિંતા કરવાની નથી.

આમ જ્યાં સુધી આત્માને સ્વતંત્ર દ્રવ્ય તરીકે ન સ્વીકારવામાં આવે ત્યાં સુધી સાચી રીતે આત્મામાં માનનાર છે. તેમ ન કહેવાય !

જો કે, " બ્રહ્મ સત્યં જગન્ મિથ્યા " એવો પોકાર કરનાર વેદાંતીઓ પણ આત્માને સ્વતંત્ર દ્રવ્ય તો નથી જ માનતા જગતને મિથ્યા કહે છે. તે છતાં તેઓ પણ બ્રહ્મને તો સત્ય કહે જ છે.

તેઓની જેમ વિજ્ઞાનવાદી અને શૂન્યવાદી બૌદ્ધો પણ આત્મા માટે પરલોક મોક્ષ આદિના પ્રત્યત્નોને તો સ્વીકારે જ છે.

સામાન્ય રીતે જોતાં તો બુધ્ધે જગતના પદાર્થ વિષે કોઈ સ્પષ્ટ વાતો કરી નથી. તેને જેટલી વાતો કરી છે. તે બધાંનો સાર એટલો જ છે કે કોઇ પણ પદાર્થને સ્થાયિ માનવાની કે વાસ્તવિક માનવાની જરૂર નથી. અને તેથી જ

તેમના દર્શનમાં એક જ કર્તવ્ય રહ્યું કે કોઇ પણ હિસાબે આત્માને અનિત્ય સિદ્ધ કરવો અને તેથી જુદા જુદા રસ્તે તેમના અનુયાયિઓએ તે જ સિદ્ધ કર્યું.

કોઇએ જગતને શૂન્ય માન્યું.

કોઈએ માત્ર વિજ્ઞાનરૂપ માન્યું

કોઇએ ક્ષણિક માન્યું.

આમ આત્મા માટે જુદા જુદા દર્શનકારોએ જુદી જુદી વાતો કરી છે. પણ બધાએ તેના માટે બંધ, મોક્ષ, સ્વર્ગ કે નરક, પુણ્ય, પાપ વગેરે તત્ત્વોનો એક યા બીજી રીતે સ્વીકાર કર્યો છે. માત્ર નાસ્તિક જ બધાથી જુદો પડે છે. તેથી જ હેમચંદ્રાચાર્ય મહારાજે તો તેને વાદીઓની સભામાં પ્રવેશ જ આપ્યો નથી. તેઓ જણાવે છે કે :–

**" संमति विंमतिर्वापि, चार्वाकस्य न मृग्यते।**
**परलोकात्ममोक्षेषु, यस्य मुह्यति शेमुषी ॥**

## નાસ્તિક આત્માને કેમ નથી માનતો ?

નાસ્તિક દર્શનકાર સિવાયના બીજા બધા આસ્તિક દર્શનકારો આત્માને કેવી કેવી રીતે માને છે. તે બધાંનું વર્ણન કરવું તો મુશ્કેલ છે પણ નાસ્તિક આત્માને કેમ માનતો નથી તેનું વર્ણન કરવું જરૂરી છે. કારણ કે 'ના' માં તો તે એકલો જ છે.

ભલે કોઈ એક કાળમાં નાસ્તિક દર્શનકાર થોડા અનુયાયીવાળો હતો. પણ, આજે તો બધા ધર્મના અનુયાયી કરતાં તેના અનુયાયીઓ વધી જ ગયા છે ને!

પહેલાના જમાનામાં કોઇ પણ માણસ ધર્મ વિનાનો

હોય તેમ જોવા કે સાંભળવા નહોતું મળતું પણ આજે તો ઘર ઘરમાં એવા પાકયા છે કે જે પોતાની જાતને કોઇ પણ ધર્મના અનુયાયી નહીં કહેવડાવવામાં ગર્વ અનુભવે છે કેટલાક તો તેથી ય આગળ વધેલા છે જે ધર્મમાત્રના દ્વેષી બની ગયા છે ધર્મ તેમને મન ગપ્પા સિવાય કશું જ નથી!

આવાઓને જ્યારે પૂછવામાં આવે છે કે " તમે કેમ ધર્મ નથી કરતા? ત્યારે જવાબ આપે છે કે:– ' અમને એવાં ગપ્પાં મવિશ્વાસ નથી."

" પણ ધર્મ નહીં કરશો તો દુઃખી થશો? "

" કયાં દુઃખી થવાના? "

" પરલોકમાં "

" પરલોક છે જ કયાં? એ તો તમે બધાંએ ભેગા થઇને બનાવી દીધો છે. "

" પહેલાં આત્મા આત્મા કહ્યા કરો છો તો તે આત્મા કયાં છે તે જ બતાવોને? "

આજે આ જ તેમનો મોટામાં મોટો પ્રશ્ન છે.

આત્મા કયાં છે બતાવો?

પણ ખરો જવાબ આપનારો હોય તો એમ જ પૂછે કે, " આત્મા છે કે નહીં એવો પ્રશ્ન તને કેમ થયો? "

આ જ વાત ખૂબ વિચારવાની છે. **માણસ કોઇ વસ્તુનો પ્રશ્ન કરે છે. પણ પ્રશ્ન કેમ થયો તે લગભગ વિચારતો જ નથી.**

## બૃહસ્પતિનું દૃષ્ટાંત

આ સંબંધમાં જ નાસ્તિક દર્શનના પુરસ્કર્તાની વાત

વિચારવા જેવી છે.+ દ્રષ્ટાંત દ્વારા તમે બરાબર સમજી શકશો કે, “ આત્મા નથી ” તેવી માન્યતાની ભૂમિકામાં શું શું ભર્યું પડ્યું છે?

નાસ્તિક દર્શનનો પુરસ્કર્તા બૃહસ્પતિ જન્મથી જ કંઈ નાસ્તિક ન હતો. તેને એક બેન હતી. તે ખૂબ ધાર્મિક હતી. અને દેખાવમાં ખૂબ સુંદર હતી. પૂર્વકર્મના યોગે જુવાનીના પૂર ચઢતાં પહેલાં જ બિચારી વિધવા બની ગઈ! દુઃખની મારી બિચારી દિવસ–રાત રડ્યા કરતી !

આવી નિઃસહાય હાલત જોઇને તેના સગા ભાઈના દિલમાં પાપ પેઠું, “ કેવી રૂપાળી છે!

કેવો સુંદર દેહ છે !”

એનો ભોગવનાર તો ચાલ્યો ગયો છે.

હવે આવા રૂપનો શું ઉપયોગ?

શું આવું રૂપ કોઈના પણ ઉપભોગમાં નહીં આવે ? બસ પછી તો તેને મનોમન બેનના જ પતિ બનવાનું નક્કી કરી લીધું.

પણ, તે જમાનાના ધર્મસંસ્કાર એટલા પ્રબળ હતા કે આવી વાત કરનારને પણ સમાજ મહાપાપી સમજે !

આજે તો કોઈ આવું કરે તો સમાજ એની બહાદૂરીના વખાણ કરવા માંડે ! આ પાપનાં જમાનામાં ક્યાં પોકાર કરવો તે જ સમજાતું નથી.

અહીં દિલનો પાપી એવો તે ભાઈ બૃહસ્પતિ વિચારે છે કે “ જ્યાં સુધી બેનની ધર્મ પર શ્રદ્ધા રહેશે ત્યાં

+ આ કથા બીજી રીતે પણ પ્રસિદ્ધ છે. ( જુઓ પરિશિષ્ટ નં. ૧ )

સુધી તો મારાથી વાત પણ મૂકી શકાશે નહીં તેથી ગમે તેમ કરીને પણ તેને પહેલાં ધર્મથી ભ્રષ્ટ કરવી.

અંદરનો પાપી અને બહારથી સાફી ભાઈ ધીમે ધીમે બેનને ઢોંગ કરી કરીને દિલાસો આપવા માંડયો એવો દેખાવ કરવા માંડયો કે જાણે બેનના દુઃખે તે મરી રહ્યો છે! ભોળી બેન પણ તેનાથી શાંતિ પામી તેના પર તેનું મમત્વ વધ્યું. પેલાએ જોયું કે હવે કંઈ વાત જામે એવી છે તેથી પૂછવા માંડયો.

"બહેન! પરલોક શું છે?"

"ધર્મ શું છે?"

"ધર્મ શા માટે કરવાનો?"

ભોળીબેન બિચારી ઝાઝું ભણેલી નહીં! એટલે આંટી ઘૂંટીના પ્રશ્નો સમજે નહીં જેવા તેવા જવાબ આપે અને દિલનો ચોર ભાઈ ધીમે ધીમે વાત ઠસાવે કે આ બધું કંઈ છે જ નહીં.

આખરે એક દિવસ ભાઇએ કહ્યું (ભાઇએ નહીં પણ અંદર ઉછળી રહેલી મોહની ભવાઇએ) કે આત્મા જેવી કોઈ વસ્તુ છે જ નહીં. આ તો બધાં ગપ્પે ગપ્પાં જ ચાલે છે.

જો આત્મા હોય તો આપણને કેમ દેખાય નહીં?

ભલે દુનિયામાં ગમે તેટલા જ્ઞાની ને વિદ્વાન થઈ ગયા ધર્મશાસ્ત્રમાં ય ભલે આવે પણ કોઇએ કોઇને આજ સુધી આત્મા બતાવ્યો છે ખરો?

**જે દેખાય નહીં એને માનવાનું એતો ગપ્પા જ છે ને?** આવા આવા અનેક પ્રશ્નો કરવા માંડયો.

**રોજ એકની એક વાત ન ગમે અને સાંભળીએ તો પણ તેની સારી–ખોટી અસર થાય જ છે.**

બેનના દિલમાં ય ધીમે ધીમે ઠસવા લાગ્યું કે આ વાત તો ખરી છે. “ જે દેખાતું નથી તેના માટે આટલું બધું શા માટે કરવાનું? શું ભાઇની વાત સાચી જ હશે ? શું આત્મા બાત્મા કંઇ હશે જ નહીં? ”

છેવટે હિંમત કરીને તેણે પૂછયું કે “જો ભાઇ! આત્મા છે જ નહીં તો, આ બધા લોકો કહે છે કે “ આત્મા છે ” તે ખોટું અને તું કહે તે જ સાચું. ”

બૃહસ્પતિને લાગ્યું કે મારો પાસો હવે સીધો પડશે તેને પણ પોતાની વાત પુષ્ટ કરવા માંડી.

“ બેન! તને આ બધાં મૂર્ખો જ સાચા લાગે છે? તારામાં તો બુધ્ધિ નથી જ ને? ”

આટલું આટલું સમજાવ્યા છતાંય તું એવા મૂર્ખાઓનું માને છે તારે જોવું હોય તો કાલે જ બતાવું કે લોકો તો કેવા મૂર્ખા છે!

બેને કહ્યું “ બતાવ ” ‘ હું પણ જોઉં ’

ભાઇ કહે ‘ જો તને બતાવીશ પછી તો માનીશને?

ભોળી બેને તો હા પાડી દીધી.

બેનને લઇને દિલનો કામી (હરામી) ભાઇ જંગલમાં ગયો. બેનને કહે જો, હું મારી જાતે જ તારી સામે વરૂના પગલાં ચિતરૂં છું. જેટલા અહીંથી આવશે–જશે તે બધા એમ જ કહેશે કે અહીંથી વરૂ ગયું છે. અહીં કહેશે એટ-

હું જ નહીં પણ થોડીવારમાં તો ગામનું બચ્ચે-બચ્ચું એમ કહેશે કે અહીં વરૂ આવીને ગયું.

કોઈ પૂછવાનું નથી કે કોણે જોયું? ક્યારે આવ્યું? ગામના ગાંડા નહીં પણ ડાહ્યા લાગતા હોય તે બધાંને પૂછી જોજે. એકી અવાજે કહેશે કે "અહીં વરૂ આવ્યું હતું"

અરે એટલું જ નહીં પણ કેટ-કેટલી વાતો ચલાવશે. કોઈ કહેશે કે "હા મેં ય રાતે અવાજ સાંભળ્યો હતો." કોઈ તો વળી એમ જ કહેશે "મેં મારી સગી આંખે રાતે જોયું હતુ."

બસ ભાઈએ વહેલી સવારે પગલા પાડવાનું કામ પુરૂં કરી દીધું "ગામના મોઢે કંઇ ગળણું બંધાય? સસલીબાઇના બોરની માફક જોત જોતામાં તો સારા ગામમાં વાત થઈ ગઈ.

એક બીજાને, બીજાએ ચારને, ચારે બારને અને પછી તો અખું ગામ હેલે ચઢયું જેનામાં જેટલી તાકાત હોય તેટલી તાકાતથી એમ જ કહેવા માંડયા "માળું વરૂ તો આવ્યું જ છે!

**જયાં ગાંડાઓનું ગાંડપણ ફેલાતું હોય ત્યાં ડાહ્યાઓએ ડહાપણ દૂર જ રાખવું પડે ને!** નહીં તો....માર જ ખાવો પડે. ડાહ્યાઓ ગામનો ગાડરિયો પ્રવાહ જોઇને ચૂપ રહ્યા.

હવે પેલા બૃહસ્પતીને મઝા પડી ગઇ. એની બહેન બિચારી ભોળી ભોળવાઇ ગઈ. ઉત્તર આપવાની અને કુડ કપટ સમજવાની તાકાત નહીં એટલે ફસાઈ ગઈ. બસ પછીથી પૂછવું જ શું?

લોકોની મર્યાદાને તોડીને પણ તે પોતાની બેનનો મરદ (પતિ) બન્યો. આવી દરદકારક કહાની સાંભળીને ભલા આદમીને શરમ પેદા થાય પણ, "પાપી આંધળો જ હોય છે." હૃદયમાં પાપ કરવાના વિચારોનો અંધકાર ફેલાઈ ગયો હોય પછી દુનિયામાં પ્રકાશ કયાંથી દેખાય ?

કામ-ભોગના આ અંધાપાથી કેવી દશા-કેવા તર્કો થાય છે. તેનું ખરેખરું વર્ણન શાસ્ત્રકાર મહર્ષિએ ઉત્તરાધ્યયન સૂત્રમાં કરેલ છે.

"जे गिद्धा कामभोगेसु, एगे कूडाय गच्छई ।
न मे दिट्ठे परे लोए, चक्खुदिट्ठा इमा रई ॥
हत्थागया इमे कामा कालिया जे अणामया ।
को जाणइ परे लोए अत्थि वा नत्थि वा पुणो ॥
जणेण सद्धिं होक्खामि, इइ बाले पगब्भई" ।

જે કામભોગોમાં ગૃદ્ધ-આસક્ત છે તે અસત્ય ભાષણ (આત્મવંચનાદિ)રૂપ કૂડ એટલે કપટ આચરે જ છે.

શાસ્ત્રકાર તે સ્પષ્ટ જ કહે છે કે, જેની બુધ્ધિ કામ -ભોગરૂપ કાદવમાં ફસાઈ ગઈ તે જાણે કે અજાણે પોતાના આત્મા માટે કસાઇ બનવાનો જ.

પોતે સમજશે કે, હું કેવી સરસ દલીલોને વાતો કરી શકું છુ; પણ ખરેખર તો પોતાના આત્માને છેતરી જ રહ્યો હોય છે.

છતાંય મોંઢેથી તો કહેવાનો : "મેં પરલોક કયાં જોયો છે? (મેં તો) વિષયનો મોજ જ આંખથી જોઈ છે"

ખરેખર આવા શબ્દો બોલતી વખતે બોલનારે પોતાના અંતર પર હાથ રાખ્યો હોય તો ખબર પડે કે પોતે ખરે-

ખર પરલોકને જોતા નથી માટે પરલોક નથી એમ કહે છે કે વિષયની વાસનાથી ભરમાયો છે. માટે આવા શબ્દો બોલે છે.

ખરેખર આવા કામલંપટ માણસોને પરલોક છે કે નહીં તેની તપાસ કરવાની-વિચાર કરવાની કોઇ જરૂર હોતી જ નથી. એમને તો અહીં દેખાય તે બધાં વિષયો પર કુદી પડવું એ જ શ્રેય લાગ્યુ હોય છે.

આવા કામલંપટ આત્માઓને પરલોક સમજાવવાની ગમે તે વાતો કરશો. તોય તેમની વાતો આ જ રહેવાની: આ ભોગસુખ હમણાં તો સ્વાધીન છે (હમણાં લાગ આવ્યો છે). અને પરલોક હોય તો ય શું ? ત્યાં સુખ મળશે એમ જ ને ? પણ અમે કંઈ એવા મૂર્ખા નથી ? અમે પણ સમજીએ છીએ કે, "પરલોકના સુખ તો બધી વાતો છે." પરલોકને જાણે છે જ કોણ ? છે કે નહીં ?

આવાઓનું આલંબન તો જુઓ તેઓ કહે છે "અમે તો બધાં લોકો કરે છે. તેમજ કરીશું" પાપીઓને પાપના આલંબન કદીય ઓછા હોતા નથી. ગમે તેવો સારો કાળ હોય તો ય જેનું હૃદય બાલ (મૂઢ) હોય તેના માટે તો ગમે તેવા કાલમાં ય માલ મેળવવાનું ભાગ્ય સાંપડવાનું નથી, પણ હૈયામાં ધર્મ વસશે તો જ ન્હાલ થવાશે.

"આ લોક મીઠા તો પરલોક કોણ દીઠા" આ સૂત્ર કોઇ એક કાલનું છે. તમે ન સમજશો. એ તો જ્યારે જ્યારે હૃદયમાં કામની વાસના આસક્તિ ભભૂકે છે ત્યારે ત્યારે આવા વિકલ્પો અને તર્કો ઝગમગાવે જ છે.

આમ મોટાભાગના નાસ્તિકો પોતાની ભોગ પીપાસાને

કારણે જ પરલોક-આત્મા વિગેરેના અસ્તિત્ત્વને નકારી કાઢનારા હોય છે.

પ્રશ્ન :- શું જેને આત્મા પરલોકાદિની શ્રદ્ધા નથી તે બધાં જ કામ-ભોગના પિપાસુઓ હોય છે?

ઉત્તર :- ભગવાનના શાસનમાં કોઇ વાત એકાંત તો કહેવાય જ નહિ. પણ બહુધા સ્થિતિ આવી જ હોય છે અને એટલે જ દુનિયામાં જેમ જેમ ભોગ-રંગ-રાગ વધતાં જાય છે તેમ તેમ ધર્મની શ્રદ્ધા તૂટતી જાય છે.

કદાચ કોઈક જીવને આવા પદાર્થોનું જ્ઞાન ન હોય તો અજ્ઞાનના કારણે પણ તેને આવા પદાર્થોની શ્રદ્ધા ન થઈ હોય તે બનવા જોગ છે. પણ—

"ધ્યાનમાં રાખજો કે અજ્ઞાની આત્માનું અજ્ઞાન જ્ઞાનીઓનો યોગ થતાં-તેમના ઉપદેશનું પાન થતાં ટળી જશે. પણ મોહમાં મુગ્ધ બનેલાને ભગવાન જેવા ઉપદેશક મળશે તોય કોઈ ઉપકાર નહીં થાય."

એટલે સમજવું જ પડશે કે જેઓને આવા તત્ત્વો સમજાવનાર શાસ્ત્રો અને સદ્‌ગુરુઓ મળ્યા છે. તેવાઓ પણ જ્યારે આત્માદિ પદાર્થને માનવા માટે તૈયાર ન હોય ત્યારે તો તેમનામાં મોહનું જોર જ કામ કરી રહેલ છે. તેમ સમજવું

આપણો પ્રસ્તુત વિષય તો આત્માનું જ્ઞાન કરવા દ્વારા સિધ્ધ ભગવતોનું જ્ઞાન કરીને "નમો સિધ્ધાણં" એ પદના ભાવાર્થને સમજવાનો છે.

પણ જ્યાં સુધી અમુક પ્રકારનો મોહ ઓછો ન થાય ત્યાં સુધી આત્મા સિદ્ધ પરમાત્મા વિગેરે તત્ત્વોમાં સાચી શ્રદ્ધા પેદા થતી નથી.

જેમ વિષયની પિપાસા આત્માની શ્રદ્ધામાં ઘાતક છે, તેમ વિષયનો વિરાગ પણ આત્માની શ્રદ્ધા પેદા કરાવવામાં કારણ બને છે. તેથી જ શાસ્ત્રકારોએ સમ્યક્ત્વ પ્રાપ્તિ માટે પૂર્વજ્ઞાન–અંગજ્ઞાન (આગમજ્ઞાન) કે બીજું કોઈ જ્ઞાન કારણરૂપ નથી. માન્યુ, પણ તિર્યંચ જેવા અજ્ઞાની ભવમાં પણ વિષયનો વિરાગ હોય તો ત્યાં પણ સમ્યક્ત્વ પ્રગટી શકે છે; તેમ શાસ્ત્રકારોએ સ્પષ્ટ જણાવ્યુ છે.

જો તિર્યંચ જેવા અજ્ઞાની જીવને પણ વિષયનો વિરાગ હોઈ શકે અને મનુષ્યને ન હોય ત્યારે તે બેમાંથી સાચા પશું કોને કહેવા?

વિષયવાસનાવાળો આત્મા બે પગવાળો મનુષ્ય હોય તો પણ તેને ચાર પગવાળો પશું જ સમજવો. આમ જયારે વિષય વિરાગ પ્રગટે ત્યારે કદાગ્રહ પણ ઓગળવા માંડે છે અને પદાર્થ માત્રનું સાચું સ્વરૂપ સમજાવા માંડે છે. અને કદાગ્રહો પીગળી જતાં સાચી માન્યતા પેદા થાય છે. છેવટે આત્માદિ પદાર્થોનું સાચું સ્વરૂપ પણ સમજાય છે

卐

# આત્મસિદ્ધિ

આત્માને શરીરથી જુદો ન માનનારો એક માત્ર નાસ્તિક જ છે. જ્યારે બાકીના બધાય દર્શનકારો આત્માને શરીરથી જુદો તો પ્રાય; માને જ છે માટે બધાય આસ્તિક દર્શનકારો આત્માને સિદ્ધ કરવા માટે અનેકાનેક દલીલો આપે છે અને પોતે પોતાના જ્ઞાન પ્રમાણે આત્માના અસ્તિત્વને સિદ્ધ કરે છે. અહીં આપણે વિસ્તારથી પ્રત્યેક દર્શનકારની દલીલોનો વિચાર તો નહીં કરી શકીએ પણ આપણો મુખ્ય વિષય "નમો સિદ્ધાણં" સ્પષ્ટ થાય. આત્મા છે જ એવો પાકો વિશ્વાસ થઇ જાય. પછી ક્યારેય શ્રદ્ધાથી નખસાય. આત્મા દુર્ગતિઓમાં ન ફસાય તે માટે અહીં માત્ર મુખ્ય દલીલોનો ખ્યાલ કરીશું.

જ્યાં સુધી આત્મા છે તેવો નિશ્ચય ન થાય ત્યાં સુધી ન તો મોક્ષની ઇચ્છા પેદા થાય, ન ધર્મ કરવાની વાસ્તવિક જરૂર સમજાય કે ન પાપ કરતાં ડર પેદા થાય. માટે કોઇપણ ધર્મનું અનુષ્ઠાન આત્માની શ્રદ્ધા ન હોય તો નિરર્થક જ કહેવાય માટે 'ધર્મ' ની પણ સિદ્ધિ કરતાં પહેલાં 'આત્મા' ની સિદ્ધિ કરવી જોઈએ. એક વખત આત્મા છે એ બરાબર સમજાઇ જાય તો કર્મ, પરલોક, મોક્ષ વિગેરેની પણ સમજ બરાબર આવી જાય.

જ્યાં સુધી પાયો ન નંખાય ત્યાં સુધી મકાન ન બનાવી શકાય. કદાચ ગમે તેમ કોઈએ ઉભું કર્યું હોય તો પણ જરાક સંકટ આવતાં જરાક વરસાદ કે વાવાઝોડું થતાં કયારે પડી જાય તે ન કહેવાય. માટે આત્માની શ્રદ્ધાથી રહિત ધર્મ-ક્રિયા કયારે પાપક્રિયામાં પલટાઈ જાય તે કહેવાય નહીં.

બૃહસ્પતિના દૃષ્ટાંતદ્વારા આપણે જોઈ ગયા છીએ કે આત્માનું જ્ઞાન ન હોવાથી તેની બહેનની આત્મની શ્રદ્ધા પણ ચાલી ગઈ અને તેના ભાઈ સાથે પણ તેણે લગ્ન કર્યા માટે અહીં આપણો વિષય મજબૂત જ બન્યો કહેવાશે. જે જીવનમાં જરૂરી હોય આગળ વધારનારૂં હોય. તે બધું જ વ્યાખ્યાનમાં આવશ્યક કહેવાય ત્યારે આતો મુખ્ય વિષય છે. માટે આનો વિચાર કરતાં દિવસો નીકળી જાય તો પણ કંટાળતા નહીં. તત્ત્વની વાત સાંભળતા કંટાળો આવે તો મોક્ષની આરાધના કંગાલ થવા માંડે માટે તો તત્ત્વાર્થના કર્ત્તા પૂ.ઉમાસ્વાતિ મહારાજે શ્રદ્ધા થવામાં સમ્યગ્ દર્શનની-પ્રાપ્તિ થવામાં પણ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જરૂરી માન્યો છે. આમ હવે આપણે "આત્માની સિદ્ધિ કરીશું"

## દેખાય તે માનવુ કે હોય તે માનવું?

અહીં વિચારો કે જો આત્મા બીજી બધી વસ્તુની જેમ દેખાતો હોત તો તમારે કોઇને ય પુછવું ન પડત કે આત્મા છે કે નહીં? એમ આત્માને દેખાડી શકતા નથી એટલે જ તમે પણ માનવામાં આનાકાની કરો છો ને?

પણ પહેલાં એ નક્કી કરો કે જેટલું દેખાય તેટલું જ માનવું કે, ન દેખાઇ તે પણ મનાય?

કારણ કે, તમને ગમે તેવી યુક્તિથી સમજાવીએ છતાં ય જો એ જ વાત કરવાની હોય કે, એ બધી વાત ખરી પણ અમે તો કંઈ ન સમજી શકીએ; જેટલું જોઈએ તેટલું જ માનીએ તો પહેલાં એ નક્કી કરવું પડે ને કે, "દેખાઈ તે માનવું કે હોય તે માનવુ ?"

આગળ જે નાસ્તિક દર્શનકારની વાત કરી ગયા તેની પણ, એ જ વાત છે કે 'જે દેખાય તે જ માનવુ ન દેખાય તે ન જ માનવું'.

તેથી બધાં દર્શનકારો ભેગા થઇને સવાલ કરે છે. તો ય તે એક જ રટયા કરે છે કે, તમારી બધા ય વાતો સાચી હશે પણ........ "જે દેખાતું નથી તેને કેમ માનવું ?"

આ નાસ્તિક દર્શનકારને પૂછો કે, તું જંગલમાં જાય અને કોઇ તરતના જન્મેલા બાળકને એકલું-અટુલું જુએ તો એ બાળકના કોઈ મા-બાપ હશે એમ માને ખરો કે નહીં ?

જો એ બાળકના મા-બાપ નથી એમજ માનતો હોય તો મા-બાપ વિના એ બાળકની ઉત્પત્તિ થઇ કેવી રીતે ?

સાક્ષાત્ કે પરંપરાએ કોઈ રીતે પણ માતા-પિતાના સંયોગની જરૂર ન હોય તેમજ તું માનતો હોય તો તું માટીમાંથી પણ એવું બાળક પેદા કરી જ શકે ને ? 'કરી આપે જો.'

ત્યારે આખરે કહેશે કે, બાળક છે, તો તેના મા-બાપ તો હોવાં જ જોઇએ !

બસ, અહીં જ એને પકડવો જોઇએ કે, કેમ ભાઇ તું તો જુએ એને માનનારો છે ને ? તે બાળકના માતા-પિતાને

તો જોયા નથી તો કેવી રીતે માને છે કે, તે બાળકના માતા -પિતા હોવાં જોઇએ.

ત્યારે તેને કહેવું જ પડશે કે, બાળક હોય તો મા-બાપ હોવાં જ જોઇએ.

જે જે બાળક હોય છે તે તે બધાંના મા-બાપ હોય છે. માટે આ પણ બાળક છે. તેથી તેના પણ મા-બાપ હોવાં જોઇએ !

જયારે નાસ્તિક આવી વાત કરે ત્યારે કહેવું ધન્યવાદ છે તને !

હવે તારો એ સિધ્ધાંત તો ન જ રહ્યો કે, જેટલું દેખાય એટલું જ માનવું જોઇએ. કો'ક વખતે ન જોયેલું પણ માનવુ પડે. આને જ અનુમાનપ્રમાણ કહેવાય.

આથી જ શાસ્ત્રીય ભાષામાં કહીએ તો માત્ર પ્રત્યક્ષ પ્રમાણથી ન ચાલે પણ, અનુમાનપ્રમાણ પણ માનવું જ પડે. અને તમારી ભાષામાં કહીએ તો જોઇએ એટલું જ માનવું જોઇએ તેવું નહીં પણ ન જોયેલું ય માનવું પડે.

તાત્ત્વિકવાતોમાં તો માત્ર પ્રત્યક્ષ પ્રમાણ માનનારાને કેટલા દોષો આવે તેની વાત જરાક પછી વિચારો તમને લાગશે કે, પ્રત્યક્ષને પ્રમાણ માનનારો જો તેના મતને સીધી રીતે વળગી રહે તો દુનિયાનો કોઇ પણ વ્યવહાર ચલાવવા માટે ય સમર્થ બની શકે તેમ નથી.

સમજો કે, આવા નાસ્તિકમતને અવલંબનારો રસ્તામાંથી જતો હોય અને પાછળથી ગાડી દોડતી આવે છે. અથવા સાપ આવી રહ્યો છે. તો પહેલાં તે નાસ્તિક તે ગાડીને કે સાપને જોશે કે સીધો એક બાજુ ખસીને કે દોડીને પછી જ પાછળ ગાડી કે સાપ જોશે ?

જો તેના મતને વફાદાર હોય એટલે દેખાય તેટલું જ માનવું તેમ હોય તો તેને પહેલાં જ જોવું જોઇએ. અને પાછળ જોવા જાય ત્યાં સુધીમાં તો ઠેકાણે જ પડી જાયને !

કહો કે આવા વખતે તો પાછું વળીને જોવાની રાહ જુએ જ નહીં ! એક બાજુ ખસી જાય.

જૂઓ, આવા મતવાળાનેય પહેલાં ખસી ગયા વિના છૂટકો છે ?

તેવાને પૂછવું કે, "કેમ ભાઈ! તારા મતને તો પહેલાં માન તેં પોતે મોટર દોડતી જોઇ નથી કે સાપ આવતો જોયો નથી કે તેનો અવાજ પણ સાંભળ્યો નથી છતાં ય શા માટે રસ્તામાંથી તે જોયા વિના દૂર થઇ ગયો.

કહેવું જ પડશે કે, તેણે નક્કી કર્યું કે જેમ હું બીજાને મારા અનુભવમાં આવેલી વાત કહું છું તેમ મને પણ કોઈ તેના અનુભવમાં આવેલી વાત કહે.

જેમ હું પણ મારો સ્વાર્થ ન ઘવાતો હોય તો કંઇ જુઠું બોલતો નથી, તેમ મને બૂમ પાડનારને પણ કોઈ સ્વાર્થ નથી માટે બૂમ પાડે છે. તેથી તેની બૂમ સાંભળીને મારે પહેલાં ખસી જ જવું જોઇએ.

આવી વાત કરે ત્યારે કહેવું કે, ભાઇ ! તેં અનુમાન પ્રમાણ ન સ્વીકાર્યું તો બીજું શું કર્યું ?

ત્યારે તારે રોજના અનુભવ પરથી એક નિયમ નક્કી કરી નાંખવો પડયો કે, "સ્વાર્થ વિના માણસ સાચું બોલે છે" અને રસ્તે ચાલતાં માણસને કંઇ સ્વાર્થ નથી છતાં ય બૂમ પાડે છે. માટે મારે તેનું કહેવું માનવું જોઈએ. તેથી તેં પોતે સાપ કે મોટર ન જોઇ હોવા છતાં ય તે વાત સ્વીકારી.

આ માન્યતાએ તારો એ સિધ્ધાંત તો તૂટી જ ગયો ને!

ફરી તેને કોઇ પૂછે કે, "બોલ! ઝેર ખાવાથી જીવાય કે મરી જવાય, તો તે શું કહે?"

જો મરી ન જવાય એમ કહે તો, સામો માણસ કહે તું ખાઈ બતાવ કેવી રીતે મરી નથી જવાતું?

વળી મરી જવાય એમ જવાબ આપે તો તે નાસ્તિકને તેની સાબિતી પુછવી.

જો કહે, કોઇએ ઝેરખાધું અને મરી ગયો. તેથી વિષ મારનાર છે. એમ નક્કી કરે તો પછી એ સિદ્ધાંત તો ન જ રહ્યો ને કે, પોતે અનુભવેલું જ માનવું પણ બીજાનો અનુભવે ય માન્ય રાખવો આ તો 'આગમ પ્રમાણ' માનવા જેવું થયું.

કારણ કે, "આગમ પ્રમાણ' એટલે જે કદી ખોટું ન બોલે તેવા પુરુષોનું વચન."

માટે કહો કે, જે પોતાની જાતને સાચો નાસ્તિક કહેવરાવવા ઈચ્છતો હોય એને તો ઝેર ખાઇને જ પ્રયોગ કરી જોવો જોઇએ કે, 'ઝેર મારે કે ન મારે?'

છે; આવો કોઈ માઈનો લાલ સાચો નાસ્તિક?

શું આવી માન્યતા ધરાવનારો વ્યવહાર પણ ચલાવી શકે ખરો?

વૈદ્યને ત્યાં ગયો હોય અને વૈદ્ય કહે, તમારૂં લોહી શરીરમાં જે રીતે વહી રહ્યું છે, જે રીતે નાડીમાં ધબકારા ચાલી રહ્યા છે, તે જોતાં એમ થાય છે કે તમારાં પેટમાં કોઈ મોટી ગાંઠ છે, અને દવા નહીં લો તો ચાર દિવસમાં ઉપર પહોંચી જશો.

પહેલાંના જમાનામાં એવા હોંશિયાર વૈદ્ય હતા. નાડી તો શું પણ જીભ, મોઢું કે આંખ જોઈને પણ કહી દે કે શરીરના કયા ભાગમાં ખરાબી છે

બોલો દેખાય એટલું જ માનનારાને પોતાના મતને વફાદાર રહેવું હોય તો દવા લેવાય ખરી ?

પણ તમે એવો કોઈ મૂર્ખ જોયો ખરો કે વૈદ્યને કહે, તું કહે એટલા માત્રથી પેટમાં ગાંઠ છે ને હું મરી જવાનો છું એમ માનીને હું દવા ન લઉં.

મને ગાંઠ દેખાડ કે હું કેવી રીતે મરી જવાનો છું એ જાણ્યા પછી દવા લઉં.

ભલે ધર્મની વાત માનવાની આવે ત્યારે તમે એમ કહો કે, અમે તો જોઈએ તે જ માનીએ પણ આવી વાત આવે ત્યારે તો ન જુઓ તે ય માનો અને ન માનવા જેવું હોય તે ય માનો.

કોઈએ કહ્યું, 'અહીંના પાણીમાં જંતુ છે' બસ ભાઈ-સાહેબને વહેમ પડી ગયો. પછી તો કેવું માનો ? કેવું ગરમ કરીને પાણી પીવા માંડો અને અમે કહીએ કે ભગવાને કહ્યું છે 'સચિત્ત પાણી ન પીવો સચિત્ત પાણી પીવાથી પાણીના અસંખ્યાત જીવોનો નાશ થાય છે તો તરત કહે કે, " અમને જીવ દેખાતા નથી માટે અમે નહીં માનીએ "

પણ, જ્યારે રોગચાળો ફેલાનો હશે ત્યારે તમને પાણીમાં જંતુઓ દેખાતાં હશે ને ?

આપણો વિષય તો એ ચાલી રહ્યો છે કે, નાસ્તિક મતનું અવલંબન કરનારાને વ્યવહારમાં જીવવું પણ મુશ્કેલ છે.

લોકમાં કહેવત છે ને કે 'વિશ્વાસે વહાણ ચાલે' પણ બિચારા આ નાસ્તિકોનું શું થાય? એને તો જોયું તે જ માનવું છે.

આવા જ આગ્રહવાળો ઘરમાં ય કોઈ એવો માણસ હોય કે જે કોઈના પણ કહેવા પર વિશ્વાસ ન રાખતો હોય તો તેની શું દશા થાય, એ તો તમને ખબર છે ને?

ઘરમાં કોઈ એનું માન ન રાખે, નોકર-ચાકરેય એવાનું અપમાન કરે, કોઇ વખત તો એવું બને કે આવા વહેમીઓની સારા માણસો તો શું પણ ખરાબ માણસો ય સેવા કરવા ન રહે.

આવી વ્યકિતને પૂછવું, "બોલ! તને તારી સ્ત્રી પર પ્રેમ શાથી છે? તારી સ્ત્રી છે માટે કે દુરાચારી છે માટે?

જો તારી સ્ત્રી છે એવું તું માનતો હોય તો તારા પ્રત્યેનો પ્રેમ તો એના અંતરમાં હોય ને? તને એનો તે પ્રેમ ઉપર પગ કરે અને નીચે માથું કરે તો ય પ્રત્યક્ષ થાય નહીં.

માત્ર અનુમાન જ લગાડી શકાય. મારા વિના એને ચેન પડતું નથી, દરેક વખતે મને જ યાદ કરે છે, મારા માટે બધું સહન કરવા તૈયાર છે, તેથી તેને મારા પર પ્રેમ હોવો જ જોઈએ.

જો આવી સામાન્ય વાતમાં પણ અનુમાન વિના ન ચાલી શકે તો "જોયું એટલું જ માનવું" એ સિદ્ધાંત રહ્યો કયાં?

નાસ્તિકને પણ પોતાના સ્વજન પ્રત્યે પ્રેમ કે મોહ નથી હોતો?

કયા કારણે મોહ કે પ્રેમ રાખે છે?

સામેનું પાત્ર પ્રેમ આપે છે માટે જ ને? અને સામેનાનો આપણા પ્રત્યે પ્રેમ છે કે નહીં તે જાણવા માટે અનુમાન સિવાય કોઈ પ્રમાણ નાસ્તિક પાસે છે?

આમ સારાય સંસારના વ્યવહારનો મોટો ભાગ અનુમાન પ્રમાણ ઉપર જ ચાલે છે. છતાં ય કેટલાંક આવા મૂર્ખ શિરોમણીઓ હોય છે કે, જેઓ કહે છે કે અમે તો પ્રત્યક્ષ જ પ્રમાણ માનનારા છીએ. એવો ખોટો ગર્વ ધારણ કરી રહ્યા હોય છે.

## શું પ્રત્યક્ષ પ્રમાણ સાચું જ હોય છે?

માત્ર પ્રત્યક્ષ પ્રમાણ માનનારે વિચારવું જોઈએ કે, પાંચ ઇંદ્રિયોની શક્તિ કેટલી મર્યાદિત છે અને એમાં મનુષ્યની ઇંદ્રિય શક્તિ તે પ્રાણીઓ કરતાં પણ ખૂબ નીચી કક્ષાની છે.

તમારા ઘરના એક ખૂણામાં પડેલી ખાંડની ગંધ તમને ના આવે પણ દૂર રહેલી કીડી પકડી પાડે

જેને અનુભવ હોય તે તો સમજી જાય કે કીડીઓ દોડાદોડ કરે છે માટે ઘરમાં કંઇ વેરાયેલું હોવું જોઇએ.

## ઘીના કુલ્લા કેવી રીતે પાછા મળ્યા?

શાસ્ત્રકારોએ આવા પ્રાણીઓમાં પણ જ્ઞાન સ્વીકાર્યું છે, આપણા શરીરમાં જેવો આત્મા છે તેવો જ કીડી જેટલા નાજુક શરીરમાં પણ રહી શકે છે પણ જેમ માણસ અંધારા ઓરડામાં પૂરાઇ જાય અને ઓરડાને એક પણ બારી–બારણુ ન હોય તો તેને બહારની કેટલી વસ્તુ દેખાય? પણ તેમ છતાં ય બારી–બારણાની તડોમાંથી બહુ મહેનત કરે તો થોડું દેખાય. એવી રીતે એકેન્દ્રિય–બેઇન્દ્રિય વિગેરેના શરીરો અંધારા ઓરડાં

જેવા છે તેમાંથી બહારની સંપૂર્ણ દુનિયા અંદર રહેલા માણસને આંખો હોવા છતાં ય દેખાતી નથી. તેમ કીડી જેવા તેઈન્દ્રિયના શરીરમાં સ્પર્શનું જ્ઞાન થાય, સ્વાદનું જ્ઞાન થાય અને ગંધનું જ્ઞાન થાય. એટલો જ પ્રકાશ પ્રાપ્ત થાય છે. પણ તેથી તેમાં રહેલો આત્મા આપણા જેવો નથી. એમ ન કહેવાય. આ પ્રાણીની ગંધશક્તિ ખૂબ અદ્ભૂત હોય છે. તેના માટે એક સરસ દૃષ્ટાંત છે.

જુના વખતમાં ઘી ચામડાના કુલ્લામાં રાખવામાં આવતું હતું. એક ઘીના વેપારીની પાસે આવાં ઘણાં કુલ્લા હતાં. રાતના કેટલાંક ચોરો ઘરમાં ઘુસ્યાં અને બધાં ય કુલ્લા લઈને ચાલતાં થયાં. પણ હવે ચોરાયેલાં કુલ્લાં બધાં પોતાની જગ્યાએ પહોંચાડવા જેટલો સમય હતો નહીં. સવાર થઈ જવા આવી હતી. ચોરો વિચારવા માંડયા, આ બધું અત્યારે કયાં રાખવું ? આખરે બધાંએ મળીને નક્કી કર્યું કે કુલ્લાને ગામની બહાર તળાવમાં લઈ જઈને સંતાડી દેવા. ઉપર પાણી હશે એટલે કોઈને ખબર નહીં પડે !

ચોરો તો તળાવમાં ખાડો કરી મહામહેનતે કુલ્લા ગોઠવીને સવાર પડે તે પહેલાં પોતાના સ્થાને પહોંચી ગયાં.

સવારે વેપારીને ખબર પડી. લોકોને થયું કે આટલા બધાં કુલ્લા એક ચોર લઈ જઈ ન શકે માટે કોઈક ટોળકી હોવી જોઈએ. ટોળકીને તો પકડવી જ જોઈએ. પગેરું શોધનાર માણસો ચારે બાજુ દોડયાં. આજની ભાષામાં કહો તો છૂપી પોલીસ બાવાના વેષમાં આખો દિવસ ગામમાં ફરી ફરીને થાકી પણ કયાં ય કુલ્લાનો પત્તો મળ્યો જ નહીં સાંજનો સમય વ આંવ્યો હતો. ત્યાં ફરતાં—ફરતાં તળાવ પર આવ્યા. થાકીને લોથ-પોથ થયાં હતા. એટલે હાથ-મોંઢુ ધોવા તળા-

વમાં ગયાં. ત્યાં તો તળાવમાં જુએ તો બરાબર વચમાં કીડીએ.

પોલીસોને થયું આ તળાવમાં કીડીઓ કેવી રીતે આવી ? અને તે ય બરાબર વચમાં કયાંથી આવી ? આજુબાજુ કયાંય રસ્તો છે જ નહીં શોધ કરતાં ઉપર નજર ગઇ તો ઉપર બરાબર એક ઝાડની ડાળો હતી. તેના પરથી કીડીઓ પડે જતી હતી.

પોલીસોને બહુ આશ્ચર્ય થયું આટલી બધી કીડીઓ ઉપરથી કેમ પડતી હશે ?

છુપી પોલીસ તો ચાલાક હોય, તરત જ એક જણ તળાવમાં ઉતર્યો. બરાબર કીડીઓની નીચે ખોદવા માંડયાં, જરાક કાદવ દૂર કર્યો કે ઘીના કુલ્લા દેખાયા. માલ મળી ગયો. કહો કીડીની ગંધશકિત કેવી બળવાન !

ઘી કુલ્લામાં, તેના પર પાણી, તેનાથી કેટલાંય હાથ ઉપર ઝાડ છતાંય તેને ગંધ આવે અને પેલા પોલીસો ખોદવા માંડયા ત્યારે ય તેમને 'ઘી' ની ગંધ નહોતી આવી.

આમ કેટલાય પ્રાણીઓમાં માણસ કરતાં અદ્ભૂત ઈંદ્રિય શકિત હોય છે. માટે આપણને પ્રત્યક્ષ થાય ન હ ગંધ આવે નહીં માટે ગંધવાળી વસ્તુ નથી એમ કેમ કહેવાય ?

પણ નાસ્તિકથી ઘટના આ માની શકાશે ખરું ? તેને તો ગંધ આવતી નથી. અને ખાંડ ઘરમાં વેરાયેલી છે તે ખબર નથી. તો તે માની શકાશે નહીં ને ?

અહીં; આપણે તો એ વિચારવાનું છે કે આપણને જેની ગંધ નથી આવતી તેની ગંધ કીડી જેવા નાના પ્રાણીને આવી શકે છે.

તમારા પોતાની ગંધ કેવી આવતી હશે? એ તમને ય ખબર નહીં હોય પણ કૂતરાંને તો તમારા પગલાંની ય ગંધ આવે છે.

બોલો, તમે ખુદ પણ તમારા પગલાંની ગંધ છે તેમ માની શકો છો? છતાં ય ગંધ છે એમ માન્યા વિના છૂટકો છે.

તમે જે અંધારામાં ડગલું ભરી ન શકો તે અંધારામાં જરા ય ભૂલ-ચૂક વિના બિલાડી દોડાદોડ કરી શકે છે ને?

ગીધ ગમે તેટલું ઊંચુ ઉડતુ હોય તો ય એની નજર જમીન સુધી કેવી પહોંચે છે? જરાક ખડખડાટ થાય કે કૂતરૂં ગમે તેવી ઊંઘમાં હોય પણ સજાગ થઈ જાય એટલે એટલું તો નક્કી કરી શકાય કે માણસની ઇંદ્રિયશકિત એટલી શકિતહીન છે કે રૂપવાળી વસ્તું હોવા છતાં ય તેને જોઈ જ શકે તેવું નહીં સ્પર્શવાળી હોવા છતાંય સુંઘી જ શકે તેવું નહીં, રસવાળી હોય એટલે ચાખી જ શકે તેવું નહીં.

શું આપણને માત્ર એક બારીક ખાંડના કણનો સ્વાદ આવે? ગંધ આવે? તેને સ્પષ્ટ રીતે કોઇના કહ્યા વગર જોઇ શકીએ?

આપણે સ્વાદ નથી લઇ શકતા કે સુંઘી નથી શકતા એટલા માત્રથી ખાંડનો કણિયો નથી એમ માનીએ તો ચાલી શકે જ નહીં.

તેથી નક્કી કરવું જોઇએ કે "આપણી ઇંદ્રિયોથી જેટલું અનુભવી શકીએ એટલું જ છે. એમ માનવાનો માણસને અધિકાર જ નથી."

આજનું વિજ્ઞાન સૂક્ષ્મદર્શક યંત્ર વડે કેટલીય એવી

વસ્તુઓ બતાવે છે કે, જે એકલી આંખથી કદી દેખી શકાય જ નહીં.

ત્યારે શું સૂક્ષ્મદર્શકયંત્રથી વસ્તુને જોઈ શકે છે. માટે તે વસ્તુ હતી; કે છે તેથી તે વસ્તુ સૂક્ષ્મદર્શકયંત્રથી દેખાઈ છે ?

આવી રીતે આપણી ઇંદ્રિયશક્તિઓની મર્યાદાને લઇને આપણે ઘણી વસ્તુઓનું જ્ઞાન કરી શકતા નથી. પણ તેથી તે પદાર્થ નથી એમ કેવી રીતે કહેવાય ?

ઇંદ્રિયો તો પોતે ગ્રહણ કરી શકાય તેવા પદાર્થોને જ જાણી શકે. એ પણ ગ્રહણ કરી શકાય તેવા હોય તેમાંથી પણ જે યોગ્ય સ્થળે અને યોગ્ય સમયે રહેલા હોય તેવા પદાર્થોને જ જાણી શકાય.

**"યોગ્ય સ્થળે અને યોગ્ય સમયે પણ ગ્રહણ કરી શકાય તેવા બધા પદાર્થોને જેની ઇંદ્રિયોને કંઈ નુકશાન ન થયું હોય અને જેનુ મન સ્વસ્થ હોય તે જ જાણી શકે."**

જેમ કે આપણે કેરીને જોઈ તો શકીએ છીએ પણ કોઇ આંખની ઉપર જ મૂકી દે તો જોઈ શકાય ખરી ? કે માંથાની પાછળ સંતાડી દે તો દેખાય ખરી ?

તેથી કેરી હોય એટલા માત્રથી જ દેખાય તેવું ન બને તેથી દેખાતી નથી માટે ન જ હોવી જોઈએ એવી માન્યતા કેવી રીતે યોગ્ય કહેવાય ? માટે દેખી શકાય તેવી ચીજ પણ યોગ્ય સ્થળે હોવી જોઇએ.

સૂર્ય તો આંખથી જોઈ શકાય એમ પણ છે અને યોગ્ય સ્થળે પણ છે છતાંય કોઇને જે સ્થળે રાત હોય તે સ્થળેથી જોવાનું મન થાય તો કહેવું જ પડે ને કે યોગ્ય સમય નથી.

અથવા પછી એવું કરો કે જે ગામમાં તમે કદી દિવસે

ન ગયાહોય અને રાતે ગયા હોય તે ગામમાં સૂર્ય નથી એમ જ માની લો કે યોગ્ય સમયની અપેક્ષા કરો?

આવીજ રીતે દિવસે તારા જોવા માંગો કે કૃષ્ણપક્ષની આગલી રાતે ચંદ્રનું અજવાળુ માંગો તો મલે?

પવન એકદમ સ્થિર થઈ ગયો હોય તેવા સમયે દૂરના વૃક્ષોના પુષ્પોની ગંધ માંગો તો મલે?

વળી યોગ્ય સ્થળે અને યોગ્ય સમયે ગ્રહણ કરી શકાય તેવી વસ્તુ પડી હોય છતાં ય ઇંદ્રિયો અશક્ત થઇ ગઈ હોય કે, રોગવાળી થઈ ગઇ હોય તો તેવી સ્થૂલ વસ્તુ પણ ન જાણી શકાય?

ભયંકર 'શરદી' થઈ ગઈ હોય ત્યારે નાક આગળ અત્તરનું પુમડું લો ને તો ય ગંધ ન આવે આંખના નંબર આવી ગયા હોય તો પાસે પડેલું ય ન દેખાય?

તેથી "યોગ્ય સ્થળે અને યોગ્ય સમયે રહેલ પણ ગ્રહણ કરવા યોગ્ય ચીજને ઇંદ્રિયો ત્યારે જ ગ્રહણ કરી શકે કે, ઇંદ્રિયમાં કોઈ પણ હાની કે ખોડ-ખાંપણ હોય નહીં મતલબ ઇંદ્રિયો સ્વસ્થ હોય.

પણ આટલું બધુ હોવા છતાં ય જો જોનારાનું મન સ્વસ્થ ન હોય, બીજા વિચારોમાં લાગી ગયું હોય તો આટલી બધી સામગ્રી હોવા છતાં ય ઇંદ્રિયો દ્વારા તે પદાર્થનું જ્ઞાન ન થાય.

ગાડી પર જવાનું એકદમ મોડું થઇ ગયુ હોય ત્યારે ગાડી પકડવા દોડો. તે વખતે રસ્તાની કેટલી વસ્તુઓ તમે જુઓ? અવાજો સાંભળો?

દુકાન પર ધંધો કરવામાં એકાગ્ર થઈ ગયા હોય તે

વખતે રસ્તા પર શું ચાલે છે ? એ દેખાય એવું હોય તો પણ તમને તેનું જ્ઞાન થાય ખરૂં ?

**માટે એ વાત તો મગજમાંથી નીકળી જ જવી જોઇએ કે જેટલી વસ્તુ દેખાય તેટલી જ વસ્તુ માનવી અને આપણને ન દેખાય કે ઇંદ્રિયોથી ન જાણી શકાય તેટલા માટે તે વસ્તુ નથી.**

આમ ઇંદ્રિયોના શક્તિની એવી મર્યાદા જાણ્યા પછી જે દેખાય એ જ માનવું. ઈંદ્રિયોથી જાણી શકાય તે જ માનવું. આવો આગ્રહ રાખે તો બેવકૂફાઈજ કહેવાય ?

હજી એ પણ સાથે સાથે વિચારી લો કે, જેટલા પદાર્થો વિદ્યમાન છે તેટલા બધા આપણી ઇંદ્રિયોથી જાણી શકતા નથી. તેમજ કેટલાક પદાર્થોને આપણી ઇંદ્રિયો સાચી રીતે જાણી પણ શકતી નથી.

**એથી માત્ર ન જાણવામાં આવે તેથી જ વસ્તુ નથી એમ પણ નહીં અને જેવી રીતે જાણવામાં આવે તેવી જ રીતે વસ્તુઓ હોય છે તેમ પણ નહીં.**

શાસ્ત્રીય ભાષામાં કહીએ તો પ્રત્યક્ષમાં પણ ભ્રમ હોય છે 'ભ્રમ' અટલે **વસ્તુ** જેવાં છે તેવી ન દેખાવી અને જેવી નથી તેવી દેખાવી

ધરો કે, તમને ખૂબ તાવ આવ્યો હોય તેવે વખતે તમે તમારથી થોડા તાવવાળાને હાથ લગાડશો તો, પહેલો કહેશે કે, તમને તાવ છે. પણ તમને તે થોડા તાવવાળાનું શરીર ઠંડુ લાગશે.

ત્યારે શું તે વખતે સામેનાનાં શરીરમાં તાવ નથી ? છે જ. થર્મોમીટર મૂકો એટલે તરત ખ્યાલમાં આવે !

તેવી જ રીતે તમારો એક હાથ ખૂબ ગરમપાણીમાં નાંખો અને એક હાથ ઠંડા પાણીમાં રાખો હવે તમારા બંને હાથ એક જ સાથે એક જ નવસેકા પાણીમાં સાથે નાંખો તો તમારા ઠંડાપાણીવાળા હાથને તે નવસેકું પાણી ગરમ લાગશે જ્યારે ગરમપાણીવાળા હાથને તે જ નવસેકું પાણી ઠંડુ લાગશે. ખરેખર તો નવસેકું પાણી તો એક સરખું જ છે છતાં ય આમ કેમ ?

હાથમાં એક સળગતું લાકડુ લઇને તેને દોરાથી બાંધી ગોળ-ગોળ ફેરવશો તો તમને અગ્નિનું ચક્ર દેખાશે ખરેખર શું ત્યાં અગ્નિનું ચક્ર છે? છતાં ય તમારી ઇંદ્રિયને દેખાય તેનું શું ?

વળી જ્યારે ગાડીમાં બેસીને મુસાફરી કરો છો. ત્યારે બધાં ઝાડ-પાન વગેરે ચાલતા દેખાય છે. અને તમે સ્થિર હોય તેવું લાગે છે. શું ઝાડપાન ચાલે છે ? નહીં જ છતાં ય આમ કેમ દેખાય છે?

રણમાં દૂરથી પાણીનાં ઝરણા હોય એવું દેખાય છે પણ ખરેખર તે પાણી છે કે રેતીને કિરણોના કારણે 'મૃગ-મરીચિકા' દેખાય છે ?

આમ પ્રત્યક્ષથી જેટલું અને જેવું દેખાય તેવું માનવું એ પણ એટલું જ ખોટું છે કે, જેટલું ખોટુ જે ન દેખાય તે ન માનવું તે છે ?

જ્યારે નાસ્તિક એવું કહે કે, હું કંઈ જેવું ખું છું તેવુ નથી માનતો આ તો બધો ભ્રમ છે!

ત્યારે બીજા દર્શનકારો નાસ્તિકનું ગળું પકડે છે. તેને કહે છે તને તો 'ભ્રમ' એ શબ્દ બોલવાનો અધિકાર જ નથી.

કારણ કે 'ભ્રમ છે' એવું જ્ઞાન તું કઈ ઈંદ્રિયથી કરે છે

ભ્રમવાળા સ્થાને જ્યારે દ્રષ્ટ વસ્તુને જુએ છે ત્યારે તો તેને સાચી વસ્તુ ઈંદ્રિય દ્વારા દેખાય જ નહીં. જેમ રણમાં ગયેલો જ્યારે દૂરથી જુએ ત્યારે તેને દેખાવાનું તો પાણી જ. પણ તેને અનુમાનથી જ નક્કી કરવું પડશે કે, ભલે આંખને પાણી દેખાતું હોય છતાં ય આ રણ છે. માટે અહીં પાણીનો સંભવ નથી.

પાણી હોય તો કોઇ પશુ-પંખી ત્યાં હોય કે. ઝાડ-પાન હોય. પણ અહીં કશું જ નથી. અને આ રણ છે સૂર્યનો પ્રકાશ રેતી પર પડી રહ્યો છે. માટે પાણી નથી પણ મૃગજલ છે.

આવી રીતનો વિચાર કરવો તેનું નામ જ અનુમાન અને એ અનુમાન માન્યા વિના બધાં ભ્રમો દૂર થાય નહીં. માટે માનવું જ પડે છે કે, માત્ર પ્રત્યક્ષ પ્રમાણ માનવાથી ચાલી શકે નહીં.

તેથી બધા જ દાર્શનિકો તેને પૂછે છે કે, ભાઈ! તું કોઇને તારો મત સમજાવવા ઇચ્છે છે? 'હા', તો કહે જ ને!

એટલે બીજા દર્શનકારો તેને આગળ પૂછે છે કે શા માટે સમજાવવા ઈચ્છે છે?

'તેઓ તારા મતને નથી જાણતા માટે કે તારા મતને જાણે છે માટે?"

"જો, જાણતા જ હોય તો સમજાવવાની જરૂરિયાત શું છે? અને નથી જાણતાં એમ કહે તો તને નાસ્તિક દર્શનકારને પૂછવું છે કે, સામેવાળા તારો મત નથા જાણતા એ તેં કેવી રીતે નક્કી કર્યું?"

જો નાસ્તિક જવાબ આપે કે સામેવાળો પોતે જ કહે છે કે 'હું માનતો નથી' એ માટે, હું પણ માનું છું કે તે નથી જાણતો. તો કહેવું કે ભાઈ! તારો મત તું ભૂલી ગયો. એ નથી જાણતો! એ વાત તેં એના કહેવા માત્રથી માની લીધી પણ તને તો ન દેખાયને! એની શ્રદ્ધા તને દેખાય જ કેવી રીતે? અને આમ પણ, જો તું બીજાના કહેલા વચનપર વિશ્વાસ રાખવા ઈચ્છતો હોય તો, "તારે આ માણસ સારો છે માટે સાચું બોલે છે" એમ અનુમાન લગાડવું પડે એટલે એકથી બે પ્રમાણ માન્યા વિના તો તારો છૂટકો જ નથી ને!

તેથી તારે તો કોઇને તારો મત સમજાવી શકાય એવી દશા જ નથી કારણ કે, "તારો જ મત સાચો છે અને બીજાના મત ખોટા છે" એવુ તો તું પણ પ્રત્યક્ષથી દેખાડી શકતો નથી. માટે તારો મત સાચો છે. એમ કહેવા માટેય તારે અનુમાનને પ્રમાણ માનવું પડશે અને અનુમાનને પ્રમાણ સ્વીકારીને વાત કરીશ તો તારો (નાસ્તિકનો) મત રહેવાનો જ નથી.

માટે જ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજે તેને વિદ્વાનોની સભામાં સ્થાન નથી આપ્યુ.

જે પોતાનો મત પણ સ્થાપી શકતો નથી અને બીજાને તે મત સમજવાની જરૂર છે કે નહીં તે પણ સાબીત કરી શકતો નથી. તેવાની સાથે વાત કરનારની બુદ્ધિને શું લાંછન ન લાગે!!

માટે હવે તો એ નક્કી કરવું જ પડશે કે, જે વસ્તુ દેખાય તે જ વસ્તુ હોય એવું નહીં અને જેવી દેખાય તેવી હોય તેવું પણ નહીં અર્થાત્ કે જે વસ્તુ ન દેખાય ઇંદ્રિયથી ન જાણી શકાય તે વસ્તુ પણ માનવી પડે. અને પ્રત્યક્ષ જોયેલી

વસ્તુને પણ તર્ક બુદ્ધિથી ચકાસવી પડે. અનુમાન વડે-વિચારવી પડે!

આપણે તો અહીં આત્મા છે કે નહીં તેની વિચારણા કરવી છે. પણ આ ચર્ચાથી એટલું જ નક્કી કરવાનું હતું કે.

(૧) આપણે વિશ્વના બધાંય તત્ત્વોને ઇંદ્રિયોથી જાણી શકીએ તેમ નથી.

(૨) ઇંદ્રિયો જે વિષયને જાણી શકે છે. તે પણ પોતાની યોગ્ય શક્તિ યોગ્ય વિષયના અને યોગ્ય સ્થળ અને યોગ્ય સમયને આધીન થઇને જ જાણી શકે છે.

(૩) ઇંદ્રિયોથી જાણેલા પણ બધા વિષયો સાચા જ હોય છે તેવું પણ નથી.

(૪) તેથી ઇંદ્રિયો દ્વારા જાણેલા પદાર્થો સાચા પદાર્થો છે કે નહીં તે તો અનુમાનદ્વારા જ જાણી શકાય છે.

૫) માટે 'અનુમાન' નામનું પ્રમાણ પણ સ્વીકારવું જોઇએ કે, જે પદાર્થો ઇંદ્રિયો ન જાણી શકતી હોય તેને પણ જણાવી શકે.

જો કે, ઇંદ્રિયોની શક્તિઓની મર્યાદાની આપણે ઘણી વાત વિચારી છે. છતાં ય એક વાત હજુ વધુ વિચારી લો કે,

ચામડી સ્પર્શને, જીભ રસને, નાક-ગંધને, આંખ-રૂપને અને કાન શબ્દને જ જાણી શકે છે.

જીભથી ન તો કોઇ ગંધની ખબર પડી શકે કે, નાકથી ન કોઈ ચીજનો રસ જાણી શકાય. કોઇ આંખો દબાવીને કહે કે, સામેની વસ્તુનો રંગ કેવો છે તો શું કહી શકો? પણ આંખો બંધ હોય અને હાથમાં આપીને આનો સ્પર્શ કેવો છે? એમ પૂછે તો તરત કહી શકાય.

આંધળાના પગ નીચે દેવતા આવે તો તેને ન ખબર પડે પણ દેખતાને કોઇ આંખ ખુલ્લી રાખીને પૂછે કે, કેરીનો રસ કેવો છે તો કહી શકે ખરો? ના.

કારણ કે, દરેક ઇંદ્રિયના વિષયો જુદા જુદા છે. એટલે આંખથી રૂપ દેખાય પણ રસની ખબર ન પડે પણ જીભથી રસ ચખાય. પણ રૂપની ખબર ન પડે તેમ વિચારો કે જેને રૂપ, રસ, ગંધ કે સ્પર્શ કે શબ્દ કંઈ ન હોય તે કોઈ પણ ઈંદ્રિયથી જાણી શકાય ખરો ?

નહીં જ.

જે ચીજનો રૂપ, રસ, ગંધ સ્પર્શ કે શબ્દ ન હોય તેવી ચીજ તો કોઇ રીતે પાંચેય ઇંદ્રિયો ભેગી થાય તો પણ ન જાણી શકે એ સીધી જ વાત છે

આપણે એ નક્કી કરી ગયા છીએ કે. ઇંદ્રિયોથી ન દેખાય એટલા માત્રથી વસ્તુ નથી તેમ ન કહેવાય. માટે આત્મા દેખાતો નથી એટલા માત્રથી નથી એમ પણ ન કહેવાય.

અને તેને રૂપ, રસ, ગંધ, સ્પર્શ કે શબ્દ કંઇ જ નથી માટે તે કેમ દેખાતો નથી તેમ પણ ન પૂછાય. કારણ કે ઈંદ્રિયો તે જાણી શકવા માટે લાયક નથી. તે ઈંદ્રિયદ્વારા આત્મા જાણી શકાતો નથી.

અહીં તમને એમ થાય કે આ તો મહારાજ સાહેબે ખરૂં કર્યું. "ન દેખાય છતાંય વસ્તુ માનવી પડે એમ સાબિત કર્યું. અને અમે જોવાનો આગ્રહ કરીએ તેથી આપે જણાવી દીધું કે, તેને રૂપ, રસ, ગંધ, સ્પર્શ કે શબ્દ નથી માટે તમને દેખાડી શકીએ તેમ નથી. "માટે આપે ગપ્પુ માર્યું હોય કે 'આત્મા' છે. તોય અમને તો કંઈ ખબર જ ન પડે ને!'

પણ ભાઈ! અમારે એવું કોઈ પ્રયોજન નથી. કે 'આત્મા' છે એવું ગપ્પું મારવુ પડે. પણ એ વાત ખરી લાગે છે કે, તમારે યુક્તિ અને તર્કથી આત્મા માનવો પડે છે માટે આત્મા હોવા છતાંય તમે ગપ્પુ કહેવા તૈયાર થયા છો.

'આત્મા છે' એ ભલે કોઈ પણ ઈંદ્રિયથી જાણી ન શકાય. છતાંય માત્ર અનુમાનથી જ જાણી શકાય છે તેવુ પણ નથી આત્મા પ્રત્યક્ષ પણ છે.

પણ, હમણાં તેની વાત રહેવા દો.

## 'આત્મા'નીસિદ્ધિ માટે અનુમાન

તમે અનુમાનને સ્વીકારવાની તો હા પાડી છે ને? તો એનાથી સિદ્ધ કરીને બતાવવામાં આવે છે કે, દેહાદિથી કોઇ જુદી 'આત્મા' નામની વસ્તુ છે. તો તે માનવા તૈયાર થાવને?

ઠીક. ત્યારે તેનાં અનુમાનોનો વિચાર કરીએ.

વિચાર કરો કે અમુક વ્યક્તિ જીવે છે અને અમુક વ્યક્તિ મરી ગઇ છે. આવો તફાવત કેમ પડે છે? અથવા લાકડુ નિર્જીવ છે અને માણસ સજીવ છે આવો તફાવત કેમ?

આપણે ભલે માણસમાં આત્મા છે તેમ કહેવા તત્ત તૈયાર ન થઈ જઈએ. છતાંય એટલું તો માનવું જ પડશેને કે લાકડામાં કે મડદામાં જ્ઞાનશક્તિ, દુ:ખથી દૂર થઇ જવાની કે સુખને મેળવવાની ચેષ્ટા જોવામાં આવતી નથી.

અર્થાત્ લાકડાના ટુકડે ટુકડા કરી નાંખશો કે મડદાંને સળગાવી નાંખશો તો ય, કશી પ્રતિક્રિયા પેદા નહીં થાય ત્યારે નાની કીડી પણ, તડકામાંથી દોડી જઇને છાંયડામાં

જતી જોશો તેને જરા પણ ઈજા થાય તેવું હશે તો ત્યાંથી તે ગમે તે રીતે પલાયન થઈ જશે માટે શરીરમાં રહેતા અર્થાત્ આપણે જેને નિર્જીવ નથી માનતા તે બધા પદાર્થોમાં એક ચેતના નામનુ તત્ત્વ જોવામાં આવે છે જેના કારણે આપણે તે જીવિત ગણાતાઓમાં સુખ પ્રાપ્તિ અને દુઃખ દૂર કરવાની દોડધામ જોઈએ છીએ. આવી દોડધામ કરનાર તત્ત્વનું નામ જ આત્મા છે.

ભલે તમારે એ તત્ત્વને જુદું નામ આપવું હોય તો જુદું નામ આપો. નામ જુદું આપવાથી કોઈ વસ્તુ બદલાઈ જતી નથી

તમને તમારી છોકરી બાપા કહે ને તમારી પત્ની પતિ કહે દુકાનમાં નોકર શેઠ કહે અને મોટા વેપારી ગ્રાહક કહે પણ, તેથી તમારા રૂપ, રંગ, આકૃતિમાં કે ગુણોમાં કોઈ થોડો ફેર પડે છે!

સંસ્કૃતમાં પણ આત્માના જીવ, ક્ષેત્રજ્ઞ પુરુષ, દેહી, શરીર એવા ઘણાંય નામો છે. બીજી બીજી ભાષામાં તેના બીજાં નામો ય હોય. પણ શબ્દો કે ભાષા બદલાવાથી વસ્તુના ગુણો બદલાઈ જતા નથી.

તેથી એ વાત સમજવાની છે કે જેનામાં સુખ-દુઃખનો અનુભવ થાય છે. સુખની પાછળ પ્રવૃત્તિ થતી જોવામાં આવે છે. અને દુઃખથી દૂર થવાની વૃત્તિ જોવામાં આવે છે. તે 'આત્મા' કહેવાય છે.

અહીં સુધી તો આત્માને માનવામાં જગતમાં કોઈને વાંધો નથી.

નાસ્તિક પણ આત્માની માત્ર આવી વ્યાખ્યા કરવામાં

આવે તો સ્વીકારવા તૈયાર છે. પણ જેમ આજના ભણેલાઓ માનવા માંડયા છે તેમ નાસ્તિકનો પણ મત એવો છે કે દુઃખથી દૂર જનારી, સુખ મેળવવા તલસનારી જે ચેતના શક્તિ પેદા થાય છે. એને તમારે આત્મા કહેવો હોય તો ભલે આત્મા કહો.

પણ જેવી રીતે મહુડામાંથી દારૂ પેદા થાય છે તેમ આ શરીર જુદા જુદા ભૂતોમાંથી બનેલું છે. તેમાંથી જ એ શક્તિ પેદા થાય છે. અને તે શકિત જ સુખદુઃખનો અનુભવ કરે છે. શરીર પેદા થતાંની સાથે પેદા થાય છે. અને શરીરનો નાશ થતાંની સાથે તેનો પણ નાશ થઈ જાય છે. આમ એ નાસ્તિકને મૂળ વાત એ કહેવી છે કે "આત્મા" કોઇ એક જન્મમાંથી બીજા જન્મમાં, એક શરીરમાંથી બીજા શરીરમાં જતી આવતી ચીજ નથી

પણ,

જેમ સોડા અને લીંબુ ભેગા કરીએ અને ઉભરો આવે અને થોડો વખત રહીને નષ્ટ થઈ જાય. એમ માતા-પિતાના સંયોગથી કે નર-માદાના સંયોગથી એક એવું તત્ત્વ પેદા થાય છે કે, જેનાથી પ્રાણીઓ જીવે છે અથવા સજીવ કહેવાય છે અને જ્યારે તે શકિત નાશ પામે છે ત્યારે મરણ પામે છે.

અહીં જ મોટો તફાવત છે.

કારણ કે નાસ્તિકે જોયું કે, માતાના ઉદરમાંથી બાળક આવે છે અને શ્મશાનમાં સળગી જાય છે માટે એટલો કાળ જ જીવ છે.

આ તો જેમ તમે નાના છોકરાને કહોને કે બાબો કયાંથી આવ્યો તો 'દવાખાના'માંથી અને દાદાજી મરીને કયાં ગયા

તો કહેન પાછા અવાય એવા ગામ ગયા. એના જેવી વાત છે

જો કે, આપણે અહીં નાસ્તિકમતનું ખંડન કરવા નથી બેઠા. નહીં તો એ વાત બરાબર દલીલોથી સિદ્ધ કરી શકાય કે, કયારે પણ જડ પદાર્થના સંયોગમાત્રથી ચૈતન્ય શકિત પેદા થઈ શકે નહીં. અને શરીરનો નાશ થવા માત્રથી ચૈતન્યશકિતનો નાશ થાય નહીં. પણ આપણે તો આત્મા છે અને તે એક જન્મમાંથી બીજા જન્મમાં આવનારો અને જનારો છે. એક શરીરમાંથી બીજા શરીરમાં જનારો આવનારો તે સિદ્ધ કરવું છે.

માટે નાસ્તિકમતના ખંડનમાં એટલા બધા ઉતર્યા વિના જ એવી રીતે વિચાર કરીશું કે તેનું ખંડન પણ થાય આત્માનું મંડન પણ થય. તમારી શંકાનું દલન પણ થાય અને આત્મા છે એવો વિશ્વાસ હોય તો સ્થિરીકરણ પણ થાય.

નાસ્તિકને કે આજના ભણતરવાદીઓને અને વિજ્ઞાનવાદીઓને પૂછો કે, જો ચેતનાશકિત શરીરના દ્રવ્યોથી કે પાંચ મહાભૂતોમાંથી પેદા થાય છે. એમ માનો તો શરીરને સળગાવી દીધા પછી તો તે 'ચેતના' શકિતનો નાશ થઇ જાયને !

હવે એ નાશ થતાંની સાથે એના અનુભવો અને જ્ઞાન પણ નષ્ટ તો થઈ ગયું ને! ઠીક ત્યારે, કોઇ એક વ્યકિતને તમે અહીં ભણાવો અને બીજી વ્યકિતને પૂછો કે ગઈકાલે મેં ફલાણા ભાઈને જે વાત શીખવી હતી તે તમને આવડે છે કે ? યાદ છે કે ? તો પેલી બીજી વ્યકિત તમને શું કહેશે?

એમજ કહેશેને કે ચકકર ફરી તો નથી ગયું ને? જેને ભણાવ્યું હોય એને પૂછો તો જવાબ મળે પણ જેને ભણાવ્યું નથી એને યાદ રહ્યું કે ન રહ્યું એમ કેવી રીતે પૂછો છો ?

તમે જ વિચાર કરો કે, આજે તમે વ્યાખ્યાનમાં આવ્યા નથી અને કાલે હું તમને પૂછું કે, "કેમ ભાઇ ! કાલે વ્યા-

ખ્યાનમાં જે આવ્યું હતું તે યાદ છે કે નહીં ? તો તમે તરત જ કહેવાના કે, "કાલે તો હું વ્યાખ્યાનમાં આવ્યો નથી તો મને કેવી રીતે યાદ રહે ? "

પણ, જો હું તમને એમ પૂછું કે એવો કંઈ કાયદો થોડો છે કે, જે સાંભળે તેને જ યાદ આવે અને ન સાંભળે તેને યાદ ન જ આવે તો તમને એમજ લાગેને મહારાજ સાહેબનું ઠેકાણે નથી લાગતું.

" આ તો દુનિયાનો કાયદો છે કે, જેને જે વસ્તુ સાંભળી ન હોય તે વસ્તુ કદી તેને યાદ ન જ આવે " અને જો એવી રીતે કોઈ સાંભળે અને કોઇને યાદ રહે, તો પછી કોઈ ખાય અને કોઈનું પેટ પણ કેમ ન ભરાઈ જાય ?

જો એમ કાયદો હોય કે ભણે કોઈ અને આવડે બીજાને તો દુનિયામાં કોઇને ભણવાની જરૂર શી ? તો તમે ય કહોને મહારાજ સાહેબ વ્યાખ્યાનમાં આવ્યા ન હોય છતાંય તે વિષય અમને આવડે કે યાદ રહે એવું હોય તો તો આપનું બધું ભણેલું ય અમને કેમ ન આવડી જાય !

આમ વિશ્વની અંદર કાર્ય—કારણભાવ નક્કી છે. ગરમી જોઇતી હોય તો આગની પાસે જવાય ઠંડક જોઇતી હોય તો બરફ પાસે જવાય.

જો આવો કાર્ય કારણ ભાવ નક્કી ન હોત તો આગની પાસેથી પાણી મલત અને પાણી પાસેથી આગ મળત.

પણ દુનિયામાં કાર્ય-કારણભાવો નિયત છે. તેમ જેને "અનુભવ એટલે કોઈપણ ઇંદ્રિયવડે કે મનવડે પણ જેનું જ્ઞાન કર્યું હોય તેને જ તે યાદી આવી શકે.

સ્મૃતિ-યાદ અને અનુભવનો કાર્ય–કારણભાવ છે એટલે

જ્યારે કોઈપણ વાતની આપણને યાદ આવતી હોય ત્યારે સમજવું કે, કયારે ને કયારે તો આપણે તેનો અનુભવ કર્યો જ હોવો જોઈએ.

આ કાર્ય-કારણભાવ તો ગમે તેવા નાસ્તિકને પણ માન્યા વિના છૂટકો નથી. એવો એક પ્રસંગ તો દુનિયામાંથી બતાવી દે કે ખાધું કોઈએ હોય અને ભૂખ બીજા કોઈની મટી ગઈ હોય દવા કોઇએ ખાધી હોય અને બીજાને સારૂં થયું હોય એવી જ રીતે ભણ્યો કોઇ હોય અને આવડે બીજાને કે ન ભણ્યો હોય તેને યાદ આવે

## જાતિ-સ્મરણના દાખલા શું સિદ્ધ કરે છે ?

હવે આજના જમાનામાં પણ એવા હજારો જાતિસ્મરણના દાખલા મળે છે કે, બાળક જન્મતાંની સાથે જે વિષયનો તેણે આ જન્મમાં કદી અભ્યાસ કર્યો ન હોય તેવા પોતાના પૂર્વજન્મના અનુભવ (બાળક) કહેવા માંડે અને તેના કથન પ્રમાણે જ બધી વસ્તુઓ મળી આવે તો શુ માનવું ?

આવા દાખલાઓ તો આજના જમાનામાં દેશ-પરદેશમાં હજારો છે. માટે બધાજ કઈ અકસ્માત હોય. તેવુ પણ કેવી રીતે માની શકાય અને આવા દાખલા શાસ્ત્રોમાં તો ડગલે-પગલે આવે છે.

હવે આવા દાખલાનો વિચાર કરો કે, પૂર્વભવનું તે તે આત્માનું શરીર તો કયારનું ય ખલાસ થઈ ગયું એટલે તેમાંથી પેદા થયેલી ચેતના પણ નાશ થઈ ગઇ ત્યારે એમજ માનવું પડે કે દેહ અને ઇંદ્રિયોની શક્તિથી પણ કંઇ જુદું તત્ત્વ છે કે જે દેહનો નાશ થયા છતાં પણ નાશ ન પામ્યું. અને પુનર્જન્મ (ફરી ઉત્પન્ન થયેલા) પામેલા નવા શરીરમાં

એ જ તત્ત્વ આવ્યું.

જો દેહમાં પેદા થયેલી શકિત માત્ર જ આત્મા હોય તો પુનર્જન્મની યાદના દાખલા કદી બની શકે જ નહીં.

પુનર્જન્મની યાદ એ નિર્વિવાદ સિદ્ધ કરે છે કે દેહ અને ઇંદ્રિયોથી જુદું કોઇ તત્ત્વ અવશ્ય છે. જે શરીર ખલાસ થતાંની સાથે ખલાસ થઇ જાય છે તેવું નથી કે જે શરીર પેદા થતાંની સાથે જ પેદા થાય છે તેવું નથી. એક શરીર છોડીને બીજા શરીરમાં જાય છે અને ત્યાં જઇને નવો દેહ ધારણ કરે છે.

પ્રશ્ન : તો બધાંને કેમ જાતિસ્મરણ જ્ઞાન થતું નથી ?

ઉત્તર : પહેલાં એ ખ્યાલ કરો કે જાતિસ્મરણ જ્ઞાન એટલે કોઈ નવું કે મહાન જ્ઞાન છે તેવું નથી. પણ જે આજે કરેલી વસ્તુની યાદ બે-ચાર વર્ષ પછી આવે તેમ પૂર્વશરીરમાં કરેલા કાર્યની કે અનુભવની બીજા શરીરમાં યાદ આવે તેનું નામ જ જાતિસ્મરણ જ્ઞાન છે.

જાતિ : જન્મ-સ્મરણ = (પૂર્વજન્મના અનુભવોનું) યાદ આવવું તે જ્ઞાન.

હવે તમારો પ્રશ્ન એ છે કે બધાંયને પૂર્વજન્મ તો હોય છે છતાં ય કેમ બધાંને પોત પોતાના પૂર્વજન્મની યાદ આવતી નથી. આના માટેના થોડા કારણો સમજવાની જરૂર છે.

## યાદ કોને આવે ? સ્મરણ કોને થાય ?

અહીં બેઠેલામાંથી કેટલાકને યાદ છે કે, તેમને પોતાના પાંચમા વર્ષે શું કર્યું હતું ? માંડ પાંચ જણ એવા હશે કે, જેને યાદ હોય કે પાંચમા કે સાતમા વર્ષે શું કર્યું હતું.

એટલા બધાં કાળની વાત શા માટે કરો છો? ગઈકાલે શું ખાધું? એય આ સભામાંથી કેટલા ગણાવી શકે? સમજો કે આ બધું તો ઠીક છે પણ કેટલાયને પૂછીએ છીએ કે ભાઇ પાંચ પ્રતિક્રમણ આવડે છે?

હા, મહારાજ સાહેબ! પાંચ વર્ષ પહેલાં તો બે વર્ષ સુધી મહેનત કરીને શીખ્યો હતો ને યાદ રાખ્યા હતા. પણ હમણાં એક-બે વર્ષથી બિલકુલ કોઈ દિવસ જોયા જ નથી એટલે બધાંય ભૂલી ગયો છું.

કેટલાકની બિચારાની તો એવી દશા હોય છે કે આગળ કરે તો પાછળ ભૂલે! ને પાછલું ગોખે તો આગળનું ભૂલે! ત્યારે કેટલાક એવા પણ અમારા જોવામાં આવે છે કે એક વખત વાંચે એટલે બસ યાદ જ રહી જાય. વર્ષો પછી પૂછીએ તોય તે ભૂલ્યો ન હોય.

તેથી પૂર્વજન્મની વાત તો શું કરવાની પણ આ જન્મમાં જેને યાદ રાખવા માટે કેટલી મહેનત કરી હોય છે. તેવો પાઠો ય યાદ નથી રહેતા તો ગયા જન્મની વાત યાદ જ રહે એવું કેવી રીતે બને?

તેથી એવો કોઈ નિયમ નથી કે હોય કે જે અનુભવ્યું હોય તે બધું યાદ જ રહે! માટે આ જન્મમાં બધાંને પૂર્વજન્મની યાદ આવે જ તેવો નિયમ નથી પણ જેને પૂર્વના જીવનની યાદ આવે છે તે કોઈ દિવસ આ નવા દેહમાં નહીં દેખેલા એવા સ્થળની પૂરેપૂરી માહિતિ આપે છે. પોતાના પૂર્વજન્મના બધાં સ્વજનોના નામ, કામ, ગુપ્તવાતો બધું જ કહી દે છે. અને ત્યાં તપાસ કરતાં ખબર પડે છે કે અમુક વર્ષ પહેલાં ઘરની અમુક વ્યક્તિ મૃત્યુ પામી છે.

હવે જો શરીરમાંથી ચેતના પેદા થતી હોય અને તે જ જ્ઞાન કરવાનું કે, યાદ કરવાનું કામ કરતી હોત તો કદી આવું બનત નહીં માટે આવા જાતિસ્મરણના દાખલાઓથી એ વાત નિર્વિવાદ સિદ્ધ થાય છે કે, શરીરથી જુદુ કોઇ તત્વ છે.

તે તત્ત્વ કોઇ પણ ઇંદ્રિયદ્વારા જોઇ શકાય તેવું નથી એ જ તત્વ એક શરીરમાંથી બીજા શરીરમાં જાય છે પણ શરીરનો નાશ થતાંની સાથે નથી તો નાશ પામતું નથી તો શરીર પેદા થતાંની સાથે પેદા થતું.

આમ જાતિસ્મરણજ્ઞાન એ પૂર્વજન્મની સચોટ સાબિતી છે. પણ હવે પ્રસંગ છે તો જરા જાતિસ્મરણજ્ઞાનનો પણ વિચાર કરીએ તો પછી તે વિષે કંઇ મુંઝવણ રહે નહીં.

## જાતિસ્મરણજ્ઞાન એટલે શું !

આગળ આપણે વિચારી ગયા છીએ તેમ જાતિસ્મરણ-જ્ઞાન એ કોઇ ઇંદ્રિયો અને મન વિના પેદા થતું જ્ઞાન છે તેવું નથી જ. તે માત્ર ઇંદ્રિય અને મનની સહાયથી પેદા થતું જ્ઞાન છે. અને તેથી તેની ગણત્રી પાંચ જ્ઞાનમાંથી મતિજ્ઞાનમાં કરવામાં આવે છે.

મતિજ્ઞાનના પણ સામાન્યથી ૨૮ ભેદ છે તેમાં ધારણા નામના ભેદનો એક વિભાગ છે. રીને શાસ્ત્રમાં "અવિચ્યુત્તિ ધારણા" કહેવામાં આવે છે આ અવિચ્યુત્તિ ધારણા નો જ એક પ્રકાર જાતિસ્મરણજ્ઞાન કહેવામાં આવે છે. આમ જાતિસ્મરણજ્ઞાન એટલે એક પ્રકારનું સ્મરણ–યાદ જ છે. સ્મરણજ્ઞાનમાં બે વસ્તુ હોય છે. એકતો પૂર્વનો પ્રબળ

સંસ્કાર અને વર્તમાનમાં કોઈ નિમિત્ત, જો પૂર્વના પ્રબળ સંસ્કાર ન હોય તો તે વસ્તુ લાંબા કાળ સુધી યાદ રહેતી નથી પણ થોડા વખતમાં જ ભૂલી જવાય છે.

જેમ કોઈએ તમારૂં ભર-સભામાં અપમાન કરે તો તમને મરતા સુધી તે વાત યાદ રહે છે. પણ ગુરૂ મ. કેટલી મહેનત કરીને ચાર સારા શબ્દો સમજાવે કે શીખવાડે તે યાદ રહેતા નથી.

વ્યાખ્યાનમાં શું આવે છે તે બીજે દિવસે જ યાદ ન હોય પણ દુકાનપર ઘરાક આવ્યો હોય અને ચાર વર્ષ પહેલાં માલ ધીર્યો હોય અને પૈસા ન આપ્યા હોય તો તરત યાદ આવી જાય છે.

આમ સંસ્કાર એ તો મતિજ્ઞાન છે. પણ સંસ્કાર પડવાની અંદર કેટલીક વખત મોહનીય કર્મનો ઉદય પણ કામ કરે છે. કેટલીક વખત મોહનીય કર્મનો ક્ષયોપશમ પણ કામ કરે છે.

જેમ કોઈ સાધુને સંયમની પાલનામાં ખુબ રસ છે તો જ્યાં પણ સંયમની વાત આવી હશે, સંયમપાલના માટે નવી ચીજ વાચી હશે કે તરત જ યાદ રહી જશે.

અહીં માનવું જ પડશે કે, સંસ્કાર પડવામાં મોહનીયનો ક્ષયોપશમ પણ સહાયક છે તમને અનુભવ પણ છે કે, દુનિયામાં **જે ચીજ જેને પ્રિય હોય તે ચીજ યાદ કરતાં તેને વાર લાગતી જ નથી"** જો તમને પણ ધર્મની અત્યંત ઉત્કંઠા પેદા થઈ જાય, તેના વિના બીજું ગમે નહીં તેવું હોય, જો વ્યાખ્યાન રસપૂર્વક અને સમજીને સાંભળતા હો તો તરત યાદ રહી જાય.

એક વસ્તુ જ્યાં સુધી સ્પષ્ટ સમજાતી નથી ત્યાં સુધી એને યાદ રાખવાની મુશ્કેલી પડે છે. કારણકે સમજાય નહીં એટલે કંટાળો આવે. અને કંટાળો આવે તે મોહનીય કર્મનો ઉદય, અને આ કંટાળરૂપ મોહનીયનો ઉદય તમારામાં જ્ઞાનના દૃઢ સંસ્કાર જામવા જ ન દે!

કારણ, કંટાળો ચંચળતા પેદા કરે છે અને ચંચળતા પેદા થાય એટલે સ્થિરતા આવે નહીં અને જેમ કપડાને સ્થિર કર્યા વિના તેના પર છાપ લાગે નહીં તેવી રીતે આત્મામાં પણ સ્થિરતા પેદા ન થાય ત્યાં સુધી કોઇ સંસ્કાર પડે જ નહીં.

આમ આવા-આવા જુદા-જુદા કારણોના અભાવે આત્મામાં દૃઢ સંસ્કાર પડતો નથી પણ દૃઢ સંસ્કાર પડી જાય એટલા માત્રથી વસ્તુની યાદ આવે તેવું પણ નથી.

તમારો પૈસા ગણવાનો ગમે તેટલો દૃઢ સંસ્કાર હોય પણ જો વખતે એકતાન થઈને વ્યાખ્યાન સાંભળતા હોય તે વખતે કશું યાદ ન આવે, પણ જેવા બહાર નીકળોને, કોઈક પૈસાના સંબંધની વાત યાદ આવે કે બધું તરત યાદ આવી જાય.

કોઈને સારૂં સંગીત ગાતાં સાંભળો ત્યારે તમને પોતાનેય જે કાંઈ ચાર લિટી આવડતી હોય તે યાદ આવી જાય. પણ કંઈ આખો દિવસ તે લિટીઓ થોડી યાદ આવે છે.

આમ ભૂતકાળના દૃઢ પણ અનુભવો ત્યારે જ યાદ આવે છે કે વર્તમાનમાં તેની સાથે સંબંધવાળું કોઈ પણ

પ્રયોજન હોય–કોઇ પણ એવી ચીજ હોય.

મરેલાની પાછળ ખૂબ ખૂબ રડયા હોય, દિવસોના દિવસો સુધી ખાધું ન હોય, પણ કંઈ ચોવીશ કલાકે તેજ થોડું યાદ રહ્યા કરે છે. વર્ષો જતાં બધું ભૂલાઇ જાય છે. પણ, જેવું કોઇ બિમાર પડયું કે, કોઈનું મરણ થયું તરત આપણને તે આપણું સ્વજન યાદ આવી જાય છે. આમ સ્મૃતિ માટે દૃઢ સંસ્કારની અને તે સંસ્કારને જાગૃત કરવા માટે કોઇ યોગ્ય નિમિત્તની પણ જરૂર રહે છે.

વળી સાથે મોટી વાત એ છે કે, સંસ્કાર જ્યારે પડ્યો હતો ત્યારે ખૂબ તીવ્ર હતો. પણ યાદ કરવાનો સમય આવે છે ત્યારે જો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ મંદ પડી ગયો હોય કે, મનની સ્વસ્થતા ન હોય, વ્યાધિ આદિથી મન નબળું થઈ ગયું હોય તો દૃઢ સંસ્કાર અને નિમિત્ત હોવા છતાં ય તેની યાદ આવતી નથી.

જેમ પાંચ ડીગ્રી તાવ ચઢે ત્યારે માણુસને ગઈ કાલની પણ કોઇ સામાન્ય વાત પૂછશો તો પણ યાદ નહીં આવે યાદ કરતાં કરતાં કંટાળી જશે, કારણ, તે વખતે દેહ અસ્વસ્થ છે એટલે મન પણ નબળું પડી ગયું છે.

વળી 'માષતુષ' મુનિ જેવા કોઇને એકા એક જ્ઞાનાવરણીયકર્મનો ઉદય આવે છે ત્યારે ભણેલું ભૂલાઇ જાય છે. અને 'મા રુષ' અને 'મા તુષ' જેવા સાધારણ શબ્દો પણ યાદ રહી શકતા નથી. આમ જાતિસ્મરણજ્ઞાન થવામાં કેટ–કેટલા કારણોની અપેક્ષા હોય છે. અને તે બધાં સહેલાઇથી મળતા નથી માટે જાતિસ્મરણજ્ઞાન બધાંને થઈ શકતુ નથી

**પ્રશ્ન**:-શું આ જાતિસ્મરણજ્ઞાન સાચુ જ હોય એવો નિયમ છે ?

**ઉત્તર**:-ના, તમે તમારા જ અનુભવની વાત કરો ને કે, તમે જોયું હોય અને સાંભળ્યું હોય તેવું જ તમને યાદ રહે છે કે, કંઈ ભૂલ પણ થઈ જાય છે ? તમે તમારી જાતે જ વસ્તુ મૂકી હોય છે પણ પછી ક્યાં મૂકી છે એ યાદ જ હોય છે. અને કેટલીક વખતે ઠેકાણે પોતે ન મૂકી હોય તે ઠેકાણે પણ મૂકી છે તેવું યાદ આવે છે. તેથી જાતિસ્મરણ-જ્ઞાનમાં આવી કોઈ ખોટી યાદ ન જ આવે. એવો કોઈ નિયમ નથી. અને જે યાદ આવે તે પ્રમાણે જ બધું હોય તેવું પણ નથી.

પોતાના જ પૂર્વ જન્મની ચાર વાત યાદ આવે અને ચાર વાત યાદ ન આવે એવુ પણ બને. અને જે યાદ આવે છે તેમાંય સ્થળની, નામની કે નાની મોટી હકીકતાની ભૂલ આવે તેમ પણ બને.

એકદમ ખોટી વસ્તુ પડવી એટલે કે જેવી ન હોય તેવી જ વસ્તુ યાદ આવવી કે હોય તેનાથી તદ્દન વિપરીત જ યાદ આવે એવું બનવું મુશ્કેલ છે. પણ એ જ્ઞાન જેને જેને હોય તેને સો ટકા સાચું જ જ્ઞાન હોય છે એવું માનવાની જરૂર નથી.

તેથી કોઈના પૂર્વજન્મની વિગતો સાંભળતાં કોઈએ કહેલી વિગતમાંથી બે-ચાર વિગત બરાબરા ન હોય તેટલા માત્રથી તેને જાતિસ્મરણજ્ઞાન નથી તેવું ન કહેવાય કારણ કે એક વાત તો નક્કી જ છે કે જે યાદ આવે છે તેનો સંસ્કાર તો પૂર્વના જન્મમાં ક્યાય પડેલો જ છે.

વળી જેમ કોઇ વાત કે પાઠ બે ચાર વર્ષ સુધી યાદ રહે છે. અને પછી ભૂલી જઈએ છીએ તેમ પણ બને છે. તેમ જાતિસ્મરણ જ્ઞાન એક વખત થયું હોય તે ય પાછું અમુક વખતે ચાલી જાય અર્થાત્ એવું પણ બની શકે કે થોડા વર્ષો પછી તેને પૂર્વજન્મની કંઈ પણ યાદ ન આવે.

## થયેલું જાતિસ્મરણ ચાલી જાય તેનું દૃષ્ટાંત

એક વખત થયેલું જાતિસ્મરણજ્ઞાન પણ ભૂલાઇ જાય છે. તે માટે સિદ્ધરાજજી ઢઢ્ઢાની સત્યઘટના ખૂબ જ વિચારવા જેવી છે. તે કુટુંબ જયપુરમાં રહેતું હતું. તેના બાળકને લઇને શત્રુંજય પર યાત્રા કરવાં જતાં હતા અને અચાનક ગિરિરાજ જોઇને તે બાળક પોતાનો પૂર્વજન્મ કહેવા માંડયો.

તેણે જણાવ્યું કે હું અહીં પૂર્વજન્મમાં પોપટ હતો. ખૂબભાવપૂર્વક આવતો અને દર્શન કરતો આ વાતની યાદ જાળવી રાખવા માટે માતા–પિતાએ તેનું સિદ્ધરાજ નામ પાડયું.

શત્રુંજય–સિદ્ધગિરિ પર થયલ તેના પૂર્વજન્મની યાદ કાયમ રહે તેમ કર્યું અમુક વર્ષો સુધી તે પોતાના અનુભવોની વાત કરતો હતો પણ જેમ મોટો થતો ગયો તેમ એ બધી વાત ભૂલતો ગયો અને મોટા થયા બાદ એવું તો ભૂલીગયો કે તેને કંઈ જ યાદ ન રહ્યું.

પૂર્વજન્મનો અનુવભ યાદ ન રહ્યો એટલું જ નહીં પણ બચપણમાં પૂર્વજન્મની વાત પોતે કરતો હતો તે વાત પણ તેને યાદ નહોતી. તેના સગા–વ્હાલા કહેતા કે, "તું નાનો હતો ત્યારે તો પૂર્વજન્મની વાત કરતો હતો"

તારા માતા–પિતા એનું સિદ્ધરાજ નામ કેમ પાડ્યું ?

તે બધું સમજાવે છતાં ય તેને કશી વાત યાદ આવતી જ નહીં.

તેમજ સાંભળવામાં આવે છે તે પ્રમાણે પોતાની બધી વાતોને પણ ગપ્પા માનતો અને આત્મા જેવી વાત માનવા પણ તૈયાર નહોતો.

એટલે એમ ન સમજવું કે જાતિસ્મરણ થયું એટલે કદી જાય જ નહીં. એ તો માત્ર સ્મરણ યાદ છે. આજે હોય ને કાલે ના હોય. વળી કોઇના સારા જીવન દરમ્યાન જાતિસ્મરણ ન થયું હોય તો અંત સમયે પણ થાય. એવું પણ બને.

વળી એમ ન સમજવું કે આત્મા યુક્તિથી સિદ્ધ થઇ જાય એટલા માત્રથી કોઇ માની લે એમ પણ ન માની લેવુ કે કોઇ આત્માને પ્રત્યક્ષ બતાવી દે એટલે કોઇ આત્માને પ્રત્યક્ષ બતાવી દે એટલે કોઇ માની લેશે.

કારણને આત્માને માનવા માટે બુદ્ધિની નહીં પણ ખરેખર તો કર્મની લઘુતાની જરૂર પડે છે.

તમે પોતે સાચા હશો, તમારી વાત યુકિત-સંગત હશે, તમારા અને તમે જેની સાથે વાત કરો છો તે બંનેના આત્માને લાભકારક પણ હશે, છતાં ય તમારૂં દુષ્કર્મ જોરદાર હશે તો કોઈ તે વાત સાંભળવા કે માનવા પણ તૈયાર નહીં થાય અને પુણ્યકર્મ બળવાન હશે તો ગમે તેવી ખોટી વાત કરશો તો ય લોકો સ્વીકારી લેશે એટલે એમ ન સમજવું કે સાચી વાત હોય એટલા માત્રથી બધાં તેને માની લેશે.

જો સાચી વાત અને પ્રત્યક્ષવાતને બધા એક જ મતે માનતા હોય તો દુનિયાનો કયો માનવી ભલે પછી તે ધાર્મિક હોય કે અધાર્મિક હોય, ચોર હોય કે શાહુકાર હોય, એમ માને કે સત્ય બોલવું નુકશાનકારક છે ખરાબ છે, અધર્મ છે. છતાંય ખરેખર અંતરથી તેનો સ્વિકાર કરનાર કેટલા ? સત્ય બોલવાના પ્રત્યક્ષ ફળો શું આપણુ જોયા નથી ? દુનિયામાં કોઇને ય અપ્રત્યક્ષ છે ? છતાંય કોઇ સત્યને સ્વીકારે છે ?

અહીંવાત તો એ છે કે "જાતિસ્મરણજ્ઞાન થનાર પણ જાતિસ્મરણજ્ઞાનને એ જ જન્મમાં ભૂલી જાય એટલુંજ નહીં પણ જાતિસ્મરણ મને થયું હતું કે નહીં એ પણ ભૂલી જાય.

એક વાત લક્ષ્યમાં રાખજો કે જાતિસ્મરણજ્ઞાન એ માત્ર યાદ કે સ્મૃતિરૂપ જ્ઞાન જ છે. માટે તે જ્ઞાનમાં જે જે બનવા પામે તે બધું આ જ્ઞાનમાં બની શકે ! એટલે બધાંને પૂર્વજન્મનું જ્ઞાન ન થવામાં આવા પણ કારણો હોય છે.

એકદમ હલકા એટલે કીડી–પતંગીયા કે માખી જેવા ભવમાંથી મનુષ્ય બન્યો હોય તો પૂર્વનું શું યાદ આવે ? ત્યાં જે બધાં સંસ્કારો હોય તે મોટે ભાગે અવ્યક્ત સંસ્કારો હોય છે. પશુઓમાં પણ એટલી તીવ્ર સ્મરણશક્તિ અને ગ્રહણશક્તિ ભાગ્યે જ હોય છે. એટલે તેમને તેમના જીવનમાં જ દૃઢ સંસ્કાર પડતા નથી કે પડેલા સંસ્કારો તેમના ચાલીશ–પચાસ વર્ષના જીવનગાળા દરમ્યાન તેમને યાદ રહે.

કેટલાક એવા દૃઢ સંસ્કાર બીજા જન્મ સુધી રહે એવા પણ હોય છે પણ બીજા જન્મમાં તેને સ્પષ્ટરૂપે બીજાને સમજાવી શકતા નથી.

વળી મનુષ્યમાં પણ એવું જોવા મળે છે કે બધાં જ દેશની એક જ ભાષા હોય તેવું બનતું નથી અને બધાં જ માનવી કંઈ બધી જ ભાષા જાણતા હોય તેવું પણ બને નહીં. એટલે નાના છોકરા તો જ્યાં સુધી અહીંની ભાષા બરાબર ન શીખ્યા હોય ત્યાં સુધી પોતાના પૂર્વજન્મની ભાષામાં જ બોલે. જો ભણેલા, ગણેલા કે ધર્મી માતા–પિતા હોય તો સમજે કે, આ કંઈ બોલે છે. પણ કોઈ અણઘડ અને વહેમી હોય તો ભૂત છે, પલિત છે, વ્યંતર છે એમ છોકરાને દુ:ખી દુ:ખી કરી નાંખે અને છોકરો જ્યારે મોટો થાય, પોતાની વાત કરવાની શકિત પેદા થાય, ત્યારે માંડ-માંડ સાચવી રાખેલા સંસ્કારો પણ નષ્ટ થઈ જાય.

તેથી આ મુશ્કેલી પણ પૂર્વજન્મની યાદવાળા બાળકને ખરેખર પૂર્વજન્મની યાદવાળુ છે કે નહીં તેનો નિર્ણય કરી શક વામાં આડે આવે છે.

આવા પણ કેટલાક દાખલાઓ બને છે કે માબાપને ન આવડતી, કોઈ સગા–સંબંધીને ન આવડતી હોય તેવી ભાષામાં પણ છોકરા પૂર્વજન્મની વાતો કરતા હોય છે.

કેટલાકનું એવું પણ માનવું છે કે, બાળક નાનપણમાં એકદમ હસવા કે રડવા માંડે છે. તે કોઈપણ કારણ વિના તેમ નથી કરતા. ત્યારે એને પૂર્વજન્મની યાદ આવતી હોય છે. એમાં કેટલું સત્ય છે એ તો કેવી રીતે ખબર પડે ? પણ કોઈપણ કારણ વિના એકદમ હસવા જ માંડે કે રડવા માંડે તેમાં કોઈ કારણ તો હોવું જ જોઇએ.

ઘણી વખત કેટલાક બાળકો દેખાવમાં બહુ હોશિયાર હોવા છતાં ય ખૂબ મોટી ઉંમરના થાય છતાં ય બોલતા

નથી. તેઓની પાછળ પણ આવા કારણો હોવાનું મનાય છે. પણ આવી વાતો માત્રથી જ બંધુ આમ જ છે તેવો નિર્ણય ન લઈ શકાય.

વજ્રસ્વામી મહારાજને છ મહિનાની ઉંમરમાં પોતાના પૂર્વનો દેવનો ભવ અને ત્યાંની દીક્ષા લેવાની ભાવનાની યાદ આવી હતી એટલે માને કંટાળો આપવા જાણી જોઇને આખો દિવસ રડ્યા કરતા હતા. આવા પણ કેટલા કારણો હોય છે.

બાળકને પૂર્વજન્મની યાદ આવી હોય પણ હજી અહીંની ભાષા પૂર્ણ આવડી ન હોય અને ત્યાંની ભાષા ભૂલાય ગઇ હોય તો હસવા, રડવા સિવાય બીજો માર્ગ પણ કયો રહ્યો ?

વળી નારક અને દેવના ભવો એટલા બધા લાંબા લાંબા છે કે આપણી વચ્ચેથી જે સ્વજન નારક કે દેવના ભવમાં ગયું તે વળી પાછું આપણે જીવતા હોય અને પાછું અહીં આવે તે બનવુ તદ્દન અશક્ય છે. કારણકે, આપણા આયુષ્યની અત્યારે મર્યાદા બહુમાં બહુ ૩૦૦ વર્ષની અને દેવ કે નારકનું ઓછામાં ઓછું આયુષ્ય દશ હજાર વર્ષ પણ દસ હજાર વર્ષ પછી જન્મ લે એટલે ત્યાં સુધી તો તેણે જોયેલી પૃથ્વી, દેશ, માણસો વિગેરેમાં એટલો બધો ફરક પડી ગયો હોય છે કે સહેલાઈથી એ બધા યાદ આવી શકતા નથી. અને એવું નિમિત્ત ન હોય એટલે દેવભવની યાદ આવી પણ આવતી નથી.

નારક અને દેવની દુનિયા એટલી બધી વિચિત્ર છે કે,

ત્યાંના જેવું અહીં કશું હોતું નથી. જેથી તે જોતાં નરક કે સ્વર્ગની સહેલાઈથી યાદ આવે.

જો કે શાસ્ત્રોના વર્ણનો તો છે જ અને તેથી અવંતિ-સુકુમાલ જેવાને સાધુઓના મોઢેથી પાઠ કરતાં કરતાં દેવ-લોકનું વર્ણન સાંભળી જાતિસ્મરણજ્ઞાન થયું પણ આજે તમારા જેવા જૈનંને ય શાસ્ત્રમાં દેવલોક કેવો છે ? કેવો વર્ણવ્યો છે તેની ખબર નથી તો બીજાને શું ખબર પડે ?

તે છતાંય, એવા દાખલાઓ મળી આવે છે જ્યાં મનુષ્યોને પોતાના મનુષ્ય સિવાયના પૂર્વભવોની પણ યાદ આવતી હોય ! પણ માત્ર પૂર્વજન્મથી જ આત્માની સાબિતી થાય છે તેમ નથી. બીજી પણ દલીલો છે.

## તરત જન્મેલ બાળકનું હાસ્ય અને રૂદન

જરા વિચારો કે તરતના જન્મેલા બાળકને એ જ્ઞાન કોણે આપ્યું કે દુઃખ આવે ત્યારે રડવું અને સુખ આવે ત્યારે હસવું ?

હજી તો માતાના ગર્ભમાંથી બહાર આવીને એણે દુનિયા જોઈ નથી. તે પહેલાં આ દુનિયાના વ્યવહારનું જ્ઞાન કેવી રીતે આવ્યું ?

જો જીવ પરલોકમાંથી આવ્યો છે તેમ માનીએ તો કહી શકાય કે, પૂર્વજન્મના તેના સંસ્કારો તેણે લીધાં છે અને તેથી આ જન્મમાં પણ તેને યાદ છે કે દુઃખ થાય ત્યારે રડવુ. જેથી પોતાની સંભાળ લેનાર જે હોય તેનું ધ્યાન જાય. દયા ઉપજે તેને પોતાની પ્રતિકૂળ પરિસ્થિતિનો ખ્યાલ આવે હસવાથી પોતાને કોઇ પ્રસન્નતા થઈ રહી છે

જે પરિસ્થિતિથી હસવું આવે તે પરિસ્થિતિ પોતાને પ્રિય છે તેવી પાલકને ખબર પડે માટે જ બાળક હસતો કે રડતો હોય છે.

પણ, જો આ બધી ચેષ્ટા કરનાર જીવને પરલોકથી આવનારો ન માનીએ તો, તે જીવ માતાના પેટમાં પેદા થયો હોય તો ક્યારે તે જીવ આ બધી વાત શીખ્યો તેનો કોઈ ઉત્તર છે ખરો ?

જો પૂર્વના અભ્યાસ વિના પણ તેનામાં હસવાની કે રડવાની ક્રિયા આપ મેળે જ થયા કરે છે. એમ કહીએ તો હંમેશા બાળક હસ્યા કે રડયા જ કરતો નથી ? દુઃખ પડે ત્યાં પણ હસે. અને સુખ સાંપડે ત્યાં રડે આવુ કેમ ક્યાંય જોવામાં આવતું નથી.

આમ હસવા અને રડવાનો ક્રિયાનું નિયતપણું જ બતાવે છે કે આ ક્રિયાની પાછળ કોઈ જ્ઞાન કામ કરી રહ્યું છે અને એ જ્ઞાન આ જન્મમાં ગ્રહણ નથી કર્યું એ વાત પણ એટલી જ સત્ય છે. માટે હસવા અને રડવાની ક્રિયા કરનારો આ શરીરમાં કોઈ બહારથી આવીને વસેલો છે એ નક્કી જ છે અને તેનું નામ જ 'આત્મા'.

તમે ખાલી તર્ક લગાવવા માટે જ તર્ક લગાવો કે માતાના પેટમાં જ આ વાતનું તેણે શિક્ષણ લીધું હોય છે અને તેથી જન્મતાની સાથે જ તેને હસવા કે રડવા વિગેરેની નિયત ક્રિયા કરવાનું ભાન આવી જાય છે તો આ પણ એક સાહસ છે.

પહેલાં એટલું નક્કી કરો કે કેટલું શરીર બની ગયા પછી તેમાં ચેતના અર્થાત્ કે આવી જ્ઞાનશકિતવાળું તત્ત્વ

પેદા થાય છે. જો સંપૂર્ણ શરીર પેદા થયા પછી તેમાં ચેતનાશકિત–જ્ઞાનશકિત પેદા થાય છે. આવો વિકલ્પ કરે તો પણ બરાબર નથી.

કારણ કે જેમ જન્મ લીધા પછી મા માત્ર બાળકને ખોરાક જ આપી શકે છે. પણ તે ખોરાકને પચાવી દેહરૂપે બનાવવાનું કાર્ય તો તે બાળકની ચેતના શકિત વિના થાય તેવું તો કોઈ નાસ્તિક પણ માની શકે તેમ નથી. ત્યારે માતાના ગર્ભમાં પણ માતા–પિતા દ્વારા શરીર તો ત્યારે જ બની શકે કે, જો અંદર કોઇ ચેતના શકિત હોય.

તેથી માતાના પેટમાં શરીરબની ગયા પછી ચેતના શકિત પેદા થાય તે તો બની શકે જ નહીં એટલે શરીર પેદા થતાંની સાથેજ એટલે કે જેમ કોળિયો મોઢામાં જતાની સાથેજ આત્માની ચેતના શકિત દ્વારા તેના જુદી જુદી ધાતુમાં પરિવર્તન થવાનું કામ શરૂ થઇ જાય છે. તેમ ક્યાં તો માતા–પિતાના ખોરાક સમાન વિશિષ્ટ પદાર્થના સંયોજન થતાંની સાથેજ નથી ચેતના પેદા થાય. તે પહેલાં તો હજી ચેતના પેદા કરનાર પદાર્થ જ નથી તો ચેતના પેદા ક્યાંથી થાય ? માટે એક જ વિકલ્પનું શરણ લેવું પડે છે માતા–પિતાના વિશિષ્ટ દ્રવ્યનો સંયોગ થતાંની સાથે જ ચેતના પેદા થાય છે અને તે શરીર પણ બનાવવા માંડે છે તો વિચાર કરો કે, તે વખતે તેનામાં બધી જ ધાતુઓની યોગ્ય રીતે પરિણમાવીને યોગ્ય અંગોપાંગ બનાવવાનું જ્ઞાન ક્યાંથી પેદા થયું ?

પૂર્વના સંસ્કાર જેવું તો તમે કંઇ માનતા નથી ચેતના તો હમણાં જ પેદા થઈ ત્યારે આવું શિક્ષણ ચેતના પાસે આવ્યું ક્યાંથી ? માનવું જ પડે છે કે માના

પેટમાં શરીર બને છે ત્યાં તો આવી કોઈ ચેતના પેદા થઇ નથી પણ જ્યાં આવો સંયોગ થયો છે અને શરીર બન્યું નથી ત્યાં જ પરલોકથી આત્મા આવે છે અને તે ખોરાક જેવા દ્રવ્યોને ગ્રહણ કરીને શરીરરૂપે પરિમાવે છે એટલે જ ગર્ભમાંથી પણ બાળકને જ્ઞાન હોય એવો કેટલાય દાખલા ઓ જોવા મળે છે પણ ગર્ભમાં ચેતના પેદા થાય છે અને ત્યાં હસવા રડવાનું શિક્ષણ મેળવે છે એ વાત ખોટી છે·

ભગવાન મહાવીરસ્વામી વિગેરેના દાખલા તો તમને બહુ જુના લાગે પણ હમણાંના જમાનાની જ આ વાત છે.

## ગર્ભે રહેલા બાળકને પણ જ્ઞાન છે.

એક માતાને પ્રસૂતિ થતી નહોતી ઘણા ડોકટર પાસે ગઈ પણ કંઇ પત્તો ખાધો નહીં, પછી એક અનુભવીએ તપાસીને કહયું કે બાળકીની આંગળી માતાના પેટમાં ફસાઈ ગઈ છે. એટલે બાળક બહાર આવી શકતું નથી.

પછી તે અનુભવીને લાગ્યું કે અહીં હાથ ફસાઇ ગયો હોય તેવું લાગે છે એટલે ત્યાં આગળ એક નાની સોઇ માતાના પેટમાં મારી. બાળકના હાથ સુધી જેવી પહોંચી કે તરત જ બાળકે હાથ ખસેડી લીધો અને પ્રસૂતિ થઇ ગઈ.

આવા ઉદાહરણોથી માલુમ પડે છે કે, બાળક જન્મ લે છે તે પહેલા જ્યારે ગર્ભમાં હોય છે ત્યારે પણ તેનામાં જ્ઞાનશકિત હોય છે. સંસ્કારો હોય છે.

એવા આ સંસ્કારો અને જ્ઞાન તેને ક્યાંક પૂર્વમાંથી મળ્યા જ હોવા જોઇએ તેથી નક્કી થાય છે કે પરલોકમાંથી

આવનારી કોઈ ચીજ છે અને તેથી જ માતા-પિતાના શુક્ર અને શોણિતના સંયોગમાંથી શરીર બનાવે છે. જો પરલોક-માંથી આવેલો જ્ઞાનવાળો આત્મા માતા-પિતાના શુક્ર અને શોણિતમાંથી શરીર ન બનાવતો હોય તો જેટલી વખત સંયોગ થાય તેટલી વખત બાળક પેદા થવું જોઇએ પણ બચ્ચાના કોડે મરતા કેટલાય વાંઝિયા તમે નથી જોયા ! શું તે બધા બ્રહ્મચારી છે ?

તેથી પણ આગળ દલીલ કરીને કોઇ કહે કે, એ બધું ગમે તેમ હોય તેની અમને ખબર નથી. પણ અમે તો એટલું જાણીએ કે હૃદય બંધ પડે છે. શ્વાસોચ્છ્વાસ બંધ પડે છે એટલે માણસ મરી ગયો કહેવાય છે. એટલે શ્વાસો-ચ્છ્વાસ એજ જીવન અને તે બંધ થાય એટલે માણસ મરી ગયો કહેવાય.

આવાને પૂછવું કે ઠીક, આ શ્વાસોચ્છ્વાસ એજ જીવન છે અને તેજ ચેતના છે તો શ્વાસોચ્છ્વાસ બંધ થાય પછી મરણ થવું કહેવાય કે મરણ થયા પચી શ્વાસોચ્છ્વાસ બંધ થાય ?

મરણ થયા પછી તો શ્વાસોચ્છ્વાસ ન થવામાં શું બાકી રહ્યું માટે એજ વિકલ્પ તેને માનવો પડશે. પહેલાં શ્વાસો-ચ્છ્વાસ બંધ થઈ જાય પછી માણસ મરેલો કહેવાય !

તો કેટલાય એવા યોગ નિષ્ણાત હોય છે કે જે બિલ્કુલ હવા વિના પણ જીવે છે શ્વાસોચ્છ્વાસને બિલ્કુલ રોકી દે છે અને કેટલીક વખત કેટલા દરદીઓનો શ્વાસોચ્છ્વાસ અને હૃદય બધુંય થાય છે. અને વળી પાછું ચાલું

થાય છે. તેથી માનવું જ પડે છે કે શ્વાસોચ્છ્વાસ એ જીવન નથી કે ચેતના નથી.

પણ ચેતના જ શ્વાસોચ્છવાસ કરે છે. અને તેથી જ્યારે આત્મા શરીરમાંથી નીકળી જાય છે પછી ગમે તેટલી રીતે શ્વાસોચ્છ્વાસ કરાવવાના અને લોહીને પ્રાણવાયુ આપવાના પ્રયત્નો કરવાં છતાં કંઇ થતું નથી.

આજ શતાવે છે કે આ શરીરની ક્રિયામાંથી કોઇ પણ એવી ક્રિયા નથી કે, જે દ્વારા 'ચેતના' પેદા થાય અને જે ન હોય તો 'ચેતના' નો નાશ થાય.

વળી પરકાય પ્રવેશની વિદ્યામાં જે નિપુણ હોય કે સુક્ષ્મયોગ જેને સાધ્ય હોય તે પોતાના શરીરમાંથી આત્મા કાઢીને બીજાના શરીરમાં પ્રવેશી શકે છે.

આ બધી વસ્તુઓ પણ દેહથી આત્માનું પૃથક્ અસ્તિત્વ સિદ્ધ કરે છે.

હિંદુ લોકોમાં શંકરાચાર્યની પરકાયપ્રવેશની વાત પ્રસિદ્ધ છે. કુમારપાલ મહારાજાનો રોગ મટાડવા હેમચંદ્રાચાર્ય મહારાજે કોળામાં પ્રવેશ કર્યો હતો તે પણ પ્રસિદ્ધ વાત છે. આ જમાનામાં પણ કેટલાય પાસે આવી સિદ્ધિ હોવાનું કહેવાય છે.

વળી કેટલાકને દેવ વિગેરેનું સાનિધ્ય હોય છે. જેથી પણ પ્રત્યક્ષથી આત્માની સિદ્ધિ થાય છે. અને પરલોક છે તે પણ સિદ્ધ થાય છે.

જો કે દુનિયામાં સાચાની જોડે ખોટા ખૂબ બ ઘુસી

જાય છે. તેથી સત્ય શોધી કાઢવું મુશ્કેલ બની જાય છે કેટ-લાય ઢોંગીઓ ઢોંગ ખાતર ભૂત-પ્રેત કે દેવ આવ્યા છે તેવું આચરણ કરે છે. તેથી જ સત્ય ઘટનાઓ હોય તેના તરફ પણ લોકો સંશયની, વહેમની કે જુઠાણાની દૃષ્ટિએ જુવે છે પણ જો લોકો આવું ધતીંગ બંધ કરી દે તો આવી કેટલીક સાચી વસ્તુઓ જોઈને નાસ્તિકમાં નાસ્તિકને પણ ખાત્રી થઈ જાય કે પરલોક છે. તેમજ દેહથી જુદો આત્મા છે.

કેટલાક લોકો ભૂત અને પ્રેતના નામે પોતાનું ઇષ્ટ સાધે છે. અને પછી તેવા ભંડાઓની વાત અન્યને ખબર પડે છે. તેથી બીજાની શ્રદ્ધા પણ ખલાસ થઈ જાય છે

## 'ભૂત-પ્રેતના નામે ઢોંગ'

થોડા સમય પહેલાંની વાત છે. એક ગામમાં એક ડોશીમાં અને તેમનો દીકરો રહેતા હતા. બાપા મરી ગયેલા. ધીમે ધીમે દીકરો મોટો થતો ગયો.

આ તરફ ડોશીમાંને સાસુ બનવાના, ગગાની વહુ ઘેર લાવવાના કોડ પણ વધતા ગયા.

ડોશીમાં રોજ દીકરાને કહે, "ગગા ! હવે તો પરણી જા," હું ઘરડી થવા આવી. તારા દીકરાનું મોં જોઈને મરૂં એટલે મારો જીવ નિરાંતે છૂટે !"

પણ દીકરો સમજે કે લોકોનાં ઘરમાં કંઈ સાસુ-વહુની ઓછી હોળી સળગે છે. તે અહીં કંઈ નવું થવાનું છે.

દીકરો કહે, "મા ! રહેવા દે ને શું દુઃખ છે ! કામ ન થાય તો નોકર રાખી લેજે !"

પણ, ડોશીમાં માને શેનાં? એને તો કોડ પૂરા કરવા

હતા ને ? " ભાઇ ! બધી વહુઓ ખરાબ થોડી હોય છે ? એ જરા ગરમ સ્વભાવની હશે તો આપણે નરમ રહીશું, પણ હમણાં તો તું પરણી જા."

માંના આગ્રહથી દીકરો વહુ તો લઈ આવ્યો, પણ આવી ત્યારથી કકળાટ શરુ થઇ ગયો.

ડોશી તો શું રસ્તો કાઢવો તેના વિચારમાં છે. અને વહુ તો રોજ નવા-નવા ખેલ કરે છે.

માં દીકરાને કહેવાનું મન કરે પણ યાદ આવે કે, "મેં જ તો પેટ ચોળીને પીડા ઊભી કરી છે." હવે કયા મોંઢે દીકરાને ફરિયાદ કરવી ?"

વહુ પણ જુએ છે કે "મારો પતિ માવડયો છે સીધે સીધું માનશે નહીં, ઢોંગ ધતીંગ કરવા દે.

એક દિવસ સવારે વહેલી ઊઠીને વહુ તો મોટે મોટેથી રડવા લાગી ને કૂટવા લાગી આજુ-બાજુના લોકો ભેગા થઈ ગયા.

પછી તો પૂછવાનું શું ? એને તો શૂરાતન ચઢયું. માથા પરનો છેડો નીચે નાંખ્યો વાળ છૂટા કર્યા ને જોર-જોરથી ધૂણવા લાગી.

કોઈ કહે "અરે ! આ તો માતાજી આવ્યા.

કોઈ કહે ના, ના-સોરધન બાપા ખોળિયે આવ્યા. ડોશીમાંના દીકરાને સૌ કહેવા લાગ્યા." તમે માતાજીને પગે લાગો. તેમની આશા-અભિલાષા પૂછો નહિતર ખેદાન-મેદાન થઈ જશે."

દીકરાએ પૂછયું, "બોલો તમારી શી ઇચ્છા છે ?" વહુએ કહ્યું, "તારી માનું માથું મુંડાવી મોઢે મેંસ લગાડી મને પગે લગાડ, નહિતર તારૂં ઘર નહિ છોડું."

છોકરો સમજતો હતો કે આ બધા ઢોંગ છે. આને બરાબર શિક્ષા કરવી પડશે. એ તો સીધો વહુના પિયર ગયો. વહુ પણ પિયરમાં તેની માની એકનીએક દીકરી હતી. બીજું કંઇ સંતાન નહિ. વહુની માને બધું સમજાવ્યું. તમારી દીકરીના સુખ માટે તમે ભોગ આપો. સગી માં ને સગી દીકરી, પછી લાગણી તો હોય જ ને! મા તૈયાર થઇ ગઈ. જમાઈએ બતાવ્યા પ્રમાણે સંપૂર્ણ તૈયારી કરી લીધી.

માથું મુંડાવી, મોઢે મેંસ લગાડી વહુની મા તો બિચારી રડતી રડતી દીકરી પાસે આવી પગે પડી.

માંએ તો લાજ-બાજ કાઢેલી છે વહુને થાય છે આજ મારા ધણીને બતલાવું કે તારી માનું અભિમાન ઉતાર્યું કે નહિ ?

મા તો સ્ત્રીની જાત. મનમાં આવે અને બકે નહિ તો ચાલે કેમ ?

લહેરમાં આવી વહુએ મોટેથી કહ્યું

" देख रंडी का चाला शिर मुंडा मुंह काला,

તેનો પતિ તો સમજતો હતો એટલે તેણે પણ તેના સામે જ ધડાકો કર્યો.

" देख ! मरदोंकी फेरी, मा तेरी के मेरी" –

હવે શું ? જ્યાં પોતાની માનું નામ આવ્યું ત્યાં ઢીલી ઘેંસ.

જગતમાં ઘણાય માનના—અભિમાનના ભૂખ્યા પોતાનો સ્વાર્થ સાધવા. પોતાના ઘરમાં પોતાનું નામ વધારવા કે લોકોને છેતરવા માટે આવા ઢોંગ-ધતીંગ કરે છે.

લોકો સમજે કે. " માતાજી આવે છે એટલે એને માનો, પૂજો નહીં તો નુકશાન થશે." પણ પછી જ્યારે આ વાત ખુલ્લી પડે છે ત્યારે ઘણાં ભૂત-પ્રેત જેવી કોઈ યોનિ માનવા તૈયાર થતાં નથી. તેઓને ડબ્બલ જોર મળે છે. તેમની નાસ્તિકતા માટે પૂરતા દાખલા મળી જાય છે.

ઘણી વખત તો દેખાય કે ડરપોક અને બીકણુ આદમીઓ રાતના કંઇ જુએ કે સાંભળે એટલા માત્રથી જ ડરીને 'ભૂત છે, ભૂત છે,' એવી ખોટી વાતો તપાસ કર્યા વિના જ ફેલાવી દે છે

લોકોને પણ ઊડતી વાતો ઉડાડવામાં ખૂબ રસ હોય છે. એક કહે "અલ્યા! રાતે મેં કંઇ સાંભળ્યું હતુ" હજી પેલો તો વિચાર કરતો હોય કે શું હશે? ત્યાં તો બીજો કહી દે "અરે! ફલાણાનું ભૂત જ હશે?" ત્રીજો એ જ વાત બીજાને કહે. "હા, ભૂત પેલા ભાઈએ નજરે જ જોયું હતું" અને સારા ય ગામમાં આ વાત ફેલાઈ જાય. અને કોઈ તપાસ કરે ત્યારે કંઈ નીકળે જ નહીં, એટલે ભૂત-પ્રેત-દેવાદિ યોનિની બધી વાતો ખોટી જ છે. એમ પ્રસિદ્ધ થાય.

પણ એવા કેટલાય અમને પણ અનુભવ સિદ્ધ દાખલા મળેલા છે, જેમાં દેવનું સાનિધ્ય એ ખરેખર હકીકત હોય છે, પણ આવા લોકો ખૂબ પ્રચારમાં માનતા નથી હોતા એટલે આવા સાચા દાખલાઓના બધાંજને સહેલાયથી ખબર પડે તેવું બનતું નથી.

તેઓશ્રીના (વ્યાખ્યાનકાર પૂજ્યપાદ આચાર્યદેવ વિજય લબ્ધિસૂરીશ્વરજી મ, સા. ના) ખુદનાજ પ્રશિષ્ય પં. પ્રવર મહિમા વિજયજી દેવાધિષ્ઠિત હતા. એ વાતનો પરિચય જૈન

સંઘને સારી રીતે છે. જિજ્ઞાસુઓએ તેમના જીવન વિષે લખાયેલ પ્રકીર્ણ સાહિત્ય દ્વારા તે જાણી લેવું.

## આત્મા છે છતાં ય દેખાતો કેમ નથી ?

આમ આત્માનું અસ્તિત્વ ઘણી-ઘણી રીતે સાબિત કરી શકાય છે. પણ આટલું બધું સમજાવ્યા છતાં ય કોઈ એવી જીદ કરે કે આત્મા છે છતાં ય કેમ ન દેખાય ?

તેને પૂછવું કે, બોલ દૂધમાં ઘી છે કે નહીં ? ના, તો કહી નહીં શકે. હા, કહે તો કહેવું કે મને હમણાં જ બતાવ એ કહે કે એમ ન નીકળે, એ તો દૂધમાંથી દહીં બને દહીં-માંથી માખણ કાઢીએ પછી તેને ગરમ કરીએ ત્યારે 'ઘી થાય.'

તો એવાને કહેવું કે તેમ આ શરીરમાં પણ આત્મા તો રહેલો છે અને આ દેખાતા શરીરની અંદર પણ ન દેખાય એવા કાર્મણ-તૈજસ શરીરો છે. એનાથી જુદા કરવાની પ્રક્રિયા કરો. સમ્યગ દર્શન-જ્ઞાન અને ચારિત્રની આરાધના કરો એટલે આત્મા પ્રત્યક્ષ થઈ જશે.

પણ જેમ દૂધ મણ હોય અને જરા જેટલું દહીં હોય તો કંઈ ફાયદો ન કરે અને તેને ય વલોવ્યા વિના માખણ ન જ નીકળે માત્ર રવૈયો હાથમાં લઈને એક બે વખત ફેરવે એટલા માત્રથી 'ઘી' નીકળી ન શકે, પણ જ્યાં સુધી બરાબર માખણ ઉપર આવે ત્યાં સુધી વલોણું કરવું પડે તેમ જ્યાં સુધી આત્મા પ્રત્યક્ષ ન થાય ત્યાં સુધી મહેનત કરવી પડે.

તમારી માફક જ એક છોકરાને આત્મા જોવો હતો. તેના પિતાને પૂછે કે "બાપાજી ! આત્મા દેખાડો ?"

બાપાની પાસે કઈ તાકાત હતી કે આત્મા દેખાડી શકે. પણ, બાપને તો એના મોહને થાપ આપવી હતી. એટલે

કહે, "જા બેટા ! એક પાણીનો પ્યાલો લઈ આવ !" પછી કહે, "જો આમાં નાંખવા માટે પતાસું લઇ આવ !"

છોકરો પતાસું લઇને આવ્યો એટલે બાપા કહે આ પતાસાને પાણીમાં નાંખી દે અને પછી હલાવી નાંખ.' છોકરાએ તેમ કર્યું.

હવે બાપ કહે, "પાણીમાં નાંખ્યુ હતું તે પતાસું કયાં ગયું ?" છોકરો કહે, "પાણીમાં ઓગળી ગયું ?"

બાપા કહે, "પણ પાણીમાં ઓગળી ગયું કે, તું ખાઇ ગયો એની ખાત્રી શું ?"

છોકરો કહે, એમાં ખાત્રી શું ? મેં તો તમારી સામે જ નાંખ્યું છે. કોઇને પણ ખાત્રી કરવી હોય તો કરાવી શકું છું કે, મેં પાણીમાં પતાસું નાંખ્યુ છે.

બાપા કહે, "પણ દેખાતું તો નથી ને ?"

છોકરો કહે, "દેખાતું ન હોય તો પાણી ચાખી જુઓ ! તરત ગળ્યું લાગશે એટલે ખબર પડશે કે પાણીમાં પતાસું નાંખેલુ છે."

બાપા કહે, બસ બેટા ! ત્યારે આવી જ રીતે આ શરીરમાં આત્મા એકમેક થઇને રહ્યો છે. અને જ્યાં સુધી શરીરમાં એકમેક થઈને રહ્યો છે ત્યાં સુધી તેને જુદો જોવો મુશ્કેલ છે. પણ આત્મા દેખાતો ન હોવા છતાં ય ખબર પડે છે કે શરીર તો બોલવાનું સાધન છે. પણ બોલનાર તો બીજો કોઈ હોવો જ જોઇએ.

આંખ તો જોવાનું સાધન છે, પણ જોનાર તો કોઈ જુદો જ હોવો જોઇએ. તેવી રીતે ઇંદ્રિયો જ્ઞાન કરવાનું

સાધન છે. પણ તે સાધનનો ઉપયોગ કરીને જ્ઞાન કરનાર કોઇ ઇંદ્રિયો અને દેહથી જુદો હોવો જ જોઇએ.

જેમ ચશ્મા એ જોવાનું સાધન છે. તો ચશ્માથી અલગ બીજો કોઈ જોનારો પણ હોવો જ જોઇએ જેમ ભૂંગળુ એ બોલવાનું સાધન છે તો તેનાથી બોલનારો જુદો હોવો જ જોઈએ. તેમ શરીર પણ સુખદુઃખ જ્ઞાન વગેરે પેદા કરવાનું સાધન છે. તો તેનાથી અલગ બીજો કોઇ સુખ–દુઃખ ભોગવનાર અને જોનાર હોવો જોઇએ.

જેમ પાણીમાં રહેલા પતાસાને જોઈ ન શકતા હોવા છતાં જાણી શકાય છે તેમ આત્માને જોઈ ન શકતા હોવા છતાં જાણી તો જરૂર શકાય છે.

આવી–આવી ઘણી–ઘણી દલીલોથી આત્માની સિદ્ધિ થઇ શકે છે. અને તમે પર્યુષણના વ્યાખ્યાન જો સાંભળતા હશો તો ગણધરવાદના વ્યખ્યાનમાં પહેલા ગણધરના પ્રસંગમાં આ જ વિષય આવે છે.

તે પોતે બહારથી સર્વજ્ઞ કહેવાતા હોવા છતાંય એ વિરોધી વેદ વાકયોનાં કારણે તમને જીવની શંકા થઈ હતી. પણ કહો કે બલિહારી એ મહાપુરુષની કે શંકા નીકળી ગઈ એટલે મોહ પણ પીગળી ગયો. અને જિનશાસનરૂપી લંકાના બંકા બની ગયા.

હવે તમને બધાને એ તો બેસી ગયું ને કે, “આત્મા છે જ.” દેહ આદિથી જુદો છે જ. એક શરીરમાંથી બીજા શરીરમાં આવનારો જનારો છે જ.

અહીં કહેવાઈ ગયેલ દાખલા દલીલમાંથી થોડા પણ બરોબર મગજમાં લઈ લીધા હશે તો તમે કદાચ બીજાને

આત્મા છે એવું સિદ્ધ નહીં કરી શકો તેવું બનશે પણ તમારા મગજમાં કોઈ પેસાડી નહીં શકે કે *આત્મા નથી.

---

* જમાનો બદલાય છે તેમ સત્ય નથી બદલાતું પણ સત્ય સમજવાના માર્ગો બદલાઈ શકે છે. ભાષ બદલો કરવાથી કંઈ ભાવ નથી બદલાતા, હા શબ્દરાશિ અવશ્ય બદલાય છે. પૂ. આ. દેવેશ આત્માની સિદ્ધિ તેમના જમાનાના સમજવાના રસ્તે કરી દીધી છે. પણ આજે નવા મૂલ્યાંકનોનો વાવડ વાયો છે. પણ જે સત્ય છે તે તો સિદ્ધ થવાનું જ છે. અને આ જાતનું સમર્થન કરવા માટે અહીં પરિશિષ્ઠ જોડવામાં આવ્યું છે. જુઓ પરિશિષ્ટ નં.-૨

# જૈનદર્શનની દષ્ટિએ આત્મા

## યાને

## આત્માનું વાસ્તવિક સ્વરૂપ

(૧) આત્મા એક સ્વતંત્ર પદાર્થ છે. આવા આત્માઓ અનંત છે.

(૨) તે કશાથી પેદા થયેલો નથી કે કોઈનાથી નાશ પણ પામતો નથી.

(૩) અર્થાત્ અનાદિકાળથી તેનું અસ્તિત્વ છે અને અનંતકાળ સુધી રહેશે.

(૪) અનાદિકાળથી જ તેની સાથે કર્મનો સંયોગ છે.

(૫) જ્ઞાન, દર્શન, ચારિત્ર વિગેરે અનંતગુણો તેનામાં રહેલાં છે.

(૬) કર્મના સંયોગના કારણે તેના સંપૂર્ણ ગુણો પ્રગટ થઇ શકતા નથી.

(૭ કર્મના સંયોગના કારણે દેવ, મનુષ્ય તિર્યંચ અને નરક આદિ ગતિમાં તેનું ભ્રમણ થાય છે.

(૮) આત્મા રૂપી પણ છે અને અરૂપી પણ છે.

(૯) નિત્ય પણ છે અને અનિત્ય પણ છે.

(૧૦) જ્ઞાનાદિ ગુણોથી જુદો પણ છે અને જ્ઞાનમય પણ છે.

(૧૧) આત્મા દેહથી જુદો પણ છે અને દેહ સ્વરૂપ પણ છે.

(૧૨) શુભાશુભ કર્મનો કર્ત્તા પણ છે અને ભોક્તા પણ છે.

(૧૩) શુભાશુભ કર્મનો રોકનાર પણ છે અને તેનો નાશ કરનાર પણ છે.

(૧૪) સારા ય લોકમાં વ્યાપીને પણ રહે છે અને એક નાની કીડીના શરીરમાં પણ રહી શકે છે.

દીપકના પ્રકાશની માફક સંકોચ અને વિકાસ પણ પામે છે.

(૧૫) કર્મના સંયોગનો નાશ થયા પછી પણ આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ રહે છે.

(૧૬) તે દશામાં પણ તેના જ્ઞાન-સુખાદિ ગુણો વિદ્યમાન જ હોય છે.

(૧૭) સિદ્ધિ ગતિમાં ગયા બાદ કર્મનો સંયોગ થતોનથી.

પરિણામે અનંતકાળ સુધી લોકના છેડે તેનું અબાધિત અસ્તિત્વ કાયમ જ રહે છે.

આમ પરસ્પર એક બીજાથી વિરોધી વાતો કરીને એકાંત આગ્રહથી બધા જ દર્શનો ચાલે છે.

**જ્યારે જૈન દર્શનમાં આત્મા કે બીજા કોઈપણ પદાર્થ માટે કોઇપણ દૃષ્ટિબિંદુનો એકાંત આગ્રહ નથી માટે જે જૈનદર્શનને સારા પ્રકારે સમજે, તેને કોઈ દર્શનનો અભ્યાસ કરવાની જરૂરત નહીં રહે.**

સાચું કહીએ તો જૈનદર્શન એ બધા દર્શનનો સરવાળો જ છે. પણ સરવાળો તેવીને તેવી વિચારણાઓનો નથી પણ પ્રત્યેકદર્શનમાં રહેલો એકાંત આગ્રહ કાઢી નાખી અને બધા દર્શનની માન્યતાઓ ભેગી કરે છે. એટલે પદાર્થનું વાસ્તવિક

સ્વરૂપ પ્રગટ થઈ જાય છે માટે પદાર્થના વાસ્તવિક સ્વરૂપનુ નિરૂપણ એટલે જ જૈનદર્શન.

આ જ વાતને મહાપુરુષોએ સ્વરચિતગ્રંથોમાં ઘણી ઘણી રીતે સમજાવી છે. પૂ ઉપા. યશોવિજય મહારાજ ફરમાવે છે કે.

"यस्यां सर्वनया विशन्ति, न पुन र्व्यस्तेषु
मालायां मणयो लुठन्ति न, पुन र्व्यस्तेषु मालापि सा" ॥

જૈનશાસનરૂપ મણીની માલા વિષે બધાં જ (દર્શનો) નયો સમાઈ જાય છે. પણ જુદા જુદા વિખરાયેલા મણિરૂપ દર્શનમાં જૈનદર્શન સમાઈ શકતું નથી.

અર્થાત્ જુદા જુદા દર્શનો એ મણિઓ છે. જેમ તે બધાં મણિને વેધ કરીને દોરામાં પરોવવામાં આવે તો મણિની માળા બને છે. તેમ ભિન્ન ભિન્ન રહેલાં એકાંત-દર્શનો જ્યારે પોતાના મિથ્યા આગ્રહના ત્યાગરૂપ વેધને સ્વીકારીને જ્યારે મધ્યસ્થરૂપ દોરામાં પરોવાઇ જાય ત્યારે જૈનદર્શનરૂપ મણિ-માલા સ્વયં જ પેદા થઈ જાય.

આમ જૈનદર્શનના સ્યાદ્વાદ અને નયવાદની પવિત્રતા અનુપમ છે. પણ હમણાં આપણે પ્રસ્તુત વિષય આત્માના સ્વરૂપને જણાવવા દ્વારા સિદ્ધના સ્વરૂપને જણાવવાનો છે. એટલે અહીં તે બધી વાતોનો વિચાર કરી ન શકાય માટે ફકત આત્માનું સ્વરૂપ જ વર્ણવ્યું છે.

卐

# કર્મોની સિદ્ધિ

આગળનાં વ્યાખ્યાનોમાં આત્મા છે તેવું આપણે નિશ્ચિત કરી લીધું હવે કર્મોનો વિચાર કરવાનો છે. અને તે દ્વારા 'સિદ્ધ-આત્મા' જેને ગણધર મહારાજાએ નમસ્કાર કર્યો છે. તેના સ્વરૂપને વિચારવાનું છે.

વિચારોના વિસ્તારથી ગભરાય તેનો ભવથી નિસ્તાર (પાર) થઈ ન શકે. ભલે હજી આપણે 'ભગવતીસૂત્ર'ના મૂળ સૂત્રો સુધી પહોંચ્યા નથી. પણ આ બધી વિચારણા-તાત્ત્વિક વિચારણાઓ એ તો સૂત્ર જ છે. જો કે તેમ છતાંય તેમને ગૌતમસ્વામી જેવા મહાપુરુષોના પ્રશ્નો અને ભગવાન મહાવીર સ્વામીના ઉત્તરો સાંભળવાનું મન થાય એ સ્વભાવિક છે.

પણ આ તત્ત્વોનો નિશ્ચય ન થાય ત્યાં સુધી સાચો આનંદ નહીં આવે.

ભગવતીજી સૂત્રમાં તો ગૌતમસ્વામીજી મ. એ કર્મ માટે ઘણા ઘણા પ્રશ્નો પૂછયા છે. કર્મ કેટલા? કર્મ કોને લાગે? લાગેલા કર્મનો ભોગવટો કરવો જ પડે કે ભોગવ્યા વિના પણ ક્ષય થઈ શકે? કર્મનો ઉદય કયારે થાય? સમય પરિપકવ થયા વગર પણ કર્મ ઉદયમાં કેવી રીતે આવી શકે? કયા કયા જીવને કયા કયા કર્મ બંધાય આવા અનેક પ્રશ્નો પૂછયા છે. અને તેના જવાબો પણ અપાયા છે.

પણ જયાં સુધી 'કર્મ' છે. એમ ન માનીએ ત્યાં સુધી

બધું જ નકામું! મૂળ વસ્તુ ન માનીએ ત્યાં સુધી તેના પેટા-વિભાગો ગમે તેટલા માનીઓ તો ય શું લાભ?

નહીં તો પછી "સીતાના હરણ" જેવી વાત થાય!

## સીતાનું હરણ :–

એક ગામમાં એક ગોરમહારાજ રામાયણ વાંચતા લોકોને ખૂબ 'રસ' આવે કથામાં કોને રસ ન આવે પણ જ્યાં તત્ત્વની વાત આવે કે ખસાખસ થઇ જાય ને!

ઘણા શ્રોતાઓ આવે તેમાં એક ભોળાશંકર પણ આવતા હતા.

એક દિવસ ગોરમહારાજે વાર્તામાં કહ્યું કે "સીતાનું હરણ" થયું. ભોળાશંકરના તો આશ્ચર્યને પાર જ ન રહ્યો રોજ કથામાં જાય અને રાહ જુએ કે હરણની સીતા ક્યારે થશે?

ભોળાશંકર દરરોજ ધ્યાન દઇને સાંભળે પણ ક્યારે પણ એવી વાત ન આવી કે હરણમાંથી પાછા સીતાજી બન્યા.

છેવટે રામાયણ પૂરૂં થવા આવ્યું હતું. સીતાજી ધરતીમાં પેસી ગયા. તે વાત પણ આવી તો ય ભોળાશંકરને એ સાંભળવા ન મળ્યું કે હરણમાંથી સીતાજી પાછા ક્યારે થયા?

હવે ભોળાશંકરથી ન રહેવાયું એટલે તેણે પૂછી નાંખ્યુ "ભટ્ટજી! આ બધી વાત તો ખરી પણ એક વાત તો ભૂલી ગયા લાગો છો? હરણમાંથી પાછા સીતાજી ક્યારે થયા તે તો ન કહ્યું.

ભટ્ટજીને આશ્ચર્ય થયું તે પૂછે ભલા! પણ સીતાજી વળી હરણ ક્યારે થયા હતા?

ભોળાશંકર કહે, એટલું ય તમને યાદ નથી. તમે તો કહ્યું હતું રાવણ આવ્યો હતો અને સીતાનું હરણ થઈ ગયું

લોકો હસી પડયા. ભટ્ટજીને સમજાયું કે આ તો બિચારો સમજ્યો જ નથી. ભટ્ટજી કહે "ભલા! સીતાનું હરણ થયું એટલે સીતાજી કોઈ ચાર પગના જાનવર નહોતા બન્યા પણ "હરણ કરવું એટલે ઉપાડી જવું રાવણે સીતાનું હરણ કર્યું એટલે ઉપાડી ગયા. એમ અર્થ હતો.

આમ જો આપણેય કર્મવિષયક મોટી મોટી વાતો કરીએ. અને ભગવતીસૂત્ર આખુંય શ્રવણ કરીલો, તમે આવો પ્રશ્ન કરો કે, "મહારાજ! કર્મો છે એ કેમ મનાય? ત્યારે આ સીતાના અને હરણની સીતા જેવી વાત થઈ કહેવાયને! માટે આપણે કર્મ છે તે સાબિત કરવાનું છે.

## (૧) "જગતની વિચિત્રતા અને વિવિધતા કોના કારણે?"

તમને આત્મા છે આ વાત તો બરાબર સમજાવી દીધી છે ઇશ્વર આ જગતનો હર્તા નથી દુઃખ સુખને બનાવતો નથી અને બગાડતોય નથી પણ બતાવે છે અને તેના કારણોનું જ્ઞાન કરાવીને સંસારથી બચાવે છે

હવે વિચાર એ કરવાનો છે કે કીડીથી માંડી કુંજર (હાથી) સુધીના બધાંય જીવ છે; તો એક જ સરખા પછી એક આત્મા કીડીના શરીરમાં કેમ અને બીજો આત્મા હાથીના શરીરમાં કેમ? વળી એક જ સરખી કીડીઓમાંય કોઈ મોટી તો કોઈ નાની? હાથીઓમાંય એક રાજાનો હાથી થાય હજારોથી પૂજાય ખાવા પીવાનું જરાય દુઃખ ન પડે અને બીજા હાથીને પેટ ભરવા માટે જંગલમાં અહીં-

તહીં ભટકવુ પડે છે! શિકારીઓના હાથમાં ફસાઈનેય મરવું પડે છે. આવો ભેદ કર્યો કોણે?

વળી પ્રાણીઓમાં તો ઠીક પણ પણ માણસોમાં જ વિચાર કરશો તો ખબર પડશે કે બધાંય માણસો એક જ સરખા આકૃતિવાળા-બે હાથ બે પગ, અને એક માથાવાળા છતાંય તેમાં કેટલો તફાવત છે?

એવા એવા માણસો આ દુનિયામાં જીવે છે બિચારા કુતરા જેટલું સુખ પણ આખી જીંદગીમાં મેળવી શકતા નથી અને એવા માણસો દુનિયામાં છે કે જેની આંખ ફરતાં હજારો નોકરો-ચાકરો સેવામાં ખડા થઈ જાય છે આ બધું તફાવત કોના કારણે?

કોઈ એવું કારણ હોવું જોઈએ કે જે દ્વારા આ બધાંનો ન્યાયપૂર્ણ જવાબ મલે ? શું કોઇ પણ દ્રવ્ય, કોઇ પણ પદાર્થ, કોઈ પણ ક્ષેત્ર એટલે કોઇ પણ દેશ કે સ્થળ એવું છે ખરૂં કે જેના કારણે આ બધો તફાવત સંભવિત હોય.

ગમે તેવા પદાર્થને ધારણ કરેલા માનવો જુઓ છતાંય તે બધામાં વિચિત્રતા દેખાવાની જ માત્ર શરીરના કારણે જ સુખ દુઃખ હોય તેમ કહેનારે પણ સૌથી પહેલાં એ જવાબ આપવો પડે કે બધા આત્માને શરીર કેમ જુદા મલ્યા? ભલે આ પ્રશ્નનો જવાબ હમણાં આપણને ન આપે તોય ચલાવી લઈએ છીએ. વાદિને કહીએ, જ શરીર શાથી જુદા જુદા મળ્યા તેનું કારણ ન બતાવી શકે તો કંઇ નહીં પણ એક જ સરખા શરીરવાળા હજારોમાં એક લાંબા આયુષ્વાળો કેમ અન એક અલ્પ આયુષ્યવાળો કેમ?

## (૨) શું આહાર વિહાર વિવિધતાનું કારણ છે

જવાબમાં તે એમ કહે કે એક માણસ યોગ્ય આહાર લે છે માટે તે લાંબુ જીવે છે અને એક યોગ્ય આહાર-વિહાર નથી કરતો માટે ટુંક જીવે છે.

તો પણ એક પ્રશ્નનો જવાબ આપવાનો તેને બાકી રહે છે કે એક માણસ યોગ્ય આહાર-વિહાર કેમ કરે છે અને બીજો માણસ કેમ યોગ્ય આહાર વિહાર કરતો નથી?

આના જવાબમાં કદાચ તે એમ કહી દે કે એ માણસના સ્વભાવ ઉપર આધાર રાખે છે તો તેને સમજાવવું પડશે કે એક જ સરખા શરીરવાળાના બે જુદા જુદા સ્વભાવો કોના કારણે? એક જ સરખા મનુષ્યના આત્માઓમાં સ્વભાવની વિચિત્રતા કોના કારણે?

આનો જવાબ ભલે તે ન આપે અને કહે કે બસ સ્વભાવના કારણે જ બધાના આહાર-વિહાર જુદા હોય છે અને તેના કારણે જ આયુષ્યમાં ફરક પડે છે.

તે વાત પણ ખોટી છે. કેટલાય માણસો અકસ્માતથી મરી જાય છે? કેટલાય એકજ સરખો આહાર લે છે. સાથે જન્મેલા હોય છે. એકજ માતા પિતાનું એક જ સરખો વિહાર કરનારા હોય છે છતાંય તેમાં કોઈ લાંબા આયુષ્યવાળો હોય છે અને કોઇ અલ્પજીવી હોય છે.

એકજ સરખા આહાર વિહારની વાતનો કદાચ કોઇ અતિ તર્કવાળો બુદ્ધિ દોડવીને કહે કે આ વાત બને તેવી જ નથી કોઈ પણ બે માણસના અહાર-વિહાર કદી એક સરખા હોઈ શકતા નથી. થોડો કે વધારે ફરક તેમાં અવશ્ય પાડે જ છે.

તો ય તેને પૂછવું કે માતાની કુક્ષીમાંથી બહાર આવતા પહેલાંજ મરણ થાય છે. ત્યાં શું કલ્પના કરીશ ?

શું માતાની કુક્ષીમાં માતા-પિતાના સંયોગદ્વારા એવો ખોરાક ખાય છે કે જેથી બાળક જન્મ લીધા પહેલાંજ મરી જાય છે. તો પણ આ વાત ખોટી છે. કારણ કે એકજ સાથે જન્મેલા એકજ માતા-પિતાનું એક સંતાન જીવે છે અને બીજું જન્મ્યા પહેલાંજ કે જન્મ લેતાં મરણ પામે છે. અહીંઆ શું કહેવું ?

અને આવો જવાબ આપીએ તો ય અકસ્માતથી થતાં મૃત્યુનું શું ?

હજારો જુદી જુદી જાતના જુદા જુદા આયુષ્યવાળા જુદા જુદા દેશના અને જુદો જુદો ખોરાક લેવાવાળા અને જુદા જુદા શરીરવાળા પણ એક જ સાથે મરી જાય છે તે કોના કારણે ?

વળી આ તો જન્મ-મરણ કોના કારણે તે જ પ્રશ્નોના જવાબ થયા પણ આ જીવનમાં એવી હજારો વિવિધતા છે કે જેની વ્યવસ્થા માટે કર્મો જેવું કોઇ તત્ત્વ ન માનીએ તો ચાલે જ નહીં.

## (૩) "શું બુદ્ધિ અને પરિશ્રમ ભાગ્યનું કારણ છે ?"

એકજ સરખી બુદ્ધિવાળા બે માણસોમાં પણ એક ધનવાન દેખાય છે અને એકને ઘેર રોજ હાંડલા કુસ્તી કરતાં દેખાય છે. આનું કારણ શું ?

જો બુદ્ધિ જ ધન મેળવવાનું કારણ હોય તો બધાંજ બુદ્ધિમાન સુખી હોય અને મૂર્ખતા એ જ ધનવાન બનવાનું કારણ હોય તો બધાંજ મૂર્ખના સરદાર ધનવાન હોવા જોઈએ.

પણ તેવું કંઇ જ નથી. ધન વાન બનવા માટે બુદ્ધિની જરૂર હોય તેમ લાગે છે. પણ ખૂબ બુદ્ધિ લડાવીએ છીએ છતાંય અંતે નિર્ધનતા મળે છે તેવું પણ દેખાય છે.

એક વેપારી ખૂબ બુદ્ધિ દોડાવીને ધંધો કરે છે છતાંય દેવાળુ કાઢે છે અને બીજો મૂર્ખાઇ જેવું કામ કરે છે છતાંય લાખો કમાય છે.

પ્રયત્ન કે મજૂરી કરવાથી ધનવાન બનાય છે એમ કહીએ તો પણ ખોટું પડવાનું. કારણકે પ્રયત્ન-મજૂરી એટલે શારીરિકશ્રમ તો શરીરથી મહેનત કરનારા મજૂરો દુનિયામાં ધનવાન હોવા જોઈએ અને તમારા જેવા બધાં દુકાનો ચલાવનારા ભીખ માંગતા હોય!

પણ દેખાય છે તો તેના કરતાં વિપરીત!

પ્રશ્ન :- માત્ર શારીરિક પ્રયત્ન નહીં પણ બુદ્ધિ સ થે નો શારીરિક પ્રયત્ન જોઇએ તો ધનવાન થવાય!

જવાબ :- વાહ ધનવાનો! તમારો શ્રમ એ બુદ્ધિવાળો અને ભિખારીને પરિશ્રમ કરવા માટે કોઈ બુદ્ધિ જ ન જોઈએ એમને?

તમારે ત્યાં નોકરી કરનાર બધા મૂર્ખા રાખો છો કે બુદ્ધિવાળા? બોલો તે માત્ર શરીરનો જ શ્રમ કરે છે કે તમે બતાવ્યું તે કામ કરવા માટે તેને પણ બુધ્ધિ લગાવવી પડે?

જો બુધ્ધિ હોય-ગમાર હોય અથવા તમે બતાવ્યુ તે કામ કરવામાં આળસ કરતો હોય તો તમે તેને નોકરીમાં રાખો ખરા? બોલો અહીં બુધ્ધિસહિતનો પરિશ્રમ છે કે નહીં.

તમને ખુશ રાખવા માટે બુદ્ધિથી કેટલી ખુશામત (કાલાવાલા) કરે છે. તોય તેનો પગાર કેટલો? અને તમારી આવક કેટલી? વેપાર કરો છો છતાંય જાણતાં નથી કે કેટલાય વેપારીની પેઢીઓ મહેતાજીની બુદ્ધિ અને પરિશ્રમ પર ચાલતી હોય. શેઠને તો કાળો અક્ષર ભેંસ બરાબર હોય છે એવા ભોળિયા શેઠ અને રાજાઓ થઈ ગયા છે કે જેની બુદ્ધિય ન મળે અને પરિશ્રમનું નામેય ન મળે. છતાંય તે બધાં રાજા અને શેઠ. અને પેલા પરિશ્રમ કરનારાં બિચારા મંત્રી કે મહેતાઓ!

તમે તો શેરબજારને જાણો છો ને? શેર એટલે શું? લાખો અને કરોડોના ધંધા ચાલતા હોય તેવી કંપનીમાં મહારંભ અને સમારંભમાં તમારી ભાગીદારી 'શેર' એ તો અંગ્રેજી શબ્દ છે. શેરનો અર્થ જ ભાગીદાર.

હવે બોલો: શેરમાં લાખો અને કરોડો ગુમાવનારી કઈ બુદ્ધિમતા અને કયો પરિશ્રમ?

જે કંપનોના શેર તમે લીધા હોય છે તે દુનિયાના કયા ખાડામાં કામ કરતી હોય છે તેય બધાંને થોડી ખબર છે? અને બધું આઘું-પાછું જોઇ જોઇને ધંધો કરે છે તે ય કયા હવામાં નથી ઉડી જતા. માટે પરિશ્રમ, બુદ્ધિ, શરીરની તાકાત, શરીર એમાંના કોઇપણ કારણો એવા નથી કે જગતની બધી જ ઘટનાઓનો સાચો જવાબ આપી શકે.

માણસના સુખ-દુઃખ, જીવન મરણ, ધનિકતા દરિદ્રતા, સત્તા, ઐશ્ચર્ય વિગેરે માટે પરિશ્રમ બુદ્ધિ વિગેરે સાચી રીતે યોગ્ય હોય? ઉપરથી એમ જોવા મળશે કે પરિશ્રમ કર્યો હોય સુખ મેળવવા માટે, અને ફળે દુઃખ માટે. જે હોય તે ય સુખને હરી જવા માટે.

## નિષ્ફળ પ્રયત્ન :—

એક ઉંદર જંગલમાં ખાવાનું શોધવા માટે આંટા મારતો હતો. આ બાજુ કોઇ એક મદારી બે–ચાર દિવસથી પોતાના સાપને કરંડીયામાં મૂકીને કયાંક ચાલ્યો ગયો હતો. સાપ બહાર આવવા માટે તલપાપડ થઈ રહ્યો હતો. ભૂખનું દુઃખ સખ્ત હતું બિચારો પરાધીન થઇને બેઠો હતો. પેલો ભૂખ્યો ઉંદર પણ ફરતો ફરતો ત્યાં આવ્યો. કરંડીયો જોતાં જ કંઇક મેળવવાની આશા બંધાઈ. કરંડીયાની નજીક જઈ બાકોરું પાડવાની શરૂઆત કરી. સર્પ પણ પોતાને છૂટવાનો માર્ગ કયારે થાય તેની રાહ જોતો હતો. જેવો ઉંદર અંદર મોઢું નાંખે છે કે સર્પ તેને કાચો ને કાચો ગળી ગયો.

કહો ઉંદરનો પરિશ્રમ મોત કરનારો થયો અને સર્પનો વિના પ્રયત્ને જેલમાંથી છૂટકારો થયો અને ભોજન એમ બેય ચીજ મળી.

પરિશ્રમ છે સુખ–દુઃખ કે જીવન–મરણનું કારણ? પુરૂષાર્થ કહો કે બુદ્ધિવાળો પુરૂષાર્થ કહો પણ માત્ર આટલા જ કારણથી જગતના પ્રશ્નો ન સમજાવી શકાય.

કોઇને મહેનત કરતા કે ધંધો કરતા પૈસા કે સુખ વધારે મળી જાય તો તેમની બુદ્ધિનું પરિણામ કે તેમની બુદ્ધિપૂર્વકની મહેનતનું પરિણામ અને ખનો પ્રયત્ન કરતાં દુઃખ મળી જાય કે ધંધો કરતાં કમાવાના બદલે ગુમાવો ત્યારે તમે જ ગમાર! આવું સમાધાન મારા દિલને સંતોષ આપે છે?

તમારી સાથે તમારી રીતે જ ધંધો કરતાં બધા કમાય અને તમે ગુમાવો ત્યારે કોઇ આવીને તમને કહે " ભાઈ!

તમે મહેનત ઓછી કરી હશે? તમારામાં બુધ્ધિ ઓછી લાગે છે માટે તમને ખોટ આવી.

આવું કહે તો તમને કેવું લાગે? એક તો ખોટની ચોંટ હોય અને આવા ખોટી શીખામણના શોટ (SHAT) તમને સંતોષ આપે ખરા?

## વારસો કોને મળે ?

પરદેશમાં એક બાપે પોતાની પહેલી સંતતિને પોતાના વારસામાંથી ૮૦ ટકા રકમ મળે તેવુ વસિયતનામું કર્યું. બોલો! બેટો તો પરલોકમાંથી આવે છે અને બાપે રડી રડી ને મેળવ્યું હોય છે તે બધાંયનો માલિક બને છે ને? ત્યાં પ્રયત્ન કોનો?

જેણે મહેનત કરીને મેળવ્યું છે એ તો વારસો મેળવનારનો બાપ છે તો તે શાથી તેનો માલિક બને છે? તેણે શું પ્રયત્ન કર્યો? ખાલી તેનો બેટો થયો એ જ કે બીજો?

ત્યારે લક્ષાધિપતિ બનવા માટે, ગર્ભશ્રીમંત બનવા માટે પ્રયત્ન છે એમ કહેવાય? જો કર્મ ન માનીએ તો કેવી રીતે ચાલે? માત્ર પુરૂષાર્થને જ કારણ માનીએ તો કેવો અન્યાય થાય?

એકને લાખ મેળવવા માટે આખી જીંદગી ગેતરૂં કરવું પડે અને બીજો જન્મ લે એટલા માત્રથી જ લાખોપતિ બને એ અન્યાય ન કહેવાય?

## "કર્મ કારણ છે જ."

કારણ બધાંના માટે એક સરખું જ હોય. અગ્નિ એકને બાળે અને બીજાને ન બાળે એવું બને? આગમાં નાંખો તે બધું ય ભષ્મ થઇ જાય. તમે કહેશો કે લોખંડ જેવું હોય તો બળે નહીં.

યણુ તે ય બરાબર નથી. ગરમીનું પ્રમાણુ એ છું હોય એટલે ન બળે ! બાકી આગ તો બાળીને જ રહે અને તેથી જ તો લોખંડ વિગેરેની ભષ્મ બને છે, સોના અને હીરાની ય ભષ્મ બને છે. માટે અગ્નિ તો બાળવાના સ્વભાવવાળો જ કહેવાય.

જો પુરૂષાર્થ સુખી બનવાનું કારણુ હોય કે ધનવાન બનવાનું કારણુ હોય તો એકને પુરૂષાર્થ કરવો પડે અને બીજાને વિના પુરૂષાર્થ જ ધન કે સુખ મળી જાય તે કેમ બને?

જે કારણુ હોય તે તો બધાની તરફ સમાન વર્તનારૂં જ હોય. એક માટે એક રીતે વર્તે અને બીજી તરફ બીજી રીતે વર્તે તેવું ન બને દંડથી ઘડો બને. તો કોઈક ઘડો બને અને કોઇક ઘડો ન બને આવું બને જ નહીં અને જો એવી રીતે થાય તો ઘડાનું કારણુ દંડ છે એમ કહેવાય જ નહીં. શાસ્ત્રીય ભાષામાં આને 'વ્યભિચાર' કહેવાય. અર્થાત્ કોઈપણ કાર્યનું કોઇ પણ કારણુ ત્યારે જ કહેવાય કે જ્યારે જ્યારે થાય ત્યારે ત્યારે તે કારણુ હોય અને હોય જ. માટે જ્યાં જ્યાં સુખ કે સંપત્તિ મળે ત્યાં ત્યાં પુરૂષાર્થ હોવો જ જોઇએ. ત્યારે જ પુરૂષાર્થ સાચું કારણુ કહેવાય. પણ આપણે જે દષ્ટાંતનો વિચાર કરીએ છીએ તેમાં તેના પિતા તો વસિયતનામું કરીને મૂકી ગયા છે, અને તેમાં લખ્યુ છે કે તેના પહેલી સંતતિને પોતાનો વારસો મળે પણ બનવાજોગ બન્યું પણ એવું કે તેને જોડલું પેદા થયું એક બાળક કલાક પહેલા આવ્યું અને બીજુ બાળક એક કલાક પછી આવ્યું. હવે બતાવો કે આમાં પહેલાં જન્મનાર બાળકનો પુરૂષાર્થ શું ? અને બીજા જન્મનાર બાળકનો ગુન્હો શું ?

અહીં માત્ર પુરૂષાર્થને જ કારણુ માનનારો આગ્રહી છે. આગ્રહી જ વિગ્રહી ( ઝગડા કરનારો ) બને છે. અને

વિગ્રહી જ દુર્ગતિના પાપોનો સંગ્રહી (એકઠા કરનારો) બને છે. સાચો નિરાગ્રહી તો કબૂલ જ કરશે કે અહીં કોઈ ભાગ્ય નસીબ, વિધિ, પૂર્વકર્મ, અદૃષ્ટ જે કહો તે પણ આપણે કોઇક ન જોઈ શકીએ તેવું કારણ છે. જેના કારણે જ એક જ માતા પિતાના બે છોકરામાંથી એકને તેના પિતાનો વગર મહેનતે વારસો મળે છે. જ્યારે બીજાને કોઇ પણ અહીં દેખાતાં ગુન્હા સિવાય પિતાની સંપત્તિનો અધિકાર નથી મેળવતો માટે આ દુનિયાના દેખાતા કારણો સિવાયનું પણ કોઇ એવું કારણ છે, જેનાથી આ બધા ફેરફારોના સાચા જવાબ મળે છે.

આવી રીતે એકજ સરખા કાળમાં એક જ સરખી રીતે કરેલા કર્યમાં પણ જે ફળની જુદાઇ છે. તે કર્મોના હિસાબે જ છે.

જો આવા કર્મો ન માનીએ તો મહાવીર પ્રભુ કે જેમણે પોતાની તે જીંદગી દરમ્યાન કોઈનું કોઇપણ રીતે અહિત કર્યું નથી તે છતાંય સાડા બાર-બાર વર્ષ સુધી ઉપસર્ગ અને પરિગ્રહો કેમ આવ્યા ? સીતા જેવી મહાસતી, દમયંતી જેવી શીલવતી, સુભદ્રા જેવી ગુરૂભક્તા, અંજના જેવી પતિભક્તા, સુદર્શન જેવા બ્રહ્મચારી આ બધા મહાપુરુષોએ પોતાના તે તે જન્મમાં એવુ કોઇ પાપ નથી કર્યું. જેથી તેમને કોઈ દુઃખ પડે છતાંય તેમણે ઘોર દુઃખો સહ્યા એ વાત સુપ્રસિદ્ધ છે. શું પૂર્વકર્મોમાં તેમને એવા કોઇ કર્મો ન કર્યાં હોય તો આવું બને ખરૂં ?

બીજી બાજુ આખીય જીંદગી પાપમાં વીતાવનાર કેટલાય પાપાત્માઓને તે જન્મમાં કોઇ આંચ આવતી નથી. કાલ-સૌકરિક જેવા મહાહિસકને, ૫૦૦-૫૦૦ સાધુઓને ઘાણીમાં પીલી નાંખનાર પાપી પાલક જેવાને પણ એ જન્મમાં કોઇ

ઘોર દુઃખો આવ્યા નથી જો કર્મોને ન માનીએ તો આમ બની શકે ખરૂં ?

ખરાબ કર્મનું ખરાબ ફળ આવે એ તો બધાંયે માનવું જ પડે અને સારા કર્મોનું સારૂં ફળ આવે તે ય સ્વીકારવું જ પડે. તો જે મહાપુરુષોએ આ દુનિયામાં આવીને કોઇ પણ પાપ પ્રવૃત્તિ આચરી નથી તેને ઘોર દુઃખો કયા કારણે આવ્યા અને જેણે જન્મીને જનનીના (માતાના) કુલને લજવવા સિવાય કોઈ સારૂં કામ કર્યું નથી, ઘોર પાપાચરણ કર્યાં છે તેમને આ જીવનમાં કેમ સુખ મળે છે? અને કેમ તેઓના પર ઘોર દુઃખો આવતા નથી? શું આ બધું વિના કારણે જ બને છે?

આ દુનિયાની કોઈપણ ચીજ નક્કી કારણો સિવાય બનતી નથી અને જો આવી રીતે કારણ અને કાર્ય ન માનીએ તો પછી ધર્મ માનવાની પણ જરૂર ન રહે.

કારણ કે, અહીં જે જીવન દરમ્યાન પણ સત્કાર્ય કરે છે તે સુખી ન થયો હોય તેવું પણ જોવા મળે છે. તો શું એણે આરાધેલો ધર્મ નિષ્ફળ ગયો?

અને જો સારી રીતે આરાધેલો ધર્મ પણ નિષ્ફળ થતો હોય તો ધર્મ કરવાની કોઈ જરૂર ખરી?

ચુલા ઉપર રોટલી મૂકયાં છતાંય પાકવાની ન હોય તો કયો મૂરખો રોટલી ચૂલા પર મૂકે? બરફ ઉપર હાથ મૂકવા છતાં ઠંડી ન મળતી હોય, પાણી પીધા છતાંય તૃષા મટવાની ન હોય તો તેના માટે કયો સમજદાર માણસ પ્રયત્ન કરે?

માટે જો ધર્મનું કોઈ ફળ જ ન હોય તો કોઇ ધર્મ કરે જ નહીં. પણ આ જન્મમાં ધર્મ કરેલાઓને પણ દુઃખ

મળે છે અને અધર્મ કરનારાઓ પણ સુખ મેળવે છે તે કોના કારણે ? કોઇ એવુ તત્ત્વ માનવું જ પડશે કે જે આ જન્મમાં કરેલા ધર્મનું ફળ પણ આવે આ જન્મમાં પાપ ન કર્યું હોય છતાં જે દુઃખો મળે તેનું સાચું કારણ બતાવે આ જ તત્ત્વનું નામ કર્મ છે.

એક વાત ધ્યાનમાં રાખજો કે આપણે આત્માની સિદ્ધિ કરી ચુકયા છીએ. એટલે એમ ન કહી શકીએ કે આ જન્મમાં કરેલા કાર્યોનું ફળ આ જન્મમાં મળે તો જ બરાબર કહેવાય અને બીજા જન્મમાં મળે તો એ બરાબર ન જ કહેવાય.

કારણકે વ્યવહારમાં પણ કોઇ એવો કાયદો નથી કે ધોળા કપડાં પહેરીને ચોરી કરો ને કાળા કપડાં પહેર્યા બાદ ચોર ન કહેવાઓ.

દુકાન પર બેસીને ગુન્હો કર્યો હોય છતાંય વોરન્ટ નીકળે તો હિન્દુસ્તાનમાં શું દુનિયાના કોઈ પણ ખૂણામાં હોય તો પણ તમને પકડી શકાય કારણકે કપડાં બદલાયા એટલે કંઇ તમે બદલાયા ન કહેવાઓ.

કારણકે ચોરી કરનાર કપડાં નથી પણ તમે પોતે છો. તેમ દેશ બદલાય કે કાળ બદલાય એટલે તમે બદલાયા એમ ન કહેવાય. કારણકે, ગમે તે દેશમાં, ગમે તે કાળે તમે ચોરી કરી હોય તો ચોર કહેવાશો જ.

આમ આત્માને માનનારા તો જાણે જ છે કે આ શરીર-ભવ એ તો દેહ છે. પણ પાપ કરવાવાળો કે ધર્મ કરવાવાળો તો આત્મા જ છે માટે દેહ, કાળ કે ક્ષેત્ર બદલાય તો પણ જે આત્માએ પાપ કર્યું છે તેનું આત્માને જ ફળ મળે છે. સાચી રીતે આત્માને માનનારો ત્યારે જ આત્માને માનનારો કહેવાય કે તે આત્માની સાથે કર્મને પણ માનતો જ હોય.

આત્માને માને અને કર્મને ન માને તો એક રીતે છોકરાને માને છે પણ બાપને ન માનનારા જેવો છે.

કારણ કે આત્માને માનનારો સુખ-દુઃખ આદિ રૂપ આત્માને માને છે પણ આત્માને સુખી કે દુ ખી કરનાર કર્મોને માનતો નથી. વળી આત્માને મળીને કર્મને નહીં માનનાર તો કોઈ દર્શનકાર છે જ નહીં.

છતાંય આપણા છઠ્ઠા ગણધર 'પંડિત મહારાજા' જેવાને કર્મો છે કે નહીં તેવો સંદેહ થાય એ બને.

પણ તે આત્માને માનતા હોવાથી ભગવાન તેમને કર્મ-સિધ્ધ કરાવી શકયા. પણ જો તેઓ આત્માને પણ માનતા ન હોત તો તેમને કર્મોની સિધ્ધિ કરાવી શકાત નહીં.

કારણ કે જે એક પણ સાચી વાત સમજવા કે સ્વીકારવા તૈયાર હોય તેને જ બીજી પણ સાચી વાત સમજાવી શકાય.

પણ જે કોઈ પણ સાચી વાત સમજવા તૈયાર ન હોય તેને કોઇ દિવસ સમજાવી શકયું નથી કે સમજાવી શકાતું નથી

ભલે ૧૧ ગણધરોમાંથી કોઈ પણ ગણધર મહારાજાને નવતત્ત્વોની શ્રધ્ધા ન હતી છતાંય પોતાને જે શંકા હતી તે સિવાયના બીજા પદાર્થો માનવા તે તૈયાર જ હતા. માટે આત્માને માનનાર અને કર્મને નહીં માનનાર તો કોઈ દર્શનકાર થયો જ નથી.

હા, જે બૃહસ્પતિ દર્શનકાર કર્મને નથી માનતો તે આત્માને પણ નથી માનતો. માટે જે આત્માને યુક્તિથી સિધ્ધ માને છે તેને તો 'કર્મો' માનવા જ જોઇએ.

નહીં તો કર્મ વિના આત્માને સંસારમાં રખડાવનાર

કોણ? આત્મા સંસારમાં રખડતો જ ન હોય તો જન્મ-મરણ કોણ કરે છે? જો જન્મ-મરણ કરે છે તો તે કોના કારણે? માત્ર કર્મોના જ કારણે ને?

## કર્મો વિષે જુદી જુદી માન્યતા :–

પ્રશ્ન — શું બધાંજ ધર્મવાળા કર્મોને માને છે? કાગળ સવારે લઈ લે માને કે વિધિ રાતે આવીને લેખ લખી ગઇ. આપણે કહીએ કે જરા વાંચી સંભળાવજો તો કહે : "એ તો કંઈ વંચાય નહીં" એના લેખ તો એ જ વાંચે. ત્યારે ડાહ્યો માણસ કહે : "ભલા! જે આપણે વાંચી શકવાના નથી એને લખાવીને શું મેળવ્યું."

કહેવતમાં કહેવાય છે તે ખબર છે ને? "આંધળાને આરસી" આંધળો આરસીને શું કરે? તમે ય જે વિધિના લેખ વાંચી શકવાના નથી તેને લખાવીને શું કરવાના? છઠ્ઠા દિવસે આખી રાત જાગે તો ય કોઈ વિધિ કે વિધો આવે નહીં.

હા, ઘરમાં ઉંદરડા વધી ગયા હોય તો કાગળ-કપડું કે બરૂ લઈ જાય એ બને. આ બધી ખોટી માન્યતાઓ છે. જન્મ્યા પછી છઠ્ઠે દિવસે તો વિધિ લેખ લખે, ત્યારે એનો 'જન્મ' કંઈ વિધિએ આવીને લખ્યો?

છ દિવસ સુધી વિધિના લેખ વગર બચ્ચું જીવ્યું, તો ૬૦ વર્ષ અને ૧૦૦ વર્ષોય તેના વિના જીવી શકશે. વિધિના લેખની શી જરૂર છે?

આવી કોઈ 'વિધિ' દુનિયામાં છે નહીં, અને હોય પણ નહીં કર્મ કરવા કંઇ વિધિ આવતી નથી. તો ફળ લખવા કેવી રીતે આવે? તેના લખવાથી આપણુ ભવિષ્ય નક્કી થાય

તેવું બને જ નહીં. પણ આવું ય માનનારા દુનિયામાં કંઈ ઓછા નથી

બીજા કેટલા તો વળી એવું માનનારા છે કે ભગવાનને ત્યાં એક ચોપડો રહે છે. તેને ચિત્રગુપ્તનો ચોપડો કહેવાય. આ ચિત્રગુપ્તના ચોપડામાં બધાના સારા અને ખરાબ કામો થાય તે ચિત્રગુપ્ત લખે અને પછી યમરાજ ચિત્રગુપ્તના દરબારમાં અહીંથી મર્યા પછી આપણને લઈ જાય. ત્યાં આપણને સારા કે ખરાબ કર્મો પ્રમાણે સજા કરે કે મજા કરાવે. ત્યાંથી સજા કે મજા થાય તેવા સ્થાનમાં મોકલી આપે. આવી રીતના કર્મોમાં માનવું એ પણ સૂક્ષ્મ રીતે તો કર્મમાં ન માનવા જેવું જ છે.

**જવાબ :–** હા, ઉપર કહેલ નાસ્તિક સિવાય બીજા બધાય કર્મોને માને છે. ભલે નામ જુદા જુદા આવે પણ કર્મોને તો બધા માને જ છે.

જૈનદર્શનમાં તેને કર્મ કહેવાય છે. બૌદ્ધો તેને વાસના કહે છે. સાંખ્યદર્શનકારો તેને પ્રકૃતિ કહે છે. ( વૈશેષિકો ) નૈયાયિકો તેને અદૃષ્ટ કહે છે. વેદાંતીઓ ભલે બધાંને ભ્રમ કહે છતાંય 'માયા'માં તેનો સમાવેશ કરવો પડે છે યોગ-દર્શનકાર તો 'કર્મ' શબ્દનો જ ઉપયોગ કરે છે. પૂર્વ મીમાંસાવાદી મીમાંસક તેને અદૃષ્ટ કહે છે. સામાન્ય ભાષામાં તેને 'વિધિના લેખ' 'ભાગ્ય' એવા શબ્દોથી પણ પરિચય કરાવે છે. અંગ્રેજી ભણેલા લક ( Luck ) કહેશે. ઉર્દૂ કે હિન્દી જાણનાર એને તકદીર કહેશે.

પણ આ બધા દ્વારા બધાનો અર્થ તો એવો જ થાય છે કે કોક એવું કારણ છે. જેને આપણે જોઈ નથી શકતા છતાંય તે આપણા સુખ–દુઃખ, અમીરી–ગરીબી, ચડતી–પડતી

વિગેરે બધાંનું કોઈક કારણ છે. જેનાથી આ દુનિયાના દેખીતા કારણોથી નહીં ઉકેલાતા કેટલાક કોયડાઓ ઉકેલી જાય છે.

**પ્રશ્ન** :— તો શું આ બધાય ધર્મવાળા 'કર્મ' માને છે અને આપણે 'કર્મ' તો માનીએ છીએ એ સરખો છે ?

**જવાબ** :— ના, બધા કર્મો તો માને જ છે. પણ માનવા–માનવામાં ફેર છે. બધા કર્મો માને છે એ વાત તો સાચી પણ, બીજાઓ કલ્પના કરે છે. જ્યારે જૈનદર્શન જે રીતે છે તે રીતે જ પ્રરૂપણા કરે છે.

**'સર્વજ્ઞ'ના દર્શનમાં કોઇનેય 'કલ્પના' કરવાનો અધિકાર નથી. માત્ર તેમણે જેવી રીતે પ્રરૂપણા કરી છે તેની જ વવેચના કરવાની હોય છે.**

કેટલાકને ત્યાં 'કર્મ' વિષેની માન્યતાઓ તો એવી છે કે તમે સાંભળો તો ય તમને હસવું આવે. તમારામાં કેટલાય બાળકોના જન્મ પછી છઠ્ઠા દિવસે વિધિ લેખ લખવા આવે તેમ માને છે ને ? અને જે બિચારા જાણતા નથી તેવા જૈનો પણ છઠ્ઠે દિવસે કાગળ અને બરૂ મૂકીને સૂઈ જાય પછી આપી શકે એવા હોય અને તેને ફળ આપવા માટે કોઇની જરૂર હોય તો કર્મોએ કર્યું. શું ?

આવી રીતે કોઈ આપણા કર્મો લખવા માટે નવરૂં નથી કે કોઇના ચોપડામાં આવા કર્મો લખાતા નથી આપણી કેવળ કલ્પનાઓ જ છે.

અનંતાનંત પ્રાણીઓ અને અનંતાનંત કર્મો આ બધા હિસાબ ક્યાં રાખવાનો અને કોણ રાખવાનું ? એના માટે સાચી માન્યતા શી છે તે આપણે આગળ ઉપર જોઇશું.

卐

# જૈન શાસન માં કર્મનો વિચાર

સિદ્ધના સ્વરૂપને જાણવા માટે આપણે આત્માના સ્વરૂપનો થોડો વિચાર કર્યો. વળી કર્મોની સિદ્ધિ કરી અને કર્મ હોવા જોઇએ તેવું સાબિત કર્યું.

હવે આપણે કર્મો કેવા છે? આત્માની સાથે લાગ્યા પછી પણ તેમાં કેવા કેવા ફેરફારો થઇ શકે છે. વિગેરે વિચારીશું.

(૧) અનાદિથી સુવર્ણના રજકણો જેમ માટીમાં મળી એકમેક થઇ ગયા છે તેમ આત્માની સાથે એકમેક થયેલા કર્મોનો આપણે વિચાર કરવાનો છે.

આત્માના સ્વરૂપમાં આપણે વાત કરી હતી કે "આત્મા અરૂપી છે."

અરૂપી એટલે માત્ર રૂપ જ ન હોય તેમ નહીં પણ જેને રૂપ, સ્પર્શ, ગંધ, રસ, કશું જ ન હોય તે અરૂપી.

જેમ જૈનદર્શન પ્રમાણે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, આ દ્રવ્યો અરૂપી છે. તેમ આત્મા પણ અરૂપી જ છે.

પણ, પુદ્ગલાસ્તિકાય નામનું દ્રવ્ય તેવું નથી. તેને રૂપ, રસ ગંધ, સ્પર્શ તેમજ બીજા પણ ઇંદ્રિયથી જાણી શકાય તેવા અનેકાનેક ગુણો હોય છે.

આ પુદ્ગલાસ્તિકાય દ્રવ્યો અનંત છે. બધામાં રૂપ, રસ, ગંધ. સ્પર્શ વિગેરે ગુણો તો હોય જ અને છે જ. પણ બીજા પણ કેટલાક ચમત્કારિક લાગે એવા ગુણો હોય છે જેથી તેનામાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ વિગેરે ગુણો હોવા છતાં પણ આપણને દેખાય નહીં.

આપણી આંખ વધુમાં વધુ તો બારીક લોહીના (પાવ-ડરના) એક છૂટા પડેલા નાના કણિયાને જ જોઈ શકે તેથી વધુ નાજુક ચીજ તો આપણને દેખાય નહીં.

તેવો નાનો કણિયો હાથમાં લીધો હોય તોય ભાગ્યે તેનો સ્પર્શ માલૂમ પડે. મોઢામાં મૂક્યો હોય તોય જીભ સ્વાદ ન જાણી શકે. કદાચ કોઇ સૂક્ષ્મદર્શકયંત્ર વિગેરેથી આપણને નાનામાં નાના કણિયાને જોઈ શકીએ તે બને. પણ......

યંત્રની શક્તિઓને ઓળંગી જનારા અનંતા દ્રવ્યો આ વિશ્વમાં વિદ્યમાન છે. જે દ્રવ્યો માનવી કદી ગમે તેવા યંત્રની મદદથી જોઈ શકવાનો જ નથી. આવા પુદ્ગલદ્રવ્યોનો જ એક પ્રકાર છે જેને કર્મ કહેવામાં આવે છે આવા દ્રવ્યો અનંતાનંતની સંખ્યામાં જુદા જુદા આ લોકમાં ખીચોખીચ ભરાઇને રહેલા જ છે. સારાયે ૧૪ રાજલોકમાં કોઈ એવી જગા નથી કે જ્યાં આ દ્રવ્યો ભર્યા પડેલા ન હોય! માટે કર્મો એ પણ એક પ્રકારના રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળા સૂક્ષ્માતિસૂક્ષ્મ દ્રવ્યો છે. જેનુ જ્ઞાન ઇંદ્રિયો દ્વારા કદી કોઇ કરી શકે જ નહીં.

## કાર્મણ વર્ગણાના પરમાણુઓ કેટલા ?

શાસ્ત્રકારો જણાવે છે કે કર્મના સ્કંધો એટલા બધાં સૂક્ષ્મ છે કે એક આકાશપ્રદેશ જેટલી નાની જગ્યામાં પણ તે અનંતા સમાઇ જાય છે.

જો એક આકાશપ્રદેશમાં રહેલા પરમાણુના સમુહને છૂટો પાડવામાં આવે અને એક એક આકાશપ્રદેશમાં એક એક પરમાણુ ગોઠવવામાં આવે તો માત્ર એકજ આકાશપ્રદેશમાં રહેલા પરમાણુઓથી સારા ૧૪ રાજલોક ભરાઈ જાય છતાંય બધાં પરમાણુને ન ગોઠવી શકાય.

**પ્રશ્ન :—** શું આવડા મોટા ૧૪ રાજલોકમાં પણ એક કર્મસ્કંધના પરમાણુને એક એક પ્રદેશમાં એક એમ ગોઠવીએ તો ન સમાય શકે ?

**જવાબ :—** ન સમાઇ શકે કારણકે ૧૪ રાજલોકના આ આકાશપ્રદેશો માત્ર અસંખ્યાતાજ થાય જયારે નાનામાં નાનો પણ એક કર્મનો સ્કધ અનંત પરમાણુઓનો તો બનેલો હોય જ છે આથી લોકના એક એક પ્રદેશમાં એક એક પરમાણુ મૂકાય તો માત્ર અસંખ્યાત પરમાણુ જ ગોઠવી શકાય બાકીના તો એમના એમ જ રહી જાય

ઠીક છે, પણ અહીં કેઇ વિચારક પ્રશ્ન કરી શકે છે કે બુદ્ધિ કલ્પના વડે જો આ લોકાકાશના એક એક પ્રદેશમાં એક એક પરમાણુ સ્થાપતા જઇએ તો, તો એક સંધના બધાં કર્મપરમાણુઓ ગોઠવી શકીએ કે નહીં ?

આ પ્રશ્ન વિચારવા જેવો છે કહેવુ જ પડે કે એક સ્કંધના અનંત પરમાણુઓ નહીં પણ એવા અનંતાનંત સ્કંધોને પણ બુદ્ધિ કલ્પનાથી સ્થાપિત કરીએ તો બધાં

આ પ્રશ્ન વિચારવા જેવો છે. કહેવું જ પડે કે એક સ્કંધના અનંત પરમાણુઓ નહીં પણ એવા અનંતાનંત સ્કંધોને પણ બુદ્ધિ કલ્પનાથી સ્થાપિત કરીએ તો બધા સ્કંધોના પરમાણુઓ ગોઠવાઈ જાય પણ અલોકાકાશના આકાશ પ્રદેશનો કદીય અંત ન આવે.

તમને આશ્ચર્ય થાય કે કર્મના પરમાણુઓ અનંત છે. તેનો પાર કેમ આવી જાય ? અર્થાત તે પૂરા કેમ થઇ જાય ? અને અલોકાકાશના પ્રદેશો અનંત હોવા છતાં પણ તેનો અંત કેમ ન આવે ?

આ વાત ખૂબ ધ્યાનથી સમજી લેવાની જરૂર છે સામાન્ય રીતે જોતાં અનંતનો અર્થ એમ લાગે છે કે જેનો કદીય અંત–છેડો ન આવે. જે કદીય પુરૂં ન થાય, તેનું નામ અનંત.

પણ શાસ્ત્રમાં બધા ઠેકાણે અનંત શબ્દ આ અર્થમાં જ વપરાતો નથી !

શાસ્ત્રમાં વસ્તુની ગણત્રી માટે ત્રણ વિભાગો બતાવવામાં આવ્યા છે.

(૧) સંખ્યાત
(૨) અસંખ્યાત
(૩) અનંત

જેમ ૨ (બે) પણ સંખ્યા છે. તેથી બે વસ્તુને પણ સંખ્યાતી વસ્તુ કહેવાય અને બે લાખ પણ સંખ્યા છે. બે લાખ વસ્તુને પણ સંખ્યાતી વસ્તુ જ કહેવાય છતાં સમજવું જોઇએ કે એક સંખ્યાત બીજા સંખ્યાત કરતાં એક લાખ ગણું મોટું છે.

આવી જ રીતે એક અસંખ્યાત અને બીજા અસંખ્યાત વચ્ચે પણ સંખ્યાત અથવા અસંખ્યાત ગણો પણ તફાવત હોઈ શકે છે. આમ અસંખ્યાતના પણ અસંખ્યાત ભેદ છે તેથી જ શાસ્ત્રકારે કહ્યું છે કે, એક પાણીનું બિંદુ પણ અસંખ્યાત પાણીના (અપકાય) જીવોવાળું હોય છે. અને બધા ય તળાવ અને સમુદ્રના પાણીના જીવોની સંખ્યા પણ અસંખ્યાત જ છે. તેથી મૂંઝાવું ન જોઈએ પણ સમજવું જોઈએ કે અસંખ્યાતના પણ અસંખ્યાત ભેદ છે.

આવી જ રીતે અસંખ્યાત એવો વ્યવહાર પણ જ્યાં કહેવો અશકય થઈ જાય છે ત્યાં અનંતનો વ્યવહાર વ્યવહાર શરૂ થાય છે.

એક કર્મના સ્કંધ (જથ્થા) ના પરમાણુઓ અનંત અને અનંત કર્મ સ્કંધના પરમાણુઓ પણ અનંત છતાંય બંનેના અનંતમાં અનંતગુણો તફાવત છે.

આમ છતાંય આ પરમાણુઓનો કદી પાર ન પામી શકાય તેમ ન સમજવું. તેનો પણ અંત–છેડો આવી જાય છે. કારણકે અલોકાકાશના પ્રદેશનો કદી અંત આવતો જ નથી.

જેમ કોઈ અભવ્યનો આત્મા કેટલો કાળ સંસારમાં રહેશે એમ પૂછે તો કહેવું પડે કે 'અનંતકાળ'

તેમજ સમ્યકત્વ પામ્યા પછી પણ આત્મા વધારેમાં વધારે કેટલો કાળ સંસારમાં રહે તો પણ અનંતકાળ.

પણ અભવ્યના વિષયમાં આવેલા જવાબમાં અનંતનો અર્થ કયારેય પૂર્ણ ન થાય–અંત ન આવે તેવો છે. અને બીજા પ્રશ્નના જવાબમાં કહેલ અનંતનો અર્થ એ છે કે

ગમે તેટલો સમય થશે છતાંય અનંતનો અંત અવવાનો તે નક્કી.

અર્થાત્ તે કાળ એટલો મોટો છે કે જેમ તેને સંખ્યામાં–આંકડામાં બોલી શકાતો નથી તેમ તેને અસંખ્યાત છે તેમ પણ કહી શકાતું નથી. એટલે જો એવી વ્યુત્પત્તિ કરવામાં આવે કે "સંખ્યાત અસંખ્યાત-ગણિતૈઃ વિદ્યતે, ન જ્ઞાયતે અંતો યસ્ય તત્ અનંત" તો તે વ્યાખ્યા બરાબર થાય પણ "ન વિદ્યતે અંતો યસ્ય" 'અનંત' તેવો અર્થ અહીં ન લેવાય. તે અભવ્યના આત્માના સંસારકાળ માટે લેવાય.

આ વિષય જ એવો છે કે જેમાં અવાંતર કેટલાય નવા–નવા પ્રશ્નો પેદા થતાં જાય પણ બધાં જ પ્રશ્નોનું નિરાકરણ કંઈ અહીં ન કરી શકાય.

ખરેખર તો વિષયનો સારી રીતે અભ્યાસ કરવાથી જ બધા પ્રશ્નોના જવાબો મળી શકે. અથવા જેને વિષય સારી રીતે સૂક્ષ્મતાથી આવડતો હોય તે જ આ વિષયને લગતા બધા પ્રશ્નો અને જવાબો કરી શકે તેમ સમજી પણ શકે. છતાંય આટલા વિચારો દ્વારા એટલું તો સમજી શકીએ કે કર્મ આત્મા કરતાં વિરુદ્ધ સ્વરૂપવાળી એક પૃથક્ અને સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી ચીજ છે.

પણ જો તમારે તે વિષયમાં વધારે ઉંડા ઉતરવું હોય, તત્વજ્ઞાનના ફૂંડે ફૂંડા આરોગવા હોય તો માત્ર વ્યાખ્યાન સાંભળે ન ચાલે તેની સાથે અભ્યાસ પણ કરવો પડે.

અભ્યાસ કંઈ જ ન હોય અને ખાલી ખાલી (અમસ્તો) પ્રશ્નો જ કરવા માંડીએ તો સામેના ગમે તેવા ( સમજ

(વિનાના) બુદ્ધિમાનનું પણ મગજ ખાલી થઈ જાય. માટે પ્રશ્ન પણ કંઈ જાણીને સમજવાની દૃષ્ટિથી થાય તો લાભદાયી બને નહીં તો ઘાંચી અને વકીલ જેવું થાય.

## સમજ વિનાની દલીલ માટે ઘાંચી અને વકીલ

એક ઘાંચીની નજીકમાં એક વકીલ સાહેબ રહેતા હતા. એક વખત તે તેલ લેવા આવી ચઢ્યા. બપોરનો સમય હતો એટલે ઘાણી પર બેઠા-બેઠા ઘાંચીભાઈ ઊંઘતા હતા, અને બળદ ઘાણી ચલાવતો જતો હતો.

વકીલભાઈને જોઈને આશ્ચર્ય થયું. એટલામાં તો વકીલસાહેબના પગના અવાજથી ઘાંચીભાઈની ઊંઘ ઊડી ગઈ.

ઘાંચી કહે: "ક્યુ વકીલ સા'બ! તેલ લેને આયે હો?

વકીલ :–હા, મગર યહ ક્યા! તુમ તો સો ગયે હો, ઔર બૈલ ચલતા હૈ વો કૈસે?

ઘાંચી :–કૈસે ક્યા ઉનકી આંખે તો બંદ હૈ, ઉનકો કૈસે માલૂમ પડેગા કિ મૈં સો ગયા હૂં! વહ તો ચલતા હી રહેગા!

વકીલ :–લેકિન! મીયાંજી! વહ ચલતે ચલતે રુક ગયા તો આપકો કૈસે માલૂમ પડેગા?

ઘાંચી :–ઈસિ વાસ્તે તો મૈંને ઉનકે ગલે પર ઘંટી બાંધ દી હૈ! રુક જાયગા તો વહ ભી નહીં બજેગી ઔર મુઝે માલૂમ હો જાયગા કિ બૈલ ચલતા નહી હૈ!"

વકીલ તો હેરાન-હેરાન થઈ ગયા. તેને એકદમ આશ્ચર્ય લાગ્યું અને તે પૂછી ઉઠયા.

"લેકિન! મીયાં સાહેબ! માન લો કિ વહ એક

હી સ્થાન પર ખડા હોકર શિર હીલાતા રહેગા તબ ભી તો ઘંટી બજતી હી રહેગી !"

ઘાંચી વકીલના પ્રશ્નથી કંટાળ્યો તેણે કહ્યું: "મેરા બૈલ તુમ્હારા જૈસા વકીલાત પઢા હુઆ નહીં હૈ, વહ એસા નહીં કર શકતા હૈ !"

વકીલને તો દલીલો કરવાનું કામ હતું. કોઈ દિવસ આવીને જોયું હોય તો ખબર પડે ને કે માણુસ કેવી રીતે ચાલે અને ઢોર કેવી રીતે ચાલે ? પણ અભ્યાસ વિનાની દલીલો નકામી.

બિચારો ઘાંચી વકીલને જવાબ પણ શું આપે ? એ તો પ્રાણી છે એને એવી ચોરી કોણ શિખવાડે ?

પણ વકીલભાઈનું આશ્ચર્ય કેવી રીતે ઓછું થાય. કારણકે તે તો બળદને ય તેમના જેવો લુચ્ચો સમજતા હતાને ?

**માટે અભ્યાસ કર્યા બાદ પ્રશ્નો કરીએ તો જ્ઞાનમાં વૃદ્ધિ થાય, નહીં તો ખાલી પાણી વલોવવાનું જ રહે. માટે આવા વ્યાખ્યાનોની સાથે અભ્યાસ પણ કરવો જોઇએ.**

અભ્યાસ કરશો ત્યારે ખરા પણ :આપણો તો એ વિષય ચાલી રહ્યો છે કે, કર્મના રજકણો (સ્કંધો) સારાય ચૌદ રાજલોકમાં એવું કોઈ સ્થળ નથી કે જ્યાં આત્માને લાગનારા કર્મના રજકણો (સ્કંધો)નું અસ્તિત્વ ન હોય !

આ કર્મના રજકણો (કાર્મણ વર્ગણાના સ્કંધો) જ્યાં સુધી આત્માને લાગેલા નથી હોતા ત્યાં સુધી તેનો કર્મરૂપે વ્યવહાર થતો નથી. પણ આત્માને કાર્મણવર્ગણા લાગ્યા પછીજ તે વર્ગણાને કર્મ કહેવાય છે. અર્થાત્ **કર્મ એટલે આત્માને લાગેલી કાર્મણવર્ગણા.**

પુદ્‌ગલ માત્રમાં કલ્પી ન શકાય તેવા અનેકાનેક ગુણો છે. કાર્મણવર્ગણામાં પણ વિચિત્ર સ્વભાવ છે જેને કારણે આત્મા તેની સાથે સંબધ્ધ થઈ જાય છે.

આ સંબંધ થઇ ગયા પછી કર્મપરમાણુઓ આત્માની સાથે એક–મેક થઈને જ રહે છે. ગમે તેવી પરિસ્થિતિમાં આત્માના પુરૂષાર્થ સિવાય કોઇપણ બાહ્ય પદાર્થની મદદથી આત્મા અને આ કર્મપરમાણુઓનું વિયોજન થઇ શકતું નથી.

પ્રશ્ન :– શું આત્માના પુરૂષાર્થ વિના કર્મ છુટે જ નહીં ?

જવાબ :– કર્મો પોતાની મેળે અમુક સ્થિતિ પૂર્ણ કર્યા બાદ ઉદયમાં આવે છે પણ તેનો ઊદય આત્મામાં કંઈને કંઈ પરિવર્તન તો અવશ્ય કરે જ છે.

પણ અહીં 'પુરૂષાર્થ' શબ્દથી આત્મપરિવર્તન અર્થ સમજવાનો છે. એટલે કે આત્મામાં જ પરિવર્તન થયા સિવાય કોઇ પણ દ્રવ્યની અપેક્ષાથી કર્મો છૂટા પડી શકતા નથી.

આત્મા સાથે સંબંધ થયા પછી કર્મપરમાણુઓનો કેટલોક કાળ એવો હોય છે જે સમય દરમ્યાન આ કર્મ-પરમાણુઓમાં કોઇ પણ જાતનો ફેરફાર થતો નથી કે આ કર્મપરમાણુઓનો કોઇ પણ પ્રભાવ આત્મા પર પડતો નથી. આવા સમયને શાસ્ત્રીય પરિભાષામાં **અબાધાકાળ** કહેવામાં આવે છે.

જે સમય દરમ્યાન આત્માને લાગેલાં કર્મોનો કોઇ પણ જાતનો ફેરફાર ( બાધા ) પેદા ન થાય તે સમયને અબાધાકાળ કહેવામાં આવે છે. કર્મોની સ્થિતિના પ્રમાણમાં

આ અબાધાકાળ નિયત હોય છે. આવો કાળ પસાર થઇ ગયા બાદ જ તે બંધાયેલા કર્મો ઉદયમાં આવી શકે છે.

પણ જેવું કર્મ બંધાય તેવું અને તેટલું જ કર્મ ઉદયમાં આવે તેવું બનતું નથી. કારણકે કર્મ બંધાયા પછી અનેકાનેક પ્રકારના ફેરફારો થાય છે.

## આઠ કારણો

તે બધાં ફેરફારો આત્માના સારા કે ખરાબ પ્રયત્ન ( અધ્યવસાય ) દ્વારા જ થાય છે. આત્માના આવા પ્રયત્નને 'કરણ' કહેવામાં આવે છે. આવા કરણો આઠ છે. (૧) બંધનકરણ. (૨) સંક્રમણકરણ. (૩) ઉદ્વર્તનાકરણ. (૪) અપવર્તનાકરણ. (૫) ઉદીરણાકરણ. (૬) ઉપશમનાકરણ. (૭) નિધત્તિકરણ. (૮) નિકાચનાકરણ.

સૌથી પ્રથમ બંધનકરણ છે. વિવક્ષિત કર્મબંધ સમયે આત્માનો જે ચોક્કસ પ્રકારનો પરિણામ હોય છે તે બંધનકરણ કહેવાય છે.

જેનાવડે તે બંધાતુ કર્મ કર્મોની મૂલ ૮ પ્રકૃતિઓ તેમજ ઉત્તર ૧૫૮ પ્રકૃતિઓમાં જુદી જુદી રીતે વહેંચાઈ જાય છે.

સૌથી પ્રથમ કરણ આ જ છે. બાકીના બધા જ કરણો આ કરણના પછી જ લાગી શકે છે. અર્થાત્ આત્મા સાથે સંબંદ્ધ થયેલો પ્રત્યેક કર્મને આ કરણ લાગે જ છે.

જેમ કોઈ મોટા મશીનમાં નાંખેલી વસ્તુઓ જુદા સંચામાં જુદા જુદા પ્રમાણમાં વ્હેંચાઈ જાય છે, તેમ આ કરણદ્વારા કર્મો પણ જુદી જુદી મૂળ તેમજ ઉત્તર પ્રકૃતિઓમાં નિયમ મુજબ વહેંચાઇ જાય છે.

## ( ૨ ) સંક્રમણકરણ

આ કરણની વિશેષતા એ છે કે તે બંધાયેલા ખરાબ કર્મોને પણ સારામાં ફેરવી નાંખે છે. અને સારા કર્મોને પણ ખરાબ કર્મોમાં પલટાવી દે છે.

દાખલા તરીકે શરીરને સુખ ઉપજે તેવું કર્મ ઉપાર્જન કર્યું હોય તો પણ કર્મ બાંધ્યા પછી ખરાબ ભાવ પેદા થવાથી તે સારૂં પણ કર્મ શરીરને દુઃખ ઉપજાવનારૂં બને છે અને કોઈક વિચારથી દુઃખ આપે તેવું પણ બાંધેલું કર્મ પાછળથી કરેલા પશ્ચાત્તાપ કે શુભભાવના પ્રભાવે સુખ ઉપજાવનારૂં પણ બને છે.

આ કરણ દ્વારા આપણાને એ સમજ પ્રાપ્ત થાય છે કે એક વખત પાપ થઈ જાય તો એમ ન વિચારી લેવું કે હવે તો તે પાપ જવાનું જ નથી માટે તેનુ પ્રાયશ્ચિત વિગેરે કરવું નકામું જ છે. પણ દુષ્ટભાવે કદાચિત પાપ થઈ જાય તો પણ તેનો પશ્ચાત્તાપ કે પાપવિચાર પરથી પાછા શુભ વિચાર પર આવી જવાની જરૂર છે.

જો આ પ્રમાણે થાય તો દુઃખ અને દર્દ જન્માવનારૂં પણ કર્મ સુખ અને શાંતિ આપનારૂં બની શકે છે. તેમજ કેટલાક મુઢ આત્માઓ એમ જ સમજે છે કે, જીંદગીમાં એક વખત સારૂં પુણ્યકાર્ય ખુબ જ મોટા પાયા પર કરી નાખ્યુ છે તેથી હવે બીજુ કંઈ પુણ્ય નહીં કરીશું તો પણ ચાલશે.

પણ **'સંક્રમણકરણ'ની તાકાત છે કે એ તમારા પુણ્યકર્મને પણ પાપકર્મમાં ફેરવી શકે છે. એટલું જ નહીં માસુલી દુઃખ આપનાર કર્મને ભયંકર દર્દ ઉપજાવે તેવું કર્મ બનાવી શકે છે.**

**તેમજ અગણિત સુખ આપનાર કર્મને તુચ્છ સુખ આપનાર બનાવી શકે છે.**

તેથી જ મહાપુરૂષોએ જણાવ્યું છે કે જાણે કે અજાણે થઇ ગયેલા પાપકર્મોની વારંવાર નિંદા કરો ! ગુરૂઓની પાસે તેની આલોચના કરો ! તેનું પ્રાયશ્ચિત્ત કરો !

તેમજ કોઈપણ સારૂ કાર્ય કરીને માન કે સત્તાના ભિખારી ન બનો, નહીં તો તમારી બધી જ મહેનત પાણીમાં જશે.

આ ઉપરાંત પણ બીજા બે કારણો ઉદ્દ્વર્તના તેમજ અપવર્તનાકરણ નામના છે.

ઉદ્દ્વર્તનાકરણવડે સારા કે ખરાબ બાંધેલા કર્મોની સ્થિતિ મોટી કરી શકાય છે. અને અપવર્તનાકરણ વડે મોટી સ્થિતિના સારા કે ખરાબ કર્મોની પણ ઓછી સ્થિતિ કરી શકાય છે. અને તીવ્ર કે મંદરસવાળા કર્મને પણ મંદ કે તીવ્ર રસવાળા કરી નાંખે છે.

જેમ સંક્રમણકરણ કર્મોને પોત–પોતાના સ્વભાવમાંથી બીજા સ્વભાવમાં કર્મોને ફેરવી નાંખે છે અને મંદ કર્મને તીવ્ર, અને તીવ્રકર્મોને મંદ બનાવે છે. તેમ આ બે કરણો મોટી કે નાની સ્થિતિવાળા કર્મોને નાની કે મોટી સ્થિતિમાં ફેરવી નાંખે છે.

આમ આ ત્રણે કરણોની ભેગી ( સમૂહ ) શકિતનો વિચાર કરીએ તો એક આત્મા તેના વડે બંધાયેલા કર્મને નહીં બંધાયેલા જેવું નબળું કે નાનું કરી નાંખે છે. તેમજ સારા કે ખરાબ–નહીં બંધાયેલા કર્મને પણ નવા જેવું જોરદાર તેમજ ઘણો કાળ સુધી ટકનારૂં કરી શકે છે.

તેથી જ સારા કર્મ કરીને છટકી જવાની જરૂર નથી તેમજ ખરાબ કર્મો કરીને નાસીપાસ થઇ જવાની પણ જરૂર નથી. આત્માની એ શકિત છે કે તે પોતાને લાગેલા કર્મની વ્યવસ્થાને પણ તોડી શકે !

આના સિવાય પણ 'નિકાચના'કરણ નામનું એક કરણ છે. વ્યવહારમાં તમે બધા વારંવાર બોલો પણ છો કે "આ તો નિકાચિત કર્મ ઉદયમાં આવ્યું લાગે છે. હવે તો સહનશીલતાપૂર્વક ભોગવે જ છૂટકો !"

જેને તમે નિકાચિતકર્મ કહો છો તેજ આ નિકાચના કરણ લખેલું કર્મ સમજવું.

આ કરણ એવું જબરજસ્ત છે કે સારા કે ખરાબ જે પણ કર્મને આ કરણ લાગ્યું તો કર્મને બીજું કોઈ પણ કરણ ન લાગી શકે.

અર્થાત્ જે કર્મ જેવું હોય, જેટલું હોય અને જે પ્રકારનું તીવ્ર કે મંદ હોય તે જ પ્રકારે તે ભોગવાય. આવા કર્મોનો કોઈ ફેરફાર ન કરી શકે. માટે જ એમ કહેવામાં આવે છે કે, ભાગ્યમાં લખેલા લેખ કોઈ મિથ્યા કરી શકતું નથી. આવા પ્રકારના કર્મને આશ્રયીને જ આ વાત છે પણ બીજા પ્રકારનાને આશ્રયીને નહીં.

જેમ કોઈ કેદીને ૧૦-૧૫ વર્ષની જેલ ફરમાવવામાં આવે છે. પણ જો તેની વર્તણુંક સારી લાગે તો તેની સજા હલકી કરવામાં આવે છે. ખૂબ મજૂરીમાંથી થોડી ઓછી મજૂરીનું કામ અપાય છે કે તેની શિક્ષામાં ઘટાડો પણ થાય છે અને કેટલાક કેદીઓ એવા ગુન્હા કરવાના રસિયા હોય છે કે, ત્યાં પણ ખરાબ વર્તન કર્યા વિના રહેતા

નથી. પરિણામે તેમની સજા આકરી પણ કરાય છે. અને સજાની મુદતમાં વધારો પણ કરાય છે.

પણ, કેટલાક એવા, ભયંકર ગુન્હાઓ હોય છે કે, જેમાં સજાની રીતમાં કે તેની મુદતમાં કશામાં ફેર કરવામાં આવતો જ નથી. નિકાચિત કર્મ પણ આ બીજી સજા જેવું છે. જેમાંથી કદી કોઇનો છુટકારો થઈ શકતો નથી.

મહાપુરુષો અંતઃકરણપૂર્વક ધર્મમાં ખૂબ રચ્યાપચ્યા રહેતા હોવા છતાં તેમને પણ આપણે મહાન કષ્ટો ભોગવતાં જોઈએ છીએ તે આવી જ જાતના કર્મોનો પ્રભાવ છે. અને કેટલાક ઘોર પાપમાં રચ્યા–પચ્યા હોવા છતાં પણ તેમના પુણ્યની સામે મહાશકિતશાળી પુરુષો પણ આંગળી ઊંચી કરી શકતા નથી તે પણ પૂર્વમાં બાંધેલા શુભ નિકાચિત કર્મોનું જ ફળ છે.

નંદિષેણ જેવા મહાત્માનું સંયમથી પતન, દમયંતી જેવી સતીની વિડંબના, વૈરાગ્યવાસિત તીર્થંકર ભગવંતોને પણ ભોગો ભોગવવાં પડે, જગતના ઉદ્ધારની ભાવના હોવા છતાં પરિષહો સહેવા પડે, આ બધા નિકાચિત કર્મના દાખલા ગણી શકાય.

આ કરણદ્વારા સમજાય છે કે, કદી મહાન આરાધના કરવા છતાં પણ દુષ્કર્મ નબળું ન પડે તો સમજવું કે પૂર્વના કોઇ નિકાચિત કર્મો ઉદયમાં આવ્યા છે. માટે તેને દૂર કરવાનો પુરુષાર્થ તો થઈ શકવાનો નથી. તેથી જ તે કર્મને મૂંઝાયા વગર કે રાગદ્વેષ વગર ભોગવી લેવાની જરૂર છે. કારણ કે આવા કર્મો વખતે જો રાગ–દ્વેષ કરીએ

તો બીજા બંધાતા કર્મો પણ નિકાચિત થાય અને આ જ રીતે સહન કરવા પડે.

તેથી મહાપુરુષોએ કહેલ સુભાષિત યાદ રાખવા જેવું છે કે "બંધ સમય ચિત્ત ચેતીએ ઉદયે શો સંતાપ?" આનો અર્થ એ જ છે કે કર્મનો ઉદય આવે સમતાપૂર્વક રહેવું. કારણ કે એક કર્મનો ઉદય સમય એ જ બીજા કર્મોનો બંધ સમય છે. અર્થાત્ પ્રતિસમય બંધ અને ઉદય ચાલ્યા જ કરે છે માટે સારા કર્મોના ઉદયમાં અભિમાન, ગર્વ, ક્રોધ આદિમાં આવીને તેમ(જ) ખરાબ કર્મના ઉદયમાં શોક, સંતાપ, પીડા, રુદન કરવા નહીં કારણ કે કર્મોના ઉદય વખતે પણ બંધ ચાલુ જ છે. અને તે કર્મ બંધ શોક–સંતાપ વિગેરે દ્વારા ખરાબ જ પાડવાનો. માટે સારા કર્મના ઉદયમાં પણ ધૈર્યતા, સહનશીલતા અને ક્ષમાશીલતાયુકત રહેવું.

જેમ રોગ થઈ ગયા બાદ દવા ન લઈએ, ઓપરેશન ન કરવા દઈએ તો રોગ વધતો જ જાય. તેમ આવા કર્મોના ઉદયમાં પણ જેમ ઓપરેશન કરાવતી વખતે દવા સુંઘીને બેભાન અવસ્થામાં પડી રહીએ તો જ રોગ નાબુદ થાય. તેમ અહીં પણ તેવા કર્મોના ઉદયરૂપ રોગમાં સમતા કે સહનશીલતાની દવા સુંઘી તે પીડાઓથી બેભાન બેપરવાહ જ થવું પડે તો જ તે રોગ નાબુદ થાય.

એકદમ નિકાચિત જેવું નહીં પણ તેના કરતા કંઈક ઉતરતું કહેવાય એવું પણ એક કરણ છે જેનું નામ નિધત્તિ કરણ છે.

આ કરણ જે કર્મોને લાગે તે તે કર્મોમાં ઉદ્વર્તના અને અપવર્તના સિવાય બીજા કોઇ પણ કરણો લાગી શકે જ

નહીં. અર્થાત્ આ કરણ લાગ્યા પછી સુખ આપનારા (સાતાવેદનીય) કર્મ અને દુઃખ આપનારા (અસાતા-વેદનીય) કર્મમાં કે સરી કીર્તિ બળ વગેરે આપનારા શુભ કર્મને અપકીર્ત્તિ કે દુર્બલતા આપનાર કર્મોમાં ન ફેરવી શકાય.

અર્થાત્ જે રૂપે બાંધ્યા હોય તે જ રીતે ભોગવવું પડે તેના સ્વભાવમાં ફરક ન જ કરી શકાય. ન તો આ કર્મનો ઉદય આવે ત્યારે તેને રોકી શકાય કે ન તો ઉદયમાં સમય પહેલા તેને ઉદયમાં લાવી શકાય.

મતલબ કે ઉપશમના ઉદ્દીરણા કે સંક્રમણકરણ આવા કર્મોને લાગી ન શકે એટલે અમુક અપેક્ષાએ આ પણ નિકાચિત કર્મના નાના ભાઈ જેવું છે.

આ સિવાય પણ "ઉદ્દીરણાકરણ" તેમજ "ઉપ-શમનાકરણ" નામના બીજા બે કરણો છે. "ઉદ્દીરણાકરણ" એ આત્માની એક એવી શક્તિ છે કે જેના દ્વારા આત્મા લાંબા કાળે ઉદયમાં આવનારા કર્મોને પણ જલ્દીથી ઉદયમાં લાવે છે.

આ કરણ દ્વારા આપણે સમજી શકીએ છીએ કે સારા કર્મોનો ઉદય ચાલતો હોય ત્યાં પણ એકાએક ખરાબ કર્મનો ઉદય આવી શકે છે. તેમજ ખરાબ કર્મનો ઉદય ચાલતો હોય ત્યાં પણ સારા કર્મનો ઉદય આવી શકે છે.

સારા કર્મનો ઉદય ચાલે છે, એટલે હમણાં તો કશો વાંધો નથી એમ સમજનારો પણ મોટી ભૂલ કરે છે. કારણ કે તેવા પ્રકારના શુભકર્મ ઉદયમાં હોવા છતાં પણ અશુભ-પરિણામથી ખરાબ કર્મો બળાત્કારે જલ્દીથી ઉદયમાં આવી જાય છે.

કહેવાય છે કે **"અત્યુગ્ર પુણ્યપાપાનાં ફલં અત્રૈવ લભ્યતે"** અત્યંત ઉગ્ર એવા પુણ્ય અને પાપના ફલો આ ભવમાં જ મળી જાય છે. તે મોટે ભાગે આ કરણના આધારે જ થાય છે.

ઉપશમનાકરણ એ આત્માની એવી શક્તિ છે કે આવી શક્તિ જ્યારે આત્મામાં પેદા થાય છે અને જે કર્મપ્રકૃતિઓને લાગુ પડે છે તે પ્રકૃતિઓ જાણે સ્થિર જ ન થઈ ગઇ હોય તેમ રોકાઇ જાય છે.

જેમ અગ્નિ પર ધૂળ કે રાખ નાંખવામાં આવે અને તે અગ્નિ છે કે નહીં તે માલૂમ પડે જ નહીં તેવી રીતે આ કરણ લાગે ત્યારે ખાસ કરીને ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વમોહનીય વિગેરે કર્મો જાણે આત્મા સાથે હોય જ નહીં તેવી રીતે વર્તે છે. અને એટલા જ માટે ઘણી ઘણી વખત આપણને ગુસ્સો આવતો હોય—ગુસ્સો કરવાનો સ્વભાવ થઈ ગયો હોય છતાંય કોઈક જ્ઞાનીના વચનથી કે આત્માની સમજથી ગમે તેવી ગાળો દેનાર કે માર મારનાર કે અપમાન કરનાર પર પણ કોઈ વખત બિલકુલ ગુસ્સો નથી આવતો ને દબાવી દઇએ છીએ. ત્યાં આ કરણનો પ્રભાવ છે એમ માનવું પડે !

આ કરણની અસર મહાપુરૂષોમાં જોવા મળે છે. ગમે તેવા પ્રબળનિમિત્તો ભેગા થયા હોય છતાં ય આત્માને અડોલ રાખનારી શક્તિ ઉપશમનાકરણના પ્રતાપે અનુભવાય છે.

તેથી એવું માનવું કે "મારા કર્મો જ એવા છે કે મને ગુસ્સો આવે છે. પૂર્વના કર્મો જ એવા છે કે કર્મના ઉદય સામે આપણું શું ચાલે ?" આવી બધી વાત કરનારે

સમજવાનું છે કે આત્માની ઉપશમના નામની એક એવી અદ્ભુત શક્તિ–અધ્યવસાય છે કે સિંહ જેવા બળવાન કર્મ પણ બકરી જેવા નબળા બની ગયા હોય તેવી રીતે વર્તે છે. અને તેથી જ કેટલાકના જીવનમાં આપણને એકાએક પરાવર્તન થયેલું દેખાય છે. આ બધું આવા ઉપશમભાવને આભારી છે.

આ આઠેય કરણોમાં માત્ર મોક્ષના પુરૂષાર્થરૂપ કહી શકાય એવું પ્રાયઃ આ જ કરણ છે.

'નિધત્તિ કે નિકાચિત' કરણ તો કર્મને ભોગવે જ છૂટકો કરે તેવા બનાવે તેવા છે. તેથી એક રીતે કહીએ તો આ બે કરણો સંસારના સમર્થકો છે. ઉદ્‌વર્તનાકરણ પણ કર્મની સ્થિતિ વધારનાર હોવાથી સંસાર સમર્થક છે.

જ્યારે ઉદ્દીરણા, અપવર્તના મોક્ષના સાધક છે તેમ કહેવાય, પણ મોક્ષના જ સાધક છે તેવું કહેવું મુશ્કેલ છે. કારણ કે 'ઉદ્દીરણા' અને 'અપવર્તના' તો ખરાબ કર્મોની પણ અશુભ અધ્યવસાયોથી થઇ શકે છે.

મતલબ કે અશુભ પરિણામ દ્વારા પણ પુરાણા બાંધેલા શુભ કર્મની ઉદ્દીરણા તેમજ અપવર્તના થઈ જાય છે. એટલે મોક્ષમાં સહાયક થાય તેવા કર્મોનો પણ નાશ થઈ જાય ! પરિણામે સારા–સારા કર્મોનું જોર ઓછું થતાં ખરાબ કર્મો પ્રબળ બને સંસારનું ભ્રમણ પણ પ્રબળ બને !

સંક્રમણકરણ પણ દહીં દૂધીયા જેવું કરણ છે તેથી આ ઊપશમનાકરણને જ પ્રશસ્ત માત્ર મોક્ષસાધકકરણ કહી શકાય તેવું છે.

આમ જુદા જુદા કરણોની જુદી જુદી શક્તિઓનો

આપણે વિચાર કરી દુર્ગતિઓમાંથી આપણો સંસાર રોકવાનો છે. આ માટે કર્મોને લાગતા આઠેય 'કરણ'ના જ્ઞાનની ખૂબ ખૂબ જરૂર છે. બીજા દર્શનકારો કરતાં જૈનદર્શનકારોની કર્મના વિચારની મહત્તા અને વિશેષતા 'કરણ'ના વિચારોને લઈને જ છે. જ્યાં સુધી 'કરણ'નું જ્ઞાન ન થાય ત્યાં સુધી જૈનદર્શનનું **શરણ** ન મલે, જેને જૈનદર્શનનું શરણ ન મલે તેને જિનરાજના **ચરણ** મલ્યા હોય તો ય ન ફલે, જેને જિનરાજના ચરણ ન ફલ્યા હોય તેના **મરણનું** હરણ કદી ય ન થાય, મરણનું હરણ ન થયું હોય ત્યાં સુધી ભવસાગરમાંથી **તરણ** કેવી રીતે થાય ? માટે જિનેશ્વર ભગવાને ફરમાવેલ 'કરણ'ના જ્ઞાનથી આપણે ભવસાગરથી પાર થવા પ્રયત્નો કરવાના છે.

# "શું જૈનદર્શન કર્મવાદી છે?"

અહીં આપણો પ્રસ્તુત વિષય કર્મનો વિચાર કરી સિદ્ધના સ્વરૂપની જાણ કરવાનો છે. કરણવિષયક વિસ્તારથી વિચાર એટલા માટે કર્યો છે કે, જ્યાં સુધી આ કરણોની વાત ન સમજાય ત્યાં સુધી કર્મવાદનો અનેકાંતવાદ સાથે મેળ કેવી રીતે છે તે ન સમજાય.

જો કે, દુનિયાના બધા ય ધર્મો એક યા બીજી રીતે કર્મોનું વર્ણન અને તેનો મહિમા પણ કરે છે. છતાંય જૈનદર્શન જેટલો વિસ્તારથી વિચાર કોઈ પણ દર્શનકારે કર્યો નથી.

છતાં ય ખૂબી તો એ છે કે જૈનદર્શનમાં એકાંતે કર્મવાદને મહત્તા નથી અપાઇ માટે જ આટલો બધો કર્મ-વાદનો વિચાર જૈનદર્શનમાં હોવા છતાં ય જૈનદર્શન કર્મ-વાદી નથી. અને કોઇ દર્શનકાર તેને કર્મવાદી છે એમ પણ કહી શકતા નથી. આ કારણથી પણ જૈનદર્શનની સર્વ શ્રેષ્ટતા સમજી શકાય છે.

'વિશેષ' નામના પદાર્થને એકાંત સ્વતંત્ર પદાર્થરૂપે માનનાર કણાદનું દર્શન વિશેષવાદી કે વૈશેષિક કહેવાયું. સારું ય સચરાચર જગત્ બ્રહ્મમય છે એમ માનનારા બ્રહ્મવાદી કહેવાયા.

જગત્‌માં જે જે વસ્તુ દેખાય છે, વિદ્યમાન છે, તે ક્ષણિક છે. એમ કહેનારા બૌદ્ધો ક્ષણિકવાદી કહેવાયા.

જગતમાં જીવ અને શિવ બે જ પદાર્થો છે. પણ તેનાથી જુદી કોઇ વસ્તુ નથી એમ કહેનાર દ્વૈતવાદી કહેવાયા.

આમ દરેક દર્શનના પ્રસિદ્ધનામી અને અનેકાંતદર્શન વચ્ચે પણ આસમાન–જમીનનો તફાવત સ્પષ્ટ દેખાય છે. અનેકાંત શબ્દ કોઇપણ નિયત વસ્તુવિશેષ વાચક નથી.

વૈશેષિક શબ્દનો ઉત્પાદક વિશેષ શબ્દ બ્રહ્મવાદમાં રહેલ બ્રહ્મશબ્દ, ક્ષણિકવાદમાં રહેલ ક્ષણિક શબ્દ, દ્વૈતવાદમાં રહેલ દ્વૈત શબ્દ, અનુક્રમે વિશેષ, બ્રહ્મ ( પરમાત્મા ), ક્ષણ ( કાલવિશેષ ), દ્વૈત ( જીવ અને શિવ ) એમ કોઈ એક–એક વસ્તુને જ આગળ ધરે છે.

જ્યારે અનેકાંતવાદમાં રહેલો અનેક શબ્દ, (સ્યાદ્‌-વાદમાં રહેલો સ્યાદ્‌ શબ્દ કે નયવાદમાં રહેલો નયશબ્દ ) સીધી રીતે કોઈપણ વસ્તુનો વાચક છે જ નહીં. પણ પ્રત્યેક પદાર્થના ‘ અનેકાનેક ’ ધર્મો છે. તેમ કહીને બધી જ વસ્તુઓની માન્યતાઓ તરફ આપણું લક્ષ્ય ખેંચે છે. કોઈ એક જ પદાર્થને અત્યંત આગ્રહથી માનનાર નથી એવું સ્પષ્ટ તરી આવે છે.

સ્યાદ્‌વાદમાં રહેલો સ્યાદ્‌ શબ્દ પણ એ જ સૂચન કરાવે છે કે, કોઈપણ પદાર્થનો કે પદાર્થના ધર્મનો અત્યંત આગ્રહ ન રાખી શકાય.

નયવાદમાં રહેલો ‘ નય ’ શબ્દ પણ કોઇપણ પદાર્થનો વાચક નથી પણ પદાર્થને ઘણી ઘણી રીતે જોવાની દૃષ્ટિઓ છે. માટે કોઈ પણ એક જ પદાર્થનું એક જ રીતે વર્ણન

થઇ શકે અને બીજી રીતે ન જ થઈ શકે તેવું નથી. એનો ખ્યાલ આપે છે.

કોઈપણ મધ્યસ્થ આત્મા જો આટલું વિચારે તો પણ સમજી શકે કે જૈનદર્શનની વિશાળતા કેટલી છે?

વૈશેષિક દર્શન વિશેષને માને છે, તો જૈનદર્શન વિશેષ પદાર્થ નથી માનતું? બ્રહ્મવાદી બ્રહ્મ–ઈશ્વરને માને છે, તો જૈનદર્શન ઈશ્વરને માનતું નથી? દ્વૈતવાદી જીવ અને શિવને માને છે, તો જૈનદર્શન જીવ અને ઇશ્વરને નથી માનતું? બૌદ્ધદર્શન વસ્તુને ક્ષણેક્ષણે નાશ અને ઉત્પત્તિમાન માને છે, તેમ જૈનદર્શન શું ક્ષણે ક્ષણે વસ્તુનો નાશ અને ઉત્પત્તિમાન નથી માનતું? છતાં ય તે વૈશેષિક દર્શનો વિશેષવાદી, ક્ષણિકવાદી, તવાદી કે બ્રહ્મવાદી કહેવાયા. તેમ જૈનદર્શન કદી ક્ષણિકવાદી, દ્વૈતવાદી કેબ્રહ્મવાદી ન કહેવાયું. આ ભેદ કેમ?

વિચાર કરી શકનાર સમજી શકશે કે આમાં કંઈ તથ્ય એ જ છે કે બધા દર્શનો જે જે પદાર્થોના નામથી પ્રસિદ્ધ થયા છે. તે તે પદાર્થોની માન્યતા તેમનો એકાંત આગ્રહ છે. જ્યારે જૈનદર્શનની માન્યતા તે પદાર્થોમાં હોવા છતાં પણ તેમાં એકાંત આગ્રહ નહીં હોવાથી જ જૈનદર્શનની પ્રસિદ્ધિ અનેકાંતદર્શન, સ્યાદ્વાદદર્શનથી થવા પામી છે.

કોઈ એક માણસ ક્રોધી કહેવાય છે, કોઇ લોભી કહેવાય છે, કોઈ માની કે માયાવી કહેવાય છે અને લોકોમાં તેવી જ રીતે પ્રસિદ્ધ પણ થાય છે જ ને? તો શું બીજા દુનિયાના માણસો ક્રોધી, માની, માયાવી કે લોભી નથી? જ્યાં સુધી વિતરાગની અત્યંત નજીક ન પહોંચાય ત્યાં

સુધી તો આ ચારે ય કષાયો હોય જ! તેમ છતાં અમુક વ્યક્તિઓ જ ક્રોધી, માની, માયી કે લોભી કહેવાય છે; પણ બધા નથી કહેવાતા.

આમ બનવાનું કારણ એ જ છે કે જે વાત-વાતમાં ગુસ્સો કરતો હોય, ભગવાનનું મંદિર હોય કે ઉપાશ્રય હોય, સામેવાળી વ્યક્તિ પિતા હોય કે ગુરૂ હોય, ઉત્સવ-મહોત્સવ કે પર્વનો દિવસ હોય, તે કશાયનો વિચાર જે ન કરી શકે અને ત્યાં તેવે સમયે કે તેવે સ્થળે પણ જે ગુસ્સે થયા જ કરે તે ક્રોધી જ કહેવાયને!

પણ જેને ગુસ્સાનું પરિણામ શું આવશે તે ખબર હોય, કોની સામે ગુસ્સો થાય કે ન થાય તેનું જેને જ્ઞાન હોય, આવી વ્યક્તિઓમાં ગુસ્સો હોવા છતાં ય તે ક્રોધી નહીં કહેવાય. કારણ કે તેના ગુસ્સામાં મર્યાદા છે, એક રીતે કહીએ તો કહી શકાય કે તેનામાં ગુસ્સો છે છતા ય ગુસ્સા વિના ચાલે જ નહીં તેવો અત્યંત આગ્રહ નથી, જ્યારે બીજામાં તેનો અત્યંત આગ્રહ છે, માટે જ તે ક્રોધી કહેવાય છે.

**આમ જૈનદર્શન બધા જ પદાર્થોને માનતું હોવા છતાં તેમાં એકાંત આગ્રહ ન હોવાના કારણે તે કોઇપણ 'વાદી' નથી કહેવાતું:**

હવે તમને સમજાઇ ગયું હશે કે જૈનદર્શનમાં કર્મની વિશાલ ચર્ચા હોવા છતાં પણ કર્મવાદી કેમ નથી.

પ્રશ્ન :– આ વાત તો સમજાઈ, પણ આપે જણાવ્યું હતું કે 'કરણો'ના જ્ઞાનથી એ સમજાય કે જૈનદર્શન એકાંતે કર્મવાદી નથી તે કેવી રીતે?

જવાબ :– હા, આપણે કરણો દ્વારા એ જ નિર્ણય

કરવાનો છે કે, કર્મ વિના જગતની કોઇ પણ ઘટના બનતી નથી, છતાં ય કર્મ સિવાય બીજા કોઈની કશી તાકાત જ નથી કે કર્મજ સર્વોપરિ છે. તેમ પણ જૈનદર્શન માનતું નથી.

આ વાત કરણોના વિવેચન દ્વારા સ્પષ્ટ જ થઇ ગઈ. કારણ કે કરણોથી જ બાંધેલા કર્મોમાં પરિવર્તન થઇ શકે છે. જો આ પરિવર્તન થતું ન હોત તો બાંધેલા કર્મો, જેવા બાંધ્યા હોય તેવા જ ભોગવવા પડે અને કર્મોમાં એવી તાકાત હોય કે જેવા બાંધ્યા હોય તેવા ભોગવવા જ પડે તો કર્મ જ સર્વોપરિ બને અને કર્મનાશ માટેનો પુરૂષાર્થ ન હોય તો મોક્ષપુરૂષાર્થ નામનો ચોથો પુરૂષાર્થ પણ નિરર્થક જ બનેને ?

પણ, આગળ જણાવી ગયા તેમ કરણો બંધાઇ ગયેલા કર્મોમાં એક યા બીજી રીતે એવા ફેરાફારો કરે છે કે બંધાયેલું કર્મ પણ ન બંધાયેલા જેવું થઈ જાય છે. જે રીતે ન બંધાયું હોય તેવી રીતે પણ કર્મ ઉદયમાં આવે છે. લાંબે ગાળે ભોગવવાનું કર્મ પણ થોડા કાળમાં ભોગવાઇ જાય છે.

આમ કરણોદ્વારા બંધાયેલા કર્મોના આશ્ચર્યકારી પરિવર્તનો થાય છે. આ કરણો 'એ' આત્માનો પરિણામ વિશેષ જ છે, એ તો પહેલાં જણાવી જ ગયા છીએ. તેથી નક્કી થાય છે કે કરણોની શક્તિ એ આત્માની શક્તિ છે.

આ કરણોમાંથી કેટલાક કરણો એવા છે કે, જેનાથી એક રીતે કહીએ તો કરેલા કર્મો પણ જાણે નિષ્ફળ ન થયા હોય તેમ કરી શકાય છે. માટે આત્મશક્તિ રૂપ કરણોની તો ગજબની મહાનતા છે.

એક ક્ષણ પહેલાનો મહાપાપી પણ બીજી ક્ષણે મહાન યોગી બને છે, તે બધો પ્રભાવ આવા શુભ કરણોનો છે.

**ઘડી પહેલાનો દ્રઢપ્રહારી ઘડી પછી કેવલ પામ્યા તે કોના પ્રભાવે! કર્મોના પ્રભાવે કે કરેલા કર્મો ઉપર પણ કંઇક કેર વર્તાવ્યો તેના પ્રભાવે?**

**ક્ષણવાર પહેલાં વિષયની વાસનામાં દિવાના બનીને દોરી પર નાચતા ઇલાચીપુત્રને ક્ષણવારમાં કેવલજ્ઞાન અપાવનાર કોણ? કર્મ કે કર્મનો ચૂરેચૂરા કરનાર ધર્મ ?**

કેટલાક શુભકરણો આત્માની જ સક્તિ છે, અને તેવા કરણો પાસેથી તો કર્મોની **શક્તિ** પણ **ડરતી ડરતી** દૂર ચાલી જાય છે. એટલે જૈનદર્શનમાં તો કર્મોની શક્તિ છે એ વાત મનાય છે. તેની જેમજ શકિત ધર્મની છે–આત્માની છે એ વાત પણ એટલી જ મહત્તાથી ગવાઈ છે. એટલે **જૈનદર્શનનો કર્મવાદ તો ધર્મવાદની પુષ્ટિ કરનારો છે, મોક્ષવાદની સૃષ્ટિ સર્જનારો છે.**

પ્રશ્ન :– પણ નિકાચિત કર્મો પર પણ આત્માની શકિત શું ચાલે ?

જવાબ :– હા, સામાન્ય રીતે એ વાત ચાચી છે કે નિકાચિત કર્મોને ભોગવ્યા વિના છૂટકો જ નહીં, પણ ક્ષપકશ્રેણિ સહિતના ધ્યાનમાં તો એટલી બધી તાકાત છે કે નિકાચિત કર્મ પણ આત્મા ખપાવી શકે છે.

જ્યારે નિકાચિત કર્મો પણ આત્મા ખપાવી શકતો હોય ત્યારે અત્માની શકિત પાસે બીજા કર્મોની તો તાકાત શું ? એ તો ક્ષણવાર પણ ખપાવી નાંખવાની શકિત છે.

વળી કેટલાંક એવા પણ નિકાચિત કર્મો હોય તેને પણ ભોગવે જ છૂટકો થાય. તેવા હોય તો પણ તે નિકાચિત કર્મો ભોગવતી વખતે આત્માને સમતામાં ન જ રાખી

શકાય તેવું નથી. જેમ તીર્થંકર ભગવંતોને જે સાંસારિક ભોગ–સુખ મળે છે, તે પૂર્વના નિકાચિત કર્મના હિસાબે જ હોય છે, અને તેથી જ તેઓ અમુક કાળ પહેલાં દીક્ષા અંગીકાર કરી શકતા નથી, પણ તે ભોગ–સુખ વખતે તેમના હૃદયમાં જે વૈરાગ્ય હોય છે તે આત્માની જ શકિત છે.

વૈરાગ્યભાવનાએ મોહનીયકર્મના ક્ષયોપશમથી થાય છે. અને તેમના કામસુખના ભોગો પણ નિકાચિત મોહનીય અને પુણ્યકર્મના ઉદયથી મળેલા હોય છે અને ભોગવાતા પણ હોય છે.

છતાંય તે વખતનો તેમનો વૈરાગ્ય કેટલો પ્રબળ હોય છે કે, આ વૈરાગ્યના કારણે જ તેઓ નિકાચિત કર્મોનો ઉદય ભોગવતા હોવા છતાં ય વૈરાગ્યને પ્રબળ રાખી શકે છે. ભોગસુખો ભોગવતા છતાં ય અતંરથી અલિપ્ત રહે છે.

કહો કે, મોહનીયના નિકાચિત ઉદયમાં ફસાયેલા હોવા છતાંય તેમાં ગુંગળાયેલા નથી. તેથી નકકી કરી શકાય છે કે, આત્મામાં મોક્ષની તીવ્ર ઝંખના હોય, દેવગુરૂધર્મ પરની અનન્ય ભકિત હોય, મન તેમની આજ્ઞામાં જ પરોવાયેલું હોય તો, નિકાચિત કર્મનો ઉદય પણ તેવા આત્માને ફસાવી ભલે શકે, પણ ગુંગળાવી મારવાની તાકાત તેનામાં નથી. ભગવાનને સંસાર છોડીને બહાર નહીં જવા દેવાની તાકાત તેમના નિકાચિત કર્મોમાં હતી, પણ તેમનો વૈરાગ્ય છોડાવી ભોગમાં મસ્ત કરવાની તાકાત તો તે નિકાચિત કર્મોમાં પણ ન્હોતી.

આ કર્મ હઠીલા–લુચ્ચા શેઠીયા જેવું છે.

## "ગગનદાસના હપ્તા જેવું નિકાચિત કર્મ"

એક ગામમાં બે શેઠ રહેતા હતા. કોક વખતે મોટા ગણાતા મગનલાલ શેઠ ખોટમાં આવી ગયા. પૈસાની પુષ્કળ ભીડ થઈ. તેથી તેમનાથી ઠીક-ઠીક ઉતરતા કહેવાય એવા ગગનદાસ પાસે પૈસા લેવા જવું પડયું. ગગનદાસ લુચ્ચો હતો. તેને મગનલાલ શેઠ સાથે સંબંધ પણ રાખવો હતો અને તેમની બેઈજ્જતી પણ કરવી હતી. તેથી એકદાવ કર્યો.

"લો શેઠ! તમારા જ પૈસા છે ને લઈ જાવ, પણ એક વાત તમારે પૈસા હપ્તે હપ્તે ભરી દેવા પડશે. તેમાં વહેલું-મોડું નહિ ચાલે.

મગનલાલના પેટમાં પાપ ન્હોતું. તે કહે: 'હા હમણાં હું જરા અટવાઈ ગયો છું, પણ પૈસા જેવા આવશે તેવા તમને આપી દઇશ.'

ગગનદાસ તો પોતાની પેરવીમાં એમ જ બોલ્યા કરતો: 'એ ભલે ગમે તેમ કરો, પણ સારે તો પૈસા હપ્તે હપ્તે મળવા જોઇએ, વહેલા મોડા નહિં ચાલે.' બસ તમે આટલું લખી આપો એટલે જેટલા જોઇએ તેટલા પૈસા તમને આપી દઉં.

મગનલાલે ભોળા ભાવે પૈસા લઇ લીધા થોડા દિવસ થયા અને ચારે બાજુથી મગનલાલ શેઠની પાસે પૈસા આવવા માંડય,ા એ તો તરત જ ગગનદાસ પાસે દોડયા. આના-પાઈ શીખવે લઇને ઉપડયા. પણ શેઠે તો એકે ય પૈસો લેવાની ના પાડી.

મગનલાલ કહે: 'આમ કેમ ? શું મોડું થયું એટલે ખોટું લાગ્યું છે ? પણ જેવા મારી પાસે પૈસા આવ્યા તેવો જ તો હું અહીં આવી ગયો છું, બીજું શું કરું ?

પણ આ બે–ચાર દિવસમાં તો ગગનદાસે આખા ગામમાં વાત ફેલાવી દીધી હતી કે મગનલાલના માથા પર દેવું છે. તે તો ગગનદાસના દેવાથી જલ્દી મુકત થવા માગતા હતા, પણ પેલાને તો પૈસાથી કામ ન્હોતું તેને તો શેઠને પોતાના દેવાદાર જ રાખી પોતાના ગીતો ગાવા હતા. એટલે તેણે તરત જ મગનલાલને કહી દીધું: 'શું જોઇને દોડતાં–દોડતાં આવ્યા છો ? જુઓ કરારમાં શું લખ્યું છે ?'

મગનલાલ કહે: 'પૈસા જલ્દી આપી દેવા એ જ તો વળી, બીજું શું લખવાનું હોય ?'

ગગનદાસ કહે: 'ખોલીને વાંચો તેમાં તો લખ્યું છે કે, હપ્તા પુરા થયા પ્રમાણે આપવા વહેલા–મોડા નહીં.'

"જાવ, હજી તમારો પહેલો હપ્તો ય થયો નથી ને દોડયા–દોડયા આવ્યા. પહેલા હપ્તાને ય હજી પચ્ચીસ દિવસની વાર છે.

મગનલાલ શેઠ સમજી ગયા કે ગગનદાસ લુચ્ચાઈ કરવા માંગે છે. એ કરારમાં લખેલા વહેલા–મોડાનો એ અર્થ જુદો કરવા માગે છે કે, "વહેલા પણ નહીં અને મોડા પણ નહીં" પણ હવે કરવું શું ?

લખાણ એટલે લખાણ. તે વખતે ચોખવટ ન કરી હવે શું થાય ? તે વખતે જો આ શબ્દનો અર્થ નકકી કરી લીધો હોત તો આવો વાંધો ન આવત. "વહેલા–મોડાં" નહીં એનો અર્થ તો એ જ થાય કે બિલ્કુલ મોડું ન કરવું. પણ લુચ્ચાઇથી ગગનદાસે બંને શબ્દોના જુદા અર્થ કરીને શેઠને ફસાવ્યા.

બસ ! જે આવે તેને એક જ વાત કરે કે, મગનલાલ મારા દેવાદાર છે. અને શેઠ પૈસા પાછા લઈ લેવા માટે આજીજી કરે તો ય એક જ વાત કરે. 'મારે તો હપ્તો એટલે હપ્તો જ વહેલા ય નહીં અને મોડા ય નહીં'

નિકાચિત કર્મ પણ આવું લુચ્ચું અને હઠીલું છે. કર્મ કરો એટલે ભોગવો. હવે તમારી ગમે તેટલી શક્તિ હોય તો ય શું ?

ત્રણે જગતના પ્રાણીઓનો ઉદ્ધાર કરવાની ભાવનાવાળા પણ તીર્થંકરોને ભોગ ભોગવવા પડે, તે આવા લુચ્ચા શેઠના દેવા જેવું જ છે ને ? પણ જેમ પેલા ગગનદાસ શેઠ ભલે મગનલાલને દેવાદાર કહી શકે પણ દેવાળીયા કહી શકે તેમ નથી. તેવી જ રીતે **નિકાચિત કર્મો ભલે આપણને દેવાદાર બનાવી શકતા હોય, પણ દેવાળિયા બનાવવાની તાકાત તેમાં ય નથી.** દેવાળીયાએ બધું માંડેવાળ કરી દીધું હોય. જ્યારે દેવાદારમાં કોઈ દેવું પુરૂં કરવાની ભાવનાવાળો તો શું ? દેવાની રકમ કરતાં ય અનેકગણું ધન હોય પણ નિકાચીત કર્મ એવો લુચ્ચો લેણદાર છે કે, તમે ગમે તેટલા ધનવાન હો તો ય દેવાદાર તો કહેવડાવે જ. છતાં ય તેની એ તાકાત નથી કે તમને ભિખારી બનાવી શકે કે તમને દેવાળિયા બનાવી સકે. માટે **નિકાચિતકર્મના ઉદયમાં પણ આત્મા વૈરાગ્યવાન રહી શકે છે, સમતાનો સાગર બની શકે છે.** તે બધી આત્માની પોતાની જ શક્તિ છે, તે શક્તિ આગળ તો કર્મને પણ ઝુકવું પડે છે. અને જેમ ગમે તેવા પણ લુચ્ચા લેણદારના હાથમાંથી દેવાદાર બહાર આવી શકે છે, તેમ ગમે તેવા નિકાચિત કર્મોને પણ ખપાવી આત્મા એક વખત

મોક્ષને પામી શકે છે. માટે એકંદરે તો આત્માની શકિતની જ બોલબાલા છે. આપણામાં આવી ગજબ શકિત હોવા છતાં આપણને તેનું ભાન ન થાય, તે મેળવવા માટેનું તાન પેદા ન થાય, ત્યાં સુધી કોઈ શકિત બહાર ન આવે.

પૂ. ગણધર મહારાજા સુધર્માસ્વામીજીએ જે મંગલ કર્યું છે તેમાં બીજા પદ "**નમો સિદ્ધાણં**" નો હજી પહેલો જ અર્થ આપણે વિચારી રહ્યા છીએ તે અર્થ કરતાં જણાવ્યું હતું કે, આત્માને લાગેલા આઠ પ્રકારના કર્મોને તે સિદ્ધના આત્માઓ છે.

આ શબ્દોના પૂર્ણ ભાવાર્થને સમજવા આપણે 'આત્મા' અને તેની સિદ્ધિ કેવી રીતે, તેનું જૈનદર્શન તેમ જ બીજા દર્શનની દૃષ્ટિએ કેવું સ્વરૂપ છે તે વિચાર્યું. તેમજ કર્મ, કર્મોની સિદ્ધિ, કર્મોનો નાશ કરી મુકિતમાં નિવાસ કરાવી આપનાર કરણોનો પણ વિચાર કર્યો.

હવે 'આત્મા' અને 'કર્મ'નો સંબંધ કયારે અને કેવી રીતે થયો તે વીચારવાનું છે.

........
........

## કર્મ અને આત્માનો સંબંધ

આપણે આગળ એટલું વિચારી જ ગયા છીએ કે આત્મા અને કર્મ એ બંને જુદા જુદા સ્વભાવવાળી વસ્તુઓ છે. આત્માને તેના વિશુદ્ધ સ્વરૂપનો અનુભવ થવા દેવામાં જો કોઇ આડે આવતું હોય તો તે કર્મના જડ પરમાણુઓ જ છે. પ્રતિક્ષણે સંસારી આત્મા નવા નવા કર્મનો બંધ કરતો જ જાય છે તેના ઉદયમાં સુખ–દુઃખ વિગેરેની પ્રાપ્તિ કરે છે. તે સુખ–દુઃખના વિષયમાં રાગ–દ્વેષ કરીને વળી પાછા નવા નવા કર્મો બંધાતા જાય છે.

હવે એ વિચારવાનું છે કે, આ આત્માને કર્મનો સંબંધ કયારનો છે ? શું પહેલા આત્માને કદી કર્મ હતા જ નહી, અને કર્મ લાગ્યા છે કે પહેલેથી જ આત્માને કર્મ લાગ્યા છે.

### આત્માને કર્મ લાગવાનું કારણ શું ?

આ પ્રશ્નનો જવાબ વચિારતા પહેલાં એક વાત નક્કી કરી લેવી જરૂરી છે કે, "આત્માને કર્મ કેમ લાગે છે" શાસ્ત્રમાં કર્મબંધના હેતુઓ મિથ્યાત્ત્વ, અવિરતિ, કષાય અને યોગ આ ચાર બતાવ્યા છે.

આ ચારમાંથી પહેલાં ત્રણ તો મોહનીયકર્મના જ જુદા જુદા વિભાગો છે. અને 'યોગ' એટલે મન, વચન કે

કાયાની શુભ કે અશુભ પ્રવૃત્તિ આંથી સમજી શકાય છે. મોહનીયકર્મ અને મન–વચન–કાયાની પ્રવૃત્તિઓ જ, કર્મબંધનું કારણ છે. તેના દ્વારા જ આત્માને કર્મ બંધાય છે.

જો આ મોહનીયકર્મ કે મન–વચન–કાયાની પ્રવૃત્તિ આત્માને હોય જ નહીં તો કર્મબંધ પણ થાય જ નહીં. કારણ કે જે વસ્તુઓ દ્વારા કાર્ય થતું હોય તે કારણનો જ નાશ થાય તો કાર્ય કેવી રીતે થઈ શકે !

કોઈ પણ ચીજને અગ્નિનો સંપર્ક થયો હોય તો જ તે બીજી ચીજને ગરમ કરે કે બાળે. પણ અગ્નિનો જ નાશ કરી દીધો હોય, તે વસ્તુ સાથે અગ્નિનો સંપર્ક જ ન હોય તો તે ચીજ બીજી ચીજને કેવી રીતે ગરમ કરી શકે ?

તેમ **આત્મામાં રાગદ્વેષ ન હોય અને મન–વચન કે કાયા દ્વારા તે કોઇ પણ પ્રવૃત્તિ કરતો જ ન હોય તો તેને કર્મ બંધાય જ નહીં.** આથી એટલું તો સમજવું જ પડે છે. આત્માને કર્મબંધમાં ફસાવનાર મોહ અને યોગની પ્રવૃત્તિ જ છે, પણ આ મોહ અને યોગની પ્રવૃત્તિ કોનાથી થાય છે ? કહો કે, આત્માને કર્મનો યોગ છે જ. માટે જ મોહ થાય છે.

પ્રશ્નઃ– એટલે આ તો એવું થયું કે કર્મ છે એટલે મોહ અને યોગની પ્રવૃત્તિ છે. અને મોહ અને યોગની પ્રવૃત્તિ છે એટલે કર્મબંધ થાય છે.

જવાબઃ– હા, એમ જ છે. જેમ કપડાં પર તેલ લાગે, ચીકાશ લાગે એટલે ધૂળના રજકણો ચોંટે અને ધૂળના રજકણો ચોંટેલા હોય તેથી બીજા રજકણો પણ તેની સાથે આવીને ચોંટે.

પણ આ દૃષ્ટાંતથી એમ ન વિચારવું કે જેમ વસ્ત્રમાં પહેલા ચીકાશ આવી, તેમ આત્મા પણ પહેલા નિર્મળ હતો અને તેમાં ચીકાશ પેદા થઈ અને પછી જ આત્માને કર્મનો સંબંધ શરૂ થયો.

કારણ, આ દૃષ્ટાંત દેશથી જ સમજવાનું હોય છે. કોઈને કહીએ કે તેનું મુખ ચંદ્ર જેવું છે. તો તેને અર્થ એમ થોડો જ કરાય કે, 'જેમ ચંદ્રમાંથી શીતળ પ્રકાર મલે છે તેમ તેના મુખમાંથી પણ પ્રકાશ નીકળે છે.'

મુખ ચંદ્ર જેવું છે એ કહેવાનો અર્થ તો એટલો જ છે કે જેમ ચંદ્ર રૂપવાન છે, ચંદ્રને જોતાં આલ્હાદ (આનંદ) ઉપજે છે તેવી રીતે તેના મુખને જોતાં પણ આલ્હાદ ઉપજે છે, આનંદ પેદા થાય છે.

આવી શંકા પેદા ન થાય માટે જ આગળ કહ્યું હતું કે, મોહ (રાગ-દ્વેષ) અને યોગ (મન-વચન અને કાયાની પ્રવૃત્તિઓ) જેનાથી કર્મ આવે છે તેનું પણ કારણ તો કર્મ જ છે. કર્મ ન હોય તો રાગ-દ્વેષ પેદા થાય નહીં અને યોગની પ્રવૃત્તિઓ પણ થાય નહીં. પણ અહીં બેઠેલામાં કોઈ એવો છે ખરો કે જે મન-વચન અને કાયાથી પ્રવૃત્તિ ન કરતો હોય કે જેને રાગ-દ્વેષ ન હોય?

નથી જ! આવી દશામાં તો આપણે છીએ જ નહીં એટલે માનવું પડે છે કે આપણા મન-વચન-કાયાની પ્રવૃત્તિઓ અને મોહનું કારણ કોઈક છે જ અને તે કારણભૂત કર્મો રાગ-દ્વેષથી જ પેદા થયેલા છે.

તેથી આત્માને પહેલા કર્મો ન હતાં અને પછી કર્મો લાગ્યા, કે આત્મામાં રાગ-દ્વેષ ન હતા અને રાગ-દ્વેષ પેદા થયા, તેવું તો બને એવું જ નથી.

પ્રશ્નઃ- તો શું આત્માને કર્મો અનાદિના લાગેલા છે?

જવાબઃ- હા, અનાદિના જ છે. તેમાં આશ્ચર્ય જેવું કશું જ નથી.

**જે વસ્તુઓનો પરસ્પર કાર્યકારણભાવ હોય અને તે બંને વસ્તુઓ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી હોય તો તે બંનેનો કાર્યકારણરૂપ સંબંધ પણ અનાદિનો જ હોય છે.**

જેમ બીજ વિના વૃક્ષ પેદા ન થાય અને બીજ વૃક્ષમાંથી જ પેદા થાય, તેમજ બીજ અને વૃક્ષનો સંબંધ પણ અનાદિનો જ છે ને?

જેમ વૃક્ષ માટે કહી શકાય કે આ વૃક્ષનું આ બીજ હતું કે, આ બીજમાંથી આ વૃક્ષ બન્યું હતું. પણ સૌથી પહેલું બીજ કોઇ છે જ નહીં. અર્થાત્ વૃક્ષ અને બીજ બંને અનાદિના છે.

પ્રશ્નઃ- હમણાં કેટલાક નવી જાતના વૃક્ષો જુદી જુદી પ્રક્રિયાઓથી ઉગાડી શકાય છે. તેને શું? તે તો બધા જ નવા જ આદિમાન-શરૂઆતવાળા બીજ જ ગણાય ને?

જવાબઃ- ના, અહીં વૃક્ષ અને બીજનું દૃષ્ટાંત કહ્યું છે તે સ્થુલ છે, પણ તેને સૂક્ષ્મ દૃષ્ટિથી વિચરવાનું છે. કારણ કે શાસ્ત્રમાં એવા કેટલાક વૃક્ષો છે કે જેને તમે બીજ કહો છો તેવા બીજો તેને હોતા જ નથી. તેવા વૃક્ષોને સમૂર્છિમ કહેવાય છે. વળી કેટલાક વૃક્ષો સ્કંધ, ગાંઠ, પાન વિગેરેથી પણ ઊગનારા છે. તેથી વૃક્ષ અને બીજ એટલે કોઈ પણ જન્ય વસ્તુઓનો કોઇ જનક હોવો જોઇએ અને કોઇપણ જનક કોઇપણ વસ્તુને પેદા કરે છે તે જ તે દૃષ્ટાંતથી સમજવાનું છે.

અર્થાત્ કાર્ય અને કારણભાવ જેનો સતત ચાલ્યા જ કરતો હોય છે. અર્થાત્ જેનો કાર્ય કારણભાવ પરસ્પર એક–બીજા પર અવલંબિત હોય છે. તે ધારા અનાદિની જ હોય છે.

કર્મના ઉદયથી રાગ–દ્વેષ અને યોગની પ્રવૃત્તિ છે. અને રાગ–દ્વેષ અને યોગની પ્રવૃત્તિથી જ કર્મબંધ છે. એટલે આ કાર્ય કારણભાવ પરસ્પર અવલંબિત કહેવાય.

પણ ઘડા અને દંડનો કાર્ય–કારણભાવ પરસ્પરિક નથી. કારણ કે દંડથી ઘડો બને પણ ઘડો હોય તો જ દંડ બને તેવું નથી.

પણ પિતા–પુત્ર, વૃક્ષ–બીજ કુકડી–ઈંડુ તો અનાદિથી જ છે. અને તેથી તેમનો સંબંધ પણ અનાદિનો જ છે.

પ્રશ્નઃ– તો શું આત્માની સાથે કયારે કર્મોનો સંબંધ થયો તેનો કોઈ જવાબ જ નથી ?

જવાબઃ– ના, જવાબ છે. અને તે પણ નિશ્ચિંત છે કે આત્મા અને કર્મ બંને અનાદિના છે. અને તેનો સંબંધ પણ અનાદિનો જ છે. જે બે ચીજનો સંબંધ અનાદિનો હોય તે બે ચીજ પણ અનાદિની જ હોય તેમાં પૂછવા જેવું કશું છે જ નહિ.

જેમ સમજો કે ઘડો અને જમીનનો સંબંબ સો વર્ષ પહેલાનો છે. એમ તમને કોઈ કહે તો તમે નકકી સમજી જ શકોને કે ઓછામાં ઓછું દશ વર્ષ પહેલાં તો ઘડા અને જમીનનું અસ્તિત્વ હોવું જ જોઈએ.

એમ જે ચીજનો સંબંધ ( સંયોગ ) અનાદિનો હોય તો બે ચીજ પણ આનાદિથી જ હોય તે તો સ્પષ્ટ સમજી

શકાય છે. માટે કર્મ અને આત્માનો સંબંધ અનાદિનો છે. એ તો સ્પષ્ટ જ છે. છતાં પણ તમને એનો જવાબ નથી એવું કેમ લાગે છે ?

એનું કારણ એ જ છે કે તમે બેમાંથી કોઈ તો પહેલું હોવું જ જોઈએ, એવા જવાબની અપેક્ષા રાખો છો. પણ **વસ્તુ તો જેવી હોય તેવી રીતે જ દર્શાવાય. સર્વજ્ઞના શાસનમાં કોઇ ગડબડ ચાલે જ નહીં. જે પદાર્થ જેવો હોય તેવી જ રીતે તેનું નિરૂપણ થાય.**

પણ, તમારા તો મનમાં બેઠેલું જ છે કે બેમાંથી કોઇ ને કોઇ તો પહેલું હોવું જ જોઇએ. અને આમ થવાનું કારણ પણ એ જ છે કે આપણને સંપૂર્ણ જ્ઞાન નથી. માટે આપણને દુનિયામાં જે દેખાય છે, તેના પરથી આપણે બધું કેવું હોવું જોઇએ તેનો વિચાર કરીએ છીએ.

આપણે જોઇએ છીએ કે ખમીસ ન્હોતું ને થયું. ઘરેણું ન્હોતું ને થયું. એક ગામ ન્હોતું ને નવું વસ્યું એટલે બધાયની કયારે ય શરૂઆત તો હોવી જ જોઇએ. તેવો નિયમ મનમાં બાંધી લીધો અને તેમાંથી મગજમાં સમજ પેદા કરી કે જે જે વસ્તુઓ હોય તેની કોઈપણ વખત શરૂઆત તો થઇ જ જોઈએ.

તેથી આત્મા કર્મ અને આત્માને કર્મના સંયોગની પણ ક્યારેક શરૂઆત થઈ જ હશે. અર્થાત્ તેની આદિ હશે જ શરૂઆત કયારે ય થઈ જ હશે !

પણ, આ આપણા જ્ઞાનની ખામીનું પરિણામ છે. દુનિયામાં કોઈ પણ પદાર્થ બધી જ રીતે કયારે ય નવો બની શકતો નથી. ખમીસ નવું બન્યું પણ કપડું તો એનું એજ આમ દૃષ્ટિ જેટલી વિશાળ તેટલો જ્ઞાનનો વિકાસ થાય.

'કપડું પહેલાં શું હતું ? રૂ. 'તેના પહેલાં શું ?' છોડ. 'તેના પહેલાં શું ?' માટી. 'માટીના પહેલાં શું ?' આમ વિચાર કરતાં જ જશો તો સમજાશે કે આ દુનિયામાં રહેલા કોઈપણ પદાર્થની બધી જ રીતે નવી શરૂઆત થતી નથી. તે કોઈ ને કોઈ પૂર્વના કારણથી જ બને છે.

તેથી પદાર્થ અનાદિનો છે તે કહેવાનો અર્થ એ નથી કે એમાં આગળ–આગળના સ્વરૂપોનો કોઈની પાસે જવાબ નથી.

તમે કેવળજ્ઞાનીને કોઈ પણ એક વસ્તુને હાથમાં લઈને પૂછો કે 'હાથમાં રહેલો આ પદાર્થ શામાંથી બન્યો ? તેના પહેલાં તે કયા સ્વરૂપમાં હતો ? તેના પહેલાં કયા સ્વરૂપમાં હતો ?...."

આમ પ્રશ્ન પૂછતાં જ જાવ તો તમને દરેક વખતે નવા ને નવા જ જવાબો મલે. અને તેમ કરતાં કરતાં આપણું કે કેવલજ્ઞાનીનું બંનેયનું ય આયુષ્ય પૂર્ણ થઇ જાય તો ય જવાબો ખૂટે જ નહીં. જવાબો મલતા જ રહે. કારણ કે દુનિયામાં કોઇ પણ પદાર્થની કોઈ પણ વસ્તુની એકાંતથી ક્યારે શરૂઆત થઈ જ નથી. માટે તેને અનાદિ કહેવાય છે. માટે જેને અનાદિનો જવાબ સમજાતો ન હોય અને એમ લાગતું હોય કે 'આવો તે કંઇ જવાબ કહેવાય ?' તેને એમ કહેવું કે કેવલજ્ઞાનીને પ્રતિક્ષણે એક મિનિટના લાખો ને ક્રોડો શબ્દોની ઝડપે બોલ્યા કરે અને આપણે આગળ–આગળ પૂછતા જ રહીએ છતાંય કદીય આપણને તે વસ્તુ આગળ કયા સ્વરૂપમાં હતી એ જવાબ નવો નવો–મલ્યા જ કરે. તેવો આત્મા અને કર્મનો સંયોગ છે.

સર્વજ્ઞ ભગવાન તો જવાબો આપતાં જ જાય, પણ આપણામાં તો જવાબ ગ્રહણ કરવાની શકિત નથી પણ તેથી તે આ કંઇ આપની ટૂંકી દૃષ્ટિ પ્રમાણે થોડો જ જવાબ આપે? તેઓ તો પોતાના જ્ઞાનમાં જેવું દેખાય તેવું જ કહે ને?

એક વાત ખ્યાલમાં રાખજો કે, **આપણા જેવા બ્રહ્મસ્થોને ઇચ્છા અનુસાર જ્ઞાન થઈ શકે પણ સર્વજ્ઞ ભગવંતોને–કેવલિ ભગવંતોને ઇચ્છા મુજબ જ્ઞાન ન થાય. કારણ કે તેમને ઈચ્છા હોય જ નહીં.**

**ઈચ્છા હોય ત્યાં આગ્રહ પણ બંધાતા વાર નહીં, અને આગ્રહ બાંધીને જોઇએ એટલે વસ્તુ જેવી હોય તેવી નહીં પણ જેવી જોવી હોય તેવી જ દેખાવા માંડે.**

માટે જ તો જગતના હિતકારી જિનેશ્વર ભગવાન પર પણ કેટલાંય આત્માને પ્રેમ થતો નથી. અને જેની પ્રત્યેક વાતમાં વહેમ હોય, જેમની રહેમ (દયા)માંય વહેમ હોય કે "કયારે આ રહેમ કરનાર ભગવાન મારૂં સત્યાનાશ કરી દેશે." આવા રાગ–દ્વેષથી કલુષિત હરિહર મહાદેવ વિગેરે પર પણ કેટલાયનો વિશ્વાસ ને પ્રેમ નથી? આમ શા માટે થતું હશે?

એક જ કારણ છે કે પોતાના આગ્રહ પ્રમાણે જ્ઞાન કરવા ઇચ્છે છે. આગ્રહ ત્યારે જ બંધાય કે જ્યારે ઈચ્છા હોય.

ભગવાનને જિનેશ્વર ભગવંતોને તો ઇચ્છા છે જ નહીં તો આગ્રહ હોય જ કેવી રીતે? માટે તે કર્મને આત્માનો સંબંધ અનાદિનો જુએ અને અનાદિ જ છે તેમજ કહે.

પણ જ્યાં સુધી મિથ્યા આગ્રહ ન જાય ત્યાં સુધી આવી વાતો સમજમાં આવવી બહુ મુશ્કેલ છે.

### " શું કર્મો ઈશ્વરે બનાવ્યા છે ?

તમારી જેમ કેટલાક બિચારાઓ એમ સમજે છે કે, સૌથી પહેલાં તો કંઈક હોવું જ જોઈએ. અને તેમાંથી જ બધું પેદા થાય. અનાદિથી કંઈ હોય એવું માની શકતા નથી તેથીજ તેઓ ઈશ્વરને જગતનો કર્તા માની લે છે.

જેથી તેઓ (હિન્દુ દર્શનકારો) તો એમ પણ કહી શકે કે પહેલાં આત્મા હતો અને પછી ઈશ્વરની ઈચ્છાથી કર્મો લાગ્યા. પણ ઈશ્વર કર્તૃત્વવાદમાં કેવા કેવા દોષો આવે છે. તેની ચર્ચા તો આપણે આગળ કરી જ ગયા છીએ.

વળી જેને ઈશ્વરની ઈચ્છાથી કર્મો લાગ્યા છે તેને મુક્તિ માટે પ્રયત્ન પણ શું કરવાનો? ઈશ્વરની ઈચ્છા તેવા ખરાબ કર્મો લગાડવાની કેમ થઈ? ઈશ્વર શા માટે ભકતોની ઈચ્છા થતાંની સાથે ખરાબ કર્મો પાછા લઈ લેતાં નથી ?

જગતમાં કેટલાય એવા છે કે જે ઈશ્વરમાં માનતા નથી તો શું ઈશ્વર સમજ્યા વગરજ તેવા કર્મો તેને લગાડયા કે જેનાથી તે આત્મા તેવા કર્મ પેદા કરનાર ઈશ્વરને પોતાને પણ ન માને ?

આ બધા પ્રશ્નોના જ્યારે જવાબ લેવા જોઈએ છીએ ત્યારે ખબર પડે છે કે આ બધું ઈશ્વરે સર્જ્યું છે. એમ માની લેવાથી કોઈ પ્રશ્નનો અંત આવતો નથી અને બીજા અનેકાનેક નવા પ્રશ્નો પેદા થાય છે. વળી ઈશ્વરને જગતના કર્તા માનીએ. આત્માને તેણે જ પેદા કર્યો, કર્મો પણ તેણે જ પેદા કર્યા અને આત્માને કર્મનો સંબંધ પણ તેણે જ

પેદા કર્યો છે. એમ સ્વીકારીએ તો પણ ઈશ્વરને કોણે સર્જ્યો એ તો કહેવું જ પડે ને?

આખરે તો આખા જગતને પણ ઈશ્વરને કરેલું માનનારને ઈશ્વર અનાદિનો છે. ઈશ્વર કોઇ વખતે ન્હોતો એમ હતું જ નહીં એમ માનવું પડે છે.

વળી ઈશ્વરે ઇચ્છાથી જગત પેદા કર્યું છે. એમ માનીએ તો પણ ઈશ્વર તો જગતનો કર્તા છે અને કોઈ વસ્તુને બનાવનારો (કર્તા) કોઈ પણ મૂલ દ્રવ્ય વિના વસ્તુ બનાવે તેમ બની શકે જ નહીં

જેમ કુંભાર માટીમાંથી ઘડો બનાવે છે. તો ઘડો બનતા પહેલાં માટી તો જોઈએ જને? સમજો કે કુંભારને ઠેકાણે કોઇ દેવ કે અતિશયવાળો પુરૂષ હોય તે દંડ વિગેરે સાધન અને માટી ગોળવાની ચકરડા પર ચઢાવવાની ક્રિયા પણ વગર ઇચ્છાથી કે મંત્ર શકિતથી ઘડો બનાવી દે. પણ તેને પણ કોઈ દ્રવ્ય તો જોઈએ જ. મૂલદ્રવ્ય વિના (ઉપાદાન કારણ વિના) તો જગતની કોઈ ચીજ કોઇ બનાવી જ ન શકે. તો સારૂં ય જગત જેમાંથી બન્યું તે મૂલદ્રવ્ય તો જગત બન્યા પહેલાં પણ હોવું જ જોઈએ.

આમ એક ઈશ્વરની કલ્પના કરવી, તેને જગતનો કર્ત્તા માનવો, અને તે ઉપરાંત ઈશ્વર અને જગતના મૂળ દ્રવ્યને અનાદિના તો માનવા જ પડે. આ તો દ્રાવિડ પ્રણામ જેવું જ થયું કહેવાયને ?

દ્રાવિડ પ્રણામમાં સીધું નાક ન પકડાય. તેવો નમસ્કાર કરનારો માથાની પાછળ હાથ ફેરવીને પછી અવળી બાજુથી નાક પકડે ! આમ જગતના દ્રવ્યોને એક યા બીજી

રીતે ઈશ્વરને કર્ત્તા માનવાવાળાને પણ અનાદિના માન્યા વિના છૂટકો જ નથી. માટે એજ માનવું યોગ્ય છે કે આત્મા પણ અનાદિનો છે, અને કર્મો પણ અનાદિના છે, અને તે બંનેનો યોગ પણ અનાદિનો જ છે.

## આત્મા અને કર્મ અનાદિના પણ તે બેનો સંબંધ કયારનો ?

પ્રશ્નઃ– આત્મા અને કર્મ બંનેને અનાદિના માની લઈએ, પણ આત્માની જોડે કર્મનો યોગ પછીથી થયો તેમ માનીએ તો શું વાંધો ?

જવાબઃ– આગળની યુક્તિનો બરાબર ખ્યાલ આવ્યો હોય તેવું લાગતું નથી. કારણ કે આપણે આગળ જણાવી ગયા કે જેનો કાર્ય–કારણભાવ એક–બીજાને આશ્રયીને રહ્યો હોય તો તે બંનેનો સંબંધ પણ અનાદિનો જ હોય.

ઠીક, પણ હવે વિચાર કરો કે આત્મા ને કર્મ બંને તો અનાદિથી સ્વતંત્ર હતા, તો આત્માને કર્મનો સંબંધ કોઈ પણ કારણથી થયો છે, એમ તો માનવું જ પડે ને ? કારણ કે હમણા તો આત્માને કર્મોની પરાધીનતા છે એ સ્પષ્ટ દેખાય છે.

સૌથી પહેલાં એક વખત આત્મામાં મોહ પેદા થયો તેથી કર્મ બંધાયા એપ પણ કેવી રીતે કહી શકશો ? કારણ કે, મોહ તો જેતે કર્મ લાગ્યા હોય તેને જ પેદા થાય અને જો મોહ પેદા નથી થયો છતાં ય આત્માને કર્મનો બંધ થાય છે તેમ માનએ તો આકાશને પણ કર્મ લાગવા જોઈએ કાણ, તેનામાં પણ મોહ તો નથી અને અને આત્મામાં પણ હજી મોહ પેદા થયો નથી તો કોઈ

એવું કારણ તમારે બતાવવું જોઈએ કે, જે કારણ આત્મામાં હોય અને આકાશમાં ન હોય તો જ તે કારણ દ્વારા આત્માને કર્મ સૌથી પહેલ વહેલા લાગ્યું તેવું કહી શકાય.

આત્મા અરૂપી છે, માટે આત્માને કર્મ લાગ્યા તેવું કહેવું પણ નિરર્થક છે. કારણ કે આકાશ અરૂપી જ છે. માટે તે જ કારણથી આકાશને પણ કર્મો લાગશે.

હવે કલ્પના કરો કે, આત્મામાં 'જ્ઞાન'–ચેતના હતી એટલે કર્મો લાગ્યા. તો એક મહત્વનો બીજો વિચાર આવી પડશે કે, કયાં તો જ્ઞાનને આત્માનો સ્વભાવ માનીને આત્મામાં જ્ઞાન અનાદિથી છે, તેમ કહેવું પડશે.

અથવા આત્મમાં જ્ઞાન પાછળથી પેદા થવું એમ સ્વીકાવું પડશે. બીજી તો કોઈ શકયતા વિચારી શકાય તેમ નથી.

હવે આત્મમાં જ્ઞાન અનાદિથી છે, અને તે જ જ્ઞાન અમુક કાળ બાદ કર્મને ગ્રહણ કરે છે. અર્થાત્ જ્ઞાન દ્વારા પહેલ વહેલો કયારે ય પણ કર્મની સાથે આત્માનો સંબંધ થયો આવું માનવું ઉચિત નથી.

કારણ કે, આનાદિ કાળથી કર્મબંધનું કારણ જ્ઞાન કે ચેતનાદિ મોજૂદ હોવા છતાં ય કેમ કર્મબંધ ન થયો. આ પ્રશ્ન આવી પડશે.

જો એમ કહો કે, જ્ઞાન અને ચેતના પણ આત્મામાં અમુક કાળ પછી પેદા થયા અને તે જ્ઞાન કે ચેતના દ્વારા આત્મા અને કર્મનો સંબંધ થયો; તો 'બકરૂં કાઢતાં ઉંટ પેસે' તેવી વાત થઈ.

કારણ તમારે એ વિચારવાનું હતું કે, સૌથી પહેલું કર્મ આત્માને કેવી રીતે લાગ્યું, તેનો જવાબ આપતા

તમે જ્ઞાન પેદા થયું, ત્યારે કર્મ લાગ્યું એમ કહ્યું પણ આત્મામાં જ્ઞાન સૌથી પહેલાં કયારે પેદા થયું, એ પ્રશ્ન તો તમારા પર નવો જ આવી પડયો.

આમ આત્માને કર્મનો સંબંધ આદિનો છે. કયારેય પહેલ–વહેલા આત્માને કર્મ લાગેલા છે. એમ સિદ્ધ કરવા જતાં આત્માને જ્ઞાનનો સંબંધ આદિનો છે. તે માનવાનો વખત આવ્યો.

તેથી આત્મગુણોને છોડીને એવું કોઈ કારણ માનવું પડે કે, જેના વડે કર્મ વિનાના આત્માની જોડે કર્મ જોડાયા હોય અને એમ કરતાં તે આત્મગુણો અને કર્મોથી ભિન્ન વસ્તુનો આત્માની જોડે યોગ કેવી રીતે થયો તે બતાવવું પડે. આખરે તે આત્મગુણોથી અને કર્મોથી ભિન્ન વસ્તુઓનો આત્મા સાથે અનાદિથી સંબંધ છે, એમ માન્યા વિના છૂટકો જ નહીં. તેના કરતાં તો આત્મા અને કર્મોનો સંબંધ અનાદિનો માનવો તે જ યુકત ગણાય.

## શું આત્માની જોડે ઇશ્વર ઇચ્છાથી કર્મો જોડાય છે?

વળી કોઈ કહે છે કે, આત્મા અને કર્મો બંને અનાદિના હતા, પણ ઇશ્વરની ઈચ્છાથી તે બંનેનો સંબંધ થયો છે. તેમ માનીએ તો આગળ જણાવ્યો તેવો જ ઇશ્વર કતૃત્વવાદ આવીને ઉભો રહે.

(૧) આત્માને કર્મનો સંબંધ કરવાનું ઈશ્વરને કેમ કેમ મન થયું?

(૨) વિદ્વાન કે શાણા માણસની કોઇ પણ પ્રવૃત્તિ કેવલ ઈચ્છામાત્રથી ન થાય કે તેની પ્રવૃત્તિનો કોઇ સુંદર આશય ન હોય તેવું ન બને. તો આત્મા અને કર્મનો

યોગ કરવા પાછળ ઈશ્વરનો હેતુ શો ? ઈશ્વર સામાન્ય માનવી કરતાં વધારે બુદ્ધિશાળી કે ઓછા ?

(૩) ઈશ્વરને કોઈપણ આત્મા તરફ પક્ષપાત તો હતો જ નહીં, તો બધાને સરખા કર્મ કેમ નહિ ?

(૪) સુખ આપનારા કર્મો અર્જ્યા તે તો હજી કોઈ ભદ્રિક માણસ હોય તે સ્વીકારી લે, પણ દુઃખ આપનારા કર્મો પરમાત્માએ શા માટે આત્માની જોડે જોડયા ?

અહીં કોઈક તાર્કિક વળી એવો તર્ક કરે કે, સુખમાં આવીને માણસ છકી ન જાય અને એકલું સુખ રહે તે પણ સારૂં ન લાગે, માટે ઇશ્વરે દુઃખ આપનારા કર્મો પણ સર્જ્યાં છે. તો તેની બુદ્ધિને ધન્યવાદ આપવા.

વાહ ! ભાઈ વાહ ! તેં તો કમાલ કરી નાંખી !

શું તું પ્રત્યક્ષ જોતો નથી કે દુઃખ આપે તેવા કર્મો હોવા છતાં ય માણસ સુખમાં છકી જાય છે, માટે ઇશ્વરના પ્રયત્નમાં કંઈક ખામી જ રહી ગઇ છે, તેમ માનીશ ? વળી કોઇ આત્મા દુઃખ આવવા માત્રથી કે દુઃખથી કરીને જ ભવિષ્યમાં આવનાર સુખમાં છકી નથી જાતો, તો વાત પણ ખોટી છે. કારણ દુઃખના ડર માત્રથી કદી કોઈ સુખમાં છકી ન જાય એ બનવું પણ અશક્ય છે. જ્યારે આત્મામાં વિવેક પેદા થાય છે ત્યારે જ તે સુખમાં શાંતિ રહે છે, અને તેના મદમાં ભરાતો નથી. પણ દુઃખના ડર માત્રથી કોઈ સુખમાં સાચી રીતે શાંત બને તેવું કદી ય બન્યું નથી અને બને પણ નહીં.

વળી જે સુખથી કંટાળો પેદા થાય કે અભિમાનમાં આવી જવાય તેવું સુખ ઈશ્વરને શા માટે સર્જવું પડયું ?

આવા આવા તો કેટલાય વિકલ્પો ઉઠાવી શકાય છે કે જેનો જવાબ આપવાનું કોઈ સ્થાન જ નથી.

# સ્યાદ્વાદની વિકલ્પ જાળ
## અને
# મહાવાદી મલ્લવાદીસૂરિજી

એક વખત એક વાદી મલ્લવાદી સૂ. મ. ની જોડે વાદ–વિવાદ કરવા આવ્યો. વાદ-વિવાદ એ આજના જેવા બકવાદ ન્હોતા. વાદ–વિવાદ ચાલે ત્યાં વાદી હોય, પ્રતિવાદી હોય, મધ્યસ્થ હોય. જે હાર–જીતનો ફેંસલો આપે સાંભળનાર વિદ્વાનોની સભા પણ જોઇએ.

થોડી–થોડીવારમાં સિદ્ધાંત ફેરવવામાં આવે તે બકવાદ, અને સારાય પોતાના સિદ્ધાંતને સિદ્ધ કરવા કે પ્રતિવાદીના ( સામોવાદી ) મતને હરાવવા માટે બોલાય તે વાદ –પ્રતિવાદ કહેવાય.

આજે તો પોતાનો કોઇ સિદ્ધાંત જ નહી, અને વાદ કરવા માટે બેસે એટલે વાદ–વિવાદના બદલે વિખવાદ જ થાય. પણ એ જમાનામાં હજી આવી પરિસ્થિતિ ન હતી. સામો પ્રતિવાદી બૌધ્ધ હતો. મલ્લવાદી સૂ. મ. સાથે વાદમાં ઉતર્યા. પહેલા વાદીએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા. હવે બોલવાનો વારો આવ્યો મલ્લવાદી સૂ. મ.નો, તેઓ તો તેના એક–એક વાકયના શબ્દ–શબ્દના સંખ્યાબંધ અર્થ કરવા માંડયા વળી પાછા તે બધા અર્થો કરવાથી જેટલા શકય વિકલ્પો થાય તેટલા વિકલ્પો કરવા માંડયા. આમ કરતાં તેના

એક જ વાકયના હજારો અર્થ થઈ ગયા. આટલા અર્થો કરીને વિકલ્પો કરીને મલ્લવાદી સૂ. મ. બૌધ્ધવાદીને કહેઃ

"બોલ ભાઈ, તારા વાકયોના આટલા અર્થો થઈ શકે છે, એમાંથી કયા કયા તારા સિદ્ધાંતથી સાચા છે? અને કેટલાના તને જવાબ આપું?"

વાદી કંઇ બુદ્ધિમાન ન હતો તેમ નહીં, પણ સ્યાદ્-વાદના જ્ઞાન વિના મલ્લવાદી સૂ. મ. કંઈ પદ્ધતિને અનુસરી વિકલ્પોને રજૂ કરે છે તે બૌધ્ધવાદી સમજી ના શકયો. જ્યાં સુધી મૂળ પદ્ધતિ હાથમાં ન આવે ત્યાં સુધી વિક-લ્પોને સમજવા કેવી રીતે? એને યાદ રાખીને જવાબ આપવા કેવી રીતે?

પેલો વાદી તો સમજતો હશે કે મારા પ્રશ્નોના મલ્લવાદીજી અમુક–અમુક ઉત્તર આપશે. પછી હું તે ઉત્તરો પર નવા પ્રશ્નો કરીશ એટલે તે વધારે મુંઝાશે! પણ.... એવી રીતે ફસાય તે મલ્લવાદી શાના? જવાબ આપવાની વાત પછી એમને તો પ્રશ્ન પણ રજૂ ન કરી શકાય તેવી દશા ઉભી કરી દીધી.

પેલો વાદી ઘડીભર તો દિગ્મૂઢ થઇ ગયો. તે વિકલ્પો યાદ રાખે કે, કેવી રીતે વિકલ્પો કરે છે. તે સમજે કે કેટલા વિકલ્પો પોતાને માન્ય નથી. તેના જવાબો માંગે. શું કરે?

આખરે વાદી કહે: "આજ વાદ–વિવાદ બંધ રાખો, બધાના ઉત્તર હું કાલે આપીશ." (જો કે આમ વિલંબ થાય તો એક રીતની વાદીની હાર જ કહેવાય, પણ પહેલેથી તેવો કરાર હોય તો જુદી વાત છે.

મલ્લવાદી સૂ. મ. કહે "ભલે! કાલે જવાબ આપજો. મારે તો હજી તમારો પ્રશ્ન જ તમને પૂછવાનો છે ને?"

અને વાત પણ ખરી હતી. કારણ કે હજી વાદી પોતાનો પ્રશ્ન જ રજૂ કરી શકયો નથી ત્યાં મલ્લવાદી સૂ. મ. તેનો જવાબ આપવાના કયાંથી હોય ?

રાજદરબારમાંથી ગયા બાદ બૌદ્ધવાદી વિચાર કરવા માંડયો કે, " કેટલાય વિકલ્પો કર્યા, કેટલા મારા સિદ્ધાંતને અનુકુળ છે, અને કેટલા મારા વિચારથી પ્રતિકૂળ છે." આખરે જ્યારે બધા યાદ રાખી ન શકયો ત્યારે તે પોતાના ઘરની દિવાલ પર ખડીથી લખવા માંડયો. પણ તો ય બધા યાદ ન આવ્યા.

આખરે તેની ચિંતા એટલી બધી તો વધી ગઇ કે, બિચારો ચિંતાની જ ચિતામાં બળી મર્યો. વિચારતો જાય અને લજ્જા પેદા થતી જાય કે કાલે શું થશે ? એના વિચારમાં ને વિચારમાં જ એને ધૂજારી છૂટવા માંડતી, અને આખરે બિચારાનું ત્યાં જ હૃદય બંધ (હાર્ટ ફેલ) થઇ ગયું.

આમ વાદ–વિવાદનો ખોટો ચડસ ભયંકર છે. પોતાની આબરૂની ચિંતા કરતાં બિચારાએ જાન ગૂમાવ્યો. આ તો એવું થયું કે " લેને ગઇ પૂત ઔર ખો આયી કાસમ "

સ્યાદ્વાદનો માર્મિક વિદ્વાન તો એવી વિકલ્પ જાળ ઉભી કરી શકે છે કે, એકાંતવાદનો આશ્રય કરનારો કદી ફાવી શકે જ નહીં. વ્યવહારમાં પણ જેને એક જ બારણું હોય તેવો મનુષ્ય આગ લાગે કે સંકટનો સમય આવે શું કરે ? નીકળવાના રસ્તે તો સંકટ ઉભું છે. કહો કે, બીજી બારી કે બારણું હોય તો બચી શકે. નહીં તો આગમાં બળી મરવું જ પડે ને ?

આવી દશા એકાંતવાદીઓની છે. **એકાંતવાદ એટલે વાદ–વિવાદનો એક જ માત્ર રસ્તાવાળો માર્ગ.** આવા

એકાંતવાદીઓ અનેક બારી–બારણુાવાળા મહેલમાં બિરાજતા સ્યાદ્‌વાદીને ફસાવી કેવી રીતે શકે ? અને એકાંતવાદી અનેકાંતવાદીના આક્રમણ સામે પોતાનું રક્ષણ પણ કેવી રીતે કરી શકે ?

સાચું પૂછો તો આવા વિકલ્પોને જાળમાં તો ભલભલાના હાજા ગગડીજાય છે, એકાંતવાદીઓ આવા વિકલ્પોના જવાબ તો કયાંથી કરી શકે. પણ આવા વિકલ્પોને સમજીને યાદ રાખવા તે પણ તેમના ગજા બહારની વાત છે.

જૈનશાસનના અનુપમ તાર્કિક મલ્લવાદી સૂ. મ. ની બલિહારી છે કે જેમની હેમચંદ્રાચાર્ય મ. જેવા કાલિકાલ સર્વજ્ઞ એ પણ " **અનુમલ્લવાદિન તાર્કિકા :** " કહીને પ્રશંસા કરી છે.

આ વાકયનો અર્થ છે કે મલ્લવાદી જેવા કોઈ તાર્કિક નથી. તેમની વિકલ્પ જાળ એટલી જટિલ હોય છે કે કોઈ તેમની વિકલ્પ જાળમાંથી નીકળી ન શકે. અને તેમની પાસે અનેકાંતવાદરૂપી એવું તીક્ષ્ણ હથિયાર હતું કે ભલભલાની વિકલ્પ જાળને ક્ષણમાં તોડીને ટૂકડે ટૂકડા કરી નાંખે.

અહીં તો પ્રસંગથી આટલી વાત કરી. પણ એથી સમજવાનું એ છે કે સ્યાદ્‌વાદની ખૂબી કેવી છે, જેની સહાયથી થયેલા વિકલ્પો પણ યાદ રાખવા મુશ્કેલ હોય તેવા સ્યાદ્‌વાદનું **ખંડન** કરવું કે તેમ કરવાની હિંમત કરવી એ પોતાના આત્મા માટે દુર્ગતિનું **મંડન** છે, આત્મકલ્યાણનું નિકંદન છે. એમ જ સમજવું.

સ્યાદ્‌વાદની મદદથી અહીં તો આપણે આત્માને કર્મનો બંધ અનાદિનો છે તેજ સિદ્ધ કરવાનું હતું. તમને હવે

ઠીક સમજાઈ ગયું હશે કે રાગ-દ્વેષ, કર્મબંધ અનાદિના છે. માટે હવે તો તેમાંથી મુકત થવાની જ આદિ (શરૂઆત) કરવાની છે.

આ કારમા કષાયો અનાદિના હોવા છતાં જાણે રોજ રોજ નવા-નવા હોય તેવી જ ભ્રાંતિ આત્માને થયા કરે છે. કારણ કે કષાયો કરતાં કયારે આ આત્મા વિચારતો નથી કે અનાદિ કાલથી આ કષાયોનું સેવન કરતો આવ્યો છું છતાં મારૂં કંઇ કલ્યાણ થયું નથી છતાં ય ક્રોધ, માન, માયા કે લોભ પેદા થાય તેવો પ્રસંગ ઉત્પન્ન થાય કે તરત જ એવો વિચાર આવે છે કે કષાય કર્યા વિના ચાલે એવું છે જ નહીં. જો આ પ્રસંગે હું ક્રોધ, માન, માયા કે લોભ નહીં કરૂં તો વળી પાછો આવો અવસર નહીં આવે.

પણ જેને ભગવાન પર **વિશ્વાસ** છે. જિનવચન એ જ જેનો શ્વાસોશ્વાસ છે. શિવપુરમાં **નિવાસ** કરવાની એક માત્ર જેની આશ ( આશા ) છે. તેને તો લાગે છે કે, અનાદિકાળથી આ કષાયોએ આત્માને દુઃખ દુઃખ ને દુઃખ જ આપ્યું છે. અનાદિ કોઇ તૃપ્તિ લેશમાત્ર સ્થિરતા કે ક્ષણમાત્ર માટે પણ સહનશીલતા પેદા કરી શકતો નથી તો તિલાંજલિ આપે જ છૂટકો છે.

ભયંકર કષાયોનું સેવન કરવાની દશા આવી ગઈ હોય છતાં ય કર્મનાબંધને અનાદિનો જાણનાર, તો કર્મબંધને તેમ જ તેનાથી પેદા થયેલા કષયોકે નિષ્ફળ કરવાનો જ પ્રયત્ન કરે.

—

# આઠ પ્રકારના કર્મ એ શબ્દ શા માટે ?

આપણે '**નમો સિદ્ધાણં**' પદનો અર્થ વિચારવા માટે આત્મા કર્મ તેમજ આત્મા અને કર્મ આત્મા અને કર્મનો સંબંધ એટલો પદાર્થોનો થોડો ઘણો વિચાર કર્યો.

હવે પૂ. અભયદેવ સૂ. મ. "**અષ્ટ પ્રકાર કર્મેન્ધનં**" એવો (આઠ પ્રકારનું કર્મરૂપ બળતણ) શબ્દ પ્રયોગ પણ '**નમો સિદ્ધાણં**' ની વ્યાખ્યા કરતા કર્યો છે. તેમનો આઠ પ્રકારના કર્મરૂપ ઈંધનનો બાળનારના બદલે બધા કર્મનો, બધા કર્મના પ્રકારરૂપ ઇંધનનો બાળનાર સિદ્ધોનો નમસ્કાર થાય તેમ કહ્યું હોત તો પણ ચાલી શકત.

કારણ કે, બધા જ કર્મનો નાશ કરનાર કે કર્મના બધા પ્રકારનો નાશ કરનાર આત્મા સિદ્ધ જ હોઈ શકે છે. છતાં ય '**આઠ**' એવો સંખ્યાવાચી શબ્દ વાપરવા પાછળ તેમનો આશય કર્મના કેટલા પ્રકારો છે તે સ્પષ્ટ કરવાનો છે. કારણ કે જેને કર્મ શત્રુઓનો નાશ કરવો હોય તેને તો શત્રુઓ કેટલા છે ? કેવા છે ? તેમની શકિત કેટલી છે, ? આ બધાનો ખ્યાલ હોવો જોઇએ.

બધાજ શત્રુઓ છે. બધાજ શત્રુઓ છે. એટલું બોલવા કે જાણ-

વાથી તેમની સામે મોરચો ન માંડી શકાય. તેથી કર્મના વિષયની એક વિગત જણાવીને એવું સૂચન કરી દીધું કે, કર્મનો નાશ કરવા માટે મોક્ષની પ્રાપ્તિ માટે આત્માના અનાદિના શત્રુઓનું બલાબલ જાણવું જરૂરી છે. તેના બલાબલનો વિચાર તો આપણે કરણોનો વિચાર કર્યો ત્યારે કરી દીધો જ છે. માટે હવે તેનો અહીં વિચાર કરવાની જરૂર નથી. પણ ખ્યાલ રાખવાનો છે કે અનાદિ કાળથી અનંતાનંત પુદ્ગલપરાવર્તકાળ સુધી **કર્મસત્તા** આત્માને મૂંઝવી રહી છે. પણ **ધર્મસત્તમાં** એવી પ્રબળ તાકાત છે. કે એનું બીજ માત્ર પણ આત્મામાં આવી જાય તો એક પુદ્ગલપરાવર્ત-કાળમાં મોક્ષ થયા વિના રહે જ નહીં. માટે કર્મસત્તા ને ધર્મસત્તા અંનતકાળ માટે પરાસ્ત કરી શકે છે.

એ ધર્મસત્તા એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્રની નિર્મલ આરાધનાનો ભવ્ય પુરૂષાર્થ !

卐

# જ્વાજ્વલ્યમાન શુક્લધ્યાન

ટીકાકાર મહર્ષિએ આગળ જણાવ્યું છે કે, આ આઠ કર્મરૂપી કાષ્ઠને સિદ્ધ ભગવંતોએ જ્વાજ્વલ્યમાન શુક્લ-ધ્યાનના અગ્નિ વડે બાળી નાંખ્યા છે.

અહીં આપણને જ્વાજ્વલ્યમાન શુક્લધ્યાન એ શબ્દોથી ટીકાકાર શું સમજાવવા માંગે છે. તે વિચારવું છે.

અહીં 'ધ્યાન' શબ્દ એ મુખ્ય વિશેષ્ય છે. 'શુક્લ' શબ્દ એ ધ્યાનનું વિશેષણ છે. પણ જ્વાજ્વલ્યમાન શબ્દ તો શુક્લધ્યાન એ સારાય શબ્દનું વિશેષણ છે. અર્થાત્ શુક્લધ્યાન એ જ્વાજ્વલ્યમાન શબ્દ માટે વિશેષ્ય છે.

જેમ કોઇ કહે કે, મોટી કાળી ચોપડી લાવો. તો ચોપડીઓ ખૂબ છે. પણ તે બધાની જરૂરત નથી, પણ કાળી ચોપડીની જ જરૂર છે. કારણ ચોપડીનું વિશેષણ કાળી છે.

વિશેષણ એ તેનાથી વાચ્ય ન હોય તેવા બધા જ વિશેષ્ય ધર્મોનું નિરાકરણ કરનારૂં હોય છે એટલે લાલ, ધોળી, પીળી ચોપડી નહીં પણ કાળી ચોપડી જ જોઈએ છે તેવો અર્થ આપણે કરીએ છીએ.

વળી કાળી ચોપડી એ પણ ઘણા-ઘણા પ્રકારની હોય છે. તેમાંની નાની નહીં પણ મોટી કાળી ચોપડી જોઈએ. કારણ કે મોટી એ પણ કાળી ચોપડીનું વિશેષણ છે.

તેથી આપણે સૌથી પહેલાં મુખ્ય વિશેષ્ય 'ધ્યાન શબ્દનો વિચાર કરવો જોઈએ.

## ધ્યાન શા માટે ?

જ્યાં સુધી આત્માને કર્મો લાગેલા છે. ત્યાં સુધી આત્મા સ્થિર રહી શકતો જ નથી. જેમ ચૂલા પર ઉકળતું પાણી ખદબદ થયા કરે છે તેવી રીતે આત્મપ્રદેશમાં હલન–ચલન ચાલ્યા જ કરે છે.

આ હલન–ચલન મન, વચન કે કાયાના યોગ દ્વારા થાય છે. કારણ કે આત્મા કર્મના પંજામાં ફસાયો છે ત્યાં સુધી તો એવી દશા છે કે, બહારના મન, વચન કે કાયાના પુદ્ગલો વિના તે કશું કરી શકે જ નહીં.

આમ કર્મના ઉદયને લીધે થતાં નવા–નવા પરિણામોને આધીન જે ચંચળતા આત્મામાં પેદા થાય છે તેનાથી કર્મનો બંધ ચાલુ જ રહે છે. અને તેથી આત્મા સિદ્ધગતિને મોક્ષને પામી શકતો નથી. પણ જેવો આત્મા સ્થિર થાય છે કે તરત જ બધા કર્મોનો નાશ થઇ જાય છે.

આવી સ્થિરદશા આત્માને ચૌદમે ગુણસ્થાને જ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રમાં આ દશાને 'શૈલીકરણ' કહેવામાં આવે છે.

અર્થાત્ બધા પર્વતોમાં શ્રેષ્ઠ પર્વત મેરુ. તે મેરુ જેવા સ્થિર પરિણામો જે પ્રાપ્ત થાય તેનું નામ જ (શૈલેશી-કરણ) 'શૈલેશી અવસ્થા'

આ દશા એ જ ધ્યાન દ્વારા પ્રાપ્ત કરવાની ચીજ છે. પણ બધા જ ધ્યાનથી આવી દશા પ્રાપ્ત ન થાય. ઘણે તો

માટીમાં જ ઉગે, પણ બધી જ માટીમાંથી ઘઉં પાકે તેમ નહીં.

ખાવાથી શક્તિ પ્રાપ્ત થાય, પણ બધું જ ખાવાથી શક્તિ પ્રાપ્ત ન થાય. ઝેર ખાઇએ તો મરી જ જવાય. તેમ આત્મસ્થિરતારૂપ 'શૈલેશી અવસ્થા' બધા ધ્યાનથી પ્રાપ્ત ન થાય.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી આવી દશા દુર ને દુર થતી જાય, ધર્મધ્યાનથી નજદીક આવતી જાય અને શુકલધ્યાન આવે ત્યારે જ આવી દશા પ્રાપ્ત થાય. માટે આવી સ્થિરતા મેળવવાના અર્થીએ મેળવવા લાયક ધર્મધ્યાન અને શુકલ-ધ્યાનને સમજવાની જરૂર છે. તેમ છોડવા લાયક આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને સમજવાની જરૂર છે.

## ધ્યાન એટલે શું ?

**'એકાગ્ર-ચિંતા નિરોધો ધ્યાનમ્'** ધ્યાનનું સામાન્ય લક્ષણ છે.

જો કે સામાન્ય વ્યવહારમાં તો કોઈ પદ્માસન વિગેરે લગાવીને બેઠા હોય કે પ્રાણાયામ વિગેરે કરતો હોય, સામાયિક લઇને નવકારવાળી વિગેરે ગણતો હોય તેને આપણે ધ્યાન કર્યું એમ કહીએ છીએ. પણ એ બધા ધ્યાન નહીં, પણ ધ્યાનને મેળવવાના–પ્રાપ્ત કરવાના રસ્તા છે.

સાચું ધ્યાન તો એકાગ્ર બની જે વિષયનું ચિંતન ચાલતું હોય તેને છોડીને બીજો કોઈ વિષય મનમાં ન આવે અને જે વિષયનું કે પદનું ધ્યાન ચાલતું હોય ત્યાં જ મન સ્થિર રહે તે જ સાચું ધ્યાન છે. જેટલી તે વિષયમાં મનની સ્થિરતા હોય તેટલું ધ્યાન મજબૂત કહેવાય.

આપણું ધ્યાન અમુક વિષયમાં સ્થિર થઈ ગયું છે કે નહીં તે સાચું ત્યારે જ કહેવાય કે તે સમયે બીજા કોઇમાં આપણું ચિત્ત ન જાય, તે ધ્યાન વખતે બાજુમાં આવીને કોઇ રાડ પાડે તો ય ન સંભળાય, કીડી આવે ને ચટકો ભરે તો ય ખબર ન પડે, દુર્ગંધથી ભરપૂર પદાર્થ બાજુમાં પડયો હોય તો પણ તેની ગંધ ન આવે. કહો કે ધ્યાનમાં સ્થિર થઈ ગયેલાને તેના તે વિષય વિના કોઇની ખબર જ ન પડે.

## "ધ્યાન અને મૌલવી સાહેબ"

એક વાર એક મૌલવી સાહેબ નમાઝ પઢી રહ્યા હતા. ખુબ ભાવ–ભક્તિપૂર્વક ખુદાને યાદ કરતા હતા. એવામાં કોઇ એક બાઇ હાંફળી–ફાંફળી આવીને વચમાંથી ચાલી ગઇ. મૌલવી સાહેબ તો તરત તાડુકી ઉઠયા કે, "અબે ! રંડી બીચમેં સે કયોં નિકલી, મેરી સારી નિમાઝ બીગડ ગયી !"

પેલી સ્ત્રી તો એની ધૂનમાં ને ધૂનમાં આગળ જ ચાલી ગઈ. મૌલવીને લાગ્યું કે આ તો દુષ્ટ લાગે છે. મૌલવીજી તો પાછળ દોડયા અને ગમે તેમ કરીને તે સ્ત્રીને ઉભી રાખી બોલ્યાઃ

"ઈતના ભી ધ્યાન નહીં રખતી હો ! હમારી નિમાઝ બિગાડકર ભાગ જાતી હો, હમારા સુનતી ભી નહીં ?"

સ્ત્રી તો હસવા લાગી. મૌલવી સાહેબનો પારો ઓર ઉંચે ચડી ગયો.

"ગધ્ધી કહીં કી એક તો હમારી નિમાઝ બિગાડ દી ઔર અબ હસતી હૈ ? કૈસી બેવકૂફ હૈ !"

પેલી સ્ત્રી તો જાણે ઉંઘમાંથી ઉઠીને જ, જાણે કંઇ બન્યું જ ન હોય તેવી રીતે મૌલવીની સામે જોવા માંડી. સ્ત્રી તો જરાવાર સ્તબ્ધ થઈ ગઇ પણ થોડીવારમાં બધી વાત તેની સમજમાં આવી ગઈ. અને હસીને કહેવા લાગીઃ

"તુમ્હારા ખુદા તો મેરે યાર (પતિ) સે ભી ગયા લગતા હૈ !"

મૌલવી તો આવું વચન સાંભળીને દંગ જ થઈ ગયા.

"યે કયા કહતી હૈ ? તેરા યાર કહાં ઔર સારી દુનિયાકા માલિક કહાં ?"

સ્ત્રીએ બરાબર ચમકી આપતાં કહ્યુંઃ "ઇસ લિયે હી તો દુનિયા કે માલિકકી બંદગી કરનેવાલા બંદગી છોડકર આપ યહાં આ ગયે ! નિમાઝ પઢના ભી ભૂલ ગયે, ઔર યહ ઔરત તો ઉનકે યાર કે પીછે સબ ભૂલ ગઇ ! ઉન્હેં ઇતના ભી કહાં માલૂમ થા કિ બિચમેં કૌન આયા ?" અને આમ કહેતાંની સાથે પેલી બાઇ તો એના યારને મલવા માટે પુરજોશથી દોડવા માંડી. પાછળ રહેલા મૌલવી તો વિચાર જ કરવા લાગ્યા કે, 'આ બાઇ એ શું કહ્યું ?'

"શું ખુદા કરતાં પણ એનો યાર કોઈ મહાન છે ?" ના....ના....એમ નથી, પણ....પણ....એને જેટલો યાર માટે પ્રેમ હતો એટલો મને ખુદા માટે ન હતો. મારા માટે એ વચમાં આવી એ વાત ખરી, પણ હું ય એના માર્ગમાં તો આવ્યો જ હતો ને ? છતાં ય તે મને ન જાણી શકી, અને હું કેવો મૂર્ખ કે નિમાજમાં ધ્યાન તો ન રાખ્યું ને વળી પાછી ફરીથી નિમાઝ પણ શરૂ ન કરી અને એની પાછળ પાછળ નાઠો.

પણ....એક ફાયદો તો થયો કે, આ બાઈએ મને જીંદગી માટે પાઠ શીખવી દીધો.

અહીં એ સમજવાનું છે કે, મૌલવી સાહેબ આસન જમાવીને બેઠા હતાં છતાંય તેમની 'નિમાઝ' એક ધ્યાનથી ન થઇ. અને પેલી સ્ત્રી કોઈપણ આસન કર્યા વિના ભાગતી હતી છતાં તેનું ધ્યાન મૌલવી કરતાં પ્રબળ હતું. કારણ કે તેને તેના (યાર) સિવાય બીજું કોઈ દેખાતું જ ન હતું, તેના સિવાય બીજું કોઈ મલવા યોગ્ય છે, વાત કરવા યોગ્ય છે તેવું પણ તેને લાગતું ન હતું. માટે જ તેને મૌલવીની ફરિયાદ સાંભળવામાં ય રસ ન હતો કે તેની ગાળ સામે ગાળ આપવાનો ય સમય ન હતો. એટલે **આસનથી જ ધ્યાન થઈ શકે છે તેમ ન સમજવું. પણ જ્યારે કોઈ પણ ચીજ હૃદયના આસન પર જામી જાય છે ત્યારે જ ધ્યાન થઈ શકે છે.** તે કદી ન ભૂલવું. માટે જ જૈનશાસનમાં ધ્યાન માટે આસનોની ઉપયોગિતા પર જ ખૂબ મહત્વ મુકવામાં નથી આવ્યું. વાયુની ગતિનો રોધ કરી મનને કાબુમાં લેવાની વાતનું જૈનદર્શનમાં મહત્ત્વ સ્વીકારવામાં નથી આવ્યું પણ શુભ-યોગમાં મન અત્યંત લાગી જાય તેવી જ રીતે પ્રવૃત્ત રહેવું એમ કહેવામાં આવેલ છે. શુભ વિચારો એટલા બધા પ્રબળતાપૂર્વક કરવા જોઈએ કે, ખરાબ વિચારોને–અશુભ વિચારોને આવવાનો અવસર જ મલે નહિં. ધર્મક્રિયા કરતાં કરતાં જે ધર્મકરણી જે રીતે કરવાની હોય તેવો જ ખ્યાલ રહે. મન એકાગ્ર બને અને બીજે ક્યાંય ન જાય તેને જ ધ્યાન ગણવામાં આવ્યું છે. આવું ધ્યાન કોઇ ઓરડીમાં બેસીને જ થઇ શકે કે આસનનો ખૂબ અભ્યાસ થાય તો જ થઇ શકે અથવા પ્રાણાયામ પર કાબુ આવ્યો

હોય તો જ થઇ શકે તેવું નથી, પણ **જ્યારે ધ્યેયના માટે અપૂર્વ પ્રેમ પ્રગટે છે ત્યારે ધ્યાન એકદમ થઈ જ જાય છે પ્રાણીની ગતિ આપોઆપ જ વ્યવસ્થિત થઇ જાય છે.**

પ્રશ્નઃ–શું પ્રેમ હોય તો 'ધ્યાન' એમ ને એમ થઈ જાય ?

ઉત્તર :–શા માટે ન થાય ? આગળ દૃષ્ટાંતમાં શું જોયું ? હૃદયમાં 'યાર' માટે પ્રેમ એટલો હતો કે જગતનું કોઈ તેની આગળ મૂલ્યવાન લાગતું ન હતું. માટે જ તો તે સ્ત્રીને ખબર ન પડી કે વચમાં મૌલવી છે કે મૌલવો છે ? એની વાત શું કરવાની પણ તમે ક્યારેય નોટના બંડલ ગણો છો કે નહિ ? દુકાન પર પણ ગણોને ? ત્યાં ચારે બાજુથી ઘોંઘાટ થતો હોય કે નહિ ? છતાં ય કેવું ચિત્ત એકાગ્ર રહે છે ? એક રૂપિયો ય વધારે કે ઓછો જતો નથી. કેમ ? એટલી ક્ષણ તમે રૂપિયાની નોટ સિવાય જગતના તમામ પદાર્થોથી મન વડે અલગ થઈ જાવ છો. એવી એકાગ્રતા આવી જાય છે કે માથે ગરથી પડી રહી હોય તે તરફ પણ લક્ષ્ય જતું નથી. કોઇ જીવડું શરીર ઉપરથી ચાલ્યું જાય તો ય ખબર પડતી નથી. કોઈ ચાર ચાર વખત બોલાવે તો ય સંભળાતું નથી. એટલે કહો કે તમારૂં મન અને કાન વિગેરે બધી ઇન્દ્રિયો માત્ર રૂપિયામાં જ લાગી છે માટે તમને બૂમ મારવામાં આવે તેનો પણ ખ્યાલ નથી એટલે શરીરથી પણ એટલી વખત તમે જુદાઈ અનુભવી રહ્યા છો, તે પણ સિદ્ધ થઇ જાય છે. એક માત્ર રૂપિયો અને તમે (આત્મા) આ બે જ વસ્તુઓ દુનિયામાં હોય તેવો તમે અનુભવ કરો છો. આવી એકાગ્રતા સધાય ત્યારે ધ્યાન થયું કહેવાય.

પણ સંસારી વિલાસના સાધનોમાં, ભોગ કે ઉપભોગની સામગ્રીમાં રાગદૃષ્ટિથી જેટલી એકાગ્રતા **સધાય** તે બધી કર્મની કમાઇ જ કરાવનારી છે. ભવની ભવાઇ કરાવનારી છે. પણ તેથી આત્માની લેશ માત્ર **ભલાઈ** થાય જ નહીં માટે જ શાસ્ત્રકારોએ આવા ધ્યાનને સંસારના હેતુઓ કહ્યા છે. શાસ્ત્રકાર જણાવે છે કે "આર્તરૌદ્રે સંસારહેતૂ" આર્ત અને રૌદ્ર ધ્યાન સંસારના કારણો છે. સંસાર ભાવનાના બધા વિકલ્પો એ આર્તધ્યાન જ છે. કારણ કે સંસાર માટેનો વિકલ્પ થાય એટલે આત્માને જે ઈષ્ટ લાગે તે ઝંખના થાય જે કંઇ ઇષ્ટસિદ્ધિની વચમાં આવતું હોય તે બધું પ્રતિકૂળ લાગે અને તે બધાથી દૂર થવાની લાલસા જાગે. પોતાને જે ઈષ્ટ લાગ્યું છે તે સદંતર પોતાની સાથે જ રહે, ભવોભવમાં પણ સાથે જ રહે તેવી ઇચ્છા પ્રગટે જેને શાસ્ત્રની ભાષામાં 'નિયાણુ" કહેવાય, તેવું નિયાણુ કરવાનું મન થાય આ બધું 'આર્તધ્યાન' છે. કારણ કે ઈષ્ટને પ્રાપ્ત કરવાની ઇચ્છા જાગે ત્યાં સુધી આત્મામાં ઉત્સુકતા જાગે એટલે જ્યાં સુધી તે સામગ્રી મળે નહીં ત્યાં સુધી આત્મામાં એક ઝીણી ઝીણી રિબામણ ચાલુ જ રહે જેમ અંદરનો તાવ કોઇને ખબર ન પડે પણ અંદરથી તો બધી ધાતુઓને બધા શરીરને તપાવતો જ હોય છે. તેમ ઈષ્ટની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આ મોહનો ઝીણો તાવ ચાલુ રહ્યા જ કરે છે. વળી આવી ઝંખના પછી પણ ચીજ મળી જાય તો તેમાં મૂઢતા પેદા થાય છે. વારંવાર જાણે સંન્નિપાત જ ન થયો હોય તેમ "હે!" મને મળી ગયું "વાહ" હું કેવો સુખી છું "મારા જેવું જગતમાં બીજુ કોણ હશે?" મને મળેલું કોઇ ન લઇ લે, ઓછું ન થઈ જાય, બગડી ન જાય, તેવી જ રીતે સાચવી રાખું." આવા આવા કેટલાય

વિકલ્પો મગજને ક્ષુબ્ધ બનાવી દે. અને લઇ જવાનો વિચાર આવે ત્યાં જ સાચવવાની ચિંતા, રક્ષણ કરવાની રમખાણ ચિત્તમાં હોળી સળગાવવી શરૂ કરી દે. જેટલી વાર સાચવી રાખી હોય તેટલી વાર સ્વાર્થવૃત્તિતા હૃદયને દુઃખ આપ્યા કરતી જ હોય, વળી એમાં ભૂલેચૂકે તે ચીજ આવેલી પણ ચાલી ગઈ તો આખી જીંદગી સુધી રોદણા રડાવ્યા જ કરે.

દીકરો તો ૪૦ વર્ષના થયા ત્યારે આવ્યો, બે વર્ષ માટે જીવ્યો અને મરી ગયો ત્યારે મેળવ્યું શું ? એટલે ૪૦ વર્ષ ઝંખનામાં કાઢયા, બે વર્ષ મૂઢતામાં અને એના રક્ષણમાં ગુમાવ્યા અને હવે જીવતર રહે ત્યાં સુધી યાદ કરી કરીને રોદણાં રડવાના જ રહ્યા ને ? આ બધી વૃત્તિમાં ચિત્ત સ્થિરતાપૂર્વક ચોંટી ગયું તો સમજી જ લેજો કે મર્યા. આવા આર્તધ્યાનમાં આયુષ્ય બંધાઈ જાય તો તિર્યંચનું જ આયુષ્ય બંધાય. જ્યાં ગયા પછી એટલી એવી દશા ભોગવવી પડે કે આંખની સામે ઘાસનો પૂળો પડયો હોય તો ય ખીલેથી છૂટા થઈને એક તણખલું ખાવાનું ન મલે. પોતાનું બચ્ચું જ બાજુમાં બાંધ્યું હોય પણ પોતાની ઇચ્છા થાય ત્યારે તેને દૂધ પીવરાવવાની પણ સ્વતંત્રતા ન મલે. આમ જે **ધ્યાન એટલે કે વિચારોની એકાગ્રતા સાક્ષાત કે પરંપરાએ પીડા, શોક, રૂદન બહારથી અને અંદરથી દીનતા, સંકુચિતતા, કાયરતા, નિઃસ્પૃહતા પેદા કરે તે બધું આર્ત્તધ્યાન જ સમજવું.**

## રૌદ્રધ્યાન

ઇષ્ટને મેળવવાના અને અનિષ્ટને દૂર કરવાના વિચારો જ્યારે તદ્દન વિવેકહીન બની જાય છે, ત્યારે આત્મા પાપ અને પુણ્યમાં, કર્તવ્ય અને અકર્તવ્યમાં, પૂજ્ય અને

અપૂજ્યમાં, હિંસા અને અહિંસામાં. સત્ય અને અસત્યમાં કોઇ અંતર રાખતો નથી. અર્થાત્ ગમે તેવા પાપ સેવવાની તૈયારી પેદા થાય, ગમે તેવું અકર્તવ્ય કરતાં લજ્જા પેદા ન થાય, પૂજ્યોની–ગુણવાનોની–ઉપકારીની અવહેલના કરતાં દિલમાં દર્દ પેદા ન થાય, અસત્ય બોલતાં અને હત્યા કરતાં જરા ય હૃદય કંપે નહિ પણ આનંદ પામે. ત્યારે તેવા વિચારોની એકાગ્રતાને રૌદ્રધ્યાન કહેવાય છે.

એટલે કહો કે આર્તધ્યાન બે ડીગ્રીનો તાવ છે, તો રૌદ્રધ્યાન છ ડીગ્રીનો તાવ છે. બંન્નેમાંથી કોઇનામાં પણ શરીરને તંદુરસ્ત રાખવાની તાકાત તો નથી જ. બંને શરીર માટે નુકસાનકારી તો છે જ. પરંતુ આર્તધ્યાન કંઇક વિવેકનો અંશ રહેવા દે છે. પાપ થઈ ગયા પછી પણ પશ્ચાત્તાપ કરવાના પરિણામ જલ્દી જગાવી શકે છે. જ્યારે પ્રબળ રૌદ્રધ્યાન વિવેકનો સમૂળગો નાશ જ કરી નાંખે છે. માટે જ આવા ધ્યાનમાં રહેલાઓની નરકગતિ રાહ જોતી હોય છે. આ ધ્યાનનો અંશ પણ બાકી હોય એટલે આછું પાતળું પણ રૌદ્રધ્યાન હોય ત્યાં સુધી સંયમનો પરિણામ અર્થાત્ છઠ્ઠા ગુણસ્થાનની પ્રાપ્તિ ન જ થાય જ્યારે આર્તધ્યાન આછું–પાતળું પણ બાકી હોય તો પણ સંયમની (છઠ્ઠા ગુણસ્થાનની) પ્રાપ્તિ તો થવા દે.

વાતવાતમાં મારી નાંખવાની વાતો કરવી, શસ્ત્ર સરંજામો બનાવવામાં મશગુલ રહેવું, પોતાનો સ્વાર્થ ન સધાતો હોય છતાંય બીજાનું નુકશાન કરવામાં આનંદ લૂટવો એ બધું રૌદ્રધ્યાન છે. જેમ જેમ વિષયની પિપાસા પ્રબળ થતી જાય, તેમ તેમ આર્તધ્યાન રૌદ્રધ્યાનમાં પલટાતું જાય છે. માટે આ બંને ધ્યાનો છોડવા યોગ્ય છે. અને ધર્મ અને શુકલ એ બે ધ્યાન મેળવવા યોગ્ય છે.

## "ધર્મધ્યાન"

ધર્મધ્યાનના ચાર પાયા છે—ચાર વિભાગ છે.

૧ આજ્ઞાવિચય, ૨ અપાયવિચય, ૩ વિપાકવિચય, ૪ સંસ્થાનવિચય.

## "પહેલાં આજ્ઞાવિચય કેમ?"

આ ચારે ધ્યાનમાં સૌથી પહેલો પ્રભેદ આજ્ઞાવિચય કહ્યો તે બહુ હેતુપૂર્વક કહેવામાં આવ્યો છે.

જ્યાંસુધી આત્માને જિનેશ્વરદેવનું મહત્ત્વ સમજાતું નથી, વિતરાગ તરફ બહુમાન પ્રગટતું નથી, ત્યાં સુધી ભગવાનની 'આજ્ઞા'નું મહત્ત્વ પણ સમજાતું જ નથી, અને ત્યાં સુધી વાસ્તવિક રીતે ધર્મના સાધનો કોને કહેવાય? ધર્મની આરાધનાથી મળનાર મોક્ષ કેવી રીતે મળે? સંસારના તમામ સુખોથી પર થયા બાદ જ આત્મામાં સુખ પ્રગટી શકે છે તેવું સમજાતું નથી. માટે આવા આત્માઓ માટે વાસ્તવિક શુદ્ધ ધર્મધ્યાન પ્રગટવું મુશ્કેલ છે, પણ તેમ છતાં જેનામાં ગમે તે રીતે પણ મોક્ષની ઝંખના પેદા થાય છે તેનામાં આ વાસ્તવિક ધર્મધ્યાનને પ્રગટ કરી આપનાર ભાવનાઓ પ્રગટ થઈ શકે છે. પણ **જિનેશ્વરદેવોની આજ્ઞા બહારનું ધ્યાન એ સાચું ધર્મધ્યાન નથી, અથવા તો જિનેશ્વરદેવોની આજ્ઞા મેળવ્યા સિવાય સાચું ધર્મયાન પેદા થતું નથી, આ સૂચવવા માટે જ 'આજ્ઞાવિચય'ને ધર્મધ્યાનનો પ્રથમ ભેદ કે પ્રથમ પાયો કહેવામાં આવ્યો છે.**

**સંસારરૂપ મકાનને પાડી નાંખી મોક્ષરૂપ મહાલય બનાવવા માટેનો પ્રથમ પાયો એટલે**

**આજ્ઞાવિચયરૂપ ધર્મધ્યાન.** અથવા તો એમ કહો કે આગળના બધા પાયા એટલે કે અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય, ત્રણે પાયાઓ જિનેશ્વર ભગવંતોની આજ્ઞાના અંગરૂપ હોવાથી વ્યાપ્ય છે. જ્યારે આજ્ઞાવિચયમાં તે બધાનો સંગ્રહ હોવાથી તે વ્યાપક છે. માટે પ્રથમ આજ્ઞાવિચય છે એમ પણ અર્થ ઘટાવી શકાય છે.

આર્તધ્યાન કે રૌદ્રધ્યાન પેદા કરનારી કોઈપણ આજ્ઞા જિનેશ્વરોની હોય જ નહીં, અથવા જ્યાં આર્તધ્યાન કે રૌદ્રધ્યાન હોય ત્યાં જિનેશ્વર ભગવાનની આજ્ઞા ન હોય. કદાચ ભગવાનની આજ્ઞા પાલતાં આર્તધ્યાન થઇ જતું હોય તો તે આજ્ઞાપાલન કરતાં કરતાં થઇ જતી વિરાધનાનું ફળ સમજવું. પણ અતિચાર કે વિરાધનારહિત થઈને ભગવંતની આજ્ઞાનું પાલન કરતાં આર્તધ્યાન કે રૌદ્રધ્યાન થાય તેવું બની શકે જ નહીં. આ વાતનું સૂચન 'આજ્ઞાવિચય' નામના ધર્મધ્યાનના પ્રથમ પાયા પરથી કલ્પી શકાય છે. આજ્ઞાવિચય નામનો પ્રથમ પાયો બાકીના ધર્મ અને શુકલ ધ્યાન માટે પ્રવેશદ્વાર સમાન છે. અને તેથી સિદ્ધ થાય છે કે ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં પ્રવેશ કરવાવાળાએ ભગવાનના આજ્ઞારૂપ દરવાજામાં પ્રવેશ કરવો પડે. અર્થાત્ ધર્મધ્યાન કે શુકલધ્યાન ભગવાનની આજ્ઞાથી નિરપેક્ષ રહેનાર માટે બની શકતું નથી, તેમજ ભગવાનની આજ્ઞાને આધીન રહેનારમાં આર્તધ્યાન કે રૌદ્રધ્યાન પ્રવેશી શકતું નથી.

આજ્ઞાવિચયરૂપ પ્રથમ પાયામાં ભગવાનની બધી આજ્ઞાઓનો સંગ્રહ છે. જ્યારે 'અપાયવિચય' માં મોક્ષ માર્ગની આરાધનાથી દૂર કેમ થવાય છે? તેમ કરનારા

પરિબળો કયા ? તે પરિબળોને કેમ રોકી શકાય ? આ બધો વિચાર મુખ્ય છે. એટલે ભગવાનની ઘણા ઘણા વિષયોની આજ્ઞામાંથી માત્ર અપાયવિષયક આજ્ઞાનું ચિંતન છે; માટે તે ધ્યાન વ્યાખ્ય કહેવાય.

**વિપાકવિચય:**–કયું કયું કર્મ કેવું કેવું ફળ આપે છે ? કયારે ફળ આપે છે ? કઈ ગતિમાં ફળ આપે છે ? કેવા કાળમાં ફળ આપે છે ? તે ફળ વખતે પ્રાણી કેવી નિરાધાર દશામાં મૂકાય છે. વિગેરે કર્મના ઉદયનો વિચાર મુખ્ય રીતે જેમાં છે તેવું ધ્યાન તે વિપાકવિચય છે. અર્થાત્ કર્મવિષયક જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું ચિંતન તે **વિપાકવિચય** છે. માટે તે ધ્યાન પણ વ્યાખ્ય કહેવાય.

## "સંસ્થાનવિચય"

સંસ્થાન એટલે આકૃતિ. લોક અને તેમાં રહેલા પ્રત્યેક પદાર્થોની આકૃતિ તેમ જ સ્વરૂપનો વિચાર કરવો તે સંસ્થાનવિચય. વિશ્વનો ગમે તે પદાર્થ સામે આવે ત્યારે તેમાં રાગ–દ્વેષ ન પામતાં મોહ ન પામતાં તે પદાર્થનો વિચાર કરવો, તેના દ્રવ્ય–ગુણ–પર્યાયનું ભગવાનની આજ્ઞા મુજબ ચિંતન કરવું, સ્વજનને જોઈને જો આ મારા છે, હું એનો છું એવો વિચાર આવે તો તે આર્તધ્યાન. પણ એવા વિચાર કરવો કે અનાદિ સંસારમાં સ્વજન કોણ અને પરજણ કોણ ? આત્માનો નથી તો કોઈ સ્વજન કે નથી તો પરજન, વળી હું એને જોઉં છું તે તો છે પુદ્ગલ. આજે જે રૂપનું મને આકર્ષણ લાગે છે તે જ રૂપ શું પુદ્ગલનું સ્વરૂપ છે ? આવા પુદ્ગલમાં શું મોહાવું હતું ? વિગેરે વિચારો સંસ્થાનવિચય છે. અર્થાત્ કહો કે **સંસારના પદાર્થ માત્રની મોહ પમાડવાની શક્તિનો**

**નાશ કરે તેવું ભગવાનની આજ્ઞા મુજબ પદાર્થના સ્વરૂપનું વિશ્લેષણ કરવું તે જ સંસ્થાનવિચયરૂપ ધ્યાન છે.**

ધર્મધ્યાનના ચારે ય પાયાનો સમગ્ર વિચાર કરીએ તો સમજાય કે **પદાર્થો નહિ પણ પદાર્થો જોવાની દૃષ્ટિ બદલાય એટલે સંસારનો માર્ગ મોક્ષમાર્ગમાં પલટાય.** આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના વિષયભૂત પદાર્થો જ ધર્મધ્યાન અને શુકલધ્યાનના સાધક બને છે. એટલા માટે જ કહ્યું છે કે, સાચો મુનિ ચાલતા–ઊઠતાં–બેસતાં–સૂતા–ખાતાં–બોલતાં સર્વ આવશ્યક ક્રિયા કરતાં ધર્મધ્યાન કરે છે.

કારણ કે ચાલે ત્યાં પણ ભગવાનની આજ્ઞા યાદ કરે. ભગવાને ના પાડી છે કે અંધકારમાં ન ચલાય, ચાલવું હોય તો પણ સંયમની આરાધના માટે. તે પણ જીવોની વિરાધના ન થાય તેવી રીતે. આવી ભાવના હોય તો ચાલતાં–ચાલતાં પણ ધર્મધ્યાન જ રહે. ભગવાનની આજ્ઞાને આગળ કરીને તે જ પ્રમાણે પ્રવૃત્તિ કરવાના કોડ સેવતા હોય એટલે ધર્મધ્યાનમાં જ રહે.

જ્યારે સંસારનો અભિલાષી પણ ચાલે તો ખરો જ ને ? પણ તેનું ચાલવું તે શાના માટે ? કહો કે, કોઈના સુખમાં ભાગ પડાવવા માટે ક્યાંયથી ને ક્યાંયથી પોતાનો સ્વાર્થ સિદ્ધ થાય માટે જ ચાલવાનું. એટલે એ જ ચાલવાની ક્રિયા દરમ્યાન તે ઈષ્ટ વસ્તુ મેળવવાની લાલસાથી, મળેલાને કાયમી બનાવવાની ભાવનાથી આર્તધ્યાન કરનારો બને.

પણ સંસારની પ્રવૃત્તિ કરવાં છતાં જ્યાં ભગવાનની આજ્ઞા શું છે ? ભગવાનની આજ્ઞા શું છે ? એવી વારં-

વાર યાદ આવ્યા કરે; "હું ભગવાનની આજ્ઞાનું સંપૂર્ણ પાલન કેમ નથી કરી શકતો? ક્યારે મારામાં એવું સામર્થ્ય પ્રગટશે કે સારા ય સંસારની પાપપ્રવૃત્તિને છોડીને હું બધાને અભયદાન આપનારો બનીશ? આવો ભાવ જાગે તો તેને સંસારની પ્રવૃત્તિમાં પણ 'ધર્મધ્યાન' થઈ શકે. આ ધર્મધ્યાનમાં રહેલો આત્મા યથાખ્યાત ચારિત્રનો પણ માલિક થઈ શકે છે.

## "શુક્લધ્યાન"

મોક્ષમાં જવા માટે તો આ શુકલધ્યાન જ જોઇએ. આ ધ્યાનના પણ ચાર પાયા છે.

૧ પૃથકત્વ વિતર્ક.

૨ એકત્વ વિતર્ક.

૩ સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ.

૪ વ્યુપરતક્રિયા નિવૃત્તિ.

જેમ સંસારની વાસના પ્રબળ થતાં આત્મા આર્તધ્યાનમાંથી રૌદ્રધ્યાનમાં પરિણમતો જાય છે તેમ મોક્ષની પ્રબળ ભાવના થતાં આત્મા ધર્મધ્યાનમાંથી શુકલધ્યાનમાં પરિણમે છે. શુકલધ્યાનની શરૂઆત થાય છે ત્યાં તો મોક્ષની ઇચ્છા હોય છે. પણ છેલ્લા બે પાયા વખતે તેની પણ જરૂર રહેતી નથી. મોક્ષની ઈચ્છા થાય છે તો મોહનીયકર્મની સહાયથી પણ એ મોક્ષની ઈચ્છા દ્વારા એવા પરિણામ આત્મામાં જાગૃત થાય છે કે ઈચ્છા માત્ર પેદા કરનાર મોહનીયકર્મ ચાલ્યું જાય છે, છતાં પણ વસ્ત્ર પર રંગ રહી જાય છે. તેમ આત્મામાં એવા પરિણામ રહી જાય છે કે જે મોક્ષ અપાવીને જ રહે.

પ્રશ્નઃ–શું મોક્ષની ઇચ્છા પણ મોહનીયકર્મથી થાય ?

ઉત્તરઃ–ઇચ્છા થવા પુરતું જ મોહનીય કર્મના ઉદયનું કામ હોય છે. તે ઇચ્છાનો વિષય મોક્ષ બનતો હોય કે તેમાં પ્રબળતા કે નિશ્ચલતા પેદા થતી હોય તે તો મોહનીય કર્મના ઉપશમ કે ક્ષપોપશમનું જ કાર્ય છે. માટે સમજાય છે કે, દબાઈ ગયેલા કે નિર્બળ થયેલા મોહનીય કર્મથી જે આત્મ-સ્વરૂપ પ્રગટ થયું તેથી મોક્ષની પ્રાપ્તિ કરાવી આપે તેવા પરિણામોની પ્રબળતા થાય છે. પણ ઉદયમાં મોહનીયકર્મ બાકી રહ્યું તેથી ઇચ્છા જાગી. આથી ઇચ્છા ચાલી જશે તો ય મોક્ષ પ્રાપ્ત કરી આપનાર પરિણામ રહી જવાનો અર્થાત્ ધ્યાન દ્વારા મોહનીય કર્મની હાજરી વડે એક એવો અગ્નિ પ્રગટ થાય છે કે ખુદ મોહનીયકર્મ હટી ગયા પછી પણ એટલે કે ઇચ્છા માત્ર પણ ચાલી જવા છતાં એવો પરિણામ અગ્નિ આત્મામાં પેદા થઇ જાય છે કે બધા જ કર્મોનો નાશ કરીને જ અટકે. અને ટીકાકરે પણ "જાજ્વલ્યમાય શુક્લધ્યાન આગ્નવડે" એવો જ શબ્દપ્રયોગ કર્યો છે ને ?

શુકલધ્યાન આવી રીતે કર્મરૂપ ઇંધનને–લાકડાને બાળનાર હોવાથી સાચે જ અગ્નિ છે. પણ આ ધ્યાનના બે પેટા વિભાગ છે. પહેલા પેટા વિભાગમાં આગળ બતાવેલ બે ભેદો આવે છે. જ્યારે બીજા પેટા વિભાગમાં બાકીના એટલે ત્રીજા અને ચોથા પાયાનો સમાવેશ થાય છે.

પહેલા પેટા વિભાગના બંને પાયાઓ પહેલો અને બીજો છદ્મસ્થને પણ હોઇ શકે છે, અને વીતરાગને પણ હોઈ શકે છે, પણ *સર્વજ્ઞને તે ન જ હોય. અર્થાત્ આ બન્ને પાયા વીતરાગતા સુધી પહોંચાડવાપૂર્વક ચાર

* સર્વજ્ઞના મેળવ્યા બાદ

ઘાતીકર્મનો ક્ષય તો કરી શકે છે. પણ અનંતબલી એવા આત્માને અનંત ઘાતીકર્મોથી મુકત થયો હોવા છતાં અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય પ્રગટ્યાં હોવાં છતાં પણ શાશ્વત એવા મોક્ષ સ્થાનમાં પહોંચાડી આ શરીરમાંથી મુક્તિ આપી શકતા નથી માટે જ ટીકાકારે **'શુકલધ્યાનરૂપ અગ્નિવડે'** એટલું ન લખતાં **'જાજ્વલ્યમાન શુકલધ્યાનરૂપી અગ્નિ વડે'** તેમ લખ્યું. કારણ કે કર્મોની તદ્દન અસરથી મુક્ત થવા માટે તો શુકલધ્યાનના પાછળના બે પાયા જ સમર્થ છે. માટે શુકલધ્યાન અગ્નિ છે તો તેની પાછળના બે પાયા **જાજ્વલ્યમાન અગ્નિ છે.** કારણ કે તેના વડે જ કર્મોની અનાદિની સત્તાનો અંત કરી શકાય છે. શુકલધ્યાનના પહેલા બે પાયાએ ભલે મહાન કામ કર્યું હોય અને તે કર્યા પછી જ ભલે તે બાકીના બે; ત્રીજા અને ચોથા પાયાઓ પોતાનું કામ કરવા સફળ થયાં હોય છતાં ય કાર્યની પૂર્ણતા તો બાકીના બે પાયાએ જ કરી કહેવાય. અને તેની આ શકિતને કારણે જ તે બે પાયાનું જાજ્વલ્યમાન એવું વિશેષણ ટીકાકારે આપ્યું છે.

આમ " **જાજ્વલ્યમાન શુકલધ્યાનગ્નિના** " આટલા પદનો કંઇક ખ્યાલ આપણે કરી ગયા.

## " મિયાંજીને નિમાઝ કયોં છોડ દી "

જો કે વિસ્તારથી આપણે એ સમજી ચૂકયા છીએ કે ધ્યાન માત્ર કર્મનો નાશ કરનાર નથી પણ શુકલ અને ધર્મધ્યાનમાં જ કર્મનો નાશ કરવાની શકિત છે. છતાં ય સામાન્ય રીતે મોક્ષાર્થીઓમાં એવી જ પ્રસિદ્ધિ છે કે 'ધ્યાન'થી કર્મનો નાશ થાય. પણ કર્મનો નાશ કરવાની

વાત આવે એટલે સંદર્ભથી સમજી લેવું જ જોઈએ કે, અહીં ધર્મધ્યાન અને શુકલધ્યાનની જ વિવક્ષા છે, બીજાની નહિ. એટલે શબ્દો એકના એક હોવા છતાં પણ કયા સ્થળે કયા કયા સંદર્ભમાં વપરાયા છે, તે વિચારીને જ તેનો અર્થ કહેવાય. જો વાકય કે શબ્દ કયારે, કેવા સંજોગોમાં બોલાયું છે તેનો ખ્યાલ ન કરીએ તો શબ્દથી અર્થની પ્રાપ્તિ ન થતાં અનર્થની જ પ્રાપ્તિ થાય. વ્યવહારની વાત હોય તો તો મૂર્ખ બનીએ એટલું જ નુકશાન થાય પણ ધર્મની બાબત હોય અને તેને સમજવાનો ગોટાળો કરીએ તો અનર્થનો પાર જ ન રહે.

જેમ એક મુસલમાન ભાઈએ કુરાનનું એક વાકય વાંચ્યું કે, " લાતર તલવાર બુક "

અર્થાત્ ' નિમાજ નહીં પઢવી. ' અને નક્કી કર્યું કે કુરાનમાં તો સ્પષ્ટ ના જ લખી છે માટે હવે આપણે તો આજથી નિમાઝ પઢવાની છોડી જ દેવી છે.

થોડા દિવસ પછી બીજો મિત્ર મળ્યો. તપાસ કરી પછી પુછ્યું કે, " કર્યું મુલ્લાજી નિમાઝ પઢને નહીં આતે હો ? "

પેલા મુસલમાન ભાઈ કહેઃ " કયા બોલતે હો માલુમ નહીં કુરાનમેં ભી નિમાઝ પઢને કી મના કી હે ? તુમ કુછ જાનતે નહીં ઔર ખાલી સમય બિગાડતે હો ? " સારૂં થયું કે પેલો બિચારો સમજેલો હતો, એટલે તપાસ કરી કીધું: "કહાં લિખા હે; મુલ્લાજી જરા દિખાઇએ તો સહી ? " અને પેલા ભાઈએ થોડું કુરાનનું પુસ્તક વાંચ્યું હતું, તેમાં તો કયાંથી એક લીટી પકડી રાખી હતી તે બોલ્યાઃ " લાતર તલવાર બુક "

પેલા માણસે સમજાવ્યું, "અરે ! યાર કયા બુદ્ધિ હૈ તુમ્હારી, વે દૂસરી આયાત તો પઢે નહીં કિ 'બાહ લગે પલિત્ત' 'જબ અપવિત્ર હો' તબ નિમાઝ નહીં પઢના" ઔર દૂસરા અર્થ લગાને બૈઠ ગયે?

કેટલીક વખત પ્રકરણ શું ચાલે છે. તેનો વિચાર ન કરીએ તો આવી પણ દશા આવે. ધ્યાનથી જ મોક્ષ થાય છે. એવું સામાન્ય વચન શાસ્ત્રમાં આવે એટલે પકડી બેસે કે, ગમે તેનું ધ્યાન, ગમે તેવું ધ્યાન મોક્ષ આપનારૂં છે. પણ તેમ માની ન લેવાય. માની લેવાથી કંઈ દુનિયા થોડી ફરી જવાની છે? ધૂળના કણિયાને તલ માનીને ભલેને રાતદિવસ ઘાંચીની ઘાણીમાં પીલ્યા કરો, પણ તેમાંથી ક્યારેય તેલ થોડું નીકળવાનું છે? અહીં આવી ભૂલ ન થાય માટે સમજવાનું છે કે, ધ્યાનથી કર્મનો નાશ થાય એટલે કોઈ પણ ધ્યાનથી નહીં પણ ધર્મધ્યાન અને શુકલધ્યાનથી જ થાય. એટલે કર્મક્ષયની કે મોક્ષની વાત ચાલતી હોય તો ત્યાં 'ધ્યાન' એટલા જ શબ્દથી પણ ધર્મધ્યાન કે શુકલધ્યાન જ સમજવું.

અતિચારની ગાથા તો રોજ પડિક્કમણામાં ગણો છો ને, ત્યાં તપાચારની ગાથામાં શું આવે છે?

**"પાયચ્છિત્તં વિણઓ, વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ;**
**ઝાણં ઉસ્સગ્ગો વિઅ, અબ્ભિંતરઓ તવો હોઈ."**

હવે અહીં તો શાસ્ત્રકારે માત્ર 'ધ્યાન' શબ્દનો જ ઉપયોગ કર્યો છે, તેમ છતાં ધર્મધ્યાન કે શુકલધ્યાન જ સમજવું પડે. કારણ કે, અભ્યંતર 'તપ'માં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો સમાવેશ ન થાય, પણ ધર્મધ્યાન અને શુકલધ્યાનનો જ સમાવેશ થાય.

હમણાં વિચાર કરી ગયા એ અતિચારની ગાથાથી એ પણ સિદ્ધ થયું છે કે, ધર્મધ્યાન તેમજ શુકલધ્યાન એ અભ્યંતર તપ છે. જેમ અનશન આદિ બાહ્ય તપ પણ કર્મોની નિર્જરા કરે છે. તેમ 'ધ્યાન' પણ અભ્યંતર તપ હોઈ કર્મોની નિર્જરાનું સાધક બને છે. શાસ્ત્રમાં જણાવ્યું છે કે, '**તપસા નિર્જરા ચ**' (તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય ૯, સૂત્ર ૩) તપ વડે નિર્જરા થાય છે. અને ધ્યાન એ તો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તપ છે, માટે તેનાથી તો કર્મોની નિર્જરા જેટલી સધાય તેટલી બીજા કોઇાન દ્વારા ન સધાય.

બાહ્યતપ કરતાં અભ્યંતર તપ મહાન છે. અને અભ્યંતર તપમાં પણ 'ધ્યાન' મહાન છે. ધ્યાનમાં પણ શુકલધ્યાન મહાન છે, અને શુકલધ્યાનમાં ય તેના છેલ્લા બે પાયા દ્વારા જ કર્મથી મુક્ત બની શકાય છે. બીજા કોઈ ધ્યાનમાં આવી તાકાત નથી.

આ ધ્યાન આત્મા દ્વારાયોગ સૂક્ષ્મકાય ને પણ રોકી બધી પ્રવૃત્તિઓને અટકાવી દે છે. અને તેથી આત્મા સંપૂર્ણ નિષ્ક્રિય બની જાય છે. અનાદિકાળથી ઉકળતા પાણીની માફક ખદબદતા આત્માના પ્રદેશો એકદમ સ્થિર થઈ જાય છે. આવી સ્થિરતા પ્રાપ્ત થતાંની સાથે જ આત્મા લોકના છેડે પહોંચી જાય છે. અનાદિકાળથી—અનંતાનંત ઉત્સર્પિણી—અપસર્પિણીથી આત્મા કયારે ય આવી સ્થિરતા પામ્યો નથી હોતો.

જેમ જોરદાર પવન વાતો હોય, બારી—બારણાં ખુલ્લા હોય ત્યારે જેવી કપડાની દશા થતી હોય છે, તેવી જ દશા આ આત્માની અનાદિકાળથી ચાલતી આવી છે. મન, વચન અને કાયાના દ્વારવાળા આ પુદ્ગલના ઘરમાં કયારે ય આશ્રવરૂપ પવન નથી વાતો, આવું બનતું જ નથી. ખુદ કેવલજ્ઞાની ભગવંતોના પણ બધા જ આત્મપ્રદેશો સ્થિર ન

રહે. તેમના આત્મપ્રદેશોને પણ વચન તથા કાયારૂપ યોગ દ્વારા આશ્રવરૂપ પવન ક્ષણે ક્ષણે ફફડાવતો જ હોય છે. **કર્મનો કેટલો સિતમ છે ! જે આત્માને હવે કશું જાણવાનું બાકી નથી રહ્યું. આનંદમાં કોઇ ત્રુટિ નથી રહી, રાગનો અંશ પણ બાકી નથી રહ્યો, તેવા પણ આત્માના આત્મપ્રદેશો તો હજી આશ્રવ-રૂપ પવનદ્વારા ડોલાયમાન થયા જ કરે છે.**

આમ કહેવાય તો અઘાતિકર્મો પણ આત્મપ્રદેશોને સ્થિર ન થવા દેવામાં કેટલો જબરો ભાગ ભજવે છે.

વહેલામાં વહેલી આઠ વર્ષની ઉંમરે દીક્ષા મેળવી હોય, અને વહેલામાં વહેલા નવ વર્ષની ઉંમરે કેવલજ્ઞાન મેળવ્યું હોય અને મોક્ષગમનને યોગ્ય એવું પૂર્વ ક્રોડ વર્ષનું આયુષ્ય હોય તેવા પણ મહાત્માઓના આત્મપ્રદેશોને આ અઘાતિકર્મો કેટલો કાળ અસ્થિર રાખે ! નવ વર્ષ ઓછા પૂર્વક્રોડ વર્ષ સુધી આ અઘાતિકર્મો તેમના આત્મપ્રદેશોને એક ક્ષણ માટે પણ સ્થિર ન જ થવા દે!

લાખો રૂપિયાનો કેસ કર્યો. કેસ જીતી પણ ગયા. કોર્ટે તેમને સહી–સિક્કા પણ કરી આપ્યા કે, હવે બધી મૂડી તમારી જ છે. પણ કેસના ચુકાદામાં એક એવી પણ કલમ છે કે, તમારે એક મહિના સુધી જેલમાં રહેવું પડે તેમ છે.

કહો, બધી જ મિલ્કત તમારા હાથમાં ! તમારા સિવાય કોઇનો હક્ક ના ચાલે. મિલ્કત જાણે તમારી રાહ જોઇને જ ના ઉભી રહી હોય તેવી રીતે તૈયાર છે. પણ, જેલમાંથી નીકળ્યા પહેલાં શું થાય ?

ઘાતીકર્મનો નાશ થયો એટલે એ જ ભવમાં મોક્ષ મળશે. અનંતકાળ સુધી આત્મપ્રદેશો મેરુપર્વત જેવા નિષ્કંપ રહેશે. તે બધી વાત ખરી, પણ આયુષ્યકર્મ જેટલું લાંબું હોય તેટલા સમય સુધી દેહરૂપી જેલમાં રહેવું જ પડે.

ભલે જેલ ગમે તેવી હોય, પણ જેલ એટલે જેલ જ ને? ભિખારી અને મુફલિસને તો જેલ મહેલ જેવી લાગે, પણ રાજા–મહારાજાઓને મહેલમાંય નજરકેદ રાખે તો ય તે જેલની અંધારી કોટડીથી ય વધારે ભયંકર કહેવાય.

જો કે, ઘાતીકર્મો ગયા એટલે અઘાતીકર્મોને ગયે જ છૂટકો છે. ભલે તે રહ્યાં ત્યાં સુધી આત્માને કંપતો રાખે પણ કવિ બનીને ઉત્પ્રેક્ષા કરીએ તો કહેવાય કે, એ અઘાતીકર્મરૂપ છોકરૂં ઘાતીકર્મ 'મા'ના મરણની પાછળ જાણે ડૂસકાં લઈ રહ્યું છે. અથવા એ આત્મપ્રદેશના કંપનો નથી પણ હવે તે અઘાતીકર્મોની પણ અનાદિની સત્તા ચાલી જશે તે ભયથી તેમાં પેદા થતી કંપારી જ છે. અને હવે આ ભયથી કંપી રહેલા અઘાતીકર્મનું હૃદય બંધ પડ્યા વિના રહેવાનું જ નથી. માટે તેની ઈચ્છા રાખીને બેસવાની જરૂર નથી.

અને તેથી જ આત્મા જેવો અઘાતીકર્મોથી દૂર થાય કે તરત સીધો જ મોક્ષમાં પહોંચી જાય છે. વચમાં એક સમયનું પણ અંતર ન પડે!

તમને થાય કે એક સમયનું પણ અંતર ન હોય તો તે અહીંથી મુકત થાય કયારે ને ચૌદ રજ્જુ જેટલે ઉંચે પહોંચે કયારે ?

પણ હમણાં તે વિચાર દૂર રાખીએ. તે તો જીવના ઉંર્ધ્વગમનના સ્વભાવનો અને અસ્પૃશદ્દગતિનો પ્રભાવ છે. એ વાતનો વિચાર આગળ વિસ્તારથી થશે. પણ અહીં તો તે મોક્ષમાં ગયેલા આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ છે કે નહીં તેની વિચારણા કરવાની છે.

## "કર્મોથી ભિન્ન થયેલ આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ"

ટીકાકાર મહારાજે "નમો સિદ્ધાણં" ને અર્થ કરતાં જણાવ્યું છે કે, 'શુકલધ્યાનરૂપ અગ્નિવડે આઠ પ્રકારનાં કર્મરૂપ ઇંધનોને જેમને બાળી નાંખ્યા છે તે સિદ્ધોને નમસ્કાર થાવ." તેથી એ વાત તો સમજાય એવી છે કે આઠ પ્રકારના કર્મોને બાળી નાંખનાર જે છે તેજ સિદ્ધો છે. તે આત્માઓ કર્મોના ખલાસ થઈ જવા સાથે મુકત થઈને અસ્તિત્વ ધરાવે છે. પણ કર્મોની સાથે તેઓને પણ નાશ થઈ ગયો છે તેમ નથી.

### બૌદ્ધમતનું ખંડન

પણ કેટલાક તો એવા છે કે, મોહનો નાશ થતાંની સાથે આત્માનો પણ નાશ માને છે. બૌદ્ધોને તેમ બુદ્ધિની વિપરીતતા એવું મનાવે છે [illegible] છે કે:—

" દીપોયથા નિવૃતિમભ્યુપેતો,
નૈવાવનિં ગચ્છતિ નાંતરિક્ષમ્ ।
દિશં ન કાંચિદ્ વિદિશં ન,
કાંચિત્ સ્નેહક્ષયાત્ કેવલમેતિ શાન્તિમ્ ॥
જીવસ્તથા નિર્વૃતિમભ્યુપેતો,
નૈવાવનિં ગચ્છતિ નાંતરિક્ષમ્ ।
દિશં ન કાંચિદ્ વિદિશં ન કાંચિત્,
ક્લેશક્ષયાત્ કેવલમેતિ શાન્તિમ્ ॥"

"જેમ દીવો તેલ ખલાસ થઈ જવાથી ઓલવાઈ જાય છે, શાંત થઈ જાય છે. પણ ક્યાય આકાશમાં–જમીનમાં, દિશામાં કે વિદિશામાં ક્યાંય જતો નથી તેમ આ જીવ પણ ક્લેશનો નાશ થવાથી નિવૃત્તિને–નાશને પામતો શાંત થઇ જાય છે. પણ ક્યાંય આકાશમાં, જમીન પર કે દિશા વિદિશાઓમાં જતો નથી."

તેમના મતે તો દળી–દળીને કુલડીમાં નાંખવા જેવું ... કારણકે તેમનો મોક્ષ એટલે આત્માનો નાશ. જેવી રીતે દીવો ઓલવાઇ જાય તેવી રીતે આત્મા પણ મોહનો ક્લેશનો નાશ થવાથી દીવાની માફક ઓલવાઈ જાય છે. માટે મોક્ષને મેળવવો કે આત્માનો નાશ કરવો બંને સરખું છે.

આ મતને માનનારની પાસે મોક્ષ મેળવીને શું કરવાનું તેનો જવાબ છે જ નહીં. અત્યારે તેમના ... વાન ક્યાં છે? તો ... મળશે કે દીવો ઓલ... તેમ ઓલવાઇ ... જે વ્યકિત કોઇ રૂપે છે જ નહીં તેનું ધ્યાન કરીને, તેનો આદર્શ રાખીને કરવાનું શું?

...ક, બૌદ્ધના મતે મોક્ષ એ આખરનું મરણ માત્ર જ છે, જ્યારે જૈનમત પ્રમાણે મોક્ષ એ શરીરનું છેલ્લું મરણ (દેહવિસર્ગ) તો છે જ. પણ અનંતકાળ સુધી જ્યાં મરણ ડોકિયું ન કરી શકે તેવો સનાતન સદાકાળ ટકનારો જન્મ (મોક્ષરૂપ નવો પર્યાય) પણ છે.

જે સ્થાનની પ્રાપ્તિથી પોતાના અસ્તિત્વનો નાશ જ હોય તે સ્થાનની કિંમત શું?

કોઈ પણ પ્રવૃત્તિનું કોઇ ને કોઈ ફલ તો હોવું જ જોઇએ, તો ધર્મની પ્રવૃત્તિનું ફલ કશું જ નહીં? શું

પોતાના અસ્તિત્વનો નાશ એ પણ ધર્મપ્રવૃત્તિનું કોઇ ફલ છે?

જૈનશાસનમાં આવો મોક્ષ નથી. ખરી રીતે વિચાર કરીએ તો બુધ્ધની પાસે આ પ્રશ્નનો જવાબ જ ન હતો, કે કર્મનો ક્ષય થયા પછી આત્માનું શું થાય છે? નહીં તો આવું દીવાનું દ્દષ્ટાંત આપત જ નહીં. કારણકે દીવો ઓલવાઇ ગયો એ વાત સાચી પણ "દીવાનો નાશ" થઈ ગયો આ વાત સાચી નથી.

જો દીવાનો નાશ થઈ ગયો તો તેનાથી મેશ કેમ પેદા થઈ? દીવાને સળગતો કે ઓલવાઇ જતો પણ બરાબર જોશો તો દેખાશે કે તેમાંથી કાળા-કાળા ગોટાઓ નીકળે છે. અને જે ગોખલા પર કે જે સ્થળે મૂકયો હશે ત્યાં જોશો તો માલૂમ પડશે કે ત્યાં કાળી-કાળી મેશ બાઝી ગઈ હશે.

આ મેશ કયાંથી પેદા થઈ? તે સળગતા દીવાનું જ એકરૂપ છે કે બીજું કંઇ છે? જો તે સળગતા દીવાથી પેદા થઇ છે તો દીવાનો નાશ કેવી રીતે થયો?

કપડું લઇને દરજીને ત્યાં જાવ ને ઝભ્ભો બનાવીને આવો એટલે કપડાંનો નાશ થયો કે કપડાંનો આકાર બદલાયો?

જો બુદ્ધને આ વાતની ખબર હોત તો દીવાનો નાશ થઈ જાય છે તેવું દ્દષ્ટાંત આપત જ નહીં. કારણકે આ દૃષ્ટાંતથી પણ આત્માનો નાશ થઈ જાય છે તે સિદ્ધ થતું જ નથી.

કારણ કે દીવો તેલમાંથી ઉત્પન્ન થયો અને કાજળ-મેશમાં પલટાઇ ગયો. તો નાશ કોનો થયો?

તમને લાગે કે દીવો તો દેખાતો બંધ થઇ ગયો. માટે દીવાનો નાશ થયો, પણ આ કલ્પના ય ખોટી છે. આવી રીતની બુદ્ધની માન્યતા હોય તો તેને પૂછવું કે, જે માણુસ મરી જાય છે તે બધાનો જ મોક્ષ થઈ જાય તેમ તમે માની લો ?

કારણકે માણુસ મરી ગયા પછી મડદું તો બળી જશે એટલે રાખનો ઢગલો દેખાશે. મડદું દેખાવાનું નથી.

તે વખતે કહે કે જીવ પરલોકમાં ગયો તો ત્યાં પૂછવું જતો દેખાયો ? તેથી જે કોઈ વસ્તુ દેખાતી બંધ થઈ ગઇ એટલા માત્રથી તેનો નાશ થયો માનવું ખોટું છે. અને કોઈ વસ્તુ દેખાતી બંધ થઈ જાય એટલા માત્રથી તેનો નાશ માની લેવો હોય તો એ બુદ્ધે માન્ય જ રાખવું જોઇએ કે મરણ થયું એટલે આત્માનો મોક્ષ થઈ ગયો. કારણકે આત્મા તો મોક્ષ થવાથી દીવાની માફક દેખાવાનો બંધ થશે તો પછી મરણ અને મોક્ષમાં અંતર શું પડશે ?

મરણ અને મોાંમ ૧રક્ષતનઅ હેય તો જન્મીને મરી જવા સિવાય બીજું કંઈ પણ કરવાની શું જરૂર ?

જો આ તત્ત્વની જાણકારી બુધ્ધને હોત તો આવું કોઈ રીતે ઘટી ન શકે તેવું દ્દષ્ટાંત આપીને મોક્ષને સમજીવત નહી ન્યાયની પરિભાષામાં આ દ્દષ્ટાંતને અસિધ્ધ–દ્દષ્ટાંત કહેવાય. પણ તે બિચારા કરે શું ?

**તાત્ત્વિક રીતે વિચારીએ તો કોઇ પણ દૃષ્ટાંત દુનિયામાં એવું છે જ નહીં કે જેના મૂળ પદાર્થનો અત્યંત નાશ થઇ જતો હોય. કોઈ પણ મૂળભૂત પદાર્થ આ વિશ્વમાં ન હતો અને પેદા થયો કે હતો અને તેનો નાશ થઈ ગયો તેવું બનતું જ નથી.**

તેથી બૌદ્ધોની બુદ્ધિને ધન્યવાદ આપીને અહીં જ રહેવા દઇએ.

જો કે સ્યાદ્‌વાદરૂપી મહાવિશ્વમાં આવા વાદોને પણ સ્થાન આપી શકાય છે. પણ હમણાં તો આપણે કર્મોથી મુકત થયેલ સિદ્ધ આત્માનું પણ અસ્તિત્વ છે અને તે દીવાની માફક નાશ પામી જતાં નથી પણ અનંતકાળ સુધી ટકે છે, તેનો જ વિચાર કરવાનો છે. તેથી જ તેમનું આલંબન લેવાનું પણ પ્રયોજન છે, અને તેમનું નામ જપવાનું કે તેમને નમસ્કાર કરવાનું પણ પ્રયોજન છે.

તેથી **આપણે તો માનીએ છીએ કે, કર્મનો ક્ષય થઇ જવાથી આત્માનો નાશ નહીં પણ આત્માના સાચા જીવનની-શુદ્ધ પર્યાયની શરૂઆત થાય છે.**

## બ્રહ્મવિલયવાદ અને તેનું ખંડન

પણ કેટલાક એવા પણ માનવાવાળા છે કે, આત્મા મુકિતમાં જાય છે, બંધનથી છુટો થાય છે અને જગત્‌કર્તા બ્રહ્મમાં વિલીન થઈ જાય છે. આ બ્રહ્મવાદીઓ પણ એક રીતે આગળ કહ્યા તેવા બૌદ્ધો જેવા જ છે.

પણ........

ફરક એટલો છે કે બૌદ્ધો આત્માનો સદંતર નાશ થયો છે તેમ માને છે. અને તેનું કોઇ પણ, કયાંય પણ સ્થાન છે તેમ બતાવતા નથી. પણ આ **બ્રહ્મવાદીઓ એટલી વાત વધારે છે કે આત્મા બંધનમાંથી મુકત થઇને બ્રહ્મમાં વિલીન થઇ જાય છે.**

પણ આ મતમાંય મુક્ત થવાની કોઈ જરૂર છે તેવું સિદ્ધ થઇ શકતું નથી. તેથી તેય બરાબર નથી.

કારણુ કે 'વિલીન' થઈ જવું તેનો મતલબ શું છે? તે વિચારવું જોઇએ. જો 'વિલીન' થઈ જવાનો મતલબ એકમેક થઈ જવાનો હોય–પોતાના અસ્તિત્વનો નાશ કરી નાંખવાનો હોય તો તે કદી ય બની શકવાનું નથી. કારણુકે આવું કયારે ય બની શકે નહિં કે એક વસ્તુ બીજી વસ્તુમાં એકમેક થઈ જાય. વ્યવહારમાં તમે એકમેક થઈ ગયું છે તેવું બોલો છો તે પણ તો ખાલી અપેક્ષાથી બોલાય છે. વ્યવહારથી જ બોલાય છે.

દુધમાં પાણી મળી જાય કે સાકર મળી જાય તેને તમે એકમેક થઇ ગયું–મળી ગયું છે તેમ કહો છો. પણ આ કેવી–કેટલી મોટી ભૂલ છે? "દુધ સાકર નાંખ્યા પહેલાં કેવું હતું? મોળું." "સાકર નાંખ્યા પછી કેવું થઈ ગયું? ગળ્યું." "ગળ્યું જ થયું અને તીખું કેમ ન થયું?" તમે કહેશો મહારાજસાહેબ! આપ કેવી વાત કરો છો? ખાંડ નાંખી માટે ગળ્યું થયું. ખાંડ ગળી હતી એટલે ગળ્યું થયું, જો મરચું નાખ્યું હોત તો દુધ તીખું થાત.

તો પછી કહો કે, દુધ અને ખાંડ એકમેક કયાં થયાં? દુધની મોળાશ છૂપાઇ ગઇ અને ખાંડનું ગળપણુ બહાર આવી ગયું, દુધમાં ફેલાઇ ગયું.

ત્યારે એકમેક શું થયું? કોના અસ્તિત્વનો નાશ થયો? જો ખાંડ દેખાતી નથી માટે ખાંડના અસ્તિત્વનો નાશ થયો એમ માનશો તો દુધ ગળ્યું નહીં પણુ મોળું જ લાગવું જોઇએ.

ચા પીતાં–પીતાં કોઈ–કોઈ વખત પિત્તો ઉછળી જાય છે ને? "સાવ જ મોળી છે. ખાંડનું નામ નિશાન નથી."

જો 'દુધ' કે 'ચા' માં ખાંડ નાંખવાથી ખાંડના અસ્તિ-

ત્વનો નાશ થઇ ગયો હોત તો ખાંડની મીઠાશ દૂધ કે ચામાં આવી શકી હોત ખરી ? પણ સાચી વાત સમજવી હોય તો એ છે કે ખાંડ એ સઘન છે. એને દૂધમાં મળી જવા માટે પ્રવાહી થવાની જરૂર પડે. અને ઓગળી જાય એટલે પાણીની માફક દૂધમાં ભળી જાય. પણ તેથી કંઈ તેના અસ્તિત્ત્વનો નાશ થયો તેમ ન કહેવાય. જો એક દુધના પ્યાલામાં ખાંડ નાંખ્યા જ કરશો તો માલુમ પડશે કે દૂધ વધતું જાય છે. જો ખાંડના અસ્તિત્ત્વનો નાશ થયો તો દૂધમાં વધારો કેવી રીતે થયો ? દૂધના કદ અને વજનમાં થયેલો વધારો એ ખાંડનો જ છે. દૂધના પ્યાલામાં ખાંડ નાંખતા જ નાંખતા જ જશો તો અમુક વખત પછી એવો પણ સમય આવશે કે તેમાં નાંખેલી ખાંડ નીચે જમા થઈ જશે, પણ બિલકુલ ઓગળશે જ નહીં. આમ થવાનું કારણ એ જ છે કે દુધમાં સાકર સમાવાની હવે તાકાત નથી. માટે દુનિયાના કોઇપણ પદાર્થનું એકીકરણ થઇ શકતું જ નથી. માત્ર એક–બીજા પદાર્થો એક–બીજાને મળે, એક–બીજામાં ભળે, એક–બીજા એક–બીજાનો સમાવેશ કરે તેવું બને પણ એ કદી ય ન બની શકે કે એ ભેગી થનારી ચીજમાંથી કોઇ પણ ચીજના અસ્તિત્ત્વનો નાશ થાય.

આપણી સ્થૂલદષ્ટિથી આપણને બે ચીજોમાંથી કોઈ પણ એક ચીજનું પરિવર્તન થયા બાદ સ્વતંત્ર રીતે દેખાતી નથી. માટે આપણે સ્થૂલદષ્ટિથી–વ્યવહારથી કહીએ છીએ કે એકમેક થઈ ગયું. વિલીન થઇ ગયું. પણ આવી રીતે બને જ નહીં.

જો દુનિયામાં એક ચીજ બીજી ચીજમાં એવી રીતે મળી જતી હોય કે તે બેમાંથી કોઇનું પણ અસ્તિત્વ

ખલાસ થઈ જાય તો એક વખત એવો પણ આવે કે આખી દુનિયાનો નાશ થઇ જાય.

જ્યારે આત્માને પણ મોક્ષમાં લઈ જઈને બ્રહ્મમાં વિલીન થઈ ગયો છે તેવું માનવું છે તો બ્રહ્મવાદીઓએ બ્રહ્મમાં વિલીન થવાનું ય શું કામ માનવું જોઇએ? બૌધ્ધની માફક શૂન્યમાં જ બધું વિલીન થઈ જાય છે, બધું નાશ જ પામી જાય છે. તેમજ માની લે ને!

આવી રીતે કોઇ પણ વસ્તુમાં પોતાનું અસ્તિત્વ ગુમાવીને ભળવું કે સદંતર નાશ થઈ જવો તે બેમાં કશું અંતર જ નથી. કારણ જો તમે સૂક્ષ્મ વિચાર કરશો તો સમજાશે કે બ્રહ્મમાં વિલીન થનારો જ્યારે વિલીન થવા દ્વારા પોતાનું અસ્તિત્વ ગુમાવી દે છે તો પછી તે બ્રહ્મમાં વિલીન થયો એમ કેમ કહેવાય છે?

પોતાના અસ્તિત્વનો નાશ જ કર્યો છે તો પછી બ્રહ્મમાં વિલીન થઇ જાય કે ભ્રમમાં વિલીન થઇ જાય તેમાં અંતર શું પડવાનું છે? બ્રહ્મમાં વિલીન થયા બાદ તે મુક્ત આત્માનું અસ્તિત્વ તો રહેતું જ નથી. પછી એ બ્રહ્મમાં વિલીન થાય કે આકાશમાં વિલીન થાય કે સાગરમાં વિલીન થાય તેમાં અંતર શું?

દૂધમાં ભળીને પણ ખાંડનું પોતાનું ગળપણ તેમાં ન આવે તેના વર્ણ, ગંધ, રસ કશા યમાં ફેરફાર ન જ થાય તો પછી દૂધમાં ખાંડ મળી છે કે પાણીમાં તેનો ફરક શું પડવાનો?

આ મત અદ્વૈતવાદી સંતપન ઋષિના શિષ્યનો છે. તેઓ એમ જ માને છે કે, " આ બધું બ્રહ્મથી પેદા થયું હતું. આત્મા પણ બ્રહ્માથી જ પેદા થયેલો હતો એટલે તે

પાછો બ્રહ્મમાં મલી ગયો—વિલીન થઈ ગયો.” પણ આ વાતમાં ય કશું તથ્ય નથી.

જો બ્રહ્મમાંથી જ આ આત્મા પેદા થયો છે એમ માનીએ તો બ્રહ્મ કરતાં જુદા સ્વભાવવાળો કેમ થયો? બ્રહ્મ તો સર્વવ્યાપી અને દુઃખ–દર્દ વિગેરેથી મુકત કહેવાય, તો જીવ કેમ દુઃખવાળો છે?

**એક વસ્તુમાંથી છુટી પડેલી બીજી વસ્તુ તે જ મૂળ વસ્તુ કરતાં તદ્દન વિપરીત સ્વભાવવાળી હોય તો છુટી પડેલી મનાતી વસ્તુ અને મૂળ વસ્તુ બંન્ને એક નથી એમ સિદ્ધ થઇ જ જાય છે.**

સમજો કે, બે વાસણ એવી રીતે ચોંટી ગયા હોય કે કોઇને ખબર ન પડે પણ કોઇકે જુદા કરી આપ્યા તો શું માનશો? બીજું વાસણ નહોતું પેદા થયું કે પહેલાં હતું તે જ જુદું થયું? જો પહેલાં નહોતું એવું જ વાસણ છુટું પડયું હોય તો હજી આગળ છૂટા પાડતા જાવ, કેમ અટકી જાવ છો?

એક વસ્તુમાં બીજી વસ્તુ છુપાઇ જાય, આપણુ તેને ન દેખાય તેવું બને પણ તેથી તેનું અસ્તિત્ત્વ નથી તેમ ન જ કહી શકાય. દિવસે લાઇટ સળગતી હોય તો સૂર્યના પ્રકાશમાં ખબરે ય ન પડે કે લાઇટનો પ્રકાશ આવી રહ્યો છે ક નહીં! છતાં ય તે સૂર્યના પ્રકાશ સમયે લાઇટનો પ્રકાશ નથી તે કવી રીતે કહેશો? માત્ર સૂર્યના પ્રકાશમાં લાઇટનો પ્રકાશ છુપાઇ જાય–અભિભૂત થઈ જાય તે બને. તેથી કંઈ લાઇટના પ્રકાશનો નાશ થયો તેમ ન કહેવાય. પણ બારી–બારણાં બંધ કરી દો અથવા આકાશમાં વાદળાથી સૂર્ય ઘેરાઇ જાય, તરત જ તમારી લાઇટનો

પ્રકાશ દેખાવા માંડશે. માટે કોઈમાંથી ય જુદી પડેલી કોઈ પણ વસ્તુનું પહેલા અસ્તિત્વ તો હોવું જ જોઈએ. માટે આત્મા બ્રહ્મમાંથી છુટો પડ્યો નથી અને છુટો પડેલો માનીએ તો પણ એ સ્વીકારવું જ જોઈએ કે બ્રહ્મમાં પણ તેનું સ્વતંત્ર અસ્તિત્વ હતું જ.

## બ્રહ્માદ્વૈતવાદી

વળી બ્રહ્માદ્વૈતવાદી એમ કહે કે, ના આત્મા કંઈ બ્રહ્મમાંથી નીકળ્યો નથી પણ તે તો તેનો એક ટૂકડો છે. જેમ કપડાંના નાના અસંખ્ય ટૂકડાઓ થાય છે. તેમ બ્રહ્મમાંથી ટૂકડા–ટૂકડા રૂપે અંશ–અંશ રૂપે આત્મા નીકળે છે અને મુકત થયા બાદ તે જ ટૂકડો પાછો ત્યાં જોડાઈ જાય છે.

આ દલીલે ય બરાબર નથી. કારણ કપડાંનો અને તેના જ ટૂકડાનો સ્વભાવ એક–બીજાથી તદ્દન વિપરીત થાય તે બની ના શકે. સોનાનો નાનો ટૂકડો હોય તેનામાં સોનાના બધા જ ગુણો હોય. પણ લોખંડની પાટો ને પાટોમાં સોનાના એક કણિયા જેવો ય ગુણ ન હોય તો પછી બ્રહ્મનો ટૂકડો હંમેશા આનંદમાં રહેનારનો એક ટૂકડારૂપ જીવ–આત્મા દુઃખી હોય ? જન્મ–મરણથી ફસાયેલો હોય એ બને જ કેવી રીતે ? બ્રહ્મનો ટૂકડો પણ બ્રહ્મ જ હોવો જોઇએ. તો પણ સુખઃદુખ જન્મ–મરણથી રહિત હોવો જોઇએ.

જો કોઇ વસ્તુને ટૂકડો કરવાથી તેના ગુણો ખલાસ થઇ જ જતાં હોય તો કાલકૂટ ઝેરનું એક બિંદુ મારી ન શકે ને ?

પણ તમને ખબર છે ને કે એવાં કેટલાય ઝેર છે કે જેમાં એક બિંદુમાત્રથી માણુસના બધા ય દિવસો પુરા થઈ જાય છે. જો નાના-નાના ટૂકડા કરે અને સ્વભાવ ફરી જ જતો હોય તો આમ કેમ બને ? પણ તમે પ્રશ્ન કરો કે મહારાજ સાહેબ ! જેમ એક ટીપું પાણી પીવાથી તો તરસ મટતી નથી પણ વધારે પીએ તો મટી જાય. તેથી નક્કી કરી શકાય કે પાણીના ટીપામાં તરસ છીપાવવાનો ગુણ નથી પણ બધા ટીપા ભેગા કરવાથી તેમાં તરસ છીપાવવાનો ગુણ પેદા થયો.

પણ આ વાતે ય ખોટી છે. જેમ પાણીમાં તરસ શાંત કરવાનો ગુણ છે તેમ દરેકે દરેક બિંદુમાં પણ તરસ શાંત કરવાનો ગુણ છે. પણ આપણુને એટલી બધી તરસ લાગી છે કે એક બિંદુથી છીપાવી શકાય તેવી તે તરસ નથી. અને તેથી જ્યારે ખૂબ જ તરસ લાગી હશે ત્યારે એક લોટો ભરીને પણ પાણી પીશો તો ય તમને એમ નહીં લાગે કે તરસ છીપાય છે તો શું લોટા પાણીમાં ય તરસ છીપાવવાનો સ્વભાવ નથી ?

તમે તો લોટા બે લોટા પાણીમાં શાંત થઈ જાવ પણ હાથીને દિવસના બે-ચાર લોટા જ પાણી આપો તો તે તરસે મરી જાય ખરો કે નહીં ? આમ કેમ થયું ? લોટા પાણીથી તમારી તરસ છીપાય પણ હાથીને તેટલું જ પાણી મળે તો તે તરસ્યો મરી જાય માટે તેને તો ડોલોની ડોલો ભરીને પાણી જોઇએ.

ડોલો ને ડોલો ભરીને પાણીમાં જ તરસ છીપાવવાની શકિત છે અને પ્યાલા પાણીમાં જ તરસ છીપાવવાની શકિત નથી એમ તમે કહી શકો ખરા ?

તેથી પ્યાલા પાણીમાં તરસ છીપાવવાનો સ્વભાવ ત્યારે જ આવે કે જ્યારે પાણીના પ્રત્યેક બિંદુ-બિંદુમાં તરસ છીપાવવાનો સ્વભાવ હોય.

જો નાના-નાના ટૂકડા હોવાથી કે કરવાથી વસ્તુનો સ્વભાવ બદલાઈ જતો હોય તો કોઈ વસ્તુ બની જ ન શકે. દરેક તલમાં તેલ છે કે નહીં ? તેલ મેળવવા માટે રેતીના કણિયા કેમ પીલતા નથી ? તલને પીલવાથી તેલ જ શા માટે નીકળે અને ઘી કેમ નથી નીકળતું ? કહેવું જ પડશે કે દરેક તલમાં તેલ છે તેથી જ બધા તલ ભેગા કરીને પીલો છો તો તેમાંથી તેલ નીકળે છે. તેવી રીતે અગ્નિમાંથી છુટો પડેલો એક-એક તણખો પણ કંઈ આગ જ-અગ્નિ જ હોય. કંઇ તણખો પાણી નથી થઇ જતો રેતીના કણીયાઓ તેલ માટે પીલાતા નથી કારણ તેમાં તેલ છે જ નહીં.

જો એક નાના તણખાને પણ ઘાસની ગંજીમાં કે 'રૂ' ની ગાંસડીમાં મૂકો તો શું પરિણામ આવે ? બધું જ બળીને ખાખ થઈ જાય. જો તે તણખામાં અગ્નિના ગુણો નથી તો આગ કોણે લગાડી ? **તેથી કોઈ પણ વસ્તુનો જે અંશ હોય તેનામાં તે ગુણો હોવા જ જોઇએ. કદાચ તે શકિત અલ્પપ્રમાણમાં હોવાથી આપણા અનુભવમાં ન આવી શકે તેમ બને. પણ તેનાથી વિપરીત ગુણો મૂળવસ્તુના અંશમાં આવે જ નહિ.** બ્રહ્મ દુઃખ-દર્દ વિનાનો અને તેનાથી છૂટો પડેલો આત્મા દુઃખદર્દવાળો આવું કદી બને જ નહિ. તેથી આત્મા બ્રહ્મથી જુદો પડેલો બ્રહ્મનો જ એક અંશ છે અને મુકિત પામી તેમાં જ મળી જાય છે, પોતાનું અસ્તિત્વ ગુમાવી નાંખે છે આ બધી કલ્પનાઓ જ છે.

વળી જે વસ્તુ અંશ–અંશ રૂપે જુદી પડી શકતી હોય તે અખંડ હોય નહિ. તેને અખંડ કહેવાય નહી. અને તેવી ચીજ કો'ક વખતે સર્વથા નષ્ટ થઇ જાય તેવો પ્રસંગ પણ આવે. એટલે બ્રહ્મમાં જીવને 'લય' પામવાની પોતાના અસ્તિત્વનો નાશ કરીને મળી જવાની કલ્પના કરતા કદાચિત્ ખુદ બ્રહ્મમાં જ શીર્ણ–વિશીર્ણ થઇ જઇને નષ્ટ થઇ જાય તેવો પ્રસંગ પણ આવે.

વળી મુક્તિમાં અને સૃષ્ટિના આરંભ પહેલાના સ્વરૂપમાં શું તફાવત?

આત્મા બ્રહ્મથી નીકળ્યો ત્યારે તો બ્રહ્મનો જ અંશ હતો તો સંસારી સુખ–દુઃખવાળો કેવી રીતે બન્યો અને ત્યાં બ્રહ્મમાં પાછું જવાથી નવું શું થયું? જેથી તે 'મુકત' થયો કહેવાય? આવા ઘણા ઘણા દોષો બ્રહ્મવાદમાં આવે છે.

તેથી આત્મા બ્રહ્મમાંથી વિખુટો પડીને બ્રહ્મમાં લય થઇ ગયો. આ બધી માન્યતાઓ ધડ ને માથા વિનાની છે. પણ જ્યાં સુધી વિતરાગનું દર્શન ન મળે ત્યાં સુધી આવા ચકરાવાનું દર્શન આત્માને થવાનું. પણ શુધ્ધ તત્ત્વનું સ્પર્શન આત્માને નહીં મલવાનું. શુધ્ધ તત્ત્વના સ્પર્શન માટે તો શ્રી વિતરાગ જ શરણ છે.

····+····
····+····

# પ્રથમ અર્થનો ઉપસંહાર

ગણધર ભગવંતે 'નમો સિદ્ધાણં' કરીને નમસ્કાર કર્યો છે. અને ટીકાકાર-મહારાજા પૂ. અભયદેવ સૂરિ મહારાજે તે પદનો અર્થ કર્યો છે ત્યાં આ બધી વસ્તુઓના જવાબમાં આ બધા વાદોના પ્રતિવાદો થઇ જાય તેવી ખૂબી કરી છે.

'નમો સિદ્ધાણં' માં 'સિદ્ધાણં' એ બહુવચન છે. આ બહુવચનના પ્રયોગથી સમજાય છે કે સિદ્ધો એક નહીં પણ અનેક છે. જો એક જ સિદ્ધ હોત તો "નમો સિદ્ધસ્સ" એવું પદ હોત પણ 'સિદ્ધાણં' એમ બહુવચનમાં શબ્દનો પ્રયોગ કર્યો હોવાથી સમજી શકાય છે કે એક નહીં પણ અનેક છે અનંત છે.

જો મુક્ત આત્માઓ દીવાની માફક ઓલવાઈ જતાં હોત નાશ પામી જતાં હોત તો 'નમો સિદ્ધાણં' કે 'નમો સિધ્ધસ્સ એવું પદ બનતે જ નહીં કારણ કે જેનો સમૂળગો નાશ જ થઇ ગયો છે તેને નમન શાનું ?

અને જો બધા આત્માઓ મુક્તિમાં જતાની સાથે એક જ આત્મામાં કે એક જ બ્રહ્મમાં લય થઈ જતા હોત તો તેમનું સ્વતંત્ર અસ્તિત્વ ન રહેતું હોત તો 'નમો સિધ્ધાણં' નહીં પણ 'નમો સિધ્ધસ્સ' પદનો જ પ્રયોગ થયો હોત.

કારણકે આત્મા બ્રહ્મમાં લય થઈ જવાથી એક જ થઇ જાય તો તેને બહુચચનમાં કેવી રીતે કહી શકાય ?

તેથી શાસ્રકારે બહુવચન મૂકયું છે. તેમાંય કેટલી ખૂબી છે. એકવચન અને બહુવચનમાં તો એક દર્શનનો જવાબ આવી જાય. આ ઓછી ખૂબી કહેવાય ! માટે સૂત્ર બોલનારાઓએ પણ ખ્યાલ રાખવો જોઈએ. જ્યાં જોડાક્ષર હોય ત્યાં જોડાક્ષર જયાં હ્રસ્વ–દીર્ઘ જેમ હોય. તેમ તેનું ઉચ્ચારણ કરવું જોઇએ. નહીં તો અર્થનો અનર્થ થઇ જાય. જ્યાં અનુસ્વાર હોય ત્યાં અનુસ્વાર અને જયાં અનુનાસિક હોય ત્યાં અનુનાસિકનો ઉચ્ચાર કરવો જોઈએ. નહીં તો કંઈનું કંઇ થઈ જાય.

## એક મીંડાના ફેરફારથી ?

અશોકે પોતાના પુત્ર કુણાલને દક્ષિણદેશમાં મોકલેલ હતો. એક વખત અશોકે ત્યાંના મંત્રીમંડળ અને અધિકારીઓ ઉપર સંદેશ મોકલ્યો સંદેશમાં લખ્યું હતું કે "પુત્રં અધીયતામ્" અર્થાત્ પુત્રને ભણાવજો પણ કાગળ બીડતા પહેલાં તેની પાસે ઉભેલી રાણીએ હાથમાં લીધો. તે રાણી તો અશોકની હતી પણ કુણાલની તો ઓરમાન માતા હતી. એટલે તેને સળીને આંખના કાજળવાળી કરીને 'અધીયતામ્' એ શબ્દના માત્ર પ્રથમઅક્ષર અ ઉપર એક જ ટપકું કર્યું 'અધીયતામ્' ને બદલે 'અંધીયતામ્' એવું કરી નાંખ્યું. આ કામ રાણીએ એવી સિફતથી કરી દીધું હતું કે રાજા સામે બેઠો હોવા છતાંય તેને ખબર ન પડી. તમને લાગતું હશે કે રાણીએ એમાં બીજું શું કરી દીધું હશે ? પણ કેવો અર્થ ફરી ગયો તે જાણો છો ? એક માત્ર અનુસ્વારથી 'અધીયતામ્' ને બદલે અંધીયતામ્

થઈ ગયું. પુત્રને ભણાવો એવા અર્થમાંથી પુત્રને આંધળો કરી નાંખો એવો અર્થ થઈ ગયો.

જ્યારે કુણાલના દરબારમાં આ સંદેશો પહોંચ્યો અને મંત્રીઓએ વાંચ્યો ત્યારે તો તેમના રૂવાડા ખડા થઇ ગયા. રાજપુત્ર કુણાલને લાગ્યું કે આ પત્રમાં કંઈ એવું લખ્યું છે કે જે મારા માટે યોગ્ય ન હોય તેમ મંત્રીઓને લાગે છે પણ તે તો પિતાની ગમે તેવી આજ્ઞા હોય તે માન્ય કરવા તૈયાર હતો.

આખરે રાજપુત્ર કુણાલના આગ્રહને વશ થઇને મંત્રીઓને જેવું લખેલું હતું તેવું વાંચવું પડયું. પિતૃભકત કુણાલે એ વિચાર્યું જ નહીં કે પિતાએ શા માટે આવી આજ્ઞા કરી હશે ? અને તરત જ માણસોને બોલાવી બે સળિયા તપાવીને લાવવાનો હુકમ કર્યો. જેવા સળીયા આવ્યા કે તરત જ કુણાલે પોતાની આંખમાં આંજી દીધા અને અંધ બની ગયો.

આ એક મીંડાએ બંને આંખોને મીંડા જેવી નકામી બનાવી દીધી. કુણાલને જીવનને અયોગ્ય બનાવ્યો જ પણ સાથે સાથે તે રાજ્ય માટે પણ અયોગ્ય બન્યો.

કારણ કે અંધ ગમે તેવો શૂરવીર હોય પણ તેને રાજ્યગાદી પર ન બેસાડાય.

વિચાર કરો કે એક મીંડુ વધારે થયું તો કેટલા અનર્થ થઈ ગયો. માટે મહાપુરૂષોની કૃતિઓમાં પણ છંદ અને વ્યાકરણના નામે ડહાપણ ડહોળીને જેમ આવે તેમ ફેરફારો ન કરવા જોઇએ. અને જેવિ રચના હોય તેવું જ ઉચ્ચારણ કરવું જોઇએ.

શાસ્ત્રની અંદરનો એક શબ્દ બદલાઈ જાય તો ઘણી વખત એ શાસ્ત્રને પણ શસ્ત્ર બનાવી નાખે માટે શુધ્ધ ઉચ્ચારણ અને શુધ્ધ લખાણ માટે જાગૃત રહેવું જોઇએ.

મહાપુરુષોની ખૂબી હોય છે કે તે એક શબ્દને વધારે કે ઓછા લખતા નથી. જેટલી જરૂર હોય તેટલું લખનારા અને બોલનારા હોય છે.

“નમો સિદ્ધાણં”માં ‘સિદ્ધ’ શબ્દ માટે ષષ્ઠી વિભક્તિનું બહુવચન વપરાયેલું છે તે પણ સાર્થક જ છે.

માટે આ બહુવચનના પ્રયોગથી અને ટીકાકારે પણ તેને અનુકૂળ થઇને જ વિચાર કરતાં કહ્યું છે કે, “સિતં બધ્ધં....અષ્ટપ્રકારં કર્મેન્ધનં ધ્માતં–દગ્ધં જ્વાજ્વલ્યામાન શુકલધ્યાનાનલેન યૈઃ તે” આમ તેમને પણ યૈઃ તે’ એવો બહુવચનનો અર્થ કાયમ રાખીને જ વ્યાખ્યા કરી છે. તેથી સમજવું કે આત્મા મુકત થયા બાદ પણ પોતાનું અસ્તિત્વ કાયમ રાખે છે. પણ ખલાસ નથી થઈ જતો કે કોઇનામાં વિલીન થઈ નથી જતો.

પ્રશ્ન :–પણ આપણે તો કહીએ છીએ કે મોક્ષમાં જવાથી જ્યોતિમાં જ્યોતિ મળી જાય છે તો તે વિલીન જ થઇ ગયાં કહેવાય મે?

જવાબ :–જ્યોતિ મળવાથી જ્યોત વિલીન થઈ ગઈ એવું કોને કહ્યું ? એક દીવો હોય અને તેમાં બીજા દીવાને ઊંચો કરીને બંને જ્યોતને ભેગી કરશો તો તે વખતે તો ખબર નહીં પડે કે બે દીવાની જુદી જુદી જ્યોત કયાં છે? ત્યાં તો એક જ દેખાશે. પણ જેવો બીજો દીવો ખસેડશો કે તરત જ બીજા દીવાની જ્યોત જુદી દેખાવા માંડશે?

ને જ્યોત એક બીજામાં વિલીન થઇ ગઈ હોય—જ્યોતનો પોતાનો નાશ થઈ ગયો હોય તો દીવો ખસેડવાથી કેવી રીતે જુદી થઈ ગઈ? માટે સમજો કે ત્યાં રહેલા બધા જ આત્માઓના આત્મગુણો એકસરખા જ છે. તેથી બધા એક જ સરખા લાગે. બધા એક જ છે તેમ લાગે પણ તેથી પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ નાશ થાય જ નહીં માટે જ્યોતિમાં જ્યોત મળી જાય. ત્યાં પણ બંનેનું અસ્તિત્વ કાયમ જ રહે.

જેવી રીતે કપડાંની નીચે રૂપિયો મૂકો તો દેખાતો બંધ થઈ જાય પણ તેનું અસ્તિત્વ નાશ ના પામે. તેવી રીતે આ આત્મા પણ મુકિત પામીને બધા મુકત આત્માના જેવો જ થઈ જાય તેથી તે એકબીજામાં મલી ગયો. જ્યોતમાં જ્યોત મલી ગઈ છે. તેમ કહેવાય છે. પણ ખરી રીતે તો તે બંને આત્માઓ ત્યાં પણ જુદા જુદા જ હોય છે. જેમ ચાર પુસ્તક એક સરખા હોય અને તેમાં તમે ય તમારી બરાબર તે ચાર ચોપડીઓ જેવી જ ચોપડી મૂકી દો તો મૂકયા પછી તમને ખબર ન પડે કે તમારી ચોપડી કઈ? આવા વખતે તમને કોઈ પૂછે કે "તમારી ચોપડી કયાં ગઈ?" તો તમે તરત જ કહેશો કે મારી ચોપડી આ ચોપડીની ભેગી મળી ગઇ છે. મલતી નથી. ત્યારે શું તે વખતે ત્યાં પાંચ નહીં પણ ચાર જ ચોપડી છે? ના ચોપડીઓ તો પાંચ જ છે. પણ તમારી ચોપડી સરખી હોવાથી તેમાં ભળી ગઇ છે કે મળી ગઇ છે. માટે તે મલતી નથી, પણ તેનો નાશ થયો નથી જ!

આવી રીતે સિધ્ધના આત્માઓ પણ એક જ સરખા હોવાથી જ્યોતમાં જ્યોતરૂપે મળી ગયેલ કહેવાય છે. પણ

સાચી રીતે તો તે આત્માઓ જુદા જુદા છે. પણ ભેદનો વ્યવહાર જ્યાં એકદમ સમાનતા હોય ત્યાં ગૌણ થઈ જાય છે. અને અભેદનો વ્યવહાર સમાનતાના લીધે પ્રધાન બને છે. માટે જો આપણે કોઇ પણ આત્મા સાથે અભેદ સાધવો હોય તો તે આત્માને ય સિધ્ધ બનાવવો જોઈએ અનો આપણે ય સિદ્ધ બનવું જોઇએ. જ્યાં સુધી સિધ્ધિ મુક્તિ નથી મળી ત્યાં સુધી કોઈની પણ સાથે અભેદ સાધવાની—એકમેક થવાની વાતો કરવી એ મોહની ઘેલછા છે અનંતકાળ પહેલાં અને અનંતકાળ પછી સિધ્ધ થયેલ આત્માઓ વચ્ચે જેવી સમાનતા અને અભેદ છે, તેવી સમાનતા અને અભેદ આ સંસારમાં કોઇ પણ આત્માને કોઇપણ આત્મા સાથે નહીં. ભલે ને પછી એક જ સાથે પેદા થયેલા બે બાળકો કેમ ન હોય ? વ્હાલા પતિની પાછળ ધરતીને છોડીને સતી થનારી બાઈ કેમ ન હોય ! પણ ત્યાં સિધ્ધના બે આત્મા કરતાં અનંતગણો ભેદ છે.

આ સિધ્ધના આત્માઓમાં તો અભેદ હોવા છતાં ય સારા સંસારના ભેદ ( રહસ્ય ) નો છેદ ( નાશ ) કરનારી અનંતકાળ સુધીની સ્વતંત્રતા ત્યાં છે તેથી જ ત્યાં કોઇ ખેદ કે વેદ કશું ય નથી.

માટે આપણે તે અનંતકાળ સુધીની સાચી સ્વતંત્રતા મેળવવા માટે સિધ્ધો શ્વાસોશ્વાસમાં નમસ્કાર કરવાનો છે.

અહીં આપણે " નમો સિદ્ધાણં " એ નમસ્કાર મહામંત્રના બીજા પદનો ટીકાકાર મહર્ષિએ કરેલો પહેલો અર્થ વિચાર્યો. "સિતં—ધ્માતં અષ્ટવિધં કર્મેન્ધનં જ્વાજ્વલ્યમાન શુકલધ્યાનાગ્નિના યૈઃ તે સિધ્ધાઃ"

જેઓએ બાંધેલા આઠ પ્રકારના કર્મરૂપી ઇન્ધનને જાજ્વલ્યમાન શુકલધ્યાનરૂપી અગ્નિવડે બાળી નાંખ્યા છે તેવા.

એ અર્થના પ્રત્યેકે પ્રત્યેક શબ્દોનો વિસ્તારથી વિચાર કરી લીધો છે. હજી તો બાકીના ત્રણ અર્થોનો વિચાર કરવાનો છે. આ બધો વિચાર પૂરો થશે એટલે "નમો સિધ્ધાણં" એ ગણધર મહારાજે કરેલા મંગલાચરણનો વિવેચનાપૂર્ણ અર્થ થઇ જશે.

શાંતિથી સાંભળતા જશો તો 'સિધ્ધ' ભગવંતોની અર્થ તમને સિધ્ધ થઈ જશે અને સિધ્ધ ગતિનું યાન મેળવી અનંતકાળ સુધી આ સંસારથી–કાર્મણવર્ગણાનાં પુદ્ગલોથી સિધ્ધ થઈ જશો.

# 'નમો સિદ્ધાણં'નો દ્વિતીય અર્થ

## પાછા કોણે ફરવું ન પડે?

અત્યાર સુધી આપણે 'નમો સિધ્ધાણં' એ પદના પહેલા અર્થનો વિચાર કર્યો. હવે નવાંગી ટીકાકાર મહર્ષિ અભયદેવસૂરિ મહારાજા એ પદનો બીજો અર્થ કરે છે.

તેઓ જણાવે છે કે "ષિધુ ગતૌ ઇતિ વચનાત્ સેધન્તિ સ્મ—અપુનરાવૃત્યા નિવૃત્તિપુરીમગચ્છન્"

જેઓને ફરી પાછું સંસારમાં આવવાનું નથી તેવા સિધ્ધોને નમસ્કાર થાવ.

જેમ પહેલા અર્થની સંપુર્ણ વિચારણા કરવા માટે આપણે દરેક અવાંતર વિષયનો વિચાર કરીને સારા ય પદના અર્થના અર્થનો સંપૂર્ણ અર્થ સમજવા પ્રયત્ન કર્યો હતો. તેમ અહીં પણ આપણે અવાંતર વિષયોનો વિચાર કરવો જોઇએ.

ટીકાકાર મહર્ષિએ જણાવ્યું છે કે "સિધ્ધોને પાછા ફરવું પડતું નથી."

તો પ્રથમ એ વિચાર કરવો ઘટે કે—

પાછા ફરવાની ક્રિયા એટલે શું ?

એ ક્રિયા શા માટે ?

એ ક્રિયા કોણે કરવી પડે ?

એ ક્રિયા કેવી રીતે થાય ? ઇત્યાદિ વિચારણા થાય તો ખબર પડે કે પાછા ફરવું કોણે પડે ?

અને....

કદીય પાછા ફરવું ન પડે એવું કયારે બને ?

## પાછું ફરવું એટલે શું ?

જ્યાં આપણે કોઇ પણ કારણે યા કારણ વિના સ્વેચ્છાએ કે બળાત્કારે ગયા હોઇએ કે પહોંચી ગયા હોઇએ ત્યાંથી પાછું તે સ્થળે કે તેના જેવા જ કોઇક સ્થળે જવું પડે તેનું નામ પાછા ફરવું.

**શું તમે બધા કે આપણે બધા પાછા ફરવાના છીએ એ ખ્યાલ છે ? પાછા ફરવાનું છે એ શબ્દ સાંભળતાં કોઇ વિચાર આવે છે ? મનનો કોઇ દિશામાં વિહાર થાય છે ? હૃદયમાં કોઇક પ્રહાર થઇ રહ્યો હોય એવી વેદના થાય છે ? જે સ્થાને આવીને તમે આટલી ઉંમર ગુમાવી છે તે સ્થાને તમે ક્યાંથી આવ્યા છો અને ક્યાં પાછા જવાનું છે એનો જરા ય ખ્યાલ આવે છે ?**

તમારા ગામમાં સુવાવડખાતા અને સ્મશાનઘરો છે કે નહીં ? તમારાં ઘરમાં ય કોઇના ય જન્મ–મરણ થાય છે કે નહીં ? તમે ય જન્મ તો ધારણ કર્યો જ છે ને ? અને જીવી રહ્યા છો તેથી મરવાનું છે એ પણ નિશ્ચિત છે ને ?

છતા ય મોહમાં કેવા ફસાયા છો, કે નથી તો તમને તમારે કયાં પાછા ફરવાનું છે તે યાદ આવતું કે નથી તો કયાંથી આવ્યા તેનો વિચાર કરવાનું મન થતું ? પણ વિચાર નહીં કરવા માત્રથી જે સત્ય હકીકત છે તેમાં કશો ય તફાવત પડવાનો નથી.

કોઈ કામ માટે બે ગાઉ ચાલવાનું હોય, કંઈક સ્વાર્થ સરે તેવું નિશ્ચિત હોય ત્યારે બે ગાઉ કેવા જોરથી ચાલી જવાય છે. પણ ત્યાં પહોંચ્યા પછી બે ચાર કલાક બગાડ્યા પછી પણ જે કામે આવ્યા હોય એ ન થાય અને પાછા ફરવું પડે તો કેવું થાય ? પાછા ફરતી વખતે પગ કેવા ચાલે ?

ફક્ત પાંચ–પચીશ રૂપિયાનો લાભ થવાનું સમજીને ગયા હોય અને કામ ન થાય તો પાછા ફરતાં કેવું દુઃખ થાય છે ?

ત્યારે આવા મહામૂલ્યવાન મનુષ્ય જીવનમાંથી એમને એમ પાછું ફરવું પડશે એનો વિચારે ય આવતો નથી કે એ વિચાર આવતાં હૃદય કાંપી ઊઠતું નથી એ મોહનો કેવો જુલ્મ છે ?

બીજા ગામ જવા માટે સ્ટેશન પર જાવ. સ્ટેશન પર જાવ એટલે તો બધી તૈયારી કરીને જ જાવને ? ચાર દિવસ બહાર રહેવાનું હોય તો ય ચાર પોટલાં તો ઓછામાં ઓછા હોય ને ? ત્યારે મનુષ્ય દેહમાં મુસાફરી કરવા આવ્યા હશો ત્યારે કંઇ ઓછી તૈયારી કરી હશે ? પણ કંઈ યાદ આવે છે ? યાદ ન આવતું હોય તો ય જ્ઞાનીનું વચન તો યાદ કરો.

પણ આવી રીતે પોટલા બાંધીને સ્ટેશન પર પહોંચ્યા

હોઇએ ને ત્યાંથી પાછા ફરવું પડે ગાડીમાં જગા ન મલે કે ગાડી ઉપડી જાય તો કેવી વ્યથા અનુભવો છો ? આવી હોય છે.

## " પાછા જવાની ક્રિયા "

સ્ટેશનથી પાછાં ફરતા હોય ત્યારે બધાય તમારૂં મોઢું જોઇને જ સમજી જાય ને કે ભાઈ ! લીલા તોરણેથી પાછા ફર્યા છે કે તમારે કોઇને કહેવું પડે કે ગાડી મલી નહીં ?

કહો કે તમારી જીભ કંઈ કહે તે પહેલાં જ તમારૂં ઉતરેલું મોઢું જ બધી વાતની ચાડી ખાય ને ?

જે સ્થાને હરહંમેશ ગાડીઓ આવ્યા જ કરે છે ને જાય છે. ત્યાંથી પાછા આવવું પડે તો પસંદ પડતું નથી. પણ આ મનુષ્ય જન્મમાં આવીને કંઈ આરાધના નહીં કરો તો અહીંથી વીલા મોંઢે " પાછા ફરવું પડશે " એની ખબર છે ?

જરા વિચાર કરશો તો સમજાશે કે " પાછા ફરવાનું આ સંસારમાં કોઇને'ય ગમતું નથી " " પાછા ફરવું પડે " ત્યાં કંટાળો આવે છે. **રોષ** પેદા થાય છે. **શોક** છવાઈ જાય છે અને **રોગ** થયો હોય તેવી હાલત થઇ જાય છે. પણ પાછા શા માટે ફરવું પડે છે એ ન સમજાય ત્યાં સુધી રોષ–શોક–રોગ કોઈનો ય દૂર થઇ ના શકે.

## પાછા શા માટે ફરવું પડે ?

કઇ એવી સત્તા છે કે જે આપણને " પાછા ફેરવે છે " ? સૌથી પહેલી વાત તો એ છે કે જે સ્થાનમાં આપણે રહ્યા છીએ તે સ્થાન આપણું નથી.

વિચાર કરો કે તમે જે ઘરમાં રહ્યા હો તે ઘર તમારૂં પોતાનું હોય તો બીજે ક્યાંય રહેવા જવાની જરૂર ખરી? પણ જો ભાડાનું ઘર હોય તો તો માલિક કહે એટલે ખાલી કરવું જ પડે, અને ખાલી કરવાની વાત આવે એટલે બીજા ઘરે જવું પડે? જઈએ એટલે નવું ઘર મળે જ એવું તો બને નહીં અને વખત ત્યાંથી પણ પાછા ફરવું જ ન પડે ને? પણ તમારા પોતાનું જ હોય તમારે ન તો ઘર ખાલી કરવું પડે કે ન તો કોઈને ઘરથી નિરાશ બનીને પાછું ફરવું પડે.

## શું આ મનુષ્યદેહરૂપી ઘર તમારૂં પોતાનું છે?

કદી ય એનો વિચાર કર્યો ખરો કે આ ઘરમાં આવીને વસ્યા તો છીએ પણ ભાડાનું ઘર ક્યારે ખાલી કરવું પડશે અને અહીંથી માનવભવમાંથી પાછા ફરવું પડશે?

પ્રશ્ન :– શું આ શરીર અમારૂં નથી?

જવાબ :– ના તમારૂં નહીં જ, એક વાર નહીં એક લાખવાર એ ભાડાનું જ છે. પણ વાંધો ત્યાં જ આવે છે કે તમારા જેવા સંસારી જીવોને એ પોતાનું લાગે છે. આ ભાડાનું શરીર જેટલું પોતાનું છે એમ માનશો એટલું એને છોડતાં કષ્ટ વધુ પડવાનું. જેમ ભાડાનું મકાન હોય ને તમે તમારૂં માની લીધું ન હોય તો માલિક કહે ત્યારે ખાલી કરતાં વાર ન લાગે. પણ જો પોતાનું જ માની લીધું હોય અને સીધી રીતે તે છોડવા તૈયાર ન થઈએ તો પોલીસ આવીને બહાર ખેંચી જાય પણ ભાડાનું એટલે ખાલી કરે જ છૂટકો. તેવી જ રીતે તમને શરીરમાં એવો ભ્રમ થઈ ગયો છે. શરીરને પોતાનું માની બેઠા છો પણ ભલા વિચાર તો કરો કે આ ભાડુતી શરીરમાં કોઈ શાશ્વત રહી શક્યું છે?

કોઈ માણસ તમે તમારી જીંદગીમાં એવો જોયો કે

સાંભળ્યો જેનું મોત ન થયું હોય? અમર બનીનો આ દેહમાં રહ્યો હોય? કોઇનો વહેલું તો કોઈને મોડું પણ આ શરીરરૂપી ઘર છોડ્યા વિના ચાલવાનું જ નથી.

ભૂતકાળમાં અનંત તીર્થંકર થઇ ગયા. અનંત ગણધરો, અનંત ચક્રવતીંઓ, રાજા-મહારાજા થઈ ગયા, પણ કોઇનેય આ ભાડાનું ઘર ખાલી કર્યા વિના છુટકો જ નથી. બધા જ અહીંથી વિદાય લઈ ગયા છે.

જેણે જેટલી વધારે મુદતનું ભાડું ભર્યું હોય તે તેટલો વધારે વખત રહી શકે. અને જેણે ઓછી મુદતનું ભાડું ભર્યું હોય તેનો જલ્દી ખાલી કરવું પડે.

જાણો છો કે, આયુષ્ય નામનું કર્મ છે, એ પુરૂં થયું કે ભાડું ખલાસ. પછી કોઇ એક સેંકડ વધુ ન રહી શકે.

અહીં તો ખાલી કરાવવા પહેલાં માલિક વિનંતી કરે છે, નોટીસ આપે છે. પણ આ દેહને ખાલી કરવો પડે છે ત્યારે નથી તો કોઈ વિનંતી કરતું કે નથી કોઈ સમાચાર આપતું. એ તો જે ક્ષણે, જે સમયે આયુષ્ય પૂર્ણ થયું તે ક્ષણે, અનો તેજ સમયે ઘર ખાલી કરવું જ પડે.

અહીંથી જશો પછી બીજે સારી યા ખરાબ જગ્યા મળશે? કેવી રીતે જશો? એ કશું વિચારવાનો સમય મલતો નથી. કેમ ને?

જેમ દીવો ઓલવાઇ જાય ને તેજ ક્ષણે અંધકાર ફેલાઈ જાય તેમ જે ક્ષણે આયુષ્યકર્મ ખલાસ થાય તે જ ક્ષણે આ દેહ ખાલી કરવો પડે છે.

**જો આ શરીર આપણું પોતાનું હોય તો આવી રીતે ખાલી કરવું પડે ખરૂં ?**

આપણું પોતાનું કોઈ ઘર છે જ નહીં. માટે જ એક ઘરેથી બીજા ઘરે ભટકવું પડે છે, અને તે તે ઘરેથી પાછા ફરવું પડે છે.

તેથી ખ્યાલ રાખો કે, આ સંસારમાં કોઈ એવું સ્થાન–ઘર આત્મા માટે નથી કે જ્યાં આત્મા અમુક નક્કી સમયથી વધુ એક પણ સમય રહી શકે. અથવા શાશ્વત કાલ રહેવાનો મનોરથ પણ કરી શકે.

'સંસાર' શબ્દનો અર્થ જ એ થાય છે કે, જ્યાં જન્મ અને મરણ, મરણ અને જન્મ આમ સંસરણ કરવાનું હોય. નરકથી તિર્યંચ, તિર્યંચથી મનુષ્ય, મનુષ્યથી દેવ અને દેવથી મનુષ્ય અથવા તિર્યંચ. આમ ચારે ગતિમાં ભ્રમણ હોય અર્થાત્ ૧૪ રાજલોકના એક છેડાથી બીજા છેડે હોય અને બીજા છેડાથી પેલા છેડે એમ ભમ્યા જ કરવાનું હોય તેનું નામ સંસાર.

જ્યાં સુખમાંથી દુઃખમાં અને દુઃખમાંથી સુખમાં સંસરણ થયા જ કરે તેનું નામ સંસાર.

કહો કે, જ્યાં સ્થિર થયા પહેલાં જવાની વાત થાય તેનું નામ સંસાર. જ્યાં હંમેશા સંસરણ ને સંસરણ જ છે. એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં ભ્રમણ થયા જ કરે તેનું નામ સંસાર. મોટામાં મોટી સ્થિતિવાળા દેવને પણ દેવલોકનું આયુષ્ય પુરૂં થયે દેવલોકથી 'પાછા ફરવું' જ પડે છે. કર્મને કોઈની શરમ નથી. કોઇ તેને ભ્રમમાં નાંખી શકતું નથી. ગમે તેટલું લાંબુ જીવન મલ્યું હોય પણ તે સ્થાનમાં રહેવાના ભાડારૂપ આયુષ્યકર્મ ખલાસ થયું એટલે

ખાલી કરવું જ પડે. પણ આવી નિયત અને નિશ્ચિત રોજ બનતી વાત પણ આત્મા મોહમાં ફસાઈને ભૂલી જાય છે. **પોતાના મોત માટે તો જગતમાં કોઇને ય રડવાનો અવસર મળતો નથી, પણ બીજાના મોતથી તે અવશ્ય રડે છે–કકળે છે.**

જેમ પોતાનું મોત નિશ્ચિત છે. તે વાત મનુષ્ય જાણવા છતાં ય માનવા તૈયાર થતો નથી. તેમ પોતાનાને (પોતાના સ્વજનને) ય મોત આવશે એ વાત માનવા પણ તે તૈયાર થતો નથી. અને પોક મૂકીને રડવા માંડે છે. મરેલાને જીવાડવા માટે પણ ઘેલો બનીને યત્ન કરે છે.

દુનિયા કહે કે, મરેલાં મડદાં જીવતાં ન થાય તો ય તેવા મોહવાસિત આત્માઓના મન એ વાતો માનવા કબૂલ થતાં નથી અને થાકે નહીં ત્યાં સુધી બધા પ્રયત્નો કરી છૂટે છે.

## મરેલાને જીવાડનારી રાખ

ગૌતમી નામની એક સ્રીને ખૂબ ખૂબ મનોરથો અને પ્રયત્નો પછી એક પુત્ર થયો. પુત્ર કે પુત્રીના જન્મ સમયે માણસો એવી રીતે મહોત્સવો ઉજવે છે કે કદી ય તેમની સંતતિને મોતનું સ્વપ્ન પણ ન આવવાનું હોય. મોત જાણે તેનાથી ગભરાઇને હંમેશા દૂર જ રહેવાનું હોય.

ગૌતમી પણ પુત્રના જન્મના આનંદમાં પોતાને કે પોતાના પુત્રને કોઇને ય કદી મોત આવશે તે ભૂલી ગઈ. જન્મનો આનંદ તો રોજ રોજ વધતો જ જાય ને? "ભાઈને દાંત આવ્યો! કાલું–કાલું ધીમું–ધીમું બોલતો થયો. 'મા' બોલતા શીખ્યો અને 'બાપ' કહેતા શીખ્યો. ખાતાં શીખ્યો અને પીતાં શીખ્યો."

આમ મોહાધીન માતા-પિતાને તો જાણે રોજ-રોજ નવો આનંદ પેદા થતો હોય તેવું જ લાગ્યા કરે છે. પણ ખબર નથી કે સૌને પાછા ફરવાનું છે.

જેમ ગાડીમાં બધા મુસાફર બેઠા હોય અને જેની ટિકીટ ખલાસ થઇ ગઈ હોય તેને ટિકીટ માસ્તર પકડીને ઉતારી પાડે, તેમ આપણે જેને 'સ્વજન' મારા મારા કહીએ છીએ, તેમને પણ મૃત્યુ કયારે ઉતારી પાડશે? કયારે તેની ટિકીટ ખલાસ થઈ જશે, તેની આપણને કોઇને ખબર છે ખરી?

ગૌતમીનો પુત્ર બાળ અવસ્થામાં જ મરી ગયો. ગૌતમીએ હજારો નહીં લાખો ઉપચારો કર્યા તો ય ન બચ્યો તો ન જ બચ્યો, પણ....

ગૌતમી મરેલા બાળકની અંતિમ ક્રિયા કરવા તૈયાર નહોતી. ગાંડી બનીને ચારે તરફ ફરવા માંડી. જે મલે તેને મરેલા પુત્રને જીવાડવા આજીજી કરતી. કેટલાક ગાંડી સમજીને મૌન રાખતા, કેટલાક શાણાઓ મોહની કારમી દશા જોઇ દુઃખી થતા. બીચારા કોઇની યે તાકાત હતી ખરી કે તેને જીવાડી શકે?

આખરે એક શાણા માણસે તેને જોઇ તેને કહ્યું: 'જા' તારા ગુરૂ પાસે. તારા ગુરૂની પાસે મરેલાને જીવાડવાની દવા છે. અહિનાઓના ભૂખ્યાને મનગમતું ભોજન મળી જાય ને જેવી રીતે ભોજન પર તૂટી પડે તેમ ગૌતમી એના ગુરૂને શોધવા નીકળી પડી. ગમે તેમ કરીને ગમે તેટલા કષ્ટો વેઠીને ગૌતમી એના ગુરૂ પાસે આવી. ગુરૂ સમજતા હતા કે બાઇ મોહઘેલી બની છે જો તેને યોગ્ય રીતે સમજાવવામાં નહીં આવે તો તે પણ મરી જશે. મોહનું ઘેન તેને એવું ચડયું છે કે,

એનું **ચેન** (ચેતન) છિન્નભિન્ન થઇ ગયું છે. એના માટે એના પુત્ર સિવાય ચારે બાજુ **રેન** (રાત) જ છે. માટે ગુરૂએ એક રસ્તો કાઢયો.

"જા ગૌતમી! હું તારા બેટાને હમણાં જ જીવતો કરી દઉં છું. હમણાં જ એ તારી સાથે બોલવા માંડશે. મારી પાસે બધી જ સામગ્રી તૈયાર છે" પણ માત્ર થોડી રાખની જરૂર છે.

એના ગુરૂ બોલવાનું પુરૂં કરે તે પહેલાં ગૌતમી રાખ લેવા દોડવા માંડી. પણ એના ગુરૂએ કહ્યુંઃ ગૌતમી, જરા ધ્યાન રાખજો કે રાખ એવા માણસના ઘરની લઈ આવજે કે જેને ઘેર કોઈ મર્યું ન હોય.

આ બાઇ એટલી તો મોહવેશમાં આવી ગઇ હતી કે, એટલું પણ ન વિચારી શકી કે જેને ઘેર કોઈન મર્યું હોય, તેવું ઘર કયાંથી હોય? અને કોઇ મર્યું જ ન હોય તેવું હોય તો એનો પુત્ર પણ શા માટે મરી જાય?

પણ **ભાન ન ભૂલાવે તો મોહનું તાન કેવી રીતે કહેવાય**? શહેરના ઘરે-ઘરે ફરી, શેરીએ-શેરીએ ફરી પણ કોણ તેને રાખ આપી શકે તેમ હતું? આખરે તેને પોતાને વિચાર પેદા થયોઃ શું કોઈ એવું ઘર નથી જેને ઘેર કોઈ ન મર્યું હોય....અને....એમને એમ વિચાર કરતાં તેને ભાન આવ્યું-જ્ઞાન પ્રગટયું.

**જન્મનો બીજો છેડો મરણ છે.** જેને જન્મ લીધો તેને મરણ વિના છૂટકો જ નથી. ભાડાના ઘરમાં જે રહે તેને ઘર ખાલી કર્યા વિના ચાલવાનું જ નથી. એને શાંતિ થઈ એના ગુરૂ પાસે જઇ પુત્રનો અગ્નિસંસ્કાર કર્યો. ગુરૂએ સમજાવેલ તત્ત્વને સમજી વૈરાગી બની. આપણે તો અહીં

એટલું વિચારી રહ્યા છીએ કે, પાછું ફરવાનું શા માટે?

હવે સમજાયું; કે જે પારકું છે ત્યાં રહ્યા છીએ માટે.

પ્રશ્ન :– આયુષ્યકર્મ તો આપણે પોતે જ બાંધ્યું છે ને? અને તેનાથી શરીર મળ્યું તો પારકું કેવી રીતે?

જવાબ :– વાત તો ખરી છે, કે તમે પરભવમાં મનુષ્યનું આયુષ્ય બાંધ્યું હતું તેથી જ તમને માનવદેહ મળ્યો છે. પણ હું એમ પૂછું છું કે, તમે બે–પાંચ વર્ષ કે ક્રોડ વર્ષનું આયુષ્ય કેમ ન બાંધ્યું? હંમેશા માનવદેહ મળે તેવું કર્મ કેમ ન બાંધ્યું?

તમે કહેવાના કે, એ કંઈ અમારા હાથની વાત થોડી જ હતી કે અમારે જોઈએ તેટલું આયુષ્ય અમે બાંધી શકીએ? કદી ય અંત ન આવે તેવું કઈ આયુષ્યકર્મ હોય ખરું? જો આમ ન જ હોય તો સમજી જ લેવું જોઈએ કે, **જે વસ્તુ આપણે આધીન નથી, જેના પર આપણો કાબુ નથી તે બધી વસ્તુ પારકી જ કહેવાય.**

પણ કેટલીક વખત માણસ એવી મઝામાં આવી જાય છે કે, પારકી વસ્તુને પારકી સમજવા છતાં પોતાની કહેવા લલચાય છે અને તેમાં જ આનંદ માને છે.

એટલા માટે જ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય પૂ. ઉપાધ્યાય યશોવિજય મ. ફરમાવી રહ્યા છે કે:–

**“પૂર્ણતા યા પરોપાધેઃ સા તુ યાચિતકમણ્ડનમ્”**

પારકી વસ્તુ પૌદ્ગલિક વસ્તુ દ્વારા (પૂર્ણતા) આનંદ માનવો, એ માંગીને લાવેલા ઘરેણાને પોતાના માનીને (પૂર્ણતા) આનંદ લેવા જેવી મૂર્ખાઈ કરવા જેવું છે.

તેથી પુણ્યકર્મ તમે જાતે કર્યું હોય તો પણ તે આયુષ્ય દ્વારા મળેલ માનવદેહ પરાયો જ કહેવાય.

કારણ કે પોતાનું સાચું તે જ કહેવાય કે જે પોતાને આધીન હોય, કદી પણ પોતાનાથી જુદું ન થાય! જેવી રીતે આત્માના ગુણોને જગતની કોઈ પણ સત્તા આત્માથી અલગ કરી જ ન શકે. માટે ખ્યાલ રાખો કે જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી દેહ રહેવાનો અને દેહ હોય ત્યાં સુધી "પાછા ફરવાની ક્રિયા ચાલુ જ રહેવાની."

### પાછા ફરવું ન પડે તેવું સ્થાન એટલે મોક્ષ

પણ; દુનિયાના તમામ પદાર્થો એવા દેખાય છે કે, તેના વિરોધી પદાર્થો પણ હોય....હોય ને....હોય જ....!

જેમ 'આગ' છે તેમ તેનું વિરોધી 'જલ' પણ છે.

જેમ પોલાણ છે તો 'નક્કર' પણ છે.

જેમ સારૂં છે તો 'ખરાબ' પણ છે.

જેમ મોટું છે તો 'નાનું' પણ છે.

જેમ ધર્મ છે તો 'અધર્મ' પણ છે.

તેથી એ બરાબર સમજી શકાય છે કે, જો દુનિયાના બધા સ્થાન એવા જ હોય કે જ્યાંથી પાછા ફરવું પડે તેમ હોય તો એવું પણ કોઈ સ્થળ હોવું જોઇએ કે જ્યાંથી કદીય પાછા ન ફરવું પડે! અને આવા સ્થળનું નામ જ **મોક્ષ** છે.

માટે ટીકાકાર મહર્ષિએ જણાવ્યું છે, જ્યાંથી ફરી પાછા આવવું ન પડે તેવા સ્થાનને પ્રાપ્ત થયેલા **સિદ્ધોને નમસ્કાર** હો!

અને તમે પણ ચૈત્યવંદન કરતાં 'નમુત્થુણં' સૂત્રમાં શું

બોલો છો ? "અપુણરાવિતિ સિદ્ધિ ગઇ નામધેય ઠાણું સંપત્તાણું" જ્યાંથી પાછા આવવાનું નથી તેવા સિધ્ધગતિ નામના સ્થાનને પ્રાપ્ત થયેલાને (જિનેશ્વરોને) નમસ્કાર હો ! **સિધ્ધગતિ** કહો કે **મોક્ષ** કહો બંને એક જ સ્થાન છે. જેમ આપણે એ વિચાર કર્યો હતો કે, કોઈપણ સ્થાનેથી પાછા ફરવું શા માટે પડે છે ? તો એ પણ વિચારવાની જરૂર છે કે, સિધ્ધગતિ કે મોક્ષમાંથી શા માટે પાછા ફરવું પડતું નથી ?

કારણ; ત્યાંથી પાછા ફરવાનું કોઇ કારણ નથી. ત્યાં મોક્ષમાં એવું સુખ છે કે ત્યાંથી પાછા ફરવાનું કદીય થાય નહીં. મોક્ષનું સુખ શરીરથી નહીં પણ શરીર વિનાના થઇને ભોગવવાનું હોય છે. માટે તે સ્વાધીન સ્થાન છે. જે સ્થાન આપણું પોતાનું હોય ત્યાંથી આપણને પાછા ફરવાનું કહેવાની કોઇની તાકાત નથી. કારણ કોઇનોય તેના પર અધિકાર નથી. સારા આયુષ્યકર્મથી ગમે તેવું ઉંચું સ્થાન મળે છતાંય આપણે તે ખાલી કરવું પડે છે. આયુષ્યકર્મથી મળે તે આપણું ન કહેવાય, તે પણ પરાયું જ છે. તમે દલીલ કરી શકો છો કે, આયુષ્યકર્મ તો અમે પોતે મેળવેલું છે. અમે પોતે બાંધેલું છે. તો પછી તે આયુષ્યકર્મથી મળેલો દેહ પોતાનો ન કહેવાય ?

પણ જરાક સમજો, ભાડે રહેલા ઘરનું ભાડું કોણ ચુકવે ? તમે જ કે બીજા કોઇ ? આ ભાડું તમે દર મહિને ચૂકવતાં હોત તો પણ ઘર તમારૂં કહેવાય કે ભાડુતી ?

ભાડું તમે પોતે તમારી જાતે રળેલા–કમાયેલા પૈસાથી ચૂકવો છતાં ય ઘર પારકું જ કહેવાય. તેમ આયુષ્યકર્મ તમે પોતે બાંધેલું હોય છતાંય તેનાથી મળેલા દેવ–માનવ વગેરેનો

દેહ તો પારકો જ પુદ્‌ગલોનો બનેલો છે. આત્મા જ્યાં સુધી પુદ્‌ગલના બનેલા શરીરરૂપી ઘરમાં રહેવાનો ત્યાં સુધી તેને આયુષ્યરૂપી ભાડું ચૂકવવું જ પડવાનું છે, અને તેથી નક્કી થાય છે કે આત્માને સ્વતંત્ર રહેવું હોય તો તેને આ દેહ વિના પણ રહેવાય એવું કોઇ સ્થળ મેળવવું જોઇએ.

"**મોક્ષ**" એ જ માત્ર એવું સ્થળ છે કે ત્યાં દેહ વિના રહી શકાય. જ્યાં આયુષ્યકર્મરૂપ ભાડું ચૂકવવાનું હોય નહીં. માટે તે જ સ્થળ પોતાનું કહેવાય.

આવા સ્થળેથી આપણને કાઢી મૂકવાની કોઈની તાકાત નથી. મોક્ષ એ એવું સ્થળ છે કે, જ્યાં માત્ર આયુષ્યકર્મ જ નથી. એટલું જ નહીં પણ કોઈ પણ જાતનાં કર્મો નથી; ત્યાં માત્ર આત્મા જ છે. તેથી તે આપણું પોતાનું જ સ્થાન છે. ત્યાંથી આપણને કોઇપણ પાછા ફેરવી શકે તેમ નથી.

આપણે તો સિધ્ધભગવંતનો વિચાર કરી રહ્યા છીએ. 'નમો સિધ્ધાણં' નો બીજો અર્થ કરતાં ટીકાકાર મહર્ષિએ ફરમાવ્યું કે, "કદીય પાછા ન ફરવું પડે તેવા સ્થાનમાં ગયેલા સિધ્ધોને નમસ્કાર થાવ" તેમાં આપણે એટલી વાત તો સિદ્ધ કરી ગયા કે 'મોક્ષ' એ એવું સ્વાધીન સ્થાન છે કે, ત્યાંથી આપણને કોઇ પાછા ફેરવી ન શકે. પણ કોઈ પાછા ફેરવે તો જ આપણે તે સ્થાનેથી પાછા ફરવું પડે એમ ન કહેવાય.

જે સ્થાન આપણું પોતાનું હોય તે સ્થાન પણ આપણને કંટાળો ઉપજાવે તેવું હોય, થાક પેદા કરે તેવું હોય કે અણગમો પેદા કરે તેવું હોય તો પણ આપણે ત્યાંથી પાછા આવીયે છીએ. જેમ આપણા પોતાના જ બંધાવેલ ટટ્ટી-ખાનામાં આપણે જઇએ છીએ, ત્યાં કોઈ આપણને આવીને

કહેનાર નથી કે પાછા ફેરવનાર નથી. છતાંય આપણે કામ પતાવીને તરત પાછા ફરી જઇએ. કારણ કે ત્યાં અણુગમો, કંટાળો, થાક પેદા થાય છે. પણ મોક્ષ એ એવું સ્થાન છે, ત્યા એવું સુખ છે કે ન કંટાળો પેદા થાય, ન થાક લાગે, કે ન અણુગમો પેદા થાય. તેથી આપણને પોતાને પણ ત્યાંથી પાછા ફરવાનું મન થાય તેવું નથી અને કોઈ આપણને તે સ્થાનેથી પાછા ફેરવી શકે તેમ નથી. પણ **મોક્ષના સુખને મેળવવાની તમને ઇચ્છા થાય છે ખરી ?**

જો જન્મ-મરણના રઝળપાટથી કંટાળો પેદા થયો હોય તો 'મોક્ષ'ની ઇચ્છા પેદા ન થાય તેવું બને નહીં. પણ તમે બધા અહીં સંસારના સુખમાં એટલા બધા ફસાયેલા છો કે, મોક્ષની વાત આવે છે 'ત્યારે' 'હા' મોક્ષમાં જવું છે એમ બોલો છો તો ખરા પણ, દિલમાં તો એમ જ થાય છે ને કે ત્યાં જઇને કરવાનું શું ?

ત્યાં અહીંના જેવું સુખ હોય ખરૂં ?

અહીં જેવા બંગલા-મોટર હોય ?

અહીં જેવા મોજશોખ હોય ?

અમનચમન હોય ?

....+....
....+....

# મોક્ષના સુખની સિદ્ધિ

જો મોક્ષનું સુખ કેવું છે, તે સમજાયું હોય તો આવો પ્રશ્ન પેદા થાય જ નહીં કે અહીંના જેવું સુખ ત્યાં હોય કે નહીં ?

કારણ; સરખામણી પણ યોગ્ય વસ્તુની વચ્ચે થાય, અયોગ્યની ન થાય. કોઈનામાં બુદ્ધિ કેવી વધારે છે તે પૂછવું હોય તો એમ પૂછાય કે "શું તેમની બુદ્ધિ બૃહસ્પતિ જેવી છે. કોઈની બુધ્ધિ કેવી વધારે છે, એ જાણવા માટે એ ન પૂછીયે કે શું તેમની બુધ્ધિ ગધેડા જેવી છે? અને પૂછીએ તો આપણે મૂર્ખતાના પાત્ર બનીયે કે નહીં ? "મોક્ષમાં શું અહીંના જેવું સુખ છે કે નહીં" એ પૂછવું એના જેવું જ છે. તેથી જેની જોડે સરખામણી કરવા માંગતા હોવ તે વસ્તુને પહેલાં સમજો.

મોક્ષના સુખની જો તમારે સંસારના સુખ જોડે સરખામણી કરવી હોય તો પહેલાં તમારે સંસારનું સુખ કેવું છે તે જ સમજવું પડે. વ્યાકરણની ભાષામાં કહીએ તો કહેવાય કે, ઉપમા આપતા પહેલાં ઉપમાનનું જ્ઞાન હોવું જોઈએ. 'તારૂં મુખ ચંદ્ર જેવું છે.' એમ કહેનાર જો 'ચંદ્ર' કેવો છે એ ન જાણે તો મુખ કેવું છે એ કેવી રીતે બતાવી શકે ? માટે મોક્ષમાં સંસારના જેવું સુખ છે કે નહીં તેવો પ્રશ્ન કરતાં પહેલાં જે મોક્ષના સુખને સંસારના સુખની જોડે સરખાવવા મથો છો તો

સંસારનું સુખ કેવું છે તેનો તો વિચાર કરો. માટે આપણે અહીં મોક્ષના સુખનું સ્વરૂપ વર્ણવતાં પહેલાં સંસારનું સુખ કેવું છે તે વિસ્તારથી વિચારવાનું છે. અને તે વિચારતાં તમને સમજાઈ જશે કે સંસારનું સુખ એ સુખ છે જ નહીં. માટે તેની સાથે મોક્ષના સુખને સરખાવી જ ન શકાય. અને તે સમજતાં મોક્ષના સુખની સિધ્ધિ પણ થઈ જશે અને તેનું સ્વરૂપ પણ સમજાઇ જશે.

જો આટલું સમજી જશો તો '**મોક્ષ**' મેળવવાની અનહદ ઉત્કંઠા પેદા થશે. અને "**નમો સિદ્ધાણં**" નો સાચો અર્થ સ્પષ્ટ થશે. માટે અહીં આપણે સંસારનું સુખ કેવું છે તેનો પહેલાં વિચાર કરવાનો છે.

## "સંસારમાં સુખ છે જ નહીં, તો પુણ્યોદયથી સુખ મલે તેવું શાસ્ત્રમાં શા માટે કહેવાય છે!"

જ્યારે તમે પૂછો છો કે, અહીંના જેવું મોક્ષમાં સુખ છે ખરૂં ? ત્યારે શાસ્ત્રકારો તમારી સામે પ્રશ્ન કરે છે: સંસારમાં કોઈ સુખ જેવી વસ્તુ છે ખરી ? શાસ્ત્રકારની દૃષ્ટિમાં તો સારા ય સંસારમાં કોઇ સુખ જેવી વસ્તુ જ નથી. માટે તમારો પ્રશ્ન એમને ઢંગધડા વિનાનો જ લાગે છે. જ્યારે સંસારમાં કંઈ સુખ જ નથી તો અહીંના જેવું સુખ મોક્ષમાં છે કે નહીં એ પૂછવું તે બેવકુફાઇ નહીં તો બીજું શું છે !

પ્રશ્ન :– જો સંસારમાં કંઇ પણ સુખ જ નથી, તો શાસ્ત્રકારે પુણ્યાઈથી સુખ મળે છે એવું વર્ણન શા માટે કરે છે ?

ઉત્તર :– ખરી વાત છે કે, શાસ્ત્રકારોએ પુણ્યાઇથી સુખ મળે તેમ જણાવ્યું તો છે પણ સંસારના મોહમાં ફસેલા પ્રાણીઓએ જ્યારે પ્રશ્ન કર્યો કે હસવું અને રડવું

ખાવું અને ભૂખ્યા રહેવું, મેળવવું અને છોડી જવું, સારૂં અને નરસું આ બેમાં ભેદ તો ચોકકસ છે ને ?

અમને રડવું, ભૂખ્યા રહેવું કે જે અમારૂં હોય તે ચાલી જાય તો ગમતું નથી, પણ હસવું–ખાવું–મેળવવું–ભોગવવું વિગેરે તો સારા લાગે છે.

રડવા વિગેરેને તો અમે દુઃખ કહીશું પણ તેનાથી વિરૂદ્ધ જે કરવું ગમે છે તેને સુખ કહીશું. ત્યારે શાસ્રકારોએ પણ તમારી આ વાત માન્ય રાખી. તેમણે વિચાર્યું કે સાચું સુખ તો મોક્ષમાં જ છે. પણ તે મેળવવાની બુદ્ધિ પ્રાણીઓમાં પેદા તો થવી જ જોઇશે'ને ?

જો હસવું, અનુકૂળ વિષયો ભોગવવા મનુષ્યને ગમે છે તેને સુખ કહીશું તો એક દિવસ તેને સુખશબ્દથી જે સાચું 'સુખ' છે, તે મેળવવાની ઇચ્છા જાગશે. માટે ભલે તે પોતાની ઇષ્ટ કલ્પના અને સંયોગને સુખ કહે !

શાસ્રની પરિભાષામાં આ વાતને સમજાવવી હોય તો કહેવાય કે, સંસારના ઇષ્ટસંયોગો અને અનિષ્ટના વિયોગોથી જે લાગણી કે ભાવના પેદા થાય છે ત્યાં સાચું સુખ નથી. છતાં ય શાસ્રકારોએ ત્યાં સુખ શબ્દનો પ્રયોગ કર્યો છે તે ઉપચાર છે. અર્થાત્ સંસારના બધા સુખો ઔપચારિક છે. વાસ્તવિક સુખ નથી તેમ કહ્યું છે.

પ્રશ્ન :–અમે 'સુખ' માનીને અનુભવીએ છીએ, છતાં ય તે વાસ્તવિક નહીં પણ ઔપચારિક એવું કેમ બને ?

હમણાં તમારો પ્રશ્ન રહેવા દો. એનો જવાબ આગળ વિસ્તારથી વિચારવાનો છે કે, સંસારનું સુખ ઔપચારિક શા માટે અને મોક્ષનું સુખ વાસ્તવિક શા માટે ?

પણ એ પહેલાં થોડી શાસ્ત્રની વાત પણ સમજી લો કે, ઉપચાર કોને કહેવાય–વસ્તુ કોને કહેવાય ? અને વાસ્તવિક વસ્તુ કોને કહેવાય.

આ દુનિયાના તમામ પદાર્થો એક–બીજાની સાથે જેવી રીતે કોઈક અંશે મળતાં આવે છે, અર્થાત્ સમાન છે તેવી રીતે એક–બીજાથી કોઇ ને કોઈ અપેક્ષાએ જુદા પણ છે.... છે....ને છે....જ....

જેમ 'જીવ'માં અને 'આકાશ'માં અસ્તિત્વરૂપ ધર્મ કે પદાર્થત્વરૂપ ધર્મ બંનેમાં છે. પણ આકાશમાં જેમ અવગાહના આપવાનો–બીજી વસ્તુનો સ્થાન આપવાનો સ્વભાવ છે તેવો સ્વભાવ આત્માનો નથી. કે બીજા કોઈ દ્રવ્યનો પણ નથી. માટે તે જગત્ના બીજા બધા પદાર્થ કરતાં જુદુ છે.

તેમ 'ચેતના' કે ઉપયોગરૂપ ધર્મ જેવો જીવમાં તેવો બીજા કોઇનામાં નથી. માટે તે પણ દુનિયાના બીજા બધા જ પદાર્થોથી જુદો છે.

આમ દરેક પદાર્થ પોતપોતાના લક્ષણથી જુદા છે.

**જ્યાં પદાર્થ ન હોય ત્યાં પણ તે પદાર્થની કોઇ કારણસર કલ્પના કરવી પડે તેનું નામ ઉપચાર.**

જેમ જીવને સમજાવવા માટે કોઇ ચિત્ર દોરીએ કે આકાશને સમજાવવા માટે આકૃતિ દોરી તેનો આકાશ કે જીવ એવો વ્યવહાર કરીયે તો તે ચિત્રમાં કે આકૃતિ જીવનો કે આકાશનો ઉપચાર કર્યો કહેવાય.

જેમ કોઈ રાજકુંવરનો રાજ્યાભિષેક નક્કી થઈ ગયો હોય કે કોઇ શેઠનો એક જ છોકરો હોય, અને શેઠ વૃધ્ધ થવા આવ્યા હોય તો બધા લોકો તે યુવરાજને કે શેઠના

પુત્રને જ રાજા કે શેઠ કહે છે તે બધો ઉપચાર કહેવાય.

કારણ કે વર્તમાનમાં તો તે રાજપુત્ર રાજા કે શેઠપુત્ર શેઠ નથી છતાં ય તે શેઠ કે રાજા બનવાનો જ છે. એમ નિશ્ચિત હોવાથી તેને રાજા કે શેઠ કહેવાય છે.

ઘણી વખત વરસાદ વરસતો હોય છે ત્યારે લોકો કહે છે સાક્ષાત્ અનાજના દાણા વરસી રહ્યા છે. આ ઉપચાર છે. તેવી જ રીતે કાર્યમાં કારણનો પણ ઉપચાર થાય છે. પણ આપણે તો અહીં તે બધા ઉપચારોની ચર્ચા કરવા નથી બેઠાં પણ એટલું જ સમજવાનું છે કે જે વસ્તુ જે રૂપે ન હોય તેને પણ કોઈ કારણવશાત્ તે વસ્તુ માનીને અન્યત્ર વ્યવહાર કરવો તેનું નામ ઉપચાર છે.

માટે સંસારના અનુકૂળ અનુભવોને, પદાર્થો વિગેરેને જે સુખ કહેવામાં આવે છે તે વાસ્તવિક દૃષ્ટિનું સુખ નથી, પણ માત્ર સુખનો ઉપચાર જ છે.

હવે ઉપચારને સમજ્યા બાદ તમારા પ્રશ્નનો વિચાર કરીએ કે, તમે સંસારના અનુકૂળ પદાર્થોને, સામગ્રીઓને સુખરૂપે અનુભવ કરી રહ્યા છો. છતાં ય તે 'સુખ' વાસ્તવિક-રૂપે કેમ નથી અને ઉપચાર કેમ છે તે સમજો.

શાસ્ત્રકાર મહર્ષિ ઉમાસ્વાતિજી મ. તત્ત્વાર્થસૂત્રના ભાષ્યના અંતે આ વાત ખૂબ સુંદર રીતે સમજાવી છે.

**તત્ત્વાર્થ** એક એવું મહાન સૂત્ર છે કે જે જૈન માત્રને માન્ય છે. તેને માનવામાં કોઈનો ય ભેદ નથી. દિગંબર, શ્વેતામ્બર, મૂર્તિપૂજક, સ્થાનકવાસી, તેરાપંથી બધા સંપ્રદાય-વાળાઓ આ શાસ્ત્રને માને છે. માટે જો સૌ પોતપોતાની માન્યતાનો ખોટો આગ્રહ છોડી દે અને પોતાની માન્યાતો

પોતે જ જે તત્ત્વાર્થસૂત્રને માને છે, તેનો અનુકૂલ છે કે નહીં. આટલો વિચાર કરે તો આજે જે મતભેદ અને પંથભેદ જોવા મળે છે, તે જોવા ન મળે. પણ દુરાગ્રહી આત્માઓ પોતાની માન્યતા મજબૂત કરવા માટે પોતાનું મનગમતું માને છે અને બીજું છોડી દે છે.

આ સૂત્ર પર દિગંબરના આચાર્યોએ પણ મોટી મોટી ટીકાઓ લખી છે. અને શ્વેતામ્બર આચાર્યોએ પણ ટીકાઓ રચી છે. પણ કમનશીબીની વાત એ છે જે ટીકા ખુદ તત્ત્વાર્થકારે પોતે બનાવી છે તેને દિગંબર મતાનુયાયી માનતા નથી.

કારણકે જો તે ભાષ્યને માને તો તેમની માન્યતા ટકી રહે તેમ નથી, અને તત્ત્વાર્થ માન્યા વિના ચાલે તેમ નથી. માટે ભાષ્યને ઉડાડયું. પણ ભાષ્ય ન માને તો ય કોઇ બુધ્ધિવાળો એમ કહી શકે તેમ નથી કે દિગંબરોની જે માન્યતા છે તે સૂત્રોથી સિધ્ધ થાય છે. પણ તેનો વિચાર અહીં કરવા બેસીયે તો મૂલ વિષય ચાલ્યો જાય.

આ તો તત્ત્વાર્થભાષ્યનું નામ આવ્યું એટલે પ્રસંગથી આટલી વાત કરી.

આપણે તો તેમને તેમના ભાષ્યમાં **'સુખ'** માટે શું કહ્યું છે? તે જોવું છે. તેના પ્રત્યેક શ્લોકોના અર્થનો વિસ્તારથી વિચાર કરીને તમને સમજાવું છું કે સંસારનું સુખ તમને અનુભવમાં આવ્યું હોય છતાં ય તે ઔપચારિક કેવી રીતે છે? એને મોક્ષનું સુખ વાસ્તવિક કેવી રીતે છે? તે ઉમાસ્વાતિ મ. જણાવે છે.

**"લોકે ચતુર્ષ્વિહાર્થેષુ સુખશબ્દઃ પ્રયુજ્યતે વિષયે વેદનાભાવે વિપાકે મોક્ષ એવચ ॥"**

તેઓ કહી રહ્યા છે કે ઉપચારથી કે, વાસ્તવિક રીતે જ્યાં જ્યાં પણ તમે સુખ શબ્દનો પ્રયોગ કરો છે તે બધાના ચારમાં વિભાગ થઇ જાય છે.

આ ચાર વિભાગને છોડીને કોઇ બીજે ક્યાંય બીજી કોઇ વસ્તુમાં સુખસબ્દનો પ્રયોગ કરી શકતો નથી, થઇ શકતો પણ નથી.

## 'વિષયો'માં સુખશબ્દનો પ્રયોગ

આ દુનિયાના તમામ પદાર્થો એ વિષયો જ છે. ઇંદ્રિયથી જાણવા લાયક–ભોગવવા લાયક બધાને વિષયો કહેવાય છે. આ વિષયને પણ સુખ જ કહો છો ને?

ગરમી પડતી હોય ત્યારે સરોવર ઉપરથી ઠંડો વાયરો વાય તો તે પણ સુખ લાગે છે ને! અને એટલા માટે જ તો ગરમીના દિવસોમાં હવા ખાવા માટે દોડાદોડ થાય છે.

વળી પાછા ઠંડીના દિવસો આવે છે ને ગરમીના દિવસોમાં ખરાબ લાગેલા અગ્નિની પાસે દોડી જાવ છો ને? કેમ? હવે તે અગ્નિમાં સુખ દેખાયું માટે જ ને!

તીખું ખાવા બેસો ત્યારે ગળપણમાં સુખ લાગે માટે તેની પાસે દોડો અને ગળ્યું ખાધા પછી તીખામાં સુખ લાગે માટે ત્યાં દોડો ને!

શહેરમાં રહેનારને ગામડાંના દશ્યોમાં સુખ દેખાય

માટે તે ગામડામાં જઇને વસે, અને ગામડીયાને શહેરની ઝાકઝમાળમાં સુખ દેખાય માટે તે શહેરની ગલીમાં રખડે!

કોઇ ખટાશના રસીયાને કાચી કેરીમાં ખ દેખાય છે અને કોઇ મીઠાશનો રસિયો શેરડીમાં સુખ દેખે છે. મીઠા ફળ ફૂલાદિમાં મહા–આનંદ મેળવે છે.

આમ દુનિયાના બધા પદાર્થો એક યા બીજા પ્રસંગે એક યા બીજા સંજોગોમાં એક યા બીજી વ્યકિતને સુખરૂપે ભાસતા જ હોય છે. અને એક વખત સુખરૂપે ભાસેલા વિષયો પરિસ્થિતિ બદલાતા કારમાં દુઃખ જેવા લાગે છે.

હવે વિચાર કરો કે, આમ શાથી થતું હશે! એક જ વિષય કેમ બધી પરિસ્થિતિમાં સુખદાયી નહીં લાગતો હોય? એનો એ જ વિષય પરિસ્થિતિ બદલાતા કેમ દુઃખદાયી લાગતો હશે! આનો વિચાર કરશો તો ચોકકસ સમજાઈ જશે કે "**વિષયમાં સુખ કે દુઃખ કશું છે જ નહીં.**"

**પણ આપણે આપણા મોહના કારણે અજ્ઞાનના કારણે કોઈ વિષયમાં દુઃખની તો કોઇ 'વિષયમાં' સુખની કલ્પના કરીએ છીએ અને સુખી કે દુઃખી થઇએ છીએ.**

આ કારણે જ શાસ્ત્રકારોએ 'વિષયો' માં વાસ્તવિક સુખ છે તેમ કહેવાની ના પાડી છે. છતાંય આપણાં મોહને કારણે સુખ ન હોવા છતાં ય ઉપર જણાવ્યું તેમ સુખ-શબ્દનો તે પદાર્થોમાં 'ઉપચાર' કરીએ છીએ.

જેમ નાનો બાળક દરિયાના કિનારે રેતીનું ઘર બનાવે છે. તે વાસ્તવિક ઘર થોડું જ છે? છતાંય તેમાં ઘર જેવો

આકાર હોવાથી તેને ય વ્યવહારમાં ઘર કહીએ છીએ. તેમ વિષયોમાં સુખ કે દુઃખ ન હોવા છતાં ય તેમાં સુખ અને દુઃખનો ઉપચાર કરવામાં આવે છે. કહો કે તે વિષયમાં સુખ કે દુઃખ કંઇ છે જ નહીં એટલું જ નહીં પણ તે કોઇને સુખ કે દુઃખ પમાડી શકતાં પણ નથી.

**જો ઇન્દ્રિયોના વિષયોમાં દુનિયાના વિવિધ પદાર્થોમાં ખરેખર સુખ જ હોય તો કેમ બધી પરિસ્થિતિમાં તે સુખ ન આપે? જો વિષયોનો જ ગુણ સુખ હોય કે સુખ આપવાનો તેનો સ્વભાવ હોય તો એક વખત તેનાથી સુખ મલે અને બીજી વખત સુખ ન મલે? તેમ બને જ કેવી રીતે?**

બોલો! જોઉં અગ્નિ કેવો છે? ઉષ્ણ. તેનો સ્વભાવ શું? ગરમી પેદા કરવાનો–દઝાડવાનોને! અગ્નિ નાના છોકરાને ય બાળે અને બુઢ્ઢાયને બાળે કે નહીં? લોઢાનેય તપાવે અને સોનાને ય તપાવે કે નહીં? રાત્રે અગ્નિમાં હાથ નાંખો તો બળો અને દિવસે નાંખો તો ન બળો એવું બને ખરૂં? અગ્નિને તમે પોતે સળગાવ્યો હોય તો ન બાળે અને બીજાએ સળગાવ્યો હોય તો જ બાળે? આવો કોઇ તફાવત ખરો? આંખ મીંચીને અગ્નિની શિખાને પકડો તો ય બાળે અને આંખ ખુલ્લી રાખીને પકડે તો ન બળો? ગુસ્સો કરીને આગમાં પરો તો બળો પણ હસતાં હસતાં પડો તો ન બળો? આવો કોઇ નિયમ અગ્નિ માટે ખરો? ના, એનો સ્વભાવ જ બાળવાનો છે. ગમે ત્યારે....

ગમે તે પરિસ્થિતિમાં....

ગમે તે વ્યક્તિને....

પણ અગ્નિ તો બાળવાનો જ, એનો સ્વભાવ ગરમી

પેદા કરવાનો તો રહેવાનો, રહેવાનો અને રહેવાનો જ!

પણ 'વિષયો' માટે તમે આવું કહી શકો ખરા કે જે 'વિષયો' સુખ આપનારા,

તે વિષયો ગમે તેવી પરિસ્થિતિમાં....

ગમે તે કાળે....

અને ગમે તે વ્યકિતને સુખ જ આપવાના? ના, એક જ ભોજન ખાતાં શરૂઆતમાં સુખ આપે અને પુરૂં થતાં થતાં તો દુઃખી દુઃખી પણ કરી નાંખેને! અકરાંતિયા થઇને ખાયા જ કર્યું હોય તો ખાધા પછીય કલાકો સુધી દુઃખનાં રોદણા ચાલ્યા કરે તો તે ભોજનમાં સુખ છે કે સુખ આપવાનો સ્વભાવ છે તે કેમ માની શકાય?

એક જ સોનાનું ઘરેણું તમારી તિજોરીમાં હોય તો આનંદ આપે અને બીજાને ત્યાં ચાલી જાય કે ચોરના હાથમાં તિજોરીની ચાવી આવી જાય તો તે જ ઘરેણું દુઃખ આપે આવો તફાવત કોના લીધે?

કારણ એ જ છે કે, **દુનિયાના કોઇ પણ વિષયમાં સુખ કે દુઃખ નથી, સુખી કે દુઃખી કરવાનો સ્વભાવ પણ નથી. પણ તે વિષયો માટે ગોઠવાયેલી આપણી માન્યતાઓ અને મમત્વ જ આપણને સુખી કે દુઃખી બનાવે છે.** એટલે એટલું તો નક્કી જ છે કે, સંસારના વિષયોમાં 'સુખ' શબ્દનો પ્રયોગ તો થાય છે પણ વાસ્તવિક દૃષ્ટિએ જોઇએ તો તે માત્ર ઉપચાર જ છે.

**વિષયમાં સુખ ન હોય તો સારી દુનિયા તે માટે કેમ પ્રયત્ન કરે છે?**

પ્રશ્નઃ– જો આ બધા વિષયોમાં સુખ નથી જ તો સારી દુનિયા એની પાછળ કેમ દોડે છે? શું દુનિયા બધીય મૂર્ખ છે કે વિષયોમાં સુખ ન હોય છતાંય તેની પાછળ દોડે?

જવાબઃ—તમારો પ્રશ્ન છે તો મહત્ત્વનો, પણ પહેલાં એ તો વાત કરો કે, તમે સારી દુનિયા વિષયોની પાછળ દોડે છે એમ કહ્યું તો તમારી 'દુનિયા' એટલે કોની દુનિયા? જ્ઞાનીની કે અજ્ઞાનીની? દેખતાઓની કે આંધળાઓની? મૂર્ખાઓની કે વિદ્વાનોની? ત્યાગીઓની કે રાગીઓની? જો તમે જ્ઞાનીની, વિરાગીઓની કે વિદ્વાનોની દુનિયાની વાત કરતાં હો તો, તે બધામાંથી કોઈ આ વિષયોની પાછળ દોડતા નથી વિષયોની પાછળ દોડવું જોઇએ તેમ માનતા ય નથી અને કદી જાણે-અજાણેય તેવું કહેતા નથી. હા, એમ ચોકકસ કહે છે કે, દુનિયાના વિષયને સુખ કે દુઃખ માનનાર કે તે વિષયોથી પોતાની જાતને સુખી કે દુઃખી માનનાર મૂર્ખ છે. મિથ્યા કલ્પનામાં રખડનારો છે.

હવે તમારે શું બાકી રહેલાં મૂર્ખાઓની દુનિયા તે વિષયોની પાછળ કેમ દોડી રહી છે તેમ પૂછવું છે? એ જ પૂછવું હોય તો જવાબ સીધો છે કે, અતાની છે-મૂર્ખ છે-મઢ છે માટે જ તે **વિષયો પાછળ દોડી રહેલ છે 'અને તે' "મોહી પ્રાણીઓ વિષયો પાછળ દોટ મૂકી રહ્યા છે" માટે જ તો વ્યવહારથી ઉપચારથી પણ તેને સુખ કહેવું પડે છે, નહીં તો ઉપચારથી પણ સુખ કહેવાની જરૂર પડત નહીં.**

પણ મોહી આત્માઓ વિષયો પાછળ પડી રહ્યા છે. માટે વિષયો જ સુખ છે, તે સુખ આપનારા છે તેવું કોઇ પણ વિચારવાન આત્મા ન કહી શકે.

હજારો ગામડીયા ભેગા થઇને ઝવેરાતને પથ્થર ઠરાવે, એટલે શું શાણો ઝવેરી પણ તેને પથ્થર જ કહે. હજારો ચોરો મળીને ચોરી કરવાના ધંધાને ધર્મ કહે, એટલે કોઇ

સંતપુરૂષ કે મહાત્મા પણ તેને ધર્મ કહે! વર્ષોથી કોઈ મૂર્ખાઓ રેતીમાંથી તેલ કાઢવા મથી રહ્યા હોય, દિવસ-રાત પરિશ્રમ કરી રહ્યા હોય તો તે જોઇને ડાહ્યો માણસ પણ રેતી પીલવા બેસી જાય કે પીલનારને એમ કહેઃ "અલ્યા! રેતીમાંથી તે તેલ નીકળતું હશે? આ ધંધો છોડીને તલની પાછળ મહેનત કરે તો હજારમાં ભાગની મહેનત કરશો તો ય સફળ થઈ જશો" આવો જુલ્મ વિષયને સુખ માનવા કે વિષયમાંથી સુખ મળી શકે તેમ માનવાથી થાય. માટે સંસારના કોઇ પણ વિષયોમાં સુખ છે જ નહીં તે દીવા જેવી સ્પષ્ટ વાત છે. પણ એક વખત માણસની જેમાં કલ્પના દૃઢ થઇ જાય છે તે વિષયને તે છોડી શકતો નથી. ખોટી માન્યતાને છોડી દેવાનું સામર્થ્ય મોહના જોતરા તોડ્યા વિના પ્રાપ્ત થાય જ નહીં. અને આવા મોહના પરિણામે જ દુનિયા વિષયને સુખ માનીને તેની પાછળ પડી છે, પડી છે; એટલું જ નહીં પણ તે કલ્પનાના સુખને પણ મેળવવા અનેકાનેક પ્રકારના દુષ્ટ-કર્મો કરે છે, અનાચારો સેવે છે, દેવ–ગુરુ–ધર્મને પણ જરૂર પડે તો ઉંચે મૂકે છે!

રાજ્ય મેળવવાની લાલસામાં કેટલાય પુત્રોએ પિતાના ખુન નથી કર્યા? પૈસાની મમતામાં શીલ જેવા મહાભૂષણ રૂપ વ્રતોને પણ ઊંચા નથી મૂકયા? વળી આવા વિષયોની પ્રાપ્તિમાં જ દુઃખ છે તેવું નથી પણ મળેલા વિષયોના રક્ષણ કરવા માટે કેટલા વેરઝેર જગાડવા પડે છે. ઘોર યુધ્ધો પણ પોત પોતાના રાજ્યના રક્ષણ માટે જ સર્જાય છે ને? હજારોના દુઃખ નિઃસાસા અને લોહી રેડાય તો પણ મળેલા વિષયો સાચવી શકાય કે કેમ એ એક પ્રશ્ન છે?

વળી જીવન સુધી કુતરાની માફક રઝળી–રખડીને ભેગા

કરેલાં અને સાચવી રાખેલા 'વિષયો' ને કોઈ છીનવી લે છે ત્યારે કેવી કફોડી હાલત થાય છે.

વિષયોનું વિષ કેવું ભયંકર છે! જરા વિચાર તો કરો કે, જે મહેનત કરીને રોજી-રોટી કમાય છે, તે આનંદથી જીવી શકે છે. પણ જેની પાસે પહેલાં પ્રચુર પૈસો હોય, જીવનની માફક સાચવી રાખ્યો હોય તો તેમાંથી અડધો ચાલી જાય તો સારૂં જીવન દુઃખી થઈ જાય ને? ત્યારે વિચારો કે, વિષયોમાં સુખ છે તે વાત સાચી કેવી-કેવી રીતે ? માટે **સંસારના વિષયોને સુખ કહ્યું છે તે માત્ર આપણી વ્યવહારિક ભાષાના બળથી જ કહ્યું છે.**

## નાસ્તિક પણ વિષયોમાં સુખ છે તેમ સાબિત ન કરી શકે.

પરન્તુ જ્યારે આત્મા ધીઠો બને છે ત્યારે એવો પ્રશ્ન પણ કરી બેસે છે કે, ભલે મનગમતા ભોગો ભોગવતાં રોગો આવતાં હોય, ઇંદ્રિયો નિર્બળ થઈ જતી હોય, અપયશ અને અપકીર્તિ થતી હોય અને પરલોકની તો વાત જ ન કરશો એમાં અમે માનતાં જ નથી, તેથી અમારા માટે તો ભલે ક્ષણની તૃપ્તિ હોય પણ એ સુખ તો છે જ ને!

તમને યાદ હશે કે, આત્માને આવો પ્રશ્ન કેમ પેદા થાય છે? પરલોક નથી એમ કહેવાનું કેમ મન થાય છે? તે માટે બૃહસ્પતિના મત અને તેની ઉત્પત્તિ વિગેરેનો વિચાર આત્માની સિદ્ધિ કરતાં કરી ગયા છીએ.

તે વખતે જણાવ્યું હતું કે, જ્યારે માણસમાં અત્યંત મૂઢતા જન્મે છે, ઇંદ્રિયના વિષયની ઝંખના જન્મે છે, ત્યારે તે આ લોકના રીતિરિવાજોને માનવા તૈયાર થતો નથી. તો

પરલોક કે જે પ્રત્યક્ષ નથી તેને માનવા તો કેવી રીતે તૈયાર થાય? અને પરલોક છે તેમ માની લેતો આવા ક્ષણિક ભોગોની પાછળ બિલ્કુલ નિશ્ચિત થઈને જીંદગી બગાડી શકે ખરો? આવો ઉંચો મનુષ્યદેહ ગટરના ગંદા-પાણી ઉલેચવામાં ખોઈ નાંખવાની હિંમત કરી શકે ખરો? તો આવા નાસ્તિકોને શું જવાબ આપવો? શું વિષયો ક્ષણિક પણ સુખ આપનારા છે તેમ કબૂલ કરી લેવું?

ના, કદી નહી. ખરેખર વિષયોના ઉપભોગમાંથી જે શાંતિ કે તેના જેવો અભાસ પ્રાપ્ત થાય છે તે સુખ છે જ નહીં પણ ભ્રાંતિ જ છે. આના માટે આપણે એક દલીલ આગળ આપી જ દીધી છે કે, "જો મનગમતાં વિષયોનો ઉપભોગ એ જ સુખ હોય તો એ એવું કયું કારણ છે કે તે વિષયોનો ઉપભોગ વધતાં સુખને નહીં પણ દુઃખને પેદા કરે છે. જે ક્ષણવાર માટે સુખનો ભાસ કરાવે તે પછી દુઃખનો અનુભવ કરાવે તો તેને સુખ કહેતાં દુઃખ કેમ ન કહેવું!

તેમને કોઈ પૂછે કે, પાણીનો સ્વભાવ કેવો! ગરમ કે ઠંડો? તમે તરત જ કહેશો કે પાણીનો મૂળ સ્વભાવ તો ઠંડો જ કહેવાય.

હવે કોઈ કહે કે, કેમ ગરમી પડે કે તે પાણીને બીજી કોઈ રીતે ગરમ કરવામાં આવે તો તે ગરમ થાય છે તો તેને ગરમ જ કહેવું જોઇએ, ઠંડુ ન જ કહેવાય ને.

ત્યાં તમે ચોકકસ કહેવાના કે, ભલે ગરમી આપવાથી પાણી ગરમ થયું પણ તેનો સ્વભાવ ઠંડો તો કહેવાય. કારણ કે ગરમ થયું છે તે ગરમીના યોગે, પણ જો તેને પાછું થોડીવાર મૂકી દો તે ઠરવા જ માંડવાનું. એટલે તેનો

સ્વભાવ તો ઠંડો જ કહેવાય. બસ ત્યારે ભલે ક્ષણમાત્ર માટે સુખનો આભાસ કરી દે છતાંય ઇન્દ્રિયના વિષયો કહેવાય તો દુઃખ જ !

પ્રશ્નઃ—ના; ઇન્દ્રિયના વિષયો દુઃખ છે તેમ નહીં. ભલે તેને મેળવતાં લાલસા પ્રગટે છે, વિરહની લાગણી પેદા થાય છે તે દુઃખ હોય પણ ઇન્દ્રિયના વિષયો તો સુખ જ છે !

ઉત્તરઃ—ઠીક; ત્યારે જો ઇન્દ્રિયના વિષય દુઃખ ન હોય પણ મેળવવાની ઝંખના કે તે પછીના વિયોગ–વિરહ એ જ દુઃખ છે એમ કહો તો ઇન્દ્રિયના વિષયનો ઉપભોગ એ સુખ છે. તેમ નહીં પણ ઉપભોગ કરતી વખતે મનમાં રાગ–દ્વેષના કારણે જે 'હાશ' મ ભોગવ્યા" "હવે મને શાંતિ થઈ" "આ બધું ખૂબ સુંદર છે" "આકર્ષક છે" એવા વિકલ્પો એ જ સુખ છે. પણ ઇન્દ્રિયોના વિષય તો સુખ નથી જ એમ પણ અમે કહી શકીશું. એટલે ભલે કદાચ કોઈ એને દુઃખરૂપે નહીં માને પણ સુખરૂપે તો માની કે મનાવી શકવાનો જ નથી.

ભલે; ઇન્દ્રિયોના વિષયોને તમે દુઃખ કહેવા તૈયાર ન હો ! અમારે એ કંઇ સિદ્ધ નથી કરવું કે ઇન્દ્રિયના મન-ગમતા વિષયો દુઃખો જ છે. પણ એ પુછવું છે કે, ઇન્દ્રિયના બધા વિષયો તો સરખા છતાંય એવું કેમ થાય છે, કોઇને અમુક જ વિષયો પ્રિય લાગે છે અને અમુક વિષયો પ્રિય લાગતાં જ નથી, અને જે પ્રિય ન લાગતા હોય તેવા ઇન્દ્રિયના વિષયો કેમ દુઃખરૂપ લાગે છે ?

એક જ ઇન્દ્રિયના સરખા વિષયમાં ગમતાં અને નહીં ગમતાનો તફાવત છે. એ જ સમજાવે છે કે. સુખ–દુઃખ

વિષયમાં નહીં પણ ગમતા અને અણગમતાની કલ્પનામાં છે. જરાક મનની કલ્પના બદલાઈ કે સુખ દુઃખમાં અને દુઃખ સુખમાં પલટાય જ ! કલ્પના બદલાતાં વાર શી !

સ્ત્રીને જાતે પસંદ કરીને પરણવા બેઠો હોય ત્યાં કોઈ એવી વાત સાંભળવામાં આવી જાય કે કંઈ વિચાર આવી જાય તો હાથ હાથમાં હોય ને ગમતી ન ગમતી થઈ જાય. કેટલાય આવી રીતે પરણતાં–પરણતાં પાછા ભાગ્યા. કેટલા વખતથી કરેલી કલ્પના કોઇના એક શબ્દમાં ફરી ગઈ. વળી પાછું એમ થાય કેમ ગમે તેવું થાય પણ આના વિના છૂટકો નથી, માટે ડાહ્યા થઇને જે છે તેમાં આનંદ માનો તો ગમે તેવા અણગમતાને ય ગમતું બનાવવું પડે.

આમ ગમતું ક્યારે અણગમતું થાય તેની ય ખબર નહીં. અને ક્યારે છૂટકે ન છૂટકે અણગમતાને ગમતું કરવું પડે તે ય ખબર નહીં. ચાર દીકરા હોય અને એક તોફાની હોય બીજા કમાતા–ધમાતા હોય તો ચોથો ઝેર જેવો લાગતો હોય પણ એ વધુ કમાવા માંડે કે પેલા ત્રણ કોઇ કારણથી નીચે ગયા તો ચોથા પર હેતનો મેઘ વરસવા માંડે ! માટે નાસ્તિકને કહેવું કે તું ય સંસારમાં ક્યાંયથી પણ સુખ બતાવી શકે તેમ નથી. હોય તો અહીં પકડી લાવ.

**સુખ મેળવવું હોય તો માન્યતાઓમાં છે. ત્યાંથી મેળવ પણ દુનિયાના કોઈ પદાર્થમાં સુખ છે તેમ નહીં જ કહી શકાય.**

આ માટે એક દૃષ્ટાંત જાણવા જેવું છે.

## 'સુખ કયાંથી ? સુખી માણસનું પહેરણ'

એક રાજાને રાજમહેલમાં રહ્યા–રહ્યા બધા વૈભવ અને સાધનોની વચ્ચે પણ કંઈક વિચિત્ર મનોદશા જાગવા માંડી. કયાંય તેને સુખ–ચેન ન દેખાય, રાજમહેલમાં જાય ત્યારે એમ થાય કે આ અંધિયાર મહેલ ખાવા આવે છે, બહાર નીકળે ત્યારે એમ થાય કે પોને આમ રાજા થઈને જંગલમાં રખડે તે શોભતું નથી. દાસદાસી–રાણીઓ સેવા કરે ત્યારે એમ લાગે છે શાંતિથી વિચાર કરવા દેતા નથી. બિચારા કંટાળીને તેને બોલાવે નહીં તો એમ લાગે કે તેમને મારા પ્રત્યે વફાદારી નથી–પ્રેમ નથી. ગુસ્સે થઈને તેમને ઠપકો આપે અને જવાબ ન આપે તો એમ વિચારે કે મનના પાપી છે માટે જવાબ આપતા નથી. જો દાસ–દાસીઓ જવાબ આપીને પરિસ્થિતિ સમજાવવા જાય તો એમ લાગે છે કે પોતાની સામે બોલવાની ધૃષ્ટતા કરે છે.

આવી વિચારધારાનો ભોગ બનેલો રાજા બિમાર પડયો. મંત્રીઓએ ઉપચાર કરાવ્યા. જો કે એને તો ઉપચારમાં કાવત્રાનો ભાસ થાય છે, અને ઉપચાર શરૂ ન'હોતા કર્યા ત્યારે બધા લાગણીશૂન્ય અને પરવા વિનાના દેખાતા હતાં છતાંય તે અંદરથી કંઈ એવું સમજતો કે મને કંઈક રોગ થઈ ગયો છે.

એક દિવસ રસ્તા પર એક મસ્ત ફકીરને એણે જોયા, અને જોતાંની સાથે જ કોણ જાણે આનંદ આવી ગયો. ક્ષણભર માટે જાણે એની બધી ગમગીની ચાલી ગઈ. પણ વળી પાછું બધું યાદ આવ્યું ને દુઃખી–દુઃખી થઈ ગયો. ફકીર તેનો ભાવ પારખી ગયો રાજાએ તેને બધી વાત કરી. રાજાએ પોતાને રોગ મટાડવા કોઈ ઔષધ માગ્યું.

ફકીર કહે છેઃ 'એક બહુ સુંદર ઔષધ છે.' જા, તું કોઇ સુખી માણસનું પહેરણ થોડી વાર માટે પહેરી લે તો તારો બધો રોગ મટી જાય.

રાજા....વાજા ને વાંદરા ત્રણે ય સરખા. મંત્રીઓને આજ્ઞા કરી દીધી. જાવ ગમે ત્યાંથી પણ કોઈ સુખી માણસનું પહેરણ લઇ આવો, મારો બધો રોગ તેનાથી મટી જવાનો છે. પણ દુનિયામાં સુખી હોય કોણ કે તેનું પહેરણ લવાય ?

મુખ્ય મંત્રીને બીજા મંત્રીઓ જોડે મેળ નથી, માટે દુઃખી છે. બીજા મંત્રીઓને મુખ્યમંત્રીની આજ્ઞામાં રહેવું પડે છે તેથી દુઃખી છે.

ગામના વિદ્વાનો પૈસા ન હોવાથી દુઃખી ! લક્ષ્મીવાનો તેની સંપત્તિના વારસદારો નથી માટે દુઃખી છે, ગરીબોને ભીખ માંગવી પડે છે માટે દુઃખી છે, ત્યારે ધન–ધાન્ય અને પુત્ર–પુત્રીથી ભરેલા કુટુમ્બીઓ તરફના ઝગડાથી દુઃખી, ગામની સાસુઓ પુત્રવધુઓ મરી જાય ને કયારે બીજી વહુઓ બીજી લવાય તેની રાહ જુવે છે, તો પુત્રવધુઓ સાસુ ઘરડી થઇ જતાં કયારે મરે અને કયારે સુખી થવાય તેની રાહ જોતી દુઃખી થઇ રહી છે, જેના સાસુ–સસરા મરી પરવાર્યા છે તે ઘરમાં કોઇ સંભાળ લેનાર વડીલ નથી માટે દુઃખી છે. આમ સારા ગામમાં ફરીને મંત્રીને કોઇ સુખિયો તો ન મળ્યો પણ ઉલ્ટાની દુઃખિયાની બહુ મોટી યાદીઓ તૈયાર થઈ ગઈ.

રાજાએ થોડા દિવસે તપાસ કરાવી કેમ કોઈ સુખી માણસનું વસ્ત્ર ન મળ્યું. મંત્રી કહેઃ રાજાજી ! વસ્ત્ર તો નથી મલ્યું પણ " બધાએ પોતે કેમ દુઃખી છે તેની મોટી યાદી કરાવી છે. આપની ઇચ્છા હોય તો બતાવું " ?

રાજા કહે આવી વાત શું કરો છો! ગામમાં બધા જ દુઃખી છે, બરાબર તપાસ કરો, હવે કોઈને પૂછવાનું બાકી તો રહેતું નથી ને?

મંત્રી એ હોશિયાર છે. કંઇક યાદ કરતાં હોય તેમ કહેવા લાગ્યા કે, "હા મહારાજા! ગામમાં એક જણ બાકી છે. આપની આજ્ઞા હોય તો પૂછી લઉં?

રાજા કહેઃ અરે! તમે કોની રાહ જુવો છો? એને અહીં હાજર કરીને હમણાં ને હમણાં પૂછી લો.

મંત્રી કહેઃ રાજા! બોલાવવા જવાની જરૂર નથી, અહીં જ હાજર છે!

રાજા વધારે ઉકળ્યા. મંત્રીને કહેઃ "એ મૂઢ કોણ છે, એને જલ્દી બતાવ." કોણ હજી બાકી રહ્યો છે.

મંત્રીએ ધીમે રહીને રાજાની સામે આંગળી ધરી કહ્યુંઃ મહારાજ! આપને પોતાને જ પૂછવાનું બાકી રહી ગયું છે, "**આપ સુખી છો કે નહીં.**"

બસ, આ પ્રશ્ન સાંભળતાની સાથે જ તેને વિચાર આવ્યો. હું કેવો ગમાર! જો સારાય રાજ્યનો હું માલિક છતાં ય હું બીજા સુખીની શોધમાં નીકળ્યો. મારા જેવી સત્તાને સમૃદ્ધિ કોઇની પાસે નથી, તો એ બધા તો બિચારા કયાંથી સુખી હોય! વળી પાછો વિચાર આવ્યો કે, પોતાને તો આટ આટલું દુઃખ છે, **ત્યારે સુખી કોણ?**

આવા વિચારોથી રાજા એવો શૂન્ય થઈ ગયો કે, મંત્રીને કહેઃ જાવ, રાજસભા બંધ કરો! મારૂં માથું ભમે છે.

આખરે રાજાએ શાંતિથી વિચાર કર્યો. તેને સમજાયું

કે, સુખ અને દુઃખ એ નથી તો રાજમહેલમાં કે નથી જંગલમાં. બસ માત્ર કલ્પના ફેરવવાની જરૂર છે. હું મારી કલ્પનાઓ અવળી-અવળી કરી રહ્યો છું. મોટા રાજ્યનો માલિક હોવા છતાંય દુઃખી છું, પણ જ્યાં સુધી સારી કલ્પના નહીં ફરે ત્યાં સુધી મને સુખ પણ નહીં મલે. દાસ દાસીને બેવફા, મંત્રીને કાવત્રાબાજ, જંગલોને ચરપુરુષોથી ભરેલું કલ્પું છું અને દુઃખી થાઉં છું.

જો આ બધી માન્યતા બદલી નાખું તો મારા જેવો સુખી બીજો મારા રાજ્યમાં કોઈ ગણાય જ નહીં.

આમ સુખ ને દુઃખ તો કલ્પનાથી જ ઊભા કરવાના હોય છે, અને કલ્પનાથી જ નાશ પામતા હોય છે. પણ મોહાધીન આત્માની દશા એવી વિચિત્ર હોય છે કે, પોતાની માન્યતાથી જ સુખ-દુઃખ પેદા કરતો હોય છે કે પોતાની માન્યતાથી જ તેનો નાશ કરતો હોય છે. છતાંય દુનિયાના વિષયોમાંથી સુખ મળે છે. જેમ કુતરૂં હાડકું ચાવે છે ત્યારે પોતે એમ માને છે કે હાડકામાંથી લોહી નીકળી રહ્યું છે. એટલે હાડકાને જોરથી ખાવા જાય છે. લોહી વધુ નીકળે છે. પણ જ્યારે લોહી નીકળી-નીકળીને પોતાના જ દાંત નબળા પડે છે ત્યારે મૂકીને ભાગી જાય છે.

તેમ આપણે મેળવીએ છીએ તો ખરેખર આપણી માન્યતામાંથી જ સુખ કે દુઃખ. પણ સમજીએ છીએ કે, આ દુઃખ કે સુખ વિષયમાંથી પેદા થઈ રહ્યું છે.

કુતરૂં તો બિચારૂં સારૂં છે કે, હાડકું છોડીને ભાગે છે. પણ આપણે તો એવા મોહી છીએ કે, મરવાનું ય પસંદ કરીયે, પણ વિષયોને છોડી શકતા નથી.

## વિષયનું સુખ એ દુઃખનો પ્રતિકાર માત્ર છે.

કુતરાની જેમ આપણે પોતાના મોઢામાંથી નીકળેલાં લોહીનાં જ ઘુંટડા ભર્યા કરીએ છીએ અને માનીએ છીએ કે, હું સુખી થયો. પણ....સુખી શું થયા....? વિષયને મેળવતા પહેલાં જે ઝંખના થઈ તેનો પ્રતિકાર માત્ર જ થયો છે.

શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે, વિષયની ઇચ્છા-ઉત્સુકતાં એક પ્રકારની તડપ આત્મામાં પેદા કરે છે. આત્માને, દેહને અને મનને વિષયની ઈચ્છા પેદા થતાં જ નબળા કરી મૂકે છે. આત્મામાં દીનતા પેદા કરે છે. અનાદિકાળથી આવા વિષયો ભોગવવા છતાં આત્માને શાંતિ નથી મળી. છતાં ય વિષયોની પ્રાપ્તે થતાં જ આંત્મામાં ઉત્સુકતા પેદા થાય છે. આ ઉત્સુકતાથી આત્મા દીન બને છે. "એક વખત....બસ એક વખત....આ સુખ મળે તો સારું...." આવા ભાવો પેદા કરાવે છે. અનાદિકાળથી આ જ વિષયોએ દગો કર્યો છે; તે બધુ ભૂલાવી દે છે. તમને કોઇને દારૂડીયાની ખબર છે? દારૂનો નશો ઉતરે કે તરત જ ઢીલોઢસ થઇને પડે છે. મનથી ને મનથી નક્કી કરે છે કે, હવે બીજી વખત તો નહીં જ પીઉં. પણ જેવો દારૂને જુવે છે કે તરત જ બંધુ

ભૂલી જાય છે. બસ આ એક વખત તો પી લઉં હવે પછી ક્યારેય ન પીઉં તેમ નક્કી કરે છે. વળી પાછો જ્યારે જ્યારે દારૂની બાટલીને જુવે ત્યારે ત્યારે આ જ યાદ કરતો જાય છે. જે વખતે તે દારૂની બાટલીને જુવે છે તે વખતે તેના આત્માની કેવી દીનતા હોય છે ખબર છે....? દારૂનો વ્યસની બની ગયો હોય તો મુંબઈની ગંદી ગટરમાંથી ય શીશો ઉપાડી લે. જો એકાદ દિવસ ન મળ્યો હોય અને કોઈની પાસેથી શીશો મળે તેમ હોય તો દારૂડીયે; ભગવાનને તેના ભક્ત પણ નહીં કરે ‘થી ય વધારે કાકલુદી કરશે. હલકાથી ય હલકાની દાઢીમાં પણ હાથ નાંખશે. જેને અડ-કવા તૈયાર નહીં હોય તેવા માણસને મા-બાપ કહેવા તૈયાર થશે. આત્મામાં દીનતા પેદા ન થાય તો આવું બને ખરૂં ?

જરાક, આંખો ખોલીને વિચારશો તો ખબર પડશે કે તમેય જ્યારે વિષયના અભિલાષી બનો છો ત્યારે કેવી દીનતા પેદા થાય છે? કાજો કાઢતાં મુનિને શાથી હસવું આવ્યું હતું ખબર છે ને....? સંયમની આરાધનામાં મસ્ત એક મુનિને કાજો કાઢતાં કાઢતાં અવધિજ્ઞાન થયું હતું. તેમને અવધિજ્ઞાનથી જોયું તો દેખાયું કે ઇન્દ્ર જેવો ઇન્દ્ર પણ ઇંદ્રાણી આગળ દીન બની ગયો છે. ખિન્ન થયેલી ઇન્દ્રાણી ઇન્દ્રને કહે છેઃ “જો તમે ઘોડા થઈ જાવ તો હું તમારૂં કહ્યું કરીશ” “લાખો વિમાનના માલિકને પણ વિષયની હીન-નીચ ભાવના પેદા થતાં દીન-ગરીબ થવું પડયું અને ખિન્ન થયેલી ઇન્દ્રાણીનું કહ્યું કરવું પડયું.”

મુનિએ જોયું કે અહીં પણ આવી વાતો ચાલે છે અને તેમને હસવું આવી ગયું. મુનિને અવધિજ્ઞાનથી ખબર પડી ને

હસ્યા. ઈંદ્રની વાત તો ઠીક પણ વિષયોની ઈચ્છા પુરી કરવા માટે તમારે જે કરવું પડે છે એ તમે અહીં સભામાં કહી શકો ખરા ? શું આવા પ્રસંગો તમારા જીવનમાં કોઇ નહીં હોય કે જે આવું હાસ્ય પમાડે? વિષયોની ઇચ્છા અને વિષયોની ઉત્સુકતા કેવી દીનતા પેદા કરી શકે છે! આવા મોટા ઈન્દ્રને પણ ક્ષણવારમાં ઝુકાવનારી એ વિષયોને મેળવવાની હોંશ કેવી હશે? ભલભલા દેવોને પણ ક્ષણમાં હચમચાવી નાંખનાર ઈન્દ્રને પણ જ્યાં આગળ માણસ નહીં પણ ઘોડો બનીને ઊભું રહેવું પડે એ શું ઓછી દીનતા છે....?

દુનિયાના વિષયોની પ્યાસ આવી જ દીનતા પેદા કરે છે. આત્મામાં જ્યારે આવી દિનતા પેદા થાય છે ત્યારે મન તો એવું નબળું થઈ જાય છે કે આ વિષયોની પ્રાપ્તિ સિવાય જાણે કોઈ તેનો આધાર જ ન હોય! વિષયની પ્રાપ્તિ થયા બાદ શું ફાયદો થશે? શું સુખ મળશે? એ કશો વિચાર મન કરી શકતું જ નથી. સાર અને અસારનો ય વિચાર કરી શકતું નથી.

## ટોપીનું બ્રશ અને વિષયની ખણુજ...

આપણે જેને સુખ માનીને બેઠાં છીએ પણ તે સુખ નથી જ. એક માણસને હાથ પર ખરજવું થયું હતું. ખરજવું થાય એટલે વારંવાર ત્યાં ખણવાની-ખોતરવાની ખણુજ (ઈચ્છા) થાય. પેલો નોકર વારંવાર ખણ્યા કરે. એક વખત તેની નજર તેના શેઠના ટોપી સાફ કરવાના બ્રશ પર પડી. ટોપીની માફક ખરજવાવાળો હાથ ખણવા માંડયો. ઘસતાં ઘસતાં મજા આવી. તેને તો જોયું કે આ સારૂં બ્રશ છે એટલે ગયો શેઠ પાસે. પગમાં પડીને કહે: "શેઠ! મને એક ચીજ ના આપો"? શેઠ કહે: "બોલ ભાઇ, શું જરૂર છે" શેઠ વિચારતા હશે કે પગાર માંગશે પણ તેણે તો માંગ્યું "ટોપી સાફ કરવાનું બ્રશ" શેઠને કુતુહલ થયું. તેમણે કહ્યું: "તું ટોપી તો પહેરતો નથી, બ્રશને શું કરીશ"? પેલો કહે: "શેઠ મારે કાંઈ ટોપી સાફ નથી કરવી. મને તો જુઓ ખૂબ મઝા આવે એવી આ વસ્તુ છે. અને ખરજવું બતાવવા માંડયો." શેઠ કહે: "મૂર્ખા! ખબર નથી તને હમણાં લોહી નીકળશે અને પાકશે તો હાથ પણ નહીં લગાડી શકે. આનાથી કાંઈ સુખ મળતું હશે?" પણ પેલો કહે: "ના શેઠ મને તો મઝા આવે છે. મારે તો જોઈએ જ છે. તમારે

ન આપવું હોય તો ના પાડો." શેઠને થયું આ મૂરખને ખબર નથી પડતી. આપવા દો એક દિવસ, સ્વાદ ચાખશે એટલે ખબર પડશે. શેઠે કહ્યું: "તું જાણે લે....પણ પછી ફરિયાદ લઇને આવીશ નહિ" નોકર તો જોરજોરથી ઘસવા માંડયો. થોડીવારમાં તો ચામડી ઘસાઈ ગઈ અને લોહી નીકળવા માંડયું. હવે તો જેવું બ્રશ અડે કે લા....ય લા....ય બળે. આખરે છોડયું તો ખરું પણ હવે ગમે તેટલી બૂમ પાડે તો ય શું થાય....?

વિષયનું સુખ પણ આવું જ છે. જેમ પેલાને ખરજવાની ચળ ઉપડતી હતી, જેટલી વાર બ્રશ ઘસે એટલી વાર રોકાઈ જતી હતી, તેમ આપણને પણ ઇન્દ્રિયોની સાથે જેટલી વાર વિષયનો સંયોગ હોય તેટલી વાર ખણુજ આવતી બંધ થાય, પાછી એની એ દશા. જો વિષયની પ્રાપ્તિ એ સુખ હોત તો તેની પ્રાપ્તિ થતાં પહેલા ઇન્દ્રિયોમાં ખણુજ ન ઉપડત. આ ખણુજ ઉપજે છે એ જ બતાવે છે કે **વિષયનું સુખ એ સુખ નથી પણ દુઃખની રૂકાવટ છે, મોહની ઝુકાવટ છે, આત્મા માટે ફસાવટ છે. છતાંય જિન-વચનને નહીં પામેલો નપાવટ આ દુઃખની રૂકાવ-ટને જ સુખ માણે છે !!**

જેમ ચારેબાજુથી મશીનોના ધમધમ અવાજ ચાલતા હોય અને એકાએક બંધ થાય તો શાંતિનો અનુભવ થાય છે, તેમ ઇન્દ્રિયોને વિષય પ્રાપ્તિનો ઘોંઘાટ ચારે બાજુથી ચાલતો હોય છે. વિષય પ્રાપ્ત થતાં ક્ષણવાર તે બંધ પડે છે ત્યારે આપણને તૃપ્તિની હાશ મને કાંઈ મળ્યું છે તેવો અનુભવ થાય છે અને જરાક વિષય ઇન્દ્રિયોથી દૂર ખસ્યા કે તરત જ ઘોંઘાટ પાછો ચાલુ થઈ જાય છે. માટે કહો કે

**વિષયસુખ એ દુઃખરૂપ ગતિ કરતી આત્મારૂપે મોટરની બ્રેક માત્ર છે.**

જો વિષયની ઝંખનાથી તમારામાં દુઃખ પેદા થયું ન હોત તો તે વિષય પ્રાપ્ત થયે તમને સુખ મળ્યું તેમ કદાચ કહી શકત પણ વિષયની ઝંખના થયા બાદ આત્મામા જે અરતિરૂપ દુઃખ પેદા થાય છે તે ગજબનું છે. વિંચારો કે રસોઈ તૈયાર હોય, ભાણા પર બેસાડયા હોય, રસોઈની સુગંધ મોઢામાંથી પાણી છોડાવતી હોય તેવા વખતે કોઈ નકામો માણસ તમને મળવા આવે ને ભાણા પરથી ઉઠવું પડે તો કેવું કારમું લાગે છે? મોઢું કેવું બગડી જાય છે? સુખે ખાવા ય નથી દેતા, જરાય જંપવા દેતા નથી એવો બડબડાટ પણ થાય છે ને? જો ભોજનની ઈચ્છાથી પેદા થયેલ એ તડપ દુઃખ ન હોત તો આવી દશા થાત ખરી? માટે એટલું તો માનવું જ પડશે કે, વિષયની ઝંખાનાથી પેદા થયેલ ભોગની તડપ એ દુઃખ જ છે. કદાચ કોઇ એવો તર્ક કરવાવાળો મળી જાય કે વિષયની ઝખનાથી પેદા થતી તડપ એ દુઃખ નહીં પણ સુખ છે તો તેને કહેવું ધન્યવાદ તારી બુદ્ધિને! બોલ એક મિનિટની તડપ કરતાં બે મિનિટની તડપમાં વધારે સુખ કે ઓછું? સ્વાભાવિક જ છે કે જો તડપમાં સુખ હોય તો એક મિનિટની તડપ કરતાં બે મિનિટની તડપમાં વધારે સુખ હોય. માટે એને કહેવું કે તારે તો વિષની પ્રપ્તિ કરવાની જરૂર જ નથી. કારણકે તું વિષયસુખની ઇચ્છાથી પેદા થયેલ તડપને જ સુખ માને છે, તો જીંદગી સુધી તે તડપમ જ રહ્યા કર. વિષય પ્રાપ્ત થયા પછી તો તડપ ક્ષણવારમાં ચાલી જશે. તો વિષયને તારે ભોગવવા શા માટે? કહો એવો કોણ આ દુનિયામાં છે કે, આવી રીતે જીંદગી સુધી

તડપતો રહે અને કહેઃ "હું સુખી છું" એ તો જ્યાં સુધી તલસાટ પેદા ન થયો હોય ત્યાં સુધી દલીલ ખાતર કોઈ કહે કે તડપ એ સુખ છે પણ જો તેની તડપ પૂરી ન થતી હોય તો ખબર પડે કે તડપમાં કેવું સુખ કે દુઃખ છે. આટલા બધા વિષયો મેળવ્યા છતાં–ભોગવી રહ્યા છતાં ય આપણે તેનાથી સુખી નથી તેનું કારણ શું ? માટે વિષયની ઇચ્છાથી પેદા થતી તડપ એ દુઃખ છે. એ નિર્વિવાદ વાત છે અને એ દુઃખ વિષયની પ્રાપ્તિ થતાં ક્ષણવાર માટે રોકાઈ જાય છે તે પણ સાચી વાત છે.....પણ **દુઃખના રોકાણને–દુઃખના પ્રતિકારને સુખ કહેવું તે યોગ્ય ન જ કહેવાય.**

છતાં ય જગતના મૂઢાત્માઓને ખુશ કરવા માટે માની લઇએ કે ભલે વિષયની પ્રાપ્તિરૂપ ક્ષણિક સુખ એ સુખ હોય. પણ ખ્યાલ રાખજો કે, તે વિષયનું ક્ષણિક સુખ ઇન્દ્રિયો દ્વારા જ ભોગવી શકાય છે. ઇન્દ્રિયો કેવી રીતે તે સુખ ભોગવી શકે છે. તેમની વિષયને ભોગવવાની તાકાત કેટલી અને કેવી છે એ બધી વિચારણા કરજો. આંખ, નાક, કાન, જીભ અને ચામડીના ભયંકર રોગોનું સ્વરૂપ વિચારશે એટલે ખબર પડશે કે, વિષયનું સુખ એ સુખ છે કે ગોળમાં ઘોળીને આપી દીધેલ લીંબડાનો ઉકાળેલો રસ છે! પણ આ બધાનો વિચાર કરતાં પહેલાં જે વિષયોને મેળવીને આત્મા માને છે કે મને સુખ મળ્યું તે વિષયોનું સ્વરૂપ કેવું છે ? રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દના ગુણવાળા દ્રવ્યોથી બનેલા જગતના વિવિધ પદાર્થો એ જ ઈન્દ્રિયના વિષયો છે. માટે પહેલાં એ વિષયો જેને જોતાં જ ઈન્દ્રિયોની દોડાદોડ શરૂ થઈ જાય છે તે પરિવર્તનશીલ વિષયો કેવા છે તેનો વિચાર કરો. આજે જે રૂપ ઉપર–જે મોઢા પર–મોહાઇએ

છીએ એ જ મ્હોં ચાર વર્ષ પછી ફીક્કું દેખાય છે, લોહી ઊડી જાય છે, ઘડપણથી કરમાઈ જાય છે ત્યારે જોવું ગમતું નથી. જે ભોજન થાળીમાં હોય ત્યારે પાંચે ય ઈન્દ્રિયોને નચાવે તેવું હોય છે તે જ પેટમાં જઈને બહાર નીકળે છે ત્યારે પાંચે ય ઇન્દ્રિયો તેનાથી દૂર ભાગવા માંડે છે. શાસ્ત્રના જાણકારોને તો 'વિષયો' નું સ્વરૂપ એવું પ્રત્યક્ષ હોય છે કે, તેમને દુનિયામાં સુખ આપી શકે તેવા કોઈ વિષયો દેખાતા જ નથી હોતા. આ માટે મહાબુદ્ધિનિધાન સુબુદ્ધિ નામના મંત્રીનું દૃષ્ટાંત વિચારવા જેવું છે.

## વિષયોની વિપરિણામિતા અને સુબુદ્ધિ મંત્રી

તત્ત્વને પામેલા માટે તો કોઈ મનગમતો કે અણગમતો વિષય દુનિયામાં રહેતો જ નથી એટલે તેની તો વાત જુદી જ હોય છે. પણ વિષયોને સુખ માનનારાની દીવાનીયત એટલી હદ બહારની હોય છે કે, આવા કોઈ વૈરાગીની મહાત્માની સાચી વાત સમજીને તેનું સન્માન કરવાને બદલે તેવા વૈરાગી આત્માઓને મૂઢ અને મૂર્ખ સમજે છે. પણ પોતે આ પરિવર્તનશીલ; ક્ષણમાં સારો ને ક્ષણમાં ખરાબ થઈ જનારા એવા વિષયો પાછળ પડેલા હોય છે તેનું તેને ભાન નથી હોતું.

એક રાજાને ત્યાં સુબુદ્ધિ નામનો જૈન ધર્મના મર્મને પામેલો મંત્રી હતો. એક વખત રાજાએ તેને જમવાનું નોતરું આપ્યું. રાજા પણ સાથે જમવા બેઠો છે. રાજા પોતાની બડાઈ મારવા જેમ જેમ નવા નવા ભોજન પીરસાતા જાય છે તેમ તેમ ભોજનની પ્રશંસા કરતો જાય છે. મંત્રી તો સમજે છે કે આમાં પ્રશંસા કરવા જેવું છે શું ? હમણાં થાળીમાં જે પુદ્ગલો છે તે પેટમાં જશે અને કદાચ

તે પાછા નીકળશે—ઉલટી થશે તો રાજાને હમણાં ખાવાનું હરામ થઇ જશે. એટલું નહીં પણ જો કદાચ ખાતાં ખાતાં ઉલ્ટીની યાદ આવી જશે, તો ય ખાવાની મુશ્કેલી પડશે. એટલે પરમાર્થને જાણેલ તે મંત્રી તો કાંઈ પ્રસંશા કરતો જ નથી. રાજા વિચારે છે કે, "હું તો મંત્રીને બુદ્ધિશાળી સમજતો હતો પણ આ તો જનાવર જેવો લાગે છે. આવા રસવાળા ભોજનની પણ કાંઈ પ્રશંસા કરતો નથી. પ્રશંસા ન કરે તો ધૂળ નાંખી પણ હું પ્રશંસા કરૂં છું તેમાં હુંકારો ય પૂરાવતો નથી, ઘોડો ઘાસ ખાય તેમ ખાયે જાય છે...." મંત્રી સમજે છે કે, રાજાના મનમાં **નારાજી** થાય છે એટલું જ નહીં પણ રાજા સમજે છે કે મારી બુદ્ધિની **હરાજી** થઈ ગઈ છે. મારી જીભની **તારાજી** થઇ છે. પણ બુદ્ધિશાળી છે એટલે નક્કી કરે છે કે, મોટા જોડે જીભાજોડી કરવાથી કંઈ બાજી જીતાતી નથી, અવસર આવે વાત. રાજા તો મનમાં મંત્રીને ગાળો દીધા જ કરે છે અને છેવટે વિચારે છે કે, મંત્રી જેવા મંત્રીને રાજકારભારની આટલી ખબર પડે અને ખાવા—પીવામાં ગમ ન પડે એમ કેમ બને ? શું અભિમાની હશે, એટલે પ્રશંસા નહીં કરતો હોય, શું એને ઘેર મારા કરતાં સારી વાનગીઓ બનતી હશે માટે તેને મારૂં ભોજન ગમ્યું નહીં હોય. અરે ? જંગલીની જેમ એને ઘેર રોટલો ને કઢી જ ખાનારો હશે એટલે મારા ભોજનનો સ્વાદ નહીં સમજી શક્યો હોય.'

ત્યાર પછી એક દિવસ એવો પ્રસંગ બન્યો કે, બંને જણને સાથે જંગલમાં જવું પડ્યું જંગલની શરૂઆતમાં ગામની ગટરનું પાણી ભેગું થઇને એક નાળામાં બહાર આવતું હતું. દુર્ગંધ તો એટલી મારતી હતી કે કોઇ નજીક જવાની હિંમત જ ન કરે પણ રસ્તો ત્યાંથી જ હતો એટલે છૂટકો

નહીં. રાજાએ એક બાજુ નાક દબાવ્યું અને બીજી બાજુ ઘોડો એવો મારી મૂકયો કે ઝટ ત્યાંથી દૂર થઇ જવાય. પણ મંત્રી તો તત્ત્વજ્ઞાની છે એ સમજે છે કે દુર્ગંધ એ પણ પુદ્‌ગલનો સ્વભાવ છે. અને સુગંધ એ પણ પદ્‌ગલનો સ્વભાવ છે.

**" જે સુબ્ભિગંધા તે દુબ્ભિગંધા જે દુબ્ભિગંધા તે સુબ્ભિગંધા."** આ સૂત્રને રટી રહ્યો છે. એમાં **મુંઝાવાનું**, શું, અને એનાથી **મુરઝાવાનું** શું હતું ? એટલે તે તો જેવી રીતે ચાલે છે તેવી જ રીતે જ ચાલ્યા કરે છે.

રાજા વિચારે છે, " આ તો ખરો ભોટ લાગે છે " નથી તો એને ભોજનની સુગંધની ગમ પડતી કે નથી તો ગટરની દુર્ગંધની ગમ પડતી. સુબુદ્ધિ મંત્રી વિચારે છે કે, " રાજાને શિખામણ આપવા માટે આ પ્રસંગ ઠીક છે " એટલે ઘેર ગયા પછી પોતાના નોકરો પાસે તેણે ગંદી ગટરનું પાણી મંગાવ્યું. પહેલા તે બધું પાણી ટારી નાંખ્યું. એટલે મોટો મોટો કચરો ઠરી ગયો પછી ઝીણી રેતીમાંથી ગાળ્યુ' ઝીણા ઝીણા રજકણો પણ રેતીમાં રહી ગયા પછી તેમાં જાતજાતના દ્રવ્યો નાંખ્યા અને બે–ચાર દિવસ રહેવા દીધું. જ્યારે બધા દ્રવ્યો ભળીને સુગંધીથી મઘમઘાટ થઇ ગયું અને સ્વાદિષ્ટ બની ગયું ત્યાર બાદ રાજાને જમવા બોલાવ્યો. રાજાને ત્યાં ભોજન હતું તેના કરતાં ય કંઇ ઘણું સારૂં ભોજન બનાવ્યું અને સોનાના પ્યાલામાં આ પાણી રાખ્યું. રાજા તો ભોજન જોઇને એટલી પ્રશંસા કરવા માંડયો કે ન પૂછો " વાત. " મંત્રીજી ! આવી રસોઇ તો મારા રસોડે ય નથી બનતી...." પણ જ્યાં પાણી પીધું કે ત્યાં રસોઇની વાતો ય ભૂલી ગયો. " બસ મંત્રીજી ! એ બતાવો કે આવું

પાણી તમે લાવ્યા જ ક્યાંથી? મારે ત્યાં આવીને મારા ભોજનની પ્રસંશા ન કરી ત્યારે મને થયું કે, મંત્રીજીમાં બુદ્ધિ નથી પણ હવે સમજાયું કે આવું સુંદર ભોજન અને હા; આવું સુંદરતમ પાણી પીનારો મારા ભોજનની શું પ્રશંસા કરે? મંત્રીજી! કાલે મારા માણસો સાથે એક ઘડો ભરીને આવું પાણી તમારે મોકલવું પડશે."

મંત્રી પણ લાગ જ જોઈ રહ્યો હતો અને સમય મળ્યો. રાજાજી! આ પાણી તો ક્યાંય મલતું નથી. મેં કેટલીય મહેનતને અંતે બનાવ્યું છે.

રાજા કહે: "એમાં શું છે? મારા માટે ફરીથી બનાવજો." રાજાજી તેની બધી સામગ્રી મારી પાસે છે, પણ તેનું મૂળ દ્રવ્ય જોઈએ તે લાવવું ખૂબ મુશ્કેલ છે. મારા નોકરો પણ તે લેવા જવાની હિંમત કરતા નથી. રાજા એટલો તો રસલાલચુ થઇ ગયો કે "અરે! માણસનું શું કામ છે? હું ખુદ જાતે જઈને લઈ આવીશ, મારામાં હિંમત છે. બોલ, ક્યાંથી લાવવાનું છે?"

સુબુદ્ધિ કહે: "બસ ત્યારે તો સૌથી ઉત્તમ. ત દિવસે જે જંગલમાં આપણે ગયા હતા ત્યારે પેલી ખાળ જતી હતી ને? તેમાંથી એક ઘડો પાણી લઇ આવવું પડશે."

રાજા કહે: "મંત્રી તમારૂં ફરી ગયું લાગે છે. આવા દુર્ગંધીવાળા પાણીનું તેમાં શું કામ હોય? શું મેં જે પાણી પીધું તે તે જ નાળાનું પાણી હતું?"

સુબુદ્ધિ:–( ઠંડે કલેજે ) "હા મહારાજ, આપે તે દિવસે જે પાણીની નજીકથી પસાર થતાં નાકે ડૂચો લગાવ્યો હતો એ જ આ પાણી છે."

આખરે સુબુદ્ધિ મંત્રીએ રાજાના વિશ્વાસ માટે ફરીથી તે પાણી મંગાવી ફરીથી બધા સંસ્કારો કરીને રાજાને ખાત્રી થાય તે રીતે પાણી શુદ્ધ બનાવ્યું.

રાજા તો અવાક્ બની ગયો. બસ આવું જ છે. "આ સંસારમાં આવું દુર્ગંધ મારતું પાણી પણ સુગંધીથી મઘમઘાટ અને સુગંધીથી મઘમઘાટ પણ આવું મલિન થઇ જવાનું.

રાજાને વિચારમાં ચડેલો જોઇ મંત્રી બોલ્યો: "રાજાજી, આ જ કારણથી મેં આપના ભોજનની પ્રશંસા કરી નથી, અને આ જ કારણથી મેં ગંદા પાણીની પાસેથી જતાં નાકે ડૂચો લગાડયો નથી. સારા ય સંસારના તમામ પદાર્થોનું તમામ ઇન્દ્રયોના વિષયોનું આવું જ પરિવર્તન થયા કરે છે. માટે આવા પરિવર્તનથી **દુઃખ કે સુખ** પામવું **સજા કે મજા**નો અનુભવ કરવો એ તો ખરેખરી બેવકૂફાઈ છે.

વિષયોની વિપરિણામિતા સમજાઇ જાય તો વિષયોના ભોગો કે ઉપભોગોથી સુખ મળે છે એવી માન્યતા ક્યારેય પેદા ન થાય. **વિષયો ક્ષણક્ષણમાં પરિવર્તન પામવાવાળા છે. એક પણ ક્ષણ એવી નથી જતી કે જે ક્ષણે તમારો મનગમતો 'વિષય' જુનો ન બનતો જતો હોય.** ઈન્દ્રિયના પ્રત્યેક વિષય બન્યા પછી તે પ્રતિક્ષણે જુના તો બનતા જ જાય છે ને? અને જેમ જુનો થાય તેમ નવીનતા ને આકર્ષણ ઉડી જાય છે કે નહીં? **બોલો છે તમારી તાકાત કે વિષયોને જુના બનતા અટકાવી શકો?** માત્ર જુના બને છે તેમ નહીં પણ તદ્દન ઉલટા પણ બની જઈ શકે છે.

સનતકુમાર ચક્રવર્તીનું રૂપવાળું શરીર એક ક્ષણમાં કેવું

બદલાઈ ગયું હતું ? નાહીને રાજદરબારમાં બેઠા ત્યાં તો સારું ય શરીર વિષયમ બની ગયું. એટલું બધું ઝેર તેમના શરીરમાં વ્યાપી ગયું હતું કે, તેમના થુંક પર માખી બેસે તો પણ મરી જાય. આવા ક્ષણ–ક્ષણ બદલાતા પદાર્થો સુખ આપી શકે ખરા ? દુનિયામાં તમે વિશ્વાસ કોના પર મૂકો છો ? વાતવાતમાં ફરી જનાર પર કે સ્થિર માણસો પર ? એકવચનીઓ પર વિશ્વાસ છે કે ક્ષણ–ક્ષણમાં ઉત્તરથી દક્ષિણ થઈ જનારા પદાર્થો પર ? તમે વિશ્વાસ તો મૂકો છો કે આ વિષયો તમને સુખ આપશે ? શું આવા ક્ષણ–ક્ષણમાં વિલાસીમાંથી વિનાશી બની જનારા પદાર્થોના આશી બની તમે સુખી બની શકશો ખરા ?

રાજા તો સમજી ગયો પણ તમારી સમજમાં આવે છે કે, આવા નઠારા વિષયોની પાછળ તમારી જીંદગી વેડફાઇ રહી છે.?

## હંમેશા ભૂખી ઇન્દ્રિયો

એક બાજુ વિષયો તો સાવ વિપરિણામી છે; તો બીજી બાજુ જેના દ્વારા સુખ મેળવવાનું છે તે ઇન્દ્રિયોનો સ્વભાવ પણ કેવો છે તે વિચારવા જેવું છે !

ઇન્દ્રિયોની પહેલી આદત તો એ છે કે, એક વખત એને મનગમતા વિષયનો પરિચય થઈ ગયો એટલે બીજી વખત એ તે તરફ તમને ઘસડી ગયા વિના રહેવાની જ નહિ. જેમ કોઇ હઠીલા ભિખારીને કોઈ પૈસા ન આપતું હોય અને તમે તેને પૈસો આપી દીધો તો બીજી વખત જેવી તેની નજર તમારા પર પડશે કે દોડીને તમારી પાસે આવી જશે. તમે ગમે તેટલી ગાળ ભાંડશો કે અપમાન કરશો કે તમાશો મારશો પણ પેલો એવી નરમાશથી વાત કરશે–એવી કાક-

લુદી કરશે કે તમારે પૈસા આપે જ છૂટકો થશે. જેમ ભીખ માંગતી વખતે પેલો હઠીલો ભિખારી કહેશેઃ ભોગ ભોગવી લેવા દે, પછી કોઈ વખત "શેઠ! એક દફે દે દો અબ કભી નહીં આઉંગા...." તેમ ઇન્દ્રિયો પણ એમ જ કહેવાની બસ આ એક વખત ભોગ ભોગવી લેવા દે પછી કોઈ વખત માંગણી નહીં કરૂં. અને જેવો બીજી વખત અવસર આવ્યો કે ભિખારીની માફક "રડવાનું, કાકલુદી કરવાનું શરૂ કરી જ દેવાની..." બસ "હવે એક જ વખત વધારે દયા કરો, અત્યાર સુધી તમારી દયાથી જીવી છું અને તમારી દયાથી જ જીવવા ી છું..." આમ જેમ પેલો ભિખારી પૈસા આપનાર માણસને છેતરે છે તેમ ઇન્દ્રિયોના વિષયો અને ઇન્દ્રિયો આત્માને છેતરે છે.

શાસ્ત્રકારોએ ઇન્દ્રિયના આ ગુણનું વર્ણન કરતાં એક વિશેષણ ઇન્દ્રિયોને આપ્યું છે. "**નિત્યં તૃષિતાનિ**" ઇન્દ્રિયો 'હંમેશા તરસી છે' એમ કહ્યું છે.

આશ્ચર્યની વાત છે ને કે, રોજ ભોગ સેવીને ઇન્દ્રિયોની ખાજ ઉતારતા છતાં કદી ય ઇન્દ્રિયોને સંતોષ થયો નથી. સંતોષ થવાની વાત તો દૂર રાખો પણ જેમ જેમ ઇન્દ્રિયના વિષયનો અભ્યાસ દૃઢ થતો જાય છે તેમ તેમ મનુષ્યમાં એવી ભયંકર પિપાસા-તૃષા સળગી ઉઠે છે કે તેના બધા જ સદ્ગુણો તેમાં નાશ પામવા માંડે છે અને એક વખત ઇન્દ્રિ-યોને જે ચીજનો અભ્યાસ થઈ ગયો પછી તે ચીજનો ગુલામ થઈ જ ગયો તેમજ સમજવું. સળગવા માંડે તેમ અને પછી તો આગમાં લાકડા નાંખવાથી આગ ભડભડ સળગવાં માંડે તેમ ઇન્દ્રિયમાં પણ વિષય ભોગવવાની ખાજ ભડભડવા માંડવાની. **ઇન્દ્રિયો પરનો આત્માનો કાબુ નષ્ટ થઈ જવાનો એટલે વિનય-વિવેક-ઉચિતતા બધું બળીને ખાખ**

**થઈ જવાનું. પરલોકના દુઃખની વાત તો દૂર રાખો પણ આ લોકમાં ય કૂતરાના જેવા જીવને જીવવાની દશા આવવાની.** અંતેઉરમાં હજારો રાણી**એ** હશે છતાં ય ઇન્દ્રિયોની વિષય પ્રાપ્તિની ઝંખના પર થોડો પણ કાબુ નહીં હોય તો હલકામાં હલકા કુળની કોઈ પણ રૂપવતી પર નજર પડશે કે ખલાસ. જાણે કદી તેને દુનિયામાં કશું જોયું કે ભોગવ્યું જ હોય નહીં તેમ તેની જ પાછળ પડશે. જ્યાં સુધી તે નહીં મળે ત્યાં સુધી એક ભિખારી કરતાં પણ ભૂંડી મનોદશામાં જીવવું પડશે. !

કલ્પસૂત્રમાં સાંભળો છો ને કે ૫૦૦–૫૦૦ સ્રીઓનો માલિક કુમારનંદી સોની બે દેવીઓને મેળવવા આગમાં ઝંપલાવીને બળી મર્યો. વિષયના પાપની ભાવના કોઇને જણાવી તો શકાશે નહીં માટે બહારથી હસતા અને અંદરથી તેની પ્રાપ્તિની ઝંખનામાં રડતા રહેવું પડશે. રખે કોઈ જાણી ન જાય તેવા ભયથી હૃદયમાં કંપ–ધ્રૂજારી છૂટતા રહેશે. તેમ છતાં ય જો ઇચ્છાને વાળવાનું મન ન થાય તો સમર્થ રાજવીઓને પણ શરમ વિનાના–લાજ વિનાના બનીને પોતાની ઈચ્છાને તૃપ્ત કરવી જ પડશે. પ્રજા સારી ય પોતાને ખરાબ કહેશે, અપકીર્તિ થશે તેનો વિચાર સરખો પણ કરી શકશે નહિ.

શાસ્ત્રકારોએ હિતોપદેશ આપતાં જણાવ્યું છે કે, ભલા માણસો દેવના ભોગો આગળ તમારા ભોગ શું વિસાતમાં છે? છતાં ય આવા ભોગોની પાછળ પડીને એવી ભાવના રાખો છો કે આવા ભોગ ભોગવવાથી ઇન્દ્રિયો શાંત થશે? મન શાંત થશે? આત્મા શાંત થશે? આ કેવી મૂર્ખાઈ છે. "હજારો મણ રસ ભરપુર અનાજ ખાધા પછી પણ તૃપ્તિ

કેળવી શકયા નથી તો હજી એક એંઠા–જુઠા નિરસ દાણા જેવા મનુષ્યના ભોગ ભોગવીને તમારી ઇન્દ્રિયો શાંત થશે એવું કેવી રીતે માનો છો?” આવી વંચનામાંથી મુકત થાવ. પણ ઇન્દ્રિયોના ધમપછાડા એવા જબ્બર હોય છે કે, આત્મા પોતાનું સત્ત્વ ખોઈ નાંખે છે માટે શાસ્ત્રકારનો રસ્તો માનો. નહીં તો લાકડામાં આગ હોમીને આગને શાંત કરવાની ઇચ્છા જેવું થશે. આ વાત માત્ર જૈનધર્મ જ કહે છે એમ નહીં પણ જગતના બધા જ આસ્તિક દર્શને સ્વીકારી છે.

ગીતામાં શ્રીકૃષ્ણએ પણ જણાવ્યું છે કે....

**“ન જાતુ કામઃ કામસ્ય ભોગેનોપશામ્યતિ।**
**હવિષા કૃષ્ણવર્ત્મેવ પુનરેવાભિવર્ધતે ॥”**

આમ જે ઇન્દ્રિયો દ્વારા તમે તમને મનગમતા વિષયમાં સુખ મેળવવા ચાહો છો તેનો સ્વભાવ કેવો છે તેનો વિચાર તો કરો.

એક તો વિષયો ક્ષણમાં બદલાઈ જનારા કપટી મનુષ્યના વચન જેવા છે. પાણીમાં પેદા થતા તરંગો જેવા છે. બીજી બાજુ જેનાથી તે વિષયોનો આનંદ મેળવવા ચાહો છો તે જાતે આત્માના વૈરી જ ન હોય તેમ હંમેશા અતૃપ્ત રહીને ઝંખનાની હોળીમાં સળગ્યા જ કરે છે. રિસાયેલી રાંડની માફક જ્યારે જુઓ ત્યારે કંઇ ને કંઈ માંગણી મોઢું ચઢાવીને ફરતા ન હોય તેમ હેરાન કર્યા જ કરે છે.

## ઇન્દ્રિયોની ભોગશક્તિની મર્યાદા અને કડુ ફલો

બીજી બાજુ ઇન્દ્રિયોની ભોગ ભોગવવાની શક્તિઓ તો મર્યાદિત જ છે. અમુક મર્યાદાથી વધારે સમય ઇન્દ્રિયના

વિષય ભોગવવાની પણ ઇન્દ્રિય પાસે તાકાત નથી. ખરેખર આ વિચારતાં તમને પોતાને જ દયા પેદા નથી થતી કે હજારો–લાખો પ્રયત્નો, અપયશ, અપકીર્તિ ને દુઃખના ડુંગરા ખોદ્યા પછી પણ જે ઇન્દ્રિયના વિષયને ભોગવવારૂપ ઉંદર પ્રાપ્ત કરો છો તે માટે તમારી પાસે ભોગવવાની પણ શક્તિ નથી.

'જીભડી' લપલપ થાય ત્યાં સુધી ખાધા કરો તો થોડા જ દિવસમાં એવા ભયંકર રોગના ભોગ બનો કે રસને જાણવાની તમારી શક્તિ જ ખલાસ થઈ જાય. કદાચ નસીબદાર હો ને રસને જાણવાની શક્તિ નાશ ન થાય તો ય જીભ પર એવા ચાંદા ને ફોલ્લા પડે છે કે જીભ પર ગરમ રસોઈ મૂકવા જાય એટલે દેવતાની માફક દઝાઈ ઘા પડેલા પર મીઠું લાગે ને વેદના થાય એવી વેદના થાય કે જીભથી સહી પણ ન શકાય. આવી દશા લાખોપતિ અને કરોડપતિઓની પણ હોય કે નહિ? જ્યાં સુધી શક્તિ હતી ત્યાં સુધી વિચાર કર્યો જ નહિ અને ખાધા કર્યું હવે કેન્સર થયું છે. ખાવાનું જોઈ જોઇને હવે દિલમાં દાઝવાનું ને? કોઈને ખાતાં જુવો એટલે જીભલડી તોફાન શરૂ કરી દે પણ જરાક વિવેકી હોય તો ત્યાં જ જીભલડીને દવાના બાટલા–ડોકટરની સોય મરણની બીક દેખાડે અને જીભને શાંત કરે. પણ અવિવેકી, વિષયોમાં અત્યંત ગૃધ્ધ હોય તો એ બધાની અવગણના કરીને ય વિષયોને સેવવા તૈયાર થાય. આવી છે તમારી ઈન્દ્રિયોના સુખ ભોગવી શકવાની તાકાત. આ તે સુખ ભોગવવાની **તાકાત** કહેવાય કે દુઃખ મેળવી આપવાની **નોબત**?

આ તો એક જ ઈન્દ્રિયનું વર્ણન કર્યું પણ બીજી ચારની દશામાં ય કાંઇ અંતર છે ખરૂં કે આવી ને આવી જ

છે? કહો કે એક–એકથી ચઢે એવી છે. નાકથી સુંઘવાનો શોખ કરનારા કેટલાયના ફેફસાઓમાં રજકણો એવા ભરાઈ ગયા કે ભરજુવાનીમાં ઘરડાની માફક દમીયલ બની ગયા.

સિનેમા ને નાટક જોવાના ચાળા કરનારાઓની આંખોની દશા એ થવા માંડી કે બાજુમાં બેઠેલા માણસને જોવા માટે પણ ડબ્બા જેવા જાડા ચશ્મા પહેરાવા પડે છે. સિનેમા જોવાનું છોડાતું નથી. પણ સિનેમા અને નાટકમાંથી આવે છે ત્યારે આંખો એવી દુઃખાડીને આવે છે કે માથું ય ઠેકાણે રહેતું નથી ચક્કર ચક્કર ફરવા માંડે છે.

સ્પર્શના સુખની દુર્દશાની તો વાત જ કરવા જેવી નથી. સારા શરીરને એવું નીચોવી નાંખે છે કે ગમે તેવા પહેલવાન પણ તેના ફંદામાં પડયા તો થોડા દહાડામાં મર્યા સમજો. ત્યારે સામાન્ય માનવીની તો શું દશા થાય? ભરજુવાનીમાં ક્ષય જેવા રોગથી શાથી પીડાય છે? શાસ્ત્રમાં તો ત્યાં સુધીની વાત આવે છે કે આ સ્પર્શના સુખની ઇચ્છા જો પ્રબળ થઈ ગઈ, કાબુ રહ્યો નહિ અને જો કમનસીએ પૂરી ન થાય તો તે જ ક્ષણે તે વ્યક્તિનું મરણ થઇ જાય. આવી તો આપત્તિજનક ઈન્દ્રિયોની સ્થિતિ છે.

વૈદકના બધા ય ગ્રંથો વાંચશો તો એક જ વાત નજરે ચઢવાની કે જ્યાં ઈન્દ્રિયના વિષયોની થોડી પણ હદ તૂટી કે રોગ હાજર જ થવાનો અને પછી તો એ રોગ એવો જુલ્મ કરવાનો કે પાણીનો પ્યાલો સામે રહે, પીવાની ઇચ્છા હોય, તૃષા પ્રબળ લાગી હોય છતાં ય કોઈએ માણસને દોરડાથી બાંધી દીધો હોય અને તે માણસની જે દશા થાય, જે દુઃખ થાય તેવું દુઃખ થવાનું. માટે

ઉપદેશમાલાકાર ધર્મદાસગણિ કે જે ભગવાન મહાવીરના હાથે દીક્ષિત થયેલા ગણાય છે અને જેઓ અવધિજ્ઞાની હોવાનું સંભળાય છે તે પોતાના ગ્રંથમાં પ્રશ્ન પૂછે છે કે ઈન્દ્રિયોની દશા તો જો તું એમ માને છે કે હું સુખ ભોગવું છું પણ ખરેખર શું થાય છે? તેઓ પૂછે છે...“ **જો સેવઇ કિ લહઈ?** ”જો તું વિષયોને ઇન્દ્રિય દ્વારા ભોગવે છે તો શું મેળવે છે? છે આ પ્રશ્નનો જવાબ? આટલા–આટલા વખત સુધી ઇન્દ્રિયના ભોગના અનુભવ કર્યા પછી પણ આપવાની તાકાત છે? શું મેળવ્યું છે તે જવાબ આપી શકાય?

તેઓ જ જણાવે છે...“ **થામ હારેઈ દુબ્બલો હોઇ પાવઈ વેમણસ્સં દુઃખાણિ ય અત્તહોસેણં** ” આ પાંચ વસ્તુ પ્રાપ્તિ થાય છે.

૧ **થામં હારેઈ** એટલે ઈન્દ્રિયના બળનો નાશ.

૨ દુર્બલતાની પ્રાપ્તિ.

૩ વૈમનસ્ય.

૪ દુઃખો.

૫ આત્માના દોષ.

વિચાર કરો કે, ક્ષણિક સુખની પ્રાપ્તિની વાત તો બાજુએ રહી પણ આટલું મોટું ગુમાવવાનું લીસ્ટ આવી ગયું. **ઇન્દ્રિયોની દશા જ એવી છે કે જે ક્ષણે ભોગની ઇચ્છા થઈ તે ક્ષણથી જ તેનામાં હોય એટલું જોર કરીને વિષયની પાછળ પડે છે અને ક્ષણભરમાં થાકીને લોથ થઈ જાય. ચાર–છ–દસ દિવસ લાગટ સુતા વિના સિનેમા જોવાનો આનંદ તો માની જુઓ.**

**ખબર પડે કે તમારી ઈન્દ્રિયો તરવરાટ તો** બહુ કરે **છે પણ ભોગવવાની શકિત કેટલી છે.** ? આવી ઈન્દ્રિયો પાસેથી સુખ લેવું એટલે સુખ મેળવવું નહીં પણ મૂર્ખતા વધારવી. વિષયોને ભોગવ્યા પછી થાક લાગે છે કે નહીં ? જ્યારે વિંષયોને ભોગવ્યા પછી ઇન્દ્રિયોને થાકનો અનુભવ થાય છે ત્યારે શું સમજવું ? શાણા થઇને સમજો કે, **વિષયોને તમારી ઇન્દ્રિયોએ ભોગવીને સુખ નથી મેળવ્યું પણ જેમ માથા પર બોજ ઉઠાવવાથી શરીર થાકી જાય છે તેમ આ ઇન્દ્રિયો પણ ભોગનો બોજ ઉપાડીને થાકી ગઈ છે. જો ભોગ–વિષયો બોજરૂપ ન હોય તો થાક કેમ લાગે** છે ? બોજ ઉપાડયા વિના, પરિશ્રમ કર્યા વિના થાક કેવી રીતે લાગે ? જો વિષયોના ભોગ એ ઇન્દ્રિયો માટે થાક કે પરિશ્રમ હોય તો પછી સુખ શું ? શું બોજો ઉપાડવો એ પણ કોઈ સુખ છે ? પરિશ્રમથી શક્તિનો–બળનો નાશ થાય છે. પણ ઇન્દ્રિયોનો સ્વભાવ જ છે કે ભોગ ભોગવતા પરિશ્રમ કરવો જ પડે અને તેથી જ શાસ્ત્રકાર જણાવે છે કે " **થામં હારેઈ** " વિષયના સુખના માટે તલસતી ઇન્દ્રિયો માત્ર પોતાનું બળ હારવા સિવાય બીજું કશું મેળવી શકતી નથી. અને 'અતિ' માં લાગી જાય. બે–પાંચ–દસ–પંદર મિનિટની મર્યાદાથી આગળ ચાલી જાય, એકધારો વિષયનો આનંદ લૂંટવા માંડી જાય તો 'દુર્બલતા' હાજર છે. કેવલ ઇન્દ્રિયો નહીં પણ સારુંય શરીર દુર્બળ થઈ જાય.

સ્વાદ તો જીભે કર્યો હોય પણ સ્વાદના ભસ્કા કરતાં ભોજન વધારે ખવાયું અને અપચો થતાં તાવ આવી જાય તો પાણી પણ પી ન શકાય. મજા જીભથી કરી હોય પણ

સજા આખા શરીર પર થાય. મજા પાંચ મિનિટ ચાલી હોય પણ ખાટલો પાંચ વર્ષનો ય ભોગવવો પડે. આ છે વિષયસુખનું ફળ અને ઇન્દ્રિયને ભોગ ભોગવવાની શકિત..!

આવી દુર્બલતાઓ આવી જાય ત્યારે આત્મામાં એવી ઉદાસીનતા-ખિન્નતા પેદા થાય છે ન પૂછો વાત. આ છે દૌમનસ્ય. મનથી વિષયો છૂટે નહિં ને ઇન્દ્રિયો દ્વારા અંદર પ્રવેશી શકે નહિ. બંને બાજુથી રહેલો આત્મા આવા વખતે જે અનુભવ કરે છે તેનું નામ જ છે "દૌમનસ્ય."

પોતાનામાં આવી ગમગીની પેદા થાય એટલે જાણે કે અજાણે બીજા પર ગુસ્સો આવે. લડાઈ-ઝઘડા કરતા જઇએ અને તેમ-તેમ દુઃખ પણ વધતું જાય.

આ બધા ય કરતાં ભયંકર દોષ તો એ છે કે આત્માના ગુણો તો દૂર ભાગે છે પણ ભયંકરમાં ભયંકર આત્મદોષો પેદા થાય છે. આવું વિષયનું સુખ દુઃખના પ્રતિકારરૂપે ન હોય એમ માનીએ તો ય તે વિષયનું સુખ દુઃખની પરંપરારૂપ છે. એ તો માન્યા વિના છૂટકો જ નથી.

## પોતાના રક્ષણ માટે પણ વિષયોનો ઉપભોગસુખ નથી તેમ માનવું પડે છે.

વિષયના સુખથી જે દુઃખની પરંપરા ચાલે છે.તે એટલી બધી ભયંકર છે કે, પુણ્ય-પાપ આલોક-પરલોક ન માન-નાર નાસ્તિકને પણ સ્વીકારવી પડે છે. કારણ વિષયનું સુખ તો ભોગવે તેને જ સમજ પડે. પણ તેનાથી ઉત્પન્ન થયેલી દુઃખની પરંપરા તો બધાને ખબર પડયા વિના રહે જ નહિ. કહો વિષયનો ઉપભોગ છાનામાના કરી શકાશે પણ તેનાથી પેદા થયેલો રોગ સંતાડી નહિ શકાય. વહેલો-મોડો તે

જાહેરમાં આવવાનો જ. વિષયના ભોગથી પેદા થયેલી દુઃખની પરંપરા તો સ્વીકારવી જ પડે છે.

જે વિષયના ભોગરૂપ બીજથી દુઃખરૂપ વૃક્ષ ફાલતું હોય તે બીજ ખરેખર સુખરૂપ હોય તેમ બને ખરૂં ? જો વિષય-ભોગ સુખ હોત તો તેની પરંપરામાંથી સુખ પેદા થતું હોત પણ ગમે તેવા નાસ્તિકને પણ સ્વીકારવું પડે છે કે, વિષયને ભોગવ્યા પછી દુઃખ અને દર્દોની પરંપરા ચાલ્યા જ કરે છે. માટે જ તો કોઈ પણ ધર્મમાં નહીં માનનારને પણ ડોકટર ને વૈદ્યનું તો માનવું જ પડે છે. ભોગો ભોગવીને ક્ષયની બિમારીમાં પડેલાને ડોકટર કહેશે કેઃ બહારગામ જાવ, પત્ની વિના એકલા રહેવાનું છે, મનથી પણ તેને યાદ કરશો તો વધુ જીવી નહીં શકો. **નાસ્તિક જીવ છે કે નહીં આ વાતમાં ભલે વાદ-વિવાદ કરે અને ન માને પણ પોતાનો જીવ બચાવવાનો પ્રસંગ આવે કે તરત જ તેને યોગ્ય પ્રયત્નો કરે છે. જીવ માનવામાં તેનો વિવાદ છે પણ પોતાનો જીવ બચાવવામાં નહીં.** ત્યાં તો આસ્તિક અને નાસ્તિક બંન્ને સરખા છે. માટે નાસ્તિક પણ ડોકટરનું કહ્યું માનશે અને બૈરીનેય દુર રાખી સુકી હવા ખાવા જશે. વિષયના ઉપભોગથી પેદા થયેલી પરંપરાને દુઃખ કહ્યા વિના નાસ્તિકનું કે મહા-નાસ્તિકના બાપનું ચાલે યા તેવું નથી.

દલીલ કરનારને ય કોઇ રોકી શકતું નથી. સંસ્કૃતમાં કહેવાય છે કે, " **વાદી ભદ્રં ન વશ્યતિ** " વાદ કરનાર કલ્યા-ણને જોતો નથી. એનું કલ્યાણ તો માત્ર પોતાની વાતને ગમે તે રીતે પણ સિધ્ધ કરવામાં છે માટે તે ગમે તેવા તર્ક કરી શકે છે. નાસ્તિક તર્કકાર એની એ જ વાત આગળ લાવે છે કે, આગળ-પાછળનું ગમે તેમ હોય છતાંય ક્ષણ

માત્ર માટે તો વિષયનો ઉપભોગ સુખ પહોંચાડે છે. એ વાત તો સાચી જ છે ને? જેમ ફળનો સ્વાદ પાકયા પછી જ અમુક વખત થાય છે પણ પહેલાં તો તે જમીનના દ્રવ્યરૂપે કે વૃક્ષના જ રસરૂપે હોય અને ફળ પાકી ગયા પછી પાછા તે જ કોહવાઇ જાય છે, તેમ ભલે વિષયનું સુખ પહેલાં દુઃખથી પેદા થતું હોય, ઉપભોગ પછી શોક પેદા કરતું હોય પણ તે છતાં ય પાકેલા ફળની જેમ તેમાં ય ભોગ વખતે આનંદ આવે છે. માટે તે સુખ જ છે.

આગળ ને પાછળ, પહેલા ને પછી બંને રીતે આવી પડતા દુઃખના ડુંગરોને માન્ય રાખીને પણ જેમ વિષયના ઉપભોગને ક્ષણિક માત્ર સુખ જ કહેવું છે એને તો મહા-મૂર્ખ વેપારી ગણવો જોઈએ. કોઇક મૂર્ખ વેપારી બજાર-માંથી ધંધો કરવા માટે–કમાવવા માટે કંઇ ચીજની ખરીદી કરવા નીકળ્યો. ખરીદી કર્યા વિના તો માલ મળે કયાંથી? અને માલ વિના વેપાર કરવાનો શાનો? બજારમાં ગયો તો ખરો. એક રૂપિયાની ચીજના બે રૂપિયા આપી આવ્યો. અને વેચવા ગયો ત્યારે કોઇએ એક આનો આપી તેની પાસેથી ચીજ ખરીદી લીધી. પેલા વેપારીને બધા કહે: "તેં ખોટ ખાધી." એ કહે: "મેં વેપાર કર્યો અને હું એક આનો લઇને ઘેર આવ્યો.–એ જ મેં નફો કર્યો." કોઈ મશ્કરો હોય તો જવાબ આપે: "ખરી વાત છે તારી.... તું સાજો સમો પાછો આવ્યો, કોઈ ગાંડાની હોસ્પીટલમાં તને ના લઈ ગયું એ જ મોટો નફો છે. એક આનો લઇને આવ્યો એ તો ઘણું વધારે થઈ ગયું".... આગળ–પાછળનો વિચાર ભૂલી જવાનો હોય તો તો મૂર્ખ વેપારી એક આનો લઇને પાછો આવ્યો તે ફાયદો જ કહેવાય ને? નાસ્તિકની

આગળ-પાછળનો વિચાર કર્યા વિના વિષયના ઉપભોગને સુખ કહેવાની દલીલ પણ આવી જ છે. આવા મૂર્ખાની જોડે વાદ ન કરી શકાય. છતાંય તેને કહેવું: " બોલ ! વિષયનો ઉપભોગ સુખ છે ને ? તો બધાયને તે મેળવવાનો હક્ક હોવો જોઈએ કે નહિ ? જો બધાને તે વિષયનું સુખ મેળવવાનો હક્ક હોય તો વિષયનું સુખ મેળવવા માટે બધા ગમે તેવો પ્રયત્ન કરે તો ચાલે કે નહિ ? એક જ સ્રી માટે બે રાજાઓના ખુનખાર યુદ્ધો નથી થયા ? એક જ જમીનના ટૂકડા માટે હજારોના લોહી નથી રેડાયા ? રત્નોના બનાવેલા મુગટો માટે નાદાનો મેદાને ચઢી ખેદાન મેદાન નથી થઈ ગયા ? કહો વિષયના ઉપભોગને સુખ કહ્યું તેનું જ આ પરિણામ છે. જો તેને સુખ ન માન્યું હોત તો તે દુઃખ છે માટે છોડી દેવા જેવું છે, મેળવવા જેવું નથી. " એમ સમજાવી શકત. પણ જે વિષયના ઉપભોગને સુખ માની રહ્યો છે એને આખરે તો આવા યુદ્ધો જ ખેલવા પડે છે.

એક રીતે કહીએ તો ચોરી, જૂઠ, પ્રપંચ, ખુન, લૂંટ-ફાટ, દુરાચાર, અત્યાચાર, બલાત્કાર આ બધા દુષ્કૃત્યોને સારા સ્વીકારનારો જ વિષયના ઉપભોગને સુખ કહી શકે. કારણકે વિષયનો ઉપભોગ સુખ હોય તો આના સિવાય તેના બીજા કોઈ સાધનો છે જ કયાં ?

આસ્તિક કે નાસ્તિક સૌને ય પોતાની ઇજ્જત-આબરૂ, પ્રાણ, સ્વતંત્રતા પ્યારા છે અને તેનું રક્ષણ વિષયના ઉપભોગને સુખ માનનારા કદી ન કરી શકે કારણકે **વિષયના ઉપભોગને સુખ માન્યા એટલે વિષયોનો સંગ્રહ વધે. સંગ્રહ વધે એટલે વિગ્રહ (યુદ્ધ) જાગવાનો ? અને**

**વિગ્રહ એટલે એકના સંગ્રહના પાપે અનેકોને નિગ્રહ (શિક્ષા) થવાની. આવો વિગ્રહ અને નિગ્રહ અટકાવવો હોય તો વિષયના ઉપભોગને દુઃખ માનીને ત્યાંથી આકર્ષણ છોડે જ છુટકો છે.** દુઃખ ન માને તો ય ગુમડા પરની પટ્ટીની માફક દુઃખનો પ્રતિકાર છે, તેમ માનવું જ પડશે. શું વિષયના ઉપભોગને સુખ માનનારો ઇચ્છિશે ખરો કે કોઈ તેની પોતાની સ્વતંત્રતા લૂટી લે? કોઇ જંગલી પ્રાણી તેને પોતાને જ પોતાની જીભનો રસ બનાવી દે? કોઈ ચોર કે ગુંડો તેની પોતાની જ મુડી ચપ્પુની ધારથી પડાવી લે? જો આવી ઇચ્છા ન હોય તો વિષયના ઉપભોગને સુખ કહેવાનું છોડવું જ પડશે. એક યા બીજા પ્રકારે પણ તેના પરથી પોતાનું લક્ષ્ય અને આકર્ષણ ઓછું કરવું જ પડશે. નહીં તો એક જ વિષયની પ્રાપ્તિ માટે એક–બીજા વચ્ચે **ઘર્ષણ** અને દુઃખનું **વર્ષણ** (વરસાદ) થયા જ કરશે.

નાસ્તિક કે આસ્તિક, પરલોકને માનનાર કે નહીં માનનાર બધાને ય વધુ નહીં તો પોતાની જરૂરિયાત માટે, રક્ષણ માટે, પોતાની ઊભરાતી ઈન્દ્રિયોના ઊભરાને ઠારવા માટે, એક યા બીજા પ્રકારના કાયદા કે નિયંત્રણો લાવવા પડે છે. જેથી પોતાની જરૂરિયાતો પૂરી થઈ શકે. આ જ પૂરવાર કરે છે કે, વિષયના ઉપભોગને સુખ કહેનારાને પણ તે સુખના રસ્તાઓ પર નિયંત્રણ લાદવા પડે છે.

**જ્યારે આત્માનો આનંદ–મોક્ષનો આનંદ એવો અદ્‌ભુત છે કે તેની પ્રાપ્તિ માટે કોઈ આવા નિયંત્રણો ગોઠવવા પડતા નથી. ત્યાં નથી કશાનો સંગ્રહ, નથી કોઇની સાથે વિગ્રહ કે નથી સહન કરવાનો**

કોઇ નિગ્રહ. અને તે આત્માના સુખની જ આપણે સિદ્ધિ કરી રહ્યા છીએ. તે દ્વારા આપણે "નમો સિદ્ધાણં"ના અર્થને જાણુવાનો છે. પણ હજી ય વધુ સારી રીતે સંસારના કહેવાતા સુખનું સ્વરૂપ અને નિઃસારતા સમજવાના છે. વિષયનો ઉપભોગ વાસ્તવિક રીતે દુઃખની વાત તો કરી પણ હજી દુઃખના અભાવને પણ સુખ માનનારા કેટલાક છે, તો તે દુઃખનો અભાવ કેવી રીતે સુખનો ભાસ કરાવે છે તે જાણવા જેવું છે.

## દુઃખના અભાવમાં
## સુખ શબ્દનો પ્રયોગ

કેટલાંક મનોહર વિષયોને નહીં; દુઃખના અભાવને જ સુખ માની બેઠા છે! તેઓ બિચારા સમજી શકતા જ નથી કે દુઃખ દુર થવું તે અલગ ચીજ છે અને સુખ પ્રાપ્ત થવું એ અલગ ચીજ છે. પણ ભગવાન જિનેશ્વરદેવોનું શાસન જ્યાં સુધી હૃદયમાં આવતું નથી ત્યાં સુધી આવા ભ્રમો સાચા લાગે છે, અને આવા ભ્રમને દૂર કરવા માટે અમુલ્ય માનવજીવન વેડફી નાંખવાના પ્રસંગો આવે છે. નહીં તો દુઃખના ઓછા થવામાં સુખ માનવાની કલ્પના કેમ થઈ શકે? જરા વિસ્તારથી સમજી લો કે દુઃખનો અભાવ–તેનું ઓછું થવું કે દૂર થવું એ સુખ કેવી રીતે છે?

ટાઇફોઇડનો તાવ આવે છે. જાણો છો ને, ધીમે ધીમે શરીરની ગરમી વધતી જાય. કેટલી વધે છે એ માપવાનું યંત્ર (થર્મોમીટર) મૂકો એટલે ખબર પડે ને? હવે ધીમે ધીમે તાવ વધતો જાય એમ વધતા–વધતા ૧૦૦,૧૦૧,૧૦૨ થઇને ૧૦૬ સુધી પહોંચે. જેમ તાવ વધતો જાય એમ દુઃખ પણ વધતું જ જાયને? ૧૦૦ કરતાં ૧૦૧ ડીગ્રી પર વધારે તેના કરતાં ૧૦૩ ડીગ્રીએ વધારે અને તેના કરતાં ૧૦૪

ડીગ્રી પર વધારે અને ૧૦૫ પછી ૧૦૬ ડીગ્રી થાય એટલે તો બધાંયના જીવ ઊંચા થવા માંડે ! માંદો પડનારો તો 'યમરાજ'ને જોવા માંડે, પણ....જો એ પાંચના ચાર થઈ જાય તો ? બધાંયના મોઢા પર આનંદ આવે ! બિમાર પડનારો ય છૂટકારાનો દમ લે, હવે મરી તો નથી જ જવાનો એમ ખાત્રી થવા માંડે.

જરા વિચારો કે, ૧૦૫ થી ૧૦૪ થયો ત્યારે તેની મનોદશા કેવી હશે, અને ૧૦૩ થી ૧૦૪ થયો ત્યારે કેવી હશે ?

૧૦૩ થી ૧૦૪ થાય ત્યારે કેવું દુઃખ લાગે છે, અને ૧૦૫ થી ૧૦૪ થાય ત્યારે કેવો આનંદ થાય છે ? અને તેમાં ય ડોકટરને લાગતું હોય કે ચાર દહાડા સુધી ફાયદો થાય તેમ નથી અને એક જ દિવસમાં બધું ઠેકાણે પડી જાય તો આનંદની સીમા ન રહે ને ! પણ ૧૦૫ થી ૧૦૪ તાવ થયો કે એક જ દિવસમાં તાવ ઉતરી ગયો તેમાં સુખ કયું મળ્યું ? બસ દુઃખ ઓછું થયું કે દુઃખ ગયું એને જ સુખ સમજ્યાને ?

માલ ખરીદી લીધો અને પછી તમને ખબર પડી કે ભાવ નીચે ચાલી જવાનો છે પણ બજારમાં કોઈને ય તેની ખબર નથી એટલે તમે જે ભાવે લાવ્યા હતાં તે જ ભાવમાં માલ વેંચી નાખ્યો અને બીજા બધાં રહી ગયા. બીજા બધાંને નીચે ભાવે વેચવો પડયો. તમને શું થાય ? "હાશ ! મને ખોટ ન ગઈ, હું બચી ગયો, એમ જ ને ?"

**ત્યારે વિચારો કે તમારૂં સુખ એ કે ભાવિમાં જે દુઃખ આવવાનું હતું તે ન આવ્યું.**

માલ મુદ્દલ ભાવે વેચવો પડયો તેમાં ફાયદો શું થયો ?

પણ જે નુકશાન થવાનું હતું તે ન થયું તેને જ તમે સુખ કહો છો ને !

જે ગાડીમાં બેસીને તમે મુસાફરી કરતા હોય તે ગાડીને કોઈ અકસ્માત નડયો અને તમારા સિવાય બીજા બધાંને નાની–મોટી કોઇપણ ઇજા થઈ અને માત્ર તમે જ બચી ગયા તો શું લાગે ? “વાહ ! હું કેવો બચી ગયો બધાંને નુકશાન થયું છતાં ય આ બંદાને કંઈ ન થયું. એ તો પાપ કરે તેને થાય” આમ કહેતાં અને વિચારતા કેટલો આનંદ મેળવો છો, પણ.... ભલા ભાઈ ! જરા વિચાર કરો કે, આટલો બધો આનંદ માનો છો તો શું મળ્યું ? બધાને દુઃખ આવ્યું અને મને ન આવ્યું, બધાં ફસાઇ ગયા અને હું બચી ગયો આ જ કે બીજું કંઇ ?

હવે, તમારે રસ્તે ચાલવાનો પ્રસંગ કયાંથી હોય. પણ કોઈ વખત પ્રસંગ પડે અને ધાર્યું હોય કે અમુક સ્થળ બે માઈલ કે ત્રણ માઇલ દૂર છે પણ કોઈએ નાનો રસ્તો બતાવી દીધો અને માઈલ ઓછું થઈ ગયું તો એક માઈલ ચાલ્યા છો તેનું દુઃખ પણ ભૂલી જાવ ને ? **માઈલ ઓછું ચાલવું પડયુ તેમાં એટલું તે સુખ કેવી રીતે આવી ગયું કે બે માઈલ ચાલ્યા હતાં તેનું દુઃખ પણ ભૂલી ગયાં.** તમારો એ જ જવાબ છે ને કે આ રસ્તો ન મળ્યો હોત તો એક માઇલ વધારે ચાલવું પડત ને ! બસ ત્યારે એક માઈલ ઓછું થયું એ જ તમારું સુખ છે ? આને તો સુખ કહેવાય કે દુઃખનો અભાવ કહેવાય !

સાચું પૂછો તો અજ્ઞાની ગધેડા જેવી આપણી દશા છે. કુંભારને પૂછજો કે “ તે ગધેડાને કેવી રીતે ચલાવે છે ? ” જો બે મણ બોજો એક ગામથી બીજે ગામ લઈ

જવાને હોય તો કુંભાર પહેલેથી ડબ્બલ બોજો ચડાવીને તેને ઉભો રાખે પછી થોડીવાર થાય એટલે અડધો બોજો ઓછો કરી નાંખે. પેલો ગધેડો અડધો બોજો ઓછો થાય એટલે આનંદમાં આવે ને ? બિચારો 'હાશ' ભાર ઓછો થઈ ગયો એમ માની સીધું-સીધું ચાલવા માંડે. બે મણ ભાર ઓછો થઈ ગયો એટલું દુઃખ ઓછું થયું એમ સમજે છે પણ બે મણનો બોજો માથા પર પડી રહ્યો છે તે સમજી શકતો નથી. આવી રીતે આપણે પણ દુઃખ ઓછું થાય તેને સુખ કહી રહ્યા છીએ. આવા સુખના અનુભવી તમે પૂછો છો કે, " અહીંના જેવું સુખ મોક્ષમાં ખરૂં ? " તે સમયે ખરેખર શાસ્ત્રકારોને એમ જ લાગે છે કે, આ મૂઢ આત્માઓ કેવો પ્રશ્ન પૂછી રહ્યા છે ? જે દુઃખ ઓછું થાય છે કે સુખ પેદા થાય છે એ પણ સમજી શકતા નથી તેવાના પ્રશ્નનો જવાબ શું આપવો ? માટે શાસ્ત્રકારો વારંવાર કહે છે કે, " અહીંના જેવું સુખ મોક્ષમાં છે કે નહીં ? એમ પૂછતા પહેલા અહીં કંઈ સુખ હોય તો તે બતાવો ? " **જે વસ્તુ જ બતાવી નથી શકતા તે વસ્તુના જેવી વસ્તુ લાવવી સમજાવવી કેવી રીતે ?**

## "દુઃખનો અભાવ સુખ હોય તો તમે દુઃખી શાથી ?"

વાંઝણીનો પુત્ર છે જ નહીં તો વાંઝણીના પુત્ર જેવો ગાવાવાળો લાવવો કયાંથી ? કોઈપણ વસ્તુના અભાવને તે વળી કોઇ વસ્તુરૂપે માની શકાય ખરી ? દુઃખના અભાવને જ તમે સુખ માનવું તેવો આગ્રહ રાખતા હો તો તમે દુઃખી છો એવો તમને કદીય અનુભવ જ થવો ન જોઇએ ! કારણકે એક સાથે આવી-આવીને તમને કેટલા દુઃખો આવવાના હતા. બે....ચાર....છ....આઠ....દશ....સો....બસો

હજાર કે લાખ. પણ....શું દુનિયામાં આટલા જ દુઃખ છે? બાકીના બધા દુઃખો આવ્યા નથી માટે તે દુઃખોનો અભાવ તમે અનુભવો જ છો. દુનિયાના બીજા બધાં દુઃખો તો તમને આવ્યા નહીં ને? તો પછી તમે સુખી જ છો.

પણ....વાત તો ઉલ્ટી જ છે. સારૂં રસદાર ભોજન હોય, બત્રીસ પકવાન્ન અને તેત્રીશ જાતના શાક સોનાના થાળી વાટકામાં આરોગ્યા હોય અને ભૂલેચૂકે કોઈક મીઠાઈમાં કડવી બદામ નીકળે, જો આવે વખતે તમને દુઃખના અભાવમાં જ સુખ લાગતું હોય તો કેટલી શાંતિ થાય? "કંઈ નહીં, એક જ બદામ કડવી નીકળી છે ને? બીજી બધી તો સારી હતી ને? કદાચ બધી જ બદામ કડવી નીકળી હોય તો પણ એમ જ વિચારો ને કે, આ બત્રીશેય પકવાન્ન જો રસ વગરના નીકળ્યા હોત તો કેટલું દુઃખ થાત? તેવું દુઃખ તો નથી પડયું ને? માટે હું કેટલો સુખી છું" પણ ત્યાં તો આ બધુંય ભૂલી જવાય છે. ત્યાં આ બધા દુઃખોના અભાવે સુખ નથી અનુભવાતું પણ એક કડવી બદામનું દુઃખ જ હેરાન કર્યા કરે છે.

પુત્ર ન હોય તો કેવું દુઃખ થાય છે? જો દુઃખનો અભાવ જ સુખ હોત તો દુઃખ ન જ થાત ને? કારણકે પુત્ર હોત ને કદાચ બાળપણમાં મરી ગયો હોત તો? પણ છે જ નહીં માટે એવું દુઃખ તો નથી ને? પુત્ર હોત અને નાની ઉંમરમાં મરી ન જાત પણ રોગી થયો હોત, રોગી ન હોત અને સારો હોત–પણ વ્યસની હોત, બાપની કીર્તિ પર પાણી ફેરવે તેવો હોત તેના કરતાં તો નથી તો વધારે સુખી છું તેવો અનુભવ થાય છે? જો દુઃખના અભાવને જ સુખ માનવા બેસો તો કોઈપણ વસ્તુ હોવી એના કરતાં ન હોવામાં

જ વધારે 'સુખ' માનવું પડે ને? છે, એવું માનવાની તૈયારી?

ના, ત્યાં તો છોકરો ન હોય ત્યાં સુધી એમ જ કહેવાના કે. ભાઈ! ગાંડો-ઘેલો પણ છોકરો હોય તો બાપનું નામ તો રહેત ને! અરે! બીજું કંઈ ન કરત તો બાપને દાહ મૂકવાના કામમાં આવત ને! આવી રીતે નથી તેનું દુઃખ થાય છે.

## "શિયાળનો સંતોષ એ છુપો સંતાપ છે"

પ્રશ્નઃ—ભલે દુઃખના અભાવને સુખ માનવું એ ખોટું હોય અને તે વાસ્તવિક સુખ ન હોય પણ જે વસ્તુ નથી છતાં ય તેના વિના સુખ માનીને રહે છે એટલે સંતોષી તો કહેવાય જ ને?

જવાબઃ—વાહ! ભાઇ, વાહ! ખરો તમારો સંતોષ!! આ તો એવી વાત છે કે, 'ભાઇને કોઈ દેનાર ન હોય અને બાઈને કોઇ લેનાર ન હોય' એટલે એક-બીજાને એક-બીજાનું મોઢું જોવું ગમતું ન હોય તો ય પેલો પેલીને કહે કે, 'તું દેવી જેવી છે' અને પેલી કહેઃ 'તમારી તો કાંઇ વાત થાય! તમારી આગળ તો ઇંદ્ર પણ પાણી ભરે!'

ભલા ભાઇ! **સંતોષ તો વસ્તુની ઇચ્છાનો નાશ થાય ત્યારે કહેવાય.** ઇચ્છા ઘણી-ઘણી કરી હોય અને હાથમાં ન આવે પછી કહીએ કે, 'હા....હા.... આપણને તો સંતોષ છે. જે મળે તે ચાલે.' પણ.... મળે નહીં પછી સંતોષ ન કરે તો શું સંતાપ કરે? સંતાપ કરે પણ મળે શું? એટલે છેવટે સંતોષ પર આવવું પડે. પણ તેવા

સંતોષમાં તો સંતાપનો ભારેલો અગ્નિ છે. અને....તેથી જ મળવાની જરા આશા બંધાય એટલે બધું ઊંચું મૂકાય જાય છે.

જોષી કહે કે, "કોઇ રીતે તમારા નશીબમાં પુત્ર છે જ નહીં." ત્યારે કહે કે, "ઠીક ભાઇ! આપણુને છૂટા રહેવામાં ખૂબ સંતોષ છે." પણ.... જ્યાં કોઈ ટીપ્પણું લઇને આવે ને કહે કે, "ના, તમને પુત્ર થાય એવું છે. પણ જરા ગામની બહાર દેવ છે એની પૂજા કરો તો બધું ય થઈ જાય" તે વખતે સંતોષને કયાંય ખીંટીએ મૂકી દો છો.

ગુરુમહારાજ કહે, "ભાઈ! નશીબમાં હશે તો મળ્યા વિના નહીં રહે, શા માટે મિથ્યાત્વી દેવોની પાછળ પડો છો?" ગુરુના શબ્દ કાનમાં ન જાય તો વળી ગળે તો શું ઉતરવાના હતા? વળી ગુરુમહારાજ કહે, "અત્યાર સુધી તો કહેતા હતા ને કે આપણુને તો આવી જ જીંદગી ગમે છે, છોકરાવાળાને કેટલી ઉપાધિ હોય. એ બધું ભૂલી ગયા?" મોઢે તો શું કહે પણ મનમાં વિચારો કે, "મહારાજને શું ખબર પડે કે બાપ બનવામાં કેવી મઝા છે, એ તો ન થવાના હોય ત્યાં સુધી એમ જ કહેવાય ને!" આનું નામ સંતોષ નહીં પણ શિયાળના જેવી લુચ્ચાઈ કહેવાય....આત્મવંચના કહેવાય.

એક શિયાળભાઈ જંગલમાં ગયા. સરસ મઝાનો દ્રાક્ષનો માંડવો જોવામાં આવ્યો. જોતાં–જોતાં એવી તો ખાવાની ઇચ્છા થઈ ગઈ કે હજી તો દ્રાક્ષ વેલ પર છે અને શિયાળનું મોઢું પાણીથી ભરાઇ ગયું. બસ....હવે તો કૂદકો મારવાની જ વાર છે ને! માર્યો કૂદકો એક....બે....અને ત્રણ ચાર....પાંચ વાર કૂદકો માર્યો પણ દ્રાક્ષ તો એટલી ઉંચી

હતી કે કંઈ હાથ આવે એવું ન હતું. આખરે શિયાળ-ભાઈએ વિચાર્યું, આ દ્રાક્ષ તો કંઇ હાથમાં આવે તેમ લાગતું નથી અને ફોગટમાં જેટલી વાર કૂદુ છું એટલી-વાર પગ પછડાય છે એ જુદા. જો વધારે કૂદવા જઈશ તો દ્રાક્ષ તો દૂર રહેશે પણ પગ તો ચોકકસ ભાંગશે.

પણ....કરે શું ? જીભ તો એવી ભીની થઇ ગઇ હતી કે પગને તોડીને ય શાંત થવા ઈચ્છતી હતી. પણ શિયાળ-ભાઈ એટલે તો લુચ્ચાઈમાં એક નંબરના. જીભલડીને સમ-જાવે છે " ગાંડી! આમાં તો શું મોહાય છે ? આ તો ખાટી છે. ખાઇશ તો ય કંઈ આનંદ નથી આવવાનો નાહક શા માટે લલચાય છે?" આમ જીભને સમજાવી મલકાતા-મલકાતા ચાલ્યા. હું કેવો ડાહ્યો છું જો પાછો ફર્યો ન હોત તો જીભ ખાટી થઈ જાત. કેવા દુઃખમાંથી બચી ગયો !

શું આને તમે સંતોષ કહેવા માંગો છો ? ' દ્રાક્ષ ખાટી છે, ' એ વિચારવાનો સમય કયારે હતો ? કૂદકો મારતા પહેલાં કે પછી ? અને કૂદકો માર્યા પહેલાં જ ખબર હતી કે દ્રાક્ષ ખાટી છે, તો કૂદકો માર્યા શા માટે? દ્રાક્ષ ઝાડ પરથી નીચે પડી નથી, ચાખી નથી, છતાં ય કેવી રીતે નકકી કર્યું કે ખાટી છે.

' મલી નહીં એટલે જ ખાટી છે એમને ? '

**આમ જેને સંસારના વિષયો લેની ઇચ્છા હોવા છતાં ય ન મળે અને તે વિચાર કરે કે, હા હું કેવો સુખી છું તો તે સંતોષ નથી પણ કોઈના પર રોષ કાઢવાનો રસ્તો મળતો નથી માટે આત્માના દોષનો પોષ કરવાનો મેલો ઘોષ ( અવાજ ) છે. સાચા અર્થમાં કહીએ તો એ સંતાડેલો સંતાપ છે.**

**સાચો સંતોષ તો ઇચ્છાના ત્યાગમાં છે.** પણ આપણે તો અહીં એ જ વિચારવાનું છે કે, દુઃખનો અભાવ, કે જે કોઇ રીતે સુખ નથી તેમાં પણ મોહાંધ બનીને આપણે કેવી રીતે રાચી રહ્યા છીએ !

## નૈયાયિક મૂર્ખતા

આ તો નૈયાયિકના જેવી મૂર્ખતા છે કે પ્રકાશના અભાવને અંધકાર માનવો. ન્યાયદર્શનકાર કહે છે કે, પ્રકાશનો અભાવ જ અંધકાર છે. અંધકાર જેવું કોઇ તત્વ છે જ નહીં. એને પૂછવામાં આવે કે શા માટે પ્રકાશનો અભાવ અંધકાર છે? તો કહેશે કે પ્રકાશ ન હોય ત્યાં જ અંધકાર હોય છે. તો અંધકાર એવું જુદું દ્રવ્ય શા માટે માનવું ? પ્રકાશ નથી તેનું નામ જ અંધકાર.

આપણે સૌથી પહેલાં તેને એ પ્રશ્ન પૂછવો જોઇએ કેઃ—

ઘડો નથી ત્યાં ઘડાનો અભાવ ?

માણુસ નથી ત્યાં માણુસનો અભાવ ?

પટ (કપડું) નથી પટનો અભાવ ?

આ બધા સ્થળે ઘટનો અભાવ. પટનો અભાવ, એવો જ શબ્દ પ્રયોગ વપરાય છે. તેમના માટે કોઇ સ્વતંત્ર [ અભાવીય પ્રતિયોગિતાના ભાન વિનાનું ] પદ છે જ નહિં.

અર્થાત્ પ્રકાશના અભાવનું જેમ અંધકાર નામ છે તેને છોડીને બીજો કોઇ એવો અભાવ બતાવી દો કે જેનું આવું સ્વતંત્ર નામ હોય. આવું [ અભાવીય પ્રતિયોગિતાના

ભાન વિનાનું ] સ્વતંત્ર પદ જ સૂચવે છે કે, 'અંધકાર એ પ્રકાશનો અભાવ નથી પણ એક સ્વતંત્ર જ દ્રવ્ય છે.

વળી તેની એવી માન્યતા છે કે અંધકારને કોઈ જાતના રૂપ–રસ–ગંધ કે સ્પર્શ વિગેરે ગુણો છેજ નહીં માટે અંધકાર નામનું કોઈ દ્રવ્ય નથી. પણ.... આ માન્યતા પણ ખોટી છે. તેનામાં પણ રૂપ.–રસ,–ગંધ. સ્પર્સ વિગેરે ગુણો છે પણ તે એટલા બધાં અસ્પષ્ટ હોવાથી કે લગભગ જ્યાં અંધકારજ હોય એવો પ્રદેશ આપણા અનુભવમાં આવતો નથી હોતો, માટે આપણને સ્પષ્ટ ખ્યાલ આવતો નથી કારણ કે રાત્રે અમાશની ઘોર રાતે પણ તારાઓનો પ્રકાશ તો હોય છે જ. પણ આપણે સ્પષ્ટ રીતે જોઇ શકતા નથી માટે અંધકાર છે તેમ કહીએ છીએ.

પણ....જેમ કેરીમાં ખટાશ અને મીઠાશ બંને એક જ કેરીમાં, એક જ સાથે, એક જ વિભાગમાં નથી રહેતી પણ ખટાશ જ રૂપાંતર થઇને મીઠાશમાં પરિણમે છે. તેમ પ્રકા–શના પુદ્ગલો જ રૂપાંતર થઇને અંધકારમાં પરિણમે છે. માટે આપણને એમ લાગે છે કે પ્રકાશનો નાશ થઈ ગયો. પણ ખરી રીતે તો પ્રકાશ જ અંધકારમાં પરિણિત થઈ ગયો હોય છે. માટે સમજો કે જેનું સ્વતંત્ર અભાવીય પ્રતિયોગિતા નિર્દેશ વિનાનું નામ હોય છે તે પદાર્થ કોઈના અભાવરૂપ હોઇ શકતો નથી. **'સુખ' એ સ્વતંત્ર ચીજ છે. માટે દુઃખના અભાવરૂપ ન હોઈ શકે.**

હવે તમે જ વિચાર કરો કે, આવા ખોટા ભ્રમ પાછળ તમે કેવા–કેવા પ્રયત્ન કરો છો ? માત્ર દુઃખ દૂર થાય કે ઓછું થાય તેમાં ય સુખ માનીને કેવા ઘેલા બની જાવ છો ? આવી ઘેલછામાં ફસાયેલા તમે પૂછો કે અહીંના

જેવું સુખ મોક્ષમાં છે ખરૂં ? ત્યારે શાસ્ત્રકારોને તમારા પર દયા આવે કે બીજું કંઈ થાય ? તેથી તો કહે છે કે, "સંસારમાં સુખ હોય તો બતાવો. ?" અર્થાત્ ખરેખર તો તેઓ એમ કહેવા માંગે છે કે તમે સુખ શું છે એ સમજ્યા જ નથી. પછી 'અહીંના જેવું સુખ ત્યાં છે ?' એવ પ્રશ્નનો જવાબ તમને આપે પણ કેવી રીતે?

## પૂણ્યોદયમાં સુખ શબ્દનો પ્રયોગ

ઠીક; હજી પણ એક એવો સ્થૂલ પદાર્થ છે જ્યાં આપણે સુખ શબ્દનો પ્રયોગ કરીએ છીએ. અને છતાં ય ત્યાં સુખ તો નથી જ. પણ સુખની ભ્રાંતિ તો અવશ્ય છે. અને એ છે પુણ્યોદયના પ્રભાવે મેળવેલી મનગમતી સમૃદ્ધિ ત્યાં સુખ શબ્દનો જોરદાર પ્રયોગ જોવામાં આવે છે. દુનિયાના બધાં વિષયોને કે દુઃખના અભાવને સુખ કહેવું એને તો ઉપચાર કહેવા હજી કોઈ તૈયાર થાય !

પણ, મનગમતી પરિસ્થિતિ–મનગમતા સ્વજનો આંખ જોતાં ધરાય નહીં તેવું રૂપવાળી સ્ત્રી મળી હોય....હાથ લગાડતા તો મન ઉંચુ–નીચું થઈ જાય તેવા સ્પર્શવાળા ગાદી–તકીયા....દુનિયામાં જેની કોઇને ગંધ ન મળી હોય તેવા મઘમઘતા અત્તરના ફુવારાઓ ઘરમાં ઉડતા હોય.... રોજ નવા–નવા દેશમાં થયેલા નવા–નવા સ્વાદના ભોજન મળતા હોય.... મનુષ્યને નહીં પણ પશુઓને પણ મુગ્ધ બનાવી દે તેવા સંગીતના મીઠા સ્વરો હરરોજ ઘરમાં ગુંજી રહે તેવી સગવડ હોય....વિનયી પુત્રો હોય....વફાદાર નોકર વર્ગ હોય....સાવિત્રી જેવી સતી પત્ની હોય....હાથી–ઘોડાની કતારો લાગેલી હોય....ઇચ્છા રસ્તા પહેલાં અનુ–

પ વૈભવ પ્રાપ્ત થઈ જતો હોય....આવા સુખને અમે મનો ભ્રમ કહીએ તો તમે માની લો ખરા ?

તમને એમ જ લાગેને આને તો વળી સુખનો ભ્રમ કહેવાય ? આ તો ખરેખર સાચું સુખ જ છે ! પણ.... ભલા ભાઈ! આ બધા તમારા માની લીધેલા પોતાના જ પુણ્યે મળેલા તમારા મનગમતા સુખોનો તમે કદી વિચાર પણ કર્યો છે ખરો કે, 'આ બધાં ખરેખર સુખ છે કે પછી તમને દુઃખમાં ખેંચી જવા માટે સુખનો બુરખો પહેરીને આવેલા ઠગારાઓ છે.' એ ખરેખર સુખ નહીં પણ દુઃખનું એક જુદી જાતનું સ્વરૂપ છે. પહેલાં પાંચે ય ઇન્દ્રિયના મનગમતાં વિષયોનો વિચાર કરો કે તે કેવી રીતે સુખ છે ગમે તેવો આનંદ આપનારું રસવાળું ભોજન હોય.... રૂપાળી યુવાન પત્ની હોય....વારાંગનાઓ નાચ-ગાન કરી રહી હોય....સંગીતની મહેફિલ જામી હોય....મઘ-મઘાયમાન ઊંચી જાતના અત્તરોના ફૂવારા ઊડી રહ્યા હોય.... મનને મસ્ત બનાવી દે તેવો ધૂપ સળગી રહ્યો હોય....ફૂલ કરતાં પણ હલકા અને મુલાયમ લાગે તેવા વસ્ત્રો પહેર્યા હોય....એટલે કહો કે પાંચે ય ઇન્દ્રિયોના સંપૂર્ણ વિષયો તમને ઘેરી વળ્યા હોય. પણ....આ જ વખતે તમને ખબર પડે કે તમારૂં નાનું બાળક એકદમ બિમાર થઈ ગયું છે. તો આ બધું સુખ, સુખ લાગે કે કપૂરની માફક દુઃખ થઇને ક્યાંય ઊડી જાય !

એક નહીં પણ પાંચે ય ઇન્દ્રિયોના વિષયો એક સાથે મળ્યા હોય છતાં ય આવી દશા થાય તો શું સમજવું ? જો ઇન્દ્રિયોના વિષયમા મનગમતા રૂપ-રસ-ગંધ અને સ્પર્શમાં સુખ આપવાની તાકાત હોય તો માત્ર એક પુત્રની

બિમારીના સમાચારમાં શું આટલી તાકાત છે કે તમારા બધાં વિષયોનું સુખ દુઃખમાં ફેરવી નાંખે ? પુત્રની બિમારીની વાત તો દૂર રાખો પણ તમને પોતાને જ આવા રંગ રાગના સાધનોમાં બેઠા હોવા છતાં ય પેટમાં દર્દ થવા માંડે તો આ રંગ–રાગ કેવા મધુર લાગે ? કહો તે વખતે મીઠું લાગતું ભોજન અને સંગીત રૂપાળી સ્ત્રી અને મુલાયમ વસ્ત્રો બધું ય ઝેર જેવું લાગે.

આમ કેમ થતું હશે, તેનો કદી વિચાર કર્યો ? તમને દુઃખ થાય છે કે, તમારા દીકરાને દુઃખ થાય ત્યારે તે બધા વિષયના રંગરાગ દુઃખ લાગે છે. પણ તેની વાત જવા દો આવા રંગ–રાગમાં હોય ત્યારે ખબર પડે કે, પેઢીમાં એવી ખોટ આવવાની છે કે જેથી બે–ચાર લાખ સાથે ખલાસ થઈ જાય તેવી પરિસ્થિતિ છે, તો આવા રંગ–રાગને છોડીને દુકાને નાસો કે ત્યાં જ બેસી રહો ?

એક માત્ર ધન ચાલ્યું જશે તેની કલ્પનામાં કેટલું દુઃખ આપવાની તાકાત છે કે ક્ષણવારમાં તમારા પાંચે ઇન્દ્રિયોના સુખને નમાલું બનાવી દે છે. પાંચ–પાંચ ઇન્દ્રિયોના વિષયો ભેગા થયા છતાંય એક આટલું દુઃખ ભુલાવી શકતા નથી, તો તેનામાં સુખ આપવાની તાકાત કેટલી અને તે સુખ કેવું ?

જો ગરમી આવવા છતાં ય ઠંડી લાગતી રહે, શરીર કંપતુ રહે, તો તે વળી ગરમી કહેવાતી હશે ?

## પુણ્યોદય પણ પરાધીન

તમે પોતે જે આજે પુણ્ય કરો અને આજે જ તમને તેનું ફળ મળી જાય તેવી તાકાત તમારામાં ખરી ? પુણ્યના

ઉદયને તમે એમ કહી શકો ખરા કે હમણાં તો એક પુણ્યનો ઉદય ચાલે છે, માટે બીજા પુણ્યના ઉદયની હમણા જરૂર નથી માટે થોડું થોડું ઉદયમાં આવજે !

જ્યારે મળે છે ત્યારે તો ચારે બાજુથી સમૃદ્ધિ મળવા માંડે છે. પણ જ્યારે જરૂર પડે છે ત્યારે કોઇપણ પુણ્ય મદદે આવતું નથી બધા એકી સાથે જ વિદાય લેવા માંડે છે ને ? ત્યારે મનગમતાં વિષયોની પ્રાપ્તિ થાય તે પણ પુણ્યની મારફતે જ ને ? તમારો તેના પર કોઈ સીધો તો કાબુ નહીં જ ને ? અને જેના પર આપણો કાબુ ન હોય તેના પર ભરોસો રાખીએ તો તે વસ્તુ આપણને આધીન થયેલ કહેવાય કે આપણે તેને આધીન થવું પડ્યું કહેવાય ? જે મનગમતા વિષયની પ્રાપ્તિ માટે તમે ઝંખતા હો તો પણ તમારે આધાર તો પુણ્યકર્મ પર જ રાખવો પડે ને ? અને પુણ્ય કર્મ તમારા કહ્યા પ્રમાણે ફરે નહીં માટે ઇચ્છા કરીને ગમે તે પ્રકારના સુખ ભોગવનાર માટે પરાધીનતાનું દુઃખ તો ખરું ખરું ને ખરું જ.

**જગતમાં પણ કહેવાય છે કે સ્વાધીનતા જેવું કોઈ સુખ નહીં અને પરાધીનતા જેવું કોઈ દુઃખ નહીં.**

તમારી પોતાની જ મિલ્કત તમે કોઇને ત્યાં કે બેંકમાં વ્યાજે મૂકી હોય અને તમને તરત ને તરત જોઈએ ત્યારે મળી શકે ખરી ? ના, આપવાવાળાને સમય હોય, સગવડ હોય. તેની દાનત બગડી ન હોય તો તમને પાછી મળે નહીં તો નાહીં જ નાખવાનું થાય ને ? સમજો કે તમારી રકમ એ ચોપડામાં જમા કરી તે પહેલાં જ તે મરી ગયો તો તમારી રકમની શી દશા થાય ? તેના વારસદાર પ્રમાણિક હોય તો

પરખાવે નહીં તો કંઈ નહીં.

કદાચ કોર્ટ ચડીને કેસ કરીને પાંચ-સાત વર્ષે મેળવો તોય પાંચ–સાત વર્ષ સુધી તમારે પૈસો એ જ મોજ કરેને? અને તમારે તમારી પોતાની મૂડી હોવા છતાંય ફાંફા મારવાનાને? માટે જ તો તમે કંઇ બધાંય પૈસા વ્યાજે થોડા મૂકી દો છો? અને મૂકો છો તેમાં કંઇ તમારી પાસે રહે એ ગમતું નથી માટે થોડા મૂકો છો, પણ વ્યાજે મૂકયા હોય તો વધ્યા કરે એ લોભથી મૂકવા તૈયાર થાવ છો, અને મૂકતા પહેલાં કેટલી તપાસ કરો છો, મૂકયા પછી પણ કેટલી જાગૃતિ રાખો છો. જરાક ખબર પડે કે જયાં પૈસા મૂકયા છે તે પેઢી ઊંચી–નીચી થઇ તો ધોતિયું પકડીને પૈસા લેવા દોડી જાવ ને? આ બધી સતામણી શા માટે? તમારા પૈસા છતાં ય બીજાને આધીન શા માટે?

સમજો કે તમને વારસામાં વાડીલાએ બધી સંપત્તિ લખી આપી છે. બધું જ તમારા નામ પર થઇ ગયું છે. છતાં ય તિજોરીની ચાવી જો બુઢ્ઢાના હાથમાં જ હોય, ભલે પછી તમારે જોઈતું હોય તેટલું અને તેવું મળતું હોય તોય તમારા દિલમાં રહેને કે મારા નામ પર કર્યું છે તો ય બુઢ્ઢો શા માટે છોડતો નથી? કયારે મરી જાય અને કયારે ચાવી મારા હાથમાં આવે, એવી જ મનોવૃત્તિ પેદા થાય ને? ત્યારે શું મનગમતા વિષયો સ્વાધીન છે?

**વીજ પરાધીન હોય તેનાથી પણ સુખ પ્રાપ્ત થતું હોય તો દુનિયાની બધી વસ્તુઓ તમારી જ એમ સમજીને, આનંદ મેળવોને, નકામી વસ્તુ પ્રાપ્ત કરવાની ઝંઝટમાં શા માટે ઉતરો છો?**

પ્રશ્નઃ—જે આપણું નથી તેને કેવી રીતે આપણું મનાય?

ઉત્તર :—જેમ પુણ્ય પર પણ તમારો અધિકાર નથી છતાં ય તેના ઉદયે મળતી વસ્તુને તમે તમારી પોતાની માની શકો છો તેમ બીજાને આધીન વસ્તુ પર પણ તમારો અધિકાર નથી તોય તમને તમારી માનવામાં શું વાંધો છે?

ન્યાય તો બધે સરખો જ હોય ને? તમારા પુણ્ય પર તમારું નિયંત્રણ નથી છતાં ય એને તમે તમારું પોતાનું સમજી શકો છો. તેમ દુનિયાના બધા ય વિષયો ભલેને ગમે તેની માલિકીના હોય તેને તમારા સમજો તો ય શું વાંધો છે? વળી, મનગમતી વસ્તુઓના સંયોગ માટે જેમ તમારે યોગ્ય પુણ્યોદયની જરૂર છે તેમ જે વસ્તુનો સંયોગ ઇષ્ટ હોય તેનો પણ સ્વભાવ જોવો પડે ને? અને તમને જે પાત્ર ઈષ્ટ હોય તેનો ય પુણ્યોદય જોવો પડે છે. માટે કહો કે, કેવલ તમારા જ પુણ્યના ઉદયને મનગમતી વસ્તુનો સંયોગ આધીન છે તેમ નહીં પણ બીજી પણ પરાધીનતાઓ છે.

વિચારો કે, ઘડપણ કોને પ્યારું લાગે છે. પણ તીર્થંકરોને છોડીને માનવ-દેહમાત્રની હાલત શું છે? ગમે તેવું પુણ્ય જાગતું હોય તો પણ શરીરમાં રહીને લાંબો કાળ ગાળવો હોય તો ઘડપણ સ્વીકાર્યા વિના છુટકો જ નહીં.

તેવી રીતે ગમે તેવો પુણ્યશાળી પણ મનુષ્યનો દેહ ધારણ કરવા ચાહતો હોય કે ધારણ કરે તો માતાના ઉદરના દુઃખ સહ્યા વિના તેનો છૂટકો જ નહીં. માટે જ પુણ્યોદય હોય તેટલા માત્રથી જ ઈષ્ટ વસ્તુ કે સ્થિતિનો સંયોગ થઈ ન શકે.

વળી કોઈને એવું હોય કે ચોમાસાની સીઝન ન ગમતી હોય, તો કોઈને શિયાળો ન ગમતો હોય, કોઈને

ગરમી આકરી લાગતી હોય તો કોઈને રાતનું અંધારું જ સારું લાગે. ત્યારે કોઇને સૂર્યોદય–સૂર્યાસ્તનો સમય મીઠો લાગે પણ બપોર પડે તે ન ગમતું હોય તો, શું ગમે તેટલો પુણ્યોદય હોય તો ય તેને મનગમતું જ રહે ને, ન ગમે તે ન આવે તેવું બને ખરું ?–કદી નહીં.–

**માટે પરાધીનતા એ પરાધીનતા જ છે. અને પરાધીનતાને સુખ કહેવું એ પણ બુદ્ધિની હીનતા છે, જ્ઞાનની ક્ષીણતા છે અને જ્ઞાનીઓને પણ દીનતા–કરુણા કરવી પડે તેવી પરિસ્થિતિ છે. માટે ગમે તેવા પુણ્યોદયવાળાને પણ અમુક પ્રકારના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–સંયોગોને મનગમતા કરવા જ પડે.**

આનાથી પણ વધુ પરાધીનતાની ભયંકરતા તો ઇષ્ટ વ્યકિતના સંયોગોની પ્રાપ્તિમાં અનુભવાય છે. પુત્રના લાભની ઇચ્છા કરો એ તો સમજો કે તમારા પુણ્યથી બન્યું પણ....તેના પૂર્વના જન્મના ખરાબ કર્મો લઇને આવ્યો હોય તો દુર્ગુણનો દરિયો જ નીકળે. આને તમારી ઇચ્છા મુજબ સુધારવામાં તમારું કંઈ ચાલે નહીં. એવી ભવિતવ્યતા ન સુધરે અને પૂર્વના કોઈ સારા સંસ્કાર કે પુણ્ય ઉદયમાં ન આવે ત્યાં સુધી તેનામાં ફરક પડે જ નહીં.

વિચારો કે, તમારું પુણ્ય કદાચ જાગૃત હોય છતાં ય સામેવાળો આત્મા એવો પાપકર્મી હોય કે સુધરે જ નહીં, તમને ગમતો હોય તેવો થાય નહીં તે વખતે કેવી પરાધીનતા અનુભવાય છે. છોકરો મારો છે એમ કહેતાંય. હૃદયમાં તેના દુર્ગુણો જોઈને દાઝ ઉપડે છે, પણ થાય શું ? આ તો સંસારનું સુખ !

આપણા પોતાના ય નહીં, બીજાના પુણ્યનો પણ

આધાર રાખવો પડે. કેટલાય બિચારા ફરિયાદ કરવા આવે છે: “ મહારાજ સાહેબ ! છોકરાને કેટલાય પ્રેમથી ઉછેર્યો, હવે તે મોઢું જોવાય ઇચ્છતો નથી. એવી ખરાબ લતમાં લાગી ગયો છે કે મા–બાપ મરે છે કે જીવે છે તેની ચિંતા નથી કરતો ! આ છોકરાને મા–બાપ પર પ્રેમ રાખતો કરવો એ એકલા મા–બાપના પુણ્યની વાત થોડી જ છે !

કેટલાય વિનિત પુત્રો ફરિયાદ કરે છે કે, મા–બાપની જોઇએ તેવી ચાકરી કરીએ છીએ છતાં ય મા–બાપને અમારા પર પ્રેમ નથી. એમની કંઇ જ સંભાળ ન રાખનાર ઉદ્ધત છોકરાઓ પર પ્રેમ છે. એકદમ ઉદ્ધત છોકરા પરથી પણ પ્રેમ ઉતારવો એ માત્ર ડાહ્યા છોકરાને પોતાની પુણ્યથી થોડું જ બનવાનું હતું. તે ઉદ્ધત છોકરાનો તે વિષયનો પુણ્યોદય પ્રબળ હોય અને મા–બાપને પૂર્વજન્મના મોહના સંસ્કાર તેના માટે એવા રૂઢ થઇ ગયા હોય કે તે પુત્રને છોડી જ ન શકે. ત્યાં બિચારા વિનિતપુત્રના પુણ્યમાત્રથી જ શું થાય ? આનું નામ જ મનગમતાની પ્રાપ્તિમાં પરાધીનતા !

આખી દુનિયામાં કોઈનેય ન મળે તેવી રાણી રાજા પરણી લાવ્યો. પણ તે ઇચ્છે કે રાણી મારામાં જ રકત રહે....સદાચારી રહે, પણ.... પેલીના કર્મો એવા વાંકા હોય અને કોઈ ત્રીજાના પુણ્ય એવા જાગતા હોય તો રાજા ગમે તેટલી ઇચ્છા કરે કે મારી પત્ની સદાચારી જ રહે તો ય સફળ ન થાય, હવે આ માત્ર રાજાના જ પુણ્યોદયની વાત થોડી છે.

રાજાની રાણી હોવા છતાં ય અસંતોષમાં જીવનારી કેટલા પાપ લઈને આવી હોય. રાજા ભર્તૃહરિને એટલે જ

તો બધાને ધિક્કાર આપવો પડયો ને ? ભર્તૃહરિ તેની પત્નીમાં રકત, તેની પત્ની મહાવતમાં ઘેલી બનેલી, મહાવત વેશ્યા પાછળ પડેલો. આમ મનગમતા સ્વજનોનો યોગ એ તો સંસારમાં મહાદુર્લભ ચીજ છે. કારણ તેમાં માત્ર પોતાનો જ પુણ્યોદય કામ કરે છે તેવું નથી. જે પાત્રને તે ઇચ્છે છે તેનો પણ પુણ્યોદય કે પાપોદય જોવો પડે છે.

પ્રશ્નઃ–વ્યવહારમાં તો એમ કહેવાય છે ને કે અનુકૂળ સ્વજનો ન મળે એ આપણો પાપોદય ?

જવાબઃ–બરાબર છે; તમારો પાપોદય તો ખરો જ તેમાં ના નહીં. પણ તેમ સામેના પાત્રનો પણ પાપોદય નહીં તેમ તેમ ન જ કહેવાય.

તમારો પ્રબળ પુણ્યોદય હોય તો પણ તેવી અયોગ્ય વ્યકિત પ્રત્યેના તમારા અત્યંત રાગના કારણે તમારો પુણ્યોદય પણ પાપોદયમાં ફેરવાઇ જાય માટે જ વિચારવાનું છે કે, બધાં પુણ્ય પણ એવા વફાદાર નથી હોતા કે ગમે તેવા પાપોદય સામે પોતાનો પ્રભાવ ટકાવી શકે કે પાપોદયમાં ન પલટાઈ જાય. આખરે પુણ્ય પણ છે તો પરાયું જ ને, અને જે પરાયું છે તેને બદલાતા વાર શી ? જયારે પુણ્ય પોતે પણ બદલાઈ જાય તેવું છે તો તેના નિમિત્તે મળતા મનગમતા વિષયો અને વ્યક્તિઓ તો કયાંથી આપણા હાથમાં રહે ?

જો આપણું જ પુણ્ય આવું પલટાઇ જાય તેવું હોય તો વળી આપણે જે વ્યકિત પર મમત્વ બાંધ્યું હોય તેને સુખી જોવાની ઝંખના કરીએ તો કેવી પરાધીનતા થઇ કહેવાય? માણસ ઘણું ય ઇચ્છે છે કે, તેની હયાતિમાં પુત્રનું મરણ ન જ થાય પણ તેનું ગમે તેટલું પુણ્ય હોય છતાં ય

પેલો આયુષ્ય મર્યાદિત લઈને આવ્યો હોય એટલે સમય થયે ઉપડી જ જવાનો ને? આવા 'પરાધીન' સંબંધ પાસેથી શું સુખ મળી શકે? આ પરાધીનતા તે સુખ કે દુઃખ? જો આવી પરાધીનતા એક દુઃખ જ હોય તો સંસારમાં સુખ કયું છે તે તમે બતાવી શકો તેમ છે?

## પુણ્યોદયની શાસ્ત્રીય વિચારણા

આ તો બધી વ્યવહારની વાતોથી પુણ્યોદયની વિચારણા આપણે કરી. હવે શાસ્ત્રીય ભાષામાં–કર્મગ્રંથની ભાષામાં તેનો થોડો વિચાર કરીએ. તમે શાસ્ત્ર જાણતા હો તો ખબર પડે કે પુણ્ય કોને કહેવાય અને 'પાપ' કોને કહેવાય. પણ....શાસ્ત્ર કોને જાણવા છે....કોને સાંભળવા છે....શાસ્ત્રમા પુણ્ય એ કોઈ એક જ જાતનું કર્મ નથી. અનેકાનેક જાતના કર્મોને પુણ્યકર્મ કહેવાય. રૂપવાન થવાનું પુણ્ય જુદું છે, અને સારો સ્વર હોવાનું પુણ્ય જુદું છે....ધનવાન બનવાનું પુણ્ય જુદું છે અને ધનને ભોગવવાનું પુણ્ય જુદું છે.

મમ્મણની પાસે ધન મેળવવાનું પુણ્ય હતું પણ તેને ભોગવવાનું પુણ્ય ન હતું. માટે જ તો બિચારો ચોમાસાની રાતે ચંદનના લાકડાં ખેંચતો હતો. ઘરમાં સોનાથી બનેલા અને ઝવેરાતથી જડેલા બબ્બે બળદ હોવા છતાં ય જરા ય સુખનો શ્વાસ ખેંચી નહોતો શકતો. ઘણાં ય ધનવાનને ધન મળ્યું હોય છે પણ જીભ રોગથી એવી થઇ ગઇ હોય છે કે સ્વાદ આવે જ નહીં ખારૂં ખાય તો ય ખબર ન પડે અને ખાટું ખાય તો ય સમજ ન પડે. અને સ્વાદ કરવાનું તો મન થયા જ કરે!

કહો, ત્યારે તેવા રોગી આત્માને તો બધાંને ખાતાં જોઇને અને સ્વાદના વખાણ કરતાં સાભળીને બળ્યા જ કર-

વાનું ને? 'મારી પાસે આટલું છે છતાં ય હું ભોગવી શકતો નથી. આના કરતા તો ન મળ્યું હોત તો સારૂં! દેખવું ય ન પડત અને દાઝવું ય ન પડત.' બોલો ત્યારે **દેખાડી દેખાડીને દઝાડે એ પુણ્ય, એ પુણ્ય છે કે પાપ છે?**

બધાં જ પુણ્યોદયો પાંગળા છે એકબીજાને એકબીજાની સહાય મળે તો જ તેમાંથી ક્ષણિક અને આભાસ જેવા પણ સુખ મેળવવાની આશા છે. નહીં તો તે પુણ્યોદય જ પાપોદય થાય. પાપોદય કહેવાય તેવું થાય. કંજુસ જેટલો બદનામ થાય એટલો ભિખારી ન થાય. ભિખારીને જોઈને કોઇને દયા પણ આવે પણ ચીંકણા લેંટ જેવા કંજુસને કોઈ દુઃખી જુએ તો દયા ન આવે. ઉપરથી કોઇ સંભળાવે ખરા કે, "તું એ જ દાવનો છે." તો વિચારો કે કંજુસ છે એટલે પાસે ધન તો છે જ ને? અને ધન તો પુણ્યથી મળ્યું પણ ભોગવવાનું કર્મ ન હોવાથી ભોગવી ન શકાય. એટલે તે જ ધન મેળવવાનું પુણ્યકર્મ અપકીર્ત્તિ અપયશ–પાપનું નિમિત્ત બન્યું આવા 'નિરાધાર' પુણ્યોદયને આપણે સુખ માની બેસીએ તો કેવી દશા થાય? માટે વિચારવું કે જે પુણ્યોદયની પાછળ આપણે ગાંડા થઇને પડયા છીએ તે ગાયનું પૂછડું નહીં પણ ભેંસનું પૂછડું છે.

ગાયના પૂછડાંને પકડીને નદી ઉતરતા હોય તે ઉતરી શકે. કારણકે તે વચમાં બેસી જાય એટલે પૂછડું પકડનારો એ જ પાણીમાં ફસાઈ જાય. શાસ્ત્રમાં જણાવ્યું છે કે, કોઇપણ વસ્તુની પ્રાપ્તિ ત્યારે જ થાય કે "લાભાંતરાય" કર્મનો ક્ષયોપશમ થયો હોય જો લાભાંતરાય કર્મનો જોરદાર ઉદય હોય તો એક રાતી પાઈ પણ ન મળી શકે. પણ મેળવ્યા પછી–ભેગું કર્યા પછી ભોગાંતરાય કે ઉપભોગા-

ન્તરાય કર્મનો જોરદાર ઉદય આવી ગયો હોય તો તે મેળ-વ્યા છતાં....આખની સામે દુનિયાના વૈભવો હોવા છતાં ય તમે ભોગવી ન શકો. વળી સમજો કે લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ છે. સાથે ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મનો ક્ષપોપશમ છે. છતાં ય તેની સાથે જો વીર્યાતરાય કર્મનો ક્ષપોપશમ છે. ભળે નહીં તો વિષયો હાજર હોવા છતાં ય....ભોગો ભોગવવાની યોગ્ય શકિત હોવા છતાં ય તે ભોગો ભોગવી રહ્યા હોય તો પણ તેને ભોગવવાનો ઉત્સાહ પ્રગટે નહીં. ભોગવી રહ્યા હોય છતાં ય એ સ્વાદ અને મડદાલ જેવા લાગે. ગમગીનીનો અનુભવ થાય. આ ત્રણે ય ભેગા થયા હોય પણ તેમાં જો જોરદાર અશાતા-વેદનીયનો ઉદય આવી ગયો, અથવા શાતાવેદનીયે આવીને સહકાર ન આપ્યો તો આ બધું હોવા છતાં ય નિષ્ફળ !

અશાતાવેદનીયથી પેદા થયેલાં રોગ અને વેદના આ બધાં ય પુણ્યોદયને નકામા કરી નાંખે. આ બંધુ ય ત્યાં સુધી જ કે જ્યાં સુધી આયુષ્યકર્મરૂપ પુણ્ય પોતાના ટુકડો–ટુકડો પ્રતિક્ષણે વેરતો જતો હોય. બીજા પુણ્યો તો એવા છે કે આ ભવમાં બાંધીએ ને આ ભવમાં ઉદયમાં આવી શકે. અથવા આ ભવમાં તે પુણ્યકર્મોને વધારી પણ શકાય. પણ....આયુષ્ય નામનું પુણ્યકર્મ તો એવું છે કે તેને તે જ ભવમાં બાંધીને તેને તે જ ભવમાં ભોગવી જ ન શકાય....કે તે ભવ માટે તેને વધારી પણ ન શકાય. એટલે એટલું તો નક્કી જ કે–**આયુષ્યકર્મ જે આ ભવમાં વધારી ન શકાય તેવું છે. તેમાંથી ટૂકડો–ટૂકડો ઓછો થતો જ જવાનો અને પુરું થાય એટલે**

**અહીં મેળવેલું...જમાવેલું...દબાવેલું...ઝુંટવેલું... જકડી રાખેલું રાજ્ય-રાચ-રચીલું અને રમણીય સામગ્રીઓ મૂકીને ચાલી જવું પડે !**

## સુખનો સ્વાદ તો પાપથી જ લેવાય

કેટલા-કેટલા પુણ્યકર્મો ભેગા મળે ત્યારે એક વિષયનું સુખ આપણને કંઇક પ્રાપ્તિ કરાવવા-કંઈક સુખ જેવો ભાસ કરાવવા લાયક બને ! પણ હજી ય આ બધાં પુણ્યોથી સુખો મળ્યા હોય તે છતાં ય તમે જેને સુખનો સ્વાદ કહો છો તે તો રતિમોહનીયના ઉદયથી છે. તે જ્યાં સુધી ઉદયમાં ન આવે.ત્યાં સુધી સુખનો સ્વાદ ન જ આવે. સુખની મોજનો અનુભવ કરાવનાર રતિમોહનીય છે. આ રતિમોહનીય એ નોકષાયમોહનીય કર્મનોભેદ છે. :અને નોકષાય મોહનીયનો ક્ષપોપશમ હોય જ નહીં. તેથી જ્યારે તેનો ઉદય થાય છે ત્યારે જ આત્માને કંઇક મસ્ત થઇ જવાય તેવો અનુભવ થાય. પણ....જાણો છો કે તે રતિમોહનીય એ કર્મરાજ મોહનીયકર્મનો મહાન સેનાની છે. ' મોહનીય ' એટલે આત્માનો અનાદિકાળનો મહાન શત્રુ તેના સેનાનીરૂપ રતમોહનીયનો ઉદય થાય તો જ સુખમાં મસ્તી આવે, પણ તે રતિમોહનીયનો ઉદય એટલે પુણ્ય નહીં પણ ભયંકર પાપનો ઉદય !

નવતત્ત્વ કે કર્મગ્રંથ જાણો છો ? અઘાતિકર્મની પ્રકૃતિઓ શામાં આવે ? પુણ્યમાં કે પાપમાં ? ઘાતિકર્મોનો ઉદય પુણ્ય કે પાપ ? નવતત્ત્વ કર્મગ્રંથ વિગેરે શાસ્ત્રોના મતે પાપપ્રકૃતિ છે. એટલે કહો કે સંસારનું સુખ એવું ભયંકર છે કે ચારેબાજુથી પુણ્યોદય ભેગો થયો હોવા છતાં ય

તેમાં રતિમોહનીયના ઉદયરૂપ પાપકર્મ ન ભળે તો તે સુખની મસ્તી ન પ્રગટે. અર્થાત્ **તમે જેને સુખ કહી બેઠા છો તે ત્યારે જ તમને પ્રાપ્ત થાય કે જોડે પાપનો ઉદય પણ ભળે!** આ તે પુણ્યની કેવી પામરતા છે કે તેમાં પાપનો ઉદય ભળ્યા વિના તેનો સ્વાદ ન માણી શકાય! પુણ્યોદયથી પ્રાપ્ત થતાં સુખોની આનાથી વધારે ખરાબી બીજી શું હોઈ શકે?

પણ....શાસ્ત્ર કોણ જાણે છે? રતિમોહનીય અને અરતિમોહનીયની વાતો કરવા માંડીએ એટલે ઝોકા ખાવાની શરૂઆત થઈ જાય. પણ શાસ્ત્રને જાણો તો ખબર પડે કે 'પુણ્યોદય'–'પુણ્યોદય' કરીને ઉંચાનીચા થયા કરીએ છીએ પણ પુણ્યોદય પોતે કેવો પરાધીન છે તેનો ખ્યાલ કર્યો? વળી જે વખતે પુણ્યોદયથી મેળવેલ વિષયના સુખમાં મસ્ત બની રહ્યા હોઈએ છીએ ત્યારે શું પાપોદય આપણને ઘેરી નથી વળ્યો હોતો? પણ આવા વિચારો કોને આવે?

શાસ્ત્ર જાણતો હોય; કર્મપ્રકૃતિઓને આંગળીના વેઢા પર નહીં પણ હૈયામાં સવારથી સાંજ સુધી ઘોળ્યા કરતો હોય તેને! કર્મપ્રકૃતિઓને જાણનાર સમજે છે કે વિષયના સુખો શુભ એવા અઘાતિકર્મના ઉદયે મળેલા છે. પણ જ્યાં સુધી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીયની પ્રવૃત્તિઓનો ક્ષય નથી થયો ત્યાં સુધી પ્રતિક્ષણ આ બધાંનો ઉદય ચાલુ. રહેવાનો આ ઘાતિકર્મોનો ઉદય એટલે મહાપાપનો ઉદય. અઘાતિકર્મના ઉદય કરતાં ઘાતિકર્મના ઉદયથી થયેલા પાપનો ઉદય અનંતાનંતગુણો ખરાબ છે.

જ્યાં આવી પરિસ્થિતિ હોય ત્યાં જે સુખો માત્ર શુભ અઘાતિકર્મના ઉદયથી, તે ય કહેવાય તો શુભ, પણ....તેનો

સ્વાદ તો અઘાતિકર્મો ભેગા થાય ત્યારે મળે, તેમાં સુખ શું ? માટે પુણ્યોદયથી મળેલી સામગ્રી અને વિષયસુખમાં પણ સુખ શબ્દનો પ્રયોગ કરવો એ ખોટો જ છે. આવા ખોટા પ્રયોગથી મોહને સોટો ન મારી શકાય, પણ રોજ ને રોજ આત્મગુણોનો તોટો (ખોટ) વધતો જ જાય !

હજી સુધી પુણ્યોદયથી મળતાં મનગમતાં વિષયોની નિઃસારતાને ભવોભવમાં ચાલતી તેની કારમી ભયંકરતાનો આપણે વિચાર કર્યો જ નથી. તમે જ વિચાર કરોને કે આ વિષય પર વિચાર અને વિવેચન કરવા બેસીએ તો પાર આવે ખરો ! કહો કે અનાદિકાળથી હજી સુધી પણ સંસારમાં અથડાતા–કુટાતા ફરી રહ્યા છીએ એ જ ઈન્દ્રિયના સુખની ભયંકરતાનું જીવતું–જાગતું જ વિવેચન છે ને ! આટલું બધું સાંભળ્યા પછી પણ તે વિષયના સુખોને છોડવાનું મન ન થાય એના જેવું પ્રત્યક્ષ ઈન્દ્રિયના સુખે પેદા કરેલું મૂઢતાનું ઉદાહરણ બીજુ કયું છે.

અનંત ઉપકારીઓએ ફરમાવેલ અનંત પ્રાણીઓના કલ્યાણનો રસ્તો છોડીને ચાર ચિંથરા અને ઢીંગલા–ઢીંગલીને (છોકરા–છોકરીને) મારા–મારા કરીને માનવજીવનને નિષ્ફળ કરવાનો પ્રસંગ આવે તે કયાં સુખની ભયંકરતા છે ? આ સુખોની ભયંકરતા એટલી ઉત્કટ છે કે, જાગતા તો ઠીક પણ ઉંઘમાં ય માણુસને હેરાન કરી મૂકે છે તો પછી બીજા ભવમાં તો શું ન કરે !

## "સંસારના સુખના ઉધામા ઊંઘમાં પણ હેરાન કરે છે"

જગલો નામનો એક કણબીનો છોકરો હતો. ૩૨ વર્ષનો થયો ત્યાં સુધી કોઇ તેના માટે પૂછવા જ ન આવે. જગલો તો જુએ કે ભગલો આજે મંડાયો....છગલો મંડાવાની તૈયારીમાં છે....મગનો તો ચાર વર્ષથી મંડાઈ ગયો છે. મારાથી નાના બધાંય મંડાઇ ગયાં છે પણ હજી મારૂં કંઇ ઠેકાણું પડતું નથી. વર્ષ તો પકડયે કંઈ થોડા હાથમાં રહેવાના હતાં. જોતજોતામાં ૩૦ વર્ષનો થઈ ગયો, પણ હજી તો કંઈ વાત સંભળાતી નથી. બિચારો એવો તો થઈ ગયો છે કે કોઈનું લગ્ન થતું જુએ કે સાંભળે ને અંદરથી લાલચોળ થઇ જાય. પણ સગાવ્હાલાને ત્યાં લગ્ન હોય એટલે જવું તો પડે ને!

મામાના છોકરાના લગ્ન કરવા જગલાભાઈ ઉપડ્યા તો ખરા, પણ....અંદરની દાઝ કોને કહે! મામાનો છોકરો ૧૮ વર્ષે પરણી ગયો ને ૩૦ વર્ષનો જગલો એમ જ રખડે છે. એટલે હૈયામાં તો એવી દાઝ છે કે ન પૂછો વાત! પણ જેમ તેમ કરીને હસતે મોંઢે બધું પતાવ્યું. કોઇ પૂછે, "કેમ જગાભાઇ! હવે તમારે ક્યારે ઘોડે ચડવું છે?" ત્યારે જગાભાઈને તો માથા પર ડામ જેવું લાગે પણ કરવું શું? આ તો સંસાર છે. મોંઢા પર લોહીની લાલી ન હોય તો ચપાટ મારીને ગાલ તો લાલ રાખવો પડે ને! એમાં કંઈ થોડો છુટકો છે!

એટલે બહાદુરીથી કહે, "અરે! વાહ! કેટલાંય પૂછવા આવે છે પણ આપણે કંઈ ઉતાવળ કરીએ એવા થોડા છીએ. બરાબર મળશે ત્યારે વાત. આપણે ઉતાવળેય

શું !” પણ...અંદરથી તો એવો બળતો હતો કે ઘોડાં પર બેસવાની ધૂન લાગી છે અને એ ધૂનમાં ને ધૂનમાં ઓટલા પર જ સૂઈ ગયો. વાહ ! પછી તો પૂછવાનું શું ! સ્વપ્નમાં પોતાના લગ્નની ધામધુમ–તૈયારીઓ જુએ છે. ફુલેકુ (વરઘોડો) ચઢવાની તૈયારીઓ ચાલી રહી છે. સાજન–માજન આવી ગયું–ગીતો ગવાઇ રહ્યા છે. જગલાભાઇ પણ ઘોડાની નજીક આવી ગયા છે. બસ, હવે કૂદકો મારીને ઉપર બેસવાની જ વાર છે.

પછી તો જગલાભાઈએ ઊંઘમાં જ સાચેસાચ માર્યો કૂદકો. પણ બિચારા ઘોડા પર ચઢવાના બદલે ઓટલા પરથી નીચે પડી ગયા. ઘોડા પર ન ચઢી શકયા, પણ ઘોડા ( પગનાં ઢીંચણ ) તો જરૂર ભાંગ્યા, લોકો ભેગા થઈ ગયા ને જગલાભાઇ તો પોક મૂકીને રડવા માંડયા !

આ સુખોની ભયંકરતા સ્વપ્નમાંય ભારે પડી જાય તેવી છે. તો જાગતાં–જાગતાં ભોગવનારની તો શી દશા થશે ? આ ભવમાં તો કદાચ ખબર નહીં પડે પણ આવતો ભવ કેવો કાઢવો પડશે ? ભલે આ ભવમાં મોહરૂપી મદિરાના નશા સાથે પુણ્યોદય હોવાથી દુઃખનો કંઇ અનુભવ નથી થતો પણ જેવો નશો ઉતરશે કે પુણ્યોદય ખલાસ થશે કે બીજા ભવમાં ખબર પડશે કે કેવાં–કેવાં દુઃખો ભોગવવા પડે છે.

આમ ‘ સુખ ’ શબ્દનો જ્યાં પ્રયોગ થાય છે તે ત્રણે ય અર્થોમાં એટલે કે દુન્યવી પદાર્થોમાં–વિષયોમાં....દુઃખના અભાવમાં....અને પુણ્યકર્મના ફળથી મળેલ ઇષ્ટ સામગ્રીમાં ....બધે ય તે સુખ શબ્દનો પ્રયોગ ઉપચારથી છે. એ જોઈ ગયા. માટે હવે તમારૂં દુનિયાનું કોઇ સુખ એવું રહ્યું

**નથી કે જેને આગળ કરીને તમે પૂછી શકો કે, ‘આવું સુખ મોક્ષમાં મળે ખરૂં’ ?**

મતલબ કે, અહીંનું કોઈપણ સુખ એ સાચા સુખનો નમુનો પણ નથી. અને મોક્ષ એ તો સાચા સુખનું ધામ છે. માટે અહીંનો નમુનો આગળ કર્યા વિના પૂછો કે મોક્ષમાં કેવું સુખ ? અથવા તો સાચું સુખ કેવું હોય ? પણ અહીંના સુખનો નમુનો આગળ ધરીને મોક્ષનું સુખ આવું છે કે નહીં ? એ તો ચોરની પલ્લીમાંથી કોઈને ઊભો કરીને કોઇ સારા માણુસને, કોઈ ચોર પૂછે કે, ‘આના જેવો શાહુકાર તમારા ગામમાં છે કે નહીં ?’ એના જેવી વાત થઈ. પેલા સારા માણસને જવાબ આપવો હોય તો એમ જ કહેવું પડે ને, ‘ભાઈ! શાહુકાર પૂછો તો તે કેવો હોય તે કહું પણ આના જેવો શાહુકાર એમ તો કેવી રીતે કહેવાય ? કારણ કે આનામાં તો શાહુકારનું કોઇ લક્ષણ દેખાતું જ નથી.’ આમ અમે પણ મોક્ષનું સુખ શું છે? તેનું વર્ણન કરી શકીએ પણ અહીંના જેવું સુખ ત્યાં છે કે નહીં ? એમ પૂછો તો મુંઝવણમાં જ મુકાવું પડે ને ?

આપણે અત્યાર સુધી એના જ વિચાર કરી ગયા છીએ ને કે, અહીંનું સુખ એ માત્ર કહેવાનું જ સુખ છે પણ ખરેખર સુખ નથી. **ત્યારે હવે કબુલ કરો કે અમે મોક્ષનું સુખ સમજવાં તેને સંસારના સુખની સાથે નહીં સરખાવીએ તો મોંઢે તો હા, હા; પાડશો કે મોક્ષે જવું છે, પણ અંદરથી મોક્ષે જવાની સાચી ઇચ્છા પ્રગટ જ નહીં થાય.**

## "સાચો મોક્ષાભિલાષી સંસારના સુખને દુઃખ જ માને"

ખબર છે કે, મોક્ષનો તીવ્ર અભિલાષ સમ્યક્ત્વ હોય તો જ પેદા થાય. અને સંસારના સુખને જ્યાં સુધી સુખ માને ત્યાં સુધી મોક્ષનો તીવ્ર અભિલાષ પ્રગટે જ નહીં.

સમ્યકત્વના પાંચ લક્ષણોની ખબર છે કે નહીં? તેમાં સંવેગ નામના લક્ષણની ખબર છે? શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

**"નર વિબુહેસર સુખં દુખં ચિય મન્નઇ।"**

રાજા અને ઈન્દ્રના સુખને ખરેખર દુઃખ માને ત્યારે સમ્યકત્વ આવ્યું કહેવાય. લક્ષણ ન હોય તો તે વસ્તુ લક્ષ્ય છે તેમ કહેવાય નહીં. માટે શાસ્ત્રકારોએ તો મોક્ષની અત્યંત લાલસાવાળાઓ માટે સંસારનું સુખ એ દુઃખ છે તેમ માનવાનું કહી જ દીધું છે. માટે જ આ મોક્ષના સુખનો ખ્યાલ કરાવતા પહેલાં સંસારના સુખના વાસ્તવિક સ્વરૂપનો આપણને ખ્યાલ નથી તે વાત સ્પષ્ટ કરી. જો સંસારના સુખના વાસ્તવિક રૂપનો આપણને ખ્યાલ હોય તો અહીંના જેવું સુખ મોક્ષમાં છે કે નહીં? તેવો પ્રશ્ન થાય નહીં! સમ્યગ્દૃષ્ટિ આત્માની સંસારના સુખ પ્રત્યે કેવી દૃષ્ટિ હોય છે તે બતાવતા સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજ તો ત્યાં સુધી કહે છે કે—

**ત્યગાંનાતિલક નિષ્ઠુર વજ્રદીપ્તૌ,**<br>
**શક્રે સુરૌઘમુકુટાર્ચિતપાદપીઠે,**<br>
**તિર્યક્ષુ ચ સ્વકૃતકર્મક્લેશરેષુ**<br>
**ત્વદ્વાક્યપૂત મનસાં ન વિકલ્પખેદ ॥**

તારા વાક્યથી જેના મન પવિત્ર બનેલા છે, તેવા સમ્યગ્દૃષ્ટિ આત્માઓને ન તો ઇંદ્રપદની પ્રાપ્તિ થઇ હોવા છતાં ય 'હું સુખી છું' એવો ઉન્માદ પ્રગટ થાય છે ન તો તિર્યંચયોનીમાં પણ આપણું વિચાન પામેલ આત્માને તે ગતિના દુઃખો ઉદ્વેગ પમાડી શકે છે.'

આ વાત સિદ્ધ જ છે કે, મોક્ષના સુખને અર્થાત્ સાચા સુખને સમજવું છે તો ખોટા સુખને છોડવું પડશે જ !

## ભ્રાંતિ છોડો-ક્રાંતિ કરો-શાંતિ મેળવો

વ્યવહારની એક સામાન્ય વાત લો ને. તમને પડિક્કમણાના કોઈ સૂત્રનો અક્ષર ખોટો મોંઢે ચડી ગયેલો હોય તો તે ખોટો અક્ષર બોલવાનો છોડો ત્યારે જ નવો અક્ષર ઉચ્ચારી શકે, કે તે પહેલાં ? પછી સારો અક્ષર બોલવાનો અભ્યાસ વધારતા જાવ તો એક દિવસ તમે શું ખોટું બોલતાં હતાં તે યાદ રહે નહીં. અને બરાબર શુદ્ધ અક્ષરનું ઉચ્ચારણ થાય.

આમ પહેલાં ભ્રાંતિને છોડીએ નહીં તો આપણી દિશામાં ક્રાંતિ થાય નહીં અને આપણી દિશામાં ક્રાંતિ થાય નહીં ત્યાં સુધી સાચી શાંતિની પ્રાપ્તિ પણ થાય નહીં. માટે પહેલા સંસારનું સુખ ખોટું છે એમ માનો તો મોક્ષનું સુખ સાચું છે તેમ સમજાય.

જો તમે પણ સંસારના સુખની પોકલતા....વિપરીતતા.... અને દુઃખજનકતા....ન સમજ્યા હોત તો મોક્ષનું સુખ સમજાવતી વખતે ય પેલાં ગામડીયા જેવો પ્રશ્ન તમને ય થયો હોત !

## મોક્ષમાં શું મળે ? હોકો મળે ?

એક ગામડિયા ઉપર ગુરૂ મ.ને ખૂબ દયા આવી ગુરૂ મ.ને કંઇક લાયકાત દેખાઈ હશે, એટલે ઉપદેશ આપવાનું મન થયું. ઉપદેશમાં મોક્ષના સુખનું વિસ્તારથી વર્ણન કર્યું અને કહ્યું કે, "જો મોક્ષમાં જવું હોય તો ધર્મ કર." ત્યારે પેલાએ તેની ભાષામાં પૂછયું: "મહારાજ બધું મોખમાં હશે ! પણ એક વાત પૂછું ?" ગુરૂ મહારાજ વિચારે કે, વાહ !' ગામડીયા ભાઈને પ્રશ્ન પૂછવાનું મન થયું છે. ગુરૂ મહારાજ કહે, "શું કામ નહીં. એક નહીં એકવીશ પ્રશ્ન પૂછોને, અમને તો પૂછનારો મળે તો શેર લોહી ચઢે !"

**સાચા ગુરૂઓને... ગીતાર્થ ગુરૂઓને... પ્રશ્ન પૂછનારા મળે તો આનંદ થાય. અને અગડમ્ બગડમ્ કરીને પાટ પર ચઢી બેઠા હોય તેને પ્રશ્ન કરનારો શ્રાવક મળે તો "છુ" થઈ જવાનું મન થાય અને 'છુ' થઇ જવાના સંજોગો ન હોય તો મગજ તો 'છુ' થઇ જ જાય. પ્રશ્ન કરનાર પર ગુસ્સો ચડે.**

આ ગામડીયા ભાઇ પૂછે: "મહારાજ ! હું ધર્મ કરું એ ય હાચી વાત ને મારે મોખમાં જવું શે એ ય હાચી વાત ! પણ....તંઇકને હુકકો ગઠગડાવાને મલહે કે નહીં ?" ગુરૂમહારાજ વિચારે આ ડોબાને શું જવાબ આપવો, આખી દુનિયામાં એને હોક્કો જ સૌથી સારો લાગ્યો. બંગલા-મોટર મળશે કે નહીં ? એમ પુછતો હોત, તો તો કંઈક ઠીક....પણ....બિચારાને હોક્કાની કેવી લત લાગી હશે કે બધું છોડવા તૈયાર થાય છે છતાંય હોક્કાનો મોહ છુટતો

નથી. ગુરુમહારાજ શું કહે, "ભાઈ! હોક્કો તો ત્યાં પીવાનો ના હોય."

હજી આગળ કંઈ કહે તે પહેલાં તો ગામડીયો ભાઈ દોરી–લોટો લઇને કહે, "મારો હારો હોક્કો ન મળે તો હું મહાણમાંય નો જાઉં. મોખની મારે હું માંડવી શે?"

આવું ગામડીયા જેવું તો નહીં કહોને? બધુંય સમજાવ્યા પછી આવી ગાંડી વાતો કરશો તો નહીંને? નહીં તો ત્યાં તો ગામડીયો ભાગી ગયો, પણ અહીં તો અમારે જ તમારાથી ભાગી જવું પડશે!

## મોક્ષના સુખનું વર્ણન

ઠીક, હવે આપણે એ વિચારીએ કે મોક્ષમાં સુખ કેવું છે? પણ આ વિચારતા પહેલાં એ વિચારી લેજો કે મોક્ષ એટલે શું? ત્યાં આત્મા કેવો? કેવા સ્વરૂપે રહે છે.

(૧) માત્ર આત્મા સિવાય બીજું કશું ત્યાં મોક્ષમાં ન હોય.

(૨) ત્યાં આત્માને સૂક્ષ્મ કે સ્થુલ કોઇ પણ શરીર ન હોય!

(૩) કોઈપણ ઇંદ્રિયો ન હોય.

(૪) કોઈપણ પ્રકારની ઈચ્છાઓ પેદા ન થાય.

(૫) ત્યાં આત્માના મુખ્ય ગુણો જ્ઞાન અને દર્શન હોય.

(૬) ત્યાં આત્મામાં સ્થિરતારૂપ ચારિત્ર તેમજ અનંતવીર્ય હોય. મતલબ એ આત્માં જ્યાં રહ્યો છે તે મોક્ષના સ્થાનમાંથી જગતની કોઇ પણ સત્તા કે પદાર્થ તેને ત્યાંથી જરા પણ વિચલિત ન કરી શકે.

(૭) એ આત્માને ત્યાં રહેવા માટે કોઇ સ્થાનની આવશ્યકતા નથી. અર્થાત્ તે આત્માને ત્યાં સ્થિરતા કરી છે તેમ કહેવાય. પણ એ આત્માએ ત્યાં એ જગ્યા રોકી છે તેમ ન કહેવાય.

(૮) આ આત્માનું નિવાસસ્થાન ચૌદ રાજલોક ઉપર છે. આટલી મુખ્ય વસ્તુઓનો વિચાર કરશો તો ત્યાં શું સુખ છે. તે સ્પષ્ટતાથી સમજાઈ જશે.

## મોક્ષમાં જ્ઞાન હોવાથી અનંત સુખનો પ્રવાહ વહ્યા જ કરે છે

ક્ષણભર માટે તમે કલ્પના કરો કે તમે કોઈ સુંદર બગીચામાં ગયા છો, તે વખતે તમને માત્ર તે દૃશ્યો જોતાં જ કોઈ આનંદ આવી ગયો છે. ત્યાં એકાએક કોઈ ચિંતા થઈ જાય. એકદમ જ યાદ આવી જાય કે ઘરની ચાવી ક્યાં છે ? તો તે વખતે એ સુખ ચાલ્યું જ જાય ને ? પણ....વિચારો કે તમને એ વિચારે દુ:ખી કેમ કર્યા ? કારણકે ચાવીની તમને ચિંતા હતી માટે જ ને ? એટલે કોઈપણ પરાધીન વસ્તુએ તમારું (અપેક્ષાથી) સ્વાધીન એવું દૃશ્યો નિહાળવાનું સુખ લુંટી લીધુંને ! પણ તમને એવું જબ્બર પુણ્ય મળ્યું હોય, સમજો કે દેવતા તમારી સેવામાં હાજર હોય અને તમારી ઈચ્છા થતાંની પહેલાં જ તમે વિચારતા હો તે વખતે હાજર કરતો જ જતો હોય તો કેવો આનંદ આવે ?

કદાચ તમને એમ લાગે કે, બગીચામાં ઊભા-ઊભા પગ થાકી જાય તો પણ દેવ તમને એવી જ સહાય કરે કે તમે થાકો જ નહીં. કદાચ તમને એમ લાગે કે ભૂખ લાગે.

તો પણ દેવ એવી યોજના કરે કે તમને ભૂખ જ ન લાગે. તો એ દ્રશ્ય જોવાનો તમને કંટાળો આવે ખરો ? કદી જ નહી. કારણ કે જોવાનો સ્વાધીન આનંદ ચાલુ જ છે, અને વચમાં કોઈ આડખીલી કરનાર નથી. માટે એ સુખનો અંત આવે તેમ નથી.

કદાચ બહુ લાંબી કલ્પના કરીને કહો કે, 'એ દ્રશ્યો બધાં ખલાસ થઈ જાય....નાશ થઈ જાય....તો શું કરવું ?' પણ ધારો કે એ દ્રશ્યોનો નાશ થતો જ ન હોય તો તો તમારું સુખ ચાલ્યા જ કરેને ? હજીય આગળ વધીને કહો કે, 'જોતાં-જોતાં કંટાળો આવે તો તે સુખ ચાલી જાયને ?' કંટાળો આવે તો તો થાકી જવાય એ વાત ખરી પણ કંટાળો જ ન આવે તેવું હોય તો તો આનંદ ચાલ્યા જ કરે ને ? હજીય આગળ પ્રશ્ન કરો ને કહો, 'પણ મૃત્યુ આવે ત્યારે તો બધું સુખ બંધ થઈ જાય ને ?' પણ.... હું કહું છું મૃત્યુ પણ ન આવે તેવું હોય તો શું ? તો તો એ સુખનો પ્રવાહ ચાલ્યા જ કરે એમ માનશોને ?'

જો આવી રીતે સુખપ્રવાહનો અંત આવે એવો ન હોય તો સમજો કે મુક્તિમાં પણ આવો સુખપ્રવાહ ચાલ્યા જ કરે છે.

કારણ કે મોક્ષમાં સર્વજ્ઞપણું હોવાથી જ્ઞાનથી સારાય વિશ્વના ત્રણે કાળના પદાર્થો દેખાયા જ કરે છે. આ દ્રશ્યો જોતાં જેમ દૃષ્ટાંતમાં કહ્યું કે, કોઈ દેવતા તમારી બધી જ ઇચ્છા પૂરી કરે, તેમ અહીં મોક્ષમાં મોહનીયકર્મ ન હોવાથી ઇચ્છાઓ થવાની જ નથી ! વળી ત્યાં દેહ છે જ નહીં એટલે આનંદ પ્રવાહને તોડનાર ભૂખ-તરસ-ઊંઘ કે થાક કશું ય નથી.

વળી ત્યાં આયુષ્યકર્મ નથી એટલે જીવન પુરું થઈ જશે, તેવો કોઈ ભય પણ નથી. કારણકે ત્યાં તો શાશ્વત જીવન છે. વળી અહીં તો તમે એક જ દૃશ્યની કલ્પના કરી કે, તે જોતાં જો આવો આનંદ આવે તો સારાય જગત્‌ના બધા જ પદાર્થના દૃશ્યો જોતાં કેવો અને કેટલો આનંદ આવે! અમુક અપેક્ષાએ તો જ્ઞાન એ જ આનંદ હોય છે. સાધુજીવનમાં મસ્ત સંયમીઓને તો આ પ્રત્યક્ષ અનુભવ છે. શ્રુતજ્ઞાનના અર્થી શ્રાવકોમાં પણ સ્વાધ્યાય પ્રેમ હોય તો થોડે ઘણે અંશે તેઓ પણ તે જ્ઞાનસુખનો અનુભવ કરી શકે છે.

## ભામતી ટીકાકાર ભટ્ટજીનો જ્ઞાનાનંદ

જૈન શાસનને પામેલા હોય તેવા આચાર્યભગવંતોને છએ દર્શનનો અભ્યાસ હોવો જોઇએ. એમાંય પ્રભાવક આચાર્યોને તો વિશેષ રીતે અભ્યાસ કરવો જોઇએ. **વેદ-આધારિત** દર્શનોના જુદા જુદા ગ્રંથો છે. આ ગ્રંથો પર મહાપંડિત વાચસ્પતિજીની ટીકાઓ છે તેમનો જ્ઞાનરસ પણ અનુમોદનીય છે. તેમણે લગ્ન કર્યું તે જ દિવસથી **વેદઆધારિત** વિવિધ ગ્રંથો પર ટીકા લખવાનું આરંભ કર્યું. તેમની પત્ની ભામતી ચતુર હતી. ચતુર જ નહીં પણ પતિવ્રતા અને પતિના ધર્મકાર્યમાં પોતાનો સ્વાર્થ હોમી દે તેવી સમર્પિત હતી. તેને થયું ભટ્ટજી આજે જમવા બેઠા છે પણ તેમનું ધ્યાન જમવામાં નથી. ભામતી વિચારે છે કે હું શું પીરસું છું તેમાં ધ્યાન નથી. પીરસનારી એવી મારામાં શું ભાવના છે તે જોવા ય આંખો ઊંચી થતી નથી એટલે ચોકકસ તેમનું મન કોઇ મહાન કાર્યમાં લાગ્યું છે. દુનિયાની દૃષ્ટિએ આવો માણસ કશામાં ખોવાઈ ગયો છે તેમ કહેવાય છે. પણ **વાસ્તવિક રીતે જે કોઈ મહાન ચીજમાં ખોવાઈ ન જાય તેને મહાનતાની પ્રાપ્તિ થતી નથી. અર્થાત્ લોકમાંથી ખોવાયા વિના અલૌકિક કશુંજ જડતું નથી.**

બીજે દિવસે ભામતીએ એક આકરી પરીક્ષા કરી. ભોજનના સમયે ભોજન તો પીરસ્યું પણ મીઠા વિનાની દાળ મોં'માં જતાંજ 'થું–થું' થાય તેવી. પણ ભટ્ટજીને ખબર જ નથી પડતી કે દાળમાં મીઠું છે કે નહિ? ભામતીએ નક્કી કર્યું આ પતિદેવ ભટ્ટજી તો ખોવાઈ ગયા છે. **જેને જમતાં રસની ખબર ન પડે એ ક્યાં તો જીભના રોગી હોય ક્યાં તો યોગી હોય.** ભામતીએ વિચાર્યું મને ય ભૂલીને, જીભના સ્વાદને ભૂલીને જે ખોવાઈ ગયા છે તેને પાછા તો બોલાવવા નથી, પણ ક્યારે પોતાની મેળે પાછા ફરશે તે ખબર તો રાખવી પડશે ને? અને તેને રોજ મીઠા વિનાની દાળ આપવા માંડી. દિવસો.... મહિનાઓ....અને વર્ષો વીત્યા. તે રીતે બે–પાંચ નહિ બાર બાર વર્ષો વહી ગયા. એક દિવસ ભટ્ટજી જમવા બેઠા....અને તરત ફરિયાદ કરી.... "અરે! આ તે કંઈ દાળ છે? મીઠું જ નહિં?" ભામતીએ શાંતિથી કહ્યું:" મીઠું તો આ પનું ખૂટી ગયું છે, દાળમાં તો આજે નહિ પણ બાર વર્ષથી નહોતું નંખાતું...." વાત એમ હતી કે તે દિવસે જ ભટ્ટજીનું કાર્ય પુરૂં થયું હતું. ભટ્ટજી તો પત્નીની આ સમજ અને સમર્પણ પર મુગ્ધ થઈ ગયા. તેમણે પોતાની તમામ ટીકાઓનું નામ '**ભામતી**' ટીકાઓ જ રાખ્યું.

જરા તો વિચારો કે, મિથ્યાજ્ઞાનના રસમાં પણ મિથ્યાજ્ઞાનીઓ જીભના રસને બાર વર્ષ સુધી જીતી શકે તો મોક્ષમાં, જ્યાં સંપૂર્ણ જ્ઞાન છે ત્યાં કેવું સુખ હશે? મહામુનિ શોભનમુનિ પણ જ્ઞાનમાં એવા ગરકાવ થઈ ગયા હતા કે શ્રાવિકાએ રોટલીને બદલે તવો વ્હેરાવ્યો તેની પણ ખબર ન પડી. જ્ઞાનનો આનંદ અનુભવીને દુનિયાના તમામ વૈષયિક અને સાંસરિક સુખોને અવગણના

કરી શકે તેવા કેટલાય મહાપુરુષો હોય છે તો કેવલજ્ઞાનના આનંદનું પૂછવું જ શું ? મોક્ષના આ મહાસુખના ભોગી ક્યારે બનાશે ? સિદ્ધના અજોડ સુખની વિચારણા ઠઠ બંને માટે આ જ વિષયને આપણે ઘણી-ઘણી રીતે વિચારવાનો છે. જેવી રીતે જ્ઞાનનો આનંદ અવિરત રીતે મોક્ષમાં છે તેમ સ્વતંત્રતાનો, સ્વાધીનતાનો, ક્ષમાના ચરમ વિકાસનો પરમઆનંદ પણ સિદ્ધના જીવોને છે....છે અને છે. દરેક વાત તમારા મગજમાં બરાબર બેસાડતા જશો તો મોક્ષનું સુખ તમને પ્રત્યક્ષ જેવું જ લાગવા માંડશે.

## મોક્ષમાં સ્વતંત્રતાનું પરમ સુખ છે

એક પક્ષીને પણ પાંજરામાં રહેવાનું પસંદ નથી. તે પણ ઇચ્છે છે કે પોતાની ઇચ્છા મુજબ તે વનમાં મુક્ત વિહાર કરે. નાના છોકરાને ય તેના હાથમાં થોડા પૈસા આપવા પડે છે ને ? એ ય પોતાની ઇચ્છા-મુજબ ખર્ચ કરવા ઇચ્છે છે. એ પણ એમ ઇચ્છે છે કે કમાવવાની બાબતમાં-મેળવવાની બાબતમાં હું પરાધીન હોઉં તો પણ સને વાપરવાની સ્વતંત્રતા-સ્વાધીનતા હોવી જોઇએ. પહેલાના જમાનામાં રાજા-મહારાજાઓ યુદ્ધમાં પકડાઈ જાય તો તેને મારી ન નાંખતા, પણ એક રાજાને શોભે તેવી રીતે તેની બધી સારવાર જીતેલો રાજા કરે. ખબર છે ને ઉદાયી રાજાએ ચંડપ્રદ્યોતને જીવતો પકડેલો પણ રસોઇ તો જે ઉદાયી માટે થતી તે જ ચંડપ્રદ્યોત માટે થતી. પર્યુષણના વ્યાખ્યાનોમાં આ બધું વર્ણન આવે છે. પણ અહીં તો આપણે એટલું જ સમજવાનું છે કે રાજા-મહારાજાઓ હારેલા છતાં ય તેમને પોતાના જેવા દબદબાથી જીતેલા રાજાઓ તરફથી રાખવામાં આવે. શું આ રાજાઓને કેદમાં રહીને

તેવી સાહ્યબી ભોગવાવનું મન થાય ખરૂં ? કે તે છુટી જઈને મુક્ત થવા ઇચ્છે? જીતનારો રાજા કદાચ મોટો હોય અને એના પોતાના આલિશાન મહેલમાં નજરકેદ કરે તોય હારેલા રાજાને ગમે ખરૂં ? કે નાનું પણ પોતાનું જ પ્યારૂં લાગે ? કારણ સ્વતંત્રતા પોતાનામાં જ મળી શકે. વિચારો કે આત્માને સ્વતંત્રતાથી કેટલો બધો આનંદ આવે છે. વર્ષોના કેદીઓને પણ અમુક દિવસોએ પોતાના સ્વજનોને મળવા જવા દેવાની ઘણી વખત છૂટ અપાય છે. આ છુટકારાની ક્ષણોમાં જે આનંદ તેને આવે છે તે આનંદ જેલમાં તેને મનગમતા ભોજન ખાતાં પણ આવેલો ખરો ? એક **એક ક્ષણની પણ સ્વતંત્રતા એ પરતંત્ર અને પરાધીન જીવનમાં મળેલા લાખો અને કોડો વિષયના ભોગ અને ઉપભોગથી પણ માણસને વધારે પ્યારી લાગે છે.** વિચાર કરો ત્યારે સ્વતંત્ર થવામાં કેટલું સુખ છે.

જો કે વર્ષોથી કેદમાંથી નીકળેલો માણસ પોતાની જાતને મુક્ત–સ્વાધીન માનતો હોવા છતાંય સાચો સ્વાધીન તો હોતો જ નથી. તેને પણ શરીરની આધીનતા સ્વીકારવી જ પડે છે. તેને પણ ઈચ્છાઓનું બંધન તો છે જ. છતાંય પોતાની ઈચ્છા મુજબ પોતે કરી શકે છે. તેની ઈચ્છાની આડે કોઈ આવતું નથી એ વિચારથી તેનામાં સ્વતંત્રતાનો આનંદ પેદા થાય છે. વાણિયાના દીકરાને પૂછો કે ૫૦૦ની નોકરી કરવી છે કે ૨૦૦નો નફો થાય તેવો ધંધો કરવો છે? તો સાચો વાણિયાનો દીકરો તો એમ જ કહેશે ૨૦૦ મળે તો ૨૦૦ કોઈની પરાધીનતા તો નહીં. આપણો પોતાનો ધંધો હશે તો આજે ૨૦૦ મળશે તો કાલે ૨૦૦૦ મળશે. માટે જોઈએ તો સ્વાધીનતા જ. નોકરી કરનારને પણ પૂછો કે તેને

દુનિયામાં સૌથી મોટું બંધન કયું લાગે છે તો મોટે ભાગે એના શેઠનું જ નામ દેશે. માટે **સ્વતંત્રતા તો સૌને પ્યારી જ છે. જ્યારે આ બધી સ્વતંત્રતાઓ કે જેની પાછળ પરતંત્રતાઓ પણ હોય છે. તેમાંથી પણ મનુષ્ય આનંદ મેળવી શકે છે તો બધી રીતે બધા જ બંધનોમાંથી–બધા કાળ માટે (સંપૂર્ણ) આત્મા સ્વતંત્ર થાય તેનું સુખ કેવું અવર્ણનીય હોય...?** જેમ જેમ સ્વતંત્રતા વધતી જાય છે તેમ તેમ સુખ પણ વધતું જ જાય છે. તો સ્વતંત્રતાનો ચરમ પ્રકર્ષ હોય ત્યાં કેટલું સુખ હોય....? આમ વિચારશો તો સમજાશે કે મોક્ષમાં પરમ સુખ છે–પરમ આનંદ છે. જો કે આપણે તો સંસારમાં જે પણ સ્વતંત્રતાનો અનુભવ કરીએ છીએ તે બધો જ ઓછા વધારે અંશે પરતંત્રતાથી ભળેલો જ છે. પણ મોક્ષમાં જે આનંદ છે ત્યાં પરતંત્રતાનું નામ નામ નિશાન નથી. ત્યાં દેહનું પણ બંધન નથી, ત્યાં કર્મોનું પણ બંધન નથી, ત્યાં ઇચ્છાઓનું પણ બંધન નથી. કદાચ તમને એમ થાય કે શું દેહ એ પણ બંધન છે? પણ ખ્યાલ રાખજો કે, **દેહ એ તો સૌથી મોટું બંધન છે.** તમારો કોઇની જોડે અત્યંત પ્રેમ થયો નથી. જો કોઇની સાથે અત્યંત પ્રેમ થયો હોત તો તમારે ય કહેવું પડત "ભલે અમારો દેહ જુદો હોય પણ આત્મા તો એક જ છે" અને તે વખતે તે પ્રિયપાત્રતાનો પ્રેમ બતાવવા દેહ એ કેવું બંધન છે તેની ખબર પડત. ગમે તેવી પ્રિયતમાને–પ્યારી પત્નીને પણ દેહ જુદા હોવાથી જુદી રાખ્યા વિના છૂટકો થતો નથી. દુકાને જવું હોય તો ઘેર મૂકીને જ જવું પડી ને! આમ **પ્રેમની ક્ષણમાં પ્રેમીઓનો દેહ એ જેલ જેવો જ લાગે છે. અને**

**ખરેખર તે જેલ જ છે. પણ ધ્યાનમાં રાખો કે આ જેલમાંથી છુટીને માત્ર આત્માથી આત્મા સાથે સંબંધ થઇ શકે એવું એક જ સ્થાન છે અને તે છે 'મોક્ષ.' ખરેખર** ત્યાં સ્વતંત્રતાનો અદ્દભુત આનંદ છે. ત્યાં કાલનું-દ્રવ્યનુ-ક્ષેત્રનું-ભાવનું-કશાયનું બંધન નથી. ત્યાં સાચી અને સંપૂર્ણ સ્વતંત્રતા છે.

આમ ઘણી રીતે મોક્ષમાં ગયેલ આત્માઓની સિદ્ધોની સુખમયતા વિચારી શકીએ છીએ. આ જ સ્વતંત્રભાવના સુખને બીજી રીતે પણ વિચારી શકાય છે.

ઈન્દ્રિયોના વિષયરૂપ સુખની દુઃખરૂપ વિચારતા આપણે વિચાર કર્યો હતો કે પરાધીનતા એ જ દુઃખ છે. તેથી માલુમ પડયું હશે કે સ્વાધીનતા એ જ સુખ છે અને જેમ જગત. સ્વાધીન થતું જાય તેમ સ્વાધીનતાનો આનંદ પણ વધતો જ જાય ને ? વિચારો કે તમારૂં કુટુંબ તમારી ઇચ્છા પ્રમાણે જ ચાલવાવાળું હોય તો તમને કેવો આનંદ થાય ? કુટુંબ નહીં પણ સારો ય દેશ તમારી આજ્ઞાનું ઉલ્લંઘન ન કરે તો કેવો આનંદ....! અને વધતાં-વધતાં જગતના પ્રાણી માત્ર તમને આધીન હોય તેવું બને તો કેવો આનંદ થાય ? જીવમાત્ર તમારી આજ્ઞા ઉઠાવવા તૈયાર હોય તો કેવો આનંદ થાય?

બસ ત્યારે મોક્ષમાં આ જ આનંદ છે. ત્યાં જગતનો કોઈ જીવ કે કોઇ પણ જડ પદાર્થ તમને આધીન નથી તેવું નથી. ( સિદ્ધના આત્મા માટે કોઇ પણ વસ્તુ પરાધીન છે જ નહીં. કારણ કે તેમનામાં સ્વ અને પરનો વિકલ્પ જ પેદા થતો નથી માટે ) તમે વિચાર કરશો કે સિદ્ધ ભગવાનને મોક્ષમાં રહેલા જીવને આધીન સારી દુનિયા છે એ

કેવી રીતે ? આધીનતામાં બે ચીજો હોય છે. એક તો જે ચીજ આધીન છે તેનું જ્ઞાન, અને તે બધી ચીજો મારી છે એવું ભાન. સિદ્ધો પાસે જ્ઞાન તો ત્રણે ય કાળના બધા ય પદાર્થનું છે તેમાં સંશય નથી. હવે બીજી ચીજ વિચારો કે તેમને એવું હોય છે ખરૂં કે આ બધી વસ્તુઓ મારી છે? મારી આજ્ઞા મુજબ ચાલે છે કે નહિ ?

અહીં જરા વિચાર કરવાની જરૂર છે કે "મારી છે એવો સંકલ્પ તેને વારંવાર કરવો પડે છે કે જેને પોતાની વસ્તુ ચાલી જશે કે બીજો લઈ જશે તેવો સંકલ્પ પેદા થતો હોય. અથવા અવિશ્વાસ હોય" પણ સિદ્ધોને નથી તો કોઈ અવિશ્વાસ કરવાની જરૂર કે નથી કોઈ સંતાપ પેદા કરવાની જરૂર. કારણકે કોઈપણ ઇચ્છાઓ કરાવવી એ મોહનીય કર્મનું કાર્ય છે, અને તે તો તેમને છે જ નહીં. માટે તેમને સંપૂર્ણ જગત આધીન છે–તેમને બધું જ સ્વાધીન છે એ માનવામાં કોઇ દોષ નથી અને એ સ્વાધીનતાનો જ આનંદ એટલે ત્રણે ય કાળના પદાર્થના જ્ઞાનનો આનંદ ત્યાં ચાલ્યા જ કરે છે.

## ક્ષમા–દયા–પરોપકારનું પરમ સુખ

જો તમે અત્યંત મોહાધીન નહીં હોવ તો તમને પણ સમજાશે કે ઇચ્છાની પૂર્તિ કરવા કરતાં ઇચ્છાને અકુંશમાં રાખવામાં કે તેને પેદા જ ન થવા દેવામાં ઘણો આનંદ હોય છે.

ધારો કે, એક માણુસ તમને ગાળ દઇને ચાલ્યો જાય છે ત્યાં તમને પહેલાં તો એમ થાય છે કે, લાવ સાલા ને ચાર સંભળાવું. પણ ત્યાં વિચાર આવ્યો કે ભલેને ગાળ દેતો, મોહનો નશો ચઢયો છે એટલે ગાળ આપે છે. બિચારો

અજ્ઞાની છે માટે ગાળ આપે છે. **અજ્ઞાની કે ગાંડાની સામે જવાબ આપવો એ તો કૂતરો આપણને કરડે ત્યારે આપણે કૂતરાને સામે કરડવા જ જેવા જઇએ તેવું છે.** આમ વિચારીને હસીને કાઢી નાંખો તેથી તમને જે ગુસ્સો કરવાની ઇચ્છા થઇ આવી એને અંકુશમાં રાખી. પણ તે સમયે તમે સામે ગાળો જ દીધા કરો. કહો કે આ બંને રીતોમાંથી તમને શાંતિનો અનુભવ કંઇ રીતથી થવાનો? તમારા હૃદયને પૂછજો તો કહેશેઃ ગાળ સાંભળી લીધી હોત, બદલા લેવાની ભૂડી ભાવના ન રાખી હોત તો સારૂં. ભલે લોકોની વચ્ચે તમે એમ કહો કે, સાલાને બરાબર સંભળાવી પણ સામેનાએ પણ એક એવી સંભળાવી હોય છે કે તેનો ડંખ હૃદયમાં એવો ખૂંચ્યા કરે છે કે ક્યારેય શાંતિથી ઉંઘવા પણ દેતો નથી. જ્યારે હસીને કાઢી નાખશો તો ચોક્કસ શાન્તિ મળશે. જ્યારે જ્યારે તમે વિચાર કરશો કે "મેં કેવું સારૂં કર્યું કે તેની ગાળ સાંભળી લીધી પણ જવાબ ન આપ્યો. ત્યારે તમારા હૃદયમાં એક શાંતિનો અનુભવ ચોક્કસ થવાનો જ" જો એક માત્ર ગાળ દેવાની ઇચ્છાને વશ કર્યાથી આટલી શાંતિ પ્રાપ્ત થાય તો કોઈ મારી નાંખે છતાંય તેને ગાળ દેવાની ઇચ્છા ન થાય તો એવી શાંતિને કે આનંદને તમે ઉંચો કહેશો કે નીચો? **મોક્ષમાં આ જ દશા છે ત્યાં શાંતિ એવી પરાકાષ્ટાએ પહોંચી હોય છે કે ગમે તેવી પરિસ્થિતિ કે સંજોગોમાં તેમની શાંતિમાં કોઈ ભંગ પડાવી જ ન શકે.** વ્યવહારમાં પણ જે વસ્તુ આગમાં સળગે નહીં તેને **ફાયરપ્રુફ** કહો છો, ખબર છે ને? એ ચીજ **ફાયરપ્રુફ** કેમ છે? શું અગ્નિને તેની તરફ પક્ષપાત છે એટલે તે **ફાયરપ્રુફ** વસ્તુને બાળતો

નથી ? ના, એમ નહીં પણ તે વસ્તુ એવી ચીજમાંથી બનાવવામાં આવી છે કે અગ્નિ તેને અસર પહોંચાડી જ ન શકે તેમ ઇચ્છાને વશ કરવાથી-દૂર કરવાથી જે શાંતિ મળે છે તે મોક્ષમાં ગયેલા આત્મા માટે ચરમ સીમાએ પહોંચી ગઈ છે માટે ત્યાં સંપૂર્ણ આનંદ હોય છે. શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો અહીં સંસારમાં ક્ષમાભાવ ત્યારે પ્રગટ થાય છે કે ક્રોધ મોહનીયનો ક્ષયોપશમ કે ઉપશમ પેદા થયો હોય. આ ક્ષમાનું સુખ જેવું તેવું છે એમ સમજો છો ? ગમે તેવા વેરભાવ અને હિંસકભાવોને ઠંડા કરી નાખે તેવી તાકાત ક્ષમામાં છે. જો આ ક્ષમામાં એટલે ક્રોધ મોહનીયના ક્ષયોપશમ કે ઉપશમમાં પણ આટલી બધી સુખમયતા છે કે ગમે તેવું દુઃખ તેને સતાવી ન શકે તો તો ક્રોધ મોહનીયના સર્વક્ષયથી કેટલી બધી સુખ શાંતિ પ્રગટ થાય છે કે જેની આગળ ત્રણે લોકના દુઃખો એકઠા કરવામાં આવે તો ય તે સુખમાં વિક્ષેપ ન કરી શકે-ભંગ ન પાડી શકે. શું અનંતકાલ સુધી ટકી રહેનારી અનંત ક્ષમા એ મોક્ષના જીવોનું જેવું તેવું સુખ છે ?

ક્ષમાની વાત તો દૂર રાખો, પણ તમે જાણે કે અજાણે કોઇનું ભલું કરો છો ત્યારે તમારા આત્માને કેવી શાંતિ મળે છે....? તો વિચાર કરો કે, સારા ગામના માણસોને કોઈ આગ કે પૂર જેવી મહા આફતમાંથી તમે તારી લીધા હોય તો તમને કેવો આનંદ થાય ? એથી ય આગળ વિચારો કે સારા ય દેશ પર કોઈ બોંબ નાંખવાનું હોય અને તમે તેને તેમ કરતાં રોકી દો તો કેટલો આનંદ થાય....? કોઇએ એવી પ્રતિજ્ઞા કરી હોય કે આ જગતના બધા જ પ્રાણીઓને મારે દુઃખ આપી રિબાવવા અને તે તેમ કરી

શકે તેવી શક્તિવાળો હોય પણ તમારા પ્રયાસથી તેમ કરતો અટકી જાય તો કેટલો આનંદ થાય? જો આમ એક વખત પણ જગતના કેટલાક પ્રાણીઓને દુઃખમાંથી બચાવી લેવાથી સુખ મળે તો જે ત્રણેય કાળ, સારા ય જગતના સૂક્ષ્મ, બાદર, નાના–મોટા બધા જ પ્રાણીઓને પોતાના તરફથી થતાં દુઃખમાંથી મુક્ત કરી દે તો કેટલો આનંદ મળે? આમ **અન્ય જીવોને પોતાના તરફથી દુઃખી નહીં બનાવવાના આનંદની ચરમ સીમા સિદ્ધિગતિ સિવાય ક્યાંય નથી. માટે સિદ્ધનો આનંદરૂપ આ અનુભવ પણ ગજબ છે.**

જ્યાં સુધી આ આત્મા સિદ્ધિગતિને પામતો નથી ત્યાં સુધી એક યા બીજી રીતે જાણતા કે અજાણતા આત્માં કેટલાય પ્રાણીઓનો સંહાર કરનારો બને છે. પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે ભયંકરમાં ભયંકર હિંસા કરે છે. જરા વિચાર કરો કે, આજની દુનિયાના ભયંકરમાં ભયંકર હત્યારાઓ સિદ્ધિગતિમાં હોત તો તેમનાથી કોઈને નુકશાન થયું હોત ખરૂં? માટે સિદ્ધિગતિમાં પહોંચનાર આત્માએ પ્રાણીની કેટલી દયા કરી છે તેનો હિસાબ કરી જ ન શકાય. આવી દયાની અનંતરાશિથી કેટલું સુખ પ્રગટ થાય તે તો અનુભવ કરનારને જ ખબર પડે. જેને દયા કરવાનો 'ક્ષમા' કેળવવાનો અનુભવ નથી તેને તો મોક્ષના સુખની કલ્પના માત્રથી ય ખ્યાલ આવવાનો નથી, પણ જે 'ક્ષમા' 'દયા' 'અહીંસા' આદિ ગુણોમાં આગળ વધ્યા હશે તેમને મોક્ષનું સુખ નહીં સમજાય એ બનશે જ નહિં અને તેઓ મોક્ષનું આ વાસ્તવિક સુખ સમજશે એટલે સંસારમાં ક્યાંય તેના જેવુ સુખ છે કે નહીં એ પ્રશ્નનો જવાબ પોતે જ પામી જશે.

## ઉપસર્ગો અને પરિષહો આંતરિક સુખના બળેજ જીતાય છે. મોક્ષમાં તેની ચરમ કોટિ છે.

અહીં પણ જેઓ જ્ઞાનની ધૂનમાં લાગેલા છે તેઓ જ્યારે પદાર્થની વિચારણામાં પડે છે ત્યારે ખાવા–પીવાનું તો ઠીક પણ દેહનું પણ ભાન ભૂલી જાય છે. જરા વિચાર કરો કે, તે આત્માઓ વીતરાગી તો થયો નથી તો તેમને ભૂખનાં દુઃખ, શરીરના થાક કે મોહ કેમ સતાવતો નથી? અહીં તમે એમ કહી દો કે, ભક્તિમાં કે જ્ઞાનમાં લાગ્યા છે માટે આ બધા દુઃખ લાગતા નથી. પણ માત્ર એજ વાત નથી બીજું પણ વિચારવું જોઈએ કે ભક્તિ કે જ્ઞાનમાંથી કોઇ એવો આનંદ આવી રહ્યો છે કે ગમે તેવા દુઃખનીય પરવા કરવા દેતો નથી. એટલે કહેવું પડશે કે થોડા વખતના જ્ઞાન કે ભક્તિમાં જે આત્મા બેઠો છે તેનામાંય જેનું વર્ણન સાંભળતાં શરીરને થરથરાવી નાંખે તેવા દુઃખોની સામે પણ ટકી રહે તેવું અનુપમ સુખ પેદા થાય છે. તો જ્યાં માત્ર જ્ઞાન–જ્ઞાન અને જ્ઞાનનો જ પ્રવાહ વહી રહ્યો હોય ત્યાં કેવી ઉચ્ચ કોટિનું સુખ હશે....? કલ્પના કરશો તોય કલ્પના પહોંચી શકશે નહિ. એ તો અનુભવ વિના ખ્યાલમાં આવવું મુશ્કેલ છે. કાઉસગ્ગમાં રહેલા મહામુનિઓ પણ કંઈ પ્રથમ વીતરાગી તો ન હતા. છતાંય એવા એક ધ્યાનમાં સ્થિર કેવી રીતે રહ્યા હશે? જો તેમને કંટાળો પેદા થાય, નાખુશી થાય, અણગમો પેદા થાય તેવું હોય તો લાંબા લાંબા કાળ સુધી કાયોત્સર્ગમાં રહી શકે ખરા? અને કાયોત્સર્ગમાં ઊભા રહે છે એ તો સિદ્ધ વાત છે. માટે સમજવું જ પડે છે કે, તેમને ધ્યાનમાં કોઈ એવો આનંદ પ્રગટ થાય છે કે જે દુનિયાના ભયંકર દુઃખોને પણ નબળા

કરી દે છે. એ તો કદી ય બનવા જોગ નથી કે વીતરાગી ભાવ સિવાયનો આત્મા સુખી કે દુઃખી એ અવસ્થા છોડીને કોઈ ત્રીજી દશામાં વિચરતો હોય. ત્યારે જો તે કાયોત્સર્ગમાં સ્થિત મહાત્માઓ દુઃખી અવસ્થામાં હોય તો આટલી વાર સ્થિર કેવી રીતે રહી શકે ? કોઇએ તેમને બાંધી–પકડીને તો ત્યાં બેસાડયા નથી ? ત્યારે માનવું જ પડે છે કોઇ એવા સુખને તે અનુભવી રહ્યા છે કે જેને તેમના સિવાય અન્ય કોઈ અનુભવી શકતું નથી. કાયોત્સર્ગમાં સ્થિત મહામુનિઓને જે સુખ છે તે સ્પષ્ટ જ છે કે કષાયોની મંદતાના કારણે જ છે. જ્યારે કષાયોની મંદતા આવું સુખ આપી શકતી હોય ત્યારે કષાયોનો આમૂલચૂલ નાશ કેમ અત્યંત સુખ આપી ન શકે ? શાસ્ત્રના દૃષ્ટાંતો નથી સાંભળ્યા ? ખંધક મુનિની ચામડી ઉતારવા મારાઓ આવ્યા ત્યારે તેમણે શું કહ્યું હતું ખબર છે ? જરા વિચાર તો કરોકે, આપણી ચામડી તો શું પણ તમારા પોતાના શરીરના હિત માટે ડોકટર ઇંજીકશન મારશે તેવું સાંભળે છીએ ત્યારે તમને ભય પેદા થાય છે. તે વખતે ય એમ થાય છે કે ઇંજીકશન લીધા વિના મટી જતું હોય તો કેવું સારૂં ? ત્યારે આ તો ખુલ્લી છરી લઈને સામે મારાઓ ઉભા છે. રાજાનો હુકમ લઈને આવ્યા છે એટલે પાછા જવાનો ય કોઇ સવાલ નથી. એકાદ આંગળી કે અંગુઠો નથી કાપવાનો સારા ય શરીરની ચામડી ઉતારવાની છે. તે ચામડી પણ બહેરી કરીને નહીં કે દવા સુંઘાડીને નહીં જીવતી–જાગતી ચામડીને આંખની સામે ઉતારવાની છે તો ય આવા વખતે ખંધક મુનિ મારાઓને કહે છે: “ ભાઇ ! જરા ઉભા રહો, તમે કાંઇ મારા દુશ્મન નથી. મારા પર ઉપકાર કરવા આવ્યા છો, ઊપકારીની સગવડ સાચવવી એ મારૂં કર્તવ્ય

છે. બોલો, હું કેવી રીતે ઉભો રહું ? જરાય હાલીશ નહિ, તમને ફાવે તેમ હું ઊભો રહું. પણ જો જો મારૂં શરીર તપથી સુકાઈ ગયું છે એટલે હાડકાને ચામડી બે એકમેક થઈ ગયા છે માટે જરા ય બુઠ્ઠી ધાર હશે તો તમને મુશ્કેલી પડશે. આથી તમે ગમે તેવી તીક્ષ્ણ ધારની છરી લેશો તો ય મને વાંધો નથી..... ”

જરા વિચાર કરો કે, આવી મહાભયંકર વેદનાને પણ અમૃતના ઘુંટડાની માફક પીવાની જેની તૈયારી છે તે કોઈ મહાસુખમાં લાગ્યો નથી એમ મનાય ખરૂં ? જો આવા વખતે તેમનામાં કોઈ આનંદ ન હોય તો આવા દુઃખ સહવાની તૈયારી થાય ખરી? કેવા પ્રબળ સુખનો આનંદ તે મહાત્માઓ માની રહ્યા હશે કે શરીરની ચામડી ઉતરે તો ય સામે પડેલો ઘડો ફુટી જાય કે કચરો ઊડી જાય તેવું જ લાગે. ધ્યાનમાં રાખો કે, ખંધક મુનિની સામે જ્યારે મારાઓ ઊભા રહ્યા છે અને તેઓ મારાઓની સામે નિર્ભયતાથી ઊભા છે ત્યારે એ કાંઈ વીતરાગી નથી છતાં દેહની નિઃસ્પૃહતાનો આનંદ એમનામાં એટલો બધો છલકાઇ રહ્યો છે કે જે દેહના દુઃખની વાત સાંભળતા આજે પણ આપણને કંપારી છૂટી જાય છે. તે દુઃખ તેમને સહજભાવે સહન કર્યું. **જેમ ઘાસના તણખલાને આગ ક્ષણવારમાં ખલાસ કરી નાંખે પણ પાણીના મહાન સરોવરની પાસે જાય તો પોતે જ ખલાસ થઇ જાય છે. તેમ વિષયનું તૃણ જેવું સુખ શરીર અને મનના દુઃખની આગ વડે ક્ષણવારમાં ખલાસ થઈ જાય છે. પણ નિસ્પૃહતાનું, વૈરાગ્યનું, પ્રશમનું સુખ એ સરોવર જેવું છે કે જ્યાં શરીરના, મનના અને વચનના બધા જ દુઃખની આગ આપમેળે જ શાંત થાય છે. છતાં**

**ય તે નિઃસ્પૃહતાનું સુખ ઓછું થતું નથી.** દુઃખો એ તો આગ જ છે. સંસારનું સુખ હોય તો ક્ષણવારમાં તે આગ તેને ખલાસ કરી જ નાંખે. પણ આપણે જોઇએ છીએ કે નિઃસ્પૃહ મહાત્માઓને દુનિયામાં પ્રબળમાં પ્રબળ દુઃખ પણ ધ્યાનમાંથી ચલાવી શકતું નથી. માટે માનવું જ પડે કે દુનિયાના પ્રબળમાં પ્રબળ દુઃખ કરતા ય ઉગ્ર તેમજ તેનો નાશ કરે તેવો વિરૂદ્ધ અનુભવ તેમને છે.

આ અનુભવને જ શાસ્ત્રમાં પ્રશમ–કષાયની મંદતાનું એટલે ક્ષયોપશમ અને ઉપશમનું મહાસુખ કહ્યું છે. આવા તો શું આનાથી ય મહાન સુખનો પરમ પ્રકર્ષ એ જ મોક્ષ છે. ત્યારે વિચારો કે મોક્ષનું સુખ કેવું મહાન હશે....?

## વૈરાગ્યના સુખથી જ સંસારિક સુખો જીતાય છે. મોક્ષમાં વૈરાગ્યના સુખની ટોચ

ભગવાન મહાવીરસ્વામીને સંગમે છ મહિના સુધી ઘોર ઉપસર્ગ કર્યાં તેનું વર્ણન તો તમે પર્યુષણમાં સાંભળો છો ને? સંગમે માત્ર પ્રતિકૂળ ઉપસર્ગો જ કર્યા છે તેવું નથી, અનુકુળ ઉપસર્ગો પણ કર્યા છે. ભગવાનના માતા પિતાના રૂપો વિકુર્વીને તેમની પાસે રડતાં–રડતાં આજી-જીઓ કરાવી છે. સુંદર યુવતીઓ વિકુર્વીને તેમના શરીરને આલિંગનો પણ દેવડાવ્યા છે. છતાં ય ભગવાન ચલિત નથી થયા આંટલું જ નહિં પણ છ મહિનાના અંતે જ્યારે તે પાપી દેવ પાછો ફરે છે ત્યારે અનુપમ કૃપા ધોધ વરસા-વીને પ્રભુના નેત્રમાંથી બે આંસુડા ટપકી જાય છે. વિચાર કરો કે તે કેવા મહાન સુખમાં વિહાર કરી રહ્યા હશે કે જેમાંથી ચલિત કરવા માટે સંગમદેવ સાર્થક ન થયો. એટલું જ નહિ પણ આ સંગમ મારૂં ખરાબ કરનાર છે

એવો પણ વિકલ્પ તેમને પેદા ન થયો પણ તેને ય કેવળ-જ્ઞાન પ્રાપ્તિ માટે સહાયક ઉપકારી માન્યો. જો તેમના અંતરમાં પ્રશમ રસનો ઝરો ન વહેતો હોત તો આવા દુઃખો સહન કરી શકત? જ્યાં સુધી પ્રશમનું મહા સુખ અનુભવાતું નથી ત્યાં સુધી દુઃખો સહન કરવાની તાકાત પેદા થતી નથી.

તમારા વ્યવહારની જ વાત કરો ને. જ્યારે તમે ખણખણતા રૂપિયા ગણવાના આનંદમાં મોજ કરી રહ્યા હોવ ત્યારે વાતાવરણના દુઃખો, ગરમી–ઠંડીના અનુભવો કયાં ચાલી જાય છે? દુકાન પર ધંધો કરવા બેસો છો ત્યારે માથું ફાડી નાંખે તેવી લીયા–દીયાની રાડો પણ દુઃખ આપી શકે છે ખરી? અહીં પણ દુઃખ સહન કર-વાની તાકાત એનામાં જ પેદા થઇ શકે છે કે જે કોઈ સુખમાં–આનંદમાં મગ્ન બનીને બેઠા હોય, તો આટલા અનર્ગલ દુઃખોને સહનાર કોઈ સુખમાં મસ્ત ન બનેલો હોય તેમ બને ખરૂ? માટે માનવું જ પડે છે કે ભગવાન છદ્મસ્થાવસ્થામાં પણ વિરાગના–કષાયની શાંતતાના એવા સુખમાં મ્હાલી રહ્યા છે કે સંસારના કોઈ પણ દુઃખો તેમની નજીકમાં પહોંચતા પહેલાંજ નિઃસત્ત્વ બની જાય છે. તેમને લવ માત્ર પણ ચલિત કરી શકતા નથી.

બીજી એ પણ વાત વિચારો કે જેનો એવો નિશ્ચય થયો હોય કે રૂપિયાની પ્રાપ્તિ કરતાં ભોજન ખાવામાં વધારે આનંદ છે તે ભોજન માટે રૂપિયા છોડી શકે કે નહિ? એટલા માટે જ તો ધન તમને અત્યંત પ્રિય હોવા છતા પણ તમે મોજશોખમાં, ખાવા–પીવામાં કેવા આનંદથી બગાડી શકો છો? શાથી? પૈસા પાસે રહે તેથી સુખ નથી મળતું, માટે?

ના; એમ નહીં પણ પૈસા કરતાંય વધુ સુખ ખાવા–પીવા અને મોજશોખમાંથી મળે છે તેવું લાગ્યું છે માટે જ. તમને મનગમતી ચીજ આઠ રૂપિયામાં મળનારી પણ દશ રૂપિયામાં મળી જાય તો લઇ લો કે નહીં? પણ જે વસ્તુ ગમતી નથી તે અગિયાર રૂપિયાની હોય ને દસ રૂપિયામાં મળે તો પણ ન જ લો ને? મનગમતી વસ્તુ માટે રૂપિયો વધારે આપ્યો, તેથી રૂપિયાથી તમને સુખ નથી મળતું તે સિદ્ધ થાય ખરૂં? નહીં જ. જો રૂપિયા પર તમને પ્રેમ ન જ હોત તો અગિયારવાળી ન ગમતી વસ્તુ પણ દસમાં લઈ લેતા. પણ તેમ કરતાં નથી. કારણકે તમારી સુખની કલ્પના તે મનગમતી વસ્તુ માટે છે અને તે લેવા માટે રૂપિયાનો પ્રેમ, મમત્વનું સુખ છોડવું પડે. માટે એ સિદ્ધ થાય છે કે જ્યારે માણસને જે વસ્તુથી સુખ મળતું હોય તેનાથી વધારે સુખ આપનારી વસ્તુ મળે ત્યારે તે જુની, તેની કલ્પના પ્રમાણે ઓછું સુખ આપનારી વસ્તુને છોડતાં તેને વાર નથી લાગતી. એટલે જ તો કામી રાજાઓ અંતઃપુરમાં હજારો સ્ત્રીઓ હોવા છતાં કોઈ રૂપવતીને જોતાં ત્યારે પહેલાં જેનાથી પોતે પોતાની જાતને સુખી લેખતા હતા તે બધી સ્ત્રીઓને છોડી દેતાં વાર ન કરતા. તેથી **સમજવાનું છે કે, જ્યારે માણસ એક પ્રકારના સુખને પણ પોતાની સ્વેચ્છાથી છોડતો હોય છે ત્યારે તેને તેનાથી ઉંચું બીજું સુખ મળવાનું હોય છે કે મળી રહ્યું હોય છે. તેવું સુખ મેળવવાની આશાથી જ તે ઓછું ઉતરતી કક્ષાનું સુખ છોડી શકે છે.**

ભગવાન મહાવીરે તેમ જ અન્ય સ્થુલભદ્રસ્વામી, વજ્રસ્વામી આદિ મહામુનિઓએ પણ અનેકાનેક અનુકૂળ

પરિષહો સહ્યા છે. **અનુકૂળ પરિષહ એટલે તો જાણો છો ને ? તમે જેને સુખ કહો છો તે વિષયના સુખને લઇ આવનારા પરિષહો.** જ્યારે આવા વિષયના સુખો આપનાર પરિષહો હોવા છતાં ય તે મહામુનિઓ અને ભગવાન ચલિત નથી થયા. ત્યારે માનવું જ પડે કે તેઓ કોઈ અદ્‌ભુત સુખમાં રાચતા હતા. પણ તે સુખ **વિષયનું નહીં પણ પ્રશમનું, સુખ–કષાયની શાંતતાનું સુખ હતું.**

જેમ દેવલોકના સુખને છોડીને દેવો મૃત્યુલોકની તેમની પ્રાણપ્રિય સ્રીને કે પુત્રાદિને કે ધન–સંપત્તિને પણ સંભાળવા આવતા નથી. અને આવે છે તો ય વધુ કાળ નિવાસ કરતાં નથી અને આવ્યા હોય તો ય જવા માટે ઝંખી જ રહ્યા હોય છે. તેમ પ્રશમના સુખમાં નિમગ્ન બનેલા મુનિઓ કદી ય વિષયના સુખ સામે જોતાં જ નથી. અને ભૂલેચૂકે જોવાઈ જાય છે તો ય તમે જેમ અસ્પૃશ્યને અડીને સ્નાન કરી નાંખો છો તેમ તે સુખને મનનો મેલ સમજીને કાઢી નાંખે છે.

## મહામુનિઓને અહીં જ મોક્ષ છે.

વિચાર કરો કે, તમારી દુનિયાના અદ્‌ભુત ગણાતા સુખની ગંધ પણ જ્યાં દુર્ગંધ મનાય છે ત્યાં કેવી મધુરી પ્રશમની સુરભિ ફેલાઇ રહી હશે....! જેના શીતલ સ્પર્શ માત્રથી સંસારના કટ્ટરમાં કટ્ટર દુઃખોની આગ પણ પાણી થઈ જાય છે. ન પ્રશમનું સુખ કેવું હશે ? આ માટે તો મહાપુરૂષોએ કષાયની ઉપશાંતતામાં બિરાજતા મહાપુરૂષો માટે કહી દીધું છે સુ તેમના માટે તો અહીં જ મોક્ષ છે.

**“ નિર્જિતમદમદનાનાં વાક્કાયમનોવિકારરહિતાનાં ।**
**વિનિવૃત્તપરાશાનામિહેવ મોક્ષઃ સુવિહિતાનામ્॥**

ભગવાન ઉમાસ્વાતિ મ. ફરમાવે છે કે.... " જેમણે અભિમાન અને કામને જીતી લીધા છે, જે મન-વચન-કાયાના વિકારથી રહિત છે, જે પરવસ્તુની આશાથી દૂર થઈ ગયા છે તેવા સુવિહિતોને અહીં જ મોક્ષ છે...."

આમ જેમને પોતાની ઇચ્છા પર સંપૂર્ણ કાબુ મેળવ્યો છે અને વિકારથી રહિત થઈ ગયા છે, તેવા આત્માઓને પણ અહીં અનુપમ સુખ મળે છે તો સાક્ષાત્ મોક્ષમાં કેવું અદ્ભુત સુખ હોય....?

આપણે ઘણા-ઘણા દાખલા દલીલપૂર્વક એ સમજ્યા છીએ કે, મોક્ષમાં માત્ર સંસારિક દુઃખોનો અભાવ જ નથી પણ આત્માના સ્વભાવરૂપ વાસ્તવિક સુખનો પરમ રાશિ ત્યાં છે. આનો ખ્યાલ હજી પણ વધુ દૃષ્ટિએ કરી શકાય છે. વૈરાગ્યભાવોનો અનુભવ તો આપણે કરી જ શકીએ છીએ. ક્ષમા, સંતોષ, નિષ્પરિગ્રહીતા, નમ્રતા, સરલતા, નિઃસ્પૃહીતા આ બધા ભાવનો પરિપૂર્ણ વિકાસ મોક્ષમાં છે તેમ કહેવાય અને તેનાથી આપણને ચોકકસ મોક્ષસુખનો ખ્યાલ આવે.

વળી કોઈપણ કાર્યની પૂર્ણાહૂતિ થાય છે, સાધના કે આરાધના પૂર્ણ થાય છે ત્યારે આત્મામાં અનહદ આનંદ થાય છે. તો શું મોક્ષ એ આત્માની આરાધનાની પૂર્ણતા નથી? સામાન્ય તપ-ત્યાગ, માસક્ષમણ કે આયંબિલની ઓળીની પૂર્ણાહુતિ થાય છે ત્યાં પણ આત્મામાં પૂર્ણાહુતિનો આનંદ છવાઈ જાય છે. તો મોક્ષની પ્રાપ્તિ થતાં પૂર્ણાહુતિનો કેવો મહાન આનંદ પ્રાપ્ત થતો હશે?

આવી જ રીતે બીજી અનેકાનેક રીતોથી મોક્ષના સુખની મહાનતા વિચારી શકાય છે પણ આગળ વ્યાખ્યાનો

થશે તેમ તમે સમજતા જશો કે મોક્ષનાં સુખ માટેની આ બધી વિચારણાઓને પણ ઓળંગી જાય તેવું સુખ મોક્ષમાં છે. **તર્કની બધી દોડ થાકે છે, દલીલોના ગાત્રો કાંપે છે, દૃષ્ટાંતના ડગો જ્યાં હારે છે. સંસારના અને વૈરાગ્યના સુખના તમામ અનુભવો જ્યાં હાંફે છે ત્યાં જ મોક્ષના સુખની શરૂઆત થાય છે.** માટે મોક્ષના સુખની તુલનાત્મક સિદ્ધિમાં વધુ સમય ન કરતાં તેના વાસ્તવિક સ્વરૂપ તરફ ધ્યાન આપીએ.

## મોક્ષના સુખની તુલના હોય જ નહીં

જો કે અહીં ક્રોધ-માન-માયા અને લોભના ક્ષયોપશમ કે ઉપશમથી જે પ્રશમનું, વૈરાગ્યનું કે મધ્યસ્થતાનું, નિઃસ્પૃહતાનું કે ક્ષમા-નમ્રતા-સરળતા અને સંતોષનું જે સુખ પ્રગટે છે તેવું જ સુખ મોક્ષમાં છે એમ ન સમજવું. ખરેખર તો અહીં પ્રશમનું જે સુખ પ્રગટે છે તેથી ય પરમ ઉચ્ચ કોટિનું સુખ છે. તેથી અહીંના પ્રશમના સુખથી ત્યાં અનંતગુણું સુખ છે એમ તમને વારંવાર જે કહ્યું તે સમજાવવા માટે જ કહ્યું છે. અને અહીં પૂ. ઉમાસ્વાતિ મ. પણ જે '**ઇહૈવ મોક્ષઃ**' કહીને પ્રશમમાં મસ્ત એવા મહાત્માઓને અહીં જ મોક્ષ છે એ પ્રશમના શખની મહત્તા બતાવવા માટે જ કહ્યું છે. જેમ કોઈ રૂપાળી સ્ત્રીના મુખને 'ચંદ્રમા' કહીએ તેથી કાંઇ તેનું મોઢું ચંદ્રના એક નાનામાં નાના ટૂકડા જેટલું ઉજળું હોય તેમ માની લેવાતું નથી. તેમ અહીં પ્રશમને મોક્ષનું સુખ કહેવાથી એમ ન સમજી લેવું કે, આ પ્રશમનું સુખ એ મોક્ષના સુખનો જ એક અંશ છે. પણ સાચી વાત એ છે કે, જેમ મોક્ષના શુખ માટે ઇન્દ્રિયના વિષયોની અપેક્ષા કરવાની

જરૂર રહેતી નથી તેમ પ્રશમના સુખ માટે પણ વિષયોની અપેક્ષા નથી હોતી. માટે આ બે સુખમાં આકાશ–પાતાળ જેટલી અસમાનતા હોવા છતાંય બંને સુખો વિષય નિરપેક્ષતાની દૃષ્ટિએ સરખા છે. તેથી પ્રશમના સુખની મહત્તાનું વર્ણન કરીને તેને મોક્ષના સુખ જેવું કહ્યું.

## ક્ષયોપશમભાવના સરવાળા જેવું મોક્ષનું સુખ નથી

તમે પૂછશો કે, જે પ્રશમના સુખનું આપે આટલું બધું વર્ણન કર્યું તેને આવું મહાન બતાવ્યું એ પ્રશમનું સુખ એક અંશે પણ મોક્ષના સુખ જેવું નથી તેનું કારણ શું? આનું કારણ જણાવતાં પૂ. હરિભદ્રસૂરિ મ. કહે છે કેઃ—

**ન ઉ તહ ભિન્નાણં ચિય, સુખલવાણં તુ એસ સમુદાઓ ।**
**તે તહ ભિન્ના સંતા, ખઓવસમ જાવ જં હુંતિ ॥**

[ સિદ્ધસુઅવિંશિકા ગા. ૯ ]

"તે બધા જ પ્રશમના ભાવો એ ક્ષયોપશમ અને ઉપશમના ભાવો છે. જ્યારે મોક્ષમાં જે સુખ છે એ ક્ષાયિક ભાવનું છે" પણ આવી ઝીણી વાત તો તમે કેવી રીતે સમજો? મારે જરા સ્થૂલ કરીને બતાવવી પડશે. પૂ. હરિભદ્રસૂરિ મ. નું કહેવું છે કે, ક્ષયોપશમભાવનું એટલે પ્રશમનું સુખ મોક્ષની તુલનાએ આવવાનું જ નહીં. કારણકે જે વખતે તમે પ્રશમનું સુખ અનુભવી રહ્યા છો ત્યારે સૂક્ષ્મ પણ રાગ–દ્વેષનો અનુભવ ચાલી જ રહ્યો છે. ભલે મોક્ષ મેળવવાની પણ ઇચ્છા હોય છતાંય ઈચ્છા તો ત્યાં પડેલી જ છે. માટે તે ઇચ્છા સહિતનું કોડગણું સુખ ભેગું થાય તો ય ઈચ્છારહિત સુખનો એક અંશ પણ ન બની શકે. વળી પ્રશમ કે ઉપશમનું સુખ ભોગવવાનું હોય તો તેનો અનુભવ

કરવા માટે પણ મનની સહાય તો લેવી જ પડે. મનોવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કર્યા વિના તો વિચાર પણ થઈ શકે જ નહિ. અને વિચાર વિના પ્રશમના સુખનો અનુભવ પણ થાય નહીં એટલે બહુ જ સૂક્ષ્મ આપેક્ષાથી એ સુખ પણ આપેક્ષિક સુખ છે. અર્થાત્ બીજાની સહાયતાની અપેક્ષાવાળું છે પરાધીન છે જ્યારે મોક્ષ સુખમાં તેવી કોઈનીય અપેક્ષાની જરૂર નથી. માટે દુનિયાના બધા ય આત્માના પ્રશમના સુખોને એકઠા કરો તો ય મોક્ષના સુખનો એક અંશ પણ ન થાય. ક્ષયોપશમભાવનો અનંત વખત સરવાળો કરો તો ય ક્ષાયિકભાવની તોલે ન આવે.

તમને આશ્ચર્ય લાગશે કે એ પ્રશમનું સુખ પણ સુખ, અને મોક્ષનું સુખ એ પણ સુખ. છતાં ય પ્રશમના સુખનો અનંતગુણો ગુણાકાર કરો તો ય તે મોક્ષના સુખના અંશના બરાબર ન થાય? આ વાત તમારા ગળે ઉતારવા માટે થોડા વ્યવહારના દૃષ્ટાંત જ બસ છે. એક બાજુ એક હજાર મૂર્ખાઓને ભેગા કરો અને એક બાજુ એક વિદ્વાનને ઊભો રાખો. હવે મૂર્ખાની બુદ્ધિ એ પણ બુદ્ધિ તો છે જ ને? છતાં ય વિદ્વાન માણસની બુદ્ધિના એક અંશમાં ય મૂર્ખાઓની બુદ્ધિ આવે ખરી? હજારો એકડીયાના છોકરાઓ નહીં પણ લાખો છોકરાઓને ભેગા કરો અને પછી તેમની એક બાજુ એક વૃદ્ધને રાખો. છોકરાને રમવાનો અનુભવ તો ખરો ને? પણ વ્યવહારની વાતનો અનુભવ કેટલો? શું બધા ય છોકરાનો અનુભવ ભેગો કરો તો ય વૃદ્ધ જેટલો અને જેવો થાય ખરો? હજારો ગમાર ભેગા કરીને તેની પાસે રત્નની પરીક્ષા કરાવો. અને એક બાજુ એક ઝવેરીના છોકરાને ઊભો રાખો. તો ઝવેરીના છોકરા જેટલી પરખ બધા ય ગમાર ભેગા થઇને કરી શકે ખરા? ન જ કરે. કારણ કે

બંનેની પાસે જ્ઞાન હોવા છતાં ય તે જુદા જુદા પ્રકારનું છે. તેમ વિરાગી પાસે અને સિદ્ધપરમાત્મા પાસે બંને પાસે અનુક્રમે પ્રશમનું અને મોક્ષનું સુખ છે. છતાં ય તે બંને એવા જુદા છે કે એકબીજાની સાથે એકબીજાની સરખામણી કરી શકાય જ નહીં. તેથી જ શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે "**ઉવમા ઇત્થ ન વિજ્જઇ**" (પંચસૂત્ર સૂ. ૫) મોક્ષના સુખની સરખામણી કરી શકાય તેવું કોઈ સુખ છે જ નહીં. કારણકે મોક્ષનું સુખ એ એકાંત નિરપેક્ષ સુખ છે. જ્યારે પ્રશમનું સુખ એકાંત નિરપેક્ષ છે જ નહીં. માટે તે અનંત સુખ તો મોક્ષમાં ગયા સિવાય અનુભવી શકાય જ નહિ.

## પ્રશમના સુખમાં ક્ષાયોપશમિક ભાવના અમૃતનો અંશ છે, બાકી તો ઔદયિકભાવનું ઝેર વ્યાપેલું જ છે.

સાપેક્ષ સુખ હોય એટલે ત્યાં ઘાતીકર્મોનો ઉદય વર્તતો જ હોય, અને ઘાતીકર્મનો ઉદય ગમે તેમ હોય તોય ઝેર જ કહેવાય. એટલે તે ઝેરથી વ્યાકુળ થઇ ગયેલું પ્રશમ સુખરૂપ અમૃત પણ અમૃત કહેવાય જ નહીં. માટે પ્રશમના સુખ ગમે તેવા સુઅને ગમે તેટલા ખની સાથે પણ મોક્ષના સુખના એક અંશની પણ તુલના થઈ શકતી નથી. શાસ્ત્રકારોએ તેના માટે જણાવ્યું છે કે—

**"બહુ વિસલવસંવિદ્ધં અમયં પિ ન કેવલં અમયં"**
(સિદ્ધસુખવિંશિકા ગા. ૧૦)

અર્થાત્ ક્ષયોપશમભાવનું પ્રશમનું સુખ ભલે અમૃત જેવું ગણાતું હોય પણ એ પ્રશમનું સુખ અનુભવાય છે. ત્યાં પણ ઇચ્છાનું આધીનપણું છે, ત્યાં પણ સુખ માટે

અન્યની અપેક્ષા છે. ત્યાં ભલે મારણ કરેલું હોય છતાં ય ઔદયિક ભાવ–રૂપ વિષ તો છે જ. ભલે પ્રશમના સુખના અનુભવ વખતે મોહનીયકર્મરૂપ આવરણ આછું–પાતળું પણ પડી ગયું હોય છતાંય સર્વથા ઘાતિકર્મનો ક્ષય થવાથી જેમાં મોક્ષનું નિરાવરણ અનંત સુખ પ્રગટે છે, તેની સાથે તેની સરખામણી ન જ થઇ શકે.

વળી હજી સૂક્ષ્મતાથી તપાસશો અને શાસ્ત્રના વચનોની થોડી ખબર હશે તો સમજાશે કે, પ્રશમનું સુખ અનુભવતી વખતે ભલે કદાચ મોહનીયકર્મનો તીવ્ર ક્ષયોપશમ કે ઉપશમ હોય છતાંય જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મની કેવળજ્ઞાન અને કેવળદર્શન તેમજ નિદ્રા જેવી સર્વઘાતી અને ધ્રુવોદયી પ્રકૃતિઓનો ઉદય ત્યાં હોય છે. તે પ્રશમનું સુખ એ તો માત્ર મોહનીયકર્મના ક્ષયોપશમથી કે ઉપશમથી મળે છે, પણ તે આનંદને પણ ઝેર જેવો કરી નાંખનાર, આત્માના ગુણોને દબાવી નાંખનારી આ બે પ્રકૃતિઓનો ઉદય ચાલુ જ છે. એટલે એક રીતે તો એમ કહી શકીએ કે જે આનંદ તેમનો વ્યક્ત થાય છે તેના કરતાં દબાયેલો ઘણો છે.

વ્યવહારિક ભાષામાં કહીએ તો આખુંય શરીર રોગી હોય અને માત્ર એક જ આંગળી કે આંગળીનું ટેરવું તદ્દન નિરોગી હોય તો તે વખતનું આંગળીનું નિરોગીપણાનું સુખ સારાય શરીરને નિરોગી થાય તેની તુલનામાં આવી શકે ખરૂં? પણ....આપણે તો એનોય સાથે–સાથે વિચાર કરતાં જવાનો છે કે, માત્ર એક જ અંગની સ્વસ્થતા જેવું પ્રશમનું સુખ આવું અદ્ભુત હોય છે કે દુનિયાના બધા ય દુઃખોને સુખ બનાવી દે અને બધા ય વૈષયિક સુખોને

પાણી ભરતા કરી દે. તો તેનાથી ય ઉચ્ચકક્ષાનું અને તેના કરતાં ય અનંતઘણું તીવ્રકોટિનું મોક્ષનું સુખ કેવું મહાન હશે!

## " ક્ષયોપશમ ભાવ રોજની કમાઈ– ક્ષાયિકભાવ અખૂટનિધિ "

વળી 'પ્રશમ'નું સુખ એ ક્ષયોપશમભાવજન્ય સુખ છે અને ક્ષયોપશમભાવ એટલે રોજ કમાવ અને રોજ રોટી ખાવ તેવું. જેમ જેની પાસે મુડી ન હોય તેને રોજ મહેનત કરવી પડે અને રોજ કમાવું પડે તેવું જ ક્ષયોપશમભાવનું છે. ક્ષયોપશમભાવવાળા આત્માએ નિત્ય પુરૂષાર્થમાં લાગેલા જ રહેવું પડે. કારણ....'ક્ષયોપશમ'ભાવ ત્યારે જ પેદા થાય છે કે એક બાજુ ઉદયમાં ન આવેલા કર્મો હોય તેને દબાવી રાખવા પડે અને ઉદયમાં આવ્યા હોય તેનો આત્માને તેની જરા ય અસર પહોંચે નહીં તેવી રીતે ક્ષય કરવો. એટલે બરોબર એમ જ સમજી લો ને કે આત્માને ઉદયભાવની આગ લાગી છે તેમાંથી દૂર કરવાનો છે, અને આગ લાગી હોય ત્યારે શું કરવું પડે? ખબર છે ને?

એક બાજુથી તો જ્યાં આગ ન લાગી હોય તેવા મકાનોને તોડી નાંખવા પડે કે પાણી છાંટવું પડે, અને જ્યાં આગ લાગી હોય તેને એકદમ બંધ જ કરવી પડે. તેમ ઉદયભાવની આગને ઓલવીને ક્ષયોપશમભાવ પ્રગટાવવા માટે પણ જે ઉદયમાં ન આવ્યા હોય તેવા કર્મોને દબાવી રાખવા પડે અને ઉદયમાં આવ્યા હોય તેનો નાશ કરવો પડે. જો આમ કરવામાં જરા ય ભૂલ થઈ તો ઉદયભાવની આગ વિફર્યા વિના રહે જ નહીં. માટે ઉદયભાવની આગને શાંત કરીને ક્ષયોપશમભાવના પ્રશમની શાંતિ અનુભવવી

હોય તો જ્યાં સુધી આગ ચાલતી હોય ત્યાં સુધી આગળ ન વધે....કોઇને બાળે નહીં....તે માટે, અને જ્યાં લાગી ગઈ હોય તેને શાંત કરવા માટે પ્રયત્ન કરવો જ પડે.

આમ ક્ષયોપશમ કે ઉપશમભાવ તો જાગૃતિ રાખીને કેટલાંય પુરૂષાર્થ નિરંતર કરતાં રહો ત્યારે જ મલે, અર્થાત્ રોજ તે ભાવને ટકાવી રાખવા પ્રયત્ન ચાલુ રાખવો જ પડે. જરા પ્રયત્ન મંદ પડયો કે ક્ષયોપશમભાવ ગયો જ સમજવો. માટે જ પ્રશમભાવમાં વૈરાગ્યમાં લીન મહાત્માઓનો સતત્ આત્મા જાગૃત જ હોય છે અને તે જાગૃત રહે તો જ તેમનો પ્રશમનો આનંદ–પ્રવાહ ચાલ્યા જ કરે.

જ્યારે ક્ષાયિકભાવ તો એવો છે કે એક વખત પેદા થયો પછી નિરંતર ચાલ્યા જ કરે. ઉદયભાવની આગ ત્યાં કદી ય ફરકી ન શકે. કહો કે ક્ષયોપશમભાવ તો ઉદયભાવની આગ દબાવવાથી....આગળ વધવા નહીં દેવાથી.... અને ઓલવવાથી પેદા થાય છે, જ્યારે ક્ષાયિકભાવ તો એવો ભાવ છે કે જ્યાં ઇંધન બળી શકે તેવી કોઈ વસ્તુ જ રહેતી નથી. માટે સ્થૂલદષ્ટિથી કહીએ તો જેમ પ્રશમભાવ રોજ કમાવું ને રોજ રોટી ખાવા જેવો છે. તો ક્ષાયિકભાવ એટલે મોક્ષનો આનંદ. લાખો–ક્રોડો કે અસંખ્ય રૂપિયાનું નિધાન જમીનમાંથી નીકળે તેવું કે કામઘર જેવું છે. આવા નિધિ મેળવનારને કમાવા માટે કોઈ ચિંતા કરવાની રહેતી નથી. તેમ ક્ષાયિકભાવના સુખવાળાને પણ સુખ પેદા કરવા નવો પુરૂષાર્થ કરવાની કયારેય જરૂર પડતી નથી. તેથી પ્રશમભાવનું ગમે તેવું મહાન સુખ હોય તો ય તે ક્ષયોપશમ કે ઉપશમભાવથી પેદા થતું હોવાથી સહજ કે સ્વાભાવિક નથી. જ્યારે મોક્ષનું સુખ ક્ષાયિકભાવથી પ્રગટતું હોવાથી

સ્વાભાવિક છે, અને તેથી સ્વાભાવિક સુખનો એક અંશ પણ પ્રયત્નથી મેળવી શકાય તેવા સુખના એક અંશ સાથે પણ સરખાવી ન શકાય.

## "પ્રશમના સુખ અને મોક્ષના સુખની સરખામણી"

શાસ્ત્રકારોએ કહ્યું: "ન તત્તઓ ઇયરેણ ગમ્મઈ" તત્ત્વથી માત્ર મોક્ષમાં ગયેલા આત્મા એટલે કે ઘાતીકર્મના ક્ષય કર્યા વિનાના આત્માઓ સિવાય બીજા કોઈ તે સુખને જાણી શકતા જ નથી. કારણકે જો એ મોક્ષના સુખનો એક અંશ પણ કોઈ રીતે અહીં મળી શકે તેમ હોય તો તેને આગળ એમ કરીને એમ કહેવાય કે અહીં જેવું સુખ છે, તેના જેવું સુખ ત્યાં છે. પણ....વિષયનું સુખ કે જે વાસ્તવિક તો સુખાભાસ છે, અને પ્રશમનુ. સુખ તો આપણે વિચારી ગયા. આમાંથી કોઇ મોક્ષના સુખની આગળ ઉભું ન રહી શકે. વળી પાછા બધાં ભેદોને એક વખત યાદ કરી જાવ તો બરાબર મગજમાં બેસી જશે કે પ્રશમના સુખમાં અને મોક્ષના સુખમાં તફાવત છે.

| પ્રશમનું સુખ :- | મોક્ષનું સુખ :- |
|---|---|
| (૧) મોહનીયકર્મના જ ક્ષયોપશમથી પ્રગટે છે. | (૧) સમસ્ત કર્મના ક્ષયથી પ્રગટે છે. |
| (૨) ઘાતિકર્મોના ઉદયથી સહિત છે. | (૨) ઘાતિકર્મનો કે કોઇ પણ કર્મનો ઉદય હોતો નથી. |
| (૩) ઇચ્છા સહિત છે. | (૩) ઈચ્છા વિનાનું છે. |
| (૪) દેહ અને મનની અપેક્ષા છે. | (૪) મનની કે દેહની કોઇની પણ અપેક્ષા વિનાનું છે. |

(૫) આત્માના સ્વભાવપ્રાપ્તિ માટે સહાયક હોવા છતાં ય સ્વભાવરૂપ નથી. (૫) સ્વભાવરૂપ છે.

(૬) આ સુખ મેળવ્યા બાદ મોક્ષનું સુખ મેળવવાનું બાકી છે. (૬) આ સુખ મેળવ્યા બાદ કશું જ મેળવવાનું બાકી નથી.

(૭) પ્રશમનું સુખ મેળવવા ઇંદ્રિયો અને શરીરની તીવ્ર ગુલામી કરવી નથી પડતી છતાંય ઇંદ્રિય અને શરીરથી નિરપેક્ષ તો નથી જ થવાતું. (૭) શરીર અને ઇંદ્રિયોનો અભાવ હોવા છતાં પણ ટકી રહે છે.

હજી સૂક્ષ્મતાથી વિચાર કરીએ તો બીજા પણ ઘણાં-ઘણાં તફાવત તેમાં રહેલા માલુમ પડશે. પણ બધાંનો વિચાર કરવા બેસીએ તો પાર આવે એવું કયાં છે? કહો કે. જિનેશ્વર ભગવાનનું શાસન જ અપાર છે. જેટલી તમારી બુદ્ધિ અને સ્થિરતા હોય તેટલું ઉંડુ વિચારી શકો અને તેટલું તત્ત્વ પામી શકો.

પણ....આ બધાં તફાવતોથી એક જ વાત સ્પષ્ટ કરવાની છે કે મોક્ષનું સુખ નિરૂપમ છે. તેની સરખામણી કોઈ સાથે થઈ શકે તેમ નથી. માત્ર ભગવાનના વચનથી આપણે એટલું જ્ઞાન મેળવી શકીએ કે મોક્ષમાં અનુપમ સુખ છે અને તે સુખ વિષમના સુખ અને પ્રશમના સુખ કરતાં ય ઊંચી કક્ષાનું તેમજ મહાન છે. પણ જેમ જેણે સાકર ન ખાધી હોય તે તમને પૂછે કે સાકરનું ગળપણ કેવું, ગોળ જેવું? તો એને કહેવું જ પડે ને, ના.... ભાઇ! તેના જેવું

તો નહીં તેથી ય વધારે. પણ, પેલો પૂછે કે વધારે એટલે કેટલું વધારે અને કેવું? તો એ શું જવાબ આપી શકે? એ કહે જ ને, ભાઈ! એ તો તું ખાંડ ખાય ત્યારે જ ખબર પડે કે તેનું ગળપણ કેવું. એ કંઈ કહેવાય નહીં. એ તો માત્ર અનુભવાય અને ખાંડ ખાઈએ ત્યારે જ ખબર પડે કે ખાંડનું ગળપણ કેવું છે.

## " મોક્ષનું સુખ અનુભવી શકાય, વર્ણવી ન શકાય. "

મોક્ષનું સુખ અવર્ણનીય છે. આવર્ણનીયતાની સ્પષ્ટતા કરતું શાસ્ત્રમાં એક દૃષ્ટાંત આપ્યું છે કે:—

એક વખત એક રાજા કોઇક જંગલમાં ભૂલો પડયો, ફરતાં–ફરતાં એક ઝુંપડી તેની નજરે પડી. ઝુંપડીમાં કોઈ ગામડીયો રહેતો હશે. એ સમજ્યો કે બિચારો કોઈ ભૂલો પડયો હશે. થાકયો-પાકયો કયાં જશે? કયાંથી ખાવા લાવશે? એટલે રાજાને બોલાવીને પ્રેમથી રોટલો ને છાશ ખવડાવ્યા.

" ઉંઘ ન જાણે ઓટલો અને ભૂખ ન જાણે રોટલો." કકડીને ભૂખ લાગી હતી એટલે બધું ય અમૃત જેવું મીઠું લાગ્યું. રાજા તેના સત્કારથી ખુશ થઈ ગયો ને એક પાંદડા પર પોતાના નામ–ઠામ લખી આપીને પોતાના રાજમહેલે આવવાનું કહીને વિદાય થયો.

પેલો ગામડીયો એક દિવસ ફરતો–ફરતો શહેરમાં ચડી ગયો અને પાંદડાના સહારે રાજમહેલમાં પહોંચી ગયો. રાજા કૃતજ્ઞ હતો એટલે રાજસભામાં તેનો આભાર માનીને નોકરોને પોતાની જેવી જ રીતે સારવાર કરવાનો હુકમ કર્યો.

ગામડીયાભાઈ તો તળાવના પાણી સિવાય કદી કયાંય

નાહેલા નહિં અને અહીં તો ચારે બાજુથી અત્તરમિશ્રિત પાણીઓના ફુવારાઓ ઉડે. કોઇમાંથી ગુલાબની....તો કોઇમાંથી મોગરાની ખુશ્બુ....,કોઇ ગરમપાણીનો ફુવારો.... તો કોઇ ઠંડા પાણીનો....ગામડીયાભાઇએ તો સ્વપ્નમાંય ક્યાંથી જોયું હોય? સ્નાન કરે ત્યાં કેવાં રૂડાં–રૂપાળાં હાથ–પગ ચોળનારા સેવામાં હાજર હોય....એના બાપે ય કોઈ દહાડો ન જોયા હોય, મુલાયમ કપડાંથી શરીર લૂંછાયું.... શરીર લૂંછીને તૈયાર થયાં. ત્યાં તો જાત–જાતના વસ્રો લઇને રૂપાળી સ્રીઓ હાજર જ.... ગામડીયાભાઈ તો જોવામાં જ એટલા લીન થઈ ગયા છે કે ન્હાવા–ધોવાનું–પહેરવાનું તો બાજુએ, પણ ચારે બાજુ જોતાં જાય છે ને મશીનની માફક ફરતાં જાય છે.

કયા વસ્ર પહેરવા એ જ સમજ ન પડે. એક વસ્ત્ર જુએ ને બીજાને ભૂલે. ગમે તેમ કરીને વસ્ત્રો પસંદ કર્યા, ત્યાં તો વસ્ત્ર પહેરાવનાર વળી બીજા હાજર....વસ્ર પહેરાઈ ગયા ત્યાં આભૂષણના થાળ લઇને શણગારરૂમમાં રૂપ–રૂપના અંબાર જેવી નારીઓ સેવામાં તૈયાર. ગામડીયાભાઈને બધું જોવું તો એવું ગમે છે કે ટગર–ટગર આંખો ફાડીને જોયા જ કરે. શું જોવુ ને શું છોડવું એ જ સમજ પડતી નથી.

રાજાએ શાંતિ રાખી છે. તેણે વિચાર્યું: બિચારા આને ક્યાંથી આ જોવા મળતું હશે? આભૂષણ પહેરીને તૈયાર થયા ત્યાં તો સુંદર મઝાના વાજિંત્ર અને સંગીતથી ગુંજી રહેલો નૃત્યનો ઓરડો આવ્યો. ગામડીયાભાઈ કરે શું? ઓરડો જોવા જાય તો નર્તકીઓ જોવાની રહી જાય અને નર્તકી જુએ તો વાજિંત્રો જોવાના રહી જાય! સમય તો

ક્યાં પસાર થાય તે ખબર પડતી નથી. એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવું પડે ત્યારે ગામડીયાભાઈને લાગે હવે આનાથી તે કયું વધારે સારૂં આવવાનું છે?

પણ....જ્યાં બીજે આવી જાય કે પહેલાનું બધું ભૂલી જાય. આમ કરતાં ભોજનનો સમય થયો. અને જુદા–જુદા વેશમાં ભોજન પીરસનારીઓ હાજર....સોનાના થાળ અને પાછા હીરામાણેકથી જડેલા! કાચના આરપાર દેખાય એવા ચિત્રોથી મનોહર પાત્રો. હજી બધા વાસણો જુએ છે ત્યાં તો સ્વર્ગમાંથી ઉતરતી હોય તેમ એક પછી એક વાનગીઓ ઉતરવા માંડી....ગામડીયાભાઇ ખાય કે જુએ? જુએ તો ખાવાનું જાય ને ખાય તો જોવાનું જાય!

એમ કરતાં–કરતાં રાજાએ પોતાનો ખજાનો-યુદ્ધશાળા અશ્વશાળા–વિગેરે બધું ય બતાવ્યું. ચાર–પાંચ દહાડા પોતાની સાથે રાખ્યો. પછી જવું તો પડે જ ને! બધું યાદ કરતાં–કરતાં ગામડીયાભાઈ ગયા.

બધાં ગામવાળાને તો ખબર પડી ગઇ કે આ તો રાજમહેલમાં રાજાની પાસે જઈ આવ્યો. આખું ગામ ભેગું થયું. બધાં પૂછે કે, શું થયું? કેવું જોયું? પણ...પેલો જવાબ શું આપે? એવા રૂપરંગવાળું કે સ્વાદવાળું કંઇ હોય તો કહેને? બધાં પૂછે કે કેવું હતું? તો કહે, "બહુ સુંદર....બહુ મજાનું હતું....જોવું છૂટે જ નહીં તેવું હતું." બીજા બધાં ચીઢાયા. "અલ્યા! પણ સારૂં–સારૂં શું કહે છે, કેવું હતું એ તો કહે?" પેલો બિચારો શું કહે? એ તો જુએ એને જ ખબર પડે.

અરે! સંસારના દુઃખમાં પણ એવો ભેદ વર્તી રહ્યો

છે કે, એમાંના એક દુઃખને બીજા દુઃખની સાથે ન સરખાવી શકાય. અર્થાત્ જેને પેટના દુઃખવાનો અનુભવ હોય તેને પણ સુવાવડ જેવા દુઃખની કલ્પના કરવી મુશ્કેલ છે. તો જે પ્રશમના સુખ અને મોક્ષના સુખની અંદર જે આસમાન જમીનનું અંતર છે તે એની ઉપમા કેવી રીતે આપી શકાય?

પૂ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજ તો કહે છે કે, તેના જેવું સુખ આ સંસારમાં હોય તો તો આ સંસારને અસાર કોણ કહેત? અને મોક્ષપ્રાપ્તિની ચિંતા કરવાની જરૂર શી?

**" જન્તિ વા સંસારે ચ્ચિય હોજ્જ**
**તયં કિં ત્થ મોક્ખચિન્તાએ ।"**

( વિ આ. ગા. ૩૮૫૫ )

એ વાત પણ સાચી જ છે ને, જો અહીં રહ્યા-રહ્યા મોક્ષ મળી જતો હોય કે મોક્ષના જેવું સુખ મળી જતું હોય તો પછી મોક્ષના માટે પુરૂષાર્થ કરવાની જરૂર જ શી હતી? અને તેવા મોક્ષના જેવા સુખનો અનુભવ કરનારને વળી સંસારમાં છે તેમ કોણ કહી શકત? આમ એ પ્રકારે તેઓ પણ અહીંના કોઇ પણ સુખની ઉપમા મોક્ષના સુખને આપી શકયા નહીં તે વાત 'આપત્તિ' આપવા વડે જણાવી.

'આપત્તિ' એટલે તો સમજ્યા કે નહીં?

અહીં 'આપત્તિ' એટલે તમારા સંસારમાં જેમ બૈરી મરી જાય કે ધન ચાલી જાય તેમ નહીં. પણ જે પદાર્થ કે વસ્તુઓ નથી તે માનવી પડે અથવા છે તેની યોગ્ય વ્યવસ્થા ન કરી શકીએ તે. એટલે અહીં પૂ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મ. સંસારમાં મોક્ષ કે મોક્ષના જેવું સુખ હોય તો કોઈ

મોક્ષ માટે પુરૂષાર્થ કરે જ નહીં તે આપત્તિ આપે છે. પણ મોક્ષ માટે પુરૂષાર્થ થઈ રહ્યો છે તે જ બતાવે છે કે સંસારનું કોઇપણ સુખ મોક્ષના સુખ જેવું છે જ નહીં.

## "મોક્ષના સુખની સિદ્ધિ–શાસ્ત્રવચનથી"

હવે તમે અહીં પ્રશ્ન કરી શકો છો કે, મોક્ષનું સુખ કેવું છે, એ તો આપણને કોઇ રીતે ખબર પડવાની જ નથી. તો મોક્ષનું સુખ છે એ પણ આપણે કેવી રીતે જાણીએ? જો છે એમ ખબર પડે તો કેવું છે એમ પણ ખબર પડવી જોઇએ.

આ વાત બરાબર છે. કારણ કે આપણને મોક્ષના સુખનો સાક્ષાત્ અનુભવ તો છે જ નહીં. અર્થાત્ કે આપણે પોતે જ જેમ સંસારના સુખ–દુઃખ અનુભવીએ છીએ, તેમ મોક્ષનું સુખ તો અનુભવતા નથી. તેથી આપણને તેનો ય પ્રત્યક્ષ નથી. વળી તેવો મોક્ષગાંગયેલો આત્મા આપણી પાસે કોઇ હોય તો તો તે કહી શકે....કે કેવળજ્ઞાની કહી શકે કે મેં મોક્ષનું સુખ અનુભવ્યું છે....જાણું છું. કે હું ઘાતીકર્મના ક્ષયથી અનંત સુખ અનુભવી રહ્યો છું. પણ.... આપણી પાસે તો તેવા ય કોઇ મહાત્મા નથી કે જેથી આપણને એ વાત કહી શકે.

પ્રશ્નઃ—શું મનઃપર્યવજ્ઞાની કે અવધિજ્ઞાની મોક્ષના સુખને સાક્ષાત્ જાણી કે અનુભવી ન શકે?

જવાબઃ—ના, માત્ર કેવળજ્ઞાની સિવાય અન્ય કોઇ પણ મોક્ષના સુખને જાણી પણ ન શકે કે અનુભવી પણ ન શકે. કારણકે મોક્ષના સુખનો અનુભવ તો આઠ કર્મનો ક્ષય કરનારને થાય. અવધિજ્ઞાની કે મનઃપર્યવજ્ઞાનીને આઠ કે ચાર ઘાતિકર્મનો ક્ષય થયો ન હોય. જેના એ કર્મનો ક્ષય

થઈ ગયો હોય તે અવધિજ્ઞાની કે મનઃપર્યવજ્ઞાની નહીં પણ કેવળજ્ઞાની જ કહેવાય. તેમના સિવાય બીજા કોઇને તેનો અનુભવ જ ન હોય, જ્ઞાન પણ ન હોય.

વળી જાણવા જેવી વાત છે કે, અવધિજ્ઞાન તેમજ મનઃપર્યવજ્ઞાનનો વિષય સિદ્ધનું સુખ કે મોક્ષનું સુખ નથી. કારણકે અવધિજ્ઞાનનો વિષય માત્ર રૂપી પદાર્થો છે. **"રૂપિષ્વવધેઃ"** અને **"તદનન્તભાગે મનઃપર્યાયસ્ય"** અને મનઃપર્યવજ્ઞાન તો રૂપી પદાર્થોના પણ અનંતમાં ભાગરૂપ માત્ર મનના પર્યાયરૂપ મનોવર્ગણાને જ જાણી (પ્રત્યક્ષ કરી) શકે. એટલે અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની પણ મોક્ષના સુખને સાક્ષાત્ જાણી કે અનુભવી ન શકે!

તેથી તેવા જ્ઞાનીઓ આજે હયાત હોત તો પણ તે જાણી કે અનુભવી ન શકતા હોત. વળી સમજી લો કે કેવળજ્ઞાનીઓ આપણી સમક્ષ હાજર હોત કે જે જમાનામાં કેવળજ્ઞાનીઓ હાજર હતા, તે વખતે પણ તેઓ જાણતાં હોવા છતાં ય–અનુભવતા હોવા છતાં ય આપણને મોક્ષનું સુખ કેવું છે તે કેવી રીતે સમજાવી શકત. કારણકે આપણે પૂછીએ કે, "મોક્ષમાં છોકરાના બાપના સુખ જેવું સુખ ખરૂં.?" તો ય "ના' કહે. આપણે પૂછીએ કે "કામભોગના આનંદ જેવું ?" તો ય "ના" કહે. આપણે પૂછીએ કે, "ત્યારે સ્વાદિષ્ટ ભોજન આરોગવા જેવું ખરૂં ?" તો ય "ના" કહે ત્યારે પૂછીએ ત્રણલોકના નાથ ચક્રવર્તી જેવું ખરૂં ?

તો ય "ના" કહે, વળી પૂછીએ "સાધુ જેવું સુખ ખરૂં ?" તો ય "ના" કહે.

વળી એમ પૂછીએ કે "ક્ષમા, સરળતા, નમ્રતા, સંતોષ, નિઃસ્પૃહતા, મધ્યસ્થા અને વિરાગના જેવું સુખ ખરૂં ?"

તો ય કહે "ના".

જ્યારે પૂછીયે કે કોના જેવું ? તો એમને પણ એમ જ કહેવું પડે કે '**મોક્ષનું સુખ મોક્ષના જેવું જ**' માટે કેવળજ્ઞાની હોય તો ય પેલો રાજમહેલમાં જઇને અવેલો ગામડીયો જેમ બીજા ગામડીયાને પોતે રાજમહેલનું સુખ કેવું છે તે જાણતો'તો છતાં ય ન કહી શક્યો. તેમ આપણને પણ તે કેવલજ્ઞાની ભગવંતો જાણતા અને અનુભવ કરતાં હોવા છતાં ય કહી ન શકે, એમ જ સમજોને કે મુંગો ગોળ ખાય એના જેવું છે. પોતે સ્વાદ જાણે પણ કહી ન શકે. શાસ્ત્રમાં કહ્યુ છે, 'શ્રુતજ્ઞાન એક જ બોલતું જ્ઞાન છે. બાકી બધાં મુંગા છે. પણ બોલતું શ્રુતજ્ઞાન મોક્ષના સુખનો સ્વાદ જાણતું નથી. તો તે કહે કેવી રીતે ?

તમારો પ્રશ્ન એ જ છે ને કે જે કોઈનાથી જાણી શકાય એવું નથી તે સુખ છે, તે તમે કેવી રીતે જાણ્યું ? જવાબ સીધો છે. આવા તો કેટલાય પદાર્થો જૈનશાસનમાં છે કે જેને સંપૂર્ણજ્ઞાની–કેવળજ્ઞાની સિવાય અન્ય કોઇએ જોયા–જાણ્યા કે અનુભવ્યા નથી. છતાં ય આપણે જાણીએ છીએ.

બોલો ધર્માસ્તિકાય છે, અધર્માસ્તિકાય છે, તે તમે જાણો છો ? તે કેવી રીતે જાણો છો ?

'શાસ્ત્રથી....વીતરાગના વચનોથી....'

એમ મોક્ષનું સુખ પણ આપણે વીતરાગના વચનથી જ જાણવાનું છે. પણ ફર્ક એટલો જ કે જેમ ધર્માસ્તિકાયની

મુખ્ય વિશેષતા–મુખ્ય ધર્મ (લક્ષણ) ગતિસહાયક છે, તેમ મોક્ષના સુખ માટે આવો કોઈ પરિચય ન મળે, તેથી મોક્ષનું સુખ છે....મહાન્ છે. એમ જાણતા હોવા છતાં ય કેવું છે એ ન જાણી શકાય અને જે છે તે સૌથી શ્રેષ્ઠ છે, એ જાણી શકાય. **સૌથી શ્રેષ્ઠ હોય પણ કેવું છે તે ન જાણી શકાય તેનું નામ જ 'નિરૂપમ'** આ મોક્ષનું સુખ આવું નિરૂપમ છે. માટે તે કેવું છે તે કહી જ ન શકાય.

એનો અનુભવ તો સિદ્ધ ભગવંતોને જ હોય! કેવલ ઘાતિકર્મના નાશ કરનારા અરિહંત પરમાત્માઓને પણ કેમ હોઈ શકે? એમને પણ વેદનીયકર્મનો ઉદય છે, જ્યારે સિદ્ધ ભગવંતોનો તો વેદનીયકર્મનો ક્ષય થયેલો છે. માટે મોક્ષના સુખનો કોઈ પણ આપણા અનુભવમાં આવી શકે એવો પરિચાયક છે જ નહીં. આથી મોક્ષના સુખના વર્ણનથી જ આપણે જાણી શકીએ અને એનું વર્ણન શાસ્ત્રોમાં મળે. આથી મોક્ષના સુખના પરિચાયક શાસ્ત્રવચન છે.

પ્રશ્નઃ—ત્યારે આપે આગળ બતાવ્યું ને કે પ્રશમના સુખને ઓળંગી જાય તેવું છે, અને તે માટે દાખલા–દલીલો પણ આપી હતી ને?

જવાબઃ—હા, પણ તેથી શું થયું? તમે પણ તે દાખલા–દલીલો સાંભળ્યા જ છે ને? હવે હું તમને પૂછું છું કે "મોક્ષનું સુખ કેવું છે? બોલો જોઈએ?" તો તમે કહેશો કે, "પ્રશમ કરતાં ય ઘણું મહાન!" આટલું જ મેં પણ કહ્યું છે ને, "પૂર્ણ પ્રશમ કરતાં ઘણું મહાન છે" એનો અર્થ શું થયો? તે ન સમજ્યા?

## મોક્ષનું સુખ પ્રશમના સુખ જેવું નથી. તેના કરતાં ય મહાન છે-નિરૂપમ છે. તો સરખામણી શા માટે કરી...?

મતલબ આટલા વિવેચનથી આપણે એટલું કહી શકયા કે, તે મોક્ષનું સુખ આવું....આવું....પ્રશમ જેવું.... સંતોષ જેવું નથી. પણ એમ કહી શકયા ખરા કે આવું છે? આના જેવું છે? જયાં સુધી કોના જેવું છે એમ ન કહીએ ત્યાં સુધી વસ્તુનો ખ્યાલ ન જ આવે.

સમજો કે તમારે કોઇ '**અ**' નામની વસ્તુનું વર્ણન કરવું છે. અને કહો છો કે, 'તે ઘોડા જેવી નથી–ગધેડા જેવી નથી–માણુસ જેવી નથી' એમ કહેતાં–કહેતાં દુનિયાની બધી વસ્તુના નામ બોલી જાવ ને કહેતાં જાવ કે આના જેવું નથી. અને પછી હું તમને પૂછું કે '**અ**' નામની વસ્તુ કેવી છે? કોના જેવી છે? તો તમે તે વિષે શું કહી શકો? વધારેમાં વધારે એટલું જ કહી શકોને કે તે સારી દુનિયાથી વિલક્ષણુ છે–જુદી છે પણુ તે સિવાય તેના રૂપરંગ કેવા છે, તે તો ખબર નથી. તેમ મોક્ષના સુખના વર્ણનમાં પણુ જે દાખલા–દલીલો આપવાના તે બધાના અંતે એમ જ કહેવું પડે. એમ જ કહેવાનું કે આવું નહિં પણુ આનાથી પણુ શ્રેષ્ઠ છે–આનાથી ઉત્તમ છે, એમ જ કહેવું પડે. માટે આપણે પણુ જે દાખલા–દલીલો આપીને સમજાવ્યું તે બધાંનો સાર એટલો જ છે કે '**સંસારનું સુખ તે સુખાભાસ જ છે.**' પ્રશમનું સુખ એ કંઈક અંશે સુખ કહેવડાવવા લાયક છે.

કારણુકે તે મોક્ષના સુખનું કારણુ બની શકે. અર્થાત્ મોક્ષનું સુખ લેવામાં સહાયક થાય છે. પ્રશમ ન આવે

ત્યાં સુધી કર્મનો નાશ થાય નહીં, અને કર્મનો નાશ થયા વગર મોક્ષ થાય નહીં, અને મોક્ષ થાય નહીં એટલે અવ્યાબાધ શાશ્વત સુખ મળે નહીં. માટે પ્રશમને કોઇ અપેક્ષાએ સુખ કહેવાય પણ આખિરમાં તો ક્ષયોપશમભાવ કે ઉપશમભાવને છોડવાના જ છે. આથી ક્ષયોપશમભાવનો પ્રશમ પણ છૂટી જવાનો તે પ્રશમ–ક્ષાયિકભાવમાં પરિણમી જવાનો છતાં ય તે પ્રશમનું સુખ મન, વિચાર, ક્ષયોપશમ વિગેરેની સહાયની અપેક્ષાવાળું છે. તેથી તે પણ મોક્ષના સુખની આગળ કંઇ જ નથી. અર્થાત્ મોક્ષનું સુખ એ 'સુખ' શબ્દની જેમાં પ્રવૃત્તિ થઇ શકે, તે બધાં પદાર્થોથી વિલક્ષણ અસ્તિત્ત્વ ધરાવતો આત્મગુણરૂપ એક પદાર્થ છે.

## "વિશેષ આવશ્યકમાં સિદ્ધના સુખનું વર્ણન"

તેથી જ શાસ્ત્રમાં જ્યાં જ્યાં એ સિદ્ધના સુખનું વર્ણન આવવાનું તે દરેક સ્થળે પહેલાં સરખામણી જેવું લાગશે પછી કહેશો કે 'ના' તે બધાંના જેવું નહીં પણ તેથી ઉત્તમ તે મોક્ષના સુખ જેવું તો કોઈ છે જ નહીં. શાસ્ત્રકારો ફરમાવે છે કેઃ—

"ણ વિ અત્થિ માણુસાણં,
તં સોકખં ણઇ વ સવ્વદેવાણ;
જં સિદ્ધાણં સોકખં,
અવ્વાબાધં ઉવણતાણં"
"સુર ગુણ સહું સમત્તં,
સવ્વદ્ધા પિણ્ડિતં અણંતગુણં;
ણ ય પાવતિ ભુત્તિ સુહં,
ણંતેહિં વગ્ગવગ્ગેહિં"

**સિદ્ધસ્સ સુહો રાસી,**
**સવ્વદ્ધા પેણ્ડિતો જતિ હવેજ્જ;**
**સોણંત વગ્ગમઇતો,**
**સવ્વાગાસે ન ભાએજ્જા "**

( આ. નિ. ગા. ૯૮૫, ૯૮૬, ૯૮૭ )

( આ. ભા. ગા. ૩૮૪૭ થી ૩૮૪૯ )

શાસ્ત્રકાર મહર્ષિ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ 'વિશેષ આવશ્યક' નામની તેમની "કરેમિભંતે સૂત્ર"ની અપૂર્વ ટીકામાં સિદ્ધોના વર્ણનમાં આ જ વાત જણાવે છે. જૈન-શાસનમાં તો ઠીક પણ દુનિયાના વિદ્યમાન કોઇ પણ આટલા નાનામાં નાના ગ્રંથની તેમના જેટલી વિશાળકાય ટીકા હશે કે નહીં એ સવાલ છે. કદાચ આવી મહાન ટીકા હશે તો પણ આટલા વિષયની વિવિધતાથી ભરેલી હશે કે નહીં તે તો પૂર્ણ શંકાને પાત્ર છે.

**તે ટીકા જૈનદર્શનના તર્ક તેમજ સિદ્ધાંતરૂપી રત્નો માટે ખાણ છે. કહો કે સાચી જિનની આણ છે, જિનશાસનની શાન છે, ભવરૂપી રાનને ( જંગલમાંથી ) પાર કરવાને યાન ( વહાણ ) છે.**

અહીં આપણને તેમની ટીકાનું વર્ણન કરવાનો અવસર કે સમય નથી, પણ જે વાત આપણે મોક્ષના સુખ માટે સમજી ગયા તે તેઓએ કેવા શબ્દોમાં કહી છે તે સમજી લેવાની છે. તેઓએ જણાવ્યું છે કે:—

" અવ્યાબાધ સ્થાનને પામેલા સિદ્ધોને જે સુખ છે તે સુખ નથી તો મનુષ્યોને—નથી તો બધાં ય દેવોને ! "

બધાં જ દેવના સુખને ભેગા કરીને, બધાં કાળનું તેમનું સુખ ભેગું કરીએ અને તે સુખને અનંત વખત ગુણીએ અને તેનો પણ અનંતાનંત વર્ગ કરીએ તો પણ મુક્તિનું સુખ ને તે સુખ સરખા ન થઈ શકે.

વળી "સિદ્ધના સુખની જે રાશિ બધા કાળે થાય તેનો અનંતના વર્ગ વડે ભાગાકાર કરીએ તો પણ ભાગાકાર કરવાથી જે સુખરાશી આવે તે સુખરાશી લોક અને અલોક બંને આકાશને ભેગા કરીને રાખીએ તો પણ તેમાં ન સમાઈ શકે." આમ તેમણે પણ ગણિતની ગણત્રી કરાવીને આખરે તો એ જ સાબિત કર્યું કે તે વિશ્વના તમામ સુખો કરતાં પણ વધારે છે.

બીજી ગાથામાં જણાવ્યું કે, બધા દેવોનું સુખ ભેગું કરો અને તેમના બધાના આયુષ્ય વડે તે સુખનો ગુણાકાર કરો અને જે ગુણાકાર આવે તેના વર્ગનો પણ વર્ગ કરો તો પણ મુક્તિના સુખની સદૃશ તે સુખ થઇ શકે નહીં.

વર્ગ એટલે તો સમજો છો ને? જે સૂક્ષ્મનો વર્ગ કરવાનો હોય તે રકમને તે જ રકમ વડે ગુણવી તેનું નામ વર્ગ. અર્થાત્ ૨ નો વર્ગ ૨×૨=૪ અને ૪ નો વર્ગ એટલે ૪×૪=૧૬ આમ તમે ગણિત કરતા જાવ તો પણ સિદ્ધના સુખનો પત્તો લાગે જ નહીં.

વળી આ જ વાતને ત્રીજી ગાથામાં બીજી રીતે બતાવીને કહ્યું કે, સિદ્ધના આત્માને જે સુખરાશી છે–પ્રતિસમય અનુભવે છે તેને અનંતના વર્ગ વડે ગુણો અને જે રાશિ પ્રાપ્ત થાય તેને અનંત વર્ગમૂળ કરો, ભાંગાકારમાં આવેલી રાશી લોક અને અલોકના આકાશપ્રદેશમાં રાખવા જાવ તો પણ ન રાખી શકો.

જો કે આવું કરી શકાતું નથી, પણ એક બુદ્ધિ-કલ્પના દોડાવીને જેમ તમે દુનિયાની વાતો સમજાવો છો તેમ શાસ્ત્રકારોએ પણ એક કલ્પનાબુદ્ધિ પૂરતી જ આ વાત સમજાવી છે. આના દ્વારા એમને એટલું જ સ્પષ્ટ કરવાનું હોય છે કે, ગમે તેટલી માથાફોડ કરો કે ઊંચા-નીચા થઈ જાવ....કેવળજ્ઞાની પાસે પહોંચી જાવ કે મોટામાં મોટા ગણિત કરી લો. પણ એટલી વાત તો નક્કી જ છે કે મુક્તિનું સુખ આવું છે એવું કદી કોઈ કહી શકશે નહીં! આવા નિરૂપમ મોક્ષસુખને મેળવીને આપણે ક્યારે નિર્મળ બનીએ એ જ ભાવના રાખવાની છે, અને પરમાત્માનો નિરૂપમ મોક્ષમાર્ગ આ અનુપમ માનવજન્મમાં સાધી ઉપમાતીત મોક્ષના અનંત સુખના સ્વામી બનવાનું છે.

## મોક્ષમાંથી આત્માઓ પાછા આવે છે
## દયાનંદજીના મતનું વિસ્તારથી ખંડન

આપણે તો એ સિદ્ધ કરી ગયા છીએ કે, ઇચ્છાઓથી–વિષયોથી પેદા થતું સુખ જે વાસ્તવિક રીતે દુઃખ જ છે, તેના કરતાં જુદું અને તેના કરતાં અનંતાનંત ઘણું સુંદર એવું સુખ મોક્ષમાં છે. માટે ત્યાંથી કોઇને પાછા આવવાની જરૂર પડતી નથી. પણ કેટલાંક તો એવા મૂર્ખશિરોમણીઓ છે કે મુક્તિમાંથી પણ પાછું આવવાનું માને છે. જો કે આવું માનવાવાળા એક નહીં અનેકો છે. થોડા વર્ષો પહેલાં ઠીક ઠીક જોર બતાવી ગયેલ આર્યસમાજીઓ પણ આમાનાં જ એક છે. તેઓ વેદનું પ્રમાણ આપે છે કે:—

"પિત્તરં ચ દશેયં માતરં ચ"

(ઋગ્વેદ મંત્ર–૧, સૂ. ૨૪, મંત્ર ૧૧૨)

"મુક્તિમાં ગયેલા જીવો સંકલ્પો કરે છે કે, હું માતાને જોઉં અને ત્યાંથી તે જીવો અહીં આવે છે."

આવી **દલીલો** કરનારા **મલીનો** બિચારા મુક્તિનો અર્થ શું છે? એ જ સમજ્યા નથી. મુક્તિમાં ગયા પછી ઇચ્છા શાની? અને ઇચ્છા પેદા થાય તો મુક્તિ શાની? મુક્તિમાં ગયેલાને પણ ઇચ્છા એટલે એમ જ કહો કે તમારા

મતે મુક્તિ એક પ્રકારની બદ્ધદશા જ છે. સંસારી જીવ પણ ઇચ્છાવાળા અને મુક્તિમાં ગયેલા જીવ પણ ઈચ્છાવાળા! **ઇચ્છા હોય ત્યાં વાસ્તવિક સુખની વાત કરવી એટલે આગ હોય ત્યાંથી શીતલતા મેળવવા જેવી વાત છે. 'ઇચ્છા' અપ્રાપ્યની પ્રાપ્તિ માટે થાય. તમારી પાસે જે ચીજ હોય તેને પ્રાપ્ત કરવાની કદી ઈચ્છા થાય ખરી?**

પ્રશ્ન:—હા, કેમ અમારી પાસે ધન છે, તોય અમને ધનની ઈચ્છા થાય છે ને?

જવાબ:—ના, તમારી તિજોરીમાં જે ધન છે તેની તમને ઇચ્છા નથી થતી, પણ જે તમારા અધિકારની બહાર છે તેજ ધનની ઈચ્છા તમને થાય છે. અને જો પોતાની પાસે જે હોય તેની ઇચ્છા થતી હોય તો કેટલું સુંદર થઈ જાય, કોઈને કંઇ ઈચ્છા થાય એટલે પોતાની પાસેની વસ્તુ પોતાને આપી દેવાની. બસ પતી ગયું ને? ઇચ્છા પૂરી થઈ જાય ને? તમને ધનની ઇચ્છા થઇ તે વખતે કોઇ આવીને કહે: "લો, શેઠ! આ તમારૂં ધન અને તમે તે ધનને મેળવો, તો તમારી ઇચ્છા પૂરી થઈ ગઇને? તરત જ તડુકી ઉઠો: "મૂર્ખા! આ તો મારૂં પોતાનું જ છે. તેમાં શું મેળવવાનું હતું?" ત્યારે નક્કી થયું કે નહીં કે ઇચ્છા થાય તે ત્યારેજ થાય કે જે ચીજ તમારી પાસે ન હોય.

અહીં 'માનવ' થયો છે, તો 'માનવ' બનવાની ઈચ્છા કરો છો કે મોક્ષમાં જવાની? કહો 'માનવ' બન્યા પછી માનવ બનવાની ઈચ્છા ન હોય. કારણકે તે રૂપે તો બની જ ગયા છીએ.

પ્રશ્નઃ—કેમ મહારાજ સાહેબ! આપણે મહાવિદેહના માનવ બનવા ઇચ્છા રાખીએ છીએ ને?

જવાબઃ—પણ...તમે વચમાં મહાવિદેહને શા માટે લાવ્યા? માત્ર માનવ બનવા માટે કેમ ઈચ્છતા નથી? એટલે ખરી રીતે તો તમે મહાવિદેહના માનવ બનવા ઇચ્છો છો. કારણકે મહાવિદેહક્ષેત્ર તમારી પાસે જન્મભૂમિ તરીકે નથી માટે તે અપ્રાપ્ત જ થયું. તેથી ય તમે તેને મેળવવાની ઈચ્છા કરો, પણ મહાવિદેહનો માનવી કંઈ મહાવિદેહનો માનવી બનવાને ઇચ્છા રાખે ખરો?

આવી જ રીતે આપણે ભગવાનના સમયના ત્રીજા-ચોથા આરાના માનવી બનવા ઈચ્છીએ. શા માટે? કારણ આપણે તે કાલમાં જન્મયા નથી, માટે તે કાલ આપણી પાસે નથી. કાલ આપણને પ્રાપ્ત નથી, માટે તે 'કાલ'ની જ ખરેખર આપણી ઈચ્છા હોય છે. આમ ઇચ્છા હંમેશા અપ્રાપ્તને પ્રાપ્ત કરવાની જ હોય. તમે કહો કે ધન, પુત્ર, વૈભવ-વિલાસ મળ્યા હોય છતાં ય તે ચાલી ન જાય તેની ઇચ્છા થાય તેને શું સમજવું?

શું સમજવું કેમ? 'ધન' પ્રાપ્ત છે, પણ તેનું રક્ષણ પ્રાપ્ત નથી....પુત્ર પ્રાપ્ત છે પણ એનું જીવન કે મરણ તમારા હાથમાં નથી....માટે તેનું જીવન લાંબુ થાય, જીવનનું રક્ષણ થાય કે વૈભવ-વિલાસનું રક્ષણ થાય એ ઇચ્છા થવાની. પણ (સેઇફ)માં-બેંકમાં મૂકેલા નાણાંનું રક્ષણ કરવાની કે જેનું નિશ્ચિત રક્ષણ થવાનું જ છે તેના રક્ષણની ઈચ્છા થાય નહિં. તમને થાય કે આ તે કેવી વાત છે? દુનિયાની અંદર કંઇ કોઈનું નિશ્ચિત રીતે 'રક્ષણ' કોઈના હાથમાં થોડું છે? એટલે તેની તો ઈચ્છા થયા જ કરવાની.

બસ ! બસ ! આટલું જ સમજી જાવ એટલે કલ્યાણ. મેળવવું પણ આપણા હાથમાં નથી, 'રક્ષણ' કરવું આપણા હાથની વાત નથી. માટે રક્ષણ તો અપ્રાપ્ત જ રહેવાનું. અને અપ્રાપ્તની જ ઈચ્છા થાય માટે તેના રક્ષણ માટે ઈચ્છા પણ થવાની અને નિશ્ચિત રક્ષણ કરી શકે તેવું કોઈ નથી. માટે ઈચ્છા રહે ત્યાં સુધી સળગ્યા જ કરવાનું. આપણે પણ અહીં એ જ વિચાર કરી રહ્યા છીએ કે મુક્તાત્માને ઈચ્છાવાળો માનવાવાળા કેવી ભીંત ભૂલ્યા છે.

આ આત્મામાં 'ઈચ્છા' છે એમ કહ્યું, એટલે તે આત્મા અપૂર્ણ થઈ ગયો એ નક્કી થઈ ગયું. અને અપૂર્ણ આત્માને મુક્ત કહેશો તો 'બદ્ધ' કયા આત્માને કહેશો ? બદ્ધ પણ ઈચ્છાથી ઘેરાયેલો અને મુક્ત પણ તેવો ? સંસારી આત્મા પણ ઈચ્છાઓથી પીડાયેલો પછી આવી ઈચ્છાવાળી મુક્તિની માથાકૂટ શા માટે ?

જો આત્મા મોક્ષમાં પણ ઈચ્છાવાળો હોય તો સમજી લેવું કે આવો ઈચ્છાવાળો મોક્ષ એ વાસ્તવિક સુખનું સ્થાન નહીં પણ સાચી દુઃખની જ ખાણ છે. 'ઈચ્છા' થાય ત્યાં ઉત્કંઠા થાય, અને તે ઉત્કંઠા પૂરી ન થાય ત્યાં સુધી હૃદયમાં આગ જલાવ્યા જ કરે. તો પછી સુખ શાનું ? સંસારમાંય જેને ચારે બાજુથી મોજ–શોખ....ગણી ગણાય નહીં તેટલી સંપત્તિ હોય તેવાનોય જો છોકરો ન હોય તો શું દશા થાય ? મનમાં છોકરાની ઈચ્છાની આગ સળગતી હોય ત્યાં બહારની સંપત્તિ શું સુખ આપશે ?

**ઈચ્છાવાળી મુક્તિ એટલે દુઃખની શુક્તિ(છીપલું) તેમાંથી આંસુઓરૂપી મોતી જ પાકે.** આવી સ્થિતિ માટે તે આર્યસમાજીઓ 'મુક્તિ' શબ્દનો ઉપયોગ કરીને

ખરેખર 'ઘોડા'ને 'ગધેડો' કહીને બોલાવવા જેટલી ભૂલ કરે છે. ખરેખર 'મુક્તિ' શબ્દનો આ દુરૂપયોગ છે. '**મુકિત સ્વતંત્રપણાનું નામ છે, અને 'ઈચ્છા' પરતંત્રતાની મહાન ખાણ...ઇચ્છાસહિત હોય તે સ્વતંત્ર કદી ન બની શકે!** પણ શું થાય? તેમને આમ કરતાં કોણ રોકી શકે?

**બલિહારી** છે જિનશાસનની, કે જ્યાં તત્ત્વોની **હરિયાલી** બારે માસ **છવાયેલી** રહે છે. ગમે તેવા વાદી-પ્રવાદીની **કજીયાળી** વાતો તે જિનશાસનના તત્ત્વોને વાંધા-ભર્યા બતાવી નથી શકતા. પણ દયાનંદજી તો મુક્તિમાંય ઇચ્છા માને છે, અને ત્યાંથી માતા-પિતાને જોવાની ઇચ્છાથી પાછા આવવાનું કહે છે. કદાચ તે આગળ દલીલ કરીને કહે કે, "મુક્ત આત્માઓમાં ઈચ્છા પેદા નથી થતી પણ ઇશ્વર ઇચ્છા પેદા કરે છે અને અહીં તેમના મા-બાપની સાથે મેળ કરી આપે છે."

ક્ષણભર માટે આ હડહડતા જુઠ્ઠાણાને ય સાચું માની લઇએ અને પૂછીએ કે, "બોલો! એક વખત મુક્તિમાં ગયેલો આત્મા ફરી અહીં આવીને દુઃખી થવાનો કે નહીં? અને જો તે દુઃખી થવાનો તો કોના પ્રતાપે? પોતાના કર્મના પ્રભાવે કે ઈશ્વરે તેને ઇચ્છા પેદા કરાવી તેના પ્રભાવે?" જો આપણે એમ જ માની લઇએ કે એક વખત મુક્તિમાં ગયા બાદ તે જીવ કદી દુઃખી જ નહીં થવાનો તો બધાંય આત્માઓ તેમના મતે અત્યાર સુધી કેટલીય વખત મુક્તિમાં જઈ આવ્યા છે. કારણકે તેમના મતે જીવ નિત્ય છે, અને મુક્તિ અનિત્ય છે. જીવની શરૂઆત નથી પણ મુક્તિની શરૂઆત અને અંત બંને છે. માટે બધાં જીવો મુક્તિમાં જઈ આવ્યા જ હોવાં જોઇએ ને! બધાં

જીવો મુક્તિમાં જઇ આવ્યા હોય એટલે બધાં જ સુખી હોય, તો આ વિશ્વમ કોઇ સુખી અને કોઇ દુઃખી ન દેખાય! પણ....આવું વિશ્વ આપણને જોવા નથી મળતું માટે એક વખત મુક્ત થયેલ આત્મા પણ પાછો દુઃખી થયો તેવું માનવું પડે છે.

આત્મા 'મુક્તિ'માં ગયો તે વખતે તો તેના કોઇ પણ કર્મો બાકી રહ્યા જ ન હતાં. તો પછી ત્યાંથી આવીને દુઃખી થયો તે તેનામાં ઈશ્વરે ઈચ્છા પેદા કરી ત્યારે જ ને! ઈશ્વરે તે ઈચ્છા-રહિત આત્મામાં ઈચ્છા પેદા કરી એટલે ફરીથી આ સૃષ્ટિમાં આવીને દુઃખ મેળવવાનું બીજ પણ ઈશ્વરે જ રોપ્યું. અને ઈશ્વરે બીજ રોપ્યું હોય તો આત્મા સ્વતંત્ર થઈ ન શકયો. બીજી તરફ ઈશ્વરને ન્યાયી કહેવા છતાંય મુકતાત્મામાં ઈચ્છા પેદા કરનારો માનીએ તો આપણા જેવા ઈશ્વરને છાની–છપની રીતે પણ અન્યાયી કહેનારા કોઈ ન રહ્યા. કારણ કે અહીં રહેલાં સંસારી જીવને–બદ્ધ જીવને તો ઈશ્વર કર્મો પ્રમાણે જ ફળ આપે, પણ મુકતા-ત્માઓ કે જેનામાં કોઈ ઈચ્છા રહી નથી તેમાં પણ વિના વાંકે–વિના ગુન્હે ઈશ્વર ઈચ્છા મૂકે અને પછી તેમાંથી ફૂલી–ફાલીને દુઃખ અને દર્દ પેદા થાય. કોઈક તો કહી જ દે કે આના કરતાં તો મુક્તિમાં ન જવું તે જ સારું ને?

કારણ; આ તો એક દર્દી મહેનત કરીને ખૂબ સારો થયો, કડવી દવાના બાટલા પીને સ્વપ્નમાંય ન પાળી હોય તેવી ચરીઓ પાળીને તંદુરસ્ત બન્યો, કેટલાંય દિવસો ત્યાં રહ્યો, અને જ્યાં દવાખાનામાંથી બહાર જતો હતો કે ડોકટરે એવું ઇન્જેકશન મૂકી દીધું કે પાછું તેવું

ને તેવું જ દુઃખ-દર્દ શરૂ! શું આવા ડોકટર પાસે કોઈ જાય ખરૂં? આવો ડોકટર ન્યાયી કહેવાય ખરો?

જો ઈશ્વર પણ મુકત આત્મામાં માતા-પિતાને જોવાની ઈચ્છા પેદા કરી આપે તો આપણે ઇશ્વરને આવા ડોકટર જેવા જ માન્યા કહેવાય. માટે આ બધી કલ્પના જ ખોટી છે કે ઇશ્વર મુકત આત્મામાં ઇચ્છા પેદા કરે છે. ખરેખરો આત્મા **મુકત** ત્યારે જ **મુકત** થયો કહેવાય કે પછી ફરી કયારેય કોઈની જોડે **યુકત** ન થાય-જોડાય નહીં! વળી આટલાયથી તે વાદીઓ-આર્યસમાજીઓને સંતોષ ન થાય અને કહે કે, તે મુક્તાત્મામાં ઇચ્છા હોતી નથી અને ઇશ્વર પણ તેમાં ઇચ્છા પેદા કરતો પણ નથી. પણ તેના જ્ઞાનથી તે સંસારને જુએ છે અને તે પદાર્થોમાં તેની ઈચ્છા થઈ જાય છે.

આ તર્કનો જવાબ તો પછી કરીએ, પણ એના મૂલ પહેલાં તપાસી લઇએ. જેના **મૂલમાં જ શૂલ ભોંકાયેલા હોય તેના ફુલને ડુલ (દૂર) કરવાની કોઇ જરૂર નથી. એ તો આપમેળે જ ડુલ થઇ જશે. આ** તર્કનું **મૂલ** જ એવું છે.

તેઓ ભલે કહે કે, "મુકતાત્મામાં ઇચ્છા હોતી નથી. પણ....અહીંના ભોગ-સુખને જોઇને તેનામાં ઇચ્છા પેદા થાય છે." પણ....ભલા! જેનામાંથી ઈચ્છાનો સમૂળગો નાશ થઇ ગયો હોય તેમાં કોઇ ઇચ્છા પેદા કરે કે નવી ઇચ્છા પેદા થાય, આવું કદી ય બનતું નથી.

જેનું બીજ જ ખલાસ થઇ ગયું છે તેની પરંપરા આવે કેવી રીતે? જ્યાં સુધી આત્મા મુકત થયો ન હતો ત્યાં સુધી તો ઇચ્છાની પરંપરા ચાલ્યા કરતી હતી, પણ

મુક્ત થઈ ગયા બાદ તો ઇચ્છાનો સદંતર નાશ થઈ ગયો. હવે તે આત્મામાં નવી ઇચ્છા કેવી રીતે પેદા થાય. કોઇ કહે કે, "સાતમી પેઢી પહેલાનાં મારા મા-બાપ વાંઝીયા હતા" તો તે કેવી રીતે માનવામાં આવે? તેની પરંપરા તો ત્યાં જ અટકી ગઈ. એક પણ પુત્ર ન હોય તેની પરંપરા ચાલે કેવી રીતે? કદાચ છ-સાત છોકરામાંથી એકાદ છોકરો હોય અને બીજા મરી ગયા હોય તો ય પરંપરા ચાલી શકે, પણ જેના બધા ય છોકરા નાશ પામી ગયા હોય કે જે બાપ જ નથી બન્યો તેવાની પરંપરા ચાલે કેવી રીતે? એના કુલની તો અનાદિથી પરંપરા ત્યાં જ રોકાઇ ગઈ. માટે ઇચ્છા મુક્તના આત્મામાં ન હોય, અને પછી ઇચ્છા પોતાની મેતે પેદા થઈ તેવું માનીએ, અર્થાત્ ઇચ્છા વિના પેદા થઇ તેવું માનીએ, તો પછી મુક્તિ મેળવવાનો પ્રયત્ન જ નહીં કરવો પડે. તેને મેળે જ ઇચ્છાઓનો નાશ થઈ જશે અને મોક્ષ મળી જશે. કારણકે જેને ઉત્પન્ન થવામાં કોઇની જરૂર ન હોય તેને નાશ થવામાં કોની જરૂર. કોઇનો તેનાથી નાશ થઈ શકે નહીં. માટે સમજો કે, **ઇચ્છા કોઇ પણ દિવસ ઇચ્છા વિના પેદા થાય જ નહીં. ઈચ્છા ઇચ્છાપૂર્વક જ થાય છે. જો મુક્ત આત્મામાં પછી ઇચ્છા પેદા થઈ એમ માનીએ તો સમજી લેવું કે તે હજી ઇચ્છાથી છુટયો જ નથી.**

માટે ઈચ્છા નહોતી ને પેદા થઈ તેમ નહીં પણ ઇચ્છા હતી જ અને પેદા થઈ. આમ માનવાથી તો મુક્તાત્મા અને બદ્ધાત્મામાં કશો ય ફરક પડી શકતો નથી. માટે આવા મૂલમાં જ ભૂલવાળી કલ્પનાઓની કશી કિંમત નથી. છતાં ય તેઓ આર્યસમાજીઓ ગપગોળા ઉડાવતા જ રહે. આવી લૂલી કલ્પના પર લૂલાં તર્ક કરે કે, "જેણે દૂધપાક-પુરી

ખાધા હોય તેને દૂધપાક–પુરી ખાવાનું મન થવાનું. જેણે સારાં–સારાં કપડાં પહેર્યાં હોય તેને વળી સારા કપડાં પહેરવાનું મન થવાનું જ. તેમ સંસારના ભોગ–સુખ જેણે ભોગવ્યા હોય તેને તે પાછા યાદ આવવાના. અને તે બધાં ભોગવવા અહીં આવવાના જ.

**કાલ્નપ** પણ મોહની **જલ્પના** (બડબડાટ) છે.

"એક વખત દૂધપાક–પુરી ખાધાં હોય તેને ફરી ખાવાનું મન થાય, તેવી રીતે સંસારના સુખ પણ એક વખત ભોગવ્યા તેને ફરી ભોગવવાનું મન થાય. અને તેથી તેના જ્ઞાનથી તે મુક્તિમાં રહેલો આત્મા પણ અહીં સંસારમાં પાછો આવે છે."

આ કેવી 'સિતમ' ભરી કલ્પના છે? આની સામે આવા વાદીઓને પ્રશ્ન પૂછવો કે "કારેલા ખાધાં હોય તો પાછા તે ખાવાનું મન થાય કે નહીં? લીંબડાનો રસ ઉકાળીને પીધો હોય તો તે ફરી પીવાનું મન થાય કે નહીં? સડેલું ફળ ખાવામાં આવી ગયું હોય તો ફરીથી તે ફળ ખાવાનું મન થાય કે નહીં? બાળકને દવા પીવડાવી છે ખરી કે નહીં? તેને ફરીથી પીવાનું મન થાય છે ખરૂં?" આ પ્રશ્નનો શું જવાબ આપી શકશે? કહેવું જ પડશે કે આવી વસ્તુઓ ભૂલે–ચૂકે એક વખત ખાવામાં આવી ગઇ હોય તો જીંદગી સુધી ખાવાનું મન થાય નહીં આમ. કેમ થાય છે? સમજવું પડે છે કે, જે ખાતાં–ખાતાં મનને આનંદ આવી ગયો હોય....જીભે **રાજી–રાજી** થઇને **તાજી–માઝી** બનીને જે ચીજ ખાધી હોય....તે ચીજ ફરીથી ખાવાનું મન થાય. પણ જે ચીજ ખાતાં–ખાતાં **રાજી–રાજી** થઈ ગયેલી જીભ પણ **પાજી** (નાખુશ) થઇ જતી હોય, મ્હોં પર જાણે **તારાજી** (નુકશાની) થઈ હોય,

તેવી **નારાજી** છવાય જાય તેવી ચીજ ખાવાનું કદીય મન ન થાય. આ સિદ્ધાંત માન્ય રાખે જ છૂટકો !

જેને જે ચીજ અનુકૂળ લાગી હોય તેનો જ ભવિષ્યમાં **આશી** બને, પણ જે ચીજ પ્રતિકૂળ લાગે તેનો આ જીવ કદીય **પ્યાસી** નથી બનતો.

આવો સિદ્ધાંત માનવા છતાં ય તે આર્યસમાજીઓ એવી દલીલ ચાલુ રાખતા હોય કે ભાવતા દૂધપાકની માફક સંસારની યાદ આવે છે. તો સમજી લેવું કે, આ મૂર્ખશિરોમણીના પ્રલાપો છે. કારણકે મુકિતમાં જનારા આત્માને અહીંના સુખો સારાં લાગે તે બને જ નહીં ! સંસારના સુખો સારા જ લાગતાં હોય તો તે મુક્તિમાં જાય શા માટે ? અને સંસારના સુખની ઝંખના કરતાં હોવા છતાં ય મોક્ષ–મુકિત મળી જતી હોય તો 'નરક'માં–દુર્ગતિમાં કોણ જશે ? કયા જીવને સંસારના સુખો મીઠાં નથી લાગતા ?

અહીંથી મુકત થતી વખતે આ સંસારના સુખને સારા માનીને ગયો હોય તે જ પાછો સંસારના સુખોની ઈચ્છા કરે. સંસારના સુખોને જેલ માનીને–છૂટેલો પાછો આ સંસારના સુખને દૂધપાકના ભોજનની જેમ યાદ કરે, આવું તો ત્યારે મનાય કે જ્યારે બુદ્ધિમાં ઉત્પાત થયો હોય. મુકિતમાં જતાં પહેલાં જો એવું મનમાં નક્કી હોય કે આ સંસારના સુખ મીઠા છે, તો જ ત્યાં ગયા પછી તેને આ સુખોને લેવા આવવાનું મન થાય. પણ જેને સંસારના સુખ–મુકિતમાં જવાના સમય સુધી સારા લાગ્યા અને કદાચ એમના મત પ્રમાણે તે મુકિતમાં પહોંચી ગયા તો ય એના પર જુલ્મ જેવું જ થયું કહેવાય. કારણકે

**સંસારના સુખ જે મુક્તિમાં ગયા પછી પણ યાદ આવે એવા છે અને એ છોડીને મુક્તિમાં જવાનું હોય તો તે સાચી રીતીએ મુક્તિ નથી પણ કારાગર છે.** વળી આવી રીતે આત્માને મુક્તિમાં જ્ઞાની માનવો, આ કેવી રીતે બને ?

જે સંસારને નિ:સાર સમજી આત્મા મુક્ત થાય છે તે કદીય અહીં સંસારમાં પાછું આવવાનું મન કરતો હશે ? અને જો તે મુક્તિનો જીવ સંસારના સુખોની નિ:સારતા જાણતો નથી તો તે સંસારના સામાન્ય માનવી કરતાં પણ અજ્ઞાની છે. ત્યારે શું જ્ઞાનીમાંથી અજ્ઞાની બનવું તેનું નામ મુક્તિ છે ?

વળી કોઈ તર્કવાળો હજી આગળ દલીલ કરીને કહે કે, "મુક્તિમાં આત્મા જ્ઞાની તો છે. તેને ખબર પણ છે કે સંસારના સુખ નિ:સાર છે. છતાં ય જેમ અહી સંસારમાં ઘણા માણસોને એ જ્ઞાન હોય છે કે સંસારના સુખો નિ:સાર છે, છતાં ય વારંવાર તેને મેળવવા પ્રયત્ન કરે છે. તેમ મુક્તિના આત્માઓ પણ સંસારના સુખો નિ:સાર હોવા છતાં ય આપણી જેમ પાછા મેળવવાનું મન કરે !"

**ધન્ય છે ને આ તર્કના ગર્ત (ખાડામાં) અને મોહના આવર્તમાં (ભમરીઓમાં) પડેલી બુદ્ધિને !**

સંસારી આત્મા જેવી રીતે અવિવેકથી સંસારના સુખને નિ:સાર જાણ્યા પછી પણ મેળવવાનો પ્રયત્ન કરે છે, તેમ મુક્તિનો જીવ પણ અવિવેકના કારણે સંસારના નિ:સાર સુખને મેળવવા પ્રયત્ન કરે તે ય આપણા જેવા અવિવેકી જ ને !

જ્યાં અવિવેક જેવું મહા દુ:ખ હોય તેવી 'મુક્તિ'માં

કોઇ પણ માણસ વિના પ્રયત્ને લઇ જતો હોય તો પણ ડાહ્યો માણસ જવા ઇચ્છે નહીં, તો આટલી બધી ધર્મારાધના કર્યા પછી ત્યાં કોણ જાય ? અર્થાત્ મુક્તિ માટે કોઈ પણ ડાહ્યો માણસ કદી પ્રયત્ન કરે જ નહીં. માટે **ડાહ્યો માણસ તો કહી જ દેશે કે, અવિવેકનું ઘર એ જ મુક્તિ હોય. જ્યાં ઇચ્છાઓના પાશામાં ફસાવાનું હોય કે, જ્યાં ગયા પછી ઇશ્વર આપણામાં ઇચ્છા પેદા કરીને આપણને સંસારમાં પાછો ધકેલવાનો હોય, તો તેવી 'મુક્તિ'ના દર્શન અમને સ્વપ્નમાંય ખપતાં નથી.**

જૈનદર્શનની દૃષ્ટિએ તો આર્યસમાજીઓ પોતાના મતે ખોટા ઠરે એ તો ઠીક, પણ આવી મોક્ષમાં જઇને પાછા આવવાની વાતોથી પોતાની જ માન્યતાઓ પણ સ્પષ્ટ રીતે પરસ્પર વિરોધવાળી થઈ જાય છે. તેઓ આટલું વિચારે તો મુકિતનું સાચું સ્વરૂપ કંઈક તેમની આંખ આગળ આવે.

## ' સ્વ–શાસ્ત્રમાં જ પૂર્વાપર વિરોધ '

" તેઓ માને છે કે, જીવ પોતે ×સ્વતંત્ર છે. માત્ર કર્મના ફળનો ભોગ જ ઈશ્વરને–સૃષ્ટાને આધીન થઇને કરવાનો છે. " અને બીજી બાજુ કહે છે કે, " પરમાત્મા+

---

× સ્વતંત્ર પરતંત્ર જીવ। (જીવ) અપને કામોંમેં સ્વતંત્ર ઔર કર્મફલ ભોગનેમેં પરતંત્ર વૈસે હી, ઈશ્વર સત્યાચાર આદિ કામ કરનેમેં સ્વતંત્ર હૈ.

" સત્યાર્થ પ્રકાશ " ( પૃ. ૫૬૪ )

+ " હમ ઇસ સ્વપ્રકાશસ્વરૂપ અનાદિ સદા મુકત પરમાત્માકા નામ પવિત્ર જાનેં જો હમકો મુકિતમેં આનંદ ભુગાકર પૃથ્વીમેં પુનઃ માતા–પિતાકે સંબંધમેં જન્મ દેકર માતા–પિતાકા દર્શન કરાતા હૈ. "

" સત્યાર્થ પ્રકાશ " ( પૃ. ૨૨૮ )

મુકત આત્માને અહીં લાવીને–સૃષ્ટિમાં પેદા કરાવીને માતા–પિતાના દર્શન કરાવે છે.”

મુકત રહેવા માટે મુકત જીવને તેના કર્મનો ભોગ કરવાનો નથી, તે તો મુક્ત રહેવામાં સ્વતંત્ર છે. પણ પરમાત્મા તેને સૃષ્ટિમાં લાવે છે, તો તે સ્વતંત્ર કે પરતંત્ર ? શું આ પોતાના જ શાસ્ત્રનો પૂર્વાપર વિરોધ નથી !

જરાક વિચારો કે, પરમાત્મા મુકિતમાંથી પાછા સૃષ્ટિમાં લાવે અને મા–બાપના દર્શન કરાવે તો કયા મા–બાપના દર્શન કરાવે ? આત્માએ તો જનમ–જનમમાં કેટલાંય મા–બાપ કરી લીધા છે, તો કયા મા–બાપની જોડે સંબંધ કરી આપે. તેનો તેમની ( આર્યસમાજીઓ ) પાસે કશો જવાબ નથી, કશો ય જવાબ કરી શકાય તેમ નથી. પણ આપણે સમજીને તેમનો જવાબ સ્વીકારીએ કે, બધા જ માતા–પિતાની જોડે તો ભગવાન સંબંધ કરાવી ન શકે પણ મુકિતમાં જતાં પહેલાં આ જીવના તે છેલ્લા જન્મના મા–બાપ હતા તેની સાથે સંબંધ કરી આપે ! !

પણ....આનો મતલબ શું થયો ખબર છે ? જે આ દુનિયામાં માતા–પિતા બને છે તેને તેમના (આર્યસમાજીના) મતે મોક્ષમાં જવાનો અધિકાર જ ન મળે. કારણકે જ્યારે જેને મુકિતમાંથી પાછા આવવાનું હોય ત્યારે તે મા–બાપ તો અહીં સંસારમાં હોવા જ જોઇએ ને ! જો કદાચ તે મા–બાપ મુકિતમાં હોય તો તેમના છોકરાને મુકિતમાંથી પાછું આવવાનું કેવી રીતે થાય ? અહીં આવીને કોને મળે ? કહે કે તેમને, મા–બાપને, તો તે છોકરાના મોક્ષમાંથી આવ્યા પહેલાં જ જન્મ મેળવી લેવો પડે. નહીં તો તે છોકરો મા–બાપને મળે કેવી રીતે ? વળી તે કોઈ એક

મુક્ત આત્માના માતા-પિતાના ય માતા-પિતા તો હોય, તો આ બધાંનો મેળ કેવી રીતે આવે? અનવસ્થા ઊભી થાય. વિચિત્રતા તો એ છે કે, આર્યસમાજીઓ બધા ય જીવો જે કલેશથી પીડિત છે તે બધાને મુક્તિમાં જવું જોઇએ એવો ઉપદેશ કરે છે. બીજી બાજુ કહે છે, "મુકત થયેલા આત્માના માતા-પિતાને અહીં રાખીને ભગવાન તેમનો ફરીથી સંબંધ જોડી આપશે" આ વાત પરસ્પર પોતાના સિદ્ધાંતથી કેટલી વિરૂદ્ધ છે. પણ અહીં કેટલો વિષય જણાવાય. આપણે તો એ વાત કરી રહ્યા છીએ કે ઇચ્છાવાળી કોઈ મુકિત હોતી જ નથી. વાસ્તવિક રીતે મુક્તિ એ જ કહેવાય કે જ્યાં જઇને ફરી કદી પાછા આવવાનું હોય નહીં. પણ આ દયાનંદજી તો 'મુકિત' ને ય સ્ટેશન માને છે. સંસારની મુસાફરી ત્યાં પૂરી થતી નથી, પણ જાણે એક જન્મ જ ન બદલવાનો હોય તેમજ તેમની મુકિત છે.

પોતાની આવી 'મુકિત' છે, તેઓ (દયાનંદ) વાસ્તવિક યુકિતથી તો સિદ્ધ કરી નથી શકતા, પણ જ્યાં ગયા પછી કયારેય પાછા ફરવાનું નથી, આવી મુકિતનું ખંડન કરવા માટે દલીલો ફેલાવે છે. તે કહે છે: "આદિ હોય તેનો અંત હોવો જોઇએ." મુકિતની શરૂઆત છે તો તેનો ય અંત હોવો જોઇએ.

જેમ સમુદ્રને બે કિનારા છે, તેમ મુકિતનો પણ કોઈ કિનારો હોવો જોઇએ. કોઈ વખત શરૂ થયેલ છે, માટે તેનો અંત આવવો જ જોઇએ. દયાનંદજી તર્ક, સિદ્ધાંત ન્યાય વિગેરે દર્શનશાસ્ત્રો ભણેલ હોત તો આવા તર્ક ન કરત.

તર્કની દૃષ્ટિએ લગભગ બધાં જ સિદ્ધાંતકારો દર્શનવાદીઓ, પ્રધ્વંસાભાવને માને છે. આ પ્રધ્વંસાભાવની શરુઆત છે, પણ તેનો અંત નથી. જો કે આ પ્રધ્વંસાભાવ (અધિકરણરૂપ) પદાર્થથી જુદો છે કે નહીં તે બાબતમાં દર્શનકારોનો વાદ–વિવાદ છે, પણ સાધારણ રીતે પ્રધ્વંસાભાવ સ્વીકારવામાં કોઈ પણ દર્શનશાસ્ત્રનો વિરોધ નથી. આવી તાત્ત્વિક વાત આવે એટલે તમને થાય કે મહારાજસાહેબ આ બધું શું બોલે છે? તમને **પ્રધ્વંસ** શબ્દ સાંભળી કંઈ **ભસ–ભેસ** થતું હોય તેવું તો ખ્યાલમાં નથી આવતું ને!

સાચો શ્રાવક તો સિદ્ધાંતનો એવો જાણકાર હોવો જોઇએ કે પરદર્શનના મોટામોટા યોગીઓ અને સંન્યાસીઓ જે પણ સાચું સમજવા માંગતા હોય તે બધાના બધાય તર્કોના જવાબ આપી તેનામાં જૈનદર્શન ઉતારી દે. બીજા દર્શનના શું પોતાના ય દર્શનમાં જે શ્રદ્ધાથી હાલી ગયેલ સાધુ–સાધ્વી હોય તેમને ય સ્થિર કરી દે.

ભગવાનના પુત્રી પ્રિયદર્શના પણ એક વખત ભગવાનના મતથી દૂર થઇ જઇને તેમના પતિ જમાલીના મતમાં ભળ્યા હતા. પણ હોંશિયાર શ્રદ્ધાળુ શ્રાવક સદ્દાલપુત્ર તેમને માર્ગ ઉપર લાવ્યા.

જૈન ગૃહસ્થોએ વાદ–વિવાદ કર્યાના ઘણા દાખલાઓ શાસ્ત્રમાં આવે છે. આત્મારામજી મહારાજથી શ્રદ્ધા પામેલા અનુપચંદભાઇ પણ જબ્બર શ્રાવક હતા. તેઓ જ્યારે હુકમ મુનિના મતમાં હતા ત્યારે બધા આગમો વાંચેલા. પણ સાચી શ્રદ્ધા થઈ એટલે આગમને હાથ લગાડવાનું મન ન કરે, છતાં ય સાધુને શાસ્ત્રના પાઠો ક્યાં છે તે કહી આપે.

શાસ્ત્રમાં કોઇ વાત કયાં આવી છે એ પૂછો એટલે કહે કે; "ફલાણા શાસ્ત્રમાં જોઈ લો" પણ આજે બહુધા દશા એવી છે કે તમે શ્રાવકો બીજાને તો શું પમાડો પણ તમને જ કોઈ પમાડી દે તેમ છે માટે તત્ત્વોનું શ્રવણ કરવાની હંમેશા જિજ્ઞાસા રાખવી જોઇએ.

વ્યાખ્યાનમાં રોજનું રોજ શું આવવાનું હતું? બધી એકની એક જ વાતો આવવાની. સંસાર છોડો....છોડો.... છોડો....ને....છોડો, પણ એવાઓને એ તો પૂછો કે **સંસારમાં તમે કઈ નવી વાત કરો છો? આખી જીંદગી બીજાનું તોડવામાં અને પોતાનું જોડવામાં જ પૂરી કરો છો.** ત્યાં કેમ કંટાળો નથી આવતો? કયો સંસારી સંસારની પ્રવૃત્તિમાં પોતાનું જોડવા અને બીજાનું તોડવા સિવાય બીજું કશું કરતો હોય છે? પણ ત્યાં બધું એકનું એક કેમ લાગે છે? એક જ કારણ છે કે, "**સંસારમાં પ્રેમ છે અને ધર્મમાં વ્હેમ (અપ્રેમ–અશ્રદ્ધા) છે. જ્યાં પ્રેમ હોય ત્યાં રોજ–રોજ નવું–નવું દેખાય.**" આજે છોકરો જન્મ્યો, આજે બોલતાં શીખ્યો, આજે ચાલતાં શીખ્યો, આજે નિશાળે ગયો. તમારા વ્હાલા ગગલાને રોજ જુઓ તોય રોજ ગળગળા નથી થતા....? રોજ આનંદ નથી થતો?

પ્રશ્નઃ–પણ, મહારાજસાહેબ! એ તો નાનેથી મોટા થાય એટલે રોજ બધું બદલાયા કરે ને?

જવાબઃ—આ જ કહેવું છે ને? માની લીધું, તમારૂં કહેવું, પણ એ રોજ નવું–નવું થતું દેખાય છે....મન તેમાં ઘેલું–ઘેલું થઈ જાય છે તે બધો તો તમારા બચ્ચા પરના પ્રેમના પ્રભાવે જ. જ્યાં પ્રેમ હશે ત્યાં બધી જ બુદ્ધિ ચાલશે. ત્યાં રોજ નવા–નવા સિદ્ધાંત, નવી–નવી યુક્તિઓ,

નવી-નવી દલીલો મળશે! બધાં મહારાજ કંઈ ચૂડી-વાજાં નથી કે રોજ એકનું એક બોલ્યા કરે!

પણ તમે તો બધા એક જ વાર એક રેકર્ડ સાંભળોને કે બીજી વાર સાંભળો? એક ને એક દિવસમાં તો કંઈ તમારો ગગલો બદલાઈ નથી જતો ને? એક વખત ગગલાને જોયા પછી કે એક વખત રેકર્ડ સાંભળ્યા પછી બીજી વખત તમને તેમાં આનંદ ન આવે ને? કહો, એકનું એક જ છે છતાં ય તેમાં કંટાળો નથી આવતો? **જ્યાં પ્રેમ છે ત્યાં કંટાળો નથી.**

જિનવાણી સાંભળતાં કંટાળો આવતો હોય, બધું એકનું એક જ લાગતું હોય ત્યાં સમજવું કે હજી જિનેશ્વર દેવ પર જોઈએ તેવી શ્રદ્ધા થઈ નથી. ભગવાનની વાણી સાંભળવા બેસશું તો "દુકાનનું મોડું થઈ જશે, કોઇક વેપારી આવીને ચાલી જશે, ઘરનું કામ રહી જશે." આવા જથ્થાબંધ વ્હેમો મનમાં ભરાયા હોય તેને જ એવું લાગે કે રોજ વ્યાખ્યાનમાં એનું એ જ આવ્યા કરે છે.

જિનદેવ જ મારા દેવ છે, જિનવાણી હંમેશા સાંભળવી છે, એવી **નેમ** (ટેક) જેને હોય તેનો બધો જ **વ્હેમ** ચાલ્યો જાય. પરમાત્મા પર અપાર **પ્રેમ** પેદા થાય અને રોજ-રોજ ભગવાનની વાણી નવા-નવા રૂપે દેખાય, હૈયામાં આનંદની રેલમછેલ થઇ જાય. શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય તો સમજાય કે મહારાજસાહેબ શું કહી રહ્યા છે. પ્રધ્વંસાભાવનું નામ દે ત્યારે મહારાજસાહેબ કંઇક ભસ-ભસ જેવું બોલે છે તેવું ન લાગે, પણ શાસ્ત્રનું જ્ઞાન પામીને શ્રદ્ધા દૃઢ થતી જાય. ભલે આજ સુધી ન સમજ્યા હોય પણ આજે સમજો કે પ્રધ્વંસાભાવ શું છે? **કોઇ પણ**

**વસ્તુ સ્વભાવિક રીતે તુટી જવાથી ભાંગી જવાથી અથવા કોઈપણ રીતે તેનો નાશ થાય તે નાશનું નામ જ પ્રધ્વંસાભાવ છે.**

"પ્રધ્વંસ એટલે વિનાશ" મતલબ કોઈપણ ચીજનો વિનાશ થવાથી તેનો અભાવ થાય છે. આવા અભાવને પ્રધ્વંસાભાવ કહેવાય છે. આમ તો આપણને લાગે છે કે 'ઘડો' તૂટી ગયો એટલે તૂટી ગયો તેથી કશું ય પેદા થયું નથી. પણ ઘડો ફૂટી ગયા પછી કોઇ આપણને પૂછે કે, "ઘડો કયાં ગયો ?" તરત જ કહીએ કે "ફૂટી ગયો" એવું કયા આધારે કહ્યું ? ઘડો ફૂટવા દ્વારા તેનો વિનાશ–અભાવ પેદા થયો છે માટે જ કહી શકાય કે ઘડો ફૂટયો છે. તમે કહો કે ઘડાના ટુકડે–ટુકડા થયા છે, તે જોઈને કહેવાય કે ઘડો ફૂટી ગયો છે. પણ એ ઘડાના ટુકડે–ટુકડા પેદા થાય ત્યારે ઘડાનો નાશ ઉત્પન્ન થયો કે નહીં ?

જો ઘડાનો નાશ ઉત્પન્ન થયો નથી તો ઘડો નાશ કેવી રીતે પામ્યો કહેવાય ? ઘડો ફૂટીને આ ટુકડાઓ થયા એટલું જ માત્ર હોય તો ટુકડા ઉત્પન્ન થયા એમ જ કહેવાય. પણ ઘડો ફૂટી ગયો તેવું કેવી રીતે કહેવાય ? પણ આપણને સૌને ખબર છે કે ઘડો ફૂટી ગયો તેમ પણ કહેવાય છે. જો ઘડાનો નાશ પેદા ન થયો હોત તો ઘડો ફૂટી ગયો તેમ કદી કહેવાતું જ નહીં. વળી કોઇ કહે કે ઘડો ઠીકરીઓ થઈ જવાથી માત્ર ઠીકરીઓ જ ઉત્પન્ન થઈ છે, પણ ઘડો નાશ પામ્યો નથી.

આવી માન્યતાવાળાને પૂછવું કે, "બોલો, ઘડાના ઠીકરાં થઇ ગયા બાદ ઘડો છે કે નહીં ?" "છે" કહે તો દેખાડવો પડે. પણ હવે તો ઠીકરિઓ જ છે, ઘડો દેખાડે

કેવી રીતે ? જો કહે " ઘડો નથી " તો પૂછવું, " કેમ નથી, ક્યાં ગયો ? " પેલા ઘડાની ઠીંકરિઓ જ ઉત્પન્ન થઈ ગઇ છે એમ માનનારને કહેવું જ પડશે કે, " ઘડો નષ્ટ થઇ ગયો નાશ પામી ગયો "

બસ ત્યારે ! ઘડાનો નાશ ઉત્પન્ન થયો નથી તો ઘડો નાશ પામ્યો તેમ કેવી રીતે કહી શકો છો ? અને જો ઘડાની ઠીકરીઓ થવા છતાં ય તેનો નાશ ઉત્પન્ન થયો એમ ન માનીએ તો ઠીકરાં થવા છતાં ય ઘડો તો છે જ એમ માનવું પડે. પણ આવી માન્યતા કોઈ પણ ડાહ્યાની હોય નહીં.

કોઈ રૂપિયાની નોટ બાળી નાંખે અને તેનો નાશ થયો ન માનતા હોવ પણ માત્ર રાખ જ પેદા થઈ તેમ માનતા હોવ, તો તમને કંઇ દુઃખ થાય ખરૂં ? આ દુઃખ શાનું છે ? નોટ નાશ પામી તેનું કે રાખ પેદા થઇ તેનું ? જો નોટ નાશ પામી છે તેનું દુઃખ હોય તો જેટલું દુઃખ લાકડાની રાખ પેદા થાય તેટલું જ દુઃખ રૂપિયાની નોટની રાખ થાય ત્યારે પણ થવું જોઇએ. પણ તમારો અનુભવ શું છે ? કહો કે રૂપિયાની નોટની રાખ તો કોઈ શું કરે ? બીજો કોઇ કરવાનો હોય તેવો પણ ખ્યાલ આવી જાય તો ય દિલમાં ચિંતાની આગ પ્રગટવા માંડે ! માટે તમને રૂપિયાની નોટની રાખ પેદા થવાનું દુઃખ નથી થયું, પણ રૂપિયાની નોટનો નાશ થઇ ગયો તેનું જ દુઃખ થયું છે. આમ ઘડો ફૂટવાથી માત્ર ઠીંકરિઓ જ પેદા થઈ તેમ નહીં, પણ ઘડાનો નાશ પણ પેદા થયો છે. આવું નક્કી કરી શકાય છે કે વસ્તુને ભાંગવા–તોડવા કે શીર્ણ–વિશીર્ણ કરી દેવાથી તેનો નાશ પેદા થાય છે. આવી રીતે જે નાશ પેદા થયો હોય તેને પ્રધ્વંસાભાવ કહેવાય.

બરાબર ખ્યાલમાં લઈ લ્યો કે પ્રધ્વંસ એટલે નાશ અને નાશની હંમેશા ઉત્પત્તિ હોય જ, કોઇ પણ ચીજ અનાદિની હોય તેમ બને પણ કોઇ પણ ચીજનો નાશ અનાદિથી હોય નહીં. માટે નાશ તો કયારેય ને કયારે પેદા થવાવાળી ચીજ છે. જે વસ્તુનો નાશ થાય છે તે પછી તે વસ્તુની પ્રતીતિ....તેનું જ્ઞાન થતું નથી. ભલે પછી વસ્તુ તૂટી ગયા પછી એક મિનીટ પછી પ્રશ્ન કરો કે, "વસ્તુ કયાં છે?" કે ક્રોડો વર્ષો કે અનંતાનંત વર્ષો પછી પૂછો કે "વસ્તુ કયાં છે?" તો જવાબ મળે કે "વસ્તુનો નાશ થઇ ગયો તેથી નિશ્ચિત થાય છે કે વસ્તુના નાશથા પ્રધ્વંસાભાવ પેદા થાય છે, અને વસ્તુનો નાશ થતાં પેદા થયેલ પ્રધ્વંસાંભાવનો નાશ થતો નથી અર્થાત્ પ્રધ્વંસાભાવ સાદિ–અનંત છે.

## "પ્રધ્વંસાભાવની સિદ્ધિ"

જે વસ્તુના નાશનો જ નાશ થઇ જાય તો એ વસ્તુ પાછી ફરીથી પેદા થઈ ગઈ કહેવાય, પણ આવું કદી બનતું જ નથી.

જો દ્રવ્યથી બનેલી....જેવી રીતે બનેલી વસ્તુ જે ક્ષેત્ર કે જે કાળમાં નાશ થઈ હોય તે દ્રવ્યની તેવી જ રીતે બનેલી વસ્તુ તે ક્ષેત્રમાં કે તે કાળમાં પેદા થાય તેવું બનતું નથી. તેવું બને તો કહેવાય કે નષ્ટ થયેલી વસ્તુના નાશનો (પ્રધ્વંસાભાવનો) નાશ થઈ ગયો. પણ આવું બનતું નથી. માટે પ્રધ્વંસાભાવની શરૂઆત છે પણ તેનો અંત નથી. કારણ પ્રધ્વંસાભાવ સાદિ અનંત છે.

"તમને થાય કે, એક ઘડો ભાંગી ગયો તેનેજ ઘડાની

ઠીંકરીઓનો ભુક્કો કરીને, તેને પાણીમાં પલાળીને, તે જ ચાકડા પર ચઢાવીને, તે જ કુંભાર પાસે તેવી જ રીતે ઘડો બનાવીએ તો તો તે નાશ પામેલો ઘડો ફરીથી પેદા થયો તેમ કહેવાય ને ?”

અહીં પણ તમે મોટી થાપ ખાઇ ગયા. કારણકે પહેલાં જે ઘડો બન્યો હતો તે તો નદીમાંથી લાવેલી માટીનો તે માટી કોઇ ઘડાના ટુકડા દળીને કે પલાળીને નહોતી બનાવી, માટે એક રીતે કહો તો તે માટીરૂપ દ્રવ્ય તેની બનાવવાની રીતે આ બધું જુદું પડી ગયું. જો બીજી માટીમાંથી તેવો ઘડો બનાવો તો તે માટી જ તદ્દન જુદી છે. માટે તે જ દ્રવ્યમાંથી બનેલો–ઘડેલો તે ન કહેવાય, તે સીધી વાત છે. માટે નાશ થયેલા ઘડાનો નાશ કરી શકાતો નથી. તેથી નાશની શરૂઆત હોય છે પણ તેનો અંત નથી.

આવી રીતે એક ઘડો નાશ થાય અને બીજો ઉત્પન્ન થાય તેમાં કંઈ ને કંઈ ફરક તો પડી જ જવાનો. અને કલ્પના ખાતર માની લો કે, કોઇ પણ ફરક પાડયા વિના તમે તે ઘડો બનાવ્યો, તો પણ એટલું તો સ્વીકારવું જ પડશે કે પહેલાંનો ઘડો જે કાળમાં બન્યો હતો તેના કરતાં આ ઘડાનો ઉત્પન્ન થવાનો કાળ જુદો છે. કારણકે એક જ દ્રવ્ય લેવા માટે તે જ ઘડાનું દ્રવ્ય લેવું પડે અને એક જ સાથે એક જ સમયે એક ઘડો તૂટે અને તેમાંથી બીજો નવો પેદા થાય આવું બની શકતું નથી. માટે એટલું તો માનવું જ પડશે કે ‘નાશ’નો નાશ નથી. ‘નાશ’ પ્રધ્વંસાભાવની આદિ હોવા છતાં ય તેનો નાશ નથી. તે વિનાશી નથી–અનંત છે. માટે જો દયાનંદ જે એમ કહેતા હોય કે

જેની આદિ છે તેનો અંત હોવો જોઇએ. તો તેમને કહેવું: તમારા અંત–નાશ–પ્રધ્વંસાભાવની આદિ છે પણ અંત નથી.

જેની આદિ છે તેનો અંત છે. આવો તમારો સિદ્ધાંત પણ ત્યારેજ સાચો કહેવાય કે તમે કોઈ પણ ચીજના વિનાશને–અંતને અવિનાશ કે અનંત માનો જે એક વખત ધ્વસ્ત–નાશ પામેલ ચીજનો અંત–ધ્વંસ થયો તે પછી તે વસ્તુ નહીં પણ તે વસ્તુનો નાશ જ રહ્યો. જો કોઇ આ નાશનો જ નાશ કરી દે તો તે ચીજ ફરીથી પેદા થઈ જાય.

ધ્યાનમાં રાખો કે તૂટેલી વસ્તુમાંથી બીજી નવી વસ્તુ બરાબર તેના જેવી જ દેખાતી વસ્તુ બનાવી શકાય, પણ તે વસ્તુ ફરીથી કદી બનાવી ન શકાય. એક વખત નાશ થઈ ગયો એટલે થઈ જ ગયો. તમને પ્રશ્ન થાય કે તે વસ્તુ કેમ પાછી બનતી નથી તો સમજવું કે તેનો ધ્વંસ થઇ ગયો છે તેજ વસ્તુ પાછી ઉત્પન્ન ન થઇ શકે. જો ધ્વંસ ન હોય તો તે વસ્તુ ઉત્પન્ન થઇ શકે, પણ ધ્વંસ થયેલ વસ્તુનો ધ્વંસ અનંતકાળ સુધી રહેનાર છે. માટે અનંતકાળ પછી ય તે ધ્વસ્ત થયેલી વસ્તુ પેદા થાય જ નહીં. તો 'જેની આદિ છે તેનો અંત છે' એવો સિધ્ધાંત માનનારાએ પોતાનો સિદ્ધાંત અખંડિત રાખવા માટે અંતને–નાશને કદી નાશ નહીં થનારો માનવો પડશે અને અંતને અનંત માનવા જશે તો તેનો સિધ્ધાંત ખોટો પડશે. કારણ એ અંતની–નાશની પણ શરૂઆત તો છે જ. માટે અંતની આદિ થાય પણ તેનો અંત ન થયો. કારણ કે તે અનંત છે. દયાનંદજીએ સમજી લેવું જોઇએ કે, "જેની આદિ છે તેનો અંત છે" આવો એકાંતવાળો સિધ્ધાંત ન્યાય અને તર્ક નહીં જાણવાથી જ તમે બોલી રહ્યા છો. 'જેની આદિ છે તેનો અંત છે' આ વાકયમાં આવેલો

'અંત શબ્દ જ તમારા નિયમનું ખંડન કરનારો છે. કારણકે અંત એટલે વિનાશ, વિનાશ. આદિવાળો હોવા છતાં ય અંતવાળો નથી.

દર્શનોની પરિભાષામાં તો આવી દલીલોની કોઇ કિંમત નથી, પણ વ્યવહારમાં આવું બધું ઠોકઈ ગયું હોય છે. તેથી આવું પરમાત્માનું શાસન મળ્યું હોવા છતાં ય તમને તેવા સંસ્કારો રહી ગયા હોય છે. તમે ય બોલો છો ને, "નામ તેનો નાશ, આદિ તેનો અંત" પણ આ બધી માન્યતાઓ કેવી અને કેટલી સાચી છે એ સદ્‌ગુરૂઓના વ્યાખ્યાન સાંભળતા રહો તો જ ખબર પડે!

તેઓ–દયાનંદજી પણ વ્યવહારિક દલીલો કરે છે કે, "જેની આદિ હોય તેનો અંત હોવો જ જોઇએ" તો તેમને પૂછવું: "બોલો, આ વિશ્વ કેટલું છે? સીમિત કે અસીમિત? સીમિત માને તો પૂછવું કે વિશ્વની બહાર શું છે?

સીમા બે વસ્તુને ભેદતી રેખાને કહેવાય કે વિશ્વની બહાર કશું હોય જ નહીં તો તેની સીમાની શી જરૂર? જો સીમા છે તો તેની બહાર રહેલી વસ્તુ છે એ વિશ્વ કેમ નહીં? માટે તેમને જવાબ વાળવો જ પડશે કે, વિશ્વ અસીમિત છે. વિશ્વને અસીમિત તો માનવું જ પડશે. તો હવે વિચારો કે, જમીન પર એક ઠેકાણે તમે ખીલી ઠોકી છે. તેની સીધી ને સીધી લીંટીમાં જ તમને પ્રવાસ કરવાની શક્તિ મળી છે. તો તમે ક્યારે પાછા એ ખીલી આગળ આવો તો સમજી લેવું કે આ વિશ્વ સીમિત હોય તો જ બને, અને અસીમિત હોય તો પાછું કદી આવવાનું બને નહીં. વિશ્વને અસીમિત–મર્યાદાહીન–અનંત માનો છો, માટે

કહેવું જ પડશે કે તમારા પ્રવાસની આદિ થઈ પણ અંત ન થયો. માટે "જેની આદિ છે તેનો અંત છે" એમ માનવું વ્યવહારિક કે તાર્કિક કોઈ દૃષ્ટિએ યોગ્ય નથી. આમ દયાનંદજીની મુક્તિમાં+ જઇને પાછા આવવાની ઢોલના પોલ જેવી પોકળ દલીલોને દૂરથી જ નમસ્કાર કરીએ!

## "દયાનંદજી જવાબ ન આપી શકયા માટે માન્યતામાં ફેર કર્યો"

જો કે પહેલાં દયાનંદજી પણ મુક્તિમાંથી પાછું આવવાનું નહોતા માનતા, પણ ઈટાવામાં એક મુસલમાને તેમને પ્રશ્ન કર્યો કે, "સ્વામિજી! સબ આત્માએં મુક્તિમેં ચલી જાયગી ઔર વાપસ નહીં લૌટેંગી તો ફિર યહ દુનિયામેં કુછ રહેગા હી નહીં. દુનિયાકા અંત આ જાયેગા."

×અને....ત્યારથી તેમનું ચક્કર ફર્યું. કારણ તે જીવને તો નિત્ય માનતા હતા. જીવને ભગવાને પેદા કર્યો છે એવું વેદાંતીની માફક માનતા હોત કે નાસ્તિકની માફક પાંચ ભૂતોમાંથી પેદા થયેલો માનતા હોત તો જવાબ આપી

---

+ પ્રશ્નઃ—જો મુક્તિસે ભી જીવ ફિર આતા હૈ તો વહ કિતને સમય તક મુક્તિમેં રહતા હૈ?
  ઉત્તરઃ—યહ મુણ્ડક ઉપનિષદ્કા વચન હૈ, વે મુક્ત જીવ મુક્તિમેં પ્રાપ્ત હો કે બ્રહ્મમેં આનંદકો તબ તક ભોગ કે પુનઃ મહાકલ્પકે પશ્ચાત્ મુક્તિકે સુખકો છોડકે સંસારમેં આતે હૈ. (સત્યાર્થપ્રકાશ, નવમ સમુલ્લાસ) પૃ. ૨૨૮

× અનાદિપદાર્થ તીન હૈ. એક ઇશ્વર, દ્વિતીય જીવ, તીસરા પ્રકૃતિ અર્થાત્ જગત્ કા કારણ.
  (સત્યાર્થપ્રકાશ–સ્વમન્તવ્યામન્તવ્ય પ્રકાશ)

શકત કે, " જીવ નવો પેદા થાય છે " પણ તે તો એ સિદ્ધાંત નક્કી કરી ચૂકયા હતા કે જીવ તો ઇશ્વરની માફક નિત્ય છે, તેને કોઇએ પેદા કરેલો નથી. વળી ઇશ્વર× પ્રત્યેક કલ્પમાં આવીને આવી સૃષ્ટિ પેદા કર્યા જ કરે છે. એવી માન્યતા પણ તેમણે રાખી છે.

એટલે પ્રશ્ન મુંઝવણભર્યો થઇ ગયો. સૃષ્ટિને ચલાવવી હોય....અનંતકાળ સુધી નવી–નવી પેદા કરવી હોય તો જીવો તો જોઇએ અને મુકત થયેલા જીવો અહીં પાછા ન આવે તો સૃષ્ટિનો અંત આવી જાય. માટે તેમના માટે એક જ વિકલ્પ રહ્યો કે જીવને મુકિતમાંથી પાછો આવતો માની લેવો. જો દયાનંદજીને કાલની જેમ અથવા આકાશની જેમ જીવો પણ અનંતાનંત છે તેવો ખ્યાલ હોત તો 'આ મુંઝવણ પેદા ન થાત. પણ જૈન જેવા મહાન્ દર્શનનું તો ખંડન કરવામાં તે દયાનંદજી ચકચૂર થઇ ગયેલા હતા. બ્રહ્મવાદ અને વેદ–વેદાંતના વાદ તેમને માન્ય હતા નહીં એટલે આ નવો મત પ્રકાશવો પડયો કે મુકિતમાં ગયેલા આત્માઓ પાછા ફરે છે.

નાસ્તિક દર્શનકારે જીવને અનિત્ય માનીને સૃષ્ટિને નિત્ય રાખી–તો દયાનંદજીએ મુક્તિને અનિત્ય માની સૃષ્ટિને નિત્ય રાખી. વારંવાર તેવી ને તેવીજ રીતે ઉત્પન્ન થતી માની.

---

× પ્રશ્નઃ—કલ્પકલ્પાંતર મેં ઇશ્વર વિલક્ષણ વિલક્ષણ સૃષ્ટિ બનાતા હૈ અથવા એક સી ?
ઉત્તરઃ—જૈસી અબ હૈ વૈસી પહલે થી ઔર આગે હોગી, ભેદ નહીં કરતા.
(સત્યાર્થપ્રકાશ, અષ્ટમ સમુલ્લાસ, પૃ–૨૦૬)

દયાનંદજીએ પોતાના રચેલ સત્યાર્થપ્રકાશ નામના ગ્રંથમાં નાસ્તિક દર્શનકારના બૃહસ્પતિ શ્લોકો ટાંકીને તેના સિદ્ધાંત સાથે જૈનોને ભેળવીને જૈનોને નાસ્તિક* ગણ્યા છે. આમ કરતાં પહેલાં પોતાની જ વાતને વિચારી હોત તો ! આ દશા ન થાત. આ તો પેલા ઈટાવાના મુસલમાનના સવાલનો જવાબ દયાનંદજી ન આપી શક્યા અને ત્યારથી આત્માને મુક્તિમાં ગયા પછી પણ જન્મ ધારણ કરવાનું માનતા થયા.

"સત્યાર્થપ્રકાશ"ની સૌથી પહેલી વહેલી પ્રતોથી માંડીને અત્યાર સુધીની પ્રતો જોશો તો દેખાશે કેટલાંય એવાં ચક્રો ફરી ગયા છે. લગભગ દરેક આવૃત્તિમાં કંઇ ને કંઇ સિદ્ધાંત તો પલટાયા જ હોય. આમ તેમના એક જ પ્રશ્નના તૂતથી હજારો નવા-નવા તૂતો ઊભા થયા.

---

* સત્યાર્થ પ્રકાશના બારમા સમુલ્લાસના પ્રારંભમાં દયાનંદજી જણાવે છે કે, અથ નાસ્તિકમતાન્તર્ગતચારવાકબૌદ્ધજૈનમતખણ્ડનમણ્ડનવિષયાન્ વ્યાખ્યાસ્યામઃ

**અર્થ:**—હવે નાસ્તિકમતના એક ભાગરૂપ બૌદ્ધ અને જૈનમતના ખંડન-મંડનના વિષયોની વ્યાખ્યા કરીશું. (પૃ. ૨૬૪)

....કિંતુ પરલોક ઔર જીવાત્મા બૌદ્ધ (ઔર) જૈન માનતે હૈ, ચાર્વાક નહીં, શેષ ઈન તીનોંકા મત કોઇ-કોઈ બાત છોડકર એક સા હૈ. (પૃ. ૩૬૭)

## 'પહેલાં મોક્ષમાં ન ગયા હોઇએ તો મોક્ષમાં જવાની ઈચ્છા ન થાય...'

"આદિ છે તેનો અંત છે" એવી દલીલોમાં ન ફાવ્યા એટલે બીજી દલીલો કરવા માંડી: "આપણે મોક્ષમાં જવાનું મન કરીએ છીએ માટે પૂર્વમાં મોક્ષ અનુભવેલો હોવો જોઇએ" અને પૂર્વમાં મોક્ષ અનુભવેલો હોય તો સિદ્ધ થાય છે કે આ જીવ કેટલીય વખત મોક્ષમાં જઈ આવ્યો હોવો જોઇએ અને તેથી મોક્ષમાં કાયમ સ્થિર રહેવાનું હોતું નથી અવર જવર કરવાની જ હોય છે.

આવી **દલીલો** જેને જૈનવચનરૂપ **દલીદો** (માલમત્તા) મળી હોય તેને મુંઝવે નહીં. શું તમે અમેરિકા કદી ન ગયા હોવ તો તમને તેનું વર્ણન સાંભળીને જવાનું મન ન થાય? જે રસોઈ તમે કદી ખાધી ન હોય તે રસોઈનું વર્ણન સાંભળીને કદી તમને તે ખાવાનું મન નથી થતું? બધા ય બીજી-વારના પરણેલા છો કે બીજાનું જોઇ–સાંભળીને પરણેલા છો? અહીં જરા આર્યસમાજીઓને પૂછો કે, "તમને તમારા ભગવાનનું વર્ણન સાંભળીને ભગવાન બનવાનું મન થાય છે કે નહીં? નાના છોકરાને પણ પૂછશો કે, "તારે ભગવાન બનવું છે?" કહો કે 'હા' જ કહે. જેને ભગવાનનું ચરિત્ર ગમ્યું હોય તો ભગવાન બનવાનું મન તેનો થવાનું જ! તો શું જેને ભગવાનનું મહાત્મ્ય સાંભળીને ભગવાન બનવાનું મન થાય તે પૂર્વે કયારેય ભગવાન બનેલો ને?

જો આર્યસમાજી 'હા' પાડે તો તો કહેવું કે તે ખોટે રસ્તે ચઢીને પણ જૈનોના મતની નજીક જ આવી ગયા. કારણકે તમારે ત્યાં તો એક જ ભગવાન છે જ્યારે જૈનોને

ત્યાં તો બધાંને ભગવાન બનવાનો અધિકાર છે. પણ તમારી માફક ભગવાન બનીને મુકત થઈને પણ પાછું આવવાનું નથી, છતાં ય અજાણતા પણ જૈનોની માફક અનેક ભગવાનની માન્યતામાં આવવું પડયું.

જો તમે એટલું જ માનીને બેસી જાવ કે જેનું મન થાય તેનો પૂર્વમાં અનુભવ કર્યો જ હોવો જોઇએ. તો ભગવાન પણ તમારા મતે દુનિયાના લગભગ બધા જ જીવો થઈ ગયા હોવા જોઇએ.

વળી કોઇ ચુસ્ત આર્યસમાજીભાઇને આપણે પૂછીએ કે, "ઈશ્વર તમને દયાનંદજી બનાવી દે, તો તમે તે માટે તૈયાર થઈ જાવ કે નહીં ? જેમને તેમના પર સાચી શ્રદ્ધા હશે તેમને દયાનંદજી જેવું બનવાનું મન થવાનું જ, તો શું તે આર્યસમાજી ભકતભાઇએ પણ કયારેક દયાનંદજી બનીને આર્યસમાજની સ્થાપના કરી હતી ?" આવી પાયા વિનાની વાતો કયાં સુધી ટકી રહે ? પત્તાનો મહેલ બનાવવા મહેનત તો ખૂબ કરવી પડે પણ જેવી પવનની એક લહેર આવી કે બધું ય વેરવિખર થઇ જાય તેમ આ પાયા વિનાની દલીલોનું છે.

જરા ઊંડા ઊતરો અને આગળના વ્યાખ્યાનો યાદ કરો ! પહેલાં અર્થનું વિવેચન કરતાં આપણે એ વિચાર કર્યો હતો કે કોઈ પણ વસ્તુનો અભિલાષ થવા માટે અનુભવ કારણ નથી પણ માત્ર પૂર્વનો અભિલાષ જ કારણ છે, પણ અભિલાષ જેવો થયો જ હોય તેવો જ થાય એવું નથી. આજે એક કમાવાની ઈચ્છા–અભિલાષા છે પણ એક મળી ગયા પછી ફરીથી પણ એક જ મેળવવાનો અભિલાષ થવાનો કે વધારેનો પણ થાય ? ઇચ્છા પહેલાં ઈચ્છા કરી

હોવી જોઇએ એટલી જ જરૂર છે જેણે પહેલાં જેવી ઈચ્છા કરી હોય તેને તેવી ને તેવી જ ઈચ્છા પછી પણ થાય જ એવું બનતું નથી.

જીંદગીમાં એક પૈસાનું ય દર્શન દુર્લભ હોય તેવાને ય જોઈ-જોઇને, સાંભળી-સાંભળીને ક્રોડપતિ બનવાનું મન થાય છે. ઈચ્છા થાય એટલા માત્રથી તે ચીજનો અનુભવ પૂર્વમાં કરેલો છે તે નક્કી નથી થતું. ઈચ્છા થવાથી તો એટલી જ ખબર પડે છે કે આ જીવે કયારેય પણ પૂર્વમાં ઈચ્છા કરેલી છે. માટે જ તે અત્યારે ઇચ્છા કરી રહ્યો છે. તમે ય નાના હતા-ગુરૂઓના સંગમાં જતા હતા ત્યારે કેવી ઇચ્છાઓ થતી હતી અને અત્યારે કેવી ઈચ્છાઓ થાય છે? માટે પૂર્વમાં જેવી ઈચ્છાઓ થઈ હોય તેવી જ ઇચ્છાઓ અત્યારે થાય કે, અત્યારે જે ઇચ્છાઓ છે તેવી જ ઈચ્છાઓ પૂર્વમાં થઈ હતી તેવો નિયમ ખોટો છે.

સદ્ગુરુના પાસા ન સેવ્યા હોય ત્યાં સુધી મોહના પાશમાં ( બંધનમાં ) ફસાઇ જઇએ તેવી ઈચ્છા થાય પણ શું તે પછી ય એવી જ ઇચ્છાઓ થાય ! ભૂતકાળમાં કરેલી ઈચ્છા પાપની હોય....મહાપાપની હોય તેથી ભવિષ્યમાં કોઈ સારી ઈચ્છા ન થાય તેવું બને નહીં. માટે જેની ઇચ્છા થાય-થઇ તેની પૂર્વમાં અનુભૂતિ-અનુભવ થયો જ હોય તેવું ન માની લેવાય. પણ ખરી વાત એ છે કે જે વસ્તુનું સ્મરણ થતું હોય તેને જ તે વસ્તુનો પૂર્વમાં અનુભવ થયો જ હોવો જોઇએ તેવું જ નક્કી કરી શકાય. શું કોઇએ પોતાને મોક્ષમાં થયેલા અનુભવોના સંસ્મરણોની ચોપડી લખી કે તે વિષે વાતો કરી તે સાંભળી છે. ખુદ દયાનાંદસ્વામીજીને પણ પૂછીએ કે શું તમને ખરેખર મોક્ષમાં ગયેલા તે યાદ આવે છે ખરૂં ? આ દુનિયામાં

દેવનરકના અનુભવોની યાદના દાખલા આપનારા કોઇ નીકળી શકે પણ 'મોક્ષની યાદ'ના દાખલા આપનારા કોઈ બની ન શકે ! માટે આ બધી કેવળ દલીલો જ છે કે, 'મોક્ષમાં જવાનું મન થાય છે માટે મોક્ષ આપણે અનુભવેલો હોવો જોઇએ.' આવી-આવી તો તેમની દલીલોનો વિચાર કરવા બેસીએ તો મહિનાઓના મહિનાઓ....ચોમાસાના ચોમાસાઓ નીકળી જાય. જુઓને હજી તો આપણે ભગવતીસૂત્રના ગણધરભગવંતના કરેલા મંગલાચરણમાં બીજા પદનો પૂ. અભયદેવસૂરીશ્વરજી મ. કરેલા બીજા અર્થનો જ વિચાર કરી રહ્યા છીએ. પણ આ તો આજ-કાલના વાદીઓ તમને ફસાવી ન જાય, માટે આટલી વિસ્તારથી વાતો કરી.

## 'દયાનંદ કુતર્ક તિમિર તરણી'ની રચના

બાકી તો એમણે કરેલા જૈનધર્મના કલ્પિત અને ખોટા આક્ષેપોનો કોઈ પાર નથી. સત્યાર્થપ્રકાશના ૧૨ મા સમુલ્લાસમાં જૈનોનું એલફેલ ખૂબ ખંડન કર્યું છે. આનો જવાબ આપવા માટે શ્રી ઠાકોરમલે "દયાનંદ મુખચપેટિકા" નામનો ગ્રંથ લખ્યો છે. અને મારે પણ તે બધાના જવાબો આપવા માટે **'દયાનંદ કુતર્ક તિમિર તરણી'*** 

---

*** દયાનંદ કુતર્ક તિમિર તરણીનો ઇતિહાસઃ-** આ ગ્રંથની રચના આ જ વ્યાખ્યાનકાર મહાપુરુષે પોતાની પ્રારંભની મુનિઅવસ્થામાં પંજાબમાં કરેલ છે. અને પંજાબ દેશમાં આર્યસમાજીઓનો સારો પ્રતિકાર કરેલ છે. આ જ ગ્રંથ એક જૈનેતરભાઈ સર્વોત્તમદાસભાઈને સુંદર અને ઉપયોગી લાગવાથી શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાલા-છાણી (વડોદરા)ના ૨૯ મા મણકા તરીકે પુનઃ પ્રકાશિત થયેલ છે. યોગ્ય જિજ્ઞાસુઓ-વાંચકો ઉપરની ગ્રંથમાલા પાસેથી પુસ્તક મંગાવીને અધ્યયન કરી શકે છે.

નામનો ગ્રંથ લખવો પડયો હતો. ત્યાંની ભાષા ગુજરાતી નહીં પણ હિન્દી અને ખાસ કરીને ઉર્દૂ ભાષાનો ખૂબ પ્રચાર, તેથી હિંદી અને ઉર્દૂમાં તે ચોપડી હું પંજાબમાં હતો ત્યારે લખેલી, તે વખતે તે બહાર પડેલી છે.

## "આર્યસમાજની ઉત્પત્તિ"

વિવિધ મતવાળાઓના મત કેવી રીતે નીકળે છે તે જાણવા જેવું છે. દયાનંદજી સૌરાષ્ટ્ર દેશ પાસેના ટંકારા (મોરબીનીપાસે) ગામના છે. એક વખત મંદિરમાં બેઠેલા હતા, ભગવાનને ચઢાવેલ ચોખા અને ફુલ ઉંદરો ખેંચી જતાં અને દોડધામ કરતાં હતાં, ત્યાંજ મુતરતાં અને ગંદુ કરતાં હતાં. દયાનંદજીને વિચાર આવ્યો: "આ તે કેવા ભગવાન! જે પોતાનું ય રક્ષણ નથી કરી શકતા, તે બીજાનું શું રક્ષણ કરશે?" અને એમની મૂર્ત્તિપૂજાની શ્રદ્ધા ઊડી ગઈ. આજે પણ આર્યસમાજીઓ માને છે કે, ભારતમાં મૂર્ત્તિપૂજા ચાલુ કરનારા જૈનો જ છે. આજે ય તે મૂર્ત્તિપૂજાનો વિરોધ કરે છે. પણ....આશ્ચર્ય તો એ વાતનું છે કે જૈનોમાંય મૂર્ત્તિપૂજા નહીં માનનારો સંપ્રદાય ઊભો થયો છે.

---

* પ્રશ્ન:—મૂર્ત્તિપૂજા કહાંસે ચલી?
ઉત્તર:—જૈનિયોંસે.

(સત્યાર્થપ્રકાશ–એકાદશ સમુલ્લાસ–પૃ. ૨૯૫)

....ઔર યે (હિન્દુ) તીર્થ ભી નહીં થે. જબ જૈનિયોંને ગિરનાર, પાલટા(તા)ના, (સમ્મેત) શિખર, શત્રુંજય, આબુ આદિ તીર્થ બનાયે ઉનકે અનુકૂલ ઈન (સનાતની) હિન્દુઓંને ભી બના લિયે.

(સત્યાર્થપ્રકાશ–એકાદશ સમુલ્લાસ–પૃ. ૩૧૫)

મુસલમાનોના આક્રમણો ઉત્તર ભારતમાં ચાલતાં રહ્યા એના આ બધો પ્રતાપ છે કે મૂર્તિ નહીં માનવાવાળા પેદા થયા. બસ, આ એક પ્રસંગથી દયાનંદજીની શ્રદ્ધા સનાતનધર્મમાંથી અને મૂર્તિપૂજામાંથી ડગવા માંડી અને આખરે કેટલાય વેદ અને પુરાણોને માનવા છોડી દીધાં.

આ પ્રસંગ પેદા થયો એના મૂળમાં તો ઈશ્વરકર્તૃત્વના સંસ્કાર હતા. હિન્દુઓ માને છે કે ઈશ્વર સર્વશકિતમાન છે. તે ધારે તો પૂજકને ઉત્તમ પદે સ્થાપે અને નિંદકને અધમાધમ સ્થાને પણ પહોંચાડી દે. આવા સંસ્કારોના લીધે જ તેમણે વિચાર્યું કે, જે ઈશ્વરની મૂર્ત્તિ પોતાનું રક્ષણ નથી કરતી તે બીજાને ફાયદો કેવી રીતે કરી આપશે ?

પણ....આ જ પ્રસંગે દયાનંદજીએ હિન્દુ ધર્મના કોઇ ગુરુ પાસે જઇને સમાધાન માંગ્યું હોય તોય આજે હિન્દુ ધર્મમાં એક નવો પંથ ઊભો થયો તે ન થયો હોત !

શું તલવારને જોઈને કોઈ વિચાર કરે કે, ખુદ તલવારને તો રક્ષણ માટે મ્યાનની જરૂર પડે છે તો તે માણસને કેવી રીતે બચાવી શકશે ? અનાજને જોઇને કોઈ વિચારે કે, અનાજ પોતે તો સડી જાય છે તો અનાજ ખાવાથી માણસ કેવી રીતે તાજો-માજો થઈ શકશે ?

આ તે કંઈ પ્રશ્ન કહેવાય ? પણ ઈશ્વરકર્તૃત્વના દૃઢ સંસ્કારને કારણે તેમની માન્યતા એવી રૂઢ થઈ ગયેલી કે ઈશ્વર બધાની રક્ષા કરે છે, તો પોતાની મૂર્ત્તિની તો રક્ષા કરવી જ જોઇએ ને ? પણ....આ વાતનો તેમણે સાચો વિરોધ તો ત્યારે કર્યો કહેવાય કે તેમણે જેની મૂર્ત્તિ છે,

તે ઈશ્વરને માનવાનું છોડી દીધું હોત! પણ આપણે એમ કહી શકીએ કે, ઈશ્વરકર્તૃત્ત્વ તરફ તેમનો વધારે કે ઓછો વિરોધ તો હતો જ અને પરિણામે તેમણે ઈશ્વરને તો સ્વીકાર્યા, પણ જેવી રીતે ઇશ્વરને માનનારા હિન્દુઓ તેમના ભગવાનના અવતારો માને છે તેમ દયાનંદજી માનતા નથી. મૂર્ત્તિ પર તેમને એટલી બધી ખીજ ચઢી ગઇ કે ભગવાનની મૂર્ત્તિ એટલે આકૃતિ છે જ નહીં તેમ માની લીધું; અને સિદ્ધ કર્યું કે ભગવાનની આકૃતિ નથી, તેથી તેની મૂર્ત્તિ બની શકતી નથી. જો અવતાર માને તો ભગવાનની મૂર્ત્તિ પણ માનવી પડે. કારણ કે અવતાર એટલે દેહ ધારણ કરવો અને દેહધારી કોઈને કોઈ આકૃતિવાળો તો હોય જ. જો તે આકૃતિવાળો હોય તો તેની મૂર્ત્તિ પણ બનાવવાનુ યુક્તિથી સિદ્ધ જ થઇ ગયું. તેથી દયાનંદજીએ જાહેર કરી દીધું કે ભગવાન અવતાર લેતા જ નથી. અને જ્યારે એમને એમના લોકો પૂછવા માંડ્યા કે, જો ભગવાન અવતાર લેતા નથી તો આ બધી અવતારની વાતો કેમ વેદ અને પુરાણોમાં આવે છે? તેમણે તરત જવાબ આપી દીધો કે, "જૈનોના ૨૪× તીર્થંકરોના આધારે હિન્દુઓએ ૨૪ અવતારની કલ્પના કરી છે." આમ તેમણે ફેંસલો આપી દીધો, અને વેદ તથા પુરાણોની કેટલીય વાતો એમ જ ઉડાવી દીધી. માટે ધ્યાન રાખો કે જેવી દિલમાં શંકા પેદા થઈ કે તરત જ ગુરુ

---

× ઇન લોગોંને જૈનયોંકે ચૌવીસ તીર્થંકરોંકે સદૃશ ચૌવીસ અવતાર મંદિર ઔર મૂર્તિયાં બનાઈ, ઔર જૈસે (દિગંબર) જૈનિયોંકે આદિ (પુરાણ) ઔર ઉત્તર પુરાણ હૈ વૈસે અઠારહ પુરાણ બનાને લગે.

( સત્યાર્થપ્રકાશ–એકાદશ સમુલ્લાસ–પૃ. ૨૮૬ )

મહારાજ પાસે ચાલ્યા આવો. વૈરાગી–ગીતાર્થ–શાસ્ત્રના ઊંડા અભ્યાસી ગુરુ મહારાજ પાસે જઇને સમાધાન મેળવો, નહીં તો એક પગલું ચૂક્યા એટલે અનેકાનેક પગલાં ચૂકીને ખલાસ થઈ જવાના દિવસો આવે.

## "મૂર્તિપૂજાની સિદ્ધિ"

દયાનંદજી તો ભગવાનને નિરાકાર માનીને મૂર્ત્તિ નથી માનતા, અથવા એમ કહો કે મૂર્ત્તિ ન માનવા માટે ઈશ્વરને નિરાકાર કહે છે. પણ આપણા જૈનબંધુઓ શું અરિહંત પરમાત્માને દેહધારી નથી માનતા? જો મૂર્ત્તિનો વિરોધ જ કરવો હોય તો પછી સ્થાનકવાસી ભાઈઓએ 'નમો અરિહંતાણું' છોડીને 'નમો સિદ્ધાણું' જ જપવું જોઇએ. કારણ કે 'અરિહંત' તો અષ્ટમહાપ્રાતિહાર્યથી શોભતા દેહધારી પરમાત્માઓ જ હોય, અરિહંત પરમાત્મા સાકાર અને મૂર્ત્તિમાન જ હોય. માટે તેમને તો ખાસ વિચારવા જેવું છે.

વળી મુત્તિને પૂજવાથી કંઈ થતું નથી, તો મૂર્ત્તિને નહીં માનનારાઓને ભગવાનનો જાપ કરવાથી શું ફાયદો થાય છે? તે જે શબ્દોનો જાપ કરે છે તે શબ્દ તો જડ છે! જો જાપ કરવાથી મનને શાંતિ મળે છે, તો શું ભગવાનની મૂર્ત્તિના પૂજન–દર્શનથી શાંતિ ના મળે? રૂપિયાની જડ નોટને જોતાં આત્મામાં રાગ પેદા થઇ શકે.... મરેલી પત્નીના ફોટાને જોઇને આંખમાંથી આંસુઓ પડી જાય. તો શું ભગવાનની મૂર્ત્તિ જોઈને આલ્હાદ પેદા ન થાય.... મનને શાંતિ ન મળે આવું બને ખરૂં?

મહાન્ તત્ત્વાર્થસૂત્રના રચયિતા ભગવાન ઉમાસ્વાતિ

મહારાજે તો આ બધા મતભેદો પેદા થયા તેના સેંકડો વર્ષો પહેલાં જણાવી દીધું છે કેઃ–

**"અભ્યર્ચનાદર્હતાં મનઃ પ્રસાદસ્તતશ્ચ સમાધિઃ। તસ્માદપિ નિઃશ્રેયસમતો હિ તત્પૂજનં ન્યાય્યમ્॥"**

(તત્ત્વાર્થ સંબંધકારિકા–૮)

તીર્થંકરોની પૂજાથી મનની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે, મનની પ્રસન્નતા પ્રાપ્ત થવાથી સમાધિ મળે છે, અને સમાધિથી મોક્ષ પણ મળે છે, માટે ભગવાનની પૂજા કરવી એ યુક્તિ–સંગત છે. મોક્ષમાર્ગનો રસ્તો છે."

જો ભગવાનની મૂર્ત્તિ હોય જ નહીં તો પૂજન કોનું કરવાનું? માટે જૈનભાઈઓ જે મૂર્ત્તિપૂજામાં નથી માનતા તેમને ખૂબ વિચારવા જેવું છે. પણ અહીં આપણો વિષય મૂર્ત્તિપૂજાનો નથી, આ તો પ્રસંગથી દયાનંદજીની વાતમાં જણાવી દીધું. એક ભૂલથી કેવા કેવા પરિણામો આવે છે.

દયાનંદજી મુક્ત આત્માને પણ સંસારમાં પાછા આવવાવાળા સમજે છે અને આપણે તે સિદ્ધભગવાનને નમસ્કાર કરી રહ્યા છીએ કે જેમને કદી પણ પાછા સંસારમાં આવવાનું નથી, જેઓ "ફરીથી પાછું સંસારમાં આવવું ન પડે તેવી રીતે મોક્ષનગરમાં પહોંચી ગયા છે" તે સિદ્ધોને આપણે નમસ્કાર કરી રહ્યા છીએ.

તમને આગળ જ જણાવ્યું હતું, કે મુક્તિમાંથી જીવને પાછો આવનારો માનનાર કંઈ દયાનંદજી એકલા નથી–તેમના પૂર્વજોના પહેલાં પણ આ માન્યતા

હતી. માટે **આ દુનિયામાં દુનિયાને માટે તદ્દન નવું કરીને દેખાડવાની કોઇની તાકાત નથી. જો નવું જ કરવું હોય તો બસ આપણે આપણા આત્માને માટે કરવાનું છે.** આ આત્માએ કયારેય સિધ્ધિગતિમાં પોતાનું દેહરહિત થઇને સ્થાન મેળવ્યું નથી. આ જ આપણા માટે અપૂર્વ તદ્દન નવી ચીજ છે. તે જ મેળવવાની બાકી છે. દેવલોકના સુખ અને નરકના દુઃખ કશું ય તેણે જોયું નથી–ભોગવ્યું નથી તેવું નથી. વળી તિર્યંચ થઇને પરાધીન બનીને દીન (ગરીબ) મુખે અને માનવ બનીને પણ અનંતી વાર ખિન્ન મુખે સંસારમાં ભટકયા કર્યો છે, માટે સિદ્ધ ભગવાનને નમસ્કાર કરીને કોઇ દિવસ જે સ્થાન આ આત્માને પ્રાપ્ત થયું નથી તેવું સ્થાન પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવાનો છે.

## " 'નમો સિદ્ધાણં' પદના બીજા અર્થનો ઉપસંહાર "

હજી આપણે તો ભગવતીસૂત્રના મંગલાચરણને પણ પૂરું કર્યું નથી. ગણધર ભગવંતે પરમેષ્ઠિમંત્ર દ્વારા મંગલાચરણ કર્યું છે. તેમાંથી એક પદની વિવેચના જ માત્ર પૂરી થઇ છે. અને હમણાં બીજા પદ "નમો સિધ્ધાણં" ની વિવેચના ચાલી રહી છે. તેમાં પણ "નમો સિધ્ધાણં" પદના એક અર્થની વિચારણા થઇ ગઈ અને આ બીજા અર્થની વિચારણા થઇ રહી છે. તે વિચારણાનો આપણો મુખ્ય વિષય એ હતો કે "કદીય પાછા ન ફરવું પડે તેવા ધામમાં ગયેલા આત્મા."

તો કેવા સ્થાનમાં જઈએ તો પાછું આવવું ન પડે ? ત્યાં વિચાર કર્યો કે જે આપણું પોતાનું ધામ હોય અને સદાય સુખ આપનારું હોય તેવા સ્થાનમાં જઇએ તો પાછા

આવવું ન પડે. અને એ સિદ્ધ કર્યું કે સંસારના સુખોમાં થતો 'સુખ' શબ્દનો પ્રયોગ ખોટો છે. સાચો પ્રયોગ મોક્ષના સુખમાં થઈ શકે, પણ તે મોક્ષનું સુખ એવું નિરૂપમ છે કે તેની કોઈની સાથે સરખામણી ન થઈ શકે. પણ આવા મોક્ષની વાસ્તવિક જાણ ન હોવાથી આર્યસમાજના સ્થાપક દયાનંદજીએ કેવા ગોટા વાળ્યા છે વગેરેનો આટલો વિસ્તારથી વિચાર કર્યો.

તમને તો જિનેશ્વર ભગવાનનું શાસન મળ્યું છે, એટલે આવી **રૂડી** વાતો સાંભળવા મળે છે. પણ બીજાને ત્યાં જેમ બીજીય **ભૂંડી** વાતો સંભળાય છે, તેમ મોક્ષ માટેય કેટલી **ભૂંડી** વાતો સંભળાય છે જે પોતાની રૂડી વાતોની સાથે બીજાની વાતો કેવી અને કેમ 'ભૂંડી' છે તે સમજતો નથી તે એક દિવસ રૂડી વાતોનેય ભૂંડી સમજી લે કે ભૂંડી વાતોનેય રૂડી સમજી લે તેવો ભય ખરો. તેથી જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે, વિસ્તારરૂચિ સમ્યક્ત્વ પામનારનો જેટલો સ્વદર્શનનો અભ્યાસ હોય તેટલો જ ઊંડો પરદર્શનનો અભ્યાસ હોય.

જ્યારે બજારમાં બનાવટી માલો નીકળી પડયા હોય ત્યારે એકલા માલની પરખથી ન ચાલે. ખોટો માલ સાચાના નામે ન ઘૂસી જાય તે માટે ખોટો માલ પણ પારખતા આવડવો જોઈએ માટે અહીં તો બધોય ખ્યાલ કરવો પડે.

સ્વદર્શન પણ જાણવું પડે અને પરદર્શન પણ જાણવું પડે. એક રીતે એમ કહીએ તો પણ ચાલે કે પરદર્શનના અભ્યાસ વિના સ્વદર્શનનો અભ્યાસ અધૂરો કહેવાય. જૈનાચાર્યો તો એવા પ્રકાંડ વિદ્વાન્ હોય કે સામેના વાદીને

તેના શાસ્ત્રથી જ તેમની વાતો અયોગ્ય છે એમ સિદ્ધ કરી દે. માટે તમે ગભરાશો નહીં કે હજી તો ભગવતી-સૂત્રનું મંગલાચરણ થયું નથી તો સૂત્ર કયારે વંચાશે ? કારણ કે અહીં જે વિવેચન ચાલી રહ્યું છે તેમના કેટલાય પદાર્થો આજ ભગવતીસૂત્રોમાં સૂત્રરૂપે છે અને એ તો ખબર છે કે ૧૨ અંગોનો સાર નમસ્કાર મહામંત્ર છે, અને મહામંત્રની વિવેચના કરો એટલે અર્થથી બારે અંગનો અને સૂત્રથી શ્રી ભગવતીજી સૂત્રનો વિષય પણ આવી જાય.

# "નમો સિદ્ધાણં" નો
# તૃતીય અર્થ

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીજીએ પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રમાં નમસ્કાર મહામંત્રનું ઉચ્ચારણ વડે મંગલાચરણ કર્યું છે. પંચપરમેષ્ઠિરૂપ એ નમસ્કાર મહામંત્રના પહેલા પદ 'નમો અરિહંતાણં' નો આપણે વિચાર કરી ગયા. "નમો સિદ્ધાણં" એ પદના; ટીકાકાર પૂજ્ય અભયદેવસૂરીશ્વરજી મહારાજે વિવિધ અર્થો કરી બતાવ્યા છે. તેમાંના બે અર્થોનો વિચાર આપણે વિસ્તારથી કરી ચૂકયા છીએ.

હવે ત્રીજો અર્થ જણાવતાં પૂ. ટીકાકાર મહર્ષિ અભયદેવસૂરીશ્વરજી મહારાજ જણાવે છે કે, "અથવા **'ષિધુ–સંરાદ્ધૌ' ઇતિ વચનાત્ સેધન્તિ સ્મ નિષ્ઠિતાર્થા ભવન્તિ સ્મ!"** અર્થાત્ જેઓ કૃતકૃત્ય થઇ ગયા છે તે સિદ્ધો.

ટીકાકાર મહર્ષિ 'ષિધુ–સંરાદ્ધૌ' એવો ધાતુપાઠનો ઉલ્લેખ કરીને સિદ્ધ શબ્દની વ્યુત્પત્તિ કયા ધાતુ દ્વારા થાય છે તે બતાવે છે. સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી વગેરે ભાષાઓની આ ખૂબી છે. બોલાતા દરેક શબ્દોની સિદ્ધિ કરી આપવાની તાકાત આ ભાષામાં છે. આ ભાષાની એવી

સુંદર ગોઠવણી છે કે કોઇપણ પ્રકારના શબ્દોને સિદ્ધ કરી આપી શકાય.

## મિયાં-મુલુકના મુલૂક શબ્દની વ્યુત્પત્તિ

એક મિયાંસાહેબને એવું અભિમાન હતું કે બધા શબ્દોની સિદ્ધિ તો સંસ્કૃત ભાષાથી થઈ શકે, પણ મિયાં-મુલુક મુલૂક શબ્દની સિદ્ધિ ન થઇ શકે. પણ અભિમાન પોતે એવું રમખાણ છે કે તેમાં કોઇનુંય સ્થાન ટકી શકતું નથી. ગામમાં એક પંડિત આવ્યા. મિયાંભાઇનો તો ગોખી રાખેલો જ પ્રશ્ન હતો. "બોલો પંડિતજી! મિયાં-મુલુકના મુલૂકની સિદ્ધિ કરી દો." પંડિતજી પોપટીયા પંડિત ન હતા, વ્યુત્પન્ન અને મેધાવી હતા. તરત જ બોલ્યાઃ **માઙ** ધાતુ લો, અને એને **ડીયા** પ્રત્યય, ડુલુક અને ડુલૂક લગાડી દો." મીયા-મુલુકને મુલૂકની સિદ્ધિ થઇ ગઈ. મિયાંભાઈ તો ચોંકી ઊઠયા! ત્યાં પંડિતજી એક દુહો બોલ્યાઃ

**"ઉણાદિગણસે તીન નીકલે, ડીયા ડુલુકના ડુલૂક;**
**માંઙ ધાતુએ સાધ લીયા, મિયાં મુલુકના મુલૂક."**

આ તો શું પણ ગમે તેટલા અક્ષરોવાળા લાંબા-લાંબા શબ્દોથી માંડીને એક અક્ષરના નાના-નાના શબ્દોની પણ વ્યાકરણથી સિદ્ધિ થઈ શકે છે. માટે સંસ્કૃત વગેરે ભાષાઓના શબ્દોની પાસે પોતાના ઉત્પત્તિસ્થાનો મળી આવે. જેમાંથી શબ્દ બન્યો હોય તેને ધાતુ કહેવાય. શરીરની ઉત્પત્તિ પણ ધાતુથી થાય છે. લોહી, વીર્ય, માંસ, મેદ, મજ્જા, અસ્થિ અને ચર્મ આ સાત ધાતુથી શરીર બનેલું છે. આ જગત્ પણ ધાતુના આધારે જ ટકી રહેલ છે ને! સોનું, ચાંદી, પિત્તળ, તાંબુ, આ બધાંને પણ 'ધાતુ' જ કહેવાય છે. જુના વખતમાં અને આજે ય ધાતુને 'ધન'

સમજવામાં આવે છે, અને ધનના આધારે જ તો આ તમારૂં જગત્ ચાલે છે. શબ્દરૂપ શરીરનું પણ મુલ ધાતુ જ છે. ધાતુથી નવા–નવા શબ્દો પેદા થાય છે. શબ્દની સિદ્ધિ થાય છે. માટે પૂ. અભયદેવસૂરીશ્વરજી મહારાજ પણ 'સિદ્ધ' એ શબ્દની સિદ્ધિ કરતાં ધાતુપાઠ આપી 'સિદ્ધ' શબ્દ 'ષિધ્' ધાતુ પરથી પણ બની શકે છે તેમ સૂચવે છે. આ તેમના જ્ઞાનની સચોટતા અને પ્રમાણિકતાનો નમુનો છે. **સાચો માણસ નિયમોને આધીન થવાની આનાકાની ન કરે. આનાકાની કરનારાના દિલમાં કંઈ તાણા–તાણી થતી જ હોવી જોઇએ. નહીં તો આનાકાની ન કરે.**

જે આવા વ્યાકરણો ન ભણ્યા હોય તેવાઓ જ શબ્દની સિદ્ધિ કરવા માટે આનાકાની કરે. **સત્યમાં ભય હોતો નથી. અને અસત્ય ભય પમાડયા વિના રહેતું નથી.** માટે અસત્યને આચરનારાઓ પોતાનું તૂત જમાવવા માટે પોતાનું તૂત જાળવી રાખવા માટે અજબ–ગજબના પ્રયત્નો કરે છે.

## "અજ્ઞાની અને સ્વાર્થીઓ ગપ્પા વડે જ જીવે"

એક રાજા કોઇ એક સંન્યાસીનો ભગત બની ગયો. તે સંન્યાસી પણ ખૂબ વખત સુધી તેના મહેલમાં રહ્યો, પણ તેના હૃદયમાં અસત્ય બેઠું હતું–પાપ છુપાયું હતું. તે સમજતો હતો કે રાજા ય બહુ બુદ્ધિમાન નથી, અને મારી પાસે પણ કોઈ એવી આવડત કે તાકાત નથી કે જેથી તે મારો જ અનુરાગી રહ્યા કરે, તેથી દિલમાં ખૂબ મુંઝાતો હતો. તેને ખાત્રી હતી કે હું અહીંથી ચાલ્યો

જઈશ કે બીજા કોઈ સંન્યાસી અહીં આવીને પોતાનો ધામો જમાવી દેશે, અને રાજા તેનો રાગી થઈ જશે. આખરે ખૂબ વિચાર બાદ એને એક યુક્તિ સૂઝી આવી. જવાની તૈયારી થઈ ત્યારે રાજાને એકાંતમાં બોલાવ્યો અને કહ્યું:—

"જો આજકાલ લેભાગુ મૂર્ખાઓ ખૂબ આવે છે, તેઓ તને પોતાની તરફ ખેંચી જવા પ્રયત્ન કરશે પણ વાંધો નહીં. હું તારી રક્ષા માટે એક સરસ રસ્તો જરૂર હોય તો બતાવું." સંન્યાસીએ જાણી જોઈને થોડી નિરપેક્ષતા બતાવી જેથી રાજાને કેટલી ગરજ છે તે ખબર પડે. રાજામાં તો લાંબી બુધ્ધિ હતી નહીં અને તેમાંય હમણાં તો તે સંન્યાસીનો રાગી થઈ બેઠો હતો. એટલે કહેઃ "હા! હા! મહારાજ તમારી વાત સાચી છે. એવી કોઈ ચાવી બતાવો કે જેથી ખોટા સંન્યાસીઓના ફંદામાં હું ફસાઈ ન જઉં."

સંન્યાસીએ જોયું કે હવે વાંધો નથી. એટલે એક વાકય કાગળમાં લખાવ્યું:– "**જલદરહિતં સ્વચ્છં આકાશમ્**" અને કહ્યું કે ગમે તે સંન્યાસી કે ધર્મનો ઉપદેશક તને ધર્મ સંભળાવવા આવે તો તું આ વાકયનો અર્થ પૂછજે. જે તને સાચો અર્થ બતાવે તેની પાસે ધર્મ સાંભળીશ તો વાંધો નથી." રાજા કહેઃ "જેવી આપની આજ્ઞા, હું આ વાકયનો અર્થ પૂછયા વિના કોઈની પાસે ધર્મ તો નહીં સાંભળું એટલું જ નહીં પણ કોઈનો સત્કાર–સન્માન પણ નહીં કરૂં. મહારાજ! આપ મને અર્થ બતાવો!"

સંન્યાસી કહે; "જો આ કાગળ સાચવી રાખજે. કોઈના હાથમાં ન આવે. બાકી આજ–કાલના જમાનામાં તો આ

વાક્યનો સાચો અર્થ જાણનાર કોઈ રહ્યા જ નથી. બધા એમ જ ગબડાવ્યા કરે છે." પછી સંન્યાસીએ અર્થ લખાવ્યો કે, "કાળો કાગડો ગોખલામાં બેસીને કોલસા ચાવે છે." રાજાએ પણ તે અર્થ લખી નાંખ્યો. સંન્યાસીએ જતાં-જતાં વારંવાર કહ્યું કે, આ મારા વાકયનો અર્થ નહીં બતાવનારાને ગુરુ કરીશ તો દુ:ખી થઇ જઈશ. બાકી સાચો અર્થ કરનાર કોઇને પણ ગુરુ કરે તો મને કંઇ વાંધો નથી. મારે કોઇનો પક્ષપાત નથી. કલ્યાણ કરો...." અને સંન્યાસી ગયા.

તમેય સંસ્કૃત નથી જાણતા એટલે કદાચ તમનેય લાગે કે સંન્યાસીએ સાચો અર્થ બતાવ્યો છે. પણ સંન્યાસીએ લખાવેલ વાકયનો સાચો અર્થ 'વાદળરહિત સ્વચ્છ આકાશ છે' એવો છે. હવે કોઇ પણ ડાહ્યો તો શું પણ આછું-પાતળું ય સંસ્કૃત જાણનારો "કાળો કાગડો ગોખલામાં બેસીને કોલસા ચાવે છે." એવો અર્થ કેવી રીતે કરે ? પણ થાય શું ? રાજા તો સંસ્કૃત ભણેલો ન હતો.

બે-ચાર દિવસ થાય અને રાજદરબારમાં એક પછી એક સંન્યાસીઓ આવવા માંડયાં. બધાને રાજા પેલું સંસ્કૃત વાકય કહે. પણ કોઇ આવો તદ્દન ખોટો અર્થ કેવી રીતે બતાવે ? બધાંય એમ જ અર્થ કહે કે, "વાદળ રહિત સ્વચ્છ આકાશ છે." અને રાજા બધાંને માન-સન્માન કર્યાં વિના જ તગડી મૂકે. બધાંયને એમ જ કહે: "તમને સાચો અર્થ આવડતો નથી." આવું રોજ થવા માંડયું. એટલે કેટલાંક બિચારા કોષ અને વ્યાકરણની મદદથી નવા-નવા અર્થો કરીને સંભળાવે પણ આવો અર્થ

કે જેને શબ્દોની જોડે કશું લેવા–દેવા જ નથી તેવા ખોટા અર્થને કોઇ બતાવે પણ કેવી રીતે ? કોઈના ખ્યાલમાં પણ કેવી રીતે આવે ?

આમ વાત તો ખૂબ ફેલાઇ ગઇ. આખરે એક દિવસ એક માત્ર ભણેલો નહીં પણ કંઈક ભણેલો અને ગણેલો સંન્યાસી આવ્યો. તેણે વિચાર કર્યો કે, નકકી આ રાજાને કોઇએ ભરમાવી દીધો છે. આટલા બધાં વિદ્વાનોમાંથી કોઇનો અર્થ સાચો ન થાય તે કેવી રીતે બને ? તેમાંય વળી કોઈ આવા સાદા વાકયનો અર્થ ન કરી શકે તેવું તો બને જ કેવી રીતે ? એણે બુદ્ધિ દોડાવી. રાજાની પાસે આવ્યો. રાજાએ પોતાનાં ક્રમ પ્રમાણે પેલું વાકય પૂછ્યું....પેલો સંન્યાસી પણ જાણે મહાન આફતમાં ન આવી ગયો હોય તેમ ગંભીરતાથી વિચારવા લાગ્યો. થોડી વાર તો આંખ બંધ કરીને જ બેસી રહ્યો. પછી રાજાને કહેઃ "રાજાજી ! કાલે વિચાર કરીને જવાબ આપવાની રજા આપો તો કેવું સારું ?" રાજાને લાગ્યું કે, આ કંઇક સાચો જવાબ આપશે. બીજા તો એમ જ વિચાર કર્યા વિના જ કહેતા હતા, આ ખરો લાગે છે.

રાજા કહેઃ "ભલે, કાલે જવાબ આપજો." અને સંન્યાસી તો બીજે દિવસે પહેલા દિવસ કરતાંય વધારે ગંભીર થઇને આવ્યો. રાજાને કહેઃ "જુઓ મહારાજા ! આ વાકયનો અર્થ એટલો ગંભીર છે કે તેનો સાચો અર્થ હું બતાવી તો નહીં શકું, પણ તમે જ જો છ મહિના મને થોડો સમય આપીને અભ્યાસ કરશો તો તમને જરૂર સમજાઈ જશે."

રાજાએ પણ પોતાની પ્રશંસા સાંભળીને ભણવાની હા પાડી. અને છ મહિના તો શું પણ બે મહિનામાં તે પોતે

જ સમજી ગયો કે પહેલો સંન્યાસી ધૂતારો હતો. સીધા વાકયનો ખોટો અર્થ સમજાવીને તેણે ભ્રમમાં મૂકી દીધો હતો. તેને પોતાને જ પોતાની મૂર્ખતા પર હસવા જેવું લાગ્યું !

આમ કેટલાકો આવી રીતે પોતાના ભકતોના અજ્ઞાનનો લાભ ઉઠાવે છે. મારવાડમાં જતિઓ "ગોરજીઓ લોકોને ત્યાં જાય, લાડવા ઉઠાવી લાવે. લોકોને કેટલા દિવસ સુધી પોષાય ? કોઈ તેમને લાડવા આપવાની આનાકાની કરે તો તરત જ તે યતિઓ શાસ્ત્રની યાદ દેવરાવે. જતિઓ કહેઃ "જુઓ, તમે સામાયિક કરતાં શું બોલો છો ? "**સામાઇય જત્તિઆવારા**" આટલું શાસ્ત્રમાં લખેલું ય સમજતા નથી. "સામાયિક કરે ત્યાં જતીઓના વારા" ગુજરાતીમાં 'વારો' એટલે લાગો....જમણ થાય. એટલે સામાયિક કરનારે લાગા પ્રમાણે આપી દેવું પડે. બિચારા ભોળા લોકો તો સૂત્રના અર્થો જાણે નહીં. હશે ભાઈ, આપણે શું કરીએ ? શાસ્ત્રમાં લખ્યું હોય તો આપો.

**પણ...આવી રીતે લાગા બતાવનારૂં શાસ્ત્ર કદી જૈનશાસ્ત્ર ન હોય.** તે બિચારાઓ સૂત્ર તો જાણે પણ અર્થની કંઈ ખબર પડે નહીં. "સામાઇઅ જત્તિઆવારા" એટલે "સામાયિકમાં હું જેટલી વાર છું (તેટલીવાર)" આમ અર્થ થાય. પણ અજ્ઞાન એ કેવું કષ્ટ છે. જતિઓ બિચારાને શાસ્ત્રના નામે છેતરે ! આવી રીતે શાસ્ત્રના નામે પોતાના પાપને-લોભને પોષનારાઓ જાણુતા નથી કે અનંત અનંત ભવ સુધી કર્મ તેમને છોડશે નહીં. માટે જ્ઞાનની ખૂબ જરૂરિયાત છે. અજ્ઞાનીઓને-સ્વાર્થીઓને ગપ્પા લગાવવા જ પડે.

આપણા ટીકાકાર પૂ. અભયદેવસૂરીશ્વરજી મહારાજ જ્ઞાની છે–નિઃસ્વાર્થી છે. આપણા જેવા જીવો પર ઉપકાર કરવા માટે તત્પર થયેલાં છે. માટે તો તેઓ વ્યાકરણના નિયમોપૂર્વક બરાબર આપણને સમજાવે છે કેઃ–

**" ષિધુ સંરાધ્ધૌ ઇાત વચનાત્–સેધન્તિ–સિધ્યન્તિ સ્મ–નિષ્ઠિતાર્થા ભવન્તિ સ્મ..."** અને તેનો અર્થ કરતાં ટીકાકાર મહર્ષિ કહે છે કે જેઓ નિષ્ઠતાર્થ થઈ ગયા છે, જેમને હવે કશું કરવાનું બાકી રહ્યું જ નથી તે સિદ્ધો કહેવાય છે. જેને સાચી સિધ્ધિ થઈ હોય તે સિધ્ધ કહેવાય, દુનિયાની અંદર પણ તમે આ શબ્દોનો પ્રયોગ કરો છો. કોઈને સિધ્ધહસ્ત લેખક કહો છો, કોઈને સિધ્ધ કવિ કહો છો, પણ આ બધા સાચા સિધ્ધ નથી. શાસ્ત્રમાં ચૌદ પ્રકારના સિધ્ધ બતાવ્યા છે.

**"સિદ્ધો જો નિપ્ફન્નો, જેણ ગુણેણ સ ય ચોદ્દસ વિગપ્પો;**
**નેઓ નામાઇઓ, ઓયણ સિદ્ધાઇઓ દવ્વે."**
( ૩૦૨૭ વિ. આ. ભા. )

**" કમ્મે સિપ્પે ય વિજ્જાએ, મંતે જોગે ય આગમે;**
**અત્થ જત્તા અભિપ્પાએ, તવં કમ્મખએ ઇય".**
( ૩૦૨૮ વિ. આ. ભા. )

(૧) નામસિદ્ધ, (૨) સ્થાપનાસિદ્ધ, (૩) દ્રવ્યસિદ્ધ, (૪) કર્મસિદ્ધ, (૫) શિલ્પાસિદ્ધ, (૬) વિદ્યાસિદ્ધ, (૭) મંત્રસિદ્ધ, (૮) યોગસિદ્ધ, (૯) આગમસિદ્ધ, (૧૦) અર્થસિદ્ધ, (૧૧) યાત્રાસિદ્ધ, (૧૨) અભિપ્રાયસિદ્ધ–બુદ્ધિસિદ્ધ, (૧૩) તપસિદ્ધ, (૧૪) કર્મક્ષયસિદ્ધ.

સિદ્ધ એવું કોઈનું નામ તે નામસિદ્ધ, સિદ્ધની સ્થાપના કરવી તે સ્થાપનાસિદ્ધ, ચોખા ચડી ગયા હોય તે દ્રવ્યસિદ્ધ, કારણ તે ચોખા પાકી ગયા બાદ તેને પકવવાના નથી, પણ તે દ્રવ્ય છે તેથી દ્રવ્યસિદ્ધ. ત્યારબાદ આવે છે ભાવસિદ્ધોના ભેદો. જો કે આપણી વિવિક્ષા તો છેલ્લા કર્મક્ષયસિદ્ધ ક્ષાયિકભાવનાસિદ્ધના અંગે છે, પણ બાકીના ૧૦ સિદ્ધો ક્ષયોપશમભાવને આશ્રિત કહેવાતા હોવાથી તેઓ ભાવસિદ્ધ કહેવાય છે. તે દરેકનું થોડું વિવેચન આપણે કરશું.

## " કર્મસિદ્ધથી માંડીને આગમસિદ્ધ "

ખેતીવાડી, વેપાર, ધંધો-ધાપો આ બધું કર્મ કહેવાય. આ બધું જગતમાં ચાલતું આવ્યું છે. એના શાસ્ત્રો ન બનેલા હોય પણ બાપ બેટાને શિખડાવે, એક પાસેથી બીજો અને બીજા પાસેથી ત્રીજો શીખે. આ બધું કર્મ કહેવાય. આમાં કંઇ આકર્ષણ જેવું ન હોય. જ્યારે જે ક્રિયામાં કંઇ આકર્ષણ જેવું હોય, જેના ગ્રંથો બનેલા હોય તે વિષયના વિદ્વાનોના ઉપદેશથી ક્રિયાઓ ચાલી હોય તે બધું શિલ્પ કહેવાય-કલા કહેવાય. ચિત્રકલા, રથ બનાવવાની ક્રિયા આ બધું શિલ્પ કહેવાય.

**ખેતીવાડી** વગેરે ક્રિયાઓ જેને સિદ્ધ હોય તે **કર્મસિદ્ધ** કહેવાય, અને જેને રથ બનાવવા વગેરેની કળા સિધ્ધ હોય તે **શિલ્પસિદ્ધ** કહેવાય. તેવી જ રીતે જેને વિદ્યા સિધ્ધ હોય તેને **વિદ્યાસિધ્ધ** કહેવાય, અને મંત્ર સિધ્ધ હોય તેને **મંત્રસિદ્ધ** કહેવાય.

જે ચમત્કારિક અક્ષરોમાં મંત્ર અધિષ્ઠાયિકા દેવી હોય તેને **વિદ્યા** કહેવાય, અને જે ચમત્કારી અક્ષરોનો મંત્રનો અધિષ્ઠાયક દેવ હોય તેને **મંત્ર** કહેવાય.

જે મંત્રો સંકલ્પથી એટલે મનના દઢ **નિશ્ચયથી** સિદ્ધ થાય છે તે **વિદ્યા** કહેવાય, અને જેનો પાઠ કરવા માત્રથી જ જે સિદ્ધ થઇ જાય, તેમાં વિશેષ સાધના કરવાની જરૂર ન પડે. ગુરુ મંત્ર આપે એટલે શિષ્ય તે વાંચીને પોતાનું કામ કરે તેવા ચમત્કારીક અક્ષરોનું નામ **મંત્ર** કહેવાય. એવા પણ મંત્ર હોય છે કે જેને ભણનાર તે શબ્દોના અર્થોને જાણી ન શકતો હોય તો પણ તેનું ફળ મેળવે. તો પછી ભગવાનના નામના અક્ષરો–સૂત્રના અક્ષરો કેટલા પવિત્ર કહેવાય ! શું ભગવાનના નામરૂપી મંત્ર મોહનું ઝેર ના હરે ?

તેથી જ સૂત્રના અર્થ ન જાણીએ તો પ્રતિક્રમણ કરીને શું ફાયદો થાય એવું એકાંતે કહેનારાઓએ આ ખ્યાલમાં લેવા જેવું છે. ડોકટરની લખેલી ચિઠ્ઠીમાં દવાનું નામ વાંચતા ય આવડતું નથી, તો એનો અર્થ તો કયાંથી જાણવાના હતા ? તે છતાંય તેવી કડવી દવા પી ને રોગ દૂર કરો છો કે નહીં ?

જો કે સૂત્રના અર્થ જાણવા તો જોઇએ જ. પણ આ તો એવી વાત છે કે સૂત્રના ભાષાંતરો કરો, બધા જ મંત્રયુક્ત સૂત્રોને છોડી દઇને પોતાની મામુલી ભાષામાં બદલી દેવાની વાતો કરે છે તેની સામે આ દલીલ છે. સૂત્રના શબ્દોનું ભાષાંતર કરવું અને તેનાથી ચલાવી લેવાની વાતો એટલે મૂલ્યવાન મંત્રશકિતનો નાશ કરી નાંખવાની વાત. માટે આવી વાતમાં કદી આવવું નહીં. આવા મંત્રો જેને સિદ્ધ હોય છે તે **મંત્રસિદ્ધ** કહેવાય છે.

આવી જ રીતે જેનાથી આશ્ચર્યકારી શકિત પેદા થઈ શકે તેવા પદાર્થના સંયોગોને જે જાણતો હોય તે **યોગસિદ્ધ**

કહેવાય. પુદ્દગલની શકિત અનંત છે. એક જ પદાર્થના જુદા-જુદા પદાર્થ જોડે જુદી-જુદી રીતે સંયોગ થાય અને સંયોગ થાય એટલે અજબ-ગજબની નવી-નવી શકિત પેદા થાય. આવી રીતના દ્રવ્યના સંયોગોથી લેપ બનાવવામાં આવે તો તે લેપના પ્રભાવમાત્રથી માણસ પાણી પર જમીનની માફક ચાલી શકે, અને હવામાં પણ ઉડી શકે. આવી આશ્ચર્યકારીતા પેદા કરનારા પદાર્થના સંયોગને જે જાણે તે યોગસિધ્ધ કહેવાય.

આગમના સમસ્ત અર્થો જેમને શ્વાસોચ્છવાસની જેમ સ્વભાવરૂપ થઇ ગયા હોય તે **આગમસિધ્ધ** કહેવાય.

ગણધર ભગવંત ગૌતમસ્વામીજી મહારાજા આગમ-સિધ્ધ કહેવાય. જ્ઞાનના **દરિયા**, ગુણગણોથી **ભરિયા** છતાં નમ્રતાના **સરોવરિયા** ગૌતમસ્વામીજી છે તો આગમસિધ્ધ, પણ શાશ્વતસુખનો અનુભવ કરનાર ક્ષાયિકભાવના સિધ્ધ ભગવંતોની તુલનાએ તેઓ નહીં. કારણ આગમના તમામ અર્થ જાણવા માટે શ્રુતજ્ઞાન સહિત મતિજ્ઞાનનો તીવ્ર ક્ષયોપશમ જોઇએ. અને ક્ષયોપશમભાવ ગમે તેટલા તોય પરિપૂર્ણ નહીં તે નહીં.

એક બાજુ દુનિયામાં આગમથી સિધ્ધ થઇને સાચા સિધ્ધપદને મેળવનારા આત્મા છે. તો બીજી બાજુ જીવનની ધુળ-ધાણી કરીને અર્થની પ્રાપ્તિ કરવામાં-**ધનની** પાછળ **ધુની** બનેલા મમ્મણશેઠ જેવા પણ છે. શાસ્ત્રમાં મમ્મણ-શેઠને અર્થસિધ્ધ કહ્યા છે. શ્રેણિકના રાજ્યભંડારોથી પણ ન ખરીદી શકાય **એવું** તેના એક જ બળદનું શીંગડું હતું. તો બેય પૂરા સોનાના બનેલાં અને કિંમતી હીરા-મોતી-માણેક જડેલ બળદને તો કોણ ખરીદી શકે ?

આવી પ્રચુર લક્ષ્મીવાળો અને લક્ષ્મી મેળવવામાં ચકચૂર બનેલ મમ્મણ એ અર્થસિદ્ધ કહેવાય.

દુનિયાની વચિત્રતાનો પાર નથી. માણસ જેની પાછળ પડે છે તેને મેળવ્યા વિના રહેતો નથી. અર્થમાં સિદ્ધિ મેળવનાર અર્થમાં મેળવે છે. તો ગૌતમસ્વામીજી જેવા મહાપુરૂષો આગમસિધ્ધ બને છે. ત્યારે એક બાજુ તુંણ્ડિક જેવા વહાણવટીયાઓ યાત્રાસિધ્ધ બને છે. જે ચીજમાં કૃત કૃત્ય બનવું હોય તેમાં પાર વિનાનો પરીશ્રમ કરવો પડે. તુંણ્ડિક પોતાના વહાણોમાં માલ ભરી દરીયાપાર વેપાર કરવા મથતો હતો. અનેકાનેક વખત તેના વહાણો તૂટી ગયાં. સગાવ્હાલાં કહેવા માંડયા: “ ધૂની, તું આ ધંધો મૂક ” પણ પેલો શાનો સાંભળે. તે તુંણ્ડિક તો કહેતો હતો: ‘જલમાં મારા પૈસાગયા છે, તો જલમાંથી પાછા મેળવીશ, પાછો પડવાનો નથી.’ દરીયાતટનો કોઇ દેવતા તેના પ્રયત્નથી ખુશ થઇ ગયો. સારૂં એવું દ્રવ્ય આપી ન્યહાલ કરી દીધો. દેવતા પૂછવા લાગ્યો: ‘ હવે કંઈ જોઇએ ? ’ તુંણ્ડિક તમારા જેવો પાકો વાણીયો. પણ કંઈક પરમાર્થી ! તે કહે: ‘જે મારૂં નામ લઇને યાત્રા કરે તેના વહાણને દરીયામાં નુકશાન ન થાય’ તેવું વચન આપો. દેવે વચન આપ્યું અને તુણ્ડિક યાત્રાસિધ્ધ બન્યો. લાંબો કાળ સુધી નિષ્ફળ થયા છતાંય પ્રયત્નો ચાલુ રાખ્યા ત્યારે તુંણ્ડિકને આવી સિદ્ધિ મળી. આ બધી સિદ્ધિઓ કર્મથીય સિધ્ધ સર્વજ્ઞ પરમાત્માની સિધ્ધિ પાસે કોઈ વિસાતમાં નથી. આ બધી અંતે અપૂર્ણતામાં પરિણમતી સિદ્ધિની પાછળ પણ આટલો પરિશ્રમ કરવો પડે છે તો કર્મક્ષય સિધ્ધ થતાં કેટલો પરિશ્રમ કરવો પડે ?

યાત્રાસિધ્ધ બાદ શાસ્ત્રમાં અભિપ્રાયસિધ્ધ બતાવ્યા

છે. અભિપ્રાય એટલે બુધ્ધિ. આ અભિપ્રાયરૂપ બુધ્ધિ ચાર પ્રકારની છે.

ગૌતમસ્વામીજી શ્રુતનિધિ હોવા છતાંય શ્રુતનું પરાવર્તન કરે, અને મમ્મણ પાસે આટલી મોટી ધનનિધિ હોવા છતાંય એક પાઇ માટે કાળી મજુરી કરે. એક આગમસિધ્ધ કહેવાય, જ્યારે બીજો મમ્મણ અર્થસિધ્ધ કહેવાય.

આગમના અભ્યાસથી ગૌતમસ્વામીજી મહારાજાએ કંઇકને કેવળજ્ઞાન આપ્યું અને પોતેય કેવળજ્ઞાન પામ્યા. જયારે મમ્મણે જીંદગીમાં સુખેથી કોઇને અન્નનો કવલ (કોળીયો) ખાવા દીધો હશે કે સુખે તેણે પોતે કવળ ગળે ઉતાર્યો હશે તેમાંય શંકા છે. બંનેય કહેવાય તો સિધ્ધ, પણ એકની સિદ્ધિ અને બીજાની સિદ્ધિમાં કેટલું અંતર છે!

ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી, અને પારીણામિકી આ ચારેય બુધ્ધિ જેની પાસે હોય, યોગ્ય સમયે તે બુધ્ધિ પેદા થઇ જાય તે બધા **બુધ્ધિસિધ્ધ** કહેવાય. ૫૦૦–૫૦૦ મંત્રીઓના મુખ્યમંત્રી અભયકુમાર ચારેય બુધ્ધિના નિધાન હતા. તેઓ બુધ્ધિસિધ્ધ કહેવાય.

## "અભિપ્રાયસિદ્ધના ચાર પ્રકારો"

ઔત્પાતિકીબુદ્ધિ એ બુદ્ધિના ખેલ જેવી છે. આવી બુદ્ધિના માલીકને તે વિષયના શાસ્ત્રના અભ્યાસ અને તેના અનુભવની કંઈ જરૂર નહીં. તેની પાસે જાવ એટલે પરિસ્થિતિને જોઇને તરત જ મનમાં સ્ફુરણા થાય. જોનારાને લાગે કે આને કેવી રીતે આવડે છે? એ જ ક્ષયોપશમની વિચિત્રતા છે. આવી બુદ્ધિવાળાને એવો વિશિષ્ટ ક્ષયોપશમ હોય છે કે બહારના કોઈપણ સાધનો વિના જ તેમનામાં તેવી અંતરસ્ફૂરણા થાય.

ઔત્પાતિકી બુદ્ધિ માટે રોહાનું દૃષ્ટાંત પણ પ્રસિદ્ધ છે. ઉજ્જૈની નગરીના રાજાએ તેની બુદ્ધિની ઘણી પરીક્ષા કરી. પણ ઔત્પાતિકી બુદ્ધિના ધણી તે બાળકે રાજાને બધી ય વાતોમાં પરાસ્ત કરી દીધો. એક વખત રાજાએ તેની બુદ્ધિની પરીક્ષા કરવા માટે તે છોકરો જે ગામમાં રહેતો હતો તે ગામડામાં એક કુકડો મોકલ્યો અને જણાવ્યું કે, 'જાવ, આ કુકડાને એકલાને જ કુકડા જોડે લડાવો.' ગામના લોકો તો વિચારમાં પડયા. કુકડો એકલા કુકડા જોડે કેવી રીતે લડે? ત્યાં રોહો હાજર થયો. બુદ્ધિમાનને કેટલી વાર! મંગાવ્યો આરીસો અને ધરી દીધો કુકડાની સામે! બસ કુકડો તો લઢવા માંડયો, અને લોહીલુહાણ થઈ ગયો. તમે આવું સાંભળ્યું હોય એટલે કોઈ પ્રસંગે આના જેવી કોઇ યુક્તિ કોઇના માટે ગોઠવી કાઢો, પણ તમારી તે બુદ્ધિને ઔત્પાતિકી બુદ્ધિ ન કહેવાય. કારણ કે તમને પોતાને તે સ્ફુરણા થઈ નથી. તમે એક વખત જોયેલ અથવા સાંભળેલના આધારે કરો છો. રોહાએ કોઈ દિવસ આવું જોયું કે સાંભળ્યું નહોતું છતાં ય તેને પોતાની જાતે સૂઝી આવ્યું એટલે તેની બુદ્ધિ ઔત્પાતિકી બુદ્ધિ કહેવાય.

વળી પાછું ફરી એક વખત રાજાએ તેની બુદ્ધિની પરીક્ષા કરવા માટે તેમના ગામ પર કહેણ મોકલ્યું કે, "તમારા ગામના કુવાનું પાણી સારૂં છે, માટે રાજાને પાણી પીવા માટે તમારા ગામનો કુવો મોકલાવો." કુવો તે પગવાળો છે કે તે કંઈ ચાલીને જાય અથવા કંઇ હેરવી-ફેરવી શકાય તેવી ચીજ છે કે મોકલાવાય. ગામવાળા તો ભેગા થઇને ગભરાતા હતા, ત્યાં રોહો આવી ગયો. તે કહેઃ "એમાં શું છે? રાજાને કહેવડાવી દો કે અમારા કુવા આવવા માટે તૈયાર થઇ ગયા છે, પણ ગામડાના

કુવા છે એટલે તેમને શહેરનો રસ્તો નહીં મળે માટે શહેરના બે–ચાર કુવા રાજા મોકલાવે કે તરત અહીંથી અમારા કુવાને રવાના કરી દઈએ.”

રાજા સામજી ગયો કે, આ રોહાનો જવાબ છે. આખરે અનેક પરીક્ષાઓ બાદ રાજાએ રોહાને પોતાનો મંત્રી બનાવ્યો. આમ ગમે તેવી મુશ્કેલીમાં ફસાય ગયા હોય **અને જે બુધ્ધિ ઉત્પન્ન થઇને–કૂદકો મારીને આપણને દોડાવી દે એનું નામ ઔત્પાતિકી બુધ્ધિ.** આ બુધ્ધિ માટે ઊંમર–અનુભવ કશાયની જરૂર નથી પડતી. નાના છોકરાઓમાં ય આવી બુધ્ધિ જોવા મળે છે. આવા **ઔત્પાતિકીબુધ્ધિસિધ્ધ** મનુષ્યો કહેવાય.

## વૈનયિકીબુધ્ધિસિધ્ધ પર
## એક ગુરૂના બે શિષ્યોનું દષ્ટાંત

ગુરુનો વિનય કરતાં–કરતાં જે બુધ્ધિ પેદા થાય તેનું નામ વૈનયિકી બુધ્ધિ કહેવાય. ગુરુ જે ઉપદેશ આપીને શિખવાડે, તેના વિચાર કરતાં–કરતાં જે બુદ્ધિ પેદા થાય તેનું નામ વૈનયિકી બુધ્ધિ. વિનય એ મહાગુણ છે. બધાં ગણોની ગુણ (કોથળો) છે. આવા વિનયના દરિયામાં જ્ઞાનવરણીયકર્મનો ક્ષયોપશમ સહજ પેદા થાય, વિનયથી બુધ્ધિ નિર્મલ થાય અને એક વખત બુધ્ધિમાં નિર્મલતા પ્રવેશે એટલે તેનો વિસ્તાર પણ સ્વભાવિક થવા માંડે. એક જ શાસ્ત્ર એક જ ગુરુ પાસે એક જ સરખી બુધ્ધિવાળા બે શિષ્યો ભણતાં હોય પણ તેમાં જે વિનયી હોય તે જેટલો વિસ્તાર કરી શકે તેટલો વિસ્તાર વિનયહીન શિષ્ય ન કરી શકે. આવું જુએ એટલે બીજાને એમ થાય કે ગુરુ વિનય

કરે છે તે શિષ્ય પર વધારે પ્રેમ રાખે છે, તેને સારું શિખવાડે છે, મને શિખવતા નથી. પણ ખરી વાત વિચારે તો ખબર પડે કે વૈનયિકી બુદ્ધિ પેદા થવામાં શિષ્યનો વિનય કારણ હોય છે, તેનો સાચો વિનય હોય, ગુરુ પ્રત્યે સમર્પણભાવ હોય તો ગુરુ જ્ઞાન આપે કે ન આપે પણ શિષ્યને તે મળે જ છે. તેની બુદ્ધિનો વિકાસ થાય છે.

એક સિદ્ધપુત્ર (જ્યોતિષી)એ બે શિષ્યોને નિમિત્ત-શાસ્ત્ર ભણાવ્યું. બંને જણા એક વખત ગુરુના માટે લાકડા લેવા જતાં હતાં. જુના જમાનામાં આ રીતે જ ચાલતું. ગુરુની બધી જરૂરિયાતો શિષ્ય પૂરી કરી આપે. લાકડાં લેવા જતાં વચમાં ગામ આવ્યું. ત્યાં એક માજી સામા મળ્યા. સિદ્ધપુત્રના બંને શિષ્યોને આવતા જોઇને માજીએ પૂછ્યું: “ મારો દીકરો પરદેશ ગયો છે, તેનું શું થશે ? ” પણ તે વખતે જ માથા પરથી ઘડો નીચે પડી ગયો અને ફૂટી ગયો. એટલે એક શિષ્યએ કહ્યું: “ તારો પુત્ર મરી ગયો છે. ” પણ બીજાએ જોયું કે, કેવલ ઘડો ફૂટી ગયો છે તેમ નથી, પણ નદીમાં પાણી પાછું મળી ગયું છે. એટલે તેણે વિચારીને કહ્યું કે, “ તમે ઘેર જશો એટલે તમારા પુત્રનો મેલાપ થશે. ” ડોશી બંને ય શિષ્યોને લઇને ઘરે ગઇ, જોયું તો પુત્ર આવીને જ ઊભો હતો. ડોશીએ બંનેને દક્ષિણા આપીને વિદાય કર્યા. પણ જેનો ફલાદેશ ખોટો પડયો હતો તે મનમાં ધમધમતો હતો. તેને થયું કે, ગુરુએ ચોકકસ કંઇક અન્યાય કર્યો છે. એટલે ઝુંપડીમાં આવ્યો તેવો જ ગુરુને પ્રણામ કર્યા વિના બેસી ગયો. બીજો પ્રણામ કરીને બેઠો. પેલા રીસાયેલા શિષ્યને ગુરુએ પૂછયું: “ કેમ ભાઈ! તને શું થયું છે ? રીસાયેલો શિષ્ય તાડુકયો. ‘તમે મને કંઇ શીખવાડતા નથી

અને બધું તમારા વ્હાલા ચેલાને જ શિખવાડો છો” શિષ્યના જવાબથી ગુરુ સમજી ગયા. પણ તેના સંતોષ માટે ગુરુએ બીજા વિનીત ચેલાને પૂછ્યું: “કેમ ભાઈ! તેં આવો ફળાદેશ કેવી રીતે કર્યો ?” વિનીત શિષ્યએ કહ્યું: “ગુરુજી ! પાઠ તો એણે જે વિચાર્યો તે જ મેં વિચાર્યો હતો, પણ મને આપની કૃપાથી વધારે ખ્યાલ આવ્યો કે ઘડો ફૂટી નથી જતો પણ નદીનું પાણી નદીમાં જ મળી જાય છે. અને પૂછતી વખતે મુખ્ય ઘટના તે બની હતી કે પાણીમાં પાણી મળ્યું. ઘડો ફૂટયો એ વાત મુખ્ય ન હતી.

પણ....અવિનીતને સંતોષ કેવી રીતે થાય ? પોતે ગુરુથી દૂર જાય છે તેનું ધ્યાન નથી રાખતો અને ગુરુની વિદ્યા કેમ પ્રાપ્ત થતી નથી, ગુરુ વિદ્યા કેમ આપતા નથી ? આવી વાતો કરે છે, તેવા પામર જીવો બિચારા શ્રુતસાગરનો કેવી રીતે પાર પામી શકશે ? આમ વિનય એ પણ બુદ્ધિના ક્ષયોપશમનું કારણ છે. પૂજ્યોના અને ગુરુના વિનયથી બુદ્ધિનો વિકાસ થાય તે **વૈનયિકીબુદ્ધિ**. આવી બુદ્ધિ જેને હોય તેને **વૈનયિકીબુધ્ધિસિધ્ધ** કહેવાય.

## “ કાર્મિકી બુદ્ધિ ”

એક ને એક ક્રિયા વારંવાર કરવામાં આવે તો તે ક્રિયાના અભ્યાસથી કાર્મિકી બુદ્ધિ પેદા થાય છે. આપણે નાના છોકરા હતા ત્યારે સીધી લીટી અને એક મીંડું ચીતરતા પણ નહોતું આવડતું, પણ વારંવાર અભ્યાસ કર્યો તો અત્યારે આપણે સુંદર અક્ષરે પણ લખી શકીએ છીએ. એક ક્રિયા પોતે જ બીજી ક્રિયાની શિક્ષિકા બની જાય છે. માટે જ લોકોમાં કહેવત છે કે “કામ કામને શિખવાડે”

એક વખત કામ કરીને બીજી વખત કરો એટલે સારૂં જ થાય. અને આમ કરતાં–કરતાં તો એટલી બધી નિપુણતા માણુસ પ્રાપ્ત કરી લે છે કે આકાશમાં ઉછાળેલું મોતી પાછું પડે ત્યારે પાસે ઉભેલા ભુંડના વાળમાં પરોવાઈ જાય. આવી ક્રિયાઓ કંઈ પહેલેથી જ ન આવડે પણ જેમ જેમ અભ્યાસ થતો જાય તેમ તેમ અંગો ટેવાતા જાય, અને ક્રિયાઓ બરાબર અને અચૂક થતી જાય. દોરડા પર નાચનારાઓ પહેલેથી જ કંઇ તે ક્રિયાઓ જાણુતા નથી હોતા, પણુ અભ્યાસ કરતાં–કરતાં તે કળામાં નિપુણુ થઈ જાય છે, અંગ્રેજીમાં ય કહેવાય છે કે— પ્રેકટીસ મેઈકસ એ મેન પરફેકટ PRACTICE MAKES A MAN PERFACT અભ્યાસથી–વારંવાર એકનું એક કામ કરવાથી માણુસ તે કામમાં પૂર્ણુતા પ્રાપ્ત કરે છે. આવી કહેવતો પડી છે તે આ બુદ્ધિન અંગે જ. "મારાથી સારું કામ થતું નથી" તેવા બ્હાના હેઠળ છટકી જનારા 'હજામ' છે. સમજવું જોઇએ કે એક જ વખત કામ કરવાથી કંઈ નિપુણુતા મળતી નથી. માટે પૂરો અભ્યાસ કર્યા પછી ન આવડે તો જ ફરિયાદ કરવી જોઇએ. **કામને હરામ સમજનારા અને આરામને સુખધામ સમજનારાઓમાં આવી કાર્મિકી બુદ્ધિ પેદા થતી નથી.** કાર્મિકી બુદ્ધિના અર્થીએ, બુદ્ધિ સિદ્ધ કરવાની ભાવનાવાળાએ વારંવાર અને સતત્ અભ્યાસ ચાલુ રાખવો જ જોઇએ.

## " પારિણામિકી બુદ્ધિ "

" ટપલા પડે એટલે આંખો ઉઘડે " અને " ઘરડા વિના ગાડાં ન વળે " એવી કહેવતો દુનિયામાં ચાલે છે. **કહેવતો એક 'નય' જેવી હોય છે.** પણુ તેમાં અનુભવ હોય છે–ડહાપણુ હોય છે.

આવી કહેવતો પારિણામિકી બુધ્ધિવાળા લોકોનો થયેલા વારંવારના અનુભવના અંતે પ્રચલિત થયેલી છે. જ્યારે ડાહ્યા માણસોને વારંવાર એક સરખો અનુભવ થતો જોવામાં આવે છે ત્યારે તેવા માણસો પોતાનો અનુભવ સૂત્રોની માફક કહેવતોમાં વહેતો મૂકે છે. બાળપણમાં અને યુવાનીમાં જે બુધ્ધિ હોય છે તેમાં ખૂબ તફાવત હોય છે. જુવાનીની બુધ્ધિમાં તડફડાટ બહુ હોય છે. ઘડપણમાં સ્થિરતા પેદા થાય છે. એટલે પરિણામને વિચારવાની શકિત પણ પેદા થાય છે. માટે તે બુધ્ધિને પારિણામિકી કહીએ છીએ. આ કામ સારૂં કે ખોટું છે તે ન જોવાય પણ પરિણામ કેવું છે તે જોવું જ જોઇએ અને તેવી પારિણામિકી બુધ્ધિ આવે અને શાસન મળે....સાચા દેવગુરુ મળે તો સંસારના પરિણામોનો વિચાર કરીને સંસાર છોડી દેવાનું જ મન થાય. વળી સંસારનો વિચાર આવતાં તેમાં પડી રહેલાંની શી દશા થશે ? શું પરિણામ આવશે ? તેનો પણ વિચાર આવે. તેવા જીવોને પણ આ સંસારસમુદ્રથી તારવાની ઇચ્છા થાય.

## " પારિણામિકી બુધ્ધિ પર નંદનું દૃષ્ટાંત "

જુના જમાનામાં એક નાશિક નામનું નગર હતું. તેમાં નંદ નામે વાણીયો રહેતો હતો. વાણીયો આમ તો ધનનો લોભી હોય,પણ આ તો બૈરીઘેલો હતો. તેની બૈરીનું નામ સુંદરી, બૈરીનો એટલો મોહ કે એક ક્ષણ પણ તેની બૈરીથી દૂર જાય નહીં. કામ–ધંધો કરે તે ય નોકરો દ્વારા, ખાવા–પીવા બેસે તો ય એકલો નહીં, જરાવાર પણ તેની બૈરી સુંદરીથી દૂર જાય જ નહીં, લોકોનાં મોંઢે કંઈ ગળણાં દેવાય છે. બધાં તેને સુંદરીનો છોકરો કહેવા માંડયા. તેનું 'સુંદરી

નંદન' તરીકે જ નામ પડી ગયું. તે નંદના ભાઇએ દીક્ષા લીધી હતી. લોકોના મોંઢેથી વાતો ગઈ કે, "પોતાનો ભાઇ સ્ત્રીમાં અત્યંત લુબ્ધ થઈ ગયો છે." દીક્ષિત થયેલ ભાઇને દયા આવી. તેમને થયું કે આ બિચારો સ્ત્રીમાં લુબ્ધ બનીને નરકમાં ચાલ્યો જશે. પરિણામ ભયંકર આવશે. તેનું બિચારાને ભાન નથી. માટે કરુણા કરીને ભાઈ તેને પ્રતિબોધવા તેના ગામ આવ્યા. ઘેર જઇને ધર્મલાભ આપ્યો. ભાઇને વહોરાવવું તો જોઇએ જ. એટલે નંદ નીચે આવ્યો વહોરાવ્યું. મુનિ બનેલ ભાઇએ પણ કમાલ કરી. હાથમાં પાત્રા આપી દીધા. હવે તો ગમે તે થાય તોય તેમની સાથે મૂકવા માટે ગયે જ છુટકો હતો. એટલે હાથમાં પાત્રા લઇને ચાલ્યો. મુનિ બનેલ ભાઈ કહેઃ "જાવ અહીંથી ચાલ્યા જાવ." પણ....હાથમાં રહેલું પાત્ર મુનિને પાછું કેવી રીતે અપાય? એટલે ઉદ્યાનમાં ઉતર્યા હતા ત્યાં સુધી ગયા. લોકોએ હાથમાં પાત્રાં જોયા એટલે કહેવા માંડયાઃ "સુંદરી નંદને દીક્ષા લઈ લીધી" લોકો વિવિધ-વિવિધ રીતે હસવા માંડયા!

પણ....ત્યાં ગયા હતા એટલે વ્યાખ્યાનમાં તો બેસવું પડે. વ્યાખ્યાનમાં ભાઈમહારાજે તો ઉત્કટરાગના પરિણામો દેખાડયા. અંતે કહ્યું કે, "આવા સ્ત્રીઘેલા માણસો મોક્ષ ન પામી શકે. તેઓ સંસારમાં ય પરાપવાદ અને હાસ્યનું સ્થાન બને છે. જો રાગ કાબૂમાં ન રહે તો આયુષ્યનો પણ નાશ થાય. અકાલે મોત થાય. મળવા ને મળવાની ઝંખનામાં મળવાનું હંમેશા માટે બંધ થઈ જાય." સાચા પ્રતિબોધથી તેનું મન થોડું તો ઠેકાણે આવ્યું પણ હજી ય વૈરાગ્ય વધારે જાગે તે માટે કરુણા કરીને તેમને મુનિ ભાઇએ

કહ્યું કે, "ચાલો, હું તમને મેરુપર્વત ઊપર લઇ જઉં." પણ તે રાગી સુંદરીનંદને 'ના' પાડી હવે તે એટલો વિલંબ પણ સહવા ઇચ્છતો ન હતો. પણ મુનિએ કહ્યું, "જો હું તને પાંચ મિનિટમાં અહીં પાછો લાવી દઉં છું." ત્યારે સુંદરીનંદને 'હા' પાડી. મુનિની પાસે વૈક્રિય લબ્ધિ હતી. તેનાથી તેમણે વાંદરો અને વાંદરી વિકુર્યા. તેય નંદ અને સુંદરીની માફક પ્રેમ કરતાં હતાં. મુનએ પૂછયું: "આ વાંદરી અને તારી સુંદરીમાં શું તફાવત છે?" સુંદરીનંદન કહે." આ તો કુરૂપી છે. અને મારી સુંદરી તો રૂપનો ભંડાર છે."

પછી મુનિએ વિદ્યાધરીનું જોડલું વિકુર્વ્યું અને પુછયું: "બોલ! આ વિદ્યાધરી અને તારી સુંદરી આ બેમાં કોણ રૂપાળું છે?" તે કહેઃ "બંને સરખા છે. આના કરતાં સુંદરી ઉતરે એવી નથી." પછી મુનિએ દેવ અને દેવીની વિકુર્વણા કરી. તે જોતાં જ તેની આંખ દેવી પર ચોંટી ગઇ. મુનિએ પૂછયું: "કહે, આ દેવી અને તારી સુદરી બંનેનું રૂપ કેવું?" રાગી ભાઈ કહેઃ "જો સુંદરીને આ દેવીની સાથે ઊભી રાખી હોય તો સુંદરી જોડે જેવી વાંદરી લાગે તેવી તે દેવી જોડે મારી સુંદરી લાગે." સુંદરી કરતાં દેવી વધારે સારી લાગવા માંડી. મહારાજે ફરીથી ઉપદેશ આપીને કહ્યું: "ભલા માણસ! આવી સ્ત્રી થોડો ધર્મ કરવાથી પણ તું મેળવી શકીશ. આમાં શું છે! આ તો મામુલી ધર્મનું ફળ છે. જો સંપૂર્ણ ધર્મ પાળે તો આવી દેવીઓ તો તારી પાછળ ફરે. એક નહીં પણ અનેકાનેક તારી સેવામાં હાજર રહે, અને આ બધા ય કરતાં આકર્ષક એવી 'મુક્તિસુંદરી' પણ મળે. અને ઉપદેશ આપી તેને પણ દીક્ષા આપી. વૈક્રિયલબ્ધિધારી મુનિએ કરેલી ભાઈના

પરિણામની વિચારણા એ મહામુનિની પારિણામિક બુદ્ધિનું ઉદાહરણ છે.

કોશા વેશ્યાએ પોતાનામાં મુગ્ધ થયેલ સાધુ અને રથકારને પ્રતિબોધ્યા તે પણ પારિણામિકી બુદ્ધિનું દૃષ્ટાંત છે. વજ્રસ્વામીજી મહારાજાએ બાળ ઊંમરમાં માતાના મોહને લાત મારી શાસનની શાન રાખવા રજોહરણ હાથમાં લીધું તે પણ ગંભીર પરિણામોનો વિચાર કરીને જ કરેલું. માટે તે પણ પારિણામિક બુદ્ધિનું ઉદાહરણ છે.

સાચા જૈનની પારિણામિકી બુદ્ધિ તેને સંસારથી છોડાવ્યા વિના રહે નહીં. જો કે પારિણામિકી બુદ્ધિ સામાન્ય રીતે ઊંમરના પરિપાક થતાં જ આવે છે. છતાં ય વજ્રસ્વામીજી જેવા કોઈ મહાત્માને બાળ ઊંમરમાં પણ તે બુદ્ધિ હોય. ભલે સંસારની ઉપયોગી પારિણામિકી બુદ્ધિ ઊંમર વધે....ટપલા પડે ત્યારે આવે. પણ સંસારના ત્યાગની પારિણામિકી બુદ્ધિ તો નાની ઊંમરમાં પણ આવી શકે છે. સાચા પરિણામનો વિચાર કરાવે તે જ પારિણામિકી બુદ્ધિ આવી બુદ્ધિથી અશકય કાર્યને શકય કરી બતાવે....બીજા વિચારમાં પડી જાય ત્યાં આવી બુદ્ધિવાળો પોતાનો માર્ગ કાઢી લે. તે **પારિણામિકીબુદ્ધિસિદ્ધ** કહેવાય.

આમ આ ચારેય બુદ્ધિના આધારે કંઈક ચમત્કારવાળું સામાન્ય માનવો દ્વારા અસાધ્ય કાર્ય કરી શકતા હોય તે ધાબબુદ્ધિસિધ્ધ કહેવાય.

## “ તપસિ દૃઢપ્રહારી ”

તેરમા અને આખરી સિધ્ધ છે તે તપસિદ્ધ. મહાત્મા દૃઢપ્રહારી જેવા મહાતપસ્વીઓ તપસિદ્ધ કહેવાય. પરંતુ તપ

આરંભ્યા બાદ મનમાં તાપ પેદા થાય–સંતાપની આગ ઊઠે....'અરે! મેં કયાં તપ કર્યો, આનાં કરતાં તપ ન કર્યો હોત તો સારૂં થાત! આવા દીનભાવે તપ કરનારાઓ તપસિધ્ધ ન કહેવાય, પણ બિચારા મોહગીધના શિકાર જેવા કહેવાય. પ્રસિદ્ધિ મેળવવા માટે તપ કરનાર તપસિધ્ધ ન કહેવાય. તેવા તો બિચારા જાણે કે અજાણે મોહને સિદ્ધ કરી બેસે છે. ખરો તપસ્વી તપસિધ્ધ આત્મા કોઈ સંસારી હેતુથી તપ કરે નહીં. અને ગમે તેટલો તપ થાય તો ય અકળાય નહીં....મનમાં ખેદ ન થાય...ગ્લાનિ પેદા ન થાય. બસ તપ થઈ રહ્યો છે એના જ આનંદમાં મસ્ત હોય. અપમાન–અવહેલના–મારના અને તાડના આ બધાયને ક્ષમાપૂર્વક સહન કરે તે તપસિધ્ધ કહેવાય. પોતાની અજબ–ગજબની તાકાત હોવા છતાં ય દઢપ્રહારીજીએ ગામની બહાર રહીને સામાન્યમાંથી સામાન્ય માણસોની ગાળો ખાધી....પથ્થરો ખાધા....લાઠીઓ ખાધી. પણ બધુંય ક્ષમાસહિત સહન કર્યું. માટે તેમને 'તપ' સિધ્ધ થયો. **તપને સિધ્ધ કરી આપનારી ક્ષમા છે.** તપ જોડે ક્ષમા ન મળે તો તપ સિધ્ધ ન થાય. માટે તપ તો દેહને તપાવીને કરી શકાય, પણ તપને સિધ્ધ કરવો હોય તો મનને તપાવવું જ પડે. કષાયો ક્રોધ–માન–માયા–લોભને પીગળાવવા પડે. તો જ તપસિધ્ધ થવાય. પણ આ તપસિધ્ધ દશા પણ સાધકદશા છે. સાચી સિધ્ધદશા નથી. સાચી સિધ્ધદશા તો કર્મક્ષયને સિધ્ધ કરનારા હોય તેઓને જ કહેવાય. કારણ કે આ તેરે–તેર પ્રકારના સિધ્ધોમાંથી કોઈ સિધ્ધ એવો નથી કે એક વખત તેવી રીતે સિધ્ધ થયા પછી બીજુ કંઈ જ તેને કરવાનું બાકી ન રહે. કર્મસિધ્ધથી માંડીને તપસિધ્ધ સુધીના બધા ય સિધ્ધ ક્ષાયોપશમિક

ભાવના બળે થયેલા છે. ક્ષાયોપશમિકભાવ એવો છે કે જેનો કોઈ ભરોસો નહીં. આજે હોય અને કાલે ન પણ હોય. બુદ્ધના નિધાનો-કલાકારમાં પ્રધાનો-(શ્રેષ્ઠ) વિદ્યા અને મંત્રના સાધકો આને આ ભવમાં તે બધાંથી રહિત થઈ જાય તેવું પણ બને છે. ભયંકર કર્મોદય એક વખતના જ્ઞાની-ધ્યાની અને તપસ્વી માનવને પણ નીચે પટકી દે છે. ધનીને પણ નિર્ધન બનાવી દે છે. કારણ આ સિદ્ધિ બધી ક્ષાયોપશમિક ભાવના આધારે જ થાય છે. જે સિદ્ધિમાં કોઈની પણ પરાધીનતાની અપેક્ષા હોય તે સિદ્ધિ સાચી સિદ્ધિ નથી.

કર્મક્ષયથી થતી સિદ્ધિ-મોક્ષની પ્રાપ્તિ એવી છે કે જે સિદ્ધિ મળ્યા પછી ક્યારેય તેનો વિયોગ ન થાય! માટે કર્મક્ષય કરીને સિદ્ધ થયેલા-પોતાના આત્માના સાચા સ્વરૂપને પામેલા આવા આત્માની સિદ્ધિ જ સાચી સિદ્ધિ કહેવાય. પણ કેટલાક બિચારા અલ્પજ્ઞાનીની સિદ્ધિની કલ્પના આપણા જૈનશાસનની ક્ષાયોપશમિક દશા કરતાંય ભૂંડી છે.

## 'મોક્ષમાં જવા છતાં કૃતાર્થતા નહીં' તેવી ગોશાલકની મુક્તિ

ભગવાન મહાવીર માટે કષ્ટરૂપ બનનાર ગોશાલાએ વિચિત્ર મુક્તિ માની છે. તેના દર્શનમાં મનાતું હતું કે, આત્મા મોક્ષમાં જાય છે અને ત્યાં પોતાના શાસનની ચઢતી કે પડતી જોઇને રાગ કે રોષે ભરાઇને અહીં પાછા ફરે છે

ગોશાલાના મતે જીવોની ત્રણ અવસ્થા-ત્રણ રાશિ છે. માટે આ મતને ત્રૈરાશિકમત પણ શાસ્ત્રોમાં કહેવાય છે.

જ્યાં સુધી તેના મતમાં આત્મા પ્રવ્રજ્યા ગ્રહણ ન કરે ત્યાં સુધી તે સકર્મત્વ રાશિમાં ગણાય છે. પછી વૈરાગ્ય પામીને દીક્ષા લે છે ત્યારે શુદ્ધત્વ રાશિમાં પ્રવેશ્યો ગણાય છે, અને આમ આત્મા યમ-નિયમમાં રત બનીને નિષ્પાપ બને છે. સકલ કર્મોનો નાશ કરે છે, અને તે પછી પોતાના શાસનની પ્રભાવના કરીને મોક્ષમાં જાય છે. કર્મરહિત દશાને તે અકર્મકલ્પ નામની ત્રીજી રાશિ કહે છે. મોક્ષમાં રહેતો આત્મા ત્યાંથી જ પોતાના શાસનનો બીજા વડે પરાભવ થતો જુએ કે પોતાના શાસનની ઉન્નતિ થતી જુએ તેથી રાગી કે દ્વેષી બનીને અને રાગ-દ્વેષને લઈને વળી પાછો સકર્મકલ્પ રા શમાં પ્રવેશ કરે છે.

સૂયગડાંગ સૂત્રમાં આ વાતની વિવેચના ટીકાકારે કરેલી છે. પણ ચૂર્ણિકારની પાસેથી એટલું વિશેષ જાણવા મળે છે કે અકર્મકલ્પમાં પોતાના શાસનના કાર્ય માટે આવતા તેને રાગ-દ્વેષ થાય છે, પણ તેનું જ્ઞાન જતું નથી. એટલે તે આ શાસનનું કાર્ય પતાવી પાછા ત્યાં મુક્તિમાં જાય છે. આમ અનેકાનેક વખત તેમનું ગમનાગમન ચાલે છે.

તમને આશ્ચર્ય થાય છે ને કે દુનિયામાં ભગવાન મહાવીરના સમયમાં પણ આવા મતવાદીઓ હતા, અને તેમને માનનારા-પૂજનારા અને વંદન કરનારાય હતા ! ! ! સાક્ષાત્ કલ્પતરુ જેવા ભગવાન હોય છતાં ય બાવળીયા જેવા પાસે જઇને પોતાની ખાજ ઉતારનારા ય મૂઢ આત્માઓ હોય છે ને ! પણ જરાક વિચાર કરશો તો તમારા આશ્ચર્યનો જવાબ મળી જશે.

તમે ભગવાન મહાવીરનું મહત્ત્વ સમજેલા છો, એટલે તમને આશ્ચર્ય થાય છે કે ભગવાનને છોડીને ગોશાલાની

પાસે લોકો કેમ જતા હશે? પણ જેની દૃષ્ટિમાં ભગવાન મહાવીરનું મહત્ત્વ આવ્યું નથી તેની તો ગોશાલાને જોઇને પણ સ્વાભાવિક પ્રવૃત્તિ થાય તેમાં આશ્ચર્ય શું છે?

તેથી ભગવાન સાક્ષાત્ હોય તો એમનું મહત્ત્વ સમજાઈ જ જાય, અને ભગવાન સાક્ષાત્ ન હોય તો તેમનું મહત્ત્વ ન જ સમજાય, આવા નિયમ બનાવી શકાતો નથી. તે વખતના લોકો માટે ભગવાન મહાવીર સાક્ષાત્ હોવા છતાં ય ધર્મ કેમ ન પામ્યા? આવા પ્રશ્નથી આશ્ચર્ય થાય છે, પણ તમને ખબર છે કે તમારા અને અમારા આત્માઓએ પણ ભૂતકાળમાં અનંતી વખત સાક્ષાત્ જિનેશ્વરોને જોયા છે–સાંભળ્યા છે. છતાં ય આજ સુધી તેમને સાચી રીતે માનવા તૈયાર થયા છીએ કે નહીં એ એક પ્રશ્ન છે ને? મોહાધીન આત્મા અંધારી કોટડીમાં પૂરાયેલા જેવા છે. ભગવાનને જુએ અને સાંભળે તો ય એ અંધારી કોટડીમાં રહીને જ! તમને વિચાર આવશે કે અંધારી કોટડીમાં આત્મા હતો, તો જિનેશ્વર જોવા કેવી રીતે મળ્યા? કેવી રીતે જિનેશ્વરને નીરખી શક્યો? પણ મોહની (મિથ્યાત્વની) આ અંધારી કોટડીની ખૂબી એ છે કે એમાં ચીજ દેખાતી નથી એમ નહીં પણ જેવી હોય છે તેના કરતાં તદ્દન ઉલટી દેખાય છે. અંધારા કરતાં ય આ મોહનો વિપરીતતા બતાવતો અંધકાર ભયંકર છે.

પક્ષીને ખાવાનું ન મળે તો એ-બે–પાંચ દિવસ પણ કાઢી શકે, પણ જાળમાં પડેલાને દાણા ખાવાના મળે તો સમજી લેવું કે હવે તે પક્ષી પણ કોઈના પેટમાં જવાનું. આમ મિથ્યાત્વ–મોહથી જે જ્ઞાન થાય છે તે એટલું ઉલટું થાય છે કે તદ્દન અજ્ઞાન કરતાં ય ભયંકર પરિણામ લાગે

છે. આંધળો દેખતા માણુસને પૂછી–પૂછીને ચાલે તો તે ભૂલો ન પડે, પણ દેખતો ખોટા રસ્તાને ખરો રસ્તો માની ચાલે તો ભટકયા જ કરે ને? તેમ આપણે પણ જ્યારે ભગવાનને જોયેલા ત્યારે અંધારી મિથ્યાત્વમોહની કોટડીમાં હતા. તેથી જોવા–સાંભળ્યા છતાં ય ભગવાન માન્યા નહીં. મોહાધીન થઇને જેવી આપણી દશા થઈ હતી તે તે વખતના જીવોની પણ હતી, એટલે એમાં આશ્ચર્ય કરવા જેવું નથી. ખોટા ચશ્માવાળો સાચું જુએ તો આશ્ચર્ય થાય, પણ ખોટું જુએ તો આશ્ચર્ય ન કહેવાય. માટે ભગવાનની સાક્ષાત્ વિદ્યમાનતામાં પણ ગોશાલા જેવા ધતીંગ કરનારા હોય અને તેને અનેક અનુયાયીઓ પણ થાય....ભગવાનને ગાળો પણ દેતા હોય, એ બધું ય બની શકે છે. એટલે જ્યાં અનંત સુખની રેલમછેલ છે.... શાશ્વતસુખની સહેલ છે તેવી ભગવાનની બતાવેલ મુક્તિને માનવાનું છોડીને પોતાના શાસનની નિંદા દૂર કરવા અને પ્રશંસાને જોવા માટે આવનારા આત્માઓને પણ મુક્ત કહેનારા લોકો હતા. **મિથ્યાત્વ અનાદિનું જ હોય છે, પણ સમ્યક્ત્વ કોઇ પણ આત્માને અનાદિનું હોતું નથી. એ તો આત્માએ પોતાના પુરૂષાર્થથી જ મેળવવાનું હોય છે.**

**એટલે કહો; ભગવાનના શાસનની અમાન્યતા–અશ્રદ્ધા અનાદિની છે. સર્વજ્ઞ વીતરાગ અરિહંતદેવ સિવાયના બીજા બધાની શ્રદ્ધા અનાદિકાળથી ચાલી આવતા પ્રવાહથી પેદા થાય. પણ ભગવાન તીર્થંકરોની શ્રદ્ધા તો ત્યારે જ થાય કે એ અનાદિકાળથી ચાલી આવતો કચરો સાફ થઇ જાય. એક**

**રીતે વિચારીએ તો અજૈનત્વ અનાદિકાળનું પણ જૈનત્વનો આદિકાળ હોવો જોઇએ.**

જે ચાલ્યું આવે છે તેને ચલાવવામાં પ્રયત્ન કરવાનો હોય કે રોકવામાં? સર્વજ્ઞ ભગવાનની શ્રદ્ધા અનાદિકાળથી આવેલા પ્રવાહને રોકવાથી થાય, અને ગોશાલા જેવા બીજાઓની શ્રદ્ધા તો અનાદિકાળથી જે પ્રવાહ ચાલ્યો આવ્યો છે તે ચાલુ રહે છતાંય તેનામાં શ્રદ્ધા પેદા થાય. પણ આવી ગોશાલાની મુક્તિ એ કોઇ રીતે યુક્તિસંગત થતી નથી. અનાદિથી લાગેલી મિથ્યાવિભૂતિથી જ તેમાં શ્રદ્ધા પેદા થાય છે.

"મુક્તિમાં રહેલો આત્મા પોતાના શાસનની પૂજા કે નિંદા થતી જુએ એટલે તેનામાં રાગ–દ્વેષ પેદા થાય. અને રાગ–દ્વેષ પેદા થવાથી નવા કર્મો બંધાય. વળી પાછો આત્મા સંસારમાં આવે.

**આર્યસમાજના સ્થાપક દયાનંદજી હમણાં-હમણાંના કહેવાય અને ગોશાલક ભગવાન મહાવીરના સમયના કહેવાય. બંન્નેની વચ્ચે ઓછામાં ઓછું ૨૩૦૦–૨૪૦૦ વર્ષનું લગભગ અંતર છે. પણ તે વખતની ગોશાલાની મુક્તિની કલ્પના અને દયા-નંદજીની મુક્તિની કલ્પનામાં શું તફાવત દેખાય છે?**

દયાનંદજી પણ મોક્ષમાં ગયેલા આત્માને ફરી પાછો આવતો માને છે, અને ગોશાલો પણ મોક્ષમાં ગયેલા આત્માને ફરી પાછો આવતો માને છે. ત્યારે દયાનંદજીએ કયા નવા તત્ત્વની શોધ કરી? ફરી–ફરી પાછા ત્યાંના ત્યાં જ આવ્યા ને! દયાનંદજી મા–બાપની જોડે ભેગા થવા માટે

આત્માને મુકિતમાંથી પાછો આવતો માને છે, તો ગોશાલક પોતાના શાસનના ઉદ્યોત માટે પાછા આવવાનું માને છે! પણ બંનેય મુકિતના સિક્કાની પાછળ એક જાતના સંસારનું જ વર્ણન કરે છે. તેમના મતમાં સંસાર અને મુકિત બે વિરોધી પદાર્થો નથી, અર્થાત્ જુદા-જુદા સ્વરૂપવાળી ચીજો નથી.

બંધન શબ્દનો વિરોધી શબ્દ મુકિત છે, તો બંધન અને મુકિત સાથે કેમ હોય? એક જ સરખા સ્વભાવવાળા હોય તે સાથે હોય તે બને. આગ અને પાણી બંને વિરોધી છે ને? શા માટે? કારણ આગના ગુણો અને પાણીના ગુણો તદ્દન જુદા-જુદા છે. આગ હોય ત્યાં પાણી ન હોય, અને પાણી હોય ત્યાં આગ ન હોય. માટે જ વિરોધી છે ને? પણ દિવાસળીની જ્યોત અને આગના ભડકા વિરોધી ખરા? દિવાસળીની જ્યોતિમાંથી ય મોટી આગ પેદા થાય છે, અને મોટી આગમાં જેટલી દીવાસળી નાંખો તે બધી સમાઈ જાય; માટે તે બેનો વિરોધ ન કહેવાય. જો દિવાસળીની જ્યોત અને આગના ભડકામાં તફાવત હોય તો તે બેમાંથી એકનું પણ નામ ફેરવવું જ પડત. અને જે કોઈ આગનું વિરોધી બનત તેને પાણી કે પાણી જેવું જ માનવું પડત! પણ આવું કદીય બન્યું નથી. ગોશાલક મતવાદીને પૂછવું કે, "કેમ ભાઈ! 'મુક્તિ અને સંસાર'-'બંધન અને મોક્ષ' આ બે વિરોધી બંન્ને શબ્દો છે કે આ માત્ર સંસાર અને બંધનને જ બતાવનારા છે."

જો સંસાર અને મુક્તિ કે બંધન અને મોક્ષ પરસ્પર વિરોધી શબ્દો થતા નથી, તો મુક્તિ-મોક્ષ એ પણ એક સંસાર છે, માટે ખરેખર મુક્તિ યા મોક્ષ શબ્દનો આ

દુરૂપયોગ છે. સંસારમાં પણ જન્મ–મરણ અને મુક્તિમાં ગયા બાદ પણ જન્મ–મરણ તો સંસાર અને મુક્તિમાં શો તફાવત ? મોટો આગનો ભડકો હોય તો જ અગ્નિ કહેવાય અને દીવાની જ્યોતને અગ્નિ ન કહેવાય. આ ક્યાંનો ન્યાય ! થોડા વખત સુધી જન્મ–મરણ બંધ થાય એટલા માત્રથી મુકિત મળી ગઇ અને વારંવાર જન્મ–મરણ ચાલુ રહે એટલે સંસાર ?

**ના....આવી મુકિત એ મુકિત નથી. પણ પણ સુધરેલો સંસાર છે. એક લાંબો જન્મ માત્ર જ છે.** જૈનશાસનના દેવલોકની કલ્પનાથીય ઉતરતી આ કલ્પના છે. અનુત્તરવિમાનવાસી ૩૩ સાગરોપમ જેટલો લાંબો કાળ દેવલોકમાં રહે છતાંય જ્યારે દયાનંદજીએ માનેલી મુકિત એ તો માત્ર ગણુત્રીના વર્ષોની જ મોજ છે, અને ગોશાલાની તો વાતજ વિચિત્ર છે. કારણ કે પોતાના શાસનની પ્રશંસા કે નિંદા એ બેમાંથી કોઈની કોઈ વસ્તુ તો ચાલતી જ હોય. ત્યારે પેલા બિચારા મુક્તિમાં ગયેલાને ત્યાં કેટલું રહેવાનું ? ત્યાં પહોંચે કે નિંદા થતી દેખાય માટે કર્મો લાગતા શરૂ જ થઈ જાય. પ્રશંસા સાંભળીને રાગ પેદા થાય કે કર્મની શરૂઆત થઇ ગઈ. એટલે બિચારો આત્મા ત્યાં પહોંચ્યો ન પહોંચ્યો કે તેને પાછું આવવું પડે, વળી ત્યાં ગયા પછી પ્રશંસા કે નિંદા જોઇએ તેને રાગ–દ્વેષ પેદા થાય તો એ જે વખતે મોક્ષ ગયો–કર્મરહિત થયો એમ માનો છો, તો શું તે વખતે પોતાના શાસનની પ્રભાવના કરવાની જરૂર નહોતી લાગી ? શું તે વખતે કોઇ પોતાના મતની પ્રશંસા અને નિંદા કરનાર ન હતા ?

આ મતની તો આલોચના માટે એક જ દલીલ બસ

છે. શું આ ગોશાલકમતનો કોઈપણ સાધુ કે શ્રાવક આજે વિદ્યમાન છે? નથી જ ને! ભગવાન મહાવીરના કાળ પછી સો-બસો વર્ષ પણ ભાગ્યે જ આ મત ચાલ્યો. ત્યાર પછી હજી સુધી કેમ કોઈ તેમના મતનું સમર્થન કરવા પાછો નથી આવ્યો? પોતાના મતનું સદંતર નિકંદન થાય ત છતાંય તે શાસનની પ્રભાવના કરવાની સ્થિતિ નથી થઇ કે તેની નિંદા થઈ રહી નથી તેવું કહેવાય ખરૂં? વળી દયાનંદજીને કે જેઓ મુક્તિમાંથી આત્માને પાછો આવતો માનતા હોય તેમને પૂછવું કે, "આવો કોઈ મુક્તિમાંથી પાછો આવનારો તમને મળ્યો છે ખરો? અત્યાર સુધીના કોઈપણ આત્માને જેમ પુનર્જન્મની યાદ આવી હોય તેમ મુક્તિની યાદ આવી હોય તેવો કોઈ દાખલો કોઈ ગ્રંથોમાં ટાંકેલો છે ખરો?

ખરી વાત તો એ છે કે એવો મત તો એક જમાનામાં ચાલ્યો એટલે મત તરીકે રહી ગયો. પણ તેના સ્થાપકને પોતાને જ તેમાં પોતાની મહાન ભૂલ સમજાઈ હતી. એટલે એક રીતે કહીએ તો આ મત તો મતપુરસ્કર્તાના પોતાના જ મંતવ્યથી ખંડિત થયેલ છે. તેથી એ બધું કેવી રીતે બન્યું તેની જ થોડી વિચારણા કરીશું. મતપુરસ્કર્તા જ પોતાની ભૂલ કબૂલે તે મતનું ખંડન વિચારવાની જરૂરત નથી.

## ગોશાલકની દુર્દશા અને પશ્ચાત્તાપ

ભગવાનની પાસેથી જ જે તેજોલેશ્યાનો વિધિ જાણ્યો હતો, તેનો ઉપયોગ એ દુર્ભાગી આત્માને ભગવાન ઉપર જ પ્રયોગ કરવાનું મન થયું. માણુસ ગુસ્સાને આધીન થાય છે ત્યારે કેવું ભાન ભૂલી જાય છે....! અગ્નિ વૈશ્યાયન તાપસે જ્યારે તેજોલેશ્યા ગોશાલા પર છોડી હતી

ત્યારે તેનાથી બચાવવા પરમ કારુણિક ભગવાને શીતલેશ્યાનો પ્રયોગ કર્યો હતો. શું આ વાત ગોશાલાને યાદ ન હતી? શું તેને ખબર ન હતી કે ભગવાનની પાસે તો તેનો પ્રતિકાર પણ હાજર છે, તો મારી તેજોલેશ્યાનું શું પરીણામ આવશે? પણ જે વખતે ભગવાને ગોશાલાનો બચાવ કર્યો હતો તે વખતે તો ભગવાન કેવલી બન્યા ન હતા. હવે તો વીતરાગ થયા એટલે શીતલેશ્યાનો પ્રયોગ ન જ કરે. પણ ભગવાનને બચાવ કરવાની જરૂર કયાં હતી? તેમના પોતાના જ પ્રભાવથી ગોશાલાએ ફેંકેલી તેજોલેશ્યા પાછી તેના ઉપર જ પાછી આવી, અને તેના સખત દાહથી ગોશાલાના છેલ્લા દિવસો આવી પહોંચ્યા. તેજોલેશ્યાના દાહથી એટલો તો પીડાતો હતો કે લગભગ ગાંડપણની દશામાં આવી ગયો હતો. જોર–જોરથી પાણી–પાણીની રાડો પાડી રહ્યો હતો. સાત–સાત દિવસ સુધી આવી કારમી પીડાથી તે સબડતો રહ્યો, પણ સાતમા દિવસે તેની મતિ સુધરી. ભગવાનની આશાતનાનો પોતાને ખ્યાલ આવતાં અંતર કકળવા માંડયું **દુનિયાની પાસે મોટાપણાનો શિરપાવ લેવો સહેલો છે, પણ પોતાની જાત પાસેથી મોટાપણાનો શિરપાવ મેળવવો મુશ્કેલ છે.** ગોશાલાને પોતાની દંભલીલા યાદ આવતી ગઈ તેમ અંતરમાં મૂંઝવણ વધતી ગઈ. આખરે બધા જ શિષ્યોને પાસે બોલાવ્યા અને બધાને સોગંદ આપ્યા. બધાને કબુલ કરાવ્યું કે, "મારા મરણ બાદ મારા પગ બાંધજો અને મોઢામાં ત્રણ વાર થૂંકજો. પછી શ્રાવસ્તી નગરીની શેરીઓમાં મરેલા કૂતરાની જેમ મારા મડદાને ફેરવજો અને બધાને સંભળાય તેવી રીતે જાહેર કરજો...." આ ગોશાલો મંખલીપુત્ર જિન નથી છતાં ય

પોતાની જાતને જિન કહેવડાવતો હતો. આ ગોશાલો સાધુઓનો ઘાતક છે. પોતાના ધર્માચાર્ય મહાવીરસ્વામીની આશાતના કરનારો છે." "ભગવાન મહાવીર સાચા છે. તેઓ સાચા જિન છે. માટે જ જિન કહેવાય છે, પોતે અરિહંત છે માટે જ તે અરિહંત કહેવાય." આવી રીતે બોલતા–બોલતા જજો અને મારા મડદાની જેટલી થાય તેટલી કદર્થના કરજો...."

આમ કરવાની પાછળ તેનો ઉદ્દેશ એ જ હતો કે, શ્રાવસ્તી નગરીના માણસે–માણસને ખબર પડી જાય કે પોતે સ્થાપેલો મત ખોટો છે અને ભગવાન મહાવીરે કહેલો મત જ સાચો છે.

**પાપ જાહેરમાં કરે અને પશ્ચાત્તાપ અંધારી કોટડીમાં જઇને કરે તેવું વિપરીત ન થાય, પ્રરૂપણા માટે ન જ ચાલે.** જાહેરમાં ખુલાસો થવો જ જોઇએ, નહીં તો બિચારા લાખો અજ્ઞાની આત્માઓ જે ઊંધે રસ્તે ચઢી ગયા હોય તેની શું દશા થાય? માટે પ્રરૂપણામાં તો ખૂબ જ ડરીને ચાલવાનું છે. શાસ્ત્રકારોએ મિથ્યાપ્રરૂપણા કરનારાઓને તો કસાઈ કરતાં પણ મહાઘાતકી કહ્યા છે. કસાઈ તો પ્રાણીઓને મારવા માટે જાય છે અને પ્રાણીઓ દૂર ભાગે છે, પણ જ્યારે મિથ્યા પ્રરૂપણા કરનારા તો પોતાના વિશ્વાસથી પોતાના શરણે આવેલા નિર્દોષ જીવોને ગળા પર છરી ફેરવે છે. માટે ઉત્સૂત્ર ભાષણ જેવું કોઈ મહાન પાપ નથી. આ વાત ગોશાલાને છેલ્લા દિવસોમાં સમજાઈ ગઈ તો કેવી રીતે પ્રાયશ્ચિત્ત કર્યું એ ખૂબ વિચારવા જેવું છે.

જ્યારથી ગોશાલાએ ભગવાન મહાવીર પર ફેંકેલી

તેજોલેશ્યા પાછી આવી અને તેને પીડા કરવા માંડી ત્યારથી જ તેના વિચક્ષણ શિષ્યો સમજી ગયા કે, " ગોશાલો મિથ્યાવાદી છે અને ભગવાન મહાવીર સાચા છે" અને કેટલાક તે જ વખતથી ભગવાન મહાવીર પાસે આવી દીક્ષિત થઈ ગયા હતા. કારણ કે તે વખતે પણ ગોશાલાએ વાત ફેરવી હતી કે, " ભગવાન મહાવીર મારી તેજોલેશ્યાથી છ મહિનામાં મરી જશે." ભગવાન ઉપર તેજોલેશ્યા ફેંકતા પણ તેણે કહ્યું હતું કે, " તમે છ મહિનામાં ખલાસ થઈ જશો." ત્યારે તે જ વખતે ભગવાને જવાબ આપ્યો હતો કે, " હું તો છ મહિના નહીં પણ હજી ૧૬ વર્ષ સુધી જિન રહીને વિચરવાનો છું, પણ તું જ સાત દિવસમાં તારી જ તેજોલેશ્યાથી પીડા પામીને મરી જઈશ....' આમ તેજોલેશ્યા પાછી ફરવાથી વિચક્ષણ શિષ્યો સમજી ગયા કે ગોશાલો મિથ્યાવાદી છે, અને તે વિચક્ષણ શિષ્યો ભગવાન પાસે આવી ગયા. તેથી ખુદ ગોશાલાની હયાતિમાં જ મોટા ભાગનો તેનો સંઘ ભગવાન મહાવીરનો અનુયાયી બની ગયો હતો. તેથી એ મત વધારે કાળ પ્રચલિત ન થઈ શક્યો. આથી તેના મતની વધુ વિચારણા શું કરવાની હોય.

## " શિષ્યોનો દુરાગ્રહ "

કેટલાક એવા સંઘભક્તો નીકળ્યા કે ગોશાલાની આવી દીવા જેવી સ્પષ્ટતા હોવા છતાંય પોતાનો ખોટો મત છોડવા તૈયાર ન થયા. કારણ તેમને ધર્મગુરુ કરતાંય તેમની નિશ્રામાં જે માન-પાન મળ્યા હતા તે મોટી ચીજ હતી. જો મહાવીરની સાથે આવી જાય તો બિચારાઓનું મહત્વ શું રહે? કહો કે **માન-કષાય કેવો કઠોર છે.**

**નઠોર મિથ્યાત્વના પંજામાંથી છુટવાનું ય મન થતું નથી.** જરા ય દિલ કાંપતું નથી કે ગુરુ જેને ખોટું માને છે. જેના વચને સંસાર છોડી અહીં દોડી આવી સંન્યાસ લીધો, તે ગુરુ કહે તે છતાં ય ન માનવામાં આવે તેના જેવો મિથ્યાત્વનો ઉદય કયો ? આવા શિષ્યોએ તે મિથ્યામત ન છોડયો તે ન જ છોડયો. લોકોમાં નિંદા ન થાય અને હૃદયમાં ખોટો સંતોષ પેદા થાય તે માટે પણ પોતાની વસ્તીમાં જ બારણાં બંધ કરી દઈને શ્રાવસ્તીનગરીની રચના કરી ત્યાં જ ત્રણ વખત થૂંકયા અને ઘોષણા કરવાના બદલે મનમાં ને મનમાં જ બધા બબડી ગયા અને ત્યાંને ત્યાં જ ઢસડીને ગુરુના વચનો પૂરા કર્યા. કેવો દંભ કેળવ્યો ! જે ગુરુએ પોતાની જાતે જ પોતાના મતને ખોટો કહ્યો છે, તે મતને પકડી રાખવો એ શું ગુરુભક્તિ છે ? પણ હૃદયમાં બેઠેલો માન–કષાય ભગવાન મહાવીરના ચરણમાં ઝુકવા જવા દેતો નથી. શાસ્ત્રમાં માનને થાંભલો કહ્યો છે. માનને વશ થયેલો પડી જાય, તૂટી જાય, કણ–કણ થઇને ખરી જાય તે બને, પણ કોઇને ય ઝુકે એવું કયારે ય ન બને. નિર્દોષ પ્રાણીઓના ગળા કાપનાર કસાઈ તરફ ઘૃણાની દૃષ્ટિ થઈ જાય છે, પણ કયારેય વિચાર આવ્યો કે આ ક્રોધ, માન, માયા અને લોભરૂપ ચાર–ચાર કષાયો કસાઇ કરતાં ય કારમા છે. નિર્દોષ એવા આત્માઓના ગુણોનો નાશ કરે છે.

# અપૂર્ણ અને અશુદ્ધ વિવિધ મોક્ષમાર્ગો

ગોશાલા જેવા મતવાદીઓ પોતાના મતની શાસન-પ્રભાવનાને કે નિંદાને જોઇને મોક્ષમાંથી પાછા આવવાનું માને છે, તો કેટલાક એવા મૂઢ પણ હોય છે કે તે તેઓએ કહેલ મોક્ષનું સ્વરૂપ અને તેની પ્રાપ્તિના હેતુઓ આ બધું વાંચતાં–સાંભળતાં હસવું આવે.

## પાંચ અભક્ષ્યના ત્યાગ માત્રથી મોક્ષ

કેટલાક મતવાદીઓનું માનવું છે કે લસણ, ડુંગળી, ઊંટડીનું દૂધ, ગાયનું માંસ, મધ, મદિરા આટલું ખાવાનું છોડી દે તેને મોક્ષ મળે છે. તેમના મતમાં આહારનો ત્યાગ જ મહાન ચીજ છે, પણ આહારના ત્યાગમાંય તેઓ માત્ર આ પાંચ ચીજના ત્યાગનું જ મહત્ત્વ સમજે છે. બીજી ખાવાની ચીજો છૂટે કે ન છૂટે તેનું તેમને મહત્વ નથી. મતલબ કે આ પાંચ ચીજ છોડીને તમે ગમે તેવું આચરણ કરો, ગમે તેવું–ગમે તે રીતે–ગમે તે સમયે ખાવ તેનો તેમને કોઈ વાંધો નથી. તે વાદીઓ એટલું જ સમજે છે કે આ પાંચ ખાવાની વસ્તુ છોડી એટલે મોક્ષ નક્કી.

ગોશાલાનો મોક્ષ વિચિત્ર હોવા છતાંય તેના ધર્મમાં પણ તપને સ્થાન હતું. આ મતમાં તો કોઇ આવા બંધનની જરૂરિયાત નથી બસ આ પાંચ વસ્તુ છોડી કે મોક્ષ

તમારા હાથમાં. વીતરાગ ભગવાને જેવી રીતે, જેવું મોક્ષનું સ્વરૂપ બતાવ્યું છે અને મોક્ષપ્રાપ્તિના સારા, સાચા અને સંપૂર્ણ સાધનો બતાવ્યા છે તેવા બીજા કોઇ પણ બતાવી શક્યા નથી.

આ મતવાદીઓના સાધનો સાચા અને સંપૂર્ણ નથી જ, પણ તેને સારા એટલે નિરવદ્ય–પાપરહિત છે તેમ કહેવામાં વાંધો નથી. હજી આગળ સાંભળશો ત્યારે ખબર પડશે કે અન્ય મતવાદીઓના તો મુક્તિપ્રાપ્તિના સાધનો ખોટા, ખરાબ ને તદ્દન અપૂર્ણ છે. ભલે આ મતવાદીએ મુક્તિના સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર જેવા સાચા અને સંપૂર્ણ સાધનો પ્રરૂપ્યા નથી છતાં ય એટલું તો કહી શકાય કે મોક્ષને માને છે તેથી કંઇક આંશિક આરાધનાનો પણ રણકાર તો છે. તેઓએ જે પાંચ ચીજોને છોડવાની કહી છે તેમાંથી મદ્ય–મદિરા અને માંસ આ બે તો જૈન શાસ્ત્રકારોએ પણ પ્રમાદમાં ગણાવ્યા છે. શાસ્ત્રમાં જણાવેલ પાંચ પ્રમાદની તો ખબર છે ને ? કે તે પણ નથી જાણતા ? પાંચ **પ્રમાદ** ન છૂટે ત્યાં સુધી જીવન **આબાદ** ન બને. સદાય ભોગોનો **ઉન્માદ** અને અવિવેકનો **બકવાદ** આત્માને પાગલ બનાવતો જ રહે. જ્યાં સામાન્ય શાસ્ત્રકારો પણ આવા મદિરા અને માંસનો નિષેધ કરતા હોય ત્યાં લોકોત્તર શાસ્ત્રમાં તો તેવા કૃત્યોનો નિષેધ હોય તેમાં પૂછવું જ શું ? આપણે એ વિચારી રહ્યા છીએ કે આ મતવાદીઓએ ત્યાગનું મહત્વ તો સ્વીકારેલ છે જ.

માંસ અને મદિરાનો જેને ત્યાગ ન હોય તેના જૈનત્વનો બાગ ન ખીલે. સારા કુલીન મનુષ્યોમાં માગ(સ્થાન) ન મલે....તો આશ્ચર્ય ન કહેવાય ! જૈનને તો કુલ–સંસ્કાર

તરીકે જ સાત વ્યસનના ત્યાગમાં જ મદિરા અને પ્રાણી માત્રના માંસનો ત્યાગ હોય છે. ગોમાંસ કે શુકરનું માંસ ન ખાવું અને બીજાનું માંસ ખાવું એ સિદ્ધાંત ન્યાયી નથી. કારણકે ગાય ગમે તેટલી પૂજ્ય હોય પણ તેને જેવો પ્રાણ પ્રિય છે, તે જેવું ઉચ્ચ કોટિનું પ્રાણી છે, તેમ બીજા બધા પ્રાણીઓને પણ તેમનો પ્રાણ વ્હાલો છે અને તેમને ય પાંચ ઇન્દ્રિયો છે. જૈનોને તો–તમારે બધાને તો એનો નિયમ જ હોય તે માટે અમારે તમને ઉપદેશ આપવાનો ન હોય, પણ આ પાંચ વસ્તુના ત્યાગમાંથી બીજી ત્રણ વસ્તુઓનો તમારે ત્યાગ છે કે નહીં તે વિચારવાનું છે.

લસણ, ડુંગળી અને ઊંટડીનું દૂધ આ ત્રણને આ વાદીએ મોક્ષની પ્રાપ્તિના કારણની હારમાં મૂકી દીધા છે. ત્યારે તમે એમ નહીં સમજતા કે આ તો અમે જૈન બન્યા છીએ એટલે જ અમારા માથા પર આ બધી નોબતો વાગે છે. કાંદા ન ખાવા, બટાટા ન ખાવા લસણ ન ખાવું, રાત્રે ન ખાવું, ભૂખથી વધારે ન ખાવું. આ બધા નિયમ અમારે જૈનોએ જ પાળવાના હોય છે અને બીજાને પાળવાના નથી હોતા. આપણે જૈન થયા એટલે જ આ બધું ખાવામાં પાપ લાગે અને બીજા જૈન ન હોય એટલે તેમને ખાવામાં પાપ ન લાગે.” આ બધી વાતો રસના લોલુપીઓએ ઊભી કરેલી દલીલો છે. પ્રાણીવધથી ય હિંસાનું પાપ બધાને લાગે છે. જૈન હોય એટલે અભક્ષ્ય કાંદા–બટાટા વગેરે ખાવામાં પાપ લાગે અને જૈન ન હોય એટલે પાપ ન લાગે આવો કોઈ નિયમ નથી. ઝેર બધાને મારનારૂં હોય, કોઇને ય તારનારૂં ન બને. પણ કેટલાક ભોળિયાઓ તો એવા મૂર્ખા છે કે રસના લોભમાં આવીને એવું ય બોલી જાય છે કે, “આપણે જૈન થયા એટલે બધું પાળવું પડે

છે, આના કરતાં તો જૈન ન થયા હોત તો આવી મુશ્કેલી તો ન પડત ને?" પણ આવું વિચારવાવાળો એમ જ વિચારે કે, માણસને તો પકાવેલી કે ઝાડ પર પણ પાકેલી ચીજો જ ખાવા મળે છે એના કરતાં ઊંટ કે બકરૂં થયા હોત તો સારૂં કે બધું જ ખાવા મળત. કહેવત છે ને કે, "ઊંટ મેલે આકડો અને બકરી મેલે કાંકરો" બસ એક વખત બકરી થવું અને બધું ખાવાની સાથે આકડો ય ખાઈ જવાય, અને એક વખત ઊંટ થવું કે બાકી રહેલો કાંકરો પણ ખાવા મળી જાય. માળા જીવો ય રસનાની લાલચમાં આવીને કેવી ભયંકર કલ્પના કરી નાંખે છે. પાપની છૂટ મેળવવા માટે ચિંતામણીરત્ન જેવા જૈનધર્મને ય છોડી દેવા તૈયાર થાય છે. વિષયને આધીન થયેલો આત્મા કેવો પામર બની જાય છે. **મનુષ્યભવ–મનુષ્યજન્મ ખાવા માટે નથી મેળવ્યો, જૈનધર્મ ખાવા માટે નથી મેળવ્યો, પણ અનાદિની ભૂખની આગને અનંત કાળ માટે તૃપ્ત કરવા માટે મેળવ્યો છે.** ખા....ખા....કર્યાં જ કરવું હોય તો વણિયરનો જન્મ સારો. તમને ખબર નહીં હોય ગોળની વખારમાં દસ–પંદર વણિયર પેસી ગયા હોય તો રાતમાં ગોળની વખારની વખાર ખાલી કરી નાંખે. એક બાજુથી ખાતા જાય અને બીજી બાજુથી કાઢતા જાય. શું આવા ભવમાં જવું છે? માનવજન્મ મેળવીને જૈનધર્મની પ્રાપ્તિ કરી તેનો આનંદ હોવો જોઇએ તેના બદલે અભક્ષ્ય ખાવાનું છોડવું પડે તેથી ધર્મ પર દ્વેષ પેદા થાય. આ કેવી દુર્દશા છે? સાચા જૈનને કોઈ પૂછે કે, તમે આ નથી ખાતા ને તે નથી ખાતા, બધી ય વાતમાં તમારી ના ને ના જ હોય, તો તમે ખાવ શું? કેટલાયને બિચારાને એ જ થાય કે આ બધું નહી ખાઉં તો મારે ખાવાનું શું? આવા આત્માઓને અભક્ષ્યના ત્યાગી જૈનોએ કહેવું જોઇએ:

જુઓ અમે ય તમારી સામે જ જીવીએ છીએ ને? કંઈ હવા ખાઇને તો નથી જીવતા ને? દુનિયાની અંદર ઘણું ય ખાવા–પીવાનું પડ્યું છે. શરીરને આપવું જ છે તો શું ચિંતા છે. ચાર વસ્તુ ખાઇને પણ પેટ ભરી શકાય છે. માત્ર જૈન હોય એને જ કાંદા–બટાટા ખાવામાં પાપ લાગતું હોય અને જૈન ન હોય તેને કાંદા–બટાટા વગેરે ખાવામાં પાપ ન લાગે તેવું કોઈ જૈન સમજતો હોઇ શકે? અરે! તમને કોઈ અજૈન એમ કહે કે, એ તો તમારા ધર્મમાં ના કહી છે માટે તમે ખાઓ તો પાપ લાગે; પણ અમે ખાઇએ તો અમને (અજૈનોને) પાપ ન લાગે. તો તમારે તેવા અજૈનોને કહેવું કે, “બોલ, મુસલમાન–ક્રિશ્ચિયન લોકો માંસ ખાય તો તેમને પાપ લાગે કે નહિ? શું તેમના ધર્મમાં ના ન પાડી હોય માટે તે માંસ ખાય કે ગોમાંસ ખાય તો કોઈ પણ હિન્દુ એવું કહે ખરો કે મુસલમાન–ક્રિશ્ચયનને પાપ ન લાગે પણ હિન્દુને જ પાપ લાગે?”

આવી બધી દલીલોની કોઈ કિંમત નથી. જે રસના-લોલુપીઓ છે તેને તો શાસ્ત્રમાં લખેલું ય માનવાની ક્યાં પરવા છે? આ ઉપર બતાવેલો મતવાદ પણ એક હિન્દુ-ધર્મની જ શાખા છે. છતાં ય શું બધા હિન્દુઓ લસણ અને ડુંગળી છોડવા તૈયાર થવાના ખરા? તમે એમ જ સમજતા હતા ને કે હિંદુશાસ્ત્રમાં અભક્ષ્ય ને લસણ, કાંદા, ડુંગળી વગેરેને છોડવાના નિયમો નથી. નિયમો તો ઘણાં છે પણ તેઓને પાળવાની ગરજ નથી માટે આવી દલીલો કરે છે. જેને છોડવું હોય, સાચું સમજવું હોય એ આવી દલીલ ન કરે કે, “મારા ધર્મમાં તો ના કહી નથી માટે મને પાપ ન લાગે.”

શું તમને ખબર છે કેટલાય મુસલમાનો અને ક્રિશ્ચિયનો અમને મળે છે તેમને સમજાવીએ છીએ તો ખુશ થઇને માંસ–મદિરાનો ત્યાગ કરે છે. તેમને સાચું સમજવાની ભૂખ હોય છે માટે જ ને ? તેઓ એવી દલીલો નથી કરતા કે, 'મહારાજ તમારા ધર્મમાં ના કહી હશે માટે તમે ન ખાવ અમે તો ખાઇશું જ.'

પણ....જીભને શું કહેવાય ખબર છે? 'લુલી.' લુલી કેમ ? સારૂં ખાવાનું દેખે કે તરત જ તેના પર પડે, જેમ લુલાને પડતા વાર નહીં તેમ આ લુલીને સારા પદાર્થમાં પડતાં વાર નહીં. જ્યારે જુઓ ત્યારે તેમાંથી લીલી–લીલી (ભીની–ભીની) લાળ ઝર્યા જ કરતી હોય, એટલે તે લુલી જ કહેવાય. આ લુલીને આધીન થાય તે બધા લુલા કહેવાય. પોતે ગુરુ બનીને બેઠા હોય તો ય ભાન ભૂલી જાય.

અમારા પરમોદ્ધારક પૂજ્ય ગુરુદેવ વિજયકમલસૂરીશ્વરજી મ. બ્રાહ્મણકુળમાં પેદા થયા હતા. પંજાબના રહેવાસી એટલે 'રામ' નહીં પણ રામલાલ કહેવાય. પૂર્વના યોગે કિસનલાલજી નામના ગોરજીનો સંગ થઈ ગયો. તેમના ઉપદેશથી રામલાલને તો જૈનધર્મનો રંગ લાગ્યો હતો. પણ કિસનલાલજીના હૈયામાં ભંગ(ભેદ) હતો. ખુલ્લં–ખુલ્લા કાંદા–બટાટા ખવાય નહીં પણ જીભલડીનું જોર એટલું બધું કે તે ચોરી–છુપીથી ખાતા. રામલાલ તે વખતે તેમની રસોઈ પકાવતા હતા.તેમની સેવા કરતા હતા. એટલે તેમને ગોરજીએ શિખવાડી રાખેલું કે જ્યારે હું કામમાં હોઉં ત્યારે તારે એમ ન પૂછવું કે બટાટાનું શાક કરૂં કે ડુંગળીનું ? પણ એમ પૂછવું કે ભક્તામરનો પાઠ કરૂં કે કલ્યાણમંદિરનો ? "ભક્તામરનો પાઠ કરવાનો કહું તો બટાટાનું શાક કરવું અને

કલ્યાણમંદિરનો પાઠ કરવાનો કહું તો ડુંગળી–કાંદાનું શાક કરવું” આ સાંભળનાર સાચા વૈરાગી રામલાલનું હૈયું કપાઈ ગયું પણ કરે શું ? ત્યાં હતા એટલે તેમના કાબૂમાં જ ચાલવાનું હતું પણ આવું ધતીંગ તેઓ નભાવી શકયા નહીં. તેમને એ વાત દિલમાં ખટકયા જ કરતી કે જે પોતાની રસની લાલસાને પોષવા ભકતોને છેતરે? અને ભકતોને છેતરવા ભગવાનના સ્તવનોના નામથી કાંદા–બટાટા જેવી અભક્ષ્યવસ્તુના સંકેત કરે ? એ કેમ ચલાવી લેવાય. ધીમેધીમે શાસ્ત્રથી વિપરીત વર્તન કરતા એ ગુરુને તેમણે છોડી દીધા અને જૈન સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધી. ત્યાં પણ મૂર્તિપૂજાનું ખંડન અને અન્ય આચાર–વિચાર શાસ્ત્રથી વિરુદ્ધ લાગતા અમારા દાદાગુરુ પૂ. આત્મારામજી મહારાજની સાથે રામલાલજી તથા બીજા ૧૮ સાધુઓ સ્થાનકવાસી સંપ્રદાયમાંથી મૂર્તિપૂજક સંપ્રદાયમાં આવી દીક્ષિત થયા. આ એક ભવ્ય ઈતિહાસ છે તે બધી વાતો કોઈ પ્રસંગે કરીશું અહીં તો ફકત રસની લાલસા માણસને કેવી સતાવે છે તે બતાવવું છે.

જૈન સિવાય બીજા ધર્મના પણ કેટલાય ભવ્ય આત્માઓ લસણ, ડુંગળી, અભક્ષ્ય કંદમૂળ વગેરેના ત્યાગી હોય છે. જ્યારે જૈનકુળમાં આજે લસણ, ડુંગળી, કંદમૂળ વગેરેનો નિયમ લેવા માટે સમજાવવું પડે તે કેટલી દુઃખદાયી બીના છે. શું અહીં બેઠેલા તમે બધા ય કંદમૂળ, લસણ, કાંદા, બટાટાના ત્યાગી છો ? કે બધી ય પોલ પોલ છે ? જ્યારે કોઇ મતવાદીએ તેને મોક્ષપ્રાપ્તિનું સાધન બતાવ્યું હશે ત્યારે તમને તેનું કેટલું મહત્વ સમજાતું હશે ? પ્રત્યેક જૈને તો આવા અભક્ષ્યનો અવશ્ય ત્યાગ કરવો જ જોઈએ. ઊંટડીનું દૂધ થોડા સમય પછી અભક્ષ્ય થઈ જાય છે, માટે

તે પણ છોડવા લાયક છે. **જૈન મહાસાગરના વિચારના જલબિંદુઓ જ બીજે ઊડયા છે તેમ નહીં પણ જૈન આચારો પણ અન્ય ધર્મમાં પ્રવેશ્યા છે તે નિર્વિવાદ વાત છે.**

અહીં આપણે અન્ય મતમાં મોક્ષની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તેનો વિચાર કરી રહ્યા છીએ. પાંચ અભક્ષ્ય ચીજોને છોડી દેવાથી મોક્ષની પ્રાપ્તિ થાય જ તેવું એકાંતે કહેનારા ખોટા છે. તેમણે મોક્ષ માટે બતાવેલ સાધનો સારા હોવા છતાં ય સાચા અને સંપૂર્ણ નથી.

આ પાંચ વસ્તુ ખાવાથી હિંસાનું પાપ લાગે છે અને આ પાંચ વસ્તુનો ત્યાગ કરવાથી હિંસાથી અટકી જવાય છે તે વાત સાચી, પણ મોક્ષમાં જનારે માત્ર તે પાંચ ચીજના ભક્ષણથી થતી હિંસામાંથી જ અટકવાનું છે? શું બીજી અભક્ષ્ય ચીજો ખાવાથી હિંસા થતી નથી? જે ચીજો અભક્ષ્ય નથી તે ખાવાથી શું પાપ નથી લાગતું? જૈન શાસ્ત્ર કહે છે **ભક્ષ્ય પણ ચીજ અત્યંત આસક્તિથી ખાનાર મહાન કર્મ બાંધે છે.** તેથી મોક્ષમાં જવા માટે કેવળ અભક્ષ્ય ચીજોનો ત્યાગ નહીં પણ ભક્ષ્ય ચીજોને ખાતાં હોવા છતાંય તીવ્ર વૈરાગ્ય રહેવો જોઇએ તો જ **પાપબંધ** ન થાય. અને માત્ર ખાવા–પીવાની ચીજોમાં જ આસક્તિ થાય છે તેમ નહીં પણ જોવાની, સૂંઘવાની, પહેરવાની, સૂવાની કે વપરાશ યોગ્ય કોઈ પણ પદાર્થ પર આસક્તિ કરવાથી કર્મો બંધાય છે. જ્યાં સુધી અનાસક્તિ ન આવે, વૈરાગ્ય પેદા ન થાય ત્યાં સુધી તે આત્મા કર્મોને બાંધ્યા જ કરે. બધા જ કર્મો આવતા બંધ થાય અને જુના બધા કર્મો ખલાસ થાય ત્યારે જ મુક્તિ મળે પણ માત્ર આ પાંચ ચીજનો

ત્યાગ કરવાથી મોક્ષ મળી જ જાય આ સિદ્ધાંત ખોટો છે. શું આ પાંચ ચીજોને છોડી દે અને હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર કરે તો ય મોક્ષ મેળવી શકે? પણ આ મતવાદીઓ બિચારા ભૂલા પડયા છે. તેમને ખબર નથી આટલો સરળ મોક્ષ હોત તો જૈનનું એક છોકરૂં ય એક મિનિટમાં મોક્ષ મેળવી લેત. મોક્ષ આટલો સરળ નથી.

## 'ભાગવત સંપ્રદાયવાળાનો મોક્ષ'

આ મતવાદીઓ ભૂલા તો પડેલા છે એમાં તો શંકા જ નથી પણ વારિભદ્રક શાખાના ભાગવત સંપ્રદાયને માનનારા કરતાં સારા છે. તેમનો તો વળી મત જ જુદો છે. તેમાં કશાયના ત્યાગની જરૂર નહીં. બસ પાપ કરો અને સવાર બપોર–સાંજ પાણીમાં સ્નાન કરતા રહો એટલે મોક્ષ મળી જશે. જેમ રોજ મેલ લાગે છે અને રોજ સ્નાન કરો છો તો ઉજળા રહો છો કે નહીં? તેમ રોજ પાપ કરતા રહો અને વારંવાર પાણીમાં સ્નાન કરતા રહો એટલે તમારૂં કામ પતી જશે. વસ્ત્રો કેવાં મેલાં થઇ જાય છે પણ ધોવાથી બધો જ મેલ નીકળી જાય છે કે નહીં? તેમ આત્મા પણ વારંવાર સ્નાન કરવાથી બધા પાપ દૂર કરી શકે છે. વહેતું પાણી ગમે તેટલું ગંદું હોય છે છતાંય નિર્મળ થાય છે ને? કારણકે તેનો સ્વભાવ જ પવિત્ર છે. વળી સ્નાન–સૂતક આદિથી પણ પાણી દ્વારા જ પવિત્રતા મેળવાય છે ને? પાણી આટલી બધી પવિત્રતા કરી શકે તો આત્માને પવિત્ર કેમ ન કરી શકે? કોઈ પણ ધર્માનુષ્ઠાન કરતાં પહેલાં બધા શા માટે સ્નાન કરે છે? પાણી પવિત્ર છે માટે જ ને? આવી તેમની દલીલો છે.

આ બધી દલીલો પોલી અને ખોખલી છે. પણ આશ્ચર્ય

તો એ વાતનું છે કે આવી માન્યતા કરવાની હિંમત કેવી રીતે પેદા થતી હશે? મુક્તિમાર્ગનો આ સાચો અને સંપૂર્ણ રસ્તો તો નથી જ પણ ખરાબ રસ્તો છે. કારણ પાણીમાં સ્નાન કરવાની વાતમાં ત્યાગ શું ? તપ શું ? સહન કરવાનું શું ? પાંચ અભક્ષ્ય વસ્તુના ત્યાગમાં તો એટલો પણ ત્યાગ હતો. આમાં તો છે જ શું ? નામ માત્ર પણ ત્યાગ નહીં; પણ હિંસા ખરી. શાંત પાણીમાં, કુંડમાં, તળાવમાં કેટલા નાના-મોટા જીવો હોય છે. ન્હાનાર માણસ બધા જીવોને ત્રાસ પહોં-ચાડે છે અને નાશ પણ કરે છે. તેની કલ્પના કરી શકો છો ? વિજ્ઞાનવાળાઓ પણ સૂક્ષ્મદર્શક યંત્રથી એક જ પાણીના બિંદુમાં હજારો હાલતા-ચાલતા જીવો બતાવે છે. આ બધાનો નાશ કરીએ છતાં ય પાપ ન લાગે અને પાપ હોય તો ય ચાલ્યા જાય આ તે કેવી બેવકુફાઇની વાત છે? હિંસા કરવાથી પાપનો નાશ....? અને તે પાપનો નાશ પણ કેવો....? મોક્ષ મળે તેવો. **બલિહારી ભગવાનના શાસ-નની છે જ્યાં મોક્ષનું સ્વરૂપ પણ ઉત્તમ છે મોક્ષને પ્રાપ્ત કરવાનો માર્ગ પણ ઉત્તમ છે.** પાણીમાં જીવો છે એવું તો હવે વિજ્ઞાનના કારણે બધા માનતા થયા છે પણ પાણી ખુદ જીવોનું શરીર છે તે હજી વિજ્ઞાનને સિદ્ધ કરવાનું બાકી છે. સર્વજ્ઞ ભગવંતોએ અનંતકાળથી એ સત્ય પ્રરૂપ્યું છે. પૂ. સિદ્ધસેન દિવાકરસૂરિ. મ. જેવા સર્વ શાસ્ત્રના પારંગામી વિદ્વાન્ ભગવાનની પ્રશંસા કરતાં-કરતાં ધરાતા નથી. તેમના શરીરનો જન્મ ભલે જૈનકુળમાં ન થયો હોય પણ તેમનો આત્મા જૈનનો આત્મા બની ચૂકેલ હતો. તેમણે વિશ્વના સમસ્ત દર્શનશાસ્ત્રનો અને ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરીને એક ચેલેંજ ફેંકી છે....તેઓ કહે છે....

**" સ એષઃ ષડ્જીવનિકાયવિસ્તરઃ
પરૈરનાલીઢ પથસ્ત્વયોદિતઃ "**

ભગવાન ! જેવી રીતે તમે ષડ્જીવનિકાયનું પ્રરૂપણ કર્યું છે તેવી રીતે આ દુનિયામાં બીજા કોઇએ કર્યું નથી.

વાત સાચી છે. પૃથ્વીકાય (જમીન) અપ્કાય (પાણી) તેઉકાય (અગ્નિ) વાયુકાય (હવા) વનસ્પતિકાય (ફળ-ફૂલાદિ) અને ત્રસકાય એટલે બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય. આ બધા જીવોનું વર્ણન કરનાર જગતમાં આ એક જ દર્શન છે. તમને કોઈ પૂછે કે "ભગવાન મહાવીર સંકુચિત કે વિશાલ....?" તો તમારે સામે પૂછવું કે.... " જે વધારે જુએ તે વિશાળ કે ઓછું જુએ તે વિશાળ ?" વધારે જોનારા વધારે કહે કે ઓછું કહે ? **જગતમાં સૌથી વધારેમાં વધારે જાતના અને વધુમાં વધુ જીવોની સંખ્યાનું નિરૂપણ કરનાર ભગવાન મહાવીર છે... જૈનશાસન જ છે.** આ દર્શન સિવાય કોઈ પણ દર્શનમાં જીવની આટલી વિવિધ જાતિઓનું વર્ણન કે વિશાળ સંખ્યાની કલ્પના ય કયાંય નથી. આ બધા વિષયો ભગવતી-સૂત્રમાં આવવાના છે. અહીં આપણે કેટલો વિસ્તાર કરી શકીએ ? આપણે તો હજી ભગવતીસૂત્રનાં ગણધર ભગવંતે કરેલા મંગલના વિવેચનમાં જ છીએ. આપણે એટલો પ્રાસંગિક વિચાર કર્યો છે કે વીતરાગ ભગવાને જેવી રીતે જીવોનું વર્ણન કર્યું છે તેવી રીતે કોઇએ કર્યું નથી. અને તે વર્ણનથી મુગ્ધ થઇને પૂ. આચાર્ય સિદ્ધસેન દિવાકર-સૂરિ. મ. પોતાની છાતી ગજ-ગજ ફૂલાવી રહેલ છે.

જે પામર જીવોને આવું જ્ઞાન નથી મળ્યું તે બિચારા અપ્કાય-પાણી જીવ છે, તેની હિંસા થાય તે કેવી રીતે

જાણી શકે? વિચારો કે આ જિનનું શાસન ન મળ્યું હોત તો પાણી વાપરવાનો ઉપયોગ તમને કદી ય રહ્યો હોત ખરો? ક્યારેય તમારા હૃદયમાં તેનો ડંખ પેદા થાત ખરો? ક્યારેય કાચા પાણીનું એક ટીપું પણ ઉપયોગમાં ન લેવું પડે તેવું પવિત્ર સાધુ જીવન મેળવવાની ઝંખના તમને થાત ખરી?

મિથ્યામતવાદીઓનો મત ખરેખર હાસ્ય પમાડે તેવો છે....

છતાં ય થોડી વિચારણા કરી લઇએ. કારણકે તમારામાં ય કેટલાને શૌચવાદીતાના સંસ્કાર પડી ગયા હોય છે. દિવસમાં બે–ત્રણ વખત અને ઉનાળામાં તો પાંચ–દસ વખત ન્હાનારા તમારામાં ય કોઈ હોય તો પણ ના ન કહેવાય. સ્નાનથી મુક્તિ મળી જતી હોય તો માછલા (જલચર) જેટલું પવિત્ર કોઈ ન કહેવાય અને તેના જેટલી જલ્દી મુકિત કોઇને મળી ન હોત. શું માણસો કરતાં માછલાઓ વધુ પવિત્ર છે?

જો જલસ્નાન કરવાથી પાપ દૂર થઈ જતાં હોય તો જલમય થઈ જવાથી જલસમાધિ લઈ લેવાથી તો શું ના થાય? તરત જ મુકિત મળી જાય ને? પણ તેવી રીતે કોઇને મોક્ષ મળ્યો નથી કે મોક્ષ મળતો નથી. હા, પાણીમાં ડૂબી મરે તો મરણ ચોક્કસ મળે ખરૂં.

જે પાપ અને પુણ્ય આત્માની સાથે લાગેલાં છે તેને જ જો પાણી દૂર કરી શકતું હોય તો જોરનો પવન તે પાપને ઉડાડી કેમ ન શકે? અને અગ્નિ તેને બાળી કેમ ન શકે? સારા અને ખરાબ કર્મો એ આત્માને લાગેલો કચરો છે. શરીર સાફ કરવાથી કેવી રીતે દૂર થાય? અંદર બદબુ મારે તેવી વિષ્ટા ભરીને ડબ્બો મૂકયો હોય ને ઉપર અત્તરના

શીશા ઢોળે ત્યાય શું તફાવત પડવાનો ? અંદર તો દુર્ગંધની દુર્ગંધ જ રહેવાની. બહાર ગમે તેટલો ચળકાટ આવે તો ય અંદર ફરક ન પડે ત્યાં સુધી કશો તફાવત ન પડે. આવા શૌચવાદી જેવા મિથ્યામતવાદીઓને પૂછવું કે ભૂખ લાગે ત્યારે અનાજના કોઠારમાં જઈને બેસી જવું. પાણી પીવું હોય ત્યારે મોઢું બંધ કરીને હોજમાં ઉતરી જવું. ખાવા પીવાની જરૂર શી છે ?

આમ દલીલ કરીએ તો તેમને તરત કહેવું પડે કે બહાર રહેલું ખાવાનું કે પાણી અંદરની ભૂખ કે તરસને કેવી રીતે શાંત કરે ? જો આમ ન થતું હોય તો બહારનું પાણી અંદરના કર્મોને કેવી રીતે દૂર કરે ? પાણી શુદ્ધિ કરે છે પણ કોને ? શરીરને વસ્ત્રને જે કચરો લાગ્યો હોય તે દૂર થાય પણ પાણીથી આત્માને લાગેલો કચરો કદી ય સાફ ન થાય.

શાસ્ત્રકારો તો કહે છે કે પાણીથી વસ્ત્ર કે શરીરનો મેલ દૂર થાય છે એ વાત જ ખોટી છે. ન્યાયની ભાષામાં કહીએ તો તે દ્રષ્ટાંત જ અસિદ્ધ છે. કારણ કે સ્નાનથી કે જલમાત્રથી જ વસ્ત્ર કે શરીરનો કચરો કોઈ રીતે દૂર થતો નથી. ન્હાતી વખતે સાબુ શા માટે લગાડો છો ? વાસણ સાફ કરતી વખતે માટી કે નાળિયેરના કુચ્ચાની જરૂર પડે છે ખરી ? જરાક બાઈઓને પૂછી જોજો કે દિવાળીના વાસણ કેવી રીતે સાફ કરો છો ? માત્ર પાણીથી જ કે ? વસ્ત્ર ને શરીરના મેલનો નાશ કરવા માટે એકલું પાણી સમર્થ નથી ખરેખર તો સાબુ કે કુચા વડે જ વસ્ત્ર કે વાસણનો મેલ ઉખડે છે. પાણી તો માત્ર તે કચરાને ત્યાંથી દૂર વહેવડાવી દે છે માટે પાણીથી વસ્ત્ર, શરીર કે

વાસણ વગેરેનો મેલ દૂર થાય છે આ વાત જ ખોટી છે. જ્યાં દ્રષ્ટાંત જ ખોટું છે ત્યાં તેના પરથી તારવેલો નિયમ (વ્યાપ્તિ) તો સાચો કેવી રીતે પડવાનો?

પૂ. હરિભદ્રસૂરિ મ.એ શૌચવાદીઓને ઠીક કરવા માટે સ્નાનાષ્ટક બનાવ્યું છે અને જણાવ્યું છે કે પાણીથી દેહ સાફ થાય છે એ માન્યતા પણ ભ્રમણા જ છે. એક બાજુ તો તમે સ્નાન કરતા હો છો અને બીજી બાજુ તો પરસેવો થતો હોય છે તો પાણીથી શુદ્ધિ કેવી રીતે?

'વહેતું પાણી નિર્મળ રહે' એ વાત માનીએ એટલે નક્કી થયું કે વહેવું એ જ સાચી નિર્મળતા પણ પાણીમાં કોઇ નિર્મળતા નથી. વળી તમે બધા શહેરી માણસો નદીનું વહેતું પાણી પણ એમને એમ પીવો કે ગાળીને–શુદ્ધ કરીને પીવો? માટે પાણી નિર્મળ છે અને તે વસ્રાદિને નિર્મળ કરે છે એ વાત પણ ખોટી છે....વળી સૂતકવાળા વગેરે તો ખાલી ધતિંગ જ કરે છે. કોઇ માણસ કોઇ એક ગામમાં મરી ગયો, તેનો સગો પરગામમાં રહે છે. તેને મડદાની ગંધ પણ ત્યાં આવતી નથી ત્યાં ન્હાવાનું શું? સમજો કે એવી રીતે દૂરથી પણ તમને સૂતક લાગી જાય અને તમારો દેહ અપવિત્ર થઇ જતો હોય તો અનર્થ થઇ જાય. કારણ દૂર રહેલો માણસ મરે તેવી તરત તો તેના સગાને ખબર પડે નહિં. તો માણસ મરી ગયો અને તેની ખબર તેના સગાને પડી નહીં તેટલો વખત તે માણસ પવિત્ર રહ્યો કે અપવિત્ર? જેટલો વખત તે અપવિત્ર રહ્યો તે દરમ્યાન તે જેને અડયો તે બધા ય મરણના સમાચાર મળે નાહશે કે જેના સગા મરી ગયા છે તે એકલો જ નાહશે? આવી રીતે સૂતક તે કાંઈ ઊડી ઊડીને ગામેગામ જઇને લાગતું નથી પણ લૌકિક

રિવાજ માત્ર છે. અને તમે ન્હાવ છો. મરેલાની ચિઠ્ઠી લખો ત્યારે ઉપર લખો કે "કપડા ઉતારીને વાંચજે." કારણ એના એ કપડા પહેરીને વાંચો તો કપડાનેય મૃતક લાગી જાય. પણ ન્હાવાના ગંદા કપડા હોય તેને જ સૂતક લગાવવાનું હોય, કંઇ સારા કપડાને થોડું સૂતક લગાડાય છે? આ તે કેવી અજ્ઞાનતા છે! જ્યાં આવું સૂતક લાગે છે એ જ ધતિંગ જેવી વાત છે ત્યાં તેનું દૃષ્ટાંત આપવું એ તો બેવકૂફી જ છે ને? વળી તે દૃષ્ટાંતથી એમ સિદ્ધ કરવું કે જેમ સ્નાનથી સૂતક દૂર થાય છે તેમ માણસને લાગેલા પાપ પણ દૂર થઈ જાય છે એ બધી વાતો તો મૂલ વિનાની શાખા જેવી છે. પાણીના જીવોની અને તેને આશ્રીને રહેલા બીજા જીવોની હિંસા કરનારો એટલાથી જ મોક્ષ માને છે એ મોહનીય કર્મની લીલા છે. મિથ્યાત્વ મોહનીય કર્મ એવું જ છે. કઇ ખોટી માન્યતાને મિથ્યાત્વ ન વળગે તે કહેવાય નહિં!

દુનિયામાં જેટલા વચનના પ્રકારો છે તેટલા નયો છે. એટલે કહો કે માણસોના મોઢાં કરતાંય નયો–મતવાદો વધારે છે અને જેટલા મતવાદો છે તેટલા જ મિથ્યાવાદો પણ છે. એટલે મિથ્યાવાદોને સાંભળતાં કંટાળવું નહીં પણ તે બિચારાઓની દયા કરીને તેમના મિથ્યાવાદો સમ્યગ્વાદ કેવી રીતે બને તેની કોશિષ કરવી. કારણકે શાસ્ત્રકારોએ જેટલા મિથ્યાવાદો ગણાવ્યા છે તેટલા જ સમ્યગ્વાદો પણ ગણાવ્યા છે.

આ વારિભદ્રકો ભાગવતવાદીઓ તો સ્નાનથી મુક્તિ માને છે પણ બીજા કેટલાક તો અગ્નિથી એટલે યાગ–હોમ હવન વગેરે કરવાથી પણ મોક્ષ માનનારા છે.

## હોમ હવનથી મોક્ષ

જગતને એકમત કરી શકાતું નથી પણ જિનમતમાં આપણે આપણી મતિ અવશ્ય સ્થાપી શકીએ છીએ. શૌચવાદી જલની શુદ્ધિને મહાનતા આપે છે. તો હોમવાદી અગ્નિને બિરદાવે છે. તેઓ કહે છે કે "અગ્નિ જેવું બીજું પવિત્ર કરનારું કોઇ સાધન નથી. સોના જેવું સોનું પણ અગ્નિના પ્રતાપે જ પવિત્ર થઇ શકે છે. તો પછી આત્માની શુદ્ધિ અગ્નિ કેમ ન કરી શકે? આત્માને લાગેલા પાપ અગ્નિ કેમ દૂર ન કરી શકે....? આપણે આગળ તેની વધુ દલીલો અને વાતો જોઇશું પણ અત્યારે તરત જ એક જવાબ આપી દઇએ.

આ હોમવાદીને કહીએ. "વાહ ભાઈ! તારી વાત સાચી છે. પણ કહે કે અગ્નિ સોનાની શુદ્ધિ ક્યારે કરે?" હોમવાદી કહેશે. "આગમાં નાંખીએ ત્યારે" વાહ....પછી શું આત્માએ ય મોક્ષમાં જવા માટે અગ્નિમાં ઝંપલાવવું? આ માર્ગે મોક્ષ લેવા તૈયાર થાય તો સારૂં. પણ ત્યાં હોમવાદી ના કહી દે છે, ના રે ના! અમે આગમાં સતી ઝંપલાવે તેમ ઝંપલાવીને મરી જવાનું એમ નથી કહેતા." તો આપણે કહી દેવું, "તમારૂં દૃષ્ટાંત ખોટું છે. અગ્નિ તો જે પોતાનામાં હોમાય-જે તેની ગરમીનો ગમે તે રીતે પણ ભોગ બને તેને જ શુદ્ધ કરી શકે છે. એટલે તમે આપેલ દૃષ્ટાંત પરથી તો તમારે પતિની પાછળ સતી થતી સ્ત્રીની માફક મોક્ષ મેળવવા સતા જ થવું પડે!"

જો કે આ અસિદ્ધ દૃષ્ટાંતનો કોઈ જવાબ હોમવાદીઓ પાસે નથી. પણ તે તો કહે છે-દલીલ કરે છે કે, અગ્નિમાં ધન-ધાન્ય વગેરે ચીજો હોમવાથી જેમ દેવલોક મળે છે. તેમ મોક્ષ પણ મળી શકે છે. હોમ કરવાથી માત્ર દેવલોક

એટલા માટે મળે છે. કે તેમાં સ્વાર્થ ઇચ્છા હોય છે. જ્યારે નિઃસ્વાર્થ બનીને કરવામાં આવે તો તે હોમ મોક્ષ કેમ ન આપે !

હોમવાદીની આ દલીલ આપણી સામે નથી. પણ મીમાંસક દર્શનકારની સામે છે. આપણે હમણાં જૈનશાસનની દૃષ્ટિએ હોમવાદનું પૃથક્કરણ કરવાનું રહેવા દઇએ. પહેલાં તો દેવલોક જ હોમનું ફળ કહેનાર મીમાંસકની સામે હોમથી ફળ મળે છે તેવું કહેનારાની વાત વિચારીએ.

જેઓ ઇચ્છાસહિત હોમ કરવાથી દેવલોક માને છે તે પૂર્વ મીમાંસાના સૂત્રધારો માટે તો આ જવાબ ટાલ પાડી નાંખે તેવો કહેવાય ! મીમાંસા સૂત્રકાર જૈમિનીય ઋષિ અને તેના ભાષ્યકાર શબર તો મોક્ષને માનતા જ નથી. તેઓના મતે વિવિધ યજ્ઞો એ જ કર્તવ્યો છે. અને આ યજ્ઞવાદમાં એટલો બધો આગ્રહ વધી ગયો હતો કે તે માટે એક શ્લોક પ્રખ્યાત છે....

**“ યજ્ઞાર્થં પશવો સૃષ્ટાઃ સ્વયમેવ સ્વયંભુવા**
**યજ્ઞોઽસ્ય ભૂત્યૈ સર્વસ્ય તસ્માદ્ યજ્ઞે વધોઽવધઃ ”**

( મનુસ્મૃતિ )

યજ્ઞમાં થતો પશુનો વધ એ વધ જ નથી. એક પ્રકારના યજ્ઞને તો નરમેધ યજ્ઞ કહેવાય છે એમાં મનુષ્યનું હવન કરવાનો પણ ઉલ્લેખ છે. અત્યારે આપણે યજ્ઞના વિષય ઉપર ચર્ચા કરવા બેઠા નથી. આ વિષયનો ગુરુમહારાજની કૃપાથી જીવનમાં વાદ–વિવાદના પ્રસંગો આવેલા હોવાથી ખૂબ અભ્યાસ કરેલો છે. વટાદરાની અંદર જાહેરવાદમાં આવો જ વિષય રાખવામાં આવ્યો હતો.

**“ વેદા હિંસકાઃ ”** વેદમાં હિંસાનું યજ્ઞ–યાગ દ્વારા પ્રતિપાદન કરેલું હોવાથી તે હિંસક છે. આ વાદમાં પૂજ્ય

ગુરુદેવ કમલસૂરીશ્વર મ. ની કૃપાથી જિનશાસનનો વિજય થયો હતો.

વેદ હિંસક છે કે નહીં તેના પર વટાદરામાં જાહેરવાદ થયો ગામમા જાહેરમાં વાદ-વિવાદ થયેલો એટલે બધી ય વર્ણના લોકો હાજર હતા. ગામ હોય ત્યાં થોડા મશ્કરા ય હોય ને! થોડા મશ્કરા વ્હોરાઓ બ્રાહ્મણોને કહેવા લાગ્યા, "મહારાજે તો સિદ્ધ કરી આપ્યું કે વેદોમાં ય માંસ ખાવાની વાત લખી છે. ત્યારે અમારો વ્હોરાઓનો ને તમારો બ્રાહ્મણોનો રોટી વહેવાર તો એક સરખા જ છે. માત્ર બેટી વહેવારનો ફરક હોય તે કેમ ચાલે! તમે ય અમારી જોડે બેટી વહેવાર શરૂ કરો."

પણ....વાદ એ વાદ છે. તેથી કોઇએ ખોટું લગાડવું ન જોઇએ. અમારી પાસે ગુરુકૃપાએ એ તાકાત પણ છે કે વેદમાં-વૈદિક ધર્મમાં અહિંસાનો ઉપદેશ છે તે સિદ્ધ કરી શકીએ અને હિંસાની વાતો વેદોમાં કેવી રીતે પ્રવેશ પામી છે તેનો ઇતિહાસ પણ છે. સ્યાદ્‌વાદ એટલે ખુલાસાવાદ કોઇ પણ સત્ય કોઇ રીતે દબાઇ ગયું હોય તો તેને ખુલાસો કરીને પ્રગટાવવાની શકિત સ્યાદ્‌વાદીમાં હોવી જ જોઇએ;

આ બધી વાતો તમને જિજ્ઞાસા હશે તો વખતે વિચારશું અત્યારે તો આપણે એ હોમવાદીની વિચારણા કરી રહ્યા છીએ કે જેઓ યજ્ઞયાગથી દેવલોક જ ફળ માને છે. "**અગ્નિહોત્રં જુહુયાત્ સ્વર્ગકામો**" સ્વર્ગની ઇચ્છાવાળો યજ્ઞ કરે. ત્યારે સામેથી જોરથી પ્રશ્ન આવ્યો, 'જેણે સ્વર્ગની વાંછા ન હોય તે શું કરે? ભારત જેવી મોક્ષલક્ષી-તત્વજ્ઞાની દેશમાં આવું દર્શન કેમ અસ્તિત્વમાં આવ્યું? તે પ્રશ્ન જ છે! દેવલોક, નરલોક, આત્મા, પુણ્ય, પાપ માને છે એટલે પૂર્ણ નાસ્તિક તો નહીં. પણ મોક્ષ જેવા પરમ ઉપાદેય તત્ત્વને

ન માને એટલે નસ્તિકતા તો તેવી ને તેવી જ રહી. તેમ કહેવું પડે અથવા થોડી ઉદારતા કરવી હોય તો આને નિષ્ફળ કે નિરર્થક આસ્તિક કહી શકાય દેવલોકના દિવ્ય સુખોથી નિઃસ્પૃહતા અને માનવીય ભોગોથી વિરક્તતા આ આર્ય દેશમાં અન્યધર્મોમાં પણ ઠેક ઠેકાણે મળે છે. આવા આત્માઓ તો શું કરે? આવા આત્માઓ તો યજ્ઞમાં પ્રવૃત્ત ન જ થાય ને!

મીમાંસક દર્શનકારોએ જોયું કે માત્ર સ્વર્ગ કે દેવલોકની ભાવનાથી ધર્મમાં ઊંડી સમજ વિનાના હોય તે જ પ્રવૃત્ત થાય. જે ધર્મ; ધર્મપ્રવૃત્તિનું એક માત્ર જ ફળ પરલોકમાં સુખ અને આરામ મેળવવાનું પ્રતિપાદન કરે તેને તો નાસ્તિક પાસે ચૂપ થવું જ પડે. નાસ્તિક તેવા મીમાંસકોને પૂછે છે, "ધર્મ શા માટે કરવો?,, મીમાંસકોને જવાબ આપવો પડશે કે, "દેવલોક માટે" અને તે ધર્મ યજ્ઞ સિવાય બીજો નથી. "આના જવાબમાં નાસ્તિક કહી શકે છે." આ તમારો ધર્મ તો ધંધા જેવો છે. કે વ્યાજે મૂકેલી મૂડી જેવો છે. આજે ૧૦૦ રૂા. વ્યાજે મૂકો, ૧૨૦ વર્ષે તમને ૧૫૪૦ રૂા. મળે અને ૧૨૦૦ વર્ષે ૧૫૪૦૦રૂા. મળે અને બાર હજાર વર્ષે એક લાખ અને ચોપ્પન હજાર રૂપિયા મળશે. પણ....એટલા બધા વર્ષો તો જોઇએ ને ત્યારે તો એના કરતાં અત્યારે ૧૦૦રૂા. મળે છે તે શુ ખોટા છે!

અર્થાત્ માત્ર સાંસારિક સુખોની વૃદ્ધિ એ જ ધર્મનુ ફળ હોય તો ધર્મ પણ એક ધંધો જ બની જાય છે. આવ માત્ર ધંધા જેવા ધર્મની કશી કિંમત નથી એટલે મીમાંસક દર્શનકારોએ આગળવાવામાંડયું અનેછેરવચર્ટો

પ્રભાકર જેવા મીમાંસકોએ કબૂલ્યું કે મોક્ષ તો છે પણ જેઓ કોઇ પણ કામના વિના યજ્ઞ કરે તેઓ માટે! એટલે કહો કે બીજા આસ્તિક દર્શનોના પ્રભાવે મીમાંસક દર્શનકારનું સાધ્ય સુધર્યું પણ સાધન તો તેવું ને તેવું જ રહ્યું. 'ઇચ્છા વિના યજ્ઞ કરે તો મોક્ષ મળે' એમ સમર્થન કરતાં એ ન વિચાર્યું કે ઇચ્છાનો નાશ જ વાસ્તવિક મોક્ષ આપવા માટે પૂરતો છે તો વચમાં યજ્ઞનો શું કરવા લાવવો પડે? પણ જુની પકડમાં નવું આવે તો ય કંઇક જુના પડઘા તો રહી જ જાય!

**તમારો બધાનો તો પરમ પુણ્યોદય કે ભવનાશન જિનશાસન તમને મળ્યું છે તેમાં સાધ્યસાધન અને સાધક ત્રણેય અતિઉત્તમ મળ્યાં છે.**

અગ્નિહોત્ર આદિથી મોક્ષ મેળવનાર પાસે ઉદ્દેશ્ય મોક્ષ હોવા છતાં ય એ કેવું અપવિત્ર સાધન છે! આગમાં હોમ કરવાથી કોઈ એકનો મોક્ષ થઈ જતો હોય તો બધાનો મોક્ષ કેમ ન થાય! કદાચિત્ મીમાંસક એના જવાબમાં કહે કે યજ્ઞ કરનારમાંથી ઇચ્છા ચાલી ગઇ છે માટે હોમકારનો જ મોક્ષ થાય છે. તો તરત જ તેનો જવાબ આપવો, "ભાઈ! મોક્ષ તો ઇચ્છાના નાશથી જ થયો યજ્ઞથી ન થયો. યજ્ઞથી કરેલો વરસાદ બધાને ફાયદો કરી આપી શકે તો યજ્ઞથી બધાને મોક્ષ શા માટે ન મળે. અને એકની કરણીથી અનેકનો મોક્ષ થઈ જતો હોત તો કયારનાય બધા આત્માઓ મોક્ષમાં પહોંચી ગયા હોત! વાસ્તવિક રીતે આવા મતની કોઈ કિંમત નથી.

પણ....જૈનશાસનની ગુણાનુરાગી અને સારગ્રાહી દૃષ્ટિએ એટલું તો કહેવું જ પડશે કે આ બધા મતવાદી, શૌચવાદી, હોમવાદી કે અભક્ષ્યના ત્યાગીઓ સાચા મોક્ષમાર્ગથી

અજાણુ છે છતાં ય તેમને મોક્ષની આકાંક્ષા છે અને મોક્ષને માનનારો—તેના માટે કોઈ પણ અનુષ્ઠાન કરનારો ક્રિયાવાદી તો કહેવાય જ. શાસ્ત્રીય દૃષ્ટિએ આવા આત્માનો સંસાર માત્ર એક પુદ્ગલપરાવર્તન જ બાકી રહ્યો કહેવાય. મોક્ષમાર્ગના સાધનોની અપવિત્રતા દૂર થઈ જાય અને તેના પૂર્ણ સાધનો તે આત્માને મળી જાય તો અવશ્ય તેવા આત્માઓનું કલ્યાણ થઈ જાય.

શાસ્ત્રનું શ્રવણુ થતાં વિવિધ વાદીઓનું વર્ણન સાંભળવા મળે. તે વિવિધ વાદીઓમાં અજ્ઞાન—મોહ વગેરે દેખાય પણુ ત્યાં સાચો જૈન તિરસ્કાર ન કરે. તે તો ઈચ્છે કે કયારે આ આત્માઓ શાસનરાગી બને—શાસન પામે અને મોક્ષનું અનંત સ્થાન મેળવે! અત્રે આપણે જે 'નમો સિદ્ધાણું' પદનો વિચાર કરીએ છીએ તે પદમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરે.

"નમો સિદ્ધાણું" આ પદની આપણે વિવિધ અર્થો-વડે વિચારણા કરી રહ્યા છીએ. અહીં પૂ. ટીકાકાર મહર્ષિ ત્રીજો અર્થ બતાવતાં કહે છે કે—'**સિદ્ધાઃ નિષ્ઠિતાર્થાઃ**' સિદ્ધો કૃતકૃત્ય છે. સિદ્ધ એટલે કૃતકૃત્ય. હવે તેમને બાકી કશું જ રહેતું નથી! બાકી, એટલે અપૂર્ણ. જ્યાં સુધી અપૂર્ણ હોય ત્યાં સુધી હવે શું કરવાનું બાકી? એ પ્રશ્ન થાય.

ભૂમિમાં બીજ વાવ્યા બાદ ઊગવાનું બાકી કહેવાય, ઊગ્યા બાદ ફળ આપવાનું બાકી કહેવાય, પણુ ફળ આવ્યા બાદ તો તે પૂર્ણતાને પામ્યું, ત્યાં બાકી શું? બીજનો પૂર્ણરૂપે વિકાસ થવાથી ફળ બન્યું.

તમે કોઇના રૂા. ૧૦૦ લીધા હોય અને ૫૦ રૂા. પાછા આપ્યા, ૭૫ પાછા આપ્યા, ૮૫ પાછા આપ્યા ત્યાં

સુધી તો પૂછી શકાય કે કેટલા બાકી છે? પણ ૧૦૦ રૂા. આપી ખાતું ચૂકતે કર્યું પછી કોઇ પૂછે કે હવે કેટલા બાકી રહ્યા? તો કહેવું જ પડે, "પૂરા થઇ ગયા છે. હવે કશું બાકી નથી." જેમ દેશમાંથી મુસાફરી કરીને મુંબઇ તમારે ઘેર પહોંચવાનું હોય, ઘેર આવ્યા બાદ કોઈ પૂછે કે, હવે "કયાં જવાનું બાકી છે તો શું કહો?" તમે જવાબ આપવાના કે, "જયાં પહોંચવું હતું ત્યાં પહોંચી ગયો હવે બાકી શેનું?"

બસ, આવી જ રીતે આત્માને સુખ–દુઃખના અનુભવો, શરીર ધારણ કરવાની ક્રિયાઓ, આરંભ–સમારંભની ક્રિયાઓ કે પછી કોઇ પણ ધર્મ–અનુષ્ઠાનો કરવાની જરૂરત ત્યાં સુધી જ રહેવાની કે જયાં સુધી તે મોક્ષે ન પહોંચ્યો હોય! અને આથી જ સમજુ આત્માઓને એવો પ્રશ્ન પણ થતો નથી કે મોક્ષમાં જઇને શું કરવાનું? પૂર્ણતા એટલે પૂર્ણાહુતિ. આત્મા સ્વરૂપમાં આવી ગયો, પરરૂપને ત્યજી દીધું હવે શું કરવાનું તે પ્રશ્ન જ કયાં છે!

એક નટે વિવિધ વેશ પહેરી ભજવાય તેટલા નાટકો ભજવ્યા. હવે નાટક પૂરૂં થયું તે બાદ પણ કોઈ પૂછે ખરૂં કે, "હવે કયો વેશ–કયું નાટક બાકી છે?"

**પ્રશ્નઃ**—ભલે, કયો ખેલ કરે તેમ ન પૂછી શકાય. પણ નાટક કર્યા બાદ શું કરશે, કયાં જશે, કયાં રહેશે? એ તો પૂછી શકાય ને! અમે મોક્ષ પામેલા–સિદ્ધના આત્મા વિષે, 'ફરી એ આત્મા કયારે સિદ્ધ થશે?' એમ ન પૂછીએ પણ, કયાં રહે? કેવી રીતે રહે? તેવા પ્રશ્નો તો થાય ને!

**જવાબઃ**—તેવા પ્રશ્નો ખુશીથી કરો. અને તમે નહીં કરો તો પણ હું તમારા તરફથી પ્રશ્ન મૂકીને પણ સમજાવ્યા વિના થોડો રહીશ! **મારે તો તમને "નમો**

**સિધ્ધાણં" પદ હૈયામાં એવું તો રટાવી દેવું છે કે તમે તમારું થોડા કાળનું નામ ભૂલી જાવ અને અનંત કાળ સુધી જે નામથી તમે ઓળખાવાના છો તે તમારૂં નામ 'સિધ્ધ' અને તે જ "નમો સિધ્ધાણં" પદ તમારો શ્વાસોચ્છવાસ બની જાય !**

સિદ્ધના આત્મા ક્યાં રહે છે? શું કરે છે? તે પ્રશ્ન થાય પણ તેઓ ખાય કે નહીં? પીવે કે નહીં? બોલે કે નહીં? સૂઇ જાય કે નહીં? તેવા પ્રશ્નો ન થાય. કારણ આ બધા નાટક આપણે ભજવી રહ્યા છીએ. હજી જ્યાં સુધી જાગીએ નહીં-કષાયોથી ભાગીએ નહીં-સંસાર ત્યાગીએ નહીં ત્યાં સુધી કરવાના બાકી છે. પણ સિદ્ધના આત્માએ આ તમામ નાટકો ભજવી લીધા છે. વધુ સ્પષ્ટ સમજીએ તો અનંત કાળ માટે સંસારના નાટકથી છૂટા થઇ ગયા છે. માટે હવે તેમની સંસારમાં રહીને-દેહમાં રહીને કરી શકાય તેવી કોઇ પણ સાંસારિક કે ધાર્મિક પ્રવૃત્તિ બાકી નથી. એટલે સંસારભાવ-પરભાવરૂપ કોઇ પણ પ્રવૃત્તિ બાકી નથી. તેથી તે કરે નહીં. અને શુદ્ધ સ્વભાવમાં વર્તનરૂપ પ્રવૃત્તિ તો સિદ્ધ થયા બાદ પણ ચાલે છે. કારણ સ્વભાવમાં-આત્માના પોતાના ભાવમાં વર્તવાના કાર્યથી કૃતકૃત્ય થઈ શકાતું નથી. સ્વભાવ તો પરના બળથી મુકત થયો એટલે વહ્યા જ કરવાનો તેમાંથી અટકી શકાય જ નહીં. એટલે તેનાથી કૃતકૃત્ય થવાનો પ્રશ્ન જ કયાં છે? કૃત્ય એટલે કરવા યોગ્ય અને કૃત એટલે થઇ ગયેલ. કરવા જેવું કાર્ય જેનું થઈ ગયું છે તે કૃતકૃત્ય છે. સંસારમાં કરવા યોગ્ય ધર્મ અને કર્મ બંને તેમને થઇ ગયા છે માટે તેઓ કૃતકૃત્ય છે. આવા કૃતકૃત્યને નમવાથી-સ્મરવાથી જ પૂર્ણ બનાય.

## મોક્ષમાં પણ અપૂર્ણતા માનનાર ભાગવતો અને રામાનુજાચાર્ય

પદે-પદે ખ્યાલ રાખજો કે જિનશાસન જેવી વાતો અન્ય સ્થાને મળવી મુશ્કેલ છે. મોક્ષ માનનાર પણ મોક્ષમાં કંઈ કરવાનું બાકી હોય છે તેમ માની રહ્યા છે.

'ભાગવત' હીંદુધર્મનો બહુ ઊંચો ગ્રંથ છે. તેમાં પરમાત્મા ઋષભદેવનું પણ વર્ણન આવે છે. જો કે આવું વર્ણન ઋષભદેવ ભગવાનનું જૈનશાસ્ત્રમાં આવે છે તેવું નથી છતાંય ચિંતક અને વિચારક તો તે વાંચતા તેમાંથી વ્યકત થતાં મોક્ષમાર્ગની મહાનતાને સમજી શકે છે. ભાગવતમાં પણ શ્રી ઋષભદેવને ઇશ્વરના અવતાર તરીકે માન્યા તો છે અને તેમનો એ જન્મ અહિંસાના-મોક્ષના જ ઉપદેશ માટે છે તેમ સ્પષ્ટ કબૂલ્યું છે. આ બધી વિગતો સૂક્ષ્મ-નિષ્પક્ષપાત અને વિવેકદષ્ટિથી વિચારીએ તો ઘણું ઘણું જાણવા મળે તેમ છે.

આ ગ્રંથમાં પાંચ પ્રકારની મુકિતનું વર્ણન આવે છે. સાલોકય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજય ખરેખર આ મુકત થયા બાદ આત્માની તરતમતા અને ક્રમે ક્રમે વિકાસ પામતી દશાઓ ગણાવેલ છે.

**સાલોકય મુકિત:**—સંસારના તમામ બંધનોથી

મુકત થયા બાદ આત્મા બ્રહ્મલોકમાં જાય છે તેજ સાલોક્ય મુક્તિ છે.

ત્યારબાદ તે આત્મા ઈશ્વરના સમસ્ત ઐશ્વર્યને ભોગવવાવાળો બને છે આ મુક્તિને **સાષ્ટિ** મુક્તિ કહેવાય છે.

પછી તે આત્મા જે સાક્ષાત્ બ્રહ્મ-ઇશ્વર કહેવામાં આવે છે તેની અતિ સમીપ આવે છે તે **સામીપ્ય** મુક્તિ.

પછી તે આત્મા બ્રહ્મના અન્ય ગુણોની સાથે સમાનતા પ્રાપ્ત કરે છે માટે તેને **સારૂપ્ય** મુક્તિ કહેવાય છે.

અને છેલ્લે બ્રહ્મના શરીરમાં પ્રવેશ કરી બ્રહ્મની સાથે એકતા પ્રાપ્ત કરે છે આને **સાયુજ્ય** મુક્તિ કહેવામાં આવે છે.

આમ સંસારના બંધનોમાંથી મુકત થયા બાદ પણ આ ક્રમને અનુસરનારાઓ આત્મામાં તફાવત સ્વીકારે છે. કેટલાક વૈષ્ણવ દર્શનો અને ખાસ કરીને ભકિતમાર્ગને પુષ્ટ કરતો રામાનુજ સંપ્રદાય આ મતનો છે. જો કે સાલોક્ય મુક્તિ થયા બાદ તેને કદી બ્રહ્મલોકમાંથી પાછું આવવાનું નથી તે નક્કી છે. પણ મુકત થયા બાદ પણ તેની અવસ્થાઓમાં વિકાસ માનવો ઉચિત નથી. આ માન્યતાનું સયુકિતક ખંડન પણ ઘણી રીતે થઈ શકે છે. પરંતુ અહીં કેટલો વિસ્તાર કરવો !

એ રામાનુજ વગેરે વૈષ્ણવીય દર્શનની ખાસ બીજી વિચારણીય વાત એ છે કે તેઓ મુકત થયા બાદ બ્રહ્મના શરીરમાં પ્રવેશીને તેની સાથે એકતા સાધ્યા બાદ પણ

તે જીવાત્મા ત્યાં બ્રહ્મની–પરમાત્માની ભકિત કરે છે તેમ માને છે.

આ વાત ભેજામાં ઊતરે કેવી રીતે? ભકિત એ સાધ્ય નથી સાધન છે. જીવ બદ્ધદશામાં ભકિત કેળવી શકે પણ તે ભકિત દ્વારા મુક્ત થાય છે અને ત્યાં પણ એ ભકિત કરે! જો ભકિત જ એક આદર્શ ધ્યેય હોય તો સંસારિક દશાને વખોડીને–છોડીને મોક્ષમાં જવાની કશી જ આવશ્યકતા નથી. આથી રામાનુજ વગેરેના મતે મુકિત સાધનામય બને છે. સાધ્યરૂપ નથી. તેથી જ સમજવું કે જ્યાં સાધકને સાધના કરવાની હોય ત્યાં અપૂર્ણતા હોય હોય ને હોય જ!

આપણે "નમો સિદ્ધાણં"થી આવા સિદ્ધોને નમસ્કાર નથી કરતા; પણ જેઓ કૃતકૃત્ય છે. જેને હવે ધર્મની કોઈ સાધના બાકી નથી તે જ નિષ્ઠિતાર્થ–કૃતકૃત્ય કહેવાય અને તેઓને જ આપણે નમસ્કાર કરીએ છીએ. 'નમો સિદ્ધાણં" નો આ અર્થ ખૂબ સૂક્ષ્મતાથી વિચારશો તો આંશિક રીતે સર્વ સંવરના છેલ્લે સમયે પણ ઘટી શકે છે. કારણ કે તે વખતે આત્મા સર્વકર્મોથી મુક્ત થઇ ગયો છે–પરિપૂર્ણ થઈ ગયો છે તેને કોઇ સાધના બાકી રહી નથી. એટલે એક રીતે અહીં સંસારમાં રહેલા જ આત્મામાં આ અર્થ ઘટી ગયો.

**"સર્વ સંવરના છેલ્લે સમયે પણ વ્યાખ્યા ઘટમાન થાય છે."**

શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ તો અહીંથી કર્મનો ક્ષય થાય તે જ સમયે આત્મા મોક્ષે પહોંચે છે. પણ વ્યવહારની અપેક્ષાએ અહીંથી સર્વ કર્મ રહિત થયા પછીના સમયે મોક્ષે

પહોંચે છે. એટલે તે અર્થ અહીં એક સમય પહેલાં ઘટી જાય.

પ્રશ્નઃ—ના ઘટે. કેમકે તે આત્માને પણ અહીંથી લોકાગ્રે જવાનું તો બાકી જ છે ને !

જવાબઃ—તમારી વાત સાચી છે કે મોક્ષરૂપ આત્મ-પર્યાય તો પ્રગટી જ ગયો છે. હવે મોક્ષરૂપ સ્થાને પહોંચવાનું બાકી છે. શાસ્ત્રમાં મોક્ષના ય બંને અર્થો કર્યા છે. એક સ્થાનઆશ્રિત અને બીજો પર્યાયઆશ્રિત. એટલે મોક્ષરૂપ આત્મપર્યાય તો અહીં પેદા થઈ ગયો. માત્ર સ્થાનરૂપ મોક્ષે પહોંચવાનું બાકી કહેવાય.

કૃતકૃત્યતા આત્મપર્યાયરૂપ જ ગણાય. તેથી સ્થાનરૂપે મોક્ષ પ્રાપ્ત થવો બાકી હોવા છતાં ય ભાવરૂપ—આત્મપર્યાય-રૂપ મોક્ષ તો પ્રાપ્ત થઈ જ ગયો માટે તે કૃતકૃત્ય છે. વળી, સર્વકર્મોના સંગથી રહિત થયા બાદ આત્મા મોક્ષમાં જાય છે. તે ગતિ કોઈ કર્મના બાકી રહેવાના કારણથી નથી થતી પણ એક આત્મસ્વભાવરૂપે થાય છે તે ગતિના કારણો આપણે વખતે વિચારીશું.

અત્યારનો મુખ્ય વિચાર તો સિદ્ધનો આત્મા કૃતકૃત્ય—નિષ્ઠિતાર્થ છે. જેને હવે કશું જ કરવાનું બાકી નથી રહ્યું તેવા સિદ્ધોની વિચારણાનો છે.

'નમો સિદ્ધાણું' પદના ત્રીજા અર્થનો જ આપણે વિચાર કરી શકયા છીએ. હજી બીજા ત્રણ અર્થો વિચાર-વાના છે. જિનેશ્વર ભગવાનના શાસનમાં અગાધ જ્ઞાન છે. શ્રુતસમુદ્ર ખરેખર સામાન્ય બુદ્ધિથી પાર ન કરી શકાય

તેવો છે. આવું બહુમાન અર્થની આટલી વિશાળતા અને ગંભીરતા જોયા પછી થયા વિના રહે નહીં. શાસ્ત્રશ્રવણનો આ પણ એક હેતુ છે. આપણે તમામ હેતુઓ સિદ્ધ કરવા છે. માટે ઉતાવળ કરવાની નથી. હવે "નમો સિદ્ધાણં" એ પદનો ચોથો અર્થ વિચારીશું.

આ વિચાર આપણે ખૂબ ઊંડાણ અને વિગતોની છણાવટપૂર્વક કર્યો છે. સાચી કૃતકૃત્યતાના માલિક અનંત-સિદ્ધ ભગવાનની તુલના જગતના કોઈ પદાર્થ તથા કોઈ સાથે થઈ શકે તેમ નથી. આવું અદ્વિતીય પદ મનમાં વસી જાય માટે જ આપણો પ્રયત્ન છે.

# "નમો સિદ્ધાણં" પદનો ચતુર્થ અર્થ

શ્રી પંચમાંગ ભગવતીજી સૂત્રના ટીકાકારઅભયદેવસૂરિ મ. ગણધર ભગવંતે કરેલ પંચપરમેષ્ઠિરૂપ મંગલના બીજા પદ "નમો સિદ્ધાણં"નો ચોથો અર્થ કરતાં ફરમાવે છે કે "**ષિધૂઞ્ શાસ્ત્રે માંગલ્યે ચ** (પાણિનીય ધાતુપાઠ ૮૯) **"ઇતિ વચનાત્" સેધન્તિ સ્મ શાસિતારોઽભૂવન્ માંગલ્યરૂપતાં ચ અનુભવન્તિ સ્મેતિ સિદ્ધાઃ"**

'ષિધૂ' એવા ધાતુ પરથી સિદ્ધ શબ્દની સિદ્ધિ કરે છે. 'ષિધૂ' ધાતુનો અર્થ થાય છે શાસ્ત્ર અને માંગલ્ય પણ તેઓએ ભૂતકાળબોધક 'સ્મ' નો પ્રયોગ કરીને વ્યુત્પત્તિ કરી છે. તેથી એવો અર્થ થાય છે કે જેઓ શાસન કરનારા થઈ ગયા છે–જેઓએ માંગલ્યરૂપતાનો અનુભવ કરી લીધો છે તે સિદ્ધો.

અહીં ટીકાકાર મહર્ષિએ આ ચોથો અર્થ ઘટાવતા ભૂતકાળનો પ્રયોગ કર્યો છે તે ઘણો જ સૂચક છે. પ્રથમ અર્થમાં શાસન કરનારા થયા હતા એમ કહ્યું છે. પ્રથમ વિચાર તો એ કરવાનો છે કે શાસન એટલે શું ?

શાસન એટલે પ્રવચન–ઉપદેશ આજ્ઞા કે શાસ્ત્ર પણ

આ દુન્યવી કે ભૌતિક સામગ્રી માટેનું શાસન નહીં. **અહિતથી છોડાવે અને હિતની સાથે જોડાવે તેવી જે આજ્ઞાઓ કે ઉપદેશ તે જ શાસન. શાસ્ત્ર એટલે જ શાસન.** અને શાસ્ત્રકારો શાસ્ત્ર શબ્દની વ્યુત્પત્તિ કરતાં જણાવે છે કે........ "**શાસનાત્ ત્રાણ શક્તેશ્ચ, બુધૈઃ શાસ્ત્રં નિરુચ્યતે......**" શાસ્ત્ર પાસે બે ચીજ અવશ્ય હોય. શાસન એટલે કેવી રીતે વર્તવું તે અને **ત્રાણ** એટલે કેવી રીતે રક્ષણ થાય તે. અર્થાત્ શાસ્ત્ર માત્ર આજ્ઞા કરીને હટી જનાર નથી પણ દુર્ગતિમાંથી બચાવનાર છે. દુર્ગતિ માત્ર તિર્યંચ અને નરક જ શું કામ સમજવી? **ખરેખર દુર્ગતિ તો કષાય અને વિષયની આધીનતા જ છે** અને સદાકાળ માટે આપણે વિષય કષાયરૂપ દુર્ગતિમાંથી બચવા જ બધો પ્રયત્ન કરીએ છીએ. શાસ્ત્ર વાસ્તવિક શાસ્ત્ર આવી દુર્ગતિમાંથી બચાવે તેને જ કહેવાય.

આમ શાસનનું ફલ શું એ તો સમજ્યા પણ શાસન એટલે શાસ્ત્રનો ઉપદેશ. ઉપદેશનો વિષય ગમે તેવો ભવ્ય હોય પણ આખરે ઉપદેશ એટલે એક શબ્દોનો જ સમુદાયને? ઉપદેશરૂપ શબ્દોનો સમુદાય ઉચ્ચારણ વિના પેદા થાય કેવી રીતે? ઉચ્ચારણ જીભ, તાલુ, હોઠના પ્રયત્ન વિના જીવ કેવી રીતે કરી શકે? અને જીભ, હોઠ વિગેરે ઉપાંગો મુખ વિના હોય કેવી રીતે? અને મુખ શરીર વિના કેવી રીતે હોય? આમ સિદ્ધ નક્કી થાય છે કે શાસ્ત્રકરનાર, ઉપદેશ કરનાર શરીરધારી જ હોય અને સિદ્ધોને શરીર તો છે જ નહીં. તેથી શાસન કરનાર તેઓ સિદ્ધ અવસ્થામાં બની જ ન શકે. આગળ આપણે એ પણ વિચારી જ ગયા છીએ કે સિદ્ધો કૃતકૃત્ય છે એટલે હવે તેઓ ઉપદેશદાનમાંથી પણ મુકત છે.

પ્રશ્નઃ—તો પછી સિદ્ધોનો ઉપકાર શો? સિદ્ધ બની ગયાનો ફાયદો શો?

જવાબઃ—તેમનો ઉપકાર તો વર્ણવી ન શકાય તેવો છે. ઉપદેશ આપવા કરતાં પણ અપેક્ષાએ જે માટે ઉપદેશ અપાય છે તેવા બનવું તે જ વધારે મહત્વપૂર્ણ નથી? તીર્થંકર ભગવંતોનો ઉપદેશ પણ મોક્ષ માટે જ છે ને? મોક્ષાવસ્થાને પ્રાપ્ત કરવી તે જ ઉપદેશની સાર્થકતા છે. એટલે કહો કે તીર્થંકરો તો (તીર્થંકર અવસ્થામાં) માત્ર મોક્ષનો ઉપદેશ આપનારા છે મોક્ષમય નથી જ્યારે સિદ્ધો તો મોક્ષ સ્વરૂપ જ છે. આથી તેઓ ઉપકારી તો ખરા જ. તેમના ઉપકારની વધુ વિચારણા આગળ પણ થશે. અહીં તો એટલું જાણી લો કે **સિદ્ધો ભલે ઉપદેશદાતા નથી પણ ઉપદેશદાતાના અને ઉપદેશદાનના સાચા આધાર છે.** કોઈ પણ માલની ઉપયોગિતા–અનિવાર્યતા બતાવનાર કરતાં તેના ખરીદનારની જ મહત્તા છે કારણ તે જ ઉપદેશનું ફલ છે. ઉપદેશદાતા તો તીર્થંકરો બની શકે પણ ઉપદેશ તો સિદ્ધોના નિમિત્તે જ ગ્રહણ થાય. એટલે તેમની ઉપકારતા તો છે જ તેથી સિદ્ધ થવાનો મોટો ફાયદો છે જ ઉપદેશની સંપૂર્ણ સાર્થકતા....પરંતુ ભવ્યાત્માઓને ઉપદેશદાન દ્વારા શાસન પમાડવાનું કાર્ય તો તીર્થંકરો જ કરી શકે. આથી જ અભયકુમાર જેવા બુદ્ધિનિધાન શાસ્ત્રનિષ્ણાત ટીકાકાર પૂ. અભયદેવસૂરિ મ. વર્તમાનકાલપરક અર્થ ન કરતાં ભૂતકાલપરક અર્થ કરે છે. **શાસન કરનાર થયા હતા તે સિદ્ધો.**

આપણે સમજવું જ પડે છે કે આ અર્થ સમસ્ત સિદ્ધોમાં લાગુ પડતો નથી પણ જે આત્માઓ તીર્થંકર

બનીને સિદ્ધ થયા છે તેમને જ લાગુ પડે છે. કારણ કે તીર્થની સ્થાપના દ્વારા શાસન કરીને તેઓ પણ સિદ્ધ જ થાય છે.

આ જ આ અર્થની વિશેષતા છે. કોઈ એવી શંકા કરે કે બધા જ સિદ્ધોમાં આ અર્થ કેમ ઘટે નહીં ? અને બધા જ સિદ્ધોમાં એ ન ઘટતો હોય તો તે અર્થ કેવી રીતે કહેવાય ?

તો આ શંકા ખોટી સમજવી. આપણે કંઈ " શાસન કરનાર થઇ ગયા તે સિદ્ધ " આ અર્થને સિદ્ધના લક્ષણરૂપ નથી માન્યો જે પદાર્થનું જે લક્ષણ હોય તે તેમાં ન ઘટે તો દોષ કહેવાય. શબ્દની વ્યુત્પત્તિ થતા બધા જ અર્થો લક્ષ્યભૂત તમામ પદાર્થોમાં ઘટે તેવી કોઈ જરૂર નથી માટે બધા સિદ્ધોમાં અર્થ ઘટાડવાનો આગ્રહ ન રાખવો. પણ અરિહંત પદનો અનુભવ કરીને મોક્ષ પામેલ સિદ્ધોમાં જ અર્થ ઘટાડવો.

પ્રશ્નઃ—ગણધર ભગવંતો તો સૂત્રથી શાસ્ત્રની રચના કરનારા હોય છે અને બીજા મુનિઓ પણ ભવ્યાત્માને ઉપદેશ આપીને જ મોક્ષે જાય છે તો તેઓ પણ શાસન કરનારા થયા હતા એમ કેમ ન કહેવાય ? અને બધા જ આવી રીતે શાસન કરનારા થાય તો સમસ્ત સિદ્ધોમાં એ અર્થ કેમ ન ઘટે ?

જવાબઃ—ગણધર ભગવંતો સૂત્રથી આગમના રચનાર ખરા તેથી સૂત્રાત્મક આગમના તેઓ કર્તા કહેવાય. પણ શાસન કરનારનું શાસકપણું ત્યારે જ સાર્થક થાય કે જ્યારે શાસકની આજ્ઞાનું પાલન થાય. હવે વિચારો કે

જ્યારે સૂત્રોનું પાલન થાય ત્યારે તેના અર્થથી કે શબ્દથી ? એકલો શબ્દ શાસન કરે કેવી રીતે ? શાસન એટલે આજ્ઞાનું પાલન તો તે અર્થથી જ થાય માટે દ્વાદશાંગીના કર્તા પણ શાસનકર્તા તો ન જ કહેવાય.

વળી તમે વિચારો કે ભગવાનના ફરમાવેલ શાસન દ્વારા પણ ગણધરો શાસન તો કરે જ છે ને ? અને મુનિઓ પણ શાસન તો ચલાવે જ છે ને ? તો તેઓ કેમ શાસનકર્તા નહિ ?

'શાસક' તો એનું નામ કહેવાય કે જે સર્વોપરિ હોય. જેના કોઈ ઉપરિ હોય કે જે કોઈની આજ્ઞાનુસાર કાર્ય કરતો હોય તે શાસન કરનાર નહીં, પણ શાસન પાલન કરનાર કહેવાય. ગણધર ભગવંતો કે મુનિ ભગવંતો શાસનના પાલનાર, પાલન કરાવનાર, અનેક આત્માઓને શાસન પહોંચાડનાર, લાંબા કાળ સુધી ટકાવી પ્રભાવના કરનાર બને પણ શાસનકર્તા તો ન જ કહેવાય. શાસનકર્તા તો તીર્થંકરો જ છે.

વળી સિદ્ધ થનાર દરેક આત્માઓ ઉપદેશ આપે જ તેવો એકાંત પણ ક્યાં છે ? અંતકૃત્ કેવલી એટલે કેવલજ્ઞાન પામે અને તરત જ આયુષ્ય પૂર્ણ કરી મોક્ષે જાય તેઓ ક્યાં ઉપદેશ દે છે ? મરુદેવા માતા હાથી પર જ કેવલજ્ઞાન પામ્યા અને ત્યાં રહ્યા–રહ્યા જ મુક્ત થઈ ગયા. સ્કંદકજીના શિષ્યો ઘાણીમાં પીલાતા જ હતા ત્યાં કેવલજ્ઞાન પેદા થયું અને આયુષ્યનો ક્ષય કરી મોક્ષે ગયા. એટલે સિદ્ધ થનારા બધા જ આત્માઓ ઉપદેશ આપે જ તેવો નિયમ છે જ નહિ.

એવું નહિ વિચારતા કે એ તો આયુષ્ય ઓછું હતું

એટલે ઉપદેશ ન આપ્યો. બાકી જેનું આયુષ્ય લાંબુ હોય તે તો ઉપદેશ આપે જ.

કારણ કે અસોચ્ચા કેવલીઓ લાંબા આયુષ્યવાળા હોવા છતાં ય ઉપદેશ આપતા નથી.

અસુચ્ચા એટલે શું એ નહીં સમજતા હો. સુચ્ચા એટલે શ્રુત્વા અર્થાત્ સાંભળીને અને અસુચ્ચા એટલે અશ્રુત્વા ગુરુ આદિના મુખેથી ઉપદેશ સાંભળ્યા વગર જે કેવલજ્ઞાની થાય છે તેઓ આયુષ્ય ગમે તેટલું લાંબું હોય છતાં ય ઉપદેશ આપતા નથી. તેથી બધા સિદ્ધોમાં ઉપદેશ આપનાર હતા તેવો અર્થ પણ ઘટતો નથી તો 'શાસન કરનાર હતા' તેવો અર્થ તો કેવી રીતે ઘટી શકે ? માટે જેઓ અરિહંત થઇને સિદ્ધ થયા છે તેનામાં જ આ અર્થ ઘટાડવો.

ટીકાકાર મહર્ષિએ અહીં વ્યુત્પત્તિ કરતાં 'ષિધૂ શાસ્ત્રે માંગલ્યે ચ' એમ અર્થ કરતા સિદ્ધોનો અર્થ 'મંગલરૂપતાનો અનુભવ જેણે કર્યો છે તે' એમ કર્યો છે.

આ અર્થ વિચારીશું એટલે સ્પષ્ટ સમજાઇ જશે કે પ્રથમનો 'શાસન કરનારા હતા તે સિદ્ધો....' તેવો અર્થ પણ અરિહંતો માટે જ હતો. કારણ કે 'ચત્તારિ મંગલમ્' એ ગાથામાં 'સિદ્ધા મંગલ' આવે છે એટલે વર્તમાનકાળમાં પણ સિદ્ધો તો મંગલ જ છે. તો પછી ટીકાકારે 'મંગલતાનો અનુભવ કર્યો હતો તેઓ....' એવો ભૂતકાળપરક અર્થ શા માટે કર્યો ?

શું સિદ્ધો વર્તમાનકાળમાં મંગલતાનો અનુભવ નથી કરતા ? સ્વભાવની પરિપૂર્ણતાથી વધીને કોઇ મંગલ છે ખરું ?

પણ અહીં ભૂતકાળપરક અર્થ કરીને તેમણે સૂચવ્યું છે કે વિશુદ્ધ સ્વભાવરૂપ મંગલની અહીં વિવક્ષા નથી કરવાની પણ અહીં તો તીર્થંકર ભગવંતોમાં કેવલી થયા બાદ જે પ્રભાવકતા હોય છે તે રૂપે મંગલતા લેવાની છે.

પરમાત્મા વિહારમાં હોય ત્યારે ઇતિ ઉપદ્રવ–દુર્ભિક્ષ વગેરે સેંકડો કોશો દૂર જાય છે. સ્વરાષ્ટ્ર કે પરરાષ્ટ્રનો ભય ઉપજતો નથી. તેમના સાનિધ્યમાત્રથી અન્ય આત્માઓમાં ગજબનું પરિવર્તન સર્જાય છે. આવી મહાન પુણ્યાઇના અનુભવરૂપ માંગલ્ય લેવાનું છે. કેટલાય આત્માઓને પ્રભાવ માત્રથી પલાળી નાંખનાર ઉત્કૃષ્ટ પુણ્યોદયરૂપ મંગલતા તેઓ સિવાય અન્ય કોઇમાં નથી.

આ માટે ટીકાકાર મહર્ષિએ બંને અર્થોમાં ભૂતકાળ પરકતા રાખી છે.

આમ આ ચોથા અર્થ દ્વારા આપણે સિદ્ધોને નમસ્કાર કર્યો છે.

તીર્થંકર પરમાત્મા સિદ્ધિગતિ પામે છે એટલે 'નમો સિદ્ધાણં' પદમાં આવે છે. છતાં ય અમુક કાળ સુધી તો તેઓના જ નામથી શાસન ચાલે છે. જેમ તીર્થંકર પરમાત્મા મહાવીરે સ્વદેહે શાસન તો ૩૦ વર્ષ જ કર્યું, પણ તેમની હયાતિ બાદ વીશ હજાર નવસો અને સીત્તોર વર્ષ સુધી તેમનું શાસન ચાલવાનું. એટલે વધુ સમય તો તમના પોતાના શાસનમાં પણ તેઓ સિદ્ધપર્યાયરૂપે જ રહેવાના અને તેથી ભૂતકાળમાં શાસન કરનાર હતા તેવો અર્થ તેમની સિદ્ધ અવસ્થામાં ઘટાડવો જરૂરી છે જેથી સ્પષ્ટ સમજાય છે કે તેઓ વર્તમાનકાળમાં સિદ્ધરૂપે હોવા

છતાં ય તેમનું શાસન ચાલે ત્યાં સુધી તેમની મુખ્યરૂપે તો તીર્થંકર તરીકે જ આરાધના થવાની.

હવે આપણે તે ઉપકારીની ઉપકારમયતાનો ખ્યાલ કરવાનો છે. તેઓ તો 'શાસન કરનાર થઇ ગયા' પણ આપણા પર તેમનું શાસન છે કે મોહનું શાસન છે? જે આત્મા પર તીર્થંકરોનું શાસન હોય તેના પર મોહનું શાસન હોય ખરૂં ?

એક ગુફામાં બે સિંહ ન હોય. એક દેશમાં બે રાજા ન હોય તેમ ભગવાનનું શાસન હોય ત્યાં મોહનું શાસન ન હોય! અને મોહનું શાસન હોય તો સમજવાનું કે અહીં પરમાત્માના શાસનનો પ્રવેશ થયો જ નથી.

આત્માને જાગૃત કરો, ઘોર નિદ્રામાંથી ઉઠાડો અને પૂછો કે તું કોના શાસનમાં છે....?

મોહના શાસનની લીલા આશ્ચર્યકારી હોય છે. બને ત્યાં સુધી તો તે ધર્મની પાસે જવા જ ના દે. તેમાં ય તીર્થંકર પરમાત્માના શાસન સુધી તો આવવા જ ન દે. કદાચિત્ કોઈ આત્મા જોરદાર પુરૂષાર્થ કરે અને પરમાત્મા તીર્થંકરના શાસન સુધી પહોંચે તો ય બહારના વ્યવહારમાંથી તે મોહ, પોતાની સત્તા ઓછી કરે પણ અંદરથી તો પોતાનું સામ્રાજ્ય કેમે ય છોડે નહીં. એટલે પાકો વિચાર....પાકી પરીક્ષા કરી જોજો. બહારથી જિનનું શાસન દેખાતું હશે; પણ અંતર આત્મા પર મોહનું શાસન ચડી નથી બેઠું ને! તે બારીકાઇથી તપાસજો.

અંતરમાંથી અનંત કાલ માટે મોહનું શાસન ચાલી જાય માટે જ આવા ભગવતીજી જેવા પરમ મંગલ સૂત્રોનું

શ્રવણ કરવાનું છે. હજી ભગવતીજી સૂત્રના પ્રથમ સૂત્રને વાંચવાની વાર છે. ચાર જ્ઞાનના ધણી, ગણધર સુધર્મા-સ્વામીજી ૧૪ પૂર્વના સારભૂત નવકાર મહામંત્રનું મંગલ કરે છે. આ મહામંત્રના બીજા પદ 'નમો સિધ્ધાણું' નો ચોથો અર્થ અહીં પૂરો થાય છે. તમે પણ ચાર પુરૂષાર્થમાં પ્રધાન મોક્ષપુરૂષાર્થને જીવનમાં આદરીને ચાર ગતિરૂપ સંસારનો નાશ કરો...............હવે પછી પંચમી ગતિ મેળવવા પાંચમા અર્થની વિચારણા કરીશું...........

# "નમો સિદ્ધાણં" નો પંચમ અર્થ

શ્રી પંચમાંગ ભગવતીજી સૂત્રમાં ગણધર સુધર્માસ્વામીએ કરેલ નમસ્કાર મહામંત્રરૂપ મંગલ ચાલી રહ્યું છે તેમાં 'નમો અરિહંતાણં' પદની વિવેચના થઇ ગઈ. નવકાર મંત્રરૂપ મહાશ્રુતસ્કન્ધાન્તર્ગત 'નમો સિદ્ધાણં' પદના વિવિધ અર્થો નવાંગી ટીકાકાર પૂ. અભયદેવસૂરી મ. કરી રહ્યા છે. આ અર્થોનું ગાંભીર્ય એટલું બધું છે કે હજી આપણે તેના વિવેચનથી આગળ વધી શકયા નથી.

આપણે અત્યાર સુધી કુલ ચાર અર્થો 'નમો સિદ્ધાણં' પદના વિચાર્યા તેમાં સૌથી પહેલો નિરૂક્તાર્થ હતો. બાકીના ત્રણ યોગરૂઢ અર્થો હતા. હવે જે બે અર્થો પૂ. આ. દેવ અભયદેવસૂરી મ. બતાવી રહ્યા છે માત્ર રૂઢયર્થ જ છે. પ્રથમ રૂઢાર્થ બતાવતાં ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે 'અથવા સિદ્ધાઃ—નિત્યાઃ' '**અપર્યવસાન સ્થિતિકત્વાત્**' અર્થાત્ સિદ્ધો એટલે નિત્ય મતલબ અનંત સ્થિતિવાળા, ટીકાકારના અપર્યવસાન શબ્દને સાંભળો છો ત્યારે સમજ નથી પડતીને ! પણ જરા વિચારો; 'અવસાન' શબ્દને તો તમે સાંભળ્યો છે ને ? આનો અર્થ તો ખબર છે ને ? ફલાણા શ્રીમંત મહાશયનું 'અવસાન' થયું.

અવસાનનો અર્થ થયો મરણ; અંત કે નાશ જૈનશાસનની દૃષ્ટિએ **જુના પર્યાયનો ત્યાગ અને નવા પર્યાયની ઉત્પત્તિ.** આજ અવસાન શબ્દની આગળ 'અ' અને 'પરિ' લાગ્યા છે તેમાં પરિ એટલે ચારે તરફથી અને 'અ' એટલે નહીં "ચારે તરફથી જેનો નાશ નથી તેવી સ્થિતિવાળા હોવાથી આટલા લાંબા અર્થને કહેવા માટે સંસ્કૃતમાં 'અપર્યવસાન સ્થિતિકત્વાત્' એટલું બોલીએ તો ચાલે. સિધ્ધનો અર્થ તો અહીં નિત્ય જ કરવાનો છે. પણ સિધ્ધો નિત્ય કેમ છે? તે પ્રશ્નનો જવાબ હેતુ આપીને જણાવવામાં આવ્યો છે કે 'અપર્યવસાનસ્થિતિકત્વાત્'

તમે આટલી આટલી શાસ્ત્રીય વાતો સાંભળ્યા બાદ થોડું તો હવે સમજતા થયા હશો ને? જરા વિચાર કરો તો પ્રશ્ન થશે કે જૈનશાસનની દૃષ્ટિએ તો આત્મા ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય–આકાશ–પુદ્ગલ અને કાળને જુદો ગણીએ તો કાળ, આ છએ દ્રવ્યો નિત્ય જ છે. પછી સિધ્ધનો આત્મા પણ આત્મા છે તો તેને નિત્ય કહેવાની જરૂર જ શી? પદાર્થમાત્ર નિત્ય તો છે જ, પણ અહીં એ વાતનો ખુલાસો કરવા માટે જ ટીકાકારે હેતુ મુકયો છે **'અપર્યવસાન-સ્થિતિકત્વાત્'** એ સીધું સિધ્ધના આત્માનું વિશેષણ નથી સમજવાનું પણ સિધ્ધત્વરૂપ પર્યાય દ્વારા આત્માનું વિશેષણ સમજવાનું છે. આત્માથી માંડીને કાલ સુધીના દ્રવ્યો નિત્ય છે તે દ્રવ્યના ધ્રૌવ્યાંશની અપેક્ષાએ જયારે ટીકાકાર અહીં સિધ્ધના આત્માને નિત્ય બતાવવા માંગે છે તે આત્માના આત્મ દ્રવ્યના ધ્રૌવ્યપણાને લઇને જ નહીં પણ

સિધ્ધત્વરૂપ પર્યાયની અનંત સ્થિતિ હોવાને કારણે, શાસ્ત્રીય દૃષ્ટિએ ચાર પ્રકારના પર્યાયો હોય છે.

## પદાર્થના ચાર પ્રકારના પર્યાયો

(૧) સાદિ, સ+પર્યવસાન (શરૂઆત છે અને અંત છે)
(૨) અનાદિ, સ+પર્યવસાન (શરૂઆત નથી અને અંત છે)
(૩) અનાદિ, અ+પર્યવસાન (શરૂઆત નથી અને અંત નથી)
(૪) સાદિ, અ+પર્યવસાન (શરૂઆત છે અને અંત નથી)

આત્માના મનુષ્ય-દેવ-નારક આદિ પર્યાયોની શરૂઆત છે-આદિ છે અને તેનો અંત પણ છે માટે તેને 'સાદિ-સપર્યવસાન' કહેવાય. પુદ્ગલનો જે શબ્દરૂપ પર્યાય ઉત્પન્ન થાય છે તે અને પુદ્ગલનો વિવિધ દ્રવ્ય સાથે સંબંધ થાય છે; તે 'શબ્દ' અને બંધરૂપ પર્યાયની શરૂઆત તો છે પણ તેનો અંત આવી જાય છે માટે આવા પર્યાયો સાદિ સપર્યવસાન સ્થિતિવાળા કહેવાય.

પણ આત્માનો ભવ્યત્વ પરિણામ એવો છે કે જેની શરૂઆત નથી છતાંય તેનો અંત છે કારણ કે મોક્ષમાં ગયા બાદ તે ભવ્યત્વરૂપ પરિણામનો નાશ થઈ જાય છે. આથી જ સિધ્ધના આત્માને આજ ભગવતી સૂત્રમાં 'નોભવ્વા-નોઅભવ્વા' કહ્યા છે અર્થાત્ સિધ્ધના આત્માને ભવ્ય પણ ન કહી શકાય અને અભવ્ય પણ ન કહી શકાય. ભવ્ય તો મોક્ષમાં જવાને યોગ્ય હોય તે જ કહેવાય. મોક્ષમાં ગયા બાદ મોક્ષમાં

જવાની યોગ્યતા રહી ન કહેવાય. અંકુરો વૃક્ષરૂપે થઈ ગયો. બાદ વૃક્ષમાં હવે વૃક્ષરૂપે ઊગવાની યોગ્યતા ન કહેવાય. બેટરીનો પાવર સળગાવો તે પહેલાં તેનામાં પ્રકાશ પેદા કરવાની યોગ્યતા હતી એક વખત સળગી ગયા બાદ હવે તેમાં સળગવાની યોગ્યતા રહી ન કહેવાય. તે યોગ્યતા પૂર્ણ થઈ ગઈ તેથી તે પર્યાયનો નાશ થયો. આમ ભવ્યત્વ પર્યાય 'અનાદિ સપર્યવસાન' સ્થિતિવાળો પર્યાય થયો.

જયારે અભવ્યત્વરૂપ પર્યાય આત્માનો એવો છે કે એની આદિ નથી અને અંત પણ નથી. આ પર્યાયને આપણે અનાદિ અપર્યવસાન સ્થિતિવાળો જ માનવો પડશે. હવે એક જ ભંગ બાકી રહયો અને તે સાદિ–અપર્યવસાન સ્થિતિવાળો પર્યાય. સિદ્ધત્વની આદિ છે પણ તેનો અંત નથી. આત્મા સંસારમાં હોય છે ત્યારે દેવપર્યાયને છોડી મનુષ્યપર્યાય ગ્રહણ કરે. મનુષ્યપર્યાયને ત્યાગી પશુ પર્યાયને ધારણ કરે પણ સિદ્ધ થયા બાદ તે આવા કોઈ-પણ પર્યાયને ધારણ કરે નહીં પણ સિદ્ધ પર્યાય જ કાયમ રહે. અનંત-કાળ સુધી રહેવાનો. આપણે કંઈ પેલા દયા-નંદજીની માફક કે ત્રૈરાશિક ગોશાળાની માફક આત્માને સિદ્ધ થયા બાદ પાછો આવવાનું માનતા નથી. એમના મતની તો ખૂબ સમાલોચના આગળ કરી ગયા છીએ; યાદ છે ને ? તે મિથ્યાવાદિઓના મતે સિદ્ધ એક 'સાદિ–સપર્ય-વસાન' સ્થિતિવાળો પર્યાય બનવાનો જયારે જૈનશાસનની અને બીજા ઘણાં આર્ય દર્શનકારોની દ્રષ્ટીએ સિદ્ધઅવસ્થા સાદિ–અપર્યવસાન સ્થિતિવાળી છે.

આ વશેષતા બતાવવા માટે જ ટીકાકાર મહારાજ 'સિદ્ધાઃ-નિત્યાઃ' કહ્યા બાદ 'અપર્યવસાનસ્થિતિકત્વાત્'

એવો હેતુ મૂકે છે. જો સિદ્ધના આત્માનું જ નિત્યત્વ સિદ્ધ કરવું હોત તો **અમૂર્તત્વાત્** કે આવો બીજો કોઇપણ હેતુ આપી શકત ! પણ તેવો કોઇ હેતુ ન આપતાં 'અપર્યવસાન-સ્થિતિકત્વાત્' હેતુ આપ્યો છે તે ખૂબ જ ઈરાદાપૂર્વક આપેલ છે. તેઓ સિદ્ધત્વરૂપ સાદિ–અપર્યવસાન પર્યાયને નિત્ય સિદ્ધ કરીને તે દ્વારા સિધ્ધના આત્માને નિત્ય કહેવા માંગે છે. કારણ આપણે ત્યાં અભેદનયના મતે દ્રવ્ય અને પર્યાયનો અભેદ છે.

## સિદ્ધત્વપર્યાયનું નિમિત્ત કારણ શું ?

અહીં એક વાત વિચારવાની છે. સિધ્ધત્વરૂપ પર્યાયની આદિ છે. આદિ એટલે શરૂઆત–ઉત્પત્તિ. જેની ઉત્પત્તિ હોય તેના ઓછામાં ઓછા બે કારણો હોવા જ જોઇએ. (૧) ઉપાદાન કારણ. (૨) નિમિત્ત કારણ સિધ્ધત્વરૂપ પર્યાય-પણે આત્મા જ પરિણમ્યો છે. માટે તે સિધ્ધત્વરૂપ પર્યાય માટે ઉપાદાન કારણ તો આત્મા જ છે. જેમ માટીમાંથી ઘડો બને છે ત્યારે માટી જ ઘડારૂપે પરિણમે છે. માટે તેજ પરિણામી કારણ છે. પણ ઘડો બનાવવા માટે માટીરૂપ પારિણામિક કારણ ઉપરાંત દંડ, કુંભાર આદિનિમિત્ત કારણની પણ જરૂર પડેછે તો આત્માના સિધ્ધત્વરૂપ પર્યાયની ઉત્પત્તિ માટે નિમિત્ત કારણ કોણ ? તમે કહેશો કર્મનો ક્ષય તેમાં નિમિત્ત છે પણ કયા કર્મના ક્ષયથી સિદ્ધત્વ-રૂપ પર્યાય પ્રાપ્ત થયો છે ? શું જ્ઞાનાવરણીયના ક્ષય દ્વારા, દર્શનાવરણીય કર્મના ક્ષય દ્વારા, વેદનીય કર્મના ક્ષય દ્વારા, મોહનીય કર્મના ક્ષય દ્વારા; આયુષ્ય કર્મના ક્ષય દ્વારા,

નામ કર્મના ક્ષય દ્વારા, ગોત્ર કર્મના ક્ષય દ્વારા; કે અંતરાય કર્મના ક્ષય દ્વારા ?

શાસ્ત્રમાં તો જણાવ્યું છે કે જ્ઞાનાવરણીયના ક્ષય દ્વારા કેવલજ્ઞાન પેદા થાય. દર્શનાવરણીયના ક્ષય દ્વારા કેવલદર્શન પેદા થાય થાય. વેદનીયકર્મના ક્ષય દ્વારા અવ્યાબાધ સુખ સિદ્ધોને પેદા થાય નામ કર્મના ક્ષય દ્વારા અરૂપીપણું પેદા થાય. ગોત્રકર્મના ક્ષય દ્વારા અગુરૂલઘુપણું પ્રાપ્ત થાય. અંતરાયકર્મના ક્ષય દ્વારા અનંત દાનાદિલબ્ધિ પેદા થાય. ત્યારે વિચાર થાય છે કે સિદ્ધત્વરૂપ પર્યાય આત્માને કેવી રીતે પ્રાપ્ત થયો ?

શાસ્ત્ર ઘણાં છે એક જ શાસ્ત્ર વાંચવાથી પાર ન આવે. મહાપુરૂષો ફરમાવે છે કે આચાર્યોમાં ગીતાર્થતા માત્ર ન ચાલે. તેનામાં **બહુશ્રુતતા** પણ હોવી જોઇએ. અનેક શાસ્ત્રોનું અવગાહન કરવું જરૂરી છે. કેટલીયવાર આપણને મુખ્ય શાસ્ત્રો વાંચવાથી જે ચીજ પ્રાપ્ત થતી નથી-સમજાતી નથી તે પ્રકરણ ગ્રંથો વાંચવાથી પણ પ્રાપ્ત થાય છે અને હજારો પ્રકરણ ગ્રંથો વાંચવાથી જે નથી મળતું તે આકર ગ્રંથો મહાન ગ્રંથો વાંચવાથી પ્રાપ્ત થાય છે. વિશેષ આવશ્યક ભાષ્ય;-તત્ત્વાર્થની સિદ્ધસેનીયા ટીકા, સ્યાદ્વાદ રત્નાકર વગેરે આકરગ્રંથો કહેવાય. આકર અટલે ખાણ, ખાણમાંથી ખોદતાં આવડે તો ખોદી શકાય નહીં તો આળસુ અને એદી જાતને ખાણ હોવા છતાં ય કંઇ પ્રાપ્તિ ન થાય.

તત્ત્વાર્થ સૂત્રની ટીકામાં કહ્યું છે કે સિદ્ધત્વરૂપ પર્યાય આઠેય કર્મના ક્ષયથી પેદા થાય છે. એટલે એક રીતે કહીએ તો કેવલજ્ઞાન-કેવલદર્શન રૂપ ગુણો માટે તો એક એક કોઇ કર્મનો ક્ષય નિમિત્તરૂપ પડે છે. જ્યારે સિધ્ધત્વરૂપ પર્યાય એક જ છે. પણ તેમાં આઠેય કર્મનો ક્ષય નિમિત્ત છે !

તાર્કિકોને કરવા હોય તો આની ઉપર પણ ખૂબ પ્રશ્નો કરી શકે છે અને તે બધાના જવાબ છે. પણ તમને કયાં એટલા ઊંડા ઉતારવા ? પણ ધ્યાનમાં રાખજો કે તમે જ્યાં સુધી તત્ત્વમાં ઊંડા ઉતરશો નહિ ત્યા સુધી મિથ્યાત્વના ભૂંડા ભૂતથી છુટાશે નહિ. અનાદિના કર્મ કુડાથી મુકત થવાશે નહીં, અને એનાથી મુકત નહીં થવાય ત્યાં સુધી રૂડાં મોક્ષનાં સુખ મળશે નહીં.

## સિધ્ધ જ સિધ્ધ થાય કે અસિદ્ધ સિધ્ધ થાય

સિદ્ધત્વરૂપ પર્યાયની આદિ છે અને તે કોઈ એક કર્મના ક્ષયથી નહીં પણ આઠેય કર્મના ક્ષયથી જ ઉત્પન્ન થાય છે પણ શાસ્રમાં કહ્યું છે '**सिध्धस्स सिध्ध-तं उवजायई**' જે સિધ્ધ હોય છે તે જ સિધ્ધપણાને પામે છે. આ વચનની અપેક્ષા ન સમજીએ તો ગોટાળો થાય. આ વચન નિશ્ચયનયનું વચન છે. નિશ્ચયનયનું કહેવું છે કે અસિધ્ધ સિધ્ધ થતા નથી. સિધ્ધ જ સિધ્ધ થાય છે. નિશ્ચયનયની પોતાના મતના સમર્થન માટે દલીલ આપે છે કે જો અસિધ્ધ સિધ્ધ થઇ શકે તેમ હોય તો જડ પુદ્ગલ પણ કેમ સિધ્ધ થતો નથી ? આત્મા જ કેમ સિધ્ધ થાય છે ? આત્મા જ સિધ્ધ થાય છે પુદ્ગલ નહીં, તે જ બતાવે છે કે તે સિધ્ધ હતો માટે જ સિધ્ધ થયો.

આ નિશ્ચયનય ( મતવાદી )ને વ્યવહારનય (મતવાદી) પૂછે છે કે એ આત્મા સિધ્ધ જ હતો તો પછી સિધ્ધ થયો એમ કહો છો શું કરવા ? જે અનાદિ ભૂતકાળથી છે જ અત્યારે પણ છે જ. તે થયો તેમ બોલવું જ પરસ્પર વિરૂધ્ધ છે. 'કે તે આત્મા મોક્ષમાં ગયા પહેલાં અસિધ્ધ હતો અને સર્વ કર્મનો ક્ષય કરીને સિધ્ધ થયો !' જો તે સંસારી અવસ્થામાં જ સિધ્ધ હતો તો તેણે કર્મનો ક્ષય

કરીને નવું શું કર્યું? શા માટે કર્મનો ક્ષય કર્યો? કર્મોનો ક્ષય કર્યા વિના તે સિધ્ધ કેમ ન થયો?

**પ્રશ્ન :-** અમને તો બંને વાત સાચા જેવી જ લાગે છે પણ અમારે શું માનવું? કયા નયની વાત માનવી?

જવાબ ;- બસ, આટલું સાંભળ્યા બાદ પણ આ દશા? **કોઈપણ એક જ નયની વાત સાચી લાગે તે કાચો પણ બધાં જ નયની વાત સરખી ગોઠવણ પૂર્વક સાચી લાગે તે જ સાચો.**

આ વાતને એક દૃષ્ટાંતથી સમજો.

રૂપિયો ચાંદીનો છે પણ એ માત્ર ચાંદીનો ટુકડો જ છે કે તેમાં કોઇ વિશેષતા છે? ચાંદીના ટુકડાને રૂપિયા તરીકે બજારમાં સિધ્ધો વટાવી ન શકાય. પણ જો ચાંદીના ટુકડા પર સરકારની મહોર હોય તે લઈને બજારમાં જાવ તો દાંતણવાળાનો છોકરો ય તમને માલ આપે! ત્યારે બોલો રૂપિયો કોને કહેવો ચાંદીના ટુકડાને કે ઉપર મારેલી મહોરને? નિશ્ચયનયના મતે કિંમત ચાંદીની છે તે ચાંદીને જ રૂપિયો–ધન માને છે જયારે વ્યવહારનય તો માત્ર મહોરને જ રૂપિયો કહે છે તેને જ ધન કહે છે. તે કહે છે જો ચાંદી ધન હોય તો મહોર વિના જાવને બજારમાં કોઇ ફટાફટ ચીજ આપશે નહીં. નિશ્ચયનય કહે છે મહોરથી જ ચાલી જતું હોય તો મહોરથી જ રૂપિયો હોય તો કલાઇની ઉપર મહોર મારો ને ચાંદીની શી જરૂર છે? મહોર બરાબર હોય પણ વેપારીને વહેમ પડે કે ચાંદી નથી હલકી ધાતુ છે તો તરત ચુંબકને અડાડીને પરીક્ષા કરે છે. ચાંદી હોય તો ચોંટે નહીં અને લોઢા જેવી હલકી ધાતુઓ હોય તો

તરત જ ચોંટી જાય મહોર હોવા છતાં ય એ રૂપિયો ચાલે નહીં એટલે સાચો રૂપિયો એ માત્ર મહોર નથી અને માત્ર ચાંદી પણ નથી પણ ચાંદીના ટુકડા પરની મહોર એજ સાચો રૂપિયો છે.

**પ્રશ્ન :** પણ, મહારાજ સાહેબ. હમણાં તો કાગળ પર મહોર મારીને રૂપિયા ચાલે છે ને !

**જવાબ :** ચાલે, જે દેશની દશા ભિખારી જેવી હોય તેને એવું પણ ચેલાવવું પડે ખરો કાયદો તો પહેલાં હતો કે જેટલા રૂપિયાની નોટો સરકાર બહાર પાડે તેટલું સરકારની પાસે સોનું કે ચાંદી જોઇએ ! જેટલી કીંમતની નોટો બહાર પડે તેટલું સોનું કે ચાંદી સરકાર પાસે ન હોય તો તે સરકાર દેવાળીયણ સરકાર કહેવાય. એટલે કહો નોટ રૂપિયાની મહોરરૂપે ત્યારે ચાલે જ્યારે તેના જેટલો ચાંદીનો કે સોનાનો ટુકડો ક્યાં ય જળવાયો હોય ?

આ તમે વધારે સુધરેલા થયા પણ રૂપિયા ભેગા કરવાનો મોહ ઓછો ન થયો પણ રૂપિયાનો ભાર ઉપાડવાની શક્તિ ઓછી થઈ એટલે સોનાચાંદીનાં બદલે કાગળીયાનો આશરો લીધો. પણ આ કોઇ નવી વાત નથી. નોટો ન હતી એ જમાનામાંય હુંડીયો ચાલતી હતી. આ નવા જમાનાની સરકારની હુંડી છે. પહેલાં ચાંદીનાં રૂપિયા ઉપર મહોર રહેતી હવે તમે મહોર કાગળ ઉપર રાખો અને ચાંદી કે સોનું સરકારની તિજોરીમાં રાખ્યા. પણ જ્યાં સુધી ચાંદી કે સોનું અને મહોર ન હોય ત્યાં સુધી તેની કિમત રૂપિયા તરીકેની થાય નહીં તેનાથી વ્યવહાર 'ચાલે' નહીં.

આમ નિશ્ચયનય કહે છે કે સિધ્ધ જ સિધ્ધ થાય અને વ્યવહારનય કહે અસિધ્ધ જ સિધ્ધ થાય. બંનેની દલીલોને

માની આપણે સ્યાદ્‌વાદપૂર્વક કહેવાનું તમારી બંનેની વાત સાચી અને બંનેની વાત ખોટી, નિશ્ચયનય કહે 'સિદ્ધ જ સિદ્ધ થાય' ત્યાં સુધી સાચો પણ તેનો અર્થ એવો હોવો જોઇએ કે જેનામાં સિદ્ધત્વપર્યાય હોય તેવો આત્મા જ સિદ્ધ થાય એટલું જ કહે તો નિશ્ચયનય સાચો. પણ કહે કે આત્મા આઠ કર્મથી મુકત છે અને તેને સિદ્ધનો પર્યાય પેદા કરવા માટે કશું કરવાનું નથી તો તે નિશ્ચયનય ખોટો. આ જ ખોટા નિશ્ચયનય પર તો સાંખ્યદર્શન અને અદ્વૈત દર્શન–વેદાંતદર્શન રચાયું છે. સાંખ્યદર્શન તો કહે છે કે આત્મા તો નિર્લેપ છે અને બંધ કે મોક્ષ તો પ્રકૃતિનો (કર્મનો) છે! વેદાંત બધું મિથ્યા માને છે. એક જ બ્રહ્મ છે. તેમ કહે છે એટલે તેના મતે બ્રહ્મરૂપ આત્મા કર્મથી એકાંત મુકત જ છે. અને આવો સિદ્ધ આત્મા જ સિદ્ધ થાય છે. આવી માન્યતા ખોટી છે.

તેવી જ રીતે વ્યવહાર નય કહે 'અસિદ્ધજ સિદ્ધ થાય છે' માટે આત્મામાં તે સિદ્ધત્વરૂપ પર્યાય હતો નહિ. પણ કર્મક્ષય થવાથી નવોજ પેદા થયો છે તો તે વ્યવહારનય ખોટો. સંક્ષેપમાં કહેવું હોય તો કહેવાય કે શકિતની દૃષ્ટિએ આત્મામાં જે સિદ્ધત્વ હતું તે જ તે પર્યાય વ્યકત થતાં સિદ્ધ થાય માટે સિદ્ધત્વ પર્યાયવાળો આત્મા જ સિદ્ધ થાય તે કહેવું સાચું છે. અને વ્યવહારનયની અપેક્ષાએવ્યકિત એટલે પ્રગટીકરણ–સિદ્ધત્વ પર્યાયનું ન હતું માટે તે આત્મા અસિદ્ધ હતો અને પ્રગટિત થયું માટે તે સિધ્ધ થયો. એટલે અસિદ્ધ સિદ્ધ થાય છે તે વાત સાચી પણ સિદ્ધત્વપર્યાય પ્રગટ હતો એને તેજ રીતે સિદ્ધત્વપર્યાય પ્રગટ થયો એવું કથન

નિશ્ચયનય કરે તો તે ખોટું; અને વ્યવહારનય કહે કે સિધ્ધપણું શકિતરૂપે પણ ન હતું પણ નવું જ વ્યકત થયું–પ્રગટ થયું તો તે પણ ખોટું. હવે સમજ્યાને કે કોનું માનવાનું અને કોનું નહીં માનવાનું ?

આ નિશ્ચયનયની વિશિષ્ટ માન્યતા આપણને કહે છે કે 'કોઈપણ આત્મા કે આપણો આત્મા અત્યારે તો સિધ્ધના જેવો જ છે' પણ એકનો ખજાનો ખૂલી ગયો છે એકના ખજાના ઉપર લોખંડી તાળા અને મજબૂત સાંકળો પડી છે.

આ સાંકળો અને તાળા ખૂલે તો પછી એક સરખા થવાય. આવો ખ્યાલ આપણને રોજ–બરોજ પેદા થાય છે? હું સિધ્ધનો આત્મા છું પણ કર્મે મારા ખજાના પર તાળું માર્યું છે અરિહંત ભગવંતોએ ખોલવાની ચાવી આપી છે હવે કયારે હું ખોલું તેની જ રાહ જોવાય છે તો બોલો સંસારમાં તમને રસ આવે ખરો ? સંસારની કઈ ચીજનો તમે ત્યાગ કરી ન શકો ! સાપેક્ષ નિશ્ચયનયની આ ભાવના આપણને અનુપમ બળ બક્ષે તેવી છે.

એક તરફ આત્મામાં સિધ્ધત્વ અવરાયેલું પડયું છે. તે જાણીને તેને પ્રગટ કરવાનો થનગનાટ થાય. બીજી તરફ કોઇપણ આત્મા પ્રત્યે દ્વેષ થયો હોય ત્યારે આત્મા ચિંતવે વ્યકત સ્વરૂપે ભલે આ આત્મા સિધ્ધાત્મા ન હોય પણ અપ્રગટ રૂપે આ આત્મા સિધ્ધપર્યાયનો માલિક તો ખરો જ ને? મારે શા માટે તે આત્મા પ્રત્યે દ્વેષ રાખવો પડે? આ આલંબન સમભાવ–ક્ષમાભાવ કેળવવા માટે કરેલું ઉત્કૃષ્ટ આલંબન છે? આવા ભાવોમાં અને ચિંતનમાં મસ્ત બનીએ તો 'નમો સિદ્ધાણ'નો અર્થ કેવો આત્મામાં

ઊતરી જાય ! પાંચે ય પરમેષ્ઠીપદમાં નિર્વિવાદ રૂપે સૌને યોગ્ય પ્રદ પ્રાપ્ત જ છે. તો પછી આ પદ કેમ જીવનના શ્વાસોચ્છ્વાસમાં વણાઇ ન જાય !

## અભવ્યનો આત્મા સિદ્ધત્વ પર્યાયવાળો ખરો કે નહીં.

**પ્રશ્ન :–** આપે કહ્યું કે દરેક આત્મામાં સિધ્ધત્વ પર્યાય અપ્રગટરૂપે પણ હોય છે તો શું અભવ્યના આત્મામાં પણ આ પર્યાય હોય ખરો ?

**જવાબ :–** નિકટ ભવ્ય; અભવ્ય; જાતિભવ્ય કે દુર્ભવ્ય ગમે તે આત્મા હોય પણ જે આત્મા છે તે સિધ્ધત્વપર્યાય વાળો જ છે ભલે પછી એ અનંતકાળ અપ્રગટિત રહે. પછી પ્રગટિત થાય કે કદી ય પ્રગટિત જ ન થાય. પણ તે પર્યાય તો તેમાં છે જ. સિધ્ધત્વપર્યાય તેમનામાં અપ્રગટિત-પણે નથી એમ માનીએ તો તો ઉલ્ટી આપત્તિ આવે. યાદ કરો કે સિધ્ધત્વપર્યાય પ્રગટ કોનાથી થાય છે ? આઠેય કર્મના ક્ષયથી, તેથી એટલું તો નક્કી જ થયું ને કે આઠેય કર્મોજ સિધ્ધત્વરૂપ પર્યાયને દબાવે છે. જો અભવ્યના આત્મામાં આ સિધ્ધત્વરૂપપર્યાય હોય જ નહીં તો આઠેય કર્મો કોને રોકે ? ભવ્યના સિધ્ધત્વપર્યાયને આઠેય કર્મો રોકે અને અભવ્યના સિધ્ધત્વપર્યાયને ન રે  આમ બને ખરૂં ?

તમને થાય કે જે  દી પ્રગટ થવાના જ નથી તેને માનીને કરવાનું શું ?

પણ અહીં જ પરમાત્માના શાસનની સર્વજ્ઞતાની ખબર પડે છે. જરૂરમાં આવે–પ્રગટ થાય માટે જ કોઇ પદાર્થ માનવો તેવું સર્વજ્ઞના શાસનમાં હોય નહીં. અહીં તો પદાર્થ છે. માટે જ માનવાનો પછી ઉપયોગમાં આવે કે ન આવે. પ્રગટ થાય કે ન થાય તે વાતની કોઈ કીંમત નથી.

સારા જ્યોતિષીને પૂછશો તો કહેશે ભાગ્યરેખા સુંદર છે. માટે તમને ક્રોડો મળે પણ વચમાંથી રેખા તૂટી ગઈ છે અથવા કોઈક બાધક નિશાની છે માટે નહીં મળે ! તમે ત્યાં એમ જ પૂછોને કે ક્રોડ રૂપિયા મળવાના જ નથી તો રેખા હોવી અને તૂટલી હોવી કે ખરાબ ચિહ્ન હોવું તેવું શા માટે ? રેખા હોવી જ ન જોઇએ !

પણ; ચીજ હોય તેને માનવી જ પડે વિચારક આત્માને તો આના પરથી સમજાય કે આનાથી તો સર્વજ્ઞ પરમાત્માનું શાસન કેટલું અપ્રતિમ છે–અજોડ છે તે સિદ્ધ થાય છે. જ્યાં **પદાર્થનો વિચાર ઉપયોગીતાની દૃષ્ટિએ જ નહીં અસ્તિત્વની દૃષ્ટિએ પણ થાય છે.**

આમ સાદિ અપર્યવસાન–સ્થિતિવાળા હોવાથી તે આત્માઓ સિદ્ધ કહેવાય છે. અહીં એકલી 'અપર્યવસાન' સ્થિતિ ન કહેતાં 'સાદિ' આવું વિશેષણ લગાડવાથી આકાશાસ્તિકાય વગેરે અમૂર્ત દ્રવ્યો પણ અયર્પવસાન સ્થિતિ-વાળા છે. પણ 'સાદિ અપર્યવસાન સ્થિતિ' વાળા નથી તે સ્પષ્ટ કર્યું. સાદિ અપર્યવસાન સ્થિતિક પર્યાય સિદ્ધત્વ જ છે.

આ કથન વડે આપણે ઘણું ઘણું ઊંડુ તત્ત્વ વિચારી

શકીએ છીએ પણ તત્ત્વ વિચારવા માટે દલીલો જોઇએ–તર્ક જોઇએ પણ કુતર્ક નહીં. તાત્ત્વિક બાબતો પર કુતર્કો કરનારા કેટલાક વાદીના મતવાદો તો આપણે જોયા. અને વ્યવહારિક વિષયમાં એક કુતર્ક કરનાર ભણેલા ગણેલા વકીલનું દૃષ્ટાંત આગળ વિચારી ગયા છીએ.

**તર્ક જે સ્થાને–જે વ્યક્તિ માટે–જે પરિસ્થિતિ માટે થતા હોય તે રીતે–તે વ્યકિત માટે અને તે પરિસ્થિતિ માટે થાય તો સુતર્ક, નહીં તો કુતર્ક.**

જિનેશ્વર ભગવંતનું શાસન બધાં જ વ્યવહારિક અને તાર્કિક કુતર્કોની જાળને તોડીને પરમપદની પ્રાપ્તિ કરવા માટે છે. પૂ. અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ કરેલો અર્થ સુતર્કથી વિચારીએ તો કેટલો મહાન લાગે છે.

## બીજી રીતે અર્થ વિચાર

આ જ અર્થને આપણે એક રીતે વિચાર્યો છે પણ તેને બીજી રીતે પણ વિચારી શકાય છે. પહેલાં આપણે અપર્યવસાન સ્થિતિવાળા સિદ્ધત્વપર્યાયના માલિક હોવાથી સિદ્ધો નિત્ય છે તેવો અર્થ કર્યો. હવે નિત્યનો અર્થ વિચારીએ કે, જે ભૂતકાળમાં હોય–ભવિષ્યમાં પણ હશે અને વર્તમાનમાં છે તે નિત્ય અર્થાત્ ત્રણે કાળમાં જે હોય તે નિત્ય. આ રીતે વિચારતાં જે અનંત ભૂતકાળમાં પણ હતા, અત્યારે પણ છે અને અનંત ભવિષ્યકાળમાં પણ રહેશે તેવા નિત્ય સિદ્ધો પણ છે. અનંત ઉત્સર્પિણી–અવસર્પિણી પહેલાં પણ એવો કોઈ

કાળ ન હતો કે જ્યારે સિદ્ધો ન હતા. અને અનંત ભવિષ્યકાળ વ્યતીત થશે પછી પણ એવું નહીં બને કે સિદ્ધો નહીં હોય. અર્થાત્ બધાં જ આત્માઓ સિદ્ધ થઈ જવાથી કોઇ આત્માને સિદ્ધ થવાનું બાકી જ નહીં રહ્યું હોય તેવું અનંત ભવિષ્યકાળ પૂરો થયા બાદ પણ બનવાનું નથી.

**મોક્ષે જાય વ્ય જ હોય પણ**
**ભવ્ય મોક્ષે જાય જ એમ નહીં.**

પ્રશ્નઃ—જે ભવ્ય હોય તે તો મોક્ષે જાય જ અને આત્માઓ નવા તો પેદા થતા નથી. આ તરફ ભવિષ્યકાળ પણ અનંત છે. તો એક વખત તો એવો ચોકકસ આવે જ ને કે બધા ભવ્ય આત્માઓ મોક્ષમાં જાય અને પછી કોઇને સિદ્ધ થવાનું બાકી ન રહે?

ઉત્તરઃ—આગળની વિવેચનાઓ બરોબર ધ્યાનમાં રહી લાગતી નથી. આર્યસમાજના સૂત્રધાર દયાનંદજી પણ આવી ચિંતામાં પડી ગયા હતા. અને તેથી તેમને પણ એમ માનવું પડયું હતું કે આત્મા મોક્ષમાં ગયા પછી પાછો આવે. વર્તમાન દુનિયામાં વ્યાપક રીતે ફેલાયેલા મુસ્લિમ અને ખ્રીસ્તી ધર્મની પણ આવી જ માન્યતાઓ છે. તેઓ માને છે કે અહીંથી મરીને બધા ભગવાનના દરબારમાં ભેગા થાય છે કયામતનો દિવસ કે (ડે ઓફ જજમેન્ટ) ન્યાયનો દિવસ આવે ત્યાં સુધી તે આત્માઓ લટકતા રહેશે. તે દિવસે બધાનો ફેંસલો થશે અને સારા કર્મ કરનાર સ્વર્ગમાં અને ખરાબ કર્મો કરનાર નરકમાં જશે. વળી પાછી આવી સૃષ્ટિ શરૂ થશે. અને આ રીતે માનતા હોવાથી જ તેઓ પુનર્જન્મમાં માનતા નથી. કારણ તેમના મતે આ સૃષ્ટિનો જન્મ અને આત્માનો પુનર્જન્મ સાથે જ થાય છે. જો કે વૈદિક દર્શનમાં ઘણા દર્શનકારો તર્કની દૃષ્ટિએ પ્રઢૌ

બની ગયા છે અને મુક્તાત્માને ક્યારેય જન્મ લેવો ન પડે તેવું સમર્થન કરે છે. પણ મહાપ્રલય થાય ત્યારે શું થાય? અને મહાપ્રલય થયા બાદ સૃષ્ટિ કેવી રીતે પેદા થાય. આના જવાબોમાં તે દર્શનોમાં હજી કોઈ સ્પષ્ટતા દેખાતી નથી.

વૈદિક દર્શનોમાં જેઓ ઇશ્વરને સૃષ્ટિના કર્ત્તા તરીકે માને છે તે બધાને પ્રલય અને મહાપ્રલય માનવા પડે છે. પ્રલયના કાળમાં તો બધા પેદા થનારા દ્રવ્યોનો જ નાશ માને છે પણ મહાપ્રલયમાં તો દ્રવ્ય–ગુણ–ક્રિયા જે જે ભાવરૂપ કાર્યો છે તે બધાનો નાશ માને છે. એટલે પ્રશ્ન એ થાય છે કે કોઈ આત્મા કર્મ ( અદૃષ્ટ ) નો નાશ ન કરે–મોક્ષ માટે પ્રયત્ન ન કરે તો વાંધો નથી. કારણ કે જ્યારે પ્રલયકાળ આવવાનો છે ત્યારે સ્વભાવિક રીતે જ બધા ભાવ કાર્યોનો નાશ થતાં કર્મનો–અદૃષ્ટનો પણ નાશ થઇ જશે. કારણ કે અદૃષ્ટ ( કર્મ ) પણ ન્યાયની દૃષ્ટિએ પેદા થનાર ગુણ હોવાથી ભાવરૂપ પદાર્થ છે.

આ જ કારણે **નિષ્પક્ષપાત દૃષ્ટિથી જોનારાને પરમાત્માનું શાસન જ એક સંપૂર્ણ અને સર્વોત્કૃષ્ટ લાગે છે.**

વૈદિક દર્શનકારોએ મહાપ્રલયકાળમાં પ્રયત્ન વિના પણ મુક્તિ થઇ જાય આવી આપત્તિને ટાળવા માટે સુંદર દલીલો આપેલી હોય તેવું ધ્યાનમાં નથી. ખરેખર તો આ પ્રલય, મહાપ્રલય અને સર્જન આ બધું ઇશ્વરકર્તૃત્વ-વાદના પરિણામે જ સર્જાયું છે. જ્યાં મૂળવાદ જ ખોટો છે ત્યાં આવા આવા હજારો ખોટા મંતવ્યો જીવતા રહેવાના જ!

એ દયાનંદજી–વૈદિક દર્શનકારો કે ખ્રીસ્તી અને મુસલમાનની વાત ક્યાં કરીએ. તમને ખુદને પણ એ જ

શંકા થાય છે ને કે, બધા આત્માઓ મોક્ષમાં જશે તો કોઈ સંસારમાં બાકી નહીં રહે અર્થાત્ મોક્ષમાં જવાનું અટકી જશે !

પહેલાં તો તમારા સવાલમાં જે ભૂલો છે તે સુધારો પછી સાચા જવાબની વાત. **તમારી સમજ એવી છે કે જે ભવ્ય હોય તેનો મોક્ષ થાય જ. પણ તે સમજ જરા ભૂલભરેલી છે.** ભવ્ય હોય તેનો જ મોક્ષ થાય અથવા મોક્ષ ભવ્યનો જ થાય આ માન્યતા સાચી છે પણ ભવ્ય હોય તેનો મોક્ષ જ થાય તે માન્યતા ખોટી છે. કેટલાય ભવ્ય આત્માઓને મોક્ષની પ્રાપ્તિ માટેની અન્ય સામગ્રીઓ પ્રાપ્ત થવાની જ  માટે તેઓ કદી મોક્ષે જશે નહીં. શાસ્ત્રકારો જણાવે છે કે ઘડો માટીનો બને છે પથ્થરનો નહીં. આમ મોક્ષમાં તો જીવ જ જાય અજીવ નહીં. પણ બધી જ માટી એવી નથી હોતી કે જેનો ઘડો બની શકે. અભવ્યના આત્માઓ એવા જીવો છે કે જે મોક્ષરૂપ પર્યાય માટે યોગ્ય જ નથી. પણ જેટલી માટી ઘડા માટે યોગ્ય છે તે બધી જ માટી ઘડારૂપે બની જતી નથી. તેમ જેટલા આત્માઓ યોગ્ય હોય છે તે બધા જ આત્માઓ મોક્ષે જતા નથી. પણ જે કુંભાર આદિ અન્ય ત  નિમિત્તોની પ્રાપ્તિ થાય છે તે જ માટી ઘડારૂપે બને છે. એવી રીતે ભવ્ય એવા પણ કેટલાક આત્માઓ એવા છે કે જે નિમિત્તના અભાવે કદી મોક્ષે જ જતા નથી.

જે ઉપાદાન–ઉપાદાન કહીને જ હાંકે રાખે છે અને નિમિત્તને માનવા તૈયાર નથી તેવા કાનજીસ્વામી જેવાને જઇને પૂછો કે, “ભવ્યાત્મા એટલે મોક્ષમાં જનાર શુદ્ધ

ઉપાદાન ને! તેમ છતાં ા મોક્ષમાં જતાં રોકાયા કોના કારણે?" કહો; યોગ્ય અન્ય નમિત્ત–કારણો નથી મળતા તેના કારણે ઃ ઉપાદાન; ઉપાદાનને સ્થાને મહાન છે તો નિમિત્ત; નિમિત્તના સ્થાને મહાન છે. દરેકના પોતાના ક્ષેત્રો છે. કોઇ પણ કારણ બીજાના ક્ષેત્રમાં મહાન નથી અને પોતાના ક્ષેત્રમાં હલકું નથી. આ ઉપાદાન એકાંતક કાનજીસ્વામીની વાત તો કરવા જેવી નથી. સંયમ છોડયું અને ગાડી–ઘોડામાં મ્હાલવા માંડયું છે. વખત આવે ને તેમના અનુયાયીઓ ધા નીત નિયમોનો–વ્યવહારિક બંધનોનો ત્યાગ કરે તો કશું ય આશ્ચર્ય નહીં!

## આત્મા કદી ખૂટે નહીં.

આપણે વિચાર કરી રહ્યા છીએ તે વાતમાં સમજવાનું છે કે મોક્ષે જાય તે ભવ્ય જ હોય, પણ ભવ્ય હોય તે મોક્ષે જ જાય તેવો નિયમ નથી.

જો કે તમે પ્રશ્ન કરતાં અટકી જાવ પણ અમારા જેવા હોય તે કંઈ પ્રશ્ન કરતાં અટકે? તે તો હજી ય આગળ પૂછે કે વાત ખરી , ભવ્ય હોય તે મોક્ષે જાય જ એવો નિયમ નથી; પણ મોક્ષે જાય તે ભવ્ય જ હોય તેવો નિયમ છે. પણ એવા આત્માઓને છોડીને અર્થાત્ જેમને સામગ્રીનો યોગ નથી થવાનો તેવાને છોડીને બધા જ મોક્ષમાં જાય તો શું થાય! માત્ર અભવ્ય અને ભવ્ય હોવા છતાં સામગ્રીનો યોગ નથી થવાનો તેવા જ આત્માઓ અહીં સંસારમાં રહી જાય ને! આખરે દશા તો એ જ આવેને કે મોક્ષમાં જવા માટે કોઈ આત્મા બાકી રહે નહીં?

પણ આ પ્રશ્ન જ ખોટો છે. જેમ અનંતકાળ પહેલાં પણ મોક્ષ ખાલી ન હતો. ત્યાં સિદ્ધના આત્માઓ હતા–

હતા અને હતા જ. તેમ અનંત ભવિષ્યકાળ થશે તો પણ અહીં સંસારમાં કેટલાય આત્માઓ મોક્ષ જવાના બાકી રહેવાના અને રહેવાના જ.

**ખુટાડનાર કાલ પોતે જ ખૂટે એટલે જીવો ખૂટે જ નહીં.**

કેટલાક આચાર્ય ભગવંતો આ જ કારણે ભૂતકાળ અને ભવિષ્યકાળને તુલ્ય માને છે. ભૂતકાળ માત્ર એક સમય વધારે છે જ્યારે ભવિષ્યકાળ એક સમય ઓછો છે. વર્તમાનકાળનો એક સમય ભૂતકાળમાં ભળે છે એટલે ભૂતકાળ એક સમય વધારે થાય છે, અને ભવિષ્યકાળમાંથી એક સમય વર્તમાનરૂપે બને છે માટે તે એક સમય ઓછો થાય છે. એટલે જ નવતત્ત્વ જેવા પ્રકરણ ગ્રંથોમાં પણ પલી ગાથા મૂકેલી છે.

**"જઇ આઇ હોઇ પુચ્છા, જિણાણ મગ્ગંમિ ઉત્તરં તઇઆ;**
**ઇક્કસ્સ નિગોઅસ્સ, અણંતભાગો ય સિદ્ધિ ગઓ."**

ગમે ત્યારે તમે કેવલજ્ઞાની જિનેશ્વરભગવંતને પ્રશ્ન પૂછો, "કેટલા આત્મા સિદ્ધમાં ગયા?" જવાબ એક જ આવવાનો કે, 'એક નિગોદના અનંતમાં ભાગના જ આત્મા સિદ્ધ થયા.' આ પ્રશ્ન આજથી અનંત ઉત્સર્પિણી પહેલાં પૂછાયો હોત તો પણ આ જ જવાબ અપાયો હોત અને અનંતકાળ પછી પૂછાશે તો પણ આ જ જવાબ અપાશે. આનો રહસ્યાર્થ એક જ છે; એ જો સમજમાં આવે તો બધી ગૂંચ ઉકલી જાય. કાળદ્રવ્ય અનંતકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે. એટલે કેટલું છે તે ગણી ન શકાય. પણ એક જ નિગોદમાં રહેલ જીવોના અનંતમાં ભાગ કરતાં અનંતગણું કાળદ્રવ્ય નાનું છે તો જીવો ખૂટે કેવી રીતે? **બહુ જાડી ભાષામાં કહીએ તો બધાને ખુટાડનાર કાળ જ જીવની સંખ્યા પાસે ખૂટી ગયો છે તેતો**

**જીવોને કેવી રીતે ખુટાડે.** કાળ જ બધાને જુનામાંથી નવા કરનાર–એક પર્યાયમાંથી બીજા પર્યાયમાં ફેરવનાર છે. એટલે તે જ દ્રવ્યોને જુના કરનાર છે–ચીજને ખુટાડનાર છે.

એટલે જ તમે પ્રશ્ન પૂછો છો ને, "એક સમયમાં વધુમાં વધુ ૧૦૮ આત્મા મુક્ત થાય અને બે સિદ્ધોની વચ્ચે ૭ માહિનાથી વધારે તો અંતર પડે જ નહીં. તો અનંતકાળે પણ આત્મા કેમ ખૂટે નહીં ?" તમારા પ્રશ્નમાં આત્માને સંસારમાંથી લઇ જતો અને ખુટાડવામાં નિમિત્ત તરીકે તો કાળને જ લેખ્યો છે ને ! પણ વિચારો **કાળ જ જીવની સંખ્યાની આગળ કંગાળ થઈ જાય તેવો છે તો તે જીવોને ખુટાડે કેવી રીતે ?**

જેમ સિદ્ધના સુખની વાત ખ્યાલમાં આવવી મુશ્કેલ હતી પણ એ વાત સમજાવતા તમને સમજાવ્યું હતું કે સંસારમાં કોઇ સેમ્પલરૂપે પણ સિદ્ધના સુખ જેવું સુખ નથી કે જેને આગળ કરીને પૂછી શકાય કે, સિદ્ધમાં આના જેવું સુખ ખરૂં ? તેમ આપણા અલ્પજ્ઞાનીના તમામ અનુભવો કાળને લઇને જ થાય છે. તેથી કાળના પર્યાયને પણ પાર કરી જનાર જીવોની સંખ્યાનો ખ્યાલ આપણને આવવો મુશ્કેલ છે. પણ કાળદ્રવ્યના ભૂતકાળ અને ભવિષ્યકાળના તમામ પર્યાયો કરતાં પણ જીવોની સંખ્યા વધારે છે તે હકીકત છે. આ હકીકત ખ્યાલમાં આવશે તો 'જઈ આઈ હોઇ પુચ્છા........'વાળી ગાથાનો અર્થ સમજમાં આવ્યા વિના રહેશે નહીં. અને એ ગાથાનો અર્થ ખ્યાલમાં આવે તો બધા જીવો મોક્ષમાં જાય તો શું થાય તેવી ચિંતા કરવી ન પડે. નહીં તો કાલે સવારે તેવો પ્રશ્ન પણ થાય કે ભવિષ્યકાળ ખૂટી જાય તો શું થાય ? કોઇ વખત એવું

બને ખરૂં કે દ્રવ્યો રહે અને કાળ વર્તવાનો અટકી જાય! જો કાળ ભવિષ્યકાળમાંથી વર્તમાન થઇને ભૂતરૂપે પરિણમી જતો હોવા છતાં ય ખૂટે તેમ ન બને તો તેનાથી ય વિશાળ સંખ્યાવાળા જીવો કેવી રીતે ખૂટે?

આવા કદી ય ન ખૂટનાર જીવો નિત્ય છે. આવા નિત્ય સિદ્ધોને નમસ્કાર કરીને આપણે નિત્ય અજર-અમર બનવાનું છે. આવી અપર્યવસાન સ્થિતિના માલીક બનવાનું છે.

પૂ. ટીકાકાર અભયદેવસૂરીશ્વરજી મહારાજ આત્મ સિદ્ધાનો એક જ રૂડો અર્થ બતાવીને થાકતા નથી. તેઓએ બીજો પણ સુંદર-રૂડો અર્થ બતાવ્યો છે તે આપણે આગળ વિચારીશું.

શાસ્ત્ર તો એવો ગહન દરિયો છે કે તેમાં ડુબકી મારીને રત્નો કાઢતાં આવડે તો મહા સુખ મળે અને ડુબકી મારતાં ન આવડે તો પોતે જ તળિયે રત્ન થઇને ચોંટી જાય! આવા મહાન શાસ્રને અવગાહીને આપણે ખુદ આપણી મેળે અર્થો પ્રાપ્ત ન કરી શકીએ તો કંઇ નહીં પણ ટીકાકાર ભગવંતે રત્નરૂપ અર્થો આપ્યા છે અને અમે વ્યાખ્યાતાઓ સોનામાં મઢીએ, તમે શ્રોતાઓ તેનાથી પોતાના વનને અલંકૃત કરો એ જ ભાવના.

# "નમો સિદ્ધાણં" પદનો

# છઠ્ઠો અર્થ

## પંચમાંગમાં પંચપરમેષ્ઠિ નમસ્કારની મંગલમયતા

**'નમો સિદ્ધાણં'** પદનું ઉચ્ચારણ મહામંગલ મંત્રાધિરાજની અંતર્ગત મંગલ કરતાં પૂ. સુધર્માસ્વામીજી મ. કરી રહ્યા છે. સુધર્માસ્વામીજી મ. પોતે પણ મંગલરૂપ છે અને ભગવતીજી સૂત્ર સ્વયં મંગલસ્વરૂપ છે. છતાંય નમસ્કાર મહામંત્રથી તેઓ ખુદ મંગલ કરી રહ્યા છે, તે ખૂબ જ સૂચક છે. શાસ્ત્રથી અવિરુદ્ધ ઘણી–ઘણી યુક્તિઓથી ખુલાસા થઈ શકે છે. ગણધર ભગવંતો મંગલ હોવા છતાંય મંગલ કેમ કરે છે? અને ભગવતીજી સૂત્ર પોતે જ મંગલ હોવા છતાંય તેમાં મંગલની શી જરૂર છે? એ મુદ્દાઓ તો આપણે ખૂબ ચર્ચ્યા છે. અહીં તો એ વિચારવાનું છે કે ભગવતીજીમાં થતું મંગલ એ પંચપરમેષ્ઠિરૂપ કેમ છે?

શું સુધર્માસ્વામીજી મ. ને આ પંચમાંગ છે એમ માત્ર નમસ્કાર દ્વારા જ સૂચવી દેવું છે? આ પણ કેવો સુમેળ છે. બાર અંગમાં આ જ પાંચમું અંગ અને તેમાં જ પંચપરમેષ્ઠિ નમસ્કારાત્મક મંગલ આગળના ચાર અંગોમાં પણ નથી; અને બાકીના અંગોમાં પણ નથી. એક માત્ર ભગવતીજી સૂત્રમાં જ ગણધર ભગવંત સુધર્માસ્વામીજી મ. આવું મહાન મંગલ કરી રહ્યા છે.

મંગલ તો માત્ર અરિહંતોને નમસ્કાર દ્વારા યા કોઈ પણ તીર્થંકરને નમસ્કાર દ્વારા થઈ શકત, પણ અહીં સંપૂર્ણ નમસ્કાર મહામંત્રનું ઉચ્ચારણ કરવામાં આવ્યું છે એ જ નથી બતાવતું કે પદની દૃષ્ટિએ આ પાંચેય પદ પાંડવો જેવા છે. એક પદ આવ્યું એટલે પાંચેય પદ આવ્યા. પદની દૃષ્ટિએ પાંચેય પદ સરખા બળવાન છે. આ સૂચવવા જ જાણે પાંચે પાંચ પદનું ઉચ્ચારણ થયું લાગે છે.

એમ પણ કેમ કલ્પના ન કરીએ કે જેમ બધા મંત્રોમાં નમસ્કાર મહામંત્ર જ મંગલરૂપ છે તેમ અગ્યાર અંગોમાં ભગવતીજી સૂત્ર મહાન અંગ છે. આચારાંગ, સુયગડાંગ, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશા, અંતકૃતદશા, પ્રશ્ન-વ્યાકરણ, વિપાકશ્રુત આદિ આગમો મુખ્યપણે કોઇ ને કોઇ એક જ અનુયોગનું યા એક જ વિષયનું પ્રધાનપણે પ્રતિપાદન કરે છે, જ્યારે ભગવતીજી સૂત્ર ચારે ચાર અનુયોગનું પ્રધાનપણે નિરૂપણ કરે છે અને તેમાં કોઇ પણ એક વિષયની મુખ્યતા નથી. સ્થાનાંગ અને સમવાયાંગ પણ ચારેય અનુયોગોની પ્રાધાન્યપણે વિવક્ષા કરે છે. છતાંય તેમાં સંખ્યાના અંકાદિવડે પદાર્થોનો સંગ્રહ એ મુખ્ય હેતુ છે. વિવેચના અને ખુલાસાઓ નથી. જ્યારે ભગવતીજી સૂત્ર પ્રશ્નોત્તરરૂપ હોવાના કારણે સ્થાને સ્થાને દરેક પદાર્થોનું નિરૂપણ તેમજ યોગ્ય ખુલાસાઓ તેમાં છે. આ વિષયનો કેટલોય વિચાર આપણે 'વિવાહ પન્નતિ' શબ્દના અર્થ કરતાં કર્યો છે. ભગવતીજી સૂત્રનું મૂળ નામ 'વિવાહ પન્નતિ' જ સૂચવે છે કે તે વિવિધતાનો ખજાનો છે. વિવાહ એટલે જ વિવિધ પ્રવાહો. આમ આ વિવિધતાદર્શક આગમમાં પંચપરમેષ્ઠિ નમસ્કારરૂપે જે મંગલ થયેલ છે તે પણ શાસ્ત્રમાં પરમેષ્ઠિપદની તમામ

વિવિધતાને રજૂ કરે છે. આ પાંચથી વધારે પરમેષ્ઠિઓ છે નહીં. જે પરમેષ્ઠિ છે તે આ પાંચ પદથી બહાર નથી એ નક્કી જ છે એટલે પરમેષ્ઠિ પદોની તમામ વિવિધતા અહીં આવી ગયેલ છે.

આ તો શાસ્ત્ર છે જેટલો વિચાર કરીએ તેટલું પ્રાપ્ત થાય. શાસ્ત્રકારોએ '**ઇક્કસ્સ સુત્તસ્સ અણંત અત્થો**' એક સૂત્રનો અનંત અર્થ છે તેમ કહ્યું છે. અનંત અર્થનો અનુભવ તો મારી કે તમારી બુદ્ધિ નહીં કરી શકે પણ અમે જ્યારે જ્યારે શાસ્ત્ર વાંચીએ ત્યારે ત્યારે કંઈ નવું ને નવું જ રહસ્ય પ્રાપ્ત થાય છે. આમ રહસ્યો પ્રાપ્ત કરતાં જઇએ તો જ શાસ્ત્રનું ઊંડાણ સમજાય અને શ્રદ્ધાનું ઊંડાણ વધે.

અહીં તો આપણે પાંચે ય પદના ટીકાકાર પૂ. અભયદેવ-સૂરીશ્વરજી મહારાજ સાહેબે અર્થો કર્યા છે તેની વિચારણા કરવા પ્રયત્ન કરીએ છીએ.

'નમો સિદ્ધાણં' ના પાંચ અર્થો અત્યાર સુધી આપણે વિચાર્યા હવે છઠ્ઠો અર્થ છે........

### "ભવ્યૈઃ ઉપલબ્ધગુણસંદોહત્વાત્."

**સિદ્ધાઃ–પ્રખ્યાતાઃ "ભવ્યૈઃ ઉપલબ્ધગુણ-સંદોહત્વાત્"** આ અર્થ પણ રૂઢ અર્થ છે. ટીકાકાર મહર્ષિ કહે છે. 'સિદ્ધઃ' એટલે 'પ્રખ્યાત'. તમે પણ વ્યવહારમાં આ શબ્દ વાપરો છો, પ્રખ્યાત–મશહુર–પ્રસિદ્ધ નામી આ બધા પર્યાયો છે 'સિદ્ધ'નો પ્રખ્યાત અને પ્રસિદ્ધ અર્થ બતાવીને ટીકાકાર મહર્ષિએ આપણું સુંદર લક્ષ્ય દોર્યું છે.

જ્યાં સુધી સિધ્ધ થવાય નહીં ત્યાં સુધી પ્રસિધ્ધ પણ થવાય નહીં. આપણે એવા મૂઢ છીએ કે સિધ્ધ અને પ્રસિદ્ધના અર્થોમાં બહુ ફરક કરી નાંખ્યા છે. આપણા જીવનની સાધનાનું લક્ષ્ય સિધ્ધિ મેળવવા કરતાં પ્રસિધ્ધિ મેળવવા તરફ વધારે છે. ટીકાકાર મહર્ષિ કહે છે કે સિધ્ધ હોય તેજ પ્રસિધ્ધ થાય. 'સિધ્ધ' શબ્દનો અર્થ પ્રસિધ્ધ છે–પ્રખ્યાત છે.

આપણી ગંગા ઉલ્ટી છે. આપણા જીવનનું ધ્યેય જેટલું પ્રસિધ્ધિ તરફ છે એટલું સિધ્ધિ તરફ નથી. સિધ્ધિ મેળવ્યા વિના પ્રસિધ્ધિ મેળવવા વલખાં મારીએ છીએ. પણ શબ્દ ખુદ જ કહે છે, 'સિધ્ધ' શબ્દને 'પ્ર' લાગે ત્યારે 'પ્રસિધ્ધિ' શબ્દ બને. 'પ્ર'નો અર્થ છે 'પ્રકૃષ્ટ' પ્રબલ. જ્યાં સુધી સિધ્ધિ પ્રકૃષ્ટ–પ્રબળ બને નહીં ત્યાં સુધી પ્રસિધ્ધિ થાય કેવી રીતે? **સિધ્ધ સ્વયં જ પ્રકૃષ્ટ બને છે. પ્રબળ બને છે ત્યારે પ્રસિધ્ધ અને ખ્યાતિ રૂપ થાય છે.**

ફૂલ કળીરૂપે હોય, પૂર્ણ ખીલ્યું ન હોય ત્યાં સુધી એને કોઇ જાણતું નથી હોતું. પણ જેવું પૂર્ણ ખીલે અને સુગંધથી મ્હેંકી ઊઠે કે તરત જ વહેતો પવન ચારેય દિશામાં તેની સુગંધ ફેલાવી દે છે. જયંતિ શ્રાવિકાની કેવી પ્રસિદ્ધિ હતી! રાજગૃહીથી વૈશાલી જતાં–આવતાં સાધુઓની તેજ શય્યાતરી-ભગવતીજી જેવા અંગસૂત્રમાં પણ તે શ્રાવિકાનું નામ પ્રસિધ્ધ થયું. સુલસાની પાસે તીવ્ર શ્રધ્ધા હતી તો અંબડ દ્વારા પરમાત્માના 'ધર્મલાભ–સુખશાતાપૃચ્છા'ના કથન દ્વારા તે પ્રસિધ્ધ બની. ખરેખર પ્રસિધ્ધિ જ્યારે લક્ષ્ય બને છે ત્યારે મોટે ભાગે તે પ્રાપ્ત થતી જ નથી. કદાચિત્ પૂર્વપુણ્યના ઉદયે પ્રસિધ્ધિ પ્રાપ્ત થઈ જાય તોય તે તે

ગુણની સિધ્ધિ તો પ્રસિધ્ધિના લક્ષ્યવાળાને મળે જ નહીં. અને સિધ્ધિ વિનાની પ્રસિધ્ધિ ક્યારેક ઢોલની પોલની માફક એવી અપભ્રાજના–નિંદા કરાવે છે કે ન પૂછો વાત.

## સિધ્ધ વિનાની પ્રસિદ્ધિ–રાજાનું દૃષ્ટાંત

એક રાજા હતો. તેને સંગીત સાંભળવું ગમતું. પણ પોતાને સંગીત વિષયક ખાસ જ્ઞાન નહીં. તેની પત્ની કુશળ સંગીતવિદ્ હતી. તમારે સંસારીને તો લગભગ એવું જ કે 'સો ગુરુની ગરજ એક બાયડી સારે!' ઘરવાળીને ગમતું તમે ગમતું ન કરો તો કેટલા દિવસ ચાલે. રાણીના કારણે રાજા ય સંગીતમાં કોઈ સ્વાદ માનતો થયો. આજુબાજુના નિષ્ણાત ગવૈયાઓને ખબર પડી કે રાજા સંગીતના શોખીન છે. એટલે રાજદરબારમાં આવીને પોતાની કલા બતાવતા ગયા. રાજા પોતાની પ્રસિધ્ધિ ઇચ્છે. પોતે મોટો કલાવિદ્ છે તેની છાપ આખી દુનિયામાં ફેલાય માટે ગવૈયાઓને ઊંચુ ઈનામ આપે. કેટલાય લોભી તો પૈસા જોઇને હરખાય અને રાજાની પ્રશસ્તિઓ ગાવા માંડે.

એક વખત વિખ્યાત નિસ્પૃહી–ગવૈયો તેમના દરબારમાં આવ્યો, સુંદર કલા બતાવી, રાજાએ પોતાના નામ માટે અને નામ પ્રમાણે ઈનામ આપ્યું. પણ ગવૈયાને ખુશી ન થઇ રાજાએ રાણીને વાત કરી. રાણી કહે. "એ સાચો ગવૈયો છે પૈસાથી ખુશ નહીં થાય, તમે તેણે કયો રાગ ગાયો છે તે કહી આપ્યું હોત તો ખુશ થાત. રાજા કહે, "મને રાગ-વિરાગની ખબર નથી પડતી. હું તો એટલું જાણું કે મારો તારા પર રાગ (પ્રેમ) અને તારો સંગીત પર રાગ (પ્રેમ) એટલે મારો ય સંગીત પર રાગ. મને ગવૈયા કયા રાગ ગાય છે તે સમજ પડતી નથી."

રાણી વિચારે છે કે લોકોમાં તો રાજા સંગીતનું જ્ઞાન

ધરાવે છે. અને આ તો કયો રાગ ગવાય છે તે ય સમજતા નથી. રાણીને થયું, કોઈ વખત કોઈ ગવૈયા પ્રશ્ન કરી બેસશે કે—**'રાજન્ ! કહો મૈંને કૌનસા રાગ ગાયા ?'** તો મુશ્કેલી થશે. તેથી રાણીએ રસ્તો કાઢયો, "જુઓ, રાજન્ ! સંગીતની મહેફિલ વખતે હું ઝરૂખામાં બેસું છું. તમારે મારા ઈશારા સમજી લેવા અને તે પ્રમાણે રાગનું નામ દઈ દેવું. આમ રાણીએ રાજાને બધા સંકેત શિખવાડ્યા, ધીમે ધીમે રાજાની પ્રસિદ્ધિ વધી.

એક વખત કોઈ મોટો ગવૈયો આવ્યો 'ધનાશ્રી' રાગ ગાયો, રાણીનો સંકેત હતો કે 'હું ધાન્યનો દાણો ફેંકું એટલે તમારે 'ધનાશ્રી' છે એમ સમજવું.' પણ રાજાને યાદ રહ્યું નહી, રાણીએ દાણા દેખાડયા. દાણો ફેંકયો છતાં ય આ સંકેતથી 'ધનાશ્રી' છે એ યાદ ન રહ્યું, પણ રાણીએ નાંખેલો દાણો પાસે પડેલી તોલડીમાં પડયો તેથી રાજાએ નકકી કર્યું કે, તોલડીમાં દાણો પડયો છે માટે 'તોલર' રાગ હશે, રાજા ગવૈયાને શાબાશી આપતાં બોલ્યો **"કયા બાત હૈ, આજ તો આપને તોલર બહુત અચ્છા ગાયા..."**

ગવૈયો સમજી ગયો કે રાજા મૂર્ખ લાગે છે. એકાદ–બે સંગીત શાસ્ત્રના **પ્રશ્નો** પૂછયા **પણ** ભમરડો ! જે રાગનું નામ પણ રાણીના સંકેતથી કહેતો હતો તે બિચારો શાસ્ત્રીય સંગીતના પ્રશ્નોના જવાબ શું આપી શકે ! કેટલા મૂળ રાગ છે–કયા રાગની કેટલી અને કેવી રાગીણી છે. કયા સમયે કયો રાગ ગવાય....કયા રાગનો કયો અધિષ્ઠાયક દેવતા છે....આ બધી વાત રાજા શું સમજે !

સંગીતકાર–ગવૈયા તો શું હસે ! પણ....તે પ્રસંગે ખાસ હાજર રહેલા પરદેશના રાજકુમારો અને સંગીતના ઉસ્તાદો

હસ્યા વગર રહી ન શકયા ! આખરે ઢોલની પોલ ખુલ્લી પડી. અને રાજા રાણીના સંકેતથી રાગનું નામ કહેતા હતા તેની લોકોને ખબર પડી. અદબ ખાતર કોઈ પ્રજાજન રાજાની સામે તો ના હસે પણ અંદર–અંદર મશ્કરી કરવા મંડયા. "જો....જો....તોલર રાગ તો નથી વાગતો ને !

દેશ–પરદેશમાં મેળવેલી કીર્ત્તિ એક પ્રસંગમાં ધોવાઇ ગઈ! જેણે સિદ્ધિ પ્રાપ્ત ન કરી હોય અને તે પ્રાપ્ત કરવા સાચો પ્રયત્ન કરે તો સાધક કહેવાય. પણ સિદ્ધિ મેળવ્યા વિના પ્રસિદ્ધિ મેળવનારો પોતાની સિદ્ધિ અને પ્રસિદ્ધિ બંને માટે બાધક છે–વિરાધક છે–સત્યગુણનો ઘાતક છે.

## રાજા વસુની ખોટી પ્રસિદ્ધિ

રામાયણમાં રાજા વસુનું એક દૃષ્ટાંત છે. તેને જંગલમાંથી એક એવો સ્ફટિક મળી આવ્યો હતો કે તે દૃષ્ટિનો બિલકુલ અવરોધ કરે નહીં. કોઇને ય ખબર ન પડે કે દશ્ય અને પોતાની વચમાં સ્ફટિક છે. એટલો ચોખ્ખો આ સ્ફટિકમાંથી તેણે એક સિંહાસન બનાવ્યું સ્ફટિકની પારદર્શકતાના કારણે કોઇનેય ખબર પડતી નહીં કે રાજા સિંહાસન પર બેઠા છે કે અધ્ધર છે. લોકોમાં એવી પ્રસિદ્ધિ થવા માંડી કે રાજા વસુ સત્યવાદી છે અને સત્યના પ્રભાવથી તે આકાશમાં અધ્ધર બેસી શકે છે. અંતરથી વસુ સત્યનો સાધક ન હતો પણ પોતાની ખોટી પ્રસિદ્ધિ દૂર ન કરી શકયો. પરંતુ પોતાની પ્રસિદ્ધિ ટકી રહે માટે સત્ય વચનનો ખૂબ–ખૂબ ખ્યાલ કરવા માંડયો. તેને સત્યની સિદ્ધિનો જેટલો પ્રેમ હતો તેના કરતાં પોતાની સત્યવાદિતા તરીકેની પ્રસિદ્ધિનો પ્રેમ વધારે હતો.

એક વખત નારદજી અને ક્ષીરકદંબક ઉપાધ્યાયના પુત્ર પર્વત વચ્ચે વેદના અર્થમાં વિવાદ થયો. નારદજી કહેતા હતા, '**અજૈઃ યષ્ટવ્યમ્**' અજથી યજ્ઞ કરવો. તેમાં 'અજ શબ્દનો અર્થ ઊગી ન શકે તેવી ડાંગર છે. જ્યારે નારદ કહેતો હતોઃ 'અજ'નો અર્થ ઊગી ન શકે તેવી ડાંગર છે. ત્યારે પર્વત કહેતો હતોઃ 'અજ'નો અર્થ બકરો થાય છે, અને બકરાથી યજ્ઞ કરવો જોઇએ. નારદજી–પર્વત અને વસુરાજા ત્રણેય એક સાથે ક્ષીરકદંબક ઉપાધ્યાય પાસે ભણેલા અને વસુ તો સત્યવાદી જ હતા. તેથી નારદજી અને પર્વત વચ્ચે શરત થઇ કે જેનો અર્થ વસુરાજા ખોટો કહે તેણે પોતાની જીભ કપાવી નાંખવી. પર્વતની માતા ક્ષીર-કદંબકની પત્નીને પણ બરોબર યાદ હતું કે 'અજ'નો અર્થ જુનું ધાન્ય એ પ્રમાણે તેમના પતિ પણ કરતા હતા. એમને ખાત્રી હતી કે વસુ સત્યવાદી છે એટલે સાચું જ કહેશે, અને પુત્રની વાત ખોટી પડશે. વાત ખોટી પડતાં પોતાના પુત્રની શરત પ્રમાણે જીભ કપાઈ જશે. એટલે તેણે વસુરાજાને એકાંતમાં મળી અને નારદનો 'અજ'નો અર્થ 'જુનું ધાન્ય' એ ખોટો છે અને 'અજ'નો અર્થ બકરો એ સાચો છે તેવી ખોટી સાક્ષી આપવાનું વચન મેળવ્યું.

જો રાજા વસુ ખરેખર સત્યસિદ્ધ હોત તો ચલાયમાન થાત નહીં. પણ તેને મન સત્યની સિદ્ધિ કરતાં પ્રસિદ્ધિ બહુ મોટી ચીજ હતી. એટલે તે સ્વાર્થ આવતાં મુશ્કેલીમાં મૂકાયો, અને અસત્ય તરફ ઢળી ગયો. રાજદરબારમાં ન્યાય આપતાં વસુ જુઠ્ઠું બોલ્યો. નજીકનો કોઇ અધિષ્ઠાયક દેવતા તેના જુઠથી કુપિત થઈ ગયો. તરત તેને સિંહાસન પરથી નીચે પટક્યો. નીચે પડતાં તે મૃત્યુ પામ્યો. અને

પોતાની ખોટી પ્રસિદ્ધિના પરિણામે પેદા થયેલ રૌદ્રધ્યાનથી સીધો સાતમી નરકનો મહેમાન બન્યો. આનાથી એક વધુ વાત એ પણ સમજાય છે કે એમ ને એમ –સત્યવાદિતાની પ્રસિધ્ધિ ઊભી કર્યા વિના અસત્ય બોલવું તે તો પાપ જ છે, પણ સત્યવાદિતાની પ્રસિધ્ધિ પ્રાપ્ત કર્યા બાદ અસત્ય બોલવું તે તો એકલાખગણું વધારે પાપકારક છે. માટે જ સિધ્ધિ વિનાની પ્રસિધ્ધિથી દૂર રહેવાની જરૂર છે.

દુન્યવી બધી સિધ્ધિમાં તો હજીય કદાચિત્ ખોટી પ્રસિધ્ધિ પુણ્યોદયે ચાલી જાય પણ કર્મના ક્ષયથી પ્રાપ્ત થતી સિધ્ધિમાં ગોટાળો હોય નહીં. સિધ્ધ થયા વિના પ્રસિધ્ધ થવાતું નથી.

પૂ. ટીકાકાર અભયદેવસૂરીશ્વરજી મહારાજા સિધ્ધના આત્માઓ પ્રખ્યાત છે–પ્રસિધ્ધ છે. તે માટે સુંદર હેતુ આપે છે. “**ભવ્યૈઃ ઉપલબ્ધગુણસંદોહત્વાત્**” અર્થાત્ સિધ્ધો એટલા માટે પ્રખ્યાત છે કે ભવ્યાત્માઓ વડે તેમના ગુણોનો સંદોહ પ્રાપ્ત કરાયો છે તે તેમના આ હેતુરૂપ કથનનો ભાવાર્થ સમજવા જેવો છે.

(૧) ભવ્યો વડે તેમના (સિદ્ધોના) ગુણ સંદોહ પ્રાપ્ત કરી શકાય પણ અભવ્ય વડે કેમ નહીં ?

(૨) ભવ્ય વડે સિદ્ધના આત્માને ‘ગુણ’ પ્રાપ્ત થાય છે તેમ કેમ ન કહ્યું અને ‘ગુણો’ પ્રાપ્ત થાય છે એમ કેમ ન કહ્યું પણ ‘ગુણના સંદોહ’ એમ શા માટે કહ્યું ?

આ બે મુદ્દા વિચારવા જેવા છે.

## ભવ્યો જ સિદ્ધના ગુણ સંદોહોને પામી શકે અભવ્યો નહી.

સિદ્ધના ગુણો પ્રાપ્ત કરે તો ભવ્ય આત્માઓ જ કરી શકે છે. અભવ્ય આત્માઓ તે ગુણોને કદી મેળવી શકતા નથી કારણ તે જીવોને કદી મોક્ષે જવાની અભિલાષા જ થતી નથી. અને મોક્ષની અભિલાષા વિના તો મોક્ષની પ્રવૃત્તિ થાય નહિ અને પ્રવૃત્તિ વિના મોક્ષ મળે કેવી રીતે ?

## સકામ અને અકામ નિર્જરા છે તો સકામ અને અકામ મોક્ષ કેમ નહી.

તમને થાય કે ઇચ્છા વિના પ્રાપ્તિ થતી ન હોય તો શાસ્ત્રમાં અકામ નિર્જરા તો આવે છે. અકામ એટલે ઇચ્છા વિના જ ને ? ત્યારે અકામ નિર્જરા માનીએ તો મોક્ષના પણ એવા ભેદ શું કરવા ન પડે ? નિર્જરા પણ બે ભેદે છે. અકામ નિર્જરા અને સકામ નિર્જરા. તો મોક્ષ પણ બે ભેદે રહે. સકામ મોક્ષ અને અકામ મોક્ષ. સારૂં છે ને આવા પ્રશ્નો તમને કોઇ પૂછતું નથી અને તમને ઉદ્‌ભવતા પણ નથી નહીં તો શું દશા થાય ?

દલીલ તો સીધી સુંદર લાગે છે ને ? નિર્જરાના

અકામ અને સકામ બે ભેદ હોય તો મોક્ષના અકામ અને સકાગ બે ભેદ કેમ નહીં ?

પહેલાં અકામ અને સકામ નિર્જરાને સમજો પછી આગળ દલીલ કરજો.

અકામ નિર્જરા એટલે માત્ર ઈચ્છા વિના દુઃખો સહન થઇ જાય તે જ નહીં પણ મોક્ષની ઇચ્છા વિના જે પણ કષ્ટ સહન કરીને કર્મોને ઉદીરણા વડે ખલાસ કરીએ તે પણ અકામ નિર્જરા છે. 'કામ' શબ્દનો અર્થ ઇચ્છા છે અને તાત્પર્યથી ત્યાં સુધી પહોંચવાનું છે કે 'કામ' એટલે મોક્ષની ઈચ્છા. તેથી અકામ એટલે મોક્ષની ઈચ્છા વિના. મોક્ષની ઈચ્છા વિના જે દુઃખ ઉપયોગપૂર્વક સહન થાય તે પણ અકામ નિર્જરા જ કહેવાય છે. અજ્ઞાનીઓ અને યાવત્ સમ્યક્ત્વ વિનાના આત્માઓ જે પણ કંઈ કષ્ટ ઉઠાવે છે. કર્મોને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. આવેલા દુઃખને ધીરતાપૂર્વક ભોગવે છે–સહન કરે છે અને આવેલા સુખને વિરક્તિપૂર્વક ભોગવે છે છતાં ય તે અકામ નિર્જરા છે. જ્યારે મોક્ષની ઇચ્છાવાળા આત્મા જે કાંઈ સહન કરે છે તે સકામ નિર્જરા છે. એટલે સ્પષ્ટ સમજાય છે કે સકામરૂપ નિર્જરા તો મોક્ષની ઈચ્છાથી જ બને છે. જ્યારે મોક્ષની આરાધના તો મોક્ષના અભિલાષ વિના થાય જ નહી. તો સકામ મોક્ષ અને અકામ મોક્ષ બને જ કેવી રીતે ?

હા, ઈચ્છા રહિત થઇને જ મોક્ષે જવાય છે તેને અકામ મોક્ષ કહેવો હોય તો કહો પણ તેવી વિવક્ષા કરતાં અકામ મોક્ષ જ થશે. સકામ મોક્ષ જિનશાસનમાં છે જ નહીં કારણ કે દસમા ગુણસ્થાનકે લોભ મોહનીય કર્મનો

સંપૂર્ણ નાશ થઈ જાય છે ત્યાંથી આગળ ઈચ્છાનો ઉદય હોય નહીં. આથી પહેલાં અકામ ઈચ્છા રહિત બનવાનું ને પછી મોક્ષ. એટલે સમજી લો કે મોક્ષની સાધના માટે સકામ દશા–મોક્ષના માટેની તીવ્ર ઈચ્છા જરૂરી છે, પણ મોક્ષ તો અકામ દશાને અનુભવ્યા પછી જ મળે. પણ નિર્જરાની માફક સકામ નિર્જરા અને અકામ નિર્જરા જેવા ભેદો મોક્ષ માટે પાડી ન શકાય અને તેથી અભવ્ય તો શું પણ ભવ્યના આત્મામાં પણ જ્યાં સુધી મોક્ષની ઇચ્છા પ્રગટે નહીં ત્યાં સુધી તેના માટે મોક્ષની વાત થાય નહીં પણ માત્ર એક જ વખત મોક્ષની ઈચ્છા પેદા થઈ જાય પછી તેનો સંસાર કાળ કેટલો તે અવશ્ય નક્કી કરી શકાય.

શાસ્ત્રમાં બતાવ્યું છે કે જેને મોક્ષની ઇચ્છા થઈ છે તેને હવે આ સંસારમાં એક પુદ્ગલ પરાવર્તનથી વધારે કાળ ભમવાનું નથી. જો કે એક પુદ્ગલ પરાવર્તન કાળ કોઇ નાનો સૂનો નથી પણ અનંત પુદ્ગલ પરાવર્તનની પાસે તો અતિસૂક્ષ્મ જ સમજવો પડે.

વિચાર કરો કે મોક્ષની ઈચ્છામાં કેટલી પ્રબળતા હશે કે એક વખત થઈ એટલે આખા ય સંસારમાં ભ્રમણ કરવાની મર્યાદા નક્કી થઇ ગઇ. દુનિયાની કોઇ પણ ઇચ્છા કરતાં મહાન ઇચ્છા હોય તો મોક્ષની જ ઇચ્છા છે. કારણ આ ઇચ્છા એવી છે કે તેના વિષયરૂપ મોક્ષ તેની ઇચ્છા કરનારને મળે....મળે અને મળે જ.

## મોક્ષની ઇચ્છાવાળો ગમે તેટલું પાપ કરે તો ય તેને મોક્ષ મળે?

**પ્રશ્નઃ—** મોક્ષની એક વખત ઈચ્છા થયા બાદ આત્મા ગમે તેવા પાપો કરે તો ય તેનો એક દિવસ મોક્ષ થવાનો જ?

તમારા પ્રશ્નનું રહસ્ય હું સમજુ છું. તમને એક વખત ઇચ્છા કરવાથી મોક્ષ મળે જ એ વાતનું આશ્ચર્ય નથી! તમારે ખરી રીતે તો એ જ જાણવું છે ને કે એક વખત ઇચ્છા કરીને મોક્ષ નક્કી થઈ ગયો હોય તો પછી સંતોષ. આટલી બધી લમણાફોડ શા માટે કરવાની! મોક્ષ થવાનો છે તે થશે જ.

પણ....મોક્ષની ઇચ્છા એવી ચીજ છે કે એક દિવસ આવા ખોટા આશ્વાસનોને ફગાવી દેશે. આવી રીતના સંતોષમાં નહીં જીવવા દે. એવું પરિવર્તન સર્જશે કે કોઇ કેવલજ્ઞાની નિશ્ચિંત રીતે તમને કહેશે કે તમારો આ જ ભવમાં મોક્ષ છે તો પણ તમને તે સમ્યગદર્શન–સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ચારીત્રની આરાધના કર્યા વિના તમને તે વખતે ચેન નહીં પડે. ગૌતમસ્વામીજી ગણધર હતા. ગણધર તદ્ભવ મોક્ષગામી હોય એ નિયમ જ છે. આ નિયમ આપણે જાણીએ તો ગૌતમસ્વામીજી મહારાજ ન જાણે તેવું બને ખરૂં? પણ તેમને કેટલી મોક્ષની તાલાવેલી હતી? મોક્ષે જવાના નજીકના કાળમાં આત્મામાં પ્રાયઃ એવી જોરદાર પરીણામધારા વહેવા માંડે છે કે તેને આવા આલંબનોની જરૂર પડતી નથી. જાતિવાન ઘોડાની માફક એક જ ઇશારે નિકટભવી આત્મા દોડવા માંડે છે. જ્યારે દુર્ભવી આત્માઓ ગળિયા બળદની જેમ આવા આલંબનો સેવે છે....

'હાશ....શ, મોક્ષની ઇચ્છા છે તો મોક્ષ તો જવાના જ ને?....'

પણ....ધ્યાનમાં રાખવાની વાત એ છે કે મોક્ષની ઇચ્છા જ્યારે અમલમાં મૂકાય તે પ્રમાણે સમ્યગ્ દર્શન, જ્ઞાન

અને ચારીત્રની નિર્મળ આરાધના થાય ત્યારે જ તે પોતાનું ફળ આપી શકે છે. એટલે મોક્ષના પુરુષાર્થની મંદતા તો જરાય કરવાની નથીઃ પણ તે માટે વેગ વધારવાનો છે. આવી મંદતા કેળવવાનો ભાવ હૃદયમાંથી કાઢી નાખો પછી પ્રશ્નનો સાચો જવાબ મેળવો.

તમારો મૂળ પ્રશ્ન એ છે કે શું એક વખતની મોક્ષની ઇચ્છા આટલી પ્રબળ છે કે મોક્ષમાં લઈ જાય અને મોક્ષ માર્ગની આરાધના તમામ સાધનો એકત્રિત કરી દે?

એનો જવાબ 'હા'માં છે. ચોક્કસ નિર્ણયપૂર્વક કહી શકાય કે આ ભાવના આપણામાં મોક્ષમાર્ગ માટેની ઝંખના અને તમામ પ્રયત્નો જગાડશે. શાસ્ત્રકારોએ આવી ભાવનાના અંગે જ કહ્યું છે કે....**'સઇ સંજાઓ ભાવો પાયો ભાવાંતરં કુણઇ'**

'એક વખત પેદા થયેલ ભાવ પ્રાયઃ અવશ્ય તે ભાવને ફરી જગાડે છે....અને એટલે જ તીર્થંકરના આત્માઓ કે તેવા બીજા અનેક આત્માઓ એક વખત સમ્યક્ત્વ પામ્યા બાદ ગમે તેવા કર્મના સકંજામાં ફસાઈ જાય છે છતાં ય મોક્ષમાર્ગની આરાધના પુનઃ આદરે છે. તીર્થંકર નામ કર્મ ઉપાર્જે છે.

ખરી વાત તો એ છે કે જેને મોક્ષનું સ્વરૂપ અનુપમ રૂપે સમજાઈ ગયું હોય, આ જ શ્રેય છે તેવો નિર્ણય થઈ ગયો હોય, તેને પછી વિલંબનું કોઈ કારણ હોતું જ નથી. 'મોક્ષની ઇચ્છા થઇ છે માટે મળવાનો તો છે જ ને પછી પુરૂષાર્થ શા માટે કરવો? આવો ભાવ એટલે મોક્ષની પ્રાપ્તિમાં વિલંબ સહી લેવાનો ભાવ. અને આ વિલંબ સહી લેવાનો ભાવ આવ્યો છે તેમાં નિશ્ચિંતતા—આ નિયમ પરનો

અડગ વિશ્વાસ કારણ નથી પણ કંઈક સુષુપ્ત રીતે સંસારનો રસ પડ્યો છે તે જ કારણ છે, મોક્ષ માટે કરવા પડતા પુરૂષાર્થ પ્રત્યે અણગમો છે. મોક્ષ ગમવો એ જુદી વાત છે અને તેની પ્રાપ્તિના તમામ સાધનો ગમે તે ભોગે આરાધવા મન થવું તે જુદી વાત છે. મોક્ષની ઇચ્છા કરનારને મોક્ષ મળવાનો તે નક્કી પણ તેના સાધનોને આરાધવાની તમન્ના જાગશે પછી જ. ભોજન થાળીમાં કાઢ્યું છે તમારૂં જ છે તેમાં શંકા નથી, પણ હાથમાં લઇને મ્હોમાં તો મૂકવું જ પડશે.

**એટલે ભવ્યત્વની છાપ લઇને વિશ્વાસ કેળવવાનો છે. બેદરકારી નથી કેળવવાની. કારણ કે મોક્ષ ભવ્ય આત્માને–મોક્ષની ઇચ્છાવાળાને જ મળવાનો પણ તે આત્મા તમામ બેદરકારી ત્યજીને હમણાં જ મળે તેવી આરાધના કરશે તે પછી.**

તમારા અનુભવને તપાસશો તો ખબર પડશે કે સાચો પ્રેમ જાણ્યા પછી વિલંબ સહવાની તૈયારી આત્મામાં હોતી નથી ઉલ્ટો તલસાટ વધે છે. ઘરમાં સુંદર રસોઇ ન કરી હોય તો કાંઈ નહીં પણ કર્યા બાદ–ભાણા પર બેઠા બાદ કોઇ કહે....'મંદિર જવાનું રહી ગયું છે' તો તરત કહો.... 'જવાશે હવે, ખાઈ લેવા દો પછી વાત'........કોઇનો કાગળ ન આવ્યો હોય તો કાંઈ નહીં પણ આવ્યા બાદ કોઈ કહે....“ચાર કલાક પછી વાંચજો ને, ટપાલી મોડો આવ્યો હોત તો શું કરત ?........” એક કાગળ જેવી તુચ્છ ચીજને વાંચવામાં કે ભોજનનો ટૂકડો આરોગવામાં આત્મા વિલંબ સહન નથી કરી શકતો તો મોક્ષપ્રાપ્તિ માટે વિલંબ કેવી રીતે સહન થાય ? કહો આવી તુચ્છ પ્રાપ્તિમાં જેવી

ઉત્કંઠા જેવો પ્રેમ છે તેટલી ઉત્કટ ઉત્કંઠા અને પ્રેમ મોક્ષ પ્રાપ્તિ માટે નથી એટલે જ આમ બને છે. માટે મોક્ષ-માર્ગની આરાધનાને રોજ ને રોજ પ્રબળ જ બનાવવાની છે. માત્ર એટલો જ સંતોષ કેળવવાનો છે કે...." હું ભવ્ય છું, મોક્ષની ઇચ્છા થાય છે માટે મારો પુરૂષાર્થ એળે નથી જવાનો." આ જ કારણે ટીકાકાર મહર્ષિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયઅભયદેવસૂરીશ્વરજી મહારાજા કહે છે. "**ભવ્યૈ: ઉપલબ્ધગુણસંદોહત્વાત્‌-સિદ્ધાઃ**" સિદ્ધો એટલા માટે જ પ્રખ્યાત છે કે તેમના ગુણોનો સંદોહ ભવ્ય આત્મા વડે પ્રાપ્ત કરાયો છે. તેથી જ તેવા–મોક્ષમાં ગયેલા આત્માઓ સિદ્ધ છે. અર્થાત્ પ્રખ્યાત છે. **સિદ્ધિ તો પ્રાપ્તિથી થાય છે પણ પ્રસિદ્ધિ તો તેના વિનિ-યોગથી જ થાય.** લક્ષ્મિની પ્રાપ્તિ એ સિદ્ધિ છે પણ દાન વિના પ્રસિદ્ધિ ન મળે. હા, પૈસા બહુ હોય અને દાન ન કરો તો કંજુસ તરીકેની પ્રસિદ્ધિ મળે, પણ એને વાસ્તવિક પ્રસિદ્ધિ નહીં અપપ્રસિદ્ધિ કહેવાય છે. ગમે તે રીતે લોકની વચમાં જાહેર થવું તે પ્રસિદ્ધિ નથી પણ બીજાઓ જેની યાદ કરતા ઝુકી પડે તેવી કીર્તિ નામના મેળવવી તેનું નામ પ્રસિદ્ધિ છે. બીજાઓ યાદ કરીને પોતાના જીવનમાં પ્રકાશ પાથરી શકે–દુઃખમાંથી દૂર થઇ શકે તેવી કીર્તિ હોય તેને જ પ્રસિદ્ધિ કહેવાય.

સિદ્ધ પરમાત્માએ પોતાના આલંબનથી અનેક જીવોને સિદ્ધસ્વરૂપે બતાવ્યા છે. માટે જ સિદ્ધો સાચા પ્રખ્યાત છે આ જ વાતને ટીકાકાર મહર્ષિએ હેતુ દ્વારા સમજાવી છે. તેથી જ કુશળ ટીકાકાર પૂ. અભયદેવસૂરીશ્વર મહારાજાની બલિહારી છે.

## ટીકાકારના ‘નવાંગી’ વિશેષણની સાર્થકતા.

તમે તો પરમાત્માની પ્રતિમા પર નવ અંગે પૂજા જ કરો છો, જ્યારે આ મહાપુરુષે તો જિનપ્રવચનરૂપ શરીરના જ જાણે નવ અંગ હોય તેવા નવ અંગની ટીકાઓ રચવા દ્વારા પૂજા કરી છે. આમ ટીકાકાર મહર્ષિનું નામ તો સાર્થક છે જ પણ તેમનું વિશેષણ પણ અનેક રીતે સાર્થક છે.

હજી પણ વિચારો. નવનો અર્થ જેમ નવ સંખ્યા છે તેમ હમણાં પેદા થયેલ–હમણાં બનેલ તેવો અર્થ પણ છે, અને અંગ એટલે શરીરના અંગ. તેમજ અંગી એટલે અંગોવાળું શરીર તેવો અર્થ થાય. આ ટીકાકાર મહર્ષિનો વૃત્તાંત પ્રસિદ્ધ છે. તેમને નવાંગી ટીકા લખતા થયેલ વ્યાધિ દૂર થયો હતો. તેથી એક રીતે તેઓ નવા શરીરવાળા પણ બન્યા હતા. આમ નવા શરીરવાળા અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ અર્થમાં પણ નવાંગી વિશેષણ સાર્થક છે. ટીકાકાર મહર્ષિ “નમો સિદ્ધાણું” પદના વિવિધ અર્થો કરી રહેલ છે તો તેમનું પોતાનું જ વિશેષણ અનેક અર્થોથી ઘટિત થાય તેવું બન્યું છે. પૂજ્યોના ગુણો ગાવાથી નિઃશંક પૂજ્ય બનાય છે. આ જ વાત આપણે સમજવાની છે કે સિદ્ધોના આત્માના ગુણોનો સંદોહ ભવ્ય આત્માઓએ મેળવ્યો છે અર્થાત્ તેઓ પણ સિદ્ધ બની ગયા છે.

આપણે હજી સિદ્ધ બનવાનું બાકી છે આપણે સિદ્ધ થવાના છીએ.

### “સિદ્ધ કોણ થાય ભવ્ય કે અભવ્ય ?”

**પ્રશ્ન:**—કદાચ, આપણે સિદ્ધ ન થઇએ એવું પણ

ન બને ? આપણે અભવ્ય હોઇએ તો સિદ્ધ ન પણ બનીએ.

**જવાબ:**—આપણે એટલે કોણ ? હું કે તમે કે આ સભામાં બેઠા છે તે બધા ? જો મારે માટે પૂછતા હો તો હું નક્કી કહું છું કે હું તો ભવ્ય છું અને મોક્ષે જવાનો જ છું.

**પ્રશ્ન:**—આપ કયા જ્ઞાનથી કહી શકો છો ? શું આપને અવધિજ્ઞાન છે ?

**જવાબ:**—ના, મને અવધિજ્ઞાન નથી. અને છતાં ય હું જાણું છું કે હું ભવ્ય છું, મોક્ષે જવાનો છું. કદાચિત્ મને અવધિજ્ઞાન હોત તો પણ હું ભવ્ય છું કે અભવ્ય એનો નિર્ણય તો હું અવધિજ્ઞાનથી ન જ કરી શકત. કારણ, શાસ્ત્રમાં કહ્યું છે કે અભવ્યત્વરૂપ યા ભવ્યત્વરૂપ જીવનો પરિણામ માત્ર કેવલજ્ઞાનથી જ જોઈ શકાય છે. તે અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાનનો વિષય નથી. તે છતાં ય શ્રુતજ્ઞાનથી અવશ્ય પોતાના આત્માનું ભવ્યત્વ જાણી શકાય છે. તમે પૂછશો કે કયું શ્રુતજ્ઞાન ?

પોતાનો આત્મા ભવ્ય છે કે નહીં તે જાણવા માટેનું શ્રુતજ્ઞાન મને છે અને તમને પણ હોઇ શકે છે. શાસ્ત્રકારો ફરમાવે છે કે જે આત્માને શંકા થાય કે મારો આત્મા ભવ્ય છે કે નહીં ? તે દરેક આત્મા ભવ્યનો જ આત્મા છે. મને તો આ પ્રશ્ન પણ થાય છે. મોક્ષની ઇચ્છા પણ ખૂબ છે અને તે માટે યથાશક્ય પ્રયત્ન પણ કરી રહ્યો છું, એટલે મારો મોક્ષ તો છે. મારા વડે સિદ્ધના આત્માના ગુણોનો સંદોહ પ્રાપ્ત કરવાનો છે. હવે બાકી રહી તમારી વાત. તમે તમારી જાતને પૂછી જુઓ કે તમને 'હું ભવ્ય

છું કે નહીં, તેવો સંદેહ થાય છે કે નહીં? મોક્ષે જવાની ઇચ્છા થાય છે કે નહી?

પ્રશ્ન જ નહીં દિલમાં મુંઝવણ પણ ઘણી વખત થાય છે કે હવે આ જન્મ-મરણમાંથી મુક્તિ ક્યારે થાય? મોક્ષ ક્યારે થાય?

"બસ ત્યારે તમે પણ ભવ્યનો જ આત્મા છો. હવે સભામાંના બીજાને પૂછો તેમને 'પોતે ભવ્ય છે કે અભવ્ય' અર્થાત 'મોક્ષમાં જવાને લાયક છે કે નહીં" તેવો પ્રશ્ન થાય છે કે નહીં? મોક્ષમાં જવાની ઇચ્છા થાય છે કે નહીં? તમને પણ આવો પ્રશ્ન અને મોક્ષની ઇચ્છા થાય તો તે પણ મોક્ષે જવાના જ.

પણ....અહીં થોડું સમજી લેવાની જરૂર છે. અત્યારે કોઈ એવા નાસ્તિક મતવાદના પ્રભાવમાં આવીને કે બીજા કોઈ કારણથી કોઈ આત્મા એમ કહેતો હોય કે મોક્ષ તો ગપ્પા છે. તમારા મોક્ષની અમારે જરૂર જ નથી. મોક્ષ હોય તો પણ મારે જોઇતો નથી....તો આવું બોલનાર આત્માને આપણે અભવ્ય આત્મા કહી શકીએ કે નહીં?

અધકચરૂં સાંભળ્યું હોય, વ્યાખ્યાન સાંભળીને પૂરો વિચાર ન કર્યો હોય તે ઝટ દઇને કહી દે....જેને મોક્ષની ઇચ્છા ન થાય-હું ભવ્ય છું કે અભવ્ય એવો પ્રશ્ન ન થાય તે ભવ્ય શાનો? પણ જરા સબૂર કરો....થોભી જાવ શાસ્ત્રકારોએ એમ નથી કહ્યું કે જેને અત્યારે મોક્ષની ઇચ્છા નથી તે અભવ્ય છે, જેને હું ભવ્ય છું કે અભવ્ય એવો પ્રશ્ન નથી થતો તે અભવ્ય છે. ખરી વાત એ છે કે જે ભવ્ય હોય તેને તો આવો પ્રશ્ન થાય જ પણ જેને આવો પ્રશ્ન નથી થતો, હમણાં મોક્ષની ઇચ્છા નથી,

મોક્ષમાર્ગની પ્રરૂપણાનો વિરોધી છે તે અભવ્યનો જ આત્મા છે એવું નહિ. ભવ્યનો આત્મા પણ મોક્ષથી દૂર હોય, ચરમાવર્તમાં આવ્યો ન હોય ત્યારે તેની દશા પણ આવી જ હોય છે. તેથી એવો નિયમ નહીં બાંધવાનો કે જેને મોક્ષની ઇચ્છા કોઈ કાળે ન હોય યા ભવ્ય કે અભવ્યની શંકા ન હોય તે અભવ્ય, પણ ત્રણેય કાળમાં જેને મોક્ષની ઇચ્છા ન હોય તે જ અભવ્ય. ભૂતકાળમાં જેને મોક્ષ ઇચ્છયો નથી, વર્તમાનમાં જે મોક્ષ ઇચ્છતો નથી, ભવિષ્યમાં જે મોક્ષ ઇચ્છવાનો નથી તે જ અભવ્ય. માટે જ મેં કહ્યું....હું ભવ્ય છું એનો નિર્ણય મેં કરી લીધો છે. તમો છો કે નહીં તેનો નિર્ણય તમે કરો. બાકી પ્રત્યક્ષથી તેનું જ્ઞાન કરીને ભવ્ય અભવ્યનો નિર્ણય કેવલી ભગવંત સિવાય કોઇ કરી ન શકે.

## "આત્મા અભવ્ય શાથી ?"

કેટલાક બિચારા દયાળુ અને કંઈક ઈશ્વર કર્તૃત્વના ચિરસ્થસંસ્કારવાળા આત્માઓ હોય છે તે દયાભાવથી ગભરાઈ ઊઠે છે. તેમને થાય છે કે બિચારો અભવ્યનો આત્મા....! એ તો કદી મોક્ષે ન જાય. આવું ભગવાન શું કામ કરતા હશે ? આવો નિયમ ભગવાને શા માટે બનાવ્યો હશે ? ભગવાન પણ એ આત્માનું ભલું ન કરી શકે ?

આ બધા પ્રશ્નો ચોક્કસ પ્રશ્ન કરનાર આત્માની દયામયતા બતાવે છે પણ દયા યોગ્ય વિષયની હોય તો બરાબર. અયોગ્ય વિષયની દયા કરીને બીજા વિચારમાં ચાલી જવું તે ખોટું છે. ભગવાને કોઈ આત્માને ભવ્ય બનાવ્યો નથી. અભવ્ય મોક્ષે ન જાય અને ભવ્ય જ જાય તેવો નિયમ પણ કોઈ તીર્થંકર ભગવંતોએ બનાવ્યો નથી. વાસ્તવિક રીતે

વિચારતાં ભવ્ય-તદ્ભવમોક્ષગામી આત્માને પણ ભગવાન મોક્ષ આપી દેતા નથી. કેવળ ભગવાને પ્રરૂપેલ માર્ગે તે આત્મા પુરૂષાર્થ કરે છે અને તેને વિશેષયોગ્યતા-તથાભવ્યત્વ તેવું હોવાથી તેને મોક્ષ મળે છે. આમ ભવ્ય આત્મા માટે પણ અપેક્ષાએ ભગવાન કશું જ કરતા નથી તો આત્માને અભવ્ય શા માટે કરે ?

## સ્વભાવનું કોઇ કારણ નથી

વળી કોઈ વધારે સમજેલાને એમ થાય છે કે અભવ્યના આત્માએ બિચારાએ એવો શું ગુન્હો કર્યો કે તે અભવ્ય થઈ ગયો ?

આ પ્રશ્ન પણ અણુસમજભર્યો છે. કોઇ પણ આત્માએ ભવ્ય બનવા માટે કોઇ પુરૂષાર્થ કર્યો હોતો નથી ભવ્ય થવા માટે કોઇ સત્કાર્ય કરવાનું હોતું નથી. તેવી જ રીતે અભવ્ય થવા માટે કોઈ અપકાર્ય ખરાબ કાર્ય જવાબદાર હોતું નથી તે તો આત્માનો એક વિશિષ્ટ સ્વભાવ જ છે. બધા જ દર્શનકારો અને તાર્કિકો એટલું તો માને જ છે કે સ્વભાવમાં પ્રશ્ન હોય જ નહીં. જેમ કોઈ આગથી બળી જાય ત્યારે કોણ બળી ગયું ? કેવી રીતે બળી ગયું ? કયાં બળી ગયું ? શાનાથી બળી ગયું ? આ બધા પ્રશ્નો પૂછી શકાય અને તેના જવાબો પણ મળી શકે. પણ કોઇ એમ પૂછે કે આગથી માણસ બળી કેમ ગયો ? બરફથી કેમ ન બળ્યો ? આગ શા માટે બાળે છે ? અને બરફ શા માટે ઠારે છે ? એવા પ્રશ્નનો જવાબ એક જ છે કે આગનો બાળવાનો સ્વભાવ છે અને બરફનો ઠારવાનો સ્વભાવ છે. હવે તમે પૂછો કે તેનો એવો સ્વભાવ કેમ ? તો એનો કોઈ

જવાબ જ નથી. કારણ સ્વભાવનું કોઇ કારણ હોતું નથી. સ્વભાવવિષયક પ્રશ્નનો જવાબ નથી એમ કહ્યું તેથી એવું ન માની લેતા કે અમે તેનો જવાબ જાણતા નથી; એવું માનવાની ભૂલ ન કરતા કે જ્ઞાનીઓને તેનો ખ્યાલ નથી. પણ અહીં તત્ત્વરૂપે–રહસ્યરૂપે એ સમજવાનું છે કે સ્વભાવનું કારણ પૂછ તો પ્રશ્ન એ પ્રશ્ન જ નથી. જે પ્રશ્ન જ પ્રશ્નરૂપે ન હોય તેનો જવાબ હોય કયાંથી? કોક પૂછે, " વાંઝણીનો છોકરો કેટલું દોડ્યો ?" વળી કોઈ પૂછે, "હું મારા ખભા પર ઊભો રહું તો કેટલે દૂર દેખાય ?" કોઇક શંકા કરે કે, "રોજ કેટલા આકાશપુષ્પથી ભગવાનની પૂજા કરવી જોઇએ ?" કોઈ જાણવા માંગે કે "એક શિકારી રોજ કેટલા સસલાના શિંગડા તોડી શકે ?" આવા પ્રશ્નો તમને કોઈ પૂછે તો તમે શું કહો ? કહો તો પ્રશ્ન જ ખોટો છે તો જવાબ કયાંથી હોય ?' પ્રશ્ન પણ સંભવિત અને સાચો હોય તો જ જવાબ મળે. જેમ ઉપરના પ્રશ્નો અયોગ્ય અને ખોટા પ્રશ્નો છે તેમ સ્વભાવ વિષયના પ્રશ્નો પણ અયોગ્ય અને ખોટા છે. એટલે તેના જવાબની વાત આવતી જ નથી. દાર્શનિકોમાં એવી ઉક્તિ છે કે "**સ્વભાવો પ્રશ્નં નાર્હતિ**" સ્વભાવવિષયક પ્રશ્ન થઈ શકતો નથી.

આમ એક આત્મા ભવ્ય કે અભવ્ય સ્વભાવથી જ છે માટે તે ભવ્ય કેમ કે અભવ્ય કેમ તે પ્રશ્ન ન પૂછી શકાય. નહીં તો જીવમાં જ ચેતન કેમ ? જડમાં ચેતના કેમ નહીં ? આકાશમાં જ જીવ અને પુદ્ગલોને અવગાહના આપવાનો સ્વભાવ કેમ ? જીવમાં કેમ નહીં ? આવા બધા અયોગ્ય પ્રશ્નો થાય. અયોગ્ય પ્રશ્નોનો જવાબ હોય નહીં. અને કદાચિત્ કોઇ તર્કશાસ્ત્રને ન જાણતો હોય તેવો સાહસિક

જવાબ આપવા જાય તો તેનો જવાબ ખોટો જ હોય. એટલે અભવ્યના આત્માનો સ્વભાવ મુક્તિમાં જવાને યોગ્ય કેમ નથી ભવ્યના આત્માનો સ્વભાવ મુક્તિમાં જવાનો કેમ યોગ્ય છે તેવો પ્રશ્ન હોય જ નહીં.

આમ ભવ્યત્વ અને અભવ્યત્વ આત્માના સ્વભાવ છે તેથી પ્રશ્નની મર્યાદાની બહાર છે. પણ તમારે સમજી લેવાનું છે કે જેટલા ભવ્ય હોય તેટલા બધા કદી મોક્ષમાં જવાના નથી. બધા જ ભવ્યો મોક્ષમાં નથી જવાના એ વાત તો સાચી જ છે. પણ હજી 'જઇ આઇ....'વાળી ગાથાને સારી રીતે વિચારશો તો સમજાશે કે કોઇ પણ કાળમાં જેટલા ભવ્યો મોક્ષમાં ગયા હોય છે. તેનાથી અનંતગુણા ભવ્યો સંસારમાં હોય છે. સંસાર અનંત ભૂતકાળથી ચાલુ રહ્યો છે માટે જ અનંત ભવિષ્યકાળ સુધી ચાલુ રહેવાનો છે અને અનંતકાળ સુધી ચાલુ રહેવાનો છે. તેથી જ સંસારમાં કોઈ પણ કાળે મોક્ષમાં પહોંચેલ ભવ્યાત્માઓ કરતાં સંસારભાવમાં રહેલા આત્માઓની સંખ્યા વધારે જ રહેવાની. તેથી ભવ્યો પણ કેટલાય મોક્ષે જવાના નથી.

આ વાત અમે માત્ર યુક્તિથી જ કરતા નથી. ભાષ્યસુધાંભોધિ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજાએ પણ વિશેષ આવશ્યક ભાષ્યમાં સ્પષ્ટ ફરમાવ્યું છે કે....

**"ભવ્વા વિ કેડવિ ન સિજ્ઝંતિ..."** ભવ્યો પણ કેટલાય મુક્તિમાં જવાના નથી.

દરેક વાતમાં યુક્તિઓથી ચાલતું નથી. યુક્તિ અને તર્કપંડિતો જો અનુભવ, વ્યવહાર અને શાસ્ત્રને છોડી દે

તો ઊંડા ખાડામાં પટકાયા વિના રહે નહિ. ઉપાધ્યાય યશો-વિજયજી મહારાજા આવા પંડિતો માટે કહે છે કે....
**"હસ્તિહન્તીતિ વચનેઽપિ પ્રાપ્યાપ્રાપ્યવિકલ્પવત્"**

## પોથી પંડિતનો નાશ

એક કાશીનો પોથી પંડિત કૌશાંબીમાં આવ્યો હતો. કૌશાંબીમાં તેના આગમને ખૂબ ચકચાર જગાડી હતી. મોટા મોટા કૌશાંબીના વિદ્વાનોને તે કાશીનો પંડિત ક્ષણમાં ચૂપ કરી દેતો હતો. કોઈ એને એક વાત કહે તો તે જ વાતમાંથી તે એવા પ્રશ્નો ઊભા કરે કે વાત કરનારો પંડિત પેલા કાશીના પંડિત પાસે નિરૂત્તર થઈ જાય. આમ તેને સુવિકલ્પ–કુવિકલ્પ કશાનું ધ્યાન રાખ્યા વિના જીભના જોરે બધા પંડિતોને જીતવા માંડ્યા. એક વાર એવું બન્યું કે રસ્તામાંથી એક તોફાની હાથી પસાર થતો હતો. કાશીના પંડિત સામેથી આવતા હતા. ક્ષણવારમાં પંડિતજી દૂર ન જાય તો હાથી મારી નાંખે તેવી પરિસ્થિતિ હતી. લોકોએ બૂમ પાડી...."હાથી મારી નાંખશે દૂર જાવ....દૂર જાવ...." કાશીના પોથી પંડિત તો જાણે અહીં વાદસભા ન હોય તેમ કરવા બેઠા. તેમને લોકોના ટોળાને પ્રશ્ન કરવા માંડ્યો "શું હાથી મને મારશે? હાથી મને મારી શકે તેવી બે જ શકયતા છે, કયાં તો મને દૂરથી મારે કયાં તો હું તેની પાસે હોઉં તો મારે. આ સિવાય ત્રીજી કોઈ શકયતા દુનિયામાં નથી. પણ ઉપરની બંને શકયતાઓથી હાથી મને મારી શકે તેમ નથી. કારણ બન્ને શંકાઓ ખોટી છે વ્યભિચારવાળી છે. જો હાથી દૂરથી મારી શકે તો તમે બધા દૂર છો તમને કેમ નહીં મારી નાંખે? તમે દૂર છો અને

તમને ન મારે તો હું પણ દૂર છું તો મને કેવી રીતે મારી શકશે ? આ પહેલો વિકલ્પ ખોટો છે.

બીજા વિકલ્પ પ્રમાણે વિચારો તો ય હાથી પાસે આવી મને મારે તે શક્યતા ખોટી છે. કારણ હાથી પર બેઠેલો મહાવત મારા કરતાં પણ વધુ નજીક છે. તેને નથી મારતો તો મને કેવી રીતે હાથી મારશે ? માટે હે લોકો ! તમે હારી ગયા છો...."

હજી તો આ વાત પૂરી થઈ નથી અને હાથી નજીક આવી ગયો. મહાવતના વાર્યા છતાં માર્ગમાં ઊભેલા પંડિતને જોઈને ખીજાયેલા હાથીએ સૂંઢથી પંડિતને રસ્તા પર પટકી દીધા. લોકોને પંડિત પર દયા તો આવી, સારવાર તો કરી પણ તેમનું હસવું રોક્યું રોકાતું ન હતું, ગામના છોકરાઓ પણ તેમને પૂછવા માંડ્યા.... " કેમ પંડિતજી હાથીએ તમને દૂરથી માર્યા કે નજીકથી ? ક્યા વિકલ્પથી માર ખાધો ? " પંડિતજી શું બોલે ?

આવી રીતના પોથી પંડિત બનીને આપણે માત્ર યુક્તિથી વાત નથી કરતા. આપણે તો જ્યાં શાસ્ત્ર, જ્ઞાનીઓનો અનુભવ, મહાપુરુષોની આજ્ઞા હોય તે જ વાતને યુક્તિથી સિદ્ધ કરવાની હોય.

આપણે અત્યાર સુધી એ જ શાસ્ત્રીય વાત સિદ્ધ કરી છે કે ગમે તેટલા જીવો મોક્ષ જાય તો પણ સંસારમાં જીવો ખૂટવાના નથી. ભવ્યો બધા જ મોક્ષ પહોંચી જાય અને અભવ્યો જ સંસારમાં રહી જાય તેવી દશા પણ આવવાની નથી. લોકમાં સિદ્ધો અને સંસારીઓ અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે.

અહીં આપણે મુખ્ય વિષયરૂપે એ જ વિચારતા હતા કે સિદ્ધના આત્માના ગુણો ભવ્ય આત્માઓએ મેળવેલા છે, અભવ્યો કદી મેળવી શકે નહિ. અભવ્યના આત્માઓ જૈનશાસનની લગભગ તમામ બાહ્ય ક્રિયાઓ મેળવી શકે છે, અતિ દુષ્કર ચારિત્રની પાલના પણ કરી શકે છે. દ્વાદશાંગીમાંથી ૧૧ અંગ તો મેળવી શકે પણ ચૌદ પૂર્વરૂપ બારમા અંગના નવ પૂર્વ સુધીનો અભ્યાસ પણ મેળવી શકે. અતિ કઠોર સંયમથી મેળવી શકાય તેવા દેવલોકરૂપ નવમા ગ્રૈવેયકમાં પણ જઈ શકે છે. જ્યાં રહેલા દેવોના જીવનની સ્વભાવિક એવી વિરાગમય વૃત્તિ હોય છે કે તેમને કામવાસના મનથી પણ હોતી નથી. બહારથી પાળેલા રૂડા સંયમના પ્રભાવે એવા અભવ્યના આત્માઓ એટલી ઊંચી સ્થિતિ પામે છે કે બાવીશ–બાવીશ સાગરોપમ સુધી મનના વિકારથી દૂર....અને છતાં ય તેઓ પહેલા ગુણસ્થાનકે....કદી મોક્ષમાં નહીં જનારા.

હવે તો તમે સમજી ગયા છો એટલે કહેશો કે અત્યારે મોક્ષને નહીં ઈચ્છનારા અભવ્ય છે એમ નહિ પણ કદી મોક્ષમાં નહીં માનનારા–કદી મોક્ષને નહીં ઈચ્છનારા જે જે હોય તે જ અભવ્ય કહેવાય.

## તીર્થંકર કરતાં પણ વધુ આત્માને મોક્ષે પહોંચાડનાર અભવ્યનો આત્મા

તમને થાય કે આવું સુંદર ચારિત્ર પાળે છતાં ય મોક્ષમાં ન માને? મોક્ષની શ્રદ્ધા ન કરે? પણ શાસ્ત્રકારો તો આનાથી ય વધારે કહે છે આવા આત્માઓ અનેકને મોક્ષમાં પહોંચાડનાર હોય છે. અનેક આત્માને મોક્ષમાં

જતા સહાય કરે છે. અનેક આત્માને મોક્ષમાં પહોંચાડવા માટે ઉપકારક બને છે. છતાં ય તેમને મોક્ષની ઇચ્છા થતી નથી.

**પ્રશ્નઃ**—શું અભવ્યના આત્માઓ અનેક આત્માને મોક્ષમાં પહોંચાડવા સહાય કરે? અને છતાં ય પોતે મોક્ષમાં ન માને?

**જવાબઃ**—હા, તેમાં કશું આશ્ચર્ય કરવા જેવું નથી. સાધુઓને ભણાવનાર કેટલાય આગ્રહી પંડિતો એવા પણ હોય છે કે તેમના ભણાવવાથી અમને જૈનધર્મ પર અપૂર્વ શ્રદ્ધા થાય પણ પેલાને તે વાત વાંચતા અરૂચિ વધતી જાય. બિલકુલ શ્રદ્ધા ન થાય. કેટલાક નાટકીયા-નાટકો એવાં કરતાં હોય છે કે જે વાંચતા-જોતાં અનેકને વૈરાગ્ય થાય પણ નાટક કરનાર તો તેવા ને તેવા ધોયેલા મૂળા જેવા જ રહે. એટલે અભવ્યના આત્મા પોતે મોક્ષ ન માને છતાં ય અનેકને તેમાં શ્રદ્ધા કરાવી દે. અનેકને મોક્ષે મોકલી દે તે શક્ય છે.

વિચાર કરતાં તો એમ પણ સમજાય છે કે કોઇ પણ એક તીર્થંકર પરમાત્મા કરતાં એક અભવ્યના આત્માના પ્રબોધેલા વધુ આત્માઓ મોક્ષમાં જાય. તમને આશ્ચર્ય થાય કે તીર્થંકરના આત્મા કરતાં પણ વધારે આત્માને મોક્ષમાં પહોંચાડવામાં અભવ્યનો આત્મા નિમિત્ત કેવી રીતે બને? પણ વિચારો કે તીર્થંકરનું વધારેમાં વધારે આયુષ્ય કેટલું? ૮૪ લાખ પૂર્વનું. આનાથી મોટી વયના તીર્થંકરો હોય નહીં. તેઓ પોતાના જીવનમાં ગમે તેટલાને પ્રતિબોધે પણ આયુષ્ય પુરૂં થયા બાદ તેમના પોતાના દ્વારા કોઇ આત્માને

મોક્ષે જવામાં સાક્ષાત્ ઉપકાર કરી શકે નહીં. અભવ્યના આત્માનો તો વાંધો જ નથી. અનેક વખત દીક્ષા લેવાનો, અનંત વખત ગ્રૈવેયક જેવા ઊંચા દેવલોકમાં જવાનો અને આ બધા ભવોમાં કદાચિત્ એક-એક જીવને પણ મોક્ષે પહોંચાડવાનો ઉપદેશ આપે તો ય એક તીર્થંકર કરતાં તેના ઉપદેશથી મોક્ષ પામનારની સંખ્યા વધી જાય.

તેથી જ શાસ્ત્રકારોએ તેનામાં દીપક નામનું સમ્યક્ત્વ માન્યું છે. જો કે પોતે પ્રકાશિત થાય ને બીજાને પ્રકાશિત કરે તેવાને દીપકની ઉપમા અપાય પણ અહીં દીપકની ઉપમાને બીજી રીતે સમજવી. પોતે બીજાને પ્રકાશ આપે અને પોતે ખલાસ થાય એ અંશે. જેમ દીપક પોતે બળીને પ્રકાશ આપે બીજા પ્રાણીઓને ગતિ વગેરે કાર્યમાં સહાયક થઇને તેનું કાર્ય કરી આપે છે પણ પોતે એક ડગલું ગતિ કરતો નથી માત્ર પોતાનો કાળ પસાર કરે છે એટલું જ. તેવી રીતે અભવ્યનો આત્મા પણ પોતાનો કાળ જ પસાર કરે છે. તેને કોઈ ફાયદો થતો નથી. આમ અભવ્યનો આત્મા અનેકોને સિદ્ધના ગુણ પમાડનાર હોવા છતાં ય પોતે કદી સિદ્ધના ગુણને પામનારો હોતો નથી.

તેથી માત્ર ભવ્યો વડે જ પ્રાપ્ત કરાયેલ ગુણસંદોહવાળા સિદ્ધો છે તે વાત નિશ્ચિત થાય છે અને તેમના ગુણો ભવ્ય આત્મા પામ્યા હોવાથી તેમની પ્રસિદ્ધિ પણ ખૂબ છે. માટે જ સિદ્ધો પ્રખ્યાત છે એ સિદ્ધ કરવા આપેલો પૂ. ટીકાકાર મહર્ષિનો હેતુ ખૂબ જ ગંભીરતાપૂર્વક વિચારવા જેવો છે.

## ભવ્યો સિદ્ધના ગુણોનો સંદોહ પ્રાપ્ત કરે છે

ટીકાકાર આચાર્ય ભગવંત એમ શા માટે કહે છે કે ભવ્યાત્મા વડે સિદ્ધોના આત્માના ગુણોનો સંદોહ પ્રાપ્ત થાય છે? કોઇ એક જ ગુણ કે બે–ચાર ગુણો પ્રાપ્ત થાય છે તેમ કેમ નથી કહેતા?

આમ કહેવા પાછળ તેમનો આશય સમજવા જેવો છે.

આમ કહેવા પાછળ ટીકાકાર પૂ. આચાર્ય ભગવંતનો આશય સ્પષ્ટ છે. 'નમો સિદ્ધાણં' પદનું આલંબન લઇને તરનાર–મોક્ષમાં જનાર આત્મા તે પોતાના આલંબન-ભૂત સિદ્ધના જેવા જ તમામ ગુણો મેળવે છે. 'અરિહંત પદ' કે અરિહંત પરમાત્માનું આલંબન લેનારા અરિહંતના ગુણો મેળવે જ તેવું નિશ્ચયથી ન કહી શકાય. આચાર્યાદિ પદ કે આચાર્ય વ્યક્તિનું આલંબન લઇ સાધના કરનાર પણ તેમના જેવા જ ગુણો મેળવે તેવો નિશ્ચય નથી. જ્યારે સિદ્ધપદના આલંબનથી તેમ થાય છે. તેમના જેવા તમામ ગુણો ભવ્યાત્મા પ્રાપ્ત કરી શકે છે. એટલે જ એક–બે ગુણો પ્રાપ્ત થાય છે તેમ ન કહેતા, ગુણનો સંદોહ પ્રાપ્ત થાય છે તેમ કહેવાયું છે. આગળ આપણે ચર્ચા કરી ગયા છીએ કે કો'કના મતે મોક્ષ પ્રાપ્ત થયેલ આત્મામાં જ્ઞાન નથી તો કોઈના મતે સુખ નથી. જ્યારે જૈનદર્શન પ્રમાણે તો અનેકાનેક ગુણો સિદ્ધ અવસ્થામાં છે. એક એક કર્મના ક્ષયથી પ્રગટ થતો એક–એક ગુણ તો આપણે આગળ વિચારી ગયા છીએ. ઉપરાંત આઠે ય કર્મના ક્ષયથી સિદ્ધત્વ નામનો સાદિ અનંતપર્યાય પ્રાપ્ત થાય છે. આ સિવાય પણ અસંખ્યાત પ્રદેશીત્વ, સત્ત્વ જેવા કેટલાય બીજા ગુણો છે.

બીજા દર્શનકારોની પરિસ્થિતિ વિચિત્ર છે. બૌદ્ધો મોક્ષ એટલે આત્માનો અભાવ માનનાર છે. તો નૈયાયિકો મોક્ષમાં માત્ર આત્માને વિશિષ્ટ ગુણરહિત માને છે. વેદાંતિકો મોક્ષમાં ગયેલ આત્માને જો કે બ્રહ્મરૂપ માને છે છતાં ય તેના સ્વરૂપમાં સત્-ચિત્ અને આનંદ ત્રણ ગુણને જ માને છે. સત્ એટલે પદાર્થનું વિદ્યમાનપણું, ચિત્ એટલે જ્ઞાન અને આનંદ એટલે સુખ. પણ જૈનદર્શનમાં સિદ્ધના આત્મામાં-મુક્ત આત્મામાં જેટલા નિર્મળ ગુણો મનાયા છે તેટલા કોઈ દર્શનકારે માન્યા નથી. વેદાંતિઓએ પણ માન્યા નથી. જો કે સત્-ચિત્ અને આનંદને મોક્ષનું સ્વરૂપ માનનાર વેદાંતી નૈયાયિક કરતા તો સારો જ છે.

## નૈયાયિકનો મોક્ષ અને ભાસર્વજ્ઞ

નૈયાયિકના મતે તો મોક્ષ એટલે માત્ર સત્ પદાર્થ. તેનામાં જ્ઞાન પણ નહીં અને આનંદ-સુખ પણ નહિં. આટલા બધા તાર્કિક, વિકાસ પામેલા દર્શનમાં મોક્ષનું સ્વરૂપ એવું ફીકકું વર્ણવાયું છે કે પ્રાચીનકાળમાં એક શ્લોક તેનાથી પ્રસિદ્ધ થયો છે.

**"વરં વૃન્દાવને રમ્યે કોષ્ટત્વમભિવાંછિતં,**
**નનુ વૈશેષિકીં મુક્તિં ગૌતમો ગન્તુમિચ્છતિ"**

કોઇક ગૌતમ નામના પંડિતે વૈશેષિક અને નૈયાયિક દર્શન માનવાવાળાઓને કહ્યું કે "હે વૈશેષિક! તારી મુક્તિ મેળવવા હું નથી ઇચ્છતો. તારા મોક્ષ કરતાં તો વૃંદાવનના શિયાળ બનવું સારૂં. જ્યાં જ્ઞાન નહીં, આનંદ નહીં માત્ર જડ જેવી અવસ્થા હોય ત્યાં શું કરવાનું ?

આ પરિસ્થિતિ પર કોઈ નૈયાયિક શાસ્રકારને વિચાર આવ્યો છે ખરો. અને તેથી જ તેને કરેલ મોક્ષના લક્ષણમાં

પણ ફરક છે. ભાસર્વજ્ઞ નામના એક પંડિતે ન્યાયસાર નામનો એક ગ્રંથ લખ્યો છે. તેમણે ન્યાયદર્શનના પદાર્થોનું જ વિવરણ કર્યું છે. પણ મોક્ષનું લક્ષણ “**નિત્યસુખ વિશિષ્ટ આત્યંતિક દુઃખધ્વંસ**” કરી ત્યાં સુખ સ્વીકાર્યું છે, પણ જ્ઞાન તો તે ભાસર્વજ્ઞએ પણ મુક્તિમાં સ્વીકાર્યું નથી. તેના મતે વળી નવો દોષ ઊભો થવાનો કે જ્ઞાન વિના સુખ ભોગવાય કેવી રીતે? એટલે કહો કે ભાસર્વજ્ઞએ મોક્ષના આત્મામાં સુખ તો માન્યું છતાં ય તેને આત્માને સુખી ન કર્યો. સુખનો અનુભવ-સાક્ષાત્કાર જ્ઞાન વિના શક્ય જ નથી.

સ્યાદ્વાદ મહાવાદ સિવાય બીજા બધા જ દર્શનો બકવાદ અને તકવાદ છે. તેમનો કેટલો પ્રતિવાદ (જવાબ) કરવો. ખરેખર તો તેમની જોડે અસંવાદ (ન બોલવું) તે જ તેમનો પ્રતિવાદ છે. આવો જ અમારા પ્રાચીન પુરૂષોનો પ્રવાદ (સલાહ) છે અને તેથી જ આપણે આ વિવાદને વાદ પરમેશ્વર જેવા સ્યાદ્વાદ (ન્યાયાધીશ) ને સોંપી સ્યાદ્વાદને જ હૃદયમાં પધરાવી આગળ વધીએ.

પરદર્શનીઓમાંથી કોઇએ સિદ્ધના આત્મામાં ક્ષાયિક શ્રદ્ધા-ક્ષાયિક સમ્યક્ત્વ, અનંતવીર્ય, અનંત કેવલદર્શન જેવા ગુણો માન્યા નથી. આ હકીકતને સ્પષ્ટ કરવા જ ટીકાકાર પૂ. અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ જણાવ્યું છે કે ભવ્યાત્મા વડે સિદ્ધના એકાદ ગુણ નહીં પણ અનેક ગુણોનો સંદોહ એટલે સમૂહ પ્રાપ્ત કરાયો છે.

જે દર્શનકારો સિદ્ધના આત્મામાં અનેક ગુણો જ માનવા તૈયાર ન હોય તેના આલંબનથી મોક્ષ પામી બીજા પણ અનેક ગુણોનો સંદોહ પ્રાપ્ત કરે તેવું કેવી રીતે બને?

## સાક્ષીભૂત શ્લોક અને વિવરણની સરખામણી

આવા અનેકાનેક ગુણોની પ્રાપ્તિ કરાવનાર સિદ્ધ ભગવંતને નમસ્કાર કરી આપણે અહીં 'નમો સિદ્ધાણું'ના અર્થનું વિવેચન પરીપૂર્ણ કરીએ છીએ. પૂ. ટીકાકાર મહર્ષિ અહીં આ છ અર્થો એક સાથે સમજાઇ જાય માટે પૂર્વપુરૂષોનો રચેલ એક સંગ્રહાત્મક શ્લોક મૂકે છે....

**" ધ્માતં સિતં યેન પુરાણકર્મ્મં,**
**યો વા ગતો નિર્વૃતિસૌધમૂર્ધ્નિ;**
**ખ્યાતોऽનુશાસ્તા પરિનિષ્ઠિતાર્થો,**
**યઃ સોऽસ્તુ સિદ્ધઃ કૃતમંગલો મે."**

આ શ્લોકનો અર્થ છે....

" બાંધેલું પુરાણું કર્મ જેના વડે બાળી નંખાયું છે.

જે મોક્ષરૂપ મહેલના મસ્તકે ગયેલા છે.

જે પ્રસિદ્ધ છે, જે અનુશાસ્તા છે, જે કૃતકૃત્ય છે.

એવા સિદ્ધ મારા માટે મંગલ કરાયેલું છે જેના વડે તેવા થાવ...."

જ્યારે આપણે અત્યાર સુધી ટીકાકારના વચનને અનુસરીને નીચે પ્રમાણે અર્થો કરી ગયા છીએ.

(૧) જાજવલ્યમાન શુકલધ્યાનરૂપ અગ્નિ વડે કર્મરૂપ ઇંધણ બાળી નંખાયું છે, જેના વડે તેવા સિદ્ધો....

(૨) મોક્ષરૂપી નગરીમાં અપુનરાવર્તન (ફરી પાછા ન ફરવું પડે) ગતિ વડે ગયા છે, તે સિદ્ધો....

(૩) કૃતકૃત્ય થઇ ગયા છે, જેને હવે કશું કરવાનું બાકી નથી રહ્યું, તે સિદ્ધો....

(૪) જેઓ ભૂતકાળમાં શાસન કરનાર થઇ ગયા છે, જેમણે મંગલરૂપતાને અનુભવી છે, તે સિદ્ધો....

(૫) અપર્યવસાન સ્થિતિવાળા હોવાથી જેઓ નિત્ય છે, તે સિદ્ધો....

(૬) ભવ્ય આત્માઓ વડે જેમના ગુણનો સંદોહ પ્રાપ્ત કરાયો હોવાથી પ્રખ્યાત બનેલા છે, તેવા સિદ્ધો....

આમ આપણે જેનું વિવેચન કરેલું છે તે ટીકાકારે ગદ્યરૂપે પોતે કરેલા અર્થો અને તેમણે અવતરણરૂપે જે શ્લોક આપ્યો છે તેમાં આર્થિક રીતે કશો જ તફાવત નથી. તે શ્લોકમાં પણ 'નમો સિદ્ધાણં' પદના છ એ છ અર્થો સંકલિત કરી લેવામાં આવ્યા છે. જે સૂક્ષ્મ તફાવત છે તે તમને નહીં પણ કોઈ અભ્યાસીને જ ધ્યાનમાં આવે.

બીજા અર્થમાં શ્લોકમાં મોક્ષને 'નિવૃત્તિસૌધ' પદો વડે મહેલની ઉપમા આપવામાં આવી છે. જ્યારે ગદ્યરૂપ અર્થમાં ટીકાકારે મોક્ષને **નગરની** ઉપમા આપી છે. બીજા અર્થ સુધી તો અવતરણ તરીકે અપાયેલ શ્લોકના અર્થનો તેમજ ટીકાકાર મહર્ષિના અર્થનો ક્રમ પણ એક સરખો છે. આગળ ત્રીજા નંબરમાં જે અર્થ શ્લોકમાં ખ્યાત કહીને આવ્યો છે તે જ અર્થ ટીકાકારે છેલ્લો અને છઠ્ઠો રાખ્યો છે. ત્યારબાદ શ્લોકમાં 'અનુશાસ્તા' કહીને ચોથો અર્થ ખંડિતરૂપે બતાવવામાં આવ્યો છે. જ્યારે ટીકાકાર મહર્ષિએ પોતાના વિવરણમાં આ અર્થને '**ષિધૂ' શાસ્ત્રે ચ માંગલ્યે**' એમ કહીને બંને અર્થને અખંડિત તરીકે એક જ સાથે ચોથા અર્થ તરીકે બતાવ્યો છે. ત્યારબાદ શ્લોકમાં '**પરિનિષ્ઠિતાર્થ**' એ પદથી પાંચમા ક્રમે જે અર્થ બતાવ્યો છે તે વિવરણમાં ત્રીજા અર્થ તરીકે વર્ણવાયો

છે. ત્યારબાદ '**સિદ્ધાઃ નિત્યાઃ**' '**અપર્યવસાન-સ્થિતિકત્વાત્**' આવો વિવરણમાં અપાયેલ પાંચમો અર્થ શ્લોકમાં સિદ્ધના વિશેષણરૂપ નહીં પણ વિશેષ્યરૂપ શબ્દથી જ સમજવાનો રહે છે. જ્યારે આ સિવાયના બાકીના અર્થો આપણને શ્લોકમાં સિદ્ધ શબ્દના વિશેષણરૂપે પ્રાપ્ત થયા હતા.

આગળ શ્લોકમાં છેલ્લું પદ **કૃતમંગલઃ** છે તે સિદ્ધના વિશેષણ તરીકે જ છે અને તેને વિવરણમાં તેમાં જ શ્લોકમાં કરાયેલ ક્રમાંક ચારના અર્થ 'અનુશાસ્તા'નો જ એક ખંડ ગણવાનો છે. આમ સાક્ષીરૂપે અપાયેલ પ્રાચીન પુરૂષના શ્લોક પ્રમાણે જ પોતે વિવરણ કરીને પોતાની પ્રમાણિકતા ઉદ્‌ઘોષિત કરી છે. પણ સાથે જ પોતાની આગવી પ્રતિભાથી અર્થના ક્રમોનું સંયોજન પોતે પોતાની રીતે કરીને જે અર્થની સિદ્ધિ માટે આગમથી અવિરૂદ્ધ એવી યુક્તિઓ અપાતી હોય તેવી યુક્તિઓ આપી છે. આ યુક્તિઓનું ગાંભીર્ય કેવું છે કે હજી આપણે માત્ર 'નમો સિદ્ધાણં' એ પદની વિચારણામાં જ છીએ.

આટલા વિશાળ વિવેચન માટે નિમિત્ત બનેલ પૂ. ટીકાકાર મહર્ષિના શબ્દો અમારે મન તો સાચા મોતી જેવા છે. તમે યોગ્ય હશો તો તમને અમારા દ્વારા કરાયેલ વિવેચન મોતીની મનોહરમાલા લાગશે અને તેનાથી તમારો કંઠ શોભી ઊઠશે. જીવન માલા–માલ થઇ જશે.

હવે માત્ર આપણે સિદ્ધોને નમસ્કાર શા માટે કરવો જોઇએ તે અંગે ટીકાકાર મહર્ષિએ આપેલ ખુલાસાનો વિગતવાર વિચાર કરવાનો છે, અને તે વિચાર પરિપૂર્ણ થતાં 'નમો સિદ્ધાણં' પદની વિવેચના પૂર્ણ થશે.

ટીકાકાર મહર્ષિ કહે છેઃ—

**અતઃ તેભ્યો નમઃ— 'નમસ્કરણીયતા ચૈષામ્ અવિપ્રણાશી–જ્ઞાન દર્શન સુખવીર્યાદિગુણયુકતતયા–સ્વવિષયપ્રમોદપ્રકર્ષોત્પાદનેન ભવ્યાનાં અતીવ ઉપકારહેતુત્વાત્' 'અતઃ તેભ્યો નમઃ'**

આ આખા ય સંસ્કૃત વાક્યનો શબ્દાર્થ પહેલાં જાણીએ પછી ભાવાર્થ.

**'અતઃ તેભ્યો નમઃ'** આ વાકયોનો અર્થ છે.... 'આ કારણથી તેમને નમસ્કાર...." આ કારણથી એટલે આપણે જે છ અર્થો 'નમો સિદ્ધાણં'ના કર્યા તેનાથી ભૂષિત હોવાથી તેમને એટલે સિદ્ધોને નમસ્કાર થાવ.

પણ....હવે પ્રશ્ન થાય છે. આવા ભવ્યસ્વરૂપવાળા આત્મા હોવાથી નમસ્કારને યોગ્ય તો છે પણ નમસ્કારને યોગ્યને નમસ્કાર કરવાથી આપણને શું પ્રાપ્ત થાય....? તેમનાથી કશો લાભ થતો હોય તો તેઓ ઉપકારી કહેવાય. તો તેનાથી કયો લાભ થાય ?

આ લાભ કયો તે વિચાર કરવાનો છે. કહેવતમાં કહેવાય છે કે 'લાભ વિના લાલિયો લોટે નહીં....' જાણો છો ને લાલિયાની વાત ?

### લાભ વિના લાલિયો લોટે નહીં

કોઇ કૃપણ શેઠનો ચિરંજીવી ( છોકરો ) લાલિયો હતો પણ બાપ તેવો બેટો. એ કાંઈ ઓછો ઊતરે એવો ન હોય. એક વાર બે–ચાર મિત્રોની સાથે ફરવા ગયો હતો. એકાએક કોણ જાણે શું થયું કે તે ધૂળમાં આળોટવા મંડી ગયો. લાલિયાના મિત્રો ચિંતામાં પડ્યા. તેના બાપાને ઘરે ખબર

આપવા ગયા. બાપ તો પોતાના ફરજંદની કરતૂત જાણતો જ હોયને ? મિત્રોને કહે....બેટાઓ ! ચિંતા ન કરો, મારો લાલિયો લાભ વિના લોટે (આળોટે) નહીં. મિત્રોને થયું 'શું ધૂળમાં આળોટીને કપડા બગાડ્યા તે લાભ થયો ? સમય બગડે, જાત બગડે, કપડાં બગડે તે કાંઇ લાભ છે ? પણ ત્યાં તો પાછળ મલકતો મલકતો લાલિયો આવ્યો. શેઠે (લાલિયાના બાપે) તેને પૂછ્યું, 'કેમ બેટા, શું લાભ થયો લોટવાથી ?' તરત લાલિયાએ ચળકતી સોનામહોર કાઢીને બતાવી. મિત્રો સમજી ગયા. રસ્તામાંથી સોનામહોર મળી લાગે છે પણ રસ્તામાં તેને લેતા આપણે જોઈ જઇએ તો આપણો ભાગ પાડવો પડે. "ખરો લાલિયો અને ખરેખરો તેનો બાપ." મિત્રો ભોંઠા પડીને ઘેર ગયા.

આવો લાલિયો લાભ વિચારે તો તમે માલંમાલિયા કંઇ એમ ને એમ લાભ વિના સિદ્ધને નમસ્કાર થોડો કરો ? સિદ્ધને નમસ્કાર કરવાનો મહાન લાભ મળે છે એ ચર્ચાનો આગળ પણ વિષય આવ્યો હતો, ત્યારે સંક્ષેપમાં વાત કરી હતી. અહીં શકય તેટલી લાંબી વિચારણા કરીશું. જેથી તમને સ્પષ્ટ સમજાઇ જાય કે સિદ્ધને નમસ્કાર શા માટે કરવો જોઇએ.

અહીં આપણા ટીકાકાર પૂ. અભયદેવસૂરીશ્વરજી મહારાજ પણ જણાવી રહ્યા છે કે:—"**નમસ્કરણીયતા ચૈષામ્, અવિપ્રણાશી જ્ઞાન દર્શન સુખવીર્યાદિગુણયુકતતયા, સ્વવિષયપ્રમોદપ્રકર્ષોત્પાદનેન ભવ્યાનાં અતીતવ ઉપકાર હેતુત્વાત્ ઇતિ**" તેમના આ વાકયનો અર્થ સમજાય એટલે આપણા પ્રશ્નનો જવાબ આવ્યા વિના રહેવાનો નથી.

ટીકાકાર મહર્ષિ આ વાકયમાં કહી રહ્યા છે કે સિદ્ધોનો તો આપણા પર અતીવ ઉપકાર છે માટે તેઓ તો અવશ્ય નમસ્કરણીય છે. જ્યાં સુધી આપણે તેમની ઉપકારીતાને ન સમજીએ, બીજા તત્ત્વોની ઉપકારીતાની સિદ્ધોની ઉપકારીતા સાથે સરખામણી ન કરીએ ત્યાં સુધી તેઓ અતીવ ઉપકારી છે તે કેવી રીતે સમજાય? માટે પહેલાં તો તેમની ઉપકારીતાને જ સમજવાની છે.

અરિહંતો તો રાગ-દ્વેષ વિનાના હોવા છતાંય ઉપદેશ દાન વડે આપણા ઉપકારી બની શકે છે પણ સિદ્ધો આપણા ઉપકારી કેવી રીતે બને? નથી તો ઉપદેશ આપતા કે નથી તો જિનેશ્વર ભગવંતની મૂર્તિની માફક આપણે તે સિદ્ધ આત્માના દર્શન-વંદન કે પૂજન કરી શકતા. તો લોકના છેડે બિરાજેલા એ આપણા ઉપકારી થવાના કેવી રીતે? જેઓ આપણને કાંઈ આપતા નથી, જેઓ આપણી પાસેથી દુર્ગુણો કે દોષો લઈ શકતા નથી તેઓ ઉપકારી કેવી રીતે બને તે સામાન્ય રીતે વિચારતા મુશ્કીલ જ લાગવાનું. અરિહંતની માફક આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને સાધુ ભગવંતોને ઉપકાર તો સમજમાં આવે પણ સિદ્ધોનો ઉપકાર સમજમાં આવતો નથી.

પણ સમજમાં ન આવે તેથી ગભરાવાની જરૂર નથી. 'ગુરૂ'નો અર્થ શું છે? ગુરૂ એ જ કે જે અજ્ઞાનના-અણસમજના અંધકારમાં પ્રકાશ પાથરે. ટીકાકાર મહર્ષિએ એનો જવાબ આપેલો જ છે કે....'**સ્વવિષયપ્રમોદપ્રકર્ષોત્પાદનેન**' પોતાના વિષયક પ્રમોદનો પ્રકર્ષ પેદા કરવાથી તેઓ અતીવ ઉપકારી છે. સિદ્ધોના ઉપકારને સમજવા માટે જરા ઊંડા ચિંતનની જરૂર છે.

પહેલાં તો એનો જવાબ આપો અમે તમારા ઉપકારી કેવી રીતે બનીએ છીએ ?

તમે આના જવાબમાં કહેવાના, આપ પ્રત્યક્ષ રીતે અમને બોધ આપો છો. ધર્મસાધનાના સાધનો અમારી પાસેથી ગ્રહણ કરી મોક્ષસાધના માટે ઉપયોગ કરી અમને લાભ આપો છો. આટલી વાત તો તમારી સમજમાં આવે છે.

પણ....હવે જરા આગળ વિચારો કે ચારિત્રવાન સાધુભગવંતોના દર્શનથી તમને કોઈ લાભ મળે છે ખરો ?

હા, સાધુના દર્શનથી મનની પ્રસન્નતા થાય છે, સંસારની અસારતા યાદ આવે છે, વૈરાગ્ય પેદા થાય છે પછી લાભ કેમ ન થાય ?

વિચારો ત્યારે જેમ સાધુના દર્શનથી લાભ છે તેમ તેમનું નામ સ્મરણ પણ લાભ છે કે નહીં ? જો પોતાની સાધનામાં લાગેલા અને કયાંય દૂર રહેલા સાધુ ભગવંતોનું નામ ગ્રહણ કરવાથી પણ લાભ થાય છે અને તે દ્વારા સાધુ ભગવંતો ઉપકારી લાગે છે તો સિદ્ધો ઉપકારી કેમ ન બને ?

આપણે જેનું નામ લઇએ છીએ તેના ગુણો, તેનું વ્યકિતત્વ આંખ આગળ આવીને ઊભું રહે છે. ‘ ચોર ’ એ શબ્દ સાંભળવાની સાથે જ આપણે ચમકી જઇએ છીએ, દોડવા માંડીએ છીએ. તે વખતે ‘ ડરશો નહીં ’ એવો કોઇનો અવાજ સાંભળતાં જ શાંતિ નથી અનુભવતા ? તો બોલો ‘ચોર’ના જ્ઞાનથી ચોરને ન જોયો હોવા છતાં ય તે કેવો હોય છે, શું કરે છે તેની કલ્પનાથી ડરરૂપ

અપકાર નથી થતો ? અને ‘ ડરો નહીં ’ એવું વાક્ય બોલનારને જોયા વિના પણ મને કોઇક બચાવનાર છે તેવા જ્ઞાનથી આપણને ઉપકાર નથી થતો ? વસ્તુમાત્રનું જ્ઞાન થતાં તેના ગુણોથી ઉપકાર કે અપકાર થાય છે એ પ્રત્યક્ષ સિદ્ધ છે. દૂર રહેલ પુત્રને ત્યાં ઘોડીયું બધાયું છે એવા સમાચાર મળતાની સાથે આનંદ નથી આવતો ? ઉપવાસ કઠીન લાગ્યો હોય ત્યારે પારણા પહેલાં ય ‘ નવકારશીનું પચ્ચખ્ખાણ આવ્યું છે ’ એ સાંભળીને આનંદ અને સ્ફૂર્તિ શરીરમાં નથી આવી જતા ? માર્કેટમાં જબરજસ્ત મંદી આવી છે તેવું સાંભળીને મોઢું ચિમળાઇ જતું નથી ? ત્યાં જ બીજો સંદેશો આવે કે....‘બધા નુકશાનમાં છે છતાં ય આપણે ફાયદામાં છીએ....’એ સાંભળતા ચિમળાયેલું મોઢું પાછું ખીલી નથી ઊઠતું ? બોલો આમ કોઈ પણ ખરાબ ચીજના જ્ઞાનથી અપકાર અને સારી અનુકુળ–મનગમતી ચીજના જ્ઞાનથી ઉપકાર નથી થતો ? જો આ બધી ચીજોનું જ્ઞાન ઉપકાર કરી શકે તો સિદ્ધનું જ્ઞાન ઉપકાર કેમ ન કરી શકે ? તેઓ પણ ઉપકારી તો છે જ.

તમે તો સવાલ કરો યા ન કરો. શાસ્ત્રમાં આવા પ્રશ્નો થયેલાં જ છે અને જવાબો અપાયેલા છે. શાસ્ત્રકારો સામેથી દલીલ કરીને પૂછે છે કે....“સારૂં–અમને અનુકુળ, કંઈ પણ થયું છે તેવા જ્ઞાનથી અમને જે ઉપકાર થાય છે તેમાં તો એ ચીજ માટેનો અમારો પ્રેમ છે તે જ કારણ છે. એટલે ખરેખરૂં ઉપકારી તત્ત્વ તો અમારો તે ચીજ માટેનો પ્રેમ જ કહેવાય તેમાં વળી ચીજના જ્ઞાનનું શું

કારણ ? ” ‘ગમે તેને પૈસા મળ્યા છે’ એવા જ્ઞાનથી કાંઇ અમને આનંદ થતો નથી, ‘પણ અમને પૈસા મળ્યા છે’ એવું જ્ઞાન જ અમને સુખ આપે છે. તેથી સુખકારક–ઉપકારક તો તે ચીજનો અમારો રાગ થયો. તેના જ્ઞાનથી શું ?”

આ દલીલ નિશ્ચયનયની છે મનનો પરિણામ જ ઉપકારક અને અપકારક છે. કોઇ કોઇને ઉપકાર કે અપકાર કરતું જ નથી. પણ કેવલ નિશ્ચયનય પર ચાલીને વ્યવહારનયને અવગણવો તે ખોટું છે, અને એવા વ્યવહારનયને અવગણવા જશો તો વ્યવહારનયવાદી કહેશે....‘ દેહનો પ્રેમ જ ભોજનથી થતી તૃપ્તિનું કારણ છે તેમાં અનાજનો શું ઉપકાર ? કોઈ તમને બચાવે કે તમારા વિઘ્નો દૂર કરે ત્યાં પણ તમે કદી કહી શકો કે મને મારા કર્મએ બચાવ્યો તેમાં તમે શું ઉપકાર કર્યો ? મારા કર્મો સારા ન હોત તો મને કોણ બચાવી શકત ? શું આવી દલીલોથી ધર્મપ્રવૃત્તિ-રૂપ વ્યવહાર ચાલે ખરો ? એટલે જ શાસ્ત્રમાં કહ્યું છે કે નિશ્ચયનયનું આલંબન કરીને વ્યવહારનો ઉચ્છેદ કરનારો તીર્થનો વિચ્છેદ કરનાર બને છે. કારણ તીર્થ–ધર્મ જ્યાં વ્યવહાર હોય, જ્યાં ગુરૂ–શિષ્યભાવ હોય, જ્યાં જ્ઞાનનું આ દાન–પ્રદાન હોય, પરસ્પર પ્રેમ–વિનય અને ભક્તિભાવ હોય ત્યાં જ ચાલે છે. સેવ્ય–સેવક ભાવ હોય નહીં ત્યાં શાસન ચાલે કેવી રીતે ? અને તેથી જ વ્યવહારનયની અપેક્ષાને માન્ય કરવી પડે. જેમ નિશ્ચયનયથી પોતાના આત્માના પરિણામ એ જ સુખ–દુ:ખ છે–ઉપકારી કે અપકારી છે તેવી રીતે વ્યવહારનયથી આવા પરિણામો જે જ્ઞાનથી પેદા થાય તે જ્ઞાન પણ ઉપકારી કે અપકારી બને છે. માટે સિદ્ધ ભગવંતોનું જ્ઞાન આપણને સારી રીતે ઉપકારી છે તે સમજાય તેવી વાત છે.

## સિદ્ધના સ્વરૂપનું જ્ઞાન ઉપકારી ખરું, પણ...સિદ્ધો કેવી રીતે ઉપકારી...?

હજી આગળ પ્રશ્ન કરો, અટકો નહીં. આગળ પૂછો કે સિદ્ધોના સ્વરૂપનું જ્ઞાન તો ઉપકારી ખરૂં પણ સિદ્ધોનો આપણા ઉપર શું ઉપકાર? સિદ્ધો કેવા તે જ્ઞાન આપ કરાવો છો, તીર્થંકરો કરાવે છે તો તેઓ ઉપકારી થાય પણ જેઓ પોતાનું જ્ઞાન પણ આપણામાં પેદા કરી શકતા નથી તેઓ કેવી રીતે ઉપકારી થાય?

વિચાર કરતાં આ પ્રશ્નનો જવાબ પણ મળશે. પહેલાં આટલી વાત તો સ્થિર કરી લો કે સિદ્ધના સ્વરૂપનું જ્ઞાન ઉપકારી છે. સિદ્ધના સ્વરૂપને—ત્યાં રહેલાં આત્માના અનર્ગલ સુખને સાંભળતા જ મોક્ષ લેવાનું મન થઈ જાય છે. જે આત્માઓ નિકટભવી હોય છે તેમને તો આ વાત અનુભવસિદ્ધ હોય છે. શાસ્ત્રમાં ઘણી વાત સાધુપુરુષોના અનુભવથી સિદ્ધ થતી હોય છે. ૧૪૪૪ ગ્રંથકર્તા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા સ્થાન—સ્થાન પર ફરમાવતા હોય છે કે "**અનુભવસિદ્ધમ્ એતત્**" આ વાત અનુભવસિદ્ધ છે.

જેમ કૃપણને પૈસાનું નામ સાંભળતાં આનંદ આવે છે....રસના લાલચુને રસોઈ તૈયાર છે એવી ખબર પડતાં મોંઢામાંથી પાણી છૂટવા માંડે છે....વિદ્યાના અર્થીને સારૂં પુસ્તક મળે છે તેની ખબર પડતાં જ આનંદ આવે છે, તેમ મોક્ષના અર્થી આસન્નભવી આત્માઓને સિદ્ધપદનું સ્વરૂપ સાંભળતાં જ એવો આનંદ આવે છે કે તેમનાં કેટલાય કર્મો ખપી જાય છે. વારંવાર સિદ્ધના સ્વરૂપના

જ્ઞાનનું પુનરાવર્ત્તન અને પરિવર્ત્તન કરતાં મોક્ષની સાધનામાં વેગ વધે છે. સંસારના તમામ આકર્ષણો મંદમાંથી મંદતર અને મંદતરમાંથી મંદતમ બને છે.

જ્યાં જન્મ–મરણ નથી, આગળ જેનો વિસ્તારથી વિચાર કરી ગયા છીએ તેવું અનંત સુખ છે....અનંતવીર્ય છે.... આત્મપ્રદેશોની સ્થિરતારૂપ ચારિત્ર છે. જ્યાં અનંતજ્ઞાન અને અનંતદર્શન છે....તેવા સ્થાનનું જ્ઞાન મળતાં, તેને પ્રાપ્ત કરવા કયો નિકટભવી ઉછળી ન પડે ! સંસારથી જ્યારે તમને સાચો ઉદ્વેગ આવે ત્યારે તમને પણ આવા મોક્ષને પામેલ સિદ્ધોનું સ્વરૂપ સાંભળીને પ્રમોદનો–નિર્મલ આનંદ ભાવનો પ્રકર્ષ પ્રગટ થવાનો. આ જ તેમના સ્વરૂપજ્ઞાનનો પ્રત્યક્ષ સિદ્ધ ઉપકાર છે. માત્ર પ્રશ્ન એટલો જ છે કે સિદ્ધના સ્વરૂપજ્ઞાનનો ઉપકાર તો ખરો પણ તેમાં સિદ્ધનો ઉપકાર શું ?

સંસારમાં એવું બનતું હોય છે કે લઘર–વઘર વસ્ત્ર પહેરેલ વ્યક્તિ, માથાના વાળના પણ ઠેકાણાં ન હોય એવી વ્યક્તિ જોવી ગમતી નથી. આવી વ્યક્તિ સાફ થઇને આવી, વસ્ત્રો વ્યવસ્થિત કરી દીધા છે, માથાના વાળ પણ શકય તેવા સુંદર કલાપથી સજ્જ કરી દીધા છે. એને જોતાં તમને સુંદરતાનું જ્ઞાન થાય છે. તે જ્ઞાનથી તમને પ્રસન્નતા થાય છે. હવે તમે કહો કે આ વ્યક્તિ સુંદર બની કે ન બની તેનાથી મારે શું નિસ્બત. મને તો તે સુંદર છે તેવું જ્ઞાન થયું તેનાથી ખુશી થઇ છે. માટે હું તો સુંદરતાના જ્ઞાનને ઉપકારી માનું પણ સુંદર બનેલી વ્યક્તિને ઉપકારી ના માનું તો ચાલે ! જો તે વ્યક્તિ સુંદરતા માટે પ્રયત્ન ન કરે તો સુંદરતાનું જ્ઞાન થાય કેવી રીતે ! અને સુંદરતાનું

જ્ઞાન ન થાય તો તેનાથી મનની પ્રસન્નતારૂપ ઉપકાર પણ કેવી રીતે થાય? એટલે જે વ્યક્તિનું સુંદર તરીકે જ્ઞાન થાય છે તે વ્યક્તિએ સુંદરતા માટે પ્રયત્ન કરેલો છે તેથી તે પણ ઉપકારી છે. સિદ્ધ ભગવંતોના આવા ભવ્ય સ્વરૂપનું જ્ઞાન આપણામાં ઉત્કૃષ્ટ પ્રમોદભાવ જગાવીને આરાધનામાં ઉપકારી બને છે. તે સિદ્ધ ભગવંતોએ આવું સ્વરૂપ પ્રાપ્ત કરવા ઓછો પ્રયત્ન કર્યો છે?

કેટલો મહાન પ્રયત્ન કરે ત્યારે એક આત્મા સિદ્ધ થાય ત્યારે આપણે સિદ્ધના સ્વરૂપજ્ઞાનને ઉપકારી માનીએ અને સિદ્ધને ઉપકારી ન માનીએ તે કેમ ચાલે! ખરી રીતે વ્યક્તિ કે વસ્તુ સારી બન્યા વિના તેનું જ્ઞાન આપણને ઉપકારી થાય કેવી રીતે! જો આવી વિચારણામાં જઈએ તો અનર્થ સર્જાઈ જાય. જે વિષયનું જ્ઞાન ઉપકારી બનતું હોય તે વિષયને ઉપકારી ન માનીએ તો એવી પરિસ્થિતિ પર પહોંચી જઇએ કે ખોટા જ્ઞાન–ભ્રમરૂપ જ્ઞાનથી પણ આપણને ઉપકાર થઇ જાય.

કોઇ તમને કહે તમારા નામ પર મેં હજાર રૂપિયા કરી દીધા છે. તમે કહો, " ભલે, હમણાં મારે જરૂર નથી તમારી પાસે રાખજો. પછી તપાસ કરતાં ખબર પડી કે એ વ્યક્તિએ તમારા નામ પર પૈસા કર્યા જ નથી તેણે માત્ર તમને સુખ આપવા જ કહ્યું હતું. હવે તમે પેલી વ્યક્તિને પૂછો કે " મારા નામે પૈસા કર્યા છે તે લાવ " તે વખતે તે એવી દલીલ કરે કે, " તમારે પૈસાની જરૂર તો છે જ નહીં માત્ર તમારા નામે છે તેનાથી જ તમને સુખ મળે છે તો તપાસ શા માટે કરો છો? " તમે તરત જ કહેવાના કે " ખોટી વાતનો અર્થ શું છે? "

એટલે કહો કે ખોટી વાત કે ખોટા જ્ઞાનથી તમને વાસ્તવિક સુખ કે ઉપકાર થતો નથી પણ વાત સાચી હોય તો તેના જ્ઞાનથી જ ઉપકાર થાય છે. હવે જો આપણને માત્ર જ્ઞાન જોડે જ સંબંધ હોય તો આવો અનુભવ થવો જ જોઇએ. પણ ખોટી કલ્પનાની વાતોથી કોને આનંદ આવે છે? સ્વપ્નમાં તમારી જાતને ક્રોડાધિપતિ થયેલ જુઓ તેથી તમને સુખ શું થાય? આવું સ્વપ્ન તમે કોઇને કહેવા ગયા અને કોઇએ કહ્યું, “ હવે તમારે કમાવવાની જરૂર નથી. ” તમને તમારી પાસે ક્રોડો છે તેવું જ્ઞાન તો થઈ ગયું. ” ત્યાં તમે કહેવાના, “ખોટું જ્ઞાન શું કરવાનું.” પૈસા સાચે જ પ્રાપ્ત થાય અને તેનું જ્ઞાન થાય તો સુખકારક બને. ચીજ હોયા વિના ચીજનું જ્ઞાન ઉપકારી કેવી રીતે?

આ જ વાત સિદ્ધ કરે છે કે સિદ્ધના સ્વરૂપનું જ્ઞાન જો ભવ્ય આત્માઓ પુરૂષાર્થ દ્વારા મોક્ષે ગયા ન હોય તો થાય નહીં. માટે સત્ય જ્ઞાન માટે સત્ય વિષયની જરૂર છે જ. સિદ્ધના જ્ઞાન માટે સિદ્ધની જરૂર છે જ. સિદ્ધ વિના સિદ્ધનું જ્ઞાન કયાંથી થાય! તેથી તેના જ્ઞાનથી થતો ઉપકાર તો સિદ્ધો છે માટે જ છે. વસ્તુ વિના વસ્તુનું જ્ઞાન થઈ શકે નહીં. અને તેથી વસ્તુની પ્રાપ્તિ માટે કરેલા પુરુષાર્થ વસ્તુના જ્ઞાનથી થતા ઉપકારમાં કારણ છે જ. સિદ્ધ પરમાત્મા પણ ઉપકારી અને તેમણે કરેલો મોક્ષ મેળવવાનો પ્રયત્ન એ પણ આપણા પર ઉપકારી છે. તેઓ આવા પવિત્ર સ્વરૂપમાં છે તો જ આપણને તેમનું જ્ઞાન થાય છે.

આ જ વાતને માર્મિક રીતે કહેતાં પૂ. ટીકાકાર અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ કહ્યું છે કે:—

**“સ્વવિષયપ્રમોદપ્રકર્ષજનકત્વેન”** પોતાના સ્વરૂપના

જ્ઞાન દ્વારા જે અમર્યાદિત આનંદ ઉલ્લસે છે તેના કારણરૂપ સિદ્ધો પોતે જ છે. માટે તેઓ મોક્ષમાર્ગના સાક્ષાત્ ઉપકારી છે અને તેઓ ઉપકારી હોવાથી જ નમસ્કાર કરવાને પણ યોગ્ય છે. આમ સિદ્ધના આત્માઓનો ઉપકાર તાર્કિક રીતે—ન્યાયી રીતે સ્વાનુભવ સિદ્ધ થાય છે. આ જ વિષય સ્થૂલ દલીલોથી હજી વધારે સ્પષ્ટ થશે.

વિચાર કરો કે સિદ્ધના આત્માઓ ન હોય તો સિદ્ધપદ બને ખરું ? અને સિદ્ધપદ ન બને તો તીર્થંકરોનો ઉપદેશ કોને ઉદ્દેશીને ? કોઈપણ કૃત્ય બુદ્ધિમાન આત્મા કરે તો લક્ષ્ય વિના–ઉદ્દેશ્ય વિના કરે નહીં, તો સિદ્ધો વિના બીજા કોના ઉદ્દેશ્યથી ઉપદેશ અપાય ? તીર્થંકરો ઉપદેશક તરીકે ઉપકારક ખરા પણ **તેઓ તો વેચાણ કરનાર અને ગ્રહણ કરનારની વચ્ચે સંપર્ક કરી આપનાર દલાલ જેવા છે.** મુખ્ય પાર્ટીઓ તો આપણો આત્મા અને સિદ્ધનો આત્મા છે. સિદ્ધના આત્મારૂપ વેચાણ કરનાર ન હોય તો આપણે ગ્રાહક પણ કોના ? અને વેચનાર અને ખરીદનાર સિવાય દલાલ પણ કોણ ?

જો સામો કાંઠો દેખાતો હોય તો જ પ્રવાસ થાય. હોડી પણ પછી ઉપકારી બને અને નાવિક પણ પછી ઉપકારી બને પહેલાં જ્યાં જવાનું છે તે કાંઠો નિશ્ચિત હોવો જોઇએ. સંસારના સામા કાંઠે પહોંચેલા સિદ્ધોએ જ મોક્ષરૂપ કાંઠો પ્રસિદ્ધ કર્યો છે માટે જ તેઓ મહાન ઉપકારી છે.

નાવિક ગમે તેવો હોંશિયાર હોય અને નાવ ગમે તેવી મજબૂત હોય પણ જ્યાં પહોંચવાનું છે તે કાંઠારૂપ સ્થાન

પ્રસિદ્ધ ન હોય તો માત્ર પ્રવાસ જ કરવાનો રહે. ખરેખર તો સામો કાંઠો છે તેથી જ નાવિકનો પુરૂષાર્થ સાર્થક થાય છે અને હોડી પણ ઉપકારી બની શકે.

સંસારી લોકોની દશા વિચિત્ર હોય છે. મહાઉપકારી તત્ત્વ માટે પણ જો તેમને પરિશ્રમ ન પડતો હોય તો તેઓ તેને ઉપકારી માનવા તૈયાર થતા નથી. તમને કોઈ એવા માણુસ નહીં મળે કે જીવ ચાલી રહ્યો છે તે માટે શુદ્ધ હવાનો આભાર માનતો હોય કે ચોખ્ખા પાણી પ્રત્યે પોતાની કૃતજ્ઞતાનો ભાવ બતાવતો હોય. પણ કોઈ એક પાંચ રૂપિયા આપશે તો જરૂર તેના પ્રત્યે નમ્રતા અને કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરશે. માણુસ સમજે છે કે હવા અને પાણી વણમાંગ્યા મળી રહે છે એટલે તેની વધુ કિંમત નથી. જેમાં ખૂબ પરિશ્રમ કરવો પડે, જે દુર્લભ લાગે ને મળે તેમાં જ તેને ઉપકાર લાગે છે. પણ હકીકત વિચારે તે તો સમજે છે કે જીવન ટકાવવામાં અગત્યની ચીજ ધન કરતાં પણ હવા અને પાણી છે.

જેમ નાવિકની નાવમાં બેસવા ભાડું પ્રવાસીએ ચૂકવવાનું હોય છે એટલે તેની તેને કિંમત સમજાય છે. પણ સામો કિનારો કંઈ તેની પાસેથી કિંમત કે પરિશ્રમ માંગતો નથી તેથી તેને તેની કિંમત–તેની ઉપકારિતા સમજાતી નથી. દુનિયાના વ્યવહારમાં લપટાયેલાને પારમાર્થિક ઉપકાર સમજતા વાર લાગે તે સ્વભાવિક છે! ભવસાગરની પેલે પાર કિનારારૂપ બનેલા સિદ્ધોનો ઉપકાર તો અપેક્ષાએ એટલો મહાન છે કે તેમના ઉપકારની તોલે કોઇનો ઉપકાર ન આવે. પણ ઘણી વખત ગણુતરીમાં મીંડા ગણાય છે અને એકડો કરવાનો રહી જાય છે. તેવી રીતે સિદ્ધોનો ઉપકાર

તો એકડા જેવો છે. તે પછી બીજા બધાના ઉપકારો ધર્મમાર્ગમાં તે જ એકડા પર ચઢતા મીંડા જેવા છે આમ તમામ ધર્મપ્રવૃત્તિમાં લક્ષ્યભૂત બનેલ સિધ્ધના આત્માઓ અનન્ય ઉપકારી છે.

ધ્યાનમાર્ગમાં આગળ વધેલા જાણે છે કે ધ્યેય વિના ધ્યાન હોય નહી. મોક્ષમાં જવા માટે અભેદ ધ્યાનની અત્યંત આવશ્યકતા છે. અભેદ ધ્યાનમાં લક્ષ્યરૂપે અરિહંત નહીં પણ સિધ્ધોની મુખ્યતા હોય છે. અરિહંતોના આત્માની પણ પ્રાતિહાર્યરૂપે કે તીર્થપ્રવર્ત્તકરૂપે જે સ્તુતિ થાય છે તે તો વ્યવહારસ્તુતિ છે. નૈશ્ચયિકસ્તુતિ તો તેમના જ્ઞાનાદિ ગુણોનું વર્ણન કરવામાં આવે ત્યારે જ થાય. એટલે ત્યાં પણ સિધ્ધ જેવી નિર્મળ દશાની મુખ્યતા છે. આમ ધ્યેય-ભૂત સિધ્ધના આત્માનો ઉપકાર ખૂબ ઊંડા અનુભવથી સમજવા જેવો છે.

## નિગોદમાંથી કાઢનારા

જો કે ટીકાકાર મહર્ષિએ એ વાત અહીં ટીકામાં કહી નથી છતાં ય એક એવી વાત ચાલે છે કે એક આત્મા મોક્ષગતિમાં જાય ત્યારે એક આત્મા અનાદિ નિગોદમાંથી વ્યવહાર રાશિમાં આવે છે. અનાદિ નિગોદના જીવોનું એવું સ્થાન છે કે જ્યાં રહેલા જીવો હજી સુધી કદી તે સ્થાનને છોડીને બીજી યોનિમાં ઉત્પન્ન થયા નથી. બેઇંદ્રિય આદિ જીવ તરીકે ઉત્પન્ન થયા નથી. આવા જીવો જ્યારે પોતાની આ યોનિને છોડીને અનુક્રમે બેઇંદ્રિયાદિમાં આવતા જાય ત્યારે તેઓ વ્યવહાર રાશિમાં આવ્યા ગણાય છે સૂક્ષ્મ નિગોદ જેવી કરુણ દશામાંથી આપણને છૂટા કરનાર સિધ્ધ પરમાત્મા જ છે.

તમને કોઇએ દેશમાંથી લાવીને મુંબઈમાં નોકરીએ બેસાડ્યા હોય તો સજ્જનતાપૂર્વક તેમનો કેટલીય વખત આભાર માનો! પણ કદી તમને એ ખ્યાલ આવ્યો છે કે કયા એવા પુણ્યાત્માએ સિધ્ધિ ગતિ પ્રાપ્ત કરતાં મારો નિગોદમાંથી છુટકારો થયો હશે? સાચી કૃતજ્ઞતા પ્રગટી હોય તો આવા આત્માને જાણવા મન લાલાયિત થઈ જાય!

**પ્રશ્ન:**—મહારાજ સાહેબ! અમને તો ખૂબ જાણવાની ઇચ્છા છે પણ ખબર કેવી રીતે પડે?

**જવાબ:**—ખબર તો તમને નથી અને મને ય મારા આત્માને ઉધ્ધારનારો કયો જીવ હશે–કયા જીવના મોક્ષે જવાથી હું નિગોદમાંથી બહાર આવ્યો હોઇશ તેનું જ્ઞાન મને પણ નથી. પણ પ્રશ્નજ્ઞાન છે કે નહીં? તે તો નથી. પ્રશ્ન માટે આપણી લાલાયિતતા કેટલી છે? તે તો છે. જો, આવો પણ કૃતજ્ઞતાભાવ પૂર્વકનો અભિલાષ પ્રગટ થાય તો આત્મા તેવું જ્ઞાન મેળવવા પ્રયત્ન કરે.

કેવલજ્ઞાની આપણને કહી શકે પણ આપણામાં કેવલજ્ઞાનીના ચરણો મેળવવા માટે કે સ્વયં કેવલજ્ઞાની બનવા માટે ઉત્કંઠા કેટલી છે? અહીં તો ઘેર બેઠાં ગંગા આવતી હોય તો જોઇએ છે. ઉદ્યમ કરવો નથી....સંસાર છોડવો નથી....સંસાર છોડવાના સાધનો પ્રત્યે અહોભાવ પ્રગટાવવો નથી. અને ઠંડા કલેજે રાહ જોવી છે. આવી રીતે ન કૃતજ્ઞતા આવે કે ન આપણને તો આપણા ઉપકારી સિધ્ધના આત્માનું જ્ઞાન થાય....

ગમે તે ભોગે પણ મારે મારા ઉપકારીને જાણવા છે, તેવી ઉત્કંઠા થાય. ગમે તે રીતે પણ એ ઉપકારીનો પ્રત્યુ-

પકાર કરવો છે–કોઈ મહાન અજ્ઞાત આત્માએ મારા પર ઉપકાર કર્યો છે તેને હું જાણી પણ ન શકું ! શાસ્ત્રમાં આવે છે કે ૮ વર્ષના મનક મુનિ પોતાના પિતાને શોધવા ઘરમાંથી એકલા નીકળી ગયા. જૈનેતર શાસ્ત્રો જણાવે છે કે; ધ્રુવ નામનો બાળક ઘર છોડીને માતાના એક વચન ખાતર જંગલમાં ગયો હતો.

અઈમુત્તા જેવા બાળકને સવાલ થયો કે "વજનદાર પાત્ર ગૌતમસ્વામીજી મહારાજ કેવી રીતે ઉંચકશે ? તેમને ભાર લાગશે તો હું ઉંચકી લઉં"

તમારા જેવાને ગુરુ મહારાજ જોડે વિહાર કરવાનો તો શાનો હોય પણ દશ ડગલા ગામ સુધી મૂકવા જવાનું થાય તો ય જોડા પહેરેલા હોય. કોઇ પૂછે, "કેમ દશ ડગલામાં ય જોડા વિના ન ચાલ્યું ?" તમે તરત જ કહો, "એ તો જેનું કામ જે કરે, આપણે સાધુ મહારાજ થોડા છીએ. સાધુઓ તો ટેવાયેલા છે તે તો ઉઘાડે પગે જાય ! તમને ઊંડી ભકિત–ઘોત્તક પ્રશ્નો જ થતા નથીં, થાય તો રીઢા જવાબથી ભકિતને ઊગતી જ રોકી દો છો. પણ સાત્ત્વિક અઈમુત્તા જેવા પોતાને ભારે લાગશે તેમ વિચારતા નથી. અઈમુત્તાજી ગૌતમસ્વામીજીને ભાર લાગે તેની ચિંતા કરે છે તે માટે પ્રયત્ન કરે છે !

આપણા ઉપકારી સિધ્ધના આત્માને જાણવા માટે સાચો ભાવ થાય તો પણ સંસાર છોડ્યા વિના ચેન પડે નહીં ! સંયમમાં મન લાગ્યા વિના રહે નહીં !

ફારસી ભાષામાં એક શેર છે.

" કી ગલ મુશ્કીલ, બે રબ્બદા પાવના,
ઈધિર કે દિલકો તોડકે, ઉધર લગાવના."

આનો અર્થ એ જ છે કે જો ખુદા મેળવવા હોય તો મુશ્કેલ શું છે? સંસારમાં મન જેટલું રચ્યું-પચ્યું છે તેટલું જ મન ખુદામાં લગાવી દેવાનું. અત્યારે આપણું મન સંસારના રાગરંગમાં ચકચૂર છે. જો આપણને નિગોદમાંથી વ્યવહાર રાશિમાં લાવનાર આત્માને જાણવાનું મન થાય તો સંયમમાર્ગે કૂચ થયા વિના રહે નહીં ! આપણી મુખ્ય વાત સિધ્ધ ભગવંતોના ઉપકારને વિચારવાની છે. નિગોદ રૂપ અનાદિ કારાગારમાંથી છોડાવનાર આત્માનો ઉપકાર કોઈ નાનો સુનો નથી !

આજે આપણે આ સ્થિતિએ પહોંચ્યા છીએ અને ભવિષ્યમાં મોક્ષે પહોંચીશું એ બધો સિધ્ધ પરમાત્માનો જ ઉપકાર છે. હા, પણ એટલું ચોક્કસ છે કે તે વખતે આપણા નિમિત્તો પણ એક આત્મા અનાદિ નિગોદમાંથી બહાર વ્યવહાર રાશિમાં પ્રવેશશે.

એટલે એક રીતે વિચારો તો જે આત્માએ આપણને સિધ્ધ ગતિમાં જવા નિગોદમાંથી બહાર કાઢ્યા છે તે આત્માના ઉપકારનો પ્રત્યુપકાર તો ત્યારે જ વળે કે જ્યારે આપણે મોક્ષમાં જઇએ અને આપણા નિમિત્તો એક આત્મા નિગોદમાંથી વ્યવહાર રાશિમાં આવે જો કે જે આત્મા મોક્ષમાં પહોંચ્યો તે તો કૃતાર્થ જ છે. તેના તો પ્રત્યુપકાર શકય જ નથી. ગુરુના પ્રત્યુપકાર માટે હજી પણ કહેવાય છે કે કર્મ યોગે ગુરુ સંયમ માર્ગમાં પાછળ પડી જાય. સંયમ માર્ગથી પતિત થઈ જાય તો તેમને પાછા માર્ગમાં

સ્થાપીએ ત્યારે પ્રત્યુપકાર વળે. આમ હજી ગુરુનો પ્રત્યુપકાર વાળવાનો સંભવ છે. પણ....મોક્ષમાં ગયેલા સિદ્ધાત્માઓનો પ્રત્યુપકાર વાળવાનો કોઈ જ રસ્તો નથી. તેથી આ જ કલ્પના કરવી રહી કે જેવી રીતે આપણે જેમ આ આરાધના થઈ શકે તેવા વ્યવહાર રાશિના સ્થાનમાં કોઈના પ્રતાપે આવ્યા છીએ તેમ સાધના નિમિત્તે આપણે પણ કોઇ આત્માને અહીં પ્રવેશાવીએ.

એટલે કહો કે, આપણુને વ્યવહાર રાશિમાંથી સિદ્ધિ ગતિ સુધી પહોંચાડવાનો પરવાનો (લાઈસન્સ) આપનાર સિધ્ધ ભગવંતો છે. તેથી આપણે પણ તેવા કોઇ આત્માને પરવાનો આપવાનો છે. આ વિચારથી પણ સ્પષ્ટ થાય છે કે, આપણે મોક્ષ માટે જોરદાર પ્રયત્ન આદરવાની જરૂર છે. અને....અનંતકાળથી ચાલી આવતી સિધ્ધના આત્માની પરોપકાર કરવાની સાંકળમાં એક નવી કડી તરીકે જોડાવાનું છે. આમ સિધ્ધના આત્માનો પરમ ઉપકાર સમજી આપણે તેમને નમસ્કાર કરવાનો છે.

ટીકાકાર મહર્ષિ અહીં "નમો સિધ્ધાણું" પદની વિવેચના પૂર્ણ કરે છે. પણ આપણે જે વિષયો આગળ વિચારવાના બાકી રાખ્યા હતા અને સિધ્ધના સ્વરૂપનો સંપૂર્ણપણે ખ્યાલ આપવામાં જે અતિ અગત્યની વાતો છે તેનો વિચાર કરી લઇશું. જે કરવાથી તમને સિધ્ધ ભગવંત વિષે લગભગ સંપૂર્ણ કહેવાય તેવી માહિતિ પ્રાપ્ત થઈ જશે.

ચાર ઘાતિકર્મનો ક્ષય કરીને બનેલા ભગવંતમાં કેટલાક એવા આત્માઓ હોય છે કે જેઓની બાકીની ચાર અઘાતિકર્મોની સ્થિતિ એક સરખી નથી હોતી. તેઓનું આયુષ્યકર્મ નાનું હોય છે અને બાકીના ત્રણ અઘાતીકર્મ એટલે નામકર્મ–ગોત્રકર્મ અને વેદનીયકર્મની સ્થિતિ

વધારે હોય છે. આપણે તો અનેક જન્મ–મરણ કરવાના હોય છે એટલે આપણો હિસાબ તો આગળના ભવમાં ચાલે. પણ....સિદ્ધગતિમાં જતા આત્માને તો અનંત-ભવોનો હિસાબ પૂરો કરવાનો હોય છે. એટલે તેમને પોતાના છેલ્લા ભવમાં પોતાના આયુષ્યકાલ દરમ્યાન બધા કર્મોને ભોગવી નાંખવાના હોય છે. આયુષ્યથી વધારે સ્થિ-તિના કર્મોને ખપાવવા માટે એક વિશિષ્ટ ક્રિયા કરવી પડે છે. જેને શાસ્ત્રમાં કેવલીસમુદ્ઘાત કહેવામાં આવે છે.

'**સમુદ્ઘાત**' શબ્દનો અર્થ સમજવા જેવો છે. '**સમ**' અને '**ઉદ્**' આ બે ઉપસર્ગ સહિત '**ઘાત**' શબ્દથી આ શબ્દ બન્યો છે. તેમાં '**ઘાત**' એટલે નાશ, '**ઉદ્**' એટલે પ્રાબલ્યતાથી તેમજ '**સમ**' એટલે સારી રીતે....તેથી સારા ય શબ્દનો અર્થ એવો થયો કે "જે ક્રિયા દરમ્યાન સારી રીત પ્રબળતાપૂર્વક કર્મોનો નાશથાય તે."

સમુદ્ઘાત તો સાત છે પણ અહીં કેવલી ભગવંતો કર્મોની સ્થિતિની સમાનતા કરવા જે સમુદ્ઘાત કરે છે તેની જ વાત વિચારવાની છે. આવી ક્રિયાની જૈનશાસનમાં વિશેષતા છે. આના જેવી વિશિષ્ઠ પ્રક્રિયા કોઈ દર્શનમાં કલ્પવામાં નથી આવી. હા, અન્ય વેદાંતી દર્શનકારોએ કો'ક સ્થાને આવું કંઇક માન્યું છે ખરૂં. વેદાંતીના મતે ત્રણ પ્રકારના કર્મો હોય છે. (૧) સંચિતકર્મ (૨) પ્રારબ્ધ–કર્મ (૩) વર્તમાનકર્મ. તેમાંના પ્રારબ્ધકર્મનું આપણે ત્યાં જે નિકાચિતકર્મનું સ્વરૂપ છે તેના જેવું જ છે. તેઓ માને છે કે, બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ જાય તે પછી અનેક ભવોમાં એકઠા કરેલા દીર્ઘકર્મો સંચિત કર્મો બ્રહ્મના સાક્ષા-ત્કાર માત્રથી નાશ પામે છે. પણ પ્રારબ્ધકર્મ રહી જાય છે. આ પ્રારબ્ધકર્મ જ્યાં સુધી હોય ત્યાં સુધી આત્માનો

મોક્ષ તેમના મતે પણ થતો નથી. તેને તે કર્મ ભોગવવું જ પડે છે. પણ જો તે આત્માની ઈચ્છા હોય તો તે પ્રારબ્ધ-કર્મનો જલ્દી નાશ કરવા માટે તે અનેક શરીરો બનાવે જેને વેદાંતીઓ 'કાયવ્યૂહ' કહે છે અને તે દ્વારા લાંબા કાળ સુધી ભોગવવા યોગ્ય પ્રારબ્ધકર્મનો જલ્દીથી નાશ કરે છે. આ વાતનું કર્મ ખપાવવા માટે મોક્ષમાં જતા આત્માને પણ કંઈક કરવું પડે છે તેટલી વાત પૂરતું જ જૈનદર્શન સાથે સામ્ય છે. બાકી આ કલ્પનામાં દોષો ખૂબ છે. વેદાંતીને છોડીને બીજા દર્શનકારોએ તો આવી પણ કલ્પના નથી કરી.

આપણે આ પ્રાસંગિક વાત કરી પણ આપણે મૂળ 'કેવલી સમુદ્ઘાત'ની વિચારણા કરી રહ્યા છીએ, એ કેવલી સમુદ્ઘાતની જરૂર તો મોક્ષમાં જતા આત્માને પડે છે. પણ એવું ન વિચારવું કે દરેક આત્માને તેની જરૂર પડે છે. અર્થાત્ મોક્ષમાં જતા પહેલાં કેવલી સમુદ્ઘાત કરવો જ પડે તેવો નિયમ નથી. જે ભવ્યાત્માઓની પોતાના વેદનીય-નામ અને ગોત્રકર્મની સ્થિતિ આયુષ્યકર્મની સમાન હોય છે તે આત્માઓને કેવલી સમુદ્ઘાત કરવાની જરૂર પડતી જ નથી.

જેમ યોગ્ય વહીવટ કરનાર વેપારીઓ એવા હોય છે કે જેમને પેઢી બંધ કરતી વખતે કોઈના પણ પૈસાની માંડવાળ કરવી જ ન પડે અને કોઇના પૈસા બાકી પણ ન રહે. પણ કો'કના પૈસા એવા વેપારી પાસે રહી ગયા હોય કે તેને તેમાંથી છૂટવા માટે માંડવાળ કરવી જ પડે. કેવલીઓ કેવલી સમુદ્ઘાત દરમ્યાન જે કર્મોની સ્થિતિ સરખી કરી નાંખે છે તે કર્મો કોઇ પાપરૂપ જ હોય છે તેમ ન સમજવું. કારણ કે ઉચ્ચ ગોત્ર–શુભ નામકર્મ અને શાતાવેદનીયકર્મ પણ વધુ સ્થિતિનું

હોય તો પણ તેની સ્થિતિ ઓછી કરી નાંખે છે.

પ્રશ્નઃ—તો શું બાંધેલું કર્મ ભોગવ્યા વિના જ આમાથી છુટું પડી જાય છે?

જવાબઃ—ના, કેવલી સમુદ્ઘાતની આખી પ્રક્રિયા સમજશો ત્યારે ખબર પડશે કે બાંધેલું કર્મ ભોગવ્યા વિના છુટતું જ નથી. પણ આત્મા કેવલી સમુદ્ઘાત દરમ્યાન એવી ગોઠવણ કરે છે કે જેથી અલ્પ કાળમાં વધારે કર્મો ખપી જાય. એક અગરબત્તી પૂરી સળગી જાય પછી બીજી સળગાવવામાં આવે ને પછી ત્રીજી. આમ કરવાથી એક પડિકાની અગરબત્તી કલાકો સુધી ચાલે પણ એક જ સાથે આખું પડીકું દેવતામાં પધરાવી દેવામાં આવે તો પાંચ જ મિનિટમાં બધી અગરબત્તી બળીને ભસ્મ થઈ જાય. કોઇ પણ અગરબત્તીની રાખ તો બળ્યા વિના થતી જ નથી પણ કેટલી વારમાં રાખ થઇ જાય તેનો આધાર આપણે એક સાથે કેટલી અગરબતી સળગાવીએ છીએ તેના પર છે. આવી રીતની ગોઠવણ કરવા માટે જ કેવલી સમુદ્ઘાત કરવામાં આવે છે.

આ કેવલી સમુદ્ઘાતની ક્રિયા માત્ર આઠ સમયની જ છે. તેમાં પ્રથમ સમયે આત્મા જે દેહમાં જ્યાં હોય છે ત્યાંથી ઉપર અને નીચે પોતાના દેહના જેટલી જ પહોળાઈના આત્મપ્રદેશોને બહાર કાઢે છે જેથી લોકના એક છેડાથી બીજા છેડા સુધી એક દંડની રચના થાય છે. બીજા સમયે કપાટની રચના થાય છે એટલે કે તે જે ઉપર અને નીચે લોકના બે છેડાને અડીને રહેલ લાંબા દંડમાંથી જ બંધ કબાટના બારણા જ જાણે ન ખૂલતાં હોય તેવી રીતે તે જ દંડમાંથી પૂર્વ અને પશ્ચિમ દિશામાં આત્મપ્રદેશો ફેલાય છે; અને લોકના અંત સુધી પહોંચે છે. ત્રીજે સમયે તે જ પૂર્વ અને પશ્ચિમ દિશામાં ખુલ્લા કપાટ જેવા રહેલા આત્મ-

પ્રદેશોને ઉત્તર–દક્ષિણ દિશામાં ફેલાવીને રવૈયાની માફક ગોઠવે છે. તેથી આ રચનાને મંથાન કહેવામાં આવે છે. હવે ચોથા સમયમાં વચ્ચે જે ભાગ આત્મપ્રદેશો વડે પૂરાવાનો બાકી રહ્યો હોય છે તે ભાગ પણ પોતાના આત્મપ્રદેશો દ્વારા તે આત્મા ભરી દે છે. શાસ્ત્રમાં આને અંતરપૂરણની ક્રિયા કહે છે. આમ ચોથા સમયે કેવલી સમુદ્ઘાતમાં રહેલો આત્મા સમસ્ત લોકવ્યાપી બને છે.

એવો પ્રશ્ન તો નથી થતો ને કે સમસ્ત લોક કેવલીના આત્મપ્રદેશો વડે ભરાઈ જાય તો બીજા પદાર્થો ક્યાં જાય? આત્મા તો અરૂપી પદાર્થ છે. તે કોઈ સ્થાન રોકતો જ નથી. અરે, આત્માની વાત ક્યાં? ચૌદ રાજલોકમાં સૂક્ષ્મ જીવો સ્થાને સ્થાને છે છતાં ય મને, તમને કે દુનિયાના કોઈ પણ પદાર્થને વ્યાઘાત પહોંચાડતા નથી, તો આત્માને લોકવ્યાપી બનતાં શું વાંધો આવે ?

કેવલી સમુદ્ઘાતની વાત તો હજી તમારામાંથી કોઇએ કો'ક વખત સાંભળી હશે પણ તમને ભાગ્યે જ ખબર હશે કે પુદ્ગલમાં પણ એક અચિત્ત મહાસ્કંધરૂપ પરિણામ પેદા થાય છે અને આ અચિત્ત મહાસ્કંધ પણ આ જ ક્રમથી અનુક્રમે સમસ્ત લોકવ્યાપી બને છે. રૂપી પુદ્ગલનો પણ એક જ સ્કંધ લોકવ્યાપી બનીને રહે અને બીજા કોઇ પણ રૂપી પદાર્થને આઘાત ન પહોંચાડે કે હાનિ ન કરે તો આત્મા તો કેવી રીતે હાનિકર્તા બને ?

આ ભગવતીજી સૂત્રમાં જ પુદ્ગલોના અનેક પ્રકારના પરિણામોની વાત આવે છે. સર્વજ્ઞના શાસન સિવાય અન્ય સ્થળે આવા પરિણામોનું વર્ણન સાંભળવા પણ મળતું નથી.

પાંચમા સમયે આત્મપ્રદેશોને સંહરણ કરવાની ક્રિયા ચાલે છે અને સંકોચ કરીને ત્રીજા સમયે આત્મપ્રદેશોની જે સ્થિતિ હોય છે તે જ સ્થિતિ ત્યાં ફરી આવી જાય છે. છઠ્ઠા સમયે બીજા સમયમાં જે દશા હોય છે તે દશા પ્રાપ્ત કરે છે. સાતમા સમયે પ્રથમ સમયમાં જે દશા હોય છે તે જ દંડની દશામાં આત્મપ્રદેશો આવે છે. આઠમા સમયે તે જ દંડરૂપે રહેલા આત્મપ્રદેશો પુનઃ શરીરસ્થ જ થઈ જાય છે. કેવલી સમુદ્ઘાતના પ્રારંભ પહેલાના સમયે નામકર્મ, વેદનીયકર્મ અને ગોત્રકર્મની જેટલી સ્થિતિ હોય છે તેમાંથી અસંખ્યાતમા ભાગની તેમજ તે કર્મદલિકનો જેટલો રસ હોય છે તેમાંથી અનંતમાં ભાગનો રસ રાખી બાકીની સ્થિતિ અને રસનો; સમુદ્ઘાતમાં આરૂઢ થયેલ આત્મા પ્રથમ સમયે દંડ કરતી વખતે નાશ કરે છે.

અહીં બીજી એક વિશેષતા ધ્યાનમાં લેવા જેવી છે. કેવલી સમુદ્ઘાતમાં રહેલ આત્મા તે વખતે ૩૯ પુણ્યકર્મની પ્રકૃતિઓને ૨૫ પાપકર્મની પ્રકૃતિમાં ભેળવી દઇને તેનો ક્ષય કરે છે.

બીજા સમયે પહેલા સમયમાં બાકી રહેલ સ્થિતિના પણ અસંખ્યાત ભાગ અને રસના અનંતભાગો કરે છે. તેમાંના એક જ અસંખ્યાતમા ભાગનો અને રસના એક જ અનંતમા ભાગ સિવાય બીજા બધાનો તે વખતે ક્ષય થઈ જાય છે. આ કપાટનો સમય છે.

ત્રીજા મંથાન કરવાના સમયે વળી પાછી બાકી રહેલ કર્મસ્થિતિને અસંખ્યાતભાગમાં વહેંચે છે અને રસને અનંતભાગમાં વહેંચે છે અને તેના અસંખ્યાતમા ભાગની સ્થિતિ અને અનંતમા ભાગના રસ સિવાય બીજા બધાનો

ક્ષય કરે છે. આમ ક્ષય કરતાં આવતા ચોથો અંતર પૂરણ કરીને લોકવ્યાપી થવાના સમયે નામ, ગોત્ર અને વેદનીય કર્મોની જે સ્થિતિ બાકી રહી હોય છે તે તે કેવલી સમુદ્ઘાત કરનારા આત્માના આયુષ્ય કરતાં સંખ્યાત ઘણી જ મોટી હોય છે. અર્થાત્ કોઇ પણ કેવલીના કેવલીસમુદ્ઘાત પહેલાના અનંતર સમયની કર્મની સ્થિતિ તેમના કેવલી સમુદ્ઘાત વખતના આયુષ્યની સ્થિતિ કરતાં

સંખ્યાત × અસંખ્યાત × અસંખ્યાત × અસંખ્યાત
(લોકવ્યાપી) (મંથાનસમય) (કપાટસમય) (દંડસમય)
× અસંખ્યાતગુણ જેટલી હોય છે.
(પ્રારંભસમય)

આ પછી ચોથા સમયે નામ, ગોત્ર અને વેદનીય કર્મની સ્થિતિના સંખ્યાત ભાગ કરી એક સંખ્યાતમા ભાગ સિવાય બીજાનો નાશ કરે છે. આવી જ રીતે પાંચમા સમયે કરે છે. પણ છઠ્ઠા સમય બાદ આત્માનો પ્રયત્ન પ્રારંભના સમયો કરતાં મંદ પડી જાય છે તેથી પ્રતિસમય પહેલા જે સમગ્ર સ્થિતિખંડનો નાશ થતો હતો તેના બદલે માત્ર એક એક ખંડનો જ નાશ કરે છે. કર્મનો નાશ કરવાની આ મંદગતિ છેક સયોગી અવસ્થાના છેલ્લા સમય સુધી ચાલે છે. ત્યારબાદ અયોગી અવસ્થાને અનુભવી આત્મા મોક્ષમાં પહોંચે છે.

આમ તમે મૂળ વાત સારી રીતે સમજી ગયા હશો કે કોઇ પણ કર્મ પ્રદેશથી ભોગવ્યા વિના નાશ પામતું જ નથી. માત્ર ભોગવવાની ઝડપ એટલી બધી હોય છે કે જેથી તે ન જ ભોગવ્યું હોય તેવું લાગે.

આવી મહાન કેવલી સમુદ્ઘાતની ક્રિયા કર્યા બાદ

પણ આત્મા તરત જ મોક્ષમાં જતો નથી પણ અંતમુર્હૂર્ત બાદ જ મોક્ષમાં જાય છે. કેટલાક એવું માને છે કે કેવલી સમુદ્ઘાત કર્યા બાદ છ મહિના સુધી એક આત્મા સંસારમાં રહે, પણ આ વાત ખોટી છે, શાસ્ત્ર બાહ્ય છે; તેમ આર્ય શ્યામાચાર્ય ભગવંતે પન્નવણાજીમાં જણાવ્યું છે. કારણ કે જો છ મહિના આયુષ્ય બાકી રહેતું હોય તો વાંધો આવે. ધારો કે કો'ક આત્માએ જેઠ વદમાં સમુદ્ઘાત કર્યો તો ત્યાંથી લઇને છ મહિના ગણુતા વચમાં ચોમાસું આવે. ચોમાસામાં પીઠફ્લક અને પાટ વગેરેની જરૂર પડે તેથી તેને ગ્રહણ કરવાનો પ્રસંગ આવે પણ શાસ્ત્રમાં તો એવું કયાંય કહ્યું નથી. માત્ર કેવલી સમુદ્ઘાત કર્યા બાદ આયુષ્ય બાકી હોય તો તેવા પ્રસંગે ગ્રહણ કરેલ પીઠફ્લક અને પાટલા પાછા આપે તેમજ જણાવ્યું છે.

## આયુષ્યકર્મની વિશેષતા

શાસ્ત્ર તો દરીયો છે. એક એવો પ્રશ્ન પણ શાસ્ત્રમાં પૂછવામાં આવ્યો છે કે...." જેના આયુષ્યકર્મ કરતાં વેદનીય આદિ ત્રણ અઘાતીકર્મો વધારે હોય તે કેવલીસમુદ્ઘાત કરે અને સ્વભાવથી જ જેના આયુષ્યકર્મની સ્થિતિ વેદનીય આદિ કર્મોના જેટલી હોય તે કેવલીસમુદ્ઘાત ન કરે એ વાત તો સાચી પણ કદાચ એવું બને કે જે આયુષ્યકર્મની સ્થિતિ વધારે હોય અને વેદનીય આદિ કર્મોની સ્થિતિ ઓછી હોય તો તે શું કરે ?...."

પ્રશ્ન છે; તો સુંદર પણ જ્ઞાની શાસ્ત્રકારોના હાથમાં ન આવે તેવો બંદર (વાંદરો) નથી. જ્ઞાનીઓ તો ચિંતનનો સમંદર (દરીયા) હોય છે. આપણી કલ્પના પણ ન પહોંચે તેવા આ પ્રશ્નનો જવાબ પણ શાસ્ત્રકારોએ કરેલ છે.

શાસ્ત્રકારો સ્પષ્ટ કહે છે કે આવું કદી બન્યું નથી અને બનતું નથી અને બનશે પણ નહીં કે બાકીના ત્રણ અઘાતી કર્મો ઓછી સ્થિતિના રહી જાય અને આયુષ્યની સ્થિતિ વધારે થાય. આવું થતું હોત તો એમ માનવું પડત કે કેવલી સમુદ્‌ઘાત દ્વારા કેવલી ભગવંતો નવા વેદનીયાદિ કર્મો પણ બાંધે. એમ થાય તો પછી કેવલી સમુદ્‌ઘાત નામ નિરર્થક થઇ જાય. કેવલી (સમુદ્‌ગ્રહ), (સમ્+ઉત્+ગ્રહ) નામ પાડવું પડે. કારણ કેવલી સમુદ્‌ઘાતમાં તો કર્મનો સમ્ એટલે સારી રીતે, ઉત્ એટલે પ્રબળતાથી, ઘાત એટલે નાશ થતો હોય છે. આ તો નવા કર્મો લેવાની વાત આવી એટલે સમુદ્‌ગ્રહ બની ગયો !

વળી તે કેવલી અવસ્થામાં બે સમયની સ્થિતિવાળા કર્મનો જ બંધ હોય તો વધારે સ્થિતિવાળું વેદનીયાદિ કર્મ બાંધે કેવી રીતે ? બે સમયથી વધારે સ્થિતિના કર્મ બાંધવા માટે કષાયના ઉદયની જરૂર પડે જ. તે કષાયો; ક્ષય થયા બાદ ઉદયમાં આવે કેવી રીતે ? આમ વિચારીએ તો હજારો શાસ્રીય નિયમોના ઉલ્લંઘનનો પ્રસંગ આવે. માટે શાસ્ત્રકારો કહે છે આયુષ્યકર્મના પોતાના જ તથા-સ્વભાવના કારણે કદી એવું બનતું જ નથી કે આયુષ્ય-કર્મ કરતાં બાકીના ત્રણ કર્મોની સ્થિતિ નાની હોય.

બુદ્ધિમાનોને પ્રશ્ન તો થાય જ કે જો વેદનીય આદિ કર્મો આયુષ્ય કરતાં વધારે જ હોય તેવો નિયમ હોત તો મુંઝવણભરી સ્થિતિ ન આવત; પણ એવી સ્થિતિ પણ માની છે કે વેદનીયાદિ કર્મો અને આયુષ્ય કર્મ એક જ સરખા હોય, એક સમયનો પણ ફરક ન હોય; તો એવો તો કેવો

અતિશય છે કે જેથી વેદનીયાદિ કર્મો આયુષ્યકર્મ કરતાં એક સમય પણ ઓછાં ન હોય....?

આ વાત સમજમાં આવે માટે જ શાસ્ત્રકારોએ આયુષ્યકર્મના સ્વભાવની વિચિત્રતાઓ તરફ ધ્યાન દોર્યું છે. આયુષ્યકર્મ ઘણી બાબતોમાં બાકીના સાતે ય કર્મો કરતાં તદ્દન જુદું જ છે. બાકીના સાત કર્મો જીવને યથાશકય રીતે સયોગી અવસ્થામાં નિરંતર બંધાયા જ કરે છે, જ્યારે આયુષ્યકર્મ તો નાના કે મોટા જીવનમાં કોઈપણ જીવને કોઇ પણ ભવમાં એક વખતથી વધારે વખત બંધાતું જ નથી.

સાતાવેદનીયકર્મ કોઇ વખત અસાતાવેદનીયમાં સંક્રમીને કે અશુભ નામ–ગોત્રાદિ કર્મો કોઈ વખત શુભ નામ–ગોત્રાદિમાં સંક્રમીને ભોગવાઈ જાય છે પણ આયુષ્યકર્મની ચારે પ્રકૃતિ દેવઆયુષ્ય, નરકઆયુષ્ય, મનુષ્યઆયુષ્ય, તિર્યંચઆયુષ્ય કદી એક બીજા રૂપે સંક્રમતું નથી. આવી બીજી પણ ઘણી સ્વભાવોની વિચિત્રતા આયુષ્યકર્મમાં છે, તેવી રીતે આ પણ એક આયુષ્યકર્મની જ વિશેષતા હોય છે કે તે વેદનીયાદિ કર્મસ્થિતિની સમાન સ્થિતિમાં કે ઓછી સ્થિતિમાં બંધાય છે પણ વેદનીયાદિ કર્મોથી વધારે સ્થિતિવાળું આયુષ્યકર્મ કદી કોઈ જીવને ક્યારે ય બંધાતું નથી. જેમ ચરમશરીરી કોઈ આત્મા તે જ ભવમાં મિથ્યાત્વ મોહનીયકર્મ મોટામાં મોટી સ્થિતિનું બાંધે તેમ બને છતાં ય આયુષ્યકર્મ કદી બાંધતા નથી તેવી રીતે આયુષ્યકર્મ કદી વેદનીયાદિ કર્મથી અધિક સ્થિતિવાળું બંધાતું જ નથી.

## આવર્જીકરણ

આ સમુદ્ઘાતની ક્રિયા કરતા પહેલાં આવર્જીકરણ નામનું કરણ કરવું પડે છે. સમુદ્ઘાત કરનારા આત્મા માટે

તે આવશ્યક છે. કારણ કે એના ઘણા અર્થોમાંથી એક એવો પણ અર્થ છે કે કેવલી સમુદ્ઘાત કરવા માટે કેવલી ભગવંતોનો જે ઉપયોગ છે તે આવર્જીકરણ છે. આ આવર્જીકરણ દ્વારા કર્મો ઉદય આવલિકામાં નાંખવામાં આવે છે. આવર્જીકરણ પણ અંતઃમુહૂર્ત કાળ પ્રમાણ જ હોય છે. અને પછી તરત જ કેવલી સમુદ્ઘાતનો આરંભ થાય છે.

## યોગોની ચંચલતા

આમ પ્રથમ આવર્જીકરણ અને તે પછી કેવલી સમુદ્ઘાત અને ત્યારપછી સિદ્ધિગતિની સાધનામાં મહત્ત્વની દશા આવે છે, અયોગી દશા....આ અયોગી દશા એટલે જ ૧૪ મું ગુણસ્થાનક, અને શૈલેશી દશા. આ ચૌદમા ગુણસ્થાનકને છોડીને કોઈ પણ ગુણસ્થાનક એવું નથી જ્યાં મન–વચન અને કાયાના યોગનો વ્યાપાર ચાલુ ન હોય.

જ્યાં સુધી યોગ રહે ત્યાં સુધી કર્મબંધ થવા નો જ. યોગ ભલે ત્રણમાંથી કોઇ પણ હોય. મનયોગરૂપ હોય. વચનયોગરૂપ હોય કે કાયયોગરૂપ હોય પણ તે ત્રણે ય યોગ દરમ્યાન આત્માના પ્રદેશોમાં ઓછું કે વધારે કંપન તો ચાલવાનું જ. આ કંપન ચાલે ત્યાં સુધી આત્મા કર્મોથી ખરડાવાનો જ.

આ જ ભગવતી સૂત્રમાં અનંત લબ્ધિનિધાન ગણધર ભગવંત પૂ. ગૌતમસ્વામીજી મહારાજા વીર વર્ધમાન સ્વામીને પ્રશ્ન પૂછે છે; હે ભગવંત ! કેવલીભગવંતો જે આકાશપ્રદેશમાં વ્યાપીને હાથ રહ્યો હોય ત્યાંથી ઉઠાવીને પાછા તેટલા જ આકાશપ્રદેશમાં વ્યાપીને રહે તેવી રીતે હાથને પાછો સ્થાપી શકે ?

ભગવંતે જવાબમાં ફરમાવ્યું છે કે આ 'અર્થ સમર્થ

નથી' **એસ અટ્ઠે ન સમટ્ઠે** અર્થાત્ આવું બની શકે નહિ. આ ન બનવાની પાછળ એક જ કારણ છે અને તે કાયયોગની ચંચલતા.

કેવલીભગવંતો પૂર્વમાં હાથ કેટલા આકાશપ્રદેશને વ્યાપીને રહ્યો છે તે જાણતા હોવા છતાં ય તે જ પ્રદેશમાં હાથને રાખી ન શકે. એટલે કેવલીભગવંતના આત્મપ્રદેશમાં પણ તે વખતે એટલું સ્પંદન ચાલતું હોય છે. આપણી નજરમાં જે ચીજ સ્થિર હોય છે; આપણને જેમાં કાંઇ ફેરફાર થતો દેખાતો નથી હોતો તે ચીજો જ્ઞાનીની નજરમાં પરીવર્તનશીલ હોય છે. જેમ આપણને કંપવાવાળાના અંગો કંપ્યા કરતાં દેખાય છે તેમ જ્ઞાનીઓને પણ સયોગી દશામાં રહેલ તમામ આત્માના આત્મપ્રદેશ પ્રતિક્ષણ કંપતા જ પોતાના જ્ઞાનથી દેખાય છે.

## યોગ નિરોધ

આવી સયોગી દશામાંથી દૂર થવા સૌથી પહેલાં કેવલીભગવંત દ્રવ્ય મનોયોગના નિરોધ કરે છે. કારણ કે ભાવ મનોયોગ તો છાદ્મસ્થિક જ્ઞાનરૂપ હોવાથી કેવલજ્ઞાન થતાં જ તે નાશ પામ્યો હોય છે. અનુત્તર દેવલોકના દેવોના પ્રશ્નોના જવાબ આપવામાં ઉપયોગી દ્રવ્ય મનોયોગનો પણ હવે તેઓ રોધ કરે છે. પોતાના પુષ્ટ મનોદ્રવ્યના વ્યાપારને ઘટાડીને તરત જ મનઃપર્યાપ્તિ પુરી કરેલ સંજ્ઞી પંચેન્દ્રિય જીવનો જેટલો વ્યાપાર હોય છે તેટલા વ્યાપારવાળો કરે છે. સંજ્ઞી પંચેન્દ્રિય તરીકે જન્મીને મનઃપર્યાપ્તિ પૂર્ણ કરેલ જીવનો મનોવ્યાપાર ઉત્પત્તિ પછી તો ધીમે ધીમે પ્રબળ થતો જાય છે પણ આરંભ સમયે અતિ અલ્પ હોય છે, માટે તે જીવો સર્વજઘન્યમનોયોગી કહેવાય છે. તેવી દશામાં આવ્યા બાદ કેવલીભગવંતો હજી પણ દ્રવ્યમનોયોગના વ્યાપારનો

નિરોધ કરે છે, પ્રતિ સમય મનોદ્રવ્યના વ્યાપારને અસંખ્યાત ગુણુહીન કરતા જાય છે. આવી દ્રવ્યમનોયોગ નિરોધની પ્રવૃત્તિ પણ અસંખ્યાત સમય સુધી ચાલે છે.

## સર્વ જઘન્ય મનોયોગથી પણ ઓછો મનોયોગ

અહીં આટલી વધુ વિચારણા કરી લેવાની જરૂર છે કે સામાન્ય રીતે જેને સર્વજઘન્ય મનોયોગી કહેવાય છે તેના કરતાં પણ સૂક્ષ્મ મનોયોગ કેવલીઓને યોગનિરોધ વખતે હોય છે.

આમ વિચારતાં તો એમ સિદ્ધ થાય છે કે કેવલીભગવંતો દ્રવ્યમનોયોગનો રોધ કરે છે ત્યારે સર્વજઘન્ય મનોયોગી કરતાં પણ ઓછા મનોયોગવાળા હોય છે છતાં ય સર્વજઘન્યમનોયોગી તરીકે તેમની ગણત્રી ન કરતાં તરત જ પર્યાપ્તિ પૂર્ણ કરેલ સંજ્ઞી પંચેન્દ્રિયને જ કેમ જઘન્ય મનોયોગી કહ્યા ? આનું એક સમાધાન એ છે કે જેમ તૂટી રહેલો ઘડો પણ જ્યાં સુધી સંપૂર્ણ તૂટ્યો નથી, તૂટવાની ક્રિયામાં છે ત્યાં સુધી ઘડો તો કહેવાશે પણ ઘડા તરીકેનું કોઈ કાર્ય કરી શકતો નથી, જેમ બુઝાઈ જતો દીવો દીવા તરીકેનું કોઇ કાર્ય ન કરી શકે છતાં ય દીવો તો કહેવાય જ છે. તેમ કેવલીભગવંતો જે વખતે દ્રવ્યમનોયોગનો રોધ કરી પર્યાપ્ત માત્રના મનોયોગથી હીન મનોયોગવાળા બને છે ત્યારે તે મનોયોગ મનોયોગનું કાર્ય કરવામાં સમર્થ નથી છતાં ય તે વિખરાઇ જતાં પુદ્ગલો મનોયોગના જ છે. માટે તેને મનોયોગ તો કહેવો જ પડે. એટલે એ વાત સિદ્ધ થાય છે કે મનોયોગ તરીકેનું કાર્ય તો પર્યાપ્ત સંજ્ઞીનું પ્રથમ સમયે જે મનોદ્રવ્ય હોય છે તેટલાથી જ થાય. એટલે કાર્યકારી મનોયોગ તરીકે તો સૌથી અલ્પ મનોયોગવાળો તરતનો પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે તે વાત યથાર્થ છે.

આવી રીતે મનોયોગનો રોધ કરે છે પણ બાદર મનોયોગ અને બાદર વચનયોગ બંનેનો સાથે જ રોધ કરતો હોવાથી તે વખતે બાદરકાયયોગનું આલંબન લેવાય છે. કારણ હજી આત્મા અયોગી બન્યો નથી; અને અયોગી ન બને ત્યાં સુધી કોઇ યોગ તો હોય જ. પણ આ બાદરમનોયોગ અને બાદરવચનયોગનો નાશ કરવા માટે પણ આત્માને કોઈ આલંબન જોઇએ. આ આલંબન તરીકે જ બાદરકાયયોગનું અવલંબન થાય છે. આ જ વખતે સકલ શરીરમાં વ્યાપક બનેલ આત્મા પોતાની અવગાહનાનો ૧/૩ ભાગ ઓછો કરી નાંખે છે. અર્થાત્ આત્મપ્રદેશોને ઘન કરવા દ્વારા પેટ, નાક, મોંઢાના પોલાણનો જે ભાગ છે તે બધો પૂરી દે છે. તેમની આવી જ અવગાહના પછી સિદ્ધદશામાં પણ રહે છે.

## સિદ્ધો સાકાર કે નિરાકાર

તમને પ્રશ્ન થશે કે સંસ્થાન વિના અવગાહના હોય નહીં. અને સિદ્ધદશામાં તો આત્મા અરૂપી છે તેથી તેનું સંસ્થાન છે જ નહીં અને સંસ્થાન ન હોવાથી અવગાહના હોતી નથી. વળી સિદ્ધભગવંતો 'નિરાકાર' છે તેવું પણ વર્ણન શાસ્ત્રમાં આવે છે તેથી સિદ્ધનો આકાર હોય જ નહીં.

તમારી શંકા સાચી છે, વિચાર કરવા જેવી છે. શાસ્ત્રકારોએ સ્પષ્ટ કહ્યું છે કે સંસારી જીવને તો સંસ્થાન નામકર્મોદયથી હોય છે અને સિદ્ધના જીવને તમામ કર્મનો ક્ષય થઇ ગયો છે તેથી તેમને અહીં રહેલ સંસારી આત્માના છ સંસ્થાનમાંથી એક પણ સંસ્થાન ન હોય. તદુપરાંત લોકમાં પ્રસિદ્ધ એવા ત્રિકોણ, ચતુષ્કોણ, વર્તુલ, અર્ધચંદ્રાકાર વગેરે ઘણા સંસ્થાનો–આકૃતિઓ પુદ્ગલને હોય છે. પુદ્ગલને આ સંસ્થાન માટે કાંઈ કોઈ કર્મના ઉદયની જરૂર

નથી પણ તેવું કોઇ પણ સંસ્થાન સિદ્ધના જીવોને હોતું નથી. એ વાત **'ન દીહે ન હસ્સે'** સૂત્રો વડે સ્પષ્ટ થાય છે. કવિઓએ તેમને સ્તવનમાં 'નિરંજન નિરાકાર' તરીકે સ્તવ્યા છે તેથી પણ તેમનો આકાર કે સંસ્થાન નથી તેવું લાગે છે.

પણ....આટલી વાત પરથી જ નિર્ણય લેવો યોગ્ય નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે સિદ્ધના આત્માઓને કોઈ સંસ્થાન નથી હોતું તેમ નહીં પણ **'અનિત્થંભૂત'** સંસ્થાન હોય છે. આ 'અનિત્થંભૂત' શબ્દનો અર્થ સમજશો એટલે તમારી શંકા દૂર થશે. 'ઇદ' શબ્દ સંસ્કૃતમાં સર્વનામ તરીકે છે. તેનો અર્થ છે. 'આ' તેના પરથી શબ્દ બને છે 'ઇત્થં-ભૂત.' ઈત્થંભૂત શબ્દનો અર્થ થાય છે. આવા પ્રકારને પામેલું....અને 'ઈત્થંભૂત' શબ્દની પહેલાં નિષેધવાચી **'અન્'** ઉમેરાય છે. જેથી શબ્દ બને છે 'અનિત્થંભૂત.' 'અનિત્થંભૂત' સંસ્થાન એટલે આવા પ્રકારને પામ્યું છે એવું વિધાન જે આકારને અંગે ન થઈ શકે તેવું સંસ્થાન કે આકૃતિ....

તમને પ્રશ્ન થવાનો કે આવા પ્રકારનું સંસ્થાન છે તેવું વિધાન જેના અંગે ન થઇ શકે તે અનિત્થંભૂત સંસ્થાન. આવા પ્રકારનું એટલે કેવા પ્રકારનું....?

પુદ્ગલના જે ગોળ–લાંબા–વર્તુલ આદિ સંસ્થાનો છે તે, અને જીવના કર્મના ઉદયથી સમચતુરસ્ર, ન્યગ્રોધ–સાદિ વામન–કુબ્જ અને હુંડક એ ૬ સંસ્થાનો હોય છે તે પ્રકારના. આનાથી ભિન્ન પ્રકારનું સંસ્થાન સિદ્ધના જીવોને હોય છે માટે તેઓ 'અનિત્થંભૂત' સંસ્થાનવાળા કહેવાય છે. પણ સંસ્થાનવિહીન–આકારવિહીન નથી હોતા. પણ

આકારવાળા હોય છે તેથી જ તેમનું અવગાહના ક્ષેત્ર પણ નિયત હોય છે.

જુના જમાનામાં ગોળને માટલામાં રાખતા. ઘણી વખત એવું થઇ જતું કે અંદર ગોળ એવો સઘન બની જાય કે તેને બહાર કાઢી ન શકાય. ત્યારે તે માટલાને તોડી નાંખવામાં આવે. તે વખતે ઘડાની એક ઠીકરી પણ ગોળને લાગેલી ન હોય તો પણ ગોળ બરોબર ઘડાના સંસ્થાન જેવો બનેલો દેખાય છે.

આવી રીતે તકીયામાં રૂ ખુબ ઠાંસી ઠાંસીને ભરવામાં આવે અને પછી ધીમે રહીને કોઈ તેનુ ઉપરનું કાપડનું અસ્તર કાતરથી કાંપી નાંખે તો ય અંદરનું દબાયેલું રૂ તકીયાના આકારનું જ થઇ જવાનું.

આવી રીતે આ શરીરવાળી દશામાં જ આત્મપ્રદેશો ઘનરૂપ થઈ ગયા હોવાથી શરીરના જેવો જ આકાર ત્યાં થઈ જાય છે.

કલ્પના ખાતર કલ્પના કરી શકાય કે કોઇ માણુસના આકારનું એક પોલું પુતળું તૈયાર કરે પછી તેમાં સારી રીતે ઘન કરીને રૂ ભરે. પછી તે પુતળાના ઉપરના ભાગને ખોલી નાંખી તેમાંથી રૂ બહાર કાઢે અને તેનો જેવો આકાર લાગે તેવો આકાર સિદ્ધના આત્માનો હોય છે.

આત્મા અરૂપી પદાર્થ હોવાથી તેનો આકાર નથી તેવું માનવું ખોટું છે. કારણ અરૂપી પદાર્થને રૂપ–રસ–ગંધ અને સ્પર્શ ન હોય તેવી તેની વ્યાખ્યા છે પણ સંસ્થાન ન હોય તેવી વ્યાખ્યા કોઇએ કરી નથી. કારણ અરૂપી એવા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું પણ લોકના જેવું જ સંસ્થાન શાસ્ત્રમાં કહેલું છે. વળી

ઘોડાના જ્ઞાન કરતાં ગધેડાનું જ્ઞાન જુદું છે. એવો અનુભવ સહુને થાય છે. આવો અનુભવ ત્યારે જ થાય કે જ્યારે જ્ઞાનનો પણ આકાર માનવામાં આવે. જ્ઞાન જે જે પ્રકારે પદાર્થ હોય છે તે તે રૂપ આકારને ધારણ કરતું હોય છે. જે વખતે આંખથી ઘડો દેખાય, આત્માને ઘડાનું જ્ઞાન થાય ત્યારે તે જ્ઞાનને 'ઘટાકાર' જ્ઞાન કહેવાય છે. પછી કાળાંતરે પટનું જ્ઞાન થાય ત્યારે પટાકારજ્ઞાન પેદા થાય છે. પછી પટાકારજ્ઞાનનો વિનાશ થાય છે. આમ અરૂપી એવા જ્ઞાનમાં પણ જો આકાર માની શકાય છે તો સિદ્ધના આત્માને આકાર ન જ હોય તેવો આગ્રહ ખોટો છે.

## આત્માની નિરાકાર સ્તુતિનું કારણ

તેમ છતાં ય સિદ્ધના આત્માની નિરાકાર તરીકે સ્તુતિ છે. તેમાં વધુમાં વધુ દલીલ એ જ થઈ શકે કે તેમનો તે વખતનો આકાર છે તે પૂર્વભવમાં ધારણ કરેલ જે છેલ્લું શરીર છે તેની જ અપેક્ષાએ છે. જેમ પાણી કે કોઈ પ્રવાહીનો આકાર પૂછવામાં આવે તો કહેવાય કે પાણીનો કોઇ નિશ્ચિત આકાર નથી. જેવા પાત્રમાં રહે તેવો તેનો આકાર બની જાય છે. તેવી રીતે સિદ્ધના આત્માનો વાસ્તવિક તો કોઇ આકાર છે જ નહીં પણ ચરમ શરીરમાં જે આકાર હતો તે જ સંકોચાઇને સિદ્ધનો આકાર થયો છે. તેથી તે આકાર પણ છેલ્લા શરીર રૂપે ઉપાધિના કારણે પેદા થયેલો કહેવાય. આ શરીરનો આકાર જેવો હોય છે તેના જેવો જ આકાર થાય છે એટલું જ નહીં પણ આ શરીર બેઠેલી અવસ્થામાં હોય તો તે સિદ્ધ દશાની આકૃતિ બેઠેલી અને ઊભેલી દશામાં અથવા જે આસનમાં હોય તે આસનમાં જ સિદ્ધ ભગવંતોના આકારરૂપ બને છે.

હા, એટલું ચોક્કસ વિચારવાનું છે કે છેલ્લું પણ

શરીર હતું તો કર્મના ઉદયના કારણે જ. અને આત્મપ્રદેશોને સંકોચ થયો છે તેમાં જીવના પ્રયત્નની સાથે તેવા વિશિષ્ટ કર્મનો ઉદય પણ કારણ છે. તો તે કર્મનો ઉદય નાશ થતા તે ત્રીજો ભાગ–સંકોચાયેલી અવગાહના કાયમ જ કેમ રહે છે? કર્મ ચાલી ગયા બાદ પણ તે કર્મના ઉદયથી થયેલ કાર્ય કેમ રહ્યું?

અહીં વિગતપૂર્વક વિચાર કરશો તો સમજાશે કે જગતમાં બે પ્રકારના પરિણામો હોય છે. એક તે નિમિત્ત જેટલો કાળ રહે ત્યાં સુધી રહેનાર પરિણામ, બીજો તે નિમિત્ત ચાલી ગયા બાદ પણ રહેનાર પરિણામ. જેમ અંધારૂં હોય ત્યારે કોઇ ચીજનું જ્ઞાન કરવા માટે દીવાની જરૂર પડે છે. તે દીવાથી કોઈ ચીજનું જ્ઞાન થાય છે પણ દીવો ચાલી જતા જેમ પ્રકાશ ચાલી જાય છે તેમ તે ચીજનું જ્ઞાન ચાલી જતું નથી. એવી રીતે કર્મના ઉદયરૂપી ઉપાધિ ચાલી જાય છે છતાં ય આકાર ચરમ શરીરના આધારે રહે છે.

આ રીતે વિચારતા આત્માને નિરાકાર કહેવામાં વાંધો નથી પણ તે દશામાં આત્મપ્રદેશોના પ્રસારણની મર્યાદારૂપ આકાર નથી તેવું કોઈ રીતે માની ન શકીએ.

શાસ્ત્રકારોએ એવો પણ પ્રશ્ન ઉઠાવ્યો છે કે આત્મા તો અનંત શક્તિનો સ્વામી છે, કાયાનો સંકોચ થાય છે તે પહેલાં વીર્યાંતરાય કર્મનો તો ક્ષય થઈ ગયો હોય છે તો એક અણુ જેટલો કેમ નથી થઇ જતો? એક જ આકાશ પ્રદેશમાં રહી જાય તેવી અવગાહના કેમ ગ્રહણ કરતો નથી.

આના જવાબમાં કહેવાયું છે કે આત્મા તે વખતે ગમે તેમ તો ય શરીરમાં રહેલો છે. શરીરમાં રહેલો આત્મા વધુમાં વધુ સંકોચ કરે તોય અંગુલના સંખ્યાતભાગ કરતાં ઓછા સ્થાનમાં

રહી ન શકે પણ સિદ્ધિગતિ પામનારો જીવ આટલો બધો સંકોચ કરી શકતો નથી પરંતુ માત્ર પોતાની પૂર્વ અવગાહનાના ત્રીજા ભાગની જ અવગાહના ન્યૂન કરી શકે છે. તેમાં એ જ કારણ છે કે તે વખતે યોગોની શક્તિ પણ મંદ પડી ગઇ હોય છે. તે વખતના યોગમાં એટલી શક્તિ નથી કે ૧ ૩ ભાગથી વધુ આત્મપ્રદેશોનો સંકોચ કરી શકે.

આમ બાદરમનોયોગ અને વચનયોગનો બાદરકાયાયોગ દ્વારા નિરોધ કર્યા બાદ તે જ બાદરકાયયોગનો સૂક્ષ્મકાયયોગ દ્વારા નાશ કરે છે, અને પછી તે સૂક્ષ્મકાયયોગનો સૂક્ષ્મ મન-વચનના યોગ દ્વારા ક્ષય કરી છેલ્લા યોગાંશોનો આત્મા વડે જ નાશ કરે છે. આ સ્થિતિ પામતાં **અ ઇ ઉ ઋ લૃ** એટલા જ પાંચ હ્રસ્વસ્વરોનું ઉચ્ચારણ થાય તેટલો વખત શૈલેશી દશાને પામે છે. આ શૈલેશી દશામાં આત્મપ્રદેશો બિલકુલ સ્પન્દન છોડી દે છે. મેરૂપર્વત જેમ પવનના પ્રચંડ તોફાનથી પણ ચલિત ન થાય તેમ તે ચૌદમા ગુણસ્થાનકરૂપે અયોગીદશામાં રહેલ આત્માને યોગરૂપ પવન કશું કરી શકતો નથી; અને યોગનો નાશ થઇ ગયો હોવાથી કોઇ પણ કર્મ બંધાતું નથી. માત્ર પૂર્વે બાંધેલા કર્મો જેના ક્ષય માટેની ગોઠવણ કેવલી સમુદ્ઘાત વખતે અથવા આવર્જીકરણ વખતે થઇ ગયેલ છે તે પ્રમાણે કર્મનો ક્ષય થતો જાય છે. અને આખરે બાણમાંથી તીર છૂટે તેવી રીતે આત્મા દેહમાંથી નીકળી સિદ્ધશિલા પર પહોંચી જાય છે.

આગળ આપણે વિચારી ગયા છીએ કે જે સમયે આત્મા અહીં દેહમાંથી નીકળે છે તે સમયે જ મોક્ષમાં પહોંચી જાય છે પણ વ્યવહારનયની અપેક્ષાએ જ અહીંથી નીકળવાનો અને ત્યાં પહોંચવાનો સમય જુદો કહેવાય છે.

જો કે એક જ સમયમાં આત્મા સાત રજ્જુ જેટલે દૂર કેવી રીતે પહોંચી શકે એ પ્રશ્ન સ્વાભાવિક રીતે જ થાય!

અન્ય શાસ્ત્રકારોએ તર્ક અને દલીલોથી આ વાત સમજાવી છે પણ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે તો આ વાતનું સમર્થન કરતો "અસ્પૃશદ્‌ગતિવાદ" નામનો એક સુંદર ગ્રંથ બનાવ્યો છે. આવા ગ્રંથ તો દીક્ષા લઇને ખૂબ ભણવા ગણવામાં લાગ્યા હોય તે મુનિઓ જ સમજી શકે તો તમારા જેવાનું ગજું ક્યાં? પણ જાડી ભાષામાં જાડું તત્ત્વ કહેવાશે તે સમજવાની કોશિષ કરશો તો જરૂર સમજાશે.

## અસ્પૃશદ્‌ ગતિની સિદ્ધિ

પહેલાં વિચારો 'ગતિ' એટલે શું? કોઇ પણ પદાર્થનું એક સ્થાનેથી બીજે સ્થાને જવું તેનું નામ ગતિ. આપણે સમજીએ છીએ કે એક સ્થળેથી બીજે સ્થળે ગાડું પણ જાય છે, સાઈકલ પણ જાય છે, મોટર પણ જાય છે. પણ ગાડા કરતાં સાઈકલને અને સાઈકલ કરતાં મોટરને ધારેલાં સ્થળે પહોંચવામાં સમય ઓછો થાય છે. બંને વાહનોને અંતર તો સરખું જ કાપવાનું છે છતાં ય એકને વધુ સમય થાય છે, બીજાને–વધુ ઝડપવાળા વાહનને ઓછો સમય લાગે છે એટલે એ નક્કી થાય છે કે પદાર્થની ગતિ વધતી જાય તેમ સમય ઓછો થતો જાય અને ગતિ ઓછી થતી જાય તેમ સમય વધતો જાય. તો આપણે ગતિ ક્યાં સુધી ઓછી કરી શકાય તેનો વિચાર કરીએ. સૌથી ઓછામાં ઓછી ગતિ એટલે એક સમયમાં એક આકાશપ્રદેશ જેટલી ગતિ. આનાથી ઓછી ગતિ કલ્પી શકાય જ નહીં. કારણ કે જે એક આકાશપ્રદેશમાં એક પરમાણુ કે એક સ્કંધ હોય તે તેનાથી નજીકના બીજા આકાશપ્રદેશમાં જાય તો જ ગતિ થઇ કહેવાય. નહીં તો તે પદાર્થ સ્થિતિમાં

રહ્યો કહેવાય અથવા વધુમાં વધુ તેનામાં સ્પંદન થાય છે તેમ કહેવાય પણ જ્યાં સુધી પૂર્વના પ્રદેશને છોડીને બીજા પ્રદેશમાં ન આવે ત્યાં સુધી ગતિ થઈ તેમ તો ન જ કહેવાય. તેથી એક આકાશપ્રદેશમાંથી એક પરમાણુ કે સ્કંધ બીજા આકાશપ્રદેશમાં આવે ત્યારે તેની ગતિ એક સમયમાં એક આકાશપ્રદેશની કહેવાય. આનાથી ધીમી ગતિ સંભવે નહીં પણ એવું બની શકે કે ગતિ કરનારો પદાર્થ નિરંતર ગતિ ન કરે પણ જેમ ગાડી સ્ટેશને સ્ટેશને અટકતી અટકતી જાય છે તેમ વચમાં સ્થિતિ કરતાં કરતાં ગતિ થાય ત્યારે સરેરાશ ગતિમાં એક સમયમાં એક આકાશ-પ્રદેશ કરતાં ઓછી ગતિ થાય પણ નિરંતર ગતિ ચાલુ જ હોય તેવા પદાર્થોમાં ઓછામાં ઓછી ગતિ એક સમયમાં એક આકાશપ્રદેશ જેટલી હોય જ છે. હવે આનાથી વધુ જે ગતિઓ થાય તે બધી ગતિઓ 'અસ્પૃશદ્ગતિ' કહેવાય છે.

એક સમયમાં એક આકાશપ્રદેશ જેટલા પરમાણુની ગતિ બે આકાશપ્રદેશ જેટલી ત્યારે જ સંભવી શકે કે જ્યારે તે બંને આકાશપ્રદેશો એક જ સમયમાં સ્પર્શી લેવાય. જો એક આકાશપ્રદેશને પસાર કરતાં એક સમય લાગતો જ હોય તો તો જેટલું ક્ષેત્ર વધે તેટલા સમયો પણ તેને પસાર કરતાં વધે. પણ આવું બને જ તેવો નિયમ નથી. વધારે ક્ષેત્ર પણ ઓછા સમયમાં પસાર કરી શકાય છે એટલે એક સમયમાં એકથી વધુ પ્રદેશો પણ પસાર થઈ શકે છે તેવું માનવું રહ્યું. અને જો આવી ગતિ શકય હોય તો ગતિનો અતિશય વધતાં અંતરાલવર્તી ઘણા પ્રદેશો એક જ સમયમાં પસાર થઇ જાય તે પણ સુતરાં શકય છે.

શાસ્ત્રકાર ભગવંતો સૂત્રોની ટીકામાં સ્પૃશદ્ગતિ

અને અસ્પૃશદ્‌ગતિનું દૃષ્ટાંત આપતાં જણાવે છે કે પગથિયા પરથી ગબડતી ગબડતી ચીજ પડે છે ત્યાં સ્પૃશદ્‌ગતિ હોય છે. પણ ઉપરથી પડે છે ત્યાં સહસાગતિ થાય છે. જેમકે અગાસી પરથી ઠીકરી નીચે પડે તે અસ્પૃશદ્‌ગતિ છે. આવી અતિ અતિશયવાળી અસ્પૃશદ્‌ ગતિથી આત્મા એક જ સમયમાં લોકના છેડે પહોંચી જાય તે તદ્દન સંભવિત અને તર્કસિદ્ધ છે.

શું મુક્તિમાં જતા જીવના સિવાય આવી વેગવાળી અસ્પૃશદ્‌ગતિ બીજા પદાર્થોમાં હોય ખરી?

અવશ્ય હોય. ગતિવાળા પદાર્થ બે છે. એક જીવ અને બીજું પુદ્‌ગલદ્રવ્ય. જેમ જીવમાં આવી અતિશયવંત અસ્પૃશદ્‌ગતિ હોય છે તેમ પરમાણુરૂપ પુદ્‌ગલમાં પણ આવી ગતિનું વર્ણન છે. મોક્ષમાં જતો આત્મા તો એક સમયમાં તિર્યચ્છાલોકમાંથી લોકાંતે સાત રજ્જુ જ જાય છે પણ કેટલાક પરમાણુઓ તો ગતિના અતિશયથી લોકના એક છેડેથી બીજે છેડે એટલે ચૌદ રાજલોકમાં એક જ સમયમાં પહોંચી જાય છે.

પરમાત્માના શાસનની બલીહારી છે. તેમાં પદાર્થનું જેવું સૂક્ષ્મ વિવેચન આવે છે તેવું અન્યત્ર સંભવી શકતું નથી. કાળના અવિભાજ્ય ભાગરૂપ એક સમયમાં પણ જીવ અને પુદ્‌ગલ આવી ગતિ કરી શકે છે તેવું નિરૂપણ સર્વજ્ઞના શાસન સિવાય બીજે ક્યાં મળે?

તત્ત્વનો વિચાર તો અદ્‌ભુત જ હોય છે અને એટલે જ માત્ર તત્ત્વના વિચારમાં પડેલા અનુત્તરવાસી દેવો પોતાના મોટા આયુષ્યને પણ જરા ય ઉદ્વેગ વિના પસાર કરી શકે છે. માટે તત્વનો વિચાર કરતા કંટાળો આવે ત્યારે સમજવું કે તત્વચિંતન છે તો રસિક વિષય. પણ આપણી દશા પેલા કાગડા જેવી હોય છે. એમ કહેવાય છે કે જે ઋતુમાં

દ્રાક્ષ તૈયાર થાય છે તે ઋતુમાં કાગડાની ચાંચમાં રોગ થાય છે એમાં દોષ ઋતુનો નથી, ફળનો નથી પણ દોષ માત્ર કાગડાની ચાંચનો જ છે. તેમ તત્વમાં રસ ન આવે તો દોષ આપણી પોતાની જાડી બુદ્ધિનો સમજવો. સૂક્ષ્મ બુદ્ધિવાળો આત્મા તો અહીં પ્રશ્ન કરે મુક્તિમાં જતો આત્મા તો સાત રજ્જુ જ દૂર જાય છે અને પરમાણુ તો એક સમયમાં ચૌદ રજ્જુ દૂર જાય છે તો બંનેની ઝડપમાં કોની ઝડપ વધારે? અને જો આત્માની ગતિ વધારે હોય તો આત્મા સાત રજ્જુથી આગળ કેમ જતો નથી?

આવી શંકા સૂક્ષ્મ બુદ્ધિવાળાને થાય પણ સરળ પરિણામી આત્મા આનો જવાબ મળે કે તરત તેનો સ્વીકાર કરે પોતાના આત્માને હર્ષથી ભરે.

હવે સમજો, પુદ્ગલે ચૌદ રાજલોકનું અંતર કાપ્યું અને મુક્તિમાં જતાં આત્માએ સાત રાજલોકનું અંતર કાપ્યું એ વાત સાચી પણ તેથી એવું નક્કી ન થાય કે આત્મા કરતાં પુદ્ગલની ગતિ વધારે હતી.

તમારી આગળની શંકા જ ખોટી છે કે 'ગતિ ઓછી ન હતી તો આત્મા ત્યાં કેમ અટકી ગયો?' આત્મા પોતાની ગતિનો નાશ થવાથી લોકાગ્રે અટકી ગયો છે તે વાત જ ખોટી છે. સાચી વાત તો એ છે કે પુદ્ગલ કે જીવ કોઇ પણ પદાર્થની ગતિ ધર્માસ્તિકાયની સહાય વગર થતી નથી. અને લોકની બહાર ધર્માસ્તિકાય છે નહીં તેથી આત્મા ત્યાં અટકી જાય છે અને ત્યાં સ્થિતિ પરિણામ પેદા થાય છે ને પૂર્વનો ગતિ પરિણામ નાશ પામે છે. જેમ તળાવમાં બંને માછલા એક જ સરખી ગતિએ દોડતા હોય પણ નદીની લંબાઇ પ્રમાણે ગતિ કરનાર મૂળ–મુખ દ્વાર સુધી ગતિ કરી શકે જ્યારે પહોળાઇ

પ્રમાણે એક કિનારેથી બીજે કિનારે જનાર માછલાંને કાંઠો જલ્દી આવી જાય. ગતિમાં સહાયક પાણી મળે નહી માટે ત્યાં જ અટકી જવું પડે. તેથી એવું સિદ્ધ ન થાય કે મુક્તિમાં જતાં આત્માની ગતિ પુદ્ગલની ગતિ કરતાં ઓછી છે.

શાસ્ત્રકારોએ એ પણ સ્પષ્ટતા કરી છે કે મુક્તાત્મામાં મોક્ષમાં જતા પહેલાં કોઇ કર્મ તો રહ્યું નથી તો તેનામાં ગતિ કોણે પેદા કરી ?

## અસ્પૃશદ્ગતિના દૃષ્ટાંતો

મોક્ષમાં જતો આત્મા જે ગતિએ મોક્ષમાં જાય છે તેને સમજવા શાસ્ત્રકાર ભગવંતોએ બે દૃષ્ટાંત આપ્યા છે. એક તુંબડાનું અને બીજું એરંડાના ફલનું. આ દૃષ્ટાંત સમજવાથી કર્મ ક્ષય થયા બાદ થતી ગતિનું રહસ્ય પણ સમજાય છે.

જેમ તુંબડું પોતાના સ્વભાવથી પાણી ઉપર તરી શકે એવું હોય છે પણ તેના પર માટીનો લેપ લગાડવામાં આવે તો તે ડૂબી જાય પણ જેમ જેમ પાણીના સંયોગથી લેપ ઘસાતો જાય તેમ તુંબડુ ઉપર આવે છે. તેવી રીતે આત્મા પણ અનાદિથી પ્રવાહરૂપે લાગેલા આઠે ય કર્મો ચાલી જાય છે ત્યારે પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિથી ઉપર આવી જાય છે. આત્માને તીરછીગતિ કે અધોગતિ કર્મ હોવાથી જ કરવી પડે છે. બાકી તેની સ્વાભાવિક ગતિ તો ઊર્ધ્વગતિ જ છે; પણ માટીથી ભારે થયેલું તુંબડું જેમ જલ પર આવી શકતું નથી તેમ આત્મા પણ કર્મબંધવાળી દશામાં પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિ કરી શકતો નથી.

**પ્રશ્નઃ**—તો શું નિગોદીયો કોઈ જીવલોકના નારકીવાળા ભાગના છેડેથી સિદ્ધશિલાવાળા બીજા છેડે પેદા થાય ત્યારે ત્યાં જીવની સ્વાભાવિક ગતિ માનવી ?

ના, આ ગતિ ઊર્ધ્વગતિ અવશ્ય છે અને આગળ સમજાવ્યું તેમ અસ્પૃશદ્‌ગતિ પણ છે. છતાં ય તે સ્વાભાવિક ગતિ ન કહેવાય. એટલે નિયમ એવો બાંધવાનો છે કે જે ઊર્ધ્વગતિ છે તે જીવની સ્વાભાવિક ગતિ જ છે તેમ નહીં પણ જીવની સ્વાભાવિક ગતિ તો ઊર્ધ્વગતિ જ છે. કોઈ વખત એવું પણ બને કે ભૂલથી પણ કોઈ દાખલાનો જવાબ કોઇ સાચો આપી દે પણ તેથી તેને સ્વાભાવિક સાચું આવડે છે તેમ ન કહેવાય; પણ સ્વાભાવિક સાચું આવડતું હોય તેનો જવાબ સાચો પડે તેવો નિયમ કરી શકાય. આમ આત્મા તુંબડાની જેમ સંસારના કિનારે પહોંચે છે.

આના જેવું જ બીજું દૃષ્ટાંત છે એરંડાના ફલનું. એરંડાનું ફલ જેમ પોતાનું બંધન તૂટતાં ઊડી જાય છે તેમ આત્મા પણ આ તમામ શરીરનો સંબંધ છૂટતાં પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિને કારણે લોકાગ્રે પહોંચી જાય છે. પાંચે પાંચ શરીરો બંધન જ છે. આ શરીરોમાંથી કોઈ પણ શરીર ધારણ કર્યું છે ત્યાં સુધી તેને તેની સ્વાભાવિક ગતિ પ્રાપ્ત થતી નથી. સ્વાભાવિક ગતિ તો કાર્મણ શરીરનો પણ નાશ થાય ત્યારે જ થાય અને કાર્મણ શરીરનો નાશ થાય એટલે આવી સ્વાભાવિક અતિશયવંત ગતિને પામીને આત્મા અનંતકાળ માટે મોક્ષમાં સ્થિર થઈ જાય છે.

આ બે દૃષ્ટાંતોથી એટલું તો અવશ્ય સમજાય છે કે જેનામાં સ્વાભાવિક ઊર્ધ્વગતિ પરિણામ છે તેવો વિશુદ્ધ આત્મા સંગનો નાશ થતાં કે બંધનનો છેદ થતાં લોકાગ્રે પહોંચે પણ આગળ વિચારતાં એ પ્રશ્ન થશે કે જો કર્મથી રહિત આત્મામાં સ્વાભાવિક ઊર્ધ્વગતિ છે તો શું સિદ્ધના આત્મામાં અત્યારે ઊર્ધ્વગતિ પરિણામ પેદા થયેલો છે પણ આળથી

ધર્માસ્તિકાયની સહાય નથી એટલે આગળ વધી શકતો નથી?

ના, અહીં વિચાર કરવાની જરૂર છે. ઊર્ધ્વગતિ એ જીવની સ્વાભાવિક ગતિ ભલે હોય પણ તે જીવમાં હંમેશા પેદા થયા જ કરે તેવું ન સમજવું. એટલે સિદ્ધના આત્મામાં લોકાગ્રે પહોંચી ગયા બાદ પણ ગતિ પરિણામ હોય છે કે પેદા થયા કરે છે તેમ ન સમજવું પરંતુ પૂર્વકાળમાં પેદા થયેલ ઊર્ધ્વગતિ પરિણામથી જીવ જેવો લોકાગ્રે પહોંચે કે તરત જ તેનામાં ગતિનો નાશ થતાંની સાથે જ સ્થિતિ પરિણામ પેદા થાય છે.

જીવની સ્વાભાવિક ગતિ તો ઊર્ધ્વગતિ જ છે પણ તેને પેદા કરવામાં કોઈ નિમિત્તની જરૂર તો પડે જ છે. કોઇ પણ પુદ્ગલ કે સંસારી જીવની પણ કોઈ નિમિત્ત વિના ગતિ થતી નથી. જેમ કુંભારનો ચાકડો ફરે તો ગોળ જ ફરે તેથી ગોળાકારમાં ભમવાનો તેનો સ્વભાવ કહેવાય પણ તેથી દંડરૂપ નિમિત્તની અપેક્ષા નથી તેવું ન સમજવું. દંડના કારણે જ કુંભારના ચાકડામાં ભ્રમણ પેદા થાય છે. ગમે તેવો ચાકડાનો ભ્રમણ કરવાનો સ્વભાવ હોય પણ ચાકડામાં ગતિ પરિણામ પેદા કરનાર નિમિત્ત વિના તે ચાકડો ભમી શકતો નથી તેમ જીવમાં ઊર્ધ્વગતિનો સ્વભાવ હોવા છતાંય તે ગતિ પરિણામ પેદા કરનાર કોઈક હેતુ કોઇક નિમિત્ત તો જોઇએ જ.

ક્ષણભર માટે કોઈ પ્રશ્ન કરનાર પ્રશ્ન પૂછી શકે કે "આગળ કર્મરૂપ સંગથી દૂરથવાપણું તેમજ કાર્મણાદિ શરીરોના બંધનમાંથી મુક્તથવાપણું, આ બે હેતુઓ તો જણાવ્યા છે. હવે બીજા હેતુની જરૂર શી છે?"

સૂક્ષ્મ વિચારશક્તિ નહીં હોય તેને આ વાત નહીં સમજાય પણ જેને ૨૪ કલાક **દામ** (ધન)ની ઝંઝટમાંથી

છૂટીને, ઝીણા પદાર્થોને સમજવાની **હામ** ભીડી હશે, આખી **બદામ** ખાધી હશે, **બદનામ** વાસનાને **હરામ** સમજી કાઢી નાંખી હશે તેને આ વાત અવશ્ય સમજાશે કે સંગ-રહિતપણું અને બંધનમાંથી મુક્તથવાપણું આ બે હેતુઓ આત્માને મોક્ષમાં જવા માટે ઊર્ધ્વગતિ કરવામાં નિમિત્તો અવશ્ય છે પણ આ નિમિત્તો ઊર્ધ્વગતિ પરિણત આત્માને ગતિમાં અવરોધ કરતાં તત્વોને દૂર કરવારૂપ છે. ન્યાયની પરિભાષામાં ગતિરૂપ કાર્ય માટે જે સંગ અને બંધરૂપ પ્રતિબંધ છે તેના અભાવરૂપ હોવાથી પ્રતિબંધક અભાવરૂપે કારણ છે.

જેમ ઘડો બનાવવામાં દંડ કારણ કહેવાય છે અને દંડ વિના ઘડો ન બને તેમ ઘડો બનાવતા આકસ્મિક વર્ષા પડે કે વાવાવંટોળિયું આવે તો પણ ઘડો ન બની શકે તેથી વર્ષા ન પડી કે પવનનું તોફાન ન થયું તે પણ કારણ છે પણ તે રોધ કરનાર–પ્રતિબંધ કરનાર તત્ત્વના અભાવરૂપ છે. જો આ કારણો દૂર ન રહ્યા હોય અર્થાત્ પવનનું તોફાન કે વરસાદ આવે તો ઘડો ન જ બની શકે પણ આ બંને ન હોય છતાં ઘડો બનાવવા માટે આ બેના આભાવરૂપ કારણ સિવાય ત્રીજા પણ કોઇ કારણની જરૂર છે. તેમ અહીં ઊર્ધ્વગતિ સ્વભાવવાળા જીવને સંગ અને બંધનરૂપ પ્રતિ-બંધના અભાવરૂપ કારણ તો સર્વ કર્મોનો ક્ષય થતાં મળી રહે છે. પણ તે આત્મામાં ગતિપરિણામ પેદા કરનાર તેનો સર્વ કર્મ ક્ષય કરતી વખતનો છેલ્લો સકર્મદશાનો પ્રયત્ન હોય છે તે જ નિમિત્ત બને છે.

જેમ દંડ ચાકડાને ભમાવી લઈ લેવામાં આવે છે છતાં ચાકડો અમુક વખત સુધી ચાલે છે તેમ આત્માનો છેલ્લો જે સશરીરી–સકર્મા દશામાં પ્રયત્ન હોય છે તે પ્રયત્નથી જ

તેનામાં રહેલ ઊર્ધ્વગતિ સ્વભાવ :પ્રમાણે ઊર્ધ્વગમન પરિણામ પેદા થાય છે.

આમ નિષ્કર્મરૂપે આપણે એટલું સમજી લેવાનું છે કે આત્મા ઊર્ધ્વગતિ સ્વભાવવાળો છે. તેથી તેમાં નિમિત્ત-દ્વારા પણ ઊર્ધ્વગતિ જ પેદા થઈ શકે છે આ ઊર્ધ્વગતિ પરિણામ પેદા કરનારું નિમિત્ત સકર્માદશાનો છેલ્લા સમયનો પ્રયત્ન છે, અને સર્વકર્મથી તેમજ સર્વ બંધનથી મુકત થયો હોવાથી તેનામાં પેદા થયેલો ગતિ પરિણામ કોઈનાથી રોકી શકાતો નથી. અને તે દ્વારા આત્મા અનંતકાળ સુધી મોક્ષમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લે છે.

## ( ઉપસંહાર )

અહીં રહેલ આત્મા અનંત સુખ આદિ ભોગવે છે તેની સિદ્ધિ આપણે કરી ચૂકયા છીએ. અહીં માત્ર આટલા વિસ્તારથી 'નમો સિદ્ધાણં' પદ અને ટીકાકાર પૂ. અભય-દેવસૂરીશ્વરજી મહારાજે કરેલા તેના અર્થોનો વિચાર કર્યો છે તે બધાનો એક જ ઉદ્દેશ છે કે મને–તમને અને જગ-તના તમામ જીવને શીઘ્રાતિશીઘ્ર મુક્તિરમણીનો સંગમ થાય.

જ્ઞાની ટીકાકાર મહર્ષિએ 'નમો આયરિયાણં'થી માંડીને 'નમો લોએ સવ્વસાહૂણં' સુધીના બીજા ત્રણ પદનો આવા જ વિસ્તારથી અર્થ કર્યો છે. આ ત્રણ પરમેષ્ઠિને નમસ્કાર પૂર્ણ થશે. ત્યારબાદ 'બંભી લીપી'ને નમસ્કાર આવશે, ત્યારબાદ 'નમુત્થુણં' આવશે. અને પછી ભગવ-તીજી સૂત્રની શરૂઆત થશે. અહીં જેટલો વિસ્તાર થયો છે તેટલો લંબાણુથી વિચાર નહીં કરીએ તો પણ કંઈક સ્પષ્ટ સમજ પડે તેવી ચર્ચા કરી હવે શીઘ્ર ભગવતીજી સૂત્રના પ્રથમ સૂત્રે પહોંચવાની આશા રાખીએ છીએ....

— સમાપ્ત —

જૈનં જયતિ શાસનમ્

લબ્ધિ પ્રિન્ટર્સ

• ભાવનગર •